ચોથી શ્રેણી

પુસ્તક–૫૩

તા. ૯મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે
થી
તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૫૩ ) **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

**વિષય** **પાના નંબર**


**તા. ૯મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | 11 | 131 |
| ખાણ ખનિજ મંત્રીશ્રીનું નિવેદન ( નિયમ–૪૪) | 132 | 135 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 136 | 164 |

**તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૨૧, ૧૯૩૯ શાકે**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 165 | 176 |
| અતારાંકિત પ્રશ્નો | 177 | 300 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | 301 | 332 |

**તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે (પ્રથમ બેઠક)**

| | | |
|---|---|---|
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | 333 | 369 |

**તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે (બીજી બેઠક)**

| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 370 | 379 |
| અતારાંકિત પ્રશ્નો | 380 | 512 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) | 513 | 514 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | 515 | 541 |

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૯મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

કચ્છ જિલ્લામાં ખારેકના વાવેતરમાં સહાય

* ૫૦૦૮ ડો. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮માં કચ્છ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૩,૧૪,૨૦૦/– (ત્રેવીસ લાખ ચૌદ હજાર બસો) |

ડો. નીમાબેન ભા. આચાર્ય : મારો પ્રશ્ન જે છે એ કચ્છ બહુ દુર્ગમ પ્રદેશ છે. કચ્છ અને ઇઝરાઇલ એ બેમાં સીમાલારીટી છે. એટલા માટે કચ્છના લોકોની વર્ષોથી ખૂબ લાગણી હતી કે, કચ્છમાં ઇઝરાઇલ પદ્ધતિએ ખેતી થાય. અને આપણા વિઝનરી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ લોકોનો અવાજ સાંભળીને લોકોની લાગણી અને માગણી ધ્યાને લઇને અનેક યોજનાઓ કરી છે એ યોજનાઓની અંદર અમારે ત્યાં કચ્છની અંદર ઇઝરાઇલ પદ્ધતિથી ખારેકની ખેતી અને વાવેતર થાય અને એ વિષયને બહુ ગંભીરતાપૂર્વક લઇને હમણાં ખૂબ મોટા કેન્દ્રનું ઉદઘાટન થયું માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રીઃ પ્રશ્ન છે કાંઇ?

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છે. આ માહિતી આપવા જેવી છે એટલે મેં આટલી ડીટેઇલમાં વાત કરી છે. આજે ખારેકનું જે પ્રોડકશન છે અને ખર્ચ અહીંયાં બતાવવામાં આવ્યો છે, રૂ. ૨૩, ૧૪, ૨૦૦/–છે, હમણાં આપણે જે કેન્દ્ર ખોલ્યું એ કેન્દ્રની અંદર પણ કેટલો ખર્ચ થયો અને કેન્દ્રમાં પણ શું વિશિષ્ટતા છે અને તેનાથી શું ફાયદો થવાનો છે, તેનો જવાબ મને આપવામાં આવે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે. કચ્છ જિલ્લાના ખેડૂતોને ખારેકની ખેતી અંગેના વિવિધ પાસાં જેવાં કે, વાવેતર, પિયત, ખાતરની વ્યવસ્થા, પોલીનેશન, ખારેકના ફળોની ગુણવત્તા વધારવા માટે હાથાની સંભાળ, ફળોના હાથા ઉતાર્યા પછીના વ્યવસ્થાપન, શોર્ટીંગ, ગ્રેડીંગ, પેકીંગ અને ફળ ઉતાર્યા સુધી ત્રણ અઠવાડીયા સુધી ખારેકને કોલ્ડસ્ટોરેજમાં રાખવા, તથા માતૃ છોડ જેવા ગુણધર્મ ધરાવતા પીલા તૈયાર કરવા માટેનું માર્ગદર્શન મળી રહે, તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ગામ કુકમા, તાલુકો ભૂજ મૂકામે સેન્ટર ઓફ એકસલન્સ ફાર્મની સ્થાપના કરવામાં આવી છે, જેનું લોકાપર્ણ ૧૭–૧–૨૦૧૮ ના રોજ આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના હસ્તે ઇઝરાઇલના વડાપ્રધાનની હાજરીમાં વદરાડ મૂકામેથી ઇલકટ્રોનીક માધ્યમ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં ખેડૂતોને ટ્રેનીંગ આપવા માટે ટ્રેનીંગ હોલ, રહેવા માટે ડોરમેટરી, ખારેકના શોર્ટીંગ, ગ્રેડીંગ અને પેકીંગ માટે પેક હાઉસ અને ખારેકના સંગ્રહ માટે ત્રણ થી છ અઠવાડિયા માટે નિદર્શન માટે કોલડસ્ટોરેજની સુવિધા, વુલન ટેસ્ટીંગ, મેપ , ખારેકના પીલા ઉછેરવા માટે એક હજાર ચોરસમીટરનું શેડ મેટ હાઉસ, અને ડીપ ઈરીગેશન સાથેનો ડેમોન્સ્ટ્રેશન પ્લોટ, તથા ઓટોમેટિક વેધર સ્ટેશનની સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ડો ઇઝરાઇલ એગ્રીકલ્ચર વર્ક પ્લાન હેઠળ કુકમા ખાતેનું સેન્ટર ઓફ એકસલન્સ ફાર્મ ફોર ઇઝરાઇલની બસાઉ સંસ્થાના ટેકનીકલ સહયોગથી અને ભારત સરકારશ્રીના મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ફોર હોલ્ટ્રીકલ્ચરના આર્થિક સહયોગથી ઉભું કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એના માટે ૪૫૦ લાખ જેટલા માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે.

ડો. અનિલ જોષિયારા : માનીનય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાના ખેડૂતો ખૂબ જ જાગૃત છે અને ખારેકની ખેતી કરે છે. મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે, ખારેકમાંથી જે પ્રોડકશન પેદા થાય છે, અને એમાંથી નવા નવા ઉદ્યોગો સ્થપાય છે, તેના માટે હમણાં થોડા દિવસ પહેલાં એવું જાણવા મળ્યું હતું કે, આવા જે ખેડૂતો છે એમને છેક રાજસ્થાનમાં આવા પ્રોડકશનમાં જે નવી

બનાવટો બને તેના માટે રાજસ્થાનમાં જવું પડે છે તો આવા ઉદ્યોગો આપણે ત્યાં સ્થાપવાની ઈચ્છા છે કે કેમ? એક એ અને આવું ખારેકનું પ્રોડકશન બીજા કોઇ તાલુકામાં કે જિલ્લામાં થાય છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ પ્રશ્ન છે કે, ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સહાય આપવાનો પ્રશ્ન છે. અને સહાય સરકાર આપે છે. કચ્છ જિલ્લામાં અબડાસા, રાપર, માંડવી, મુંદ્રા, લખપત, ભુજ અને ગાંધીધામ તાલુકાઓમાં ખારેકનું ઉત્પાદન થાય છે એને માટે સરકારની યોજના છે એની નીચે સહાય આપવામાં આવે છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જો ખેડૂત ટીસ્યુકલ્ચરનું વાવેતર કરે તો હેકટર દીઠ કેટલા રોપા આપવામાં આવે છે. એક હેકટર દીઠ કેટલો ખર્ચ થાય છે અને પ્રતિ હેકટરે કેટલું ઉત્પાદન આવે છે તેમજ હેકટર દીઠ અંદાજે કેટલી આવક થાય છે અને ખેડૂતો આ ખારેકનું વેચાણ કયાં કયાં કરે છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ખેડૂતો દ્વારા ટીસ્યુકલ્ચર ખારેકનું વાવેતર કરવામાં આવે છે એ નવ બાય નવના અંતરે કરવામાં આવે છે. એક હેકટરમાં વાવેતર આશરે ૧૨૫ રોપાઓનું કરવામાં આવે છે. તેમાં પ્રથમ વર્ષે ટીસ્યુકલ્ચર ખારેકનું વાવેતર, પ્લોટીંગ, મટિરિયલ ખર્ચ અંદાજે ૩.૧૨ લાખ રૂપિયા આવે છે. અને ખેતી કરવાનો ખર્ચ આશરે ૪૦ હજાર જેટલો થાય છે. આમ કુલ ૩.૫૨ લાખનો ખર્ચ થાય છે. ટીસ્યુકલ્ચરમાંથી ખારેક સાત વર્ષની પુખ્તવયે સરેરાશ ૧૦૦ થી ૧૫૦ કિલોનું ઉત્પાદન મળે છે. એમાં પ્રતિ હેકટરે ૧૨ થી ૧૮ ટનનું ઉત્પાદન મેળવી શકાય છે. ટીસ્યુકલ્ચરમાંથી જે ફળ પેદા થાય છે એનો પ્રતિ કિલોએ ભાવ આશરે ૩૦ જેટલો મળે છે. આમ ખેડૂતને પ્રતિ હેકટરે રૂપિયા ૩ લાખથી માંડીને ૫.૬૫ લાખ જેટલી આવક થાય છે. ખારેકનું વેચાણ મુંબઇ, મદ્રાસ, બેંગ્લોર, દિલ્હી જેવા દેશના જુદા જુદા શહેરોના માર્કેટમાં કરવામાં આવે છે તેમજ રાજયના સ્થાનિક બજારોમાં પણ વેચાણ કરવામાં આવે છે અને વિદેશમાં પણ અહીંની ખારેક મોકલવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ વે. ધારવિયા : માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે ટીસ્યુકલ્ચરનું કુલ ફોર્મ સમજાવવામાં આવે કારણ કે હું પણ ખેડૂતનો દીકરો છું તેથી મને ખ્યાલ આવે. ટીસ્યુકલ્ચર એટલે શું? બીજું ખેડૂતો માલ તો ઘણો પકવે છે, ઉત્પાદન પણ ઘણું થાય છે એના વેચાણ માટે સરકારે માર્કેટીંગની શું વ્યવસ્થા કરી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો એ અંગે જણાવું કે એ પણ ખેડૂત છે અને હું પણ ખેડૂત છું. ખેડૂતે સારી ઉચ્ચ ગુણવત્તાવાળા માતૃછોડમાંથી કોષ પેશી લઇને એને કૃત્રિમ ખોરાક ધરાવતા કાચના પત્રમાં નિયંત્રિત રોગ મુકત વાતાવરણમાં ઉછેરી તેમાંથી માતૃછોડ જેવા ગુણધર્મો વાળા છોડનું પ્રયોગશાળામાં ઉત્પન્ન કરવાની પદ્ધતિને ટીસ્યુકલ્ચર પદ્ધતિ કહેવામાં આવે છે. એનું દેશના અનેક રાજયોમાં વેચાણ થાય છે અને વિદેશમાં પણ વેચાણ થાય છે. આ પ્રશ્ન સબસિડી માટે છે. એટલે એમને બીજી માહિતી જોઇતી હશે તો એના માટે અલગ નોટિસ આપશે તો એનો જવાબ આપવામાં આવશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપની મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ટીસ્યુકલ્ચર ખારેકના રોપાનું કઇ સંસ્થા દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે. એ કયાંથી આયાત કરવામાં આવે છે, એનો વેચાણ ભાવ શું છે. ઇઝરાયલ અને કચ્છમાં સરખું વાતાવરણ હોવાને કારણે ખારેકનું ઉત્પાદન થઇ રહ્યું છે તો ગુજરાતના બાકીના વિસ્તારોમાં ખારેકનું ઉત્પાદન થઇ શકે તેવી શકયતા છે ખરી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે વાત કરી કે રાજયમાં ટીસ્યુકલ્ચરના ખારેકના રોપાનું ઉત્પાદન કરે છે અને આયાત કરે છે એવી પણ સંસ્થાઓ છે. તેમાં જે સંસ્થા રોપાનું ઉત્પાદન કરે છે તેમાં પ્લાન્ટ ટીસ્યુકલ્ચર લેબોરેટરી આણંદ, કૃષિ યુનિવર્સિટી આણંદ એ પ્રતિવર્ષ અંદાજે ૫,૦૦૦ જેટલા રોપાનું ઉત્પાદન કરે છે અને કચ્છ ક્રોપ સર્વીસીસ લિમિટેડ–મુંદ્રા એ લગભગ ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ જેટલા રોપાનું ઉત્પાદન કરે છે આમાં જરૂર પડે તો રોપાની આયાત પણ કરી શકાય છે. તેના માટેની જે સંસ્થા છે તેમાં કચ્છ ક્રોપ સર્વીસીસ લિમિટેડ–મુંદ્રા, જિલ્લો કચ્છ એ પ્રતિવર્ષ ૧૮,૦૦૦થી ૨૦,૦૦૦ જેટલા રોપાની આયાત કરે છે. ઇકોસેલ–ભુજ એ પ્રતિવર્ષ ૧૮,૦૦૦થી ૨૦,૦૦૦ જેટલા છોડવાની આયાત કરે છે. તે યુ.એ.ઇ. અને ઇરાન જેવા દેશોમાંથી આયાત કરે છે. મેં વાત કરી, આ કચ્છ જિલ્લાનો પ્રશ્ન છે. જે તાલુકાઓમાં આ પાક થાય છે તેની માહિતી મેં આ સન્માનનીય સભાગૃહમાં આપી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખારેકનો પાક છે એ બાગાયત નીચે આવે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડૂતને કોઇ કારણોસર આપત્તિ આવી તેના કારણે ખારેક કે અન્ય બાગાયત પાકોમાં તેનો પાક ફેઇલ થાય તો આને તમે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં આવર્યા છે કે કેમ અને આવરવા માગો છો કે કેમ? આવા પાક ફેઇલ થવાથી કેટલા ખેડૂતોને પાક વીમો મળ્યો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સભ્યશ્રીએ પાક વીમાની વાત કરી. આ પ્રશ્ન છે એ ટીસ્યુકલ્ચર વાવેતર બાગાયત ખાતા દ્વારા સહાય આપવાનો પ્રશ્ન છે. આમાં કેટલી સહાય આપી એ મેં આ સભાગૃહ સમક્ષ વાત કરી છે. બાકીનો વિષય છે એ સ્કોપ બહાર છે. તેમનું સૂચન છે. તમે પ્રશ્ન લઇને આવજો. હું માહિતી આપીશ.

### દાહોદ ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજીઓ

* ૪૦૪૪ શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દાહોદ ખાતે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વરોજગાર માટે કેટલી અરજીઓ આવી, | (૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દાહોદ ખાતે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વરોજગાર માટે અગાઉની પડતર સહિત ૮૬૧૨ અરજીઓ આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) તે પૈકી ૭૫૯૪ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ બાકી રહી ગયેલ અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) વહેલામાં વહેલી તકે. |

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પૂછવા માગું છું કે ઘણી વખત એવું જાણવા મળ્યું છે કે જિલ્લા કુટિર ઉદ્યોગની ભલામણો છતાં બેંકોમાંથી ગરીબ આદિવાસીઓને લોન મળતી નથી. માલ્યા અને નિરવ જેવાને સરળ રીતે મળી જાય છે તેનું કારણ જણાવશો. સ્વરોજગાર માટે અગાઉની પડતર અરજીઓ કેટલી હતી? છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી? અરજીઓ મંજૂર કે નામંજૂર કરવાની કોઇ ચોક્કસ સમયમર્યાદા છે કે કેમ? જો હા હોય તો કેટલી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાઇઝ માહિતી આપું તો દાહોદ તાલુકામાં ૧૬૭૧ અરજીઓ મળી છે. ઝાલોદ તાલુકામાં ૧૪૧૬ અરજીઓ મળેલી છે. ફતેપુરામાં ૧૦૪૨ અરજીઓ મળેલી છે. દેવગઢ બારીયામાં ૯૦૧ અરજીઓ મળી છે. ગરબાડા તાલુકામાં ૧૦૨૧ અરજીઓ મળી છે. લીમખેડામાં ૧૩૨૩, સંજેલીમાં ૫૭૪ અને ધાનપુર તાલુકામાં ૬૬૪. આમ દાહોદ જિલ્લામાં ૮૬૧૨ અરજીઓ મળેલી હતી. તેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ જે બેંકોને ભલામણ કરેલી છે તેમાં લાંબો જવાબ છે એટલે તાલુકાવાઇઝ નથી આપતો. ૮૬૧૨ અરજીમાંથી ૬૩૫૭ની બેંકોને ભલામણ કરેલી હતી. એમાં બેંકોએ મંજૂર કરેલ અરજી ૧૯૨૬ તેની સામે ૪૪૮૦ લાખનું ધિરાણ આપવામાં આવેલું છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ નામંજૂર કરેલ અરજી ૧૨૩૭ છે. બેંકોએ નામંજૂર કરેલ અરજી ૩૮૩૭ છે. આમ કુલ ૧૮૯૯ અરજી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે પડતર હતી. પણ આજની તારીખે હું જવાબ આપી રહ્યો છું ત્યારે તમામ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. સાથે સાથે જે અરજીઓ નામંજૂર થતી હોય તેના પણ કારણો હોય છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે અરજીઓ નામંજૂર કરવામાં આવે છે તેમાં ઉંમર ઓછી અથવા વધુ હોવાના કારણે નામંજૂર થાય છે. અન્ય ધંધા–વ્યવસાયમાં રોકાયેલા હોવાને કારણે પણ નામંજૂર થાય છે. જરૂરી માહિતી સાથે બોલાવ્યા છતાં હાજર રહેલ ન હોય તો પણ નામંજૂર કરવામાં આવે છે. અરજદારનો અભ્યાસ ચાલુ હોય તો પણ નામંજૂર કરવામાં આવે છે. અગાઉ સબસિડીનો લાભ મળી ગયેલ હોય તો, અરજદાર લોન લેવા માગતા ન હોય તો, અરજદાર બેંકનો બાકીદાર હોય તો, બેંકને આ વ્યવસાય આર્થિક રીતે સક્ષમ લાગતો ન હોવાના કારણે નામંજૂર કરવામાં આવે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે બેંકને ભલામણ કરી હોય પણ બેંકે નામંજૂર કરી હોય તેમાં આવા જુદા જુદા કારણોસર અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું સુરતથી આવું છું. સુરતમાં હિરાનો વેપાર મોટા પાયા પર છે અને એના દ્વારા લાખો લોકોને રોજગારી આપવામાં આવે છે. આ હિરાના વેપારીઓને એક વર્ષ પહેલા લોન આપવામાં આવેલ હતી? કારણ કે આ વેપારીઓને હું સારી રીતે જાણું છું. એમને આજથી ૧૨ વર્ષ પહેલા આપવામાં આવેલ હતી. દસ વર્ષ પહેલા એનું રિસ્ટ્રક્ચરીંગ કરવામાં આવેલ હતું. આવનારા દિવસોમાં જે પગલા ભરવામાં આવનાર છે એમાં આપણે કોઇ રીતે મદદગાર થઇ શકીએ એમ છીએ? આ લોકોને ભૂતકાળમાં લોનો આપવામાં આવેલ ત્યારે કોઇપણ પેપર ચેક કરવામાં આવેલ ન હતા તો શું તે લોકોનું એમાં મેળાપીપણું હતું?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દાહોદનો પ્રશ્ન છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર દાહોદ ખાતે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્યા હેતુ માટે, ક્યા ધંધા રોજગાર માટે લોન આપવામાં આવી અને કુલ કેટલી અરજીઓ આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને એની પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકાની અંદર મેં પહેલા કહ્યું એમ કુલ ૯૦૮ અરજીઓ મળી, એમાંથી અનુસૂચિત જાતિની ૫૭૧, અનુસૂચિત જનજાતિની ૧૦૨, બક્ષીપંચની ૪૦૯, લઘુમતીની ૧૧૧, અન્યની ૧૨ અરજીઓ મળેલ છે. પહેલા મેં નામંજૂર કરવાના કારણો આપ્યા છે. હાલની તારીખે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કોઇ અરજી પડતર નથી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઇ બેંકેબલ યોજના હેઠળ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની કેટલી અરજીઓ મળેલ છે, કેટલી મંજૂર કરેલ છે અને કેટલી સબસિડી ચૂકવવામાં આવી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૪૦ અરજીઓ મળેલ હતી. બેંકને ૬૭૪ અરજીઓની ભલામણ કરેલ અને બેંકે ૧૭૮ અરજીઓ મંજૂર કરેલ છે અને એમને રૂ. ૬૬૬/–લાખનું ધિરાણ આપવામાં આવેલ છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે ૧૮૫ નામંજૂર કરેલ છે, બેંકે ૫૦૯ નામંજૂર કરેલ છે. ૧૮૪ લાભાર્થીઓને સબસિડી ચૂકવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૯૫ અરજીઓ પડતર હતી એ આજની તારીખે નિકાલ કરી દેવામાં આવ્યો છે.

## તા. ૯મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર ગરબાડા, દાહોદ અને ધાનપુર તાલુકામાં ૭૫૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એમાં કેટલા ભાઇઓ અને કેટલી બહેનોને લોન આપવામાં આવી? બહેનોને ક્યા પ્રકારના વ્યવસાયની લોન આપવામાં આવી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી એની માહિતી આપી દીધી છે. દાહોદ તાલુકાની અંદર ૩૭૮ મહિલાઓની અરજીઓ છે, ધાનપુરમાં ૧૦૧ મહિલાઓની અરજીઓ છે અને ગરબાડામાં ૨૭૬ બહેનોની અરજીઓ મળેલ હતી.

### અમદાવાદ શહેર અને જિલ્લામાં કુટીર ઉદ્યોગ અન્વયે લોન સહાય

* ૪૮૭૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કુટીર ઉદ્યોગ અન્વયે કુલ કેટલી વ્યકિતઓને કેટલી રકમની લોન સહાય આપવામાં આવી,

એચબી-૭૯૭-૧

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કુટીર ઉદ્યોગ અન્વયે નીચે મુજબ વ્યકિતઓને દર્શાવ્યા પ્રમાણેની રકમની લોન સહાય આપવામાં આવી.

| અ.નં. | વિગત | લાભાર્થીની સંખ્યા | બેંકો દ્વારા આપેલ લોનની રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૬૭૧૯ | ૧૩૪૫૪.૩૨ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૨૬૪૯ | ૫૪૯૪.૮૮ |
| | કુલ | ૯૩૬૮ | ૧૮૯૪૯.૨૦ |

(૨) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાના કારણો શું છે,

(૨) નીચે મુજબ અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બેંક કક્ષાએ અલગ અલગ કારણોસર પડતર રહેલ છે.

| અ.નં. | વિગત | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૮૪૪ | ૪૧૪૪ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૨૨૯ | ૧૪૮૧ |
| | કુલ | ૧૦૭૩ | ૫૬૨૫ |

(૩) અરજી મંજૂર કરી હોય પરંતુ બેંક દ્વારા લોન અપાઈ ન હોય તેવા વ્યકિતઓ કેટલા છે, અને

(૩) અરજી મંજૂર કરી હોય પરંતુ બેંક દ્વારા લોન અપાઈ ન હોય તેવા વ્યકિતઓ નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | બેંક કક્ષાએ લોન અપાઈ ન હોય તેવા વ્યકિતઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૩૯ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૨૦૩૪ |
| | કુલ | ૫૭૭૩ |

(૪) આવા વ્યકિતઓને લોન મળે તે માટે રાજ્ય સરકારે શું પ્રયત્નો કર્યા ?

(૪) આવા વ્યકિતઓને લોન મળે તે માટે તાલુકા કક્ષાએ Block Level Bankers Committee જિલ્લા કક્ષાએ District Level Consultative Committee રાજ્ય કક્ષાએ State Level Bankers Committeeની બેઠકો ત્રિમાસિક ધોરણે યોજવામાં આવે છે જેમાં યોજનાના અમલીકરણનું મોનીટરીંગ કરવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાએ કન્સલટેટીવ કમિટિની છેલ્લા બે વર્ષમાં કેટલી બેઠકો મળી? આ બેઠકોમાં કેટલી અરજીઓની સમીક્ષા કરવામાં આવી અને તે પૈકી કેટલી અરજીઓનું કમિટી દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું? લગભગ ૫,૭૭૩ જેટલી અરજીઓ જે પડતર છે, એક તરફ સૌનો સાથ સૌના વિકાસની વાતો કરવામાં આવે છે બીજી તરફ ગરીબો આટલી મોટી સંખ્યાની અંદર જયારે અરજી કરતા હોય અને જિલ્લા ઉદ્યોગ કક્ષાએ મંજૂર થતી હોય ત્યાર પછી પણ બેંકો લોન આપતી ના હોય તો આ બેંકો કોને લોન આપવા માગે છે? બેંકો ફકત ઉદ્યોગપતિઓને કે જે ફ્રોડ કરનાર લોકો છે નિરવ મોદી જેવાને આપવા માગે છે? ગરીબોને કેમ આમાંથી બાકાત રાખવામાં આવે છે? જે બાકી રહેલી અરજીઓ છે એનો નિકાલ કયાં સુધી કરવામાં આવશે?

ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનું જે સુત્ર છે, સૌનો સાથ સૌનો વિકાસ એ દિશામાં જ આ સરકાર આગળ વધી રહી છે. જે અરજીઓ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ બેંકોને ભલામણ કરેલી હોય અને કદાચ બેંક એમાં લેટ થતી હોય તો ૪૫ દિવસની અંદર આની સમયાંતરે સમિતિઓ મળતી હોય છે. જે બેંકને ભલામણ કરે છે. છાપેલ જવાબમાં પણ આગળના મુદ્ધા આપેલા છે અને જે અરજીઓ પડતરની વાત છે એમાં ત્યારે આ પ્રશ્ન પૂછાયો ત્યારે પડતર હતી આજે જયારે આ ગૃહની અંદર જવાબ આપી રહ્યો છું ત્યારે એક પણ અરજીઓ પડતર નથી અને તમામ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો છે.

શ્રી ભુપેન્દ્રભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગુ છું કે આ યોજના તો ચાલે છે પણ એનો કોઇ સરકાર તરફથી લક્ષ્યાંક રાખવામાં આવે છે કે કેમ? અને જો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હોય તો એની અંદર કેટલી અરજીઓ મંજૂર કરી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર વર્ષ ૨૦૧૫–૧૬માં ૩૬,૮૦૦ લક્ષ્યાંક હતો એની સામે બેંકોએ મંજૂર કરેલ ૩૭,૫૭૧ અરજી છે એટલે વર્ષમાં ૧૦૨ ટકાની સિદ્ધિ આપણે હાંસલ કરી હતી. વર્ષ ૨૦૧૬–૧૭માં ૩૬,૮૦૦ના લક્ષ્યાંક સામે ૩૮,૯૫૯ અરજીઓ મંજૂર કરેલ હતી અને ૧૦૫.૮૭ ટકા સિદ્ધિ આપણે હાંસલ કરી હતી અને વર્ષ ૨૦૧૭–૧૮, ફેબ્રુઆરી અંતીત સુધીમાં ૩૬,૮૦૦ ના લક્ષ્યાંક સામે ૩૭,૭૩૪ અરજી એટલે ૧૦૨.૫૪ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવ્યો છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આગળના પ્રશ્નમાં અને આમાં પણ જવાબ દીધો, માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર બેંકોને ભલામણ કરી આપે એ ભલામણ કર્યા પછી એ બેંકવાળા ખરાઇ કરે, ના કરે, સ્થળ ઉપર જાય, ન જાય અને બારોબાર ઘણી વખત જે લાભાર્થીઓ હોય એની પાસેથી ડિપોઝીટની રકમ માગે છે પણ ઘણી વખત એ ડિપોઝીટની રકમ ભરી શકવાની ક્ષમતા નહીં હોવાને કારણે નામંજૂર કરે છે. આવા કોઇપણ લાભાર્થી પાસેથી બેંકે ડિપોઝીટ લેવાની જોગવાઇ છે ખરી? અને ના હોય તો એ શા માટે આ બેંકવાળા લે છે? કારણ કે લેખિત તો આપતા નથી. તો ડિપોઝીટ લાભાર્થી પાસેથી માગવાના કારણો શું છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ ફરિયાદ મળેલ નથી એટલે આવી કોઇ ફરિયાદ હશે તો જરૂર તપાસ કરવામાં આવશે.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે બાજપાઇ બેંકેબલ યોજના નામંજૂર થવાના કારણો શું છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઇ બેંકેબલ યોજનામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ જે નામંજૂર કરવામાં આવે છે એમાં ઉંમર નિયત મર્યાદામાં ના હોવાથી, અન્ય બીઝનેસમાં રોકાયેલા હોવાથી, જરૂરી માહિતી સાથે બોલાવવા છતાં હાજર ન હોવાથી, અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી, અગાઉ સબસિડીનો લાભ લીધેલ હોવાથી અને અરજદાર લોન ન લેવા માગતા હોય તો પણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અરજી નામંજૂર કરે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં જયારે આપણે આ અરજીઓ મોકલીએ છીએ ત્યારે ત્યાં અરજદાર કે અરજદારના કુટુંબીજનો બાકીદાર હોય તો પણ નામંજૂર કરવામાં આવે છે. બેંકને વ્યવસાય આર્થિક રીતે સક્ષમ ના લાગતો હોય તો પણ નામંજૂર કરે છે. બેંકને જરૂરી ડોકયુમેન્ટ પૂરા પાડેલ ન હોવાથી, અન્ય ધંધામાં રોકાયેલા હોવાથી આ પ્રકારના વ્યવસાયમાં બેંકને વસૂલાત ના આવતી હોવાથી, અરજદાર લોન લેવા ઇચ્છતા ના હોય તો પણ નામંજૂર કરવામાં આવે છે. અરજદારને માત્ર સબસિડીની અંદર રસ હોય તો પણ નામંજૂર કરવામાં આવે છે અને અરજદારને પૂરતો અનુભવ ના હોય તો આવા અનેક કારણો હોય છે જેના હિસાબે આ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમણે કીધું કે એક પણ અરજી પડતર નથી. અહીંયા બતાવ્યું ૬,૬૯૮ અરજી પડતર છે એની સામે બેંક કક્ષાએ ૫,૭૭૩ અરજીઓ પડતર છે. તમે કહ્યું કે એક પણ અરજી પડતર નથી. ડિપાર્ટમેન્ટમાં પડતર નથી કે બેન્ક પાસે પડતર નથી. બેન્ક પાસે અરજી ગયા પછી બેન્કવાળા લોન આપતા નથી. ૫૭૭૩ બેન્કમાં અરજી પડતર છે. એ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા લોકોને લોન મળી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ અરજી પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે પડતર હતી. આજે જ્યારે જવાબ આપી રહ્યો છું ત્યારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તમામ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવેલ છે. કદાચ નામંજૂર પણ થઇ હોય કે બેન્કને આપણે ભલામણ માટે મોકલી આપી હોય અને બેન્ક કક્ષાએ પણ એની કમિટી મળતી હોય અને આપવાપાત્ર થતી હોય તો તેને મંજૂર કરેલી હોય અને ન થતી હોય તો નામંજૂર કરેલી હોય. હાલની તારીખે જવાબ આપ્યો છે ત્યારે તેવી એક પણ અરજી પડતર નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એટલું જ કહેવા માગુ છું કે આપના ડિપાર્ટમેન્ટ દ્વારા આ અરજી બેન્કમાં પહોંચી જાય છે. બેન્કો પછી લોન આપતી જ નથી. તમે જોશો તો ૫૭૭૩ અરજીઓ બેન્કમાં પડતર છે. આપનું

તંત્ર વ્યવસ્થિત કામ કરતું હશે, અને બેન્કમાં અરજી પહોંચી જતી હશે, પરંતુ બેન્ક જ લોન નથી આપતી. આપ કહો છો કે ૪૫ દિવસમાં કમિટી મળે છે છતા ૫૭૭૩ અરજી બેન્કમાં પેન્ડિંગ છે, તો પેન્ડિંગ અરજી પૈકી કેટલી લોન મળી તે જાણવું છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : મેં અગાઉ વાત કરી બેન્કોને અરજી મોકલી આપેલ હતી. બેન્ક કાયદેસર પાત્રતા હોય તે મંજૂર કરે છે નહિતર નામંજૂર કરે છે. તેની રિવ્યૂ મીટિંગ થતી હોય છે. તેવા અનેક કિસ્સામાં કદાચ ન આપતી હોય, પણ વર્ષવાર સિદ્ધિ આપી એનો લક્ષ્યાંક હતો, એની સામે ૧૦૨–૧૦૫ ટકાની સફળતા મળી છે. લક્ષ્યાંકની સામે વધારે લોન આપી છે. બેન્ક ન આપવાના કયાંય કારણ આવ્ય નથી. આપણે અહીથી ભલામણ કરીને મોકલી આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : બેન્ક તમારા અંડરમાં નથી આવતી ચાલો.

વલ્લભીપુર ખાતે ખેત ઉત્પન્ન બજાર સમિતિ

* ૩૧૨૮ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર ખાતે ખેત ઉત્પન્ન બજાર સમિતિ નવી શરૂ કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) પ્રાથમિક તબક્કે છે. |
| (૨) ઉકત કામગીરી કેટલા સમયમાં અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) મહેસૂલ વિભાગે ફાળવેલ જમીનનો કબજો મળ્યા બાદ બાંધકામ માટેના ખર્ચનો અંદાજ મેળવી, નિર્માણ કામગીરી પૂર્ણ થવાના સમય અને ખર્ચ અંગે અંદાજ મેળવી શકાય. |

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ માર્કેટિંગ યાર્ડ છે. મારા મત વિસ્તાર ઉમરાળા તાલુકાનું ધોળા માર્કેટિંગ યાર્ડના વહીવટદાર છે. ત્યાં અત્યારે વહીવટદાર નીમી દીધા છે. એટલે વહીવટદાર જ્યારે ૨૦૧૧ થી ૨૦૧૬ સમયના વહીવટદાર હતા ત્યારે માત્ર ૧૭ લાખ બેલેન્સ હતું, જ્યારે ચૂંટણી થઇ ત્યારે માર્કેટિંગ યાર્ડ અસ્તિત્વમાં આવ્યું. અમારી બોડી આવી ત્યારે માત્ર ૩ માસમાં ૪૩ લાખ બેલેન્સ થયું. ખૂબ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો એટલે મારો પ્રશ્ન એ છે કે વહીવટદારને બદલે યાર્ડના સભ્ય ચૂંટાયેલી પાંખને વહીવટ આપવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન જે ભાવનગરના વલ્લભીપુર અમારા મત વિસ્તારમાં માર્કેટિંગ યાર્ડની જમીન કયારે ફાળવવામાં આવશે અને જમીનનો કબજો કયારે આપવામાં આવશે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સભ્યશ્રીને જણાવવા માગુ છું કે ઉમરાળા વ્યવસ્થાપક સમિતિની વાત કરી કે વહીવટદાર છે. એમાં સતત ૩ મીટિંગની અંદર કોરમ ન થવાના કારણે કોઇપણ પ્રકારના ઉમરાળાના વિકાસનાં કામો થતાં ન હતાં. કોઇપણ પ્રકારનો ઠરાવ મંજૂર ન થતા સરકારશ્રીએ બજાર વિસ્તારના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને સરકારશ્રીએ કમિટી દૂર કરી. વહીવટદાર તરીકે ૨૨–૯–૧૬ ના જાહેરનામાથી જિલ્લા રજિસ્ટ્રારશ્રીને ત્યાં વહીવટદાર નીમવામાં આવેલ છે. બીજો પ્રશ્ન છે ત્યાં વલ્લભીપુરની અંદર જે બજાર સમિતિ માટે જગ્યા માટેનો પ્રશ્ન હતો જ્યારે ઉમરાળા અને વલ્લભીપુર બે તાલુકા અલગ પડવાના કારણે ઉમરાળા એ.પી.એમ.સી. માંથી બીજી એ.પી.એમ.સી. વલ્લભીપુર બનાવવામાં આવી. ૨૫–૮–૨૦૦૯ ના જાહેરનામાથી વલ્લભીપુર બજાર સમિતિ અસ્તિત્વમાં આવી. ૨૫–૯–૧૦ ના રોજ બજાર સમિતિ વલ્લભીપુર દ્વારા મોજે કલ્યાણપુર તા.વલ્લભીપુરની અંદાજિત ૨૭.૬૬ એકર ગૌચરની જમીનની માગણી કરવામાં આવી. ૨૩–૯–૧૩ ના રોજ જિલ્લા કક્ષાની બેઠકમાં બજાર સમિતિ વલ્લભીપુરની અરજી મંજૂર કરી. સમિતિએ જમીનના પ્રતિ ચો. મીટરના ૧૨૬૫ રૂપિયા નક્કી કર્યા. બજાર સમિતિ નવી હોવાના કારણે વાયેબલ હતું નહિ. સરકારશ્રીએ આવી બજાર સમિતિને સસ્તા ભાવે જમીન મળે ૧૭–૧૨–૧૫ ના રોજ ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા બજાર સમિતિઓને રાહત મળે તે માટે જમીન ફાળવવા અંગેનો ઠરાવ કર્યો એમાં જંત્રીના ૧૦% રૂપિયાની અંદર આ બજાર સમિતિઓને જમીન આપવામાં આવે છે અને જે ૧૨૬૫.૬૪ મીટર જમીનની માગણી કરી હતી. એ જમીનની કિંમતની વાત કરીએ તો ૫૧.૧૯ કરોડ રૂપિયાની જમીન થતી હતી. જ્યારે અત્યારે જે જમીન માગી છે એ જમીન ૨ કરોડ ૫૫ લાખ રૂપિયામાં થાય છે એ જમીન માટેનો એમને તા.૫–૩–૨૦૧૮ ના રોજ કબજો પણ આપી દીધેલ છે. જમીન પેટે જે પૈસા છે એ પણ ૨.૫૦ કરોડ પૈકી ૧.૦૩ કરોડ રૂપિયા જમા થયેલ છે બાકીના ૧.૫૧ કરોડ રૂપિયા જમા થયેથી અને એના અંદાજપત્ર બનાવ્યાથી બજાર સમિતિનું કામ ચાલુ કરવામાં આવશે અને જે સરકારશ્રીની વિવિધ યોજનાઓ છે એ યોજનાઓ થકી માર્કેટિંગ યાર્ડ બનાવવામાં ૫ કરોડની આજુબાજુ જેવા એને સબસિડીના લાભોની સહાય પણ આપવમાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બજારને આધુનીક બનાવવા માટેની એક યોજના આ સરકારશ્રી દ્વારા ચાલી રહી છે. આ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કઇ કઇ બજાર સમિતિઓને કેટલી રકમ ચુકવવામાં આવી અને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલી સમિતિઓને કેટલી રકમની સહાયતા ચુકવામાં આવી છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આધુનીક બજારો સ્થાપવાની યોજના છે. જે રીતે ખેડૂતોના હામી તરીકે અમારી સરકાર કામગીરી કરી રહી છે અને આ ખેડૂતોને કઇ રીતે એને રાહત મળે અને ફાયદો થાય એને લઇને આ વિવિધ યોજનાઓ સ્થાપવામાં આવી છે. મિત્રો, આ ભાવનગર જિલ્લાની વાત કરીએ ત્યારે ઉમરાળા બજાર સમિતિની અંદર અત્યાર સુધીમાં ૪૯.૬૩ લાખ રૂપિયા ત્યાં ચુકવેલ છે, તળાજાની અંદર ૫૦ લાખ રૂપિયા ચુકવેલ છે આમ મળીને ૯૯.૬૩

લાખ રૂપિયા જેવી રકમની સહાય સરકારશ્રીએ આપી છે જેને લઇને આ માર્કેટિંગ યાર્ડ સારી રીતે કામ કરી શકે, આર્થિક રીતે પગભર થાય અને એ કારણસર આ સહાય આપવામાં આવી છે અને અત્યાર સુધીમાં આ કે.કે.વાય. યોજનામાં ભાવનગર જિલ્લાની અંદર મહુવા એ.પી.એમ.સી.ને ૯૩.૨૧ લાખની સહાય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવી છે. ભાવનગર બજાર સમિતિની અંદર ૨૬૯.૧૪ લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે. પાલીતાણા બજાર સમિતિની અંદર ૧૫.૭ લાખની સહાય ચુકવવામાં આવી છે. એ જ રીતે ગારીયાધારા તાલુકાની અંદર ૮૫.૨૫ લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે, તળાજાની અંદર ૨૭.૬૦ લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતની વાત છે અને ખેડૂતના ઉદ્ધાર માટેની તો હું એમ કહેવા માગુ છું કે આ જમીન ટોકન ભાડે આપવા માગો છો કે નહિ? જો આપવામાં આવે તો ઘણો ફાયદો થાય. આ કરોડો રૂપિયાની વાત છે તો એટલી જમીનની કિંમત આપી ના શકે તો આમાં ઉદ્યોગોની જેમ ટોકન ભાવે ૧ રૂપિયે કે ૧૦ રૂપિયે આપવા માગો છો કે નહિ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માર્કેટિંગ યાર્ડ છે એમાં સેંકડે એટલે કે ૧૦૦ રૂપિયે ૫૦ પૈસાની સેસની આવક થતી હોય છે. અત્યારે બાબુભાઇએ પ્રશ્ન રજૂ કર્યો છે કે, ટોકન ભાવે જમીન આપવામાં આવે. અહીંયા વેપારીની દુકાન છે એની પણ આવક થતી હોય છે, સેસની પણ આવક થતી હોય છે અને એને લઇને જે ભૂતકાળની અંદર યોજનાઓ ન હતી. પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ યોજનાની અંદર જંત્રીના ૧૦% પ્રમાણે રાહત દરે આપવાની આ યોજના બનાવી છે અને એને લઇને આ માર્કેટિંગ યાર્ડ સારી રીતે ચાલી શકે તે પ્રમાણની કામગીરી કરી રહી છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અત્યાર સુધીમાં સરકારે કઇ એ.પી.એમ.સી. ને જગ્યા ફાળવી અને કઇ પદ્ધતિથી જગ્યા ફાળવવામાં આવે છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે એ.પી.એમ.સી.ને જગ્યા ફાળવવાના ધોરણો શું છે ત્યારે સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૭-૧૨-૨૦૧૫ના ઠરાવ મુજબ ખેડીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓને જમીન ફાળવવાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. રાજ્યમાં નવી સ્થપાનાર ખેત ઉત્પાદન બજાર સમિતિઓને ૧૦ એકર જમીન પ્રવર્તમાન જંત્રીના ૧૦% ની કિંમત વસૂલ કરીને એને ફાળવવામાં આવે છે. એ જ રીતે પાંચ વર્ષ કરતા ઓછા સમયથી કાર્યરત અને જમીન ન ધરાવતી હોય તેવી એ.પી.એમ.સી.ને ૧૦ એકર જમીનના પ્રવર્તમાન જંત્રીના ૧૫ ટકા પ્રમાણે વસુલ કરીને આપવામાં આવે છે. એ જ રીતે પાંચ વર્ષ કરતા વધુ સમયથી કાર્યરત અને જમીન ન ધરાવતી હોય તેવી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને ૧૦ એકરના પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકાના દરે એની પાસેથી વસુલ કરવામાં આવે છે. તે જ રીતે હાલમાં તાલુકા મથકે કાર્યરત હોય એવી બજાર સમિતિઓને ૧૦ એકર સુધીની જમીન પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકાની કિંમતે તેમજ ૧૦ એકરથી વધારે પરંતુ ૩૦ એકરની મર્યાદામાં રહીને જમીન પ્રવર્તમાન જંત્રીની કિંમતના ૩૫ ટકાની કિંમતથી ફાળવવાનો નિર્ણય આ સરકાર તરફથી કરવામાં આવ્યો છે અને આ મુજબ ફાળવવાની જમીનના ૩૦ ટકા જમીન ફકત ખેડૂત માટેના ખાતરો, બિયારણો, દવાઓ તેમજ જણસીઓના સ્ટૉરેજ માટે ગોડાઉન બનાવવા માટે પણ ઉપયોગમાં લેવાની રહેશે. ઉપરોકત જમીનની ફાળવણીની શરતો મુજબ જે બજાર સમિતિને કોલ્ડસ્ટૉરેજ, રાઇપનીંગ ચેમ્બર, શોર્ટીંગ, ગ્રેડીંગ, કલીનીંગની સગવડ માટે જમીનની માગણી કરે તો તે બજાર સમિતિઓને ચાર એકર જમીન ફકત આ હેતુ માટે પ્રવર્તમાન જરૂરિયાતના ૧૦ ટકા પ્રમાણે આપવામાં આવે છે.

### સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં કપાસ પાક વિમાનું મળવાપાત્ર પ્રિમીયમ સબસીડી

* ૪૪૨૯ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં સને ૨૦૧૬ ના ખરીફ કપાસ પાકનું પાક વિમા પ્રિમીયમ પાંચ (૫) ટકાના દરે ભરનાર ખેડુતોને ત્રણ (૩) ટકા પ્રિમીયમ સબસીડી રાજ્ય સરકાર દ્વરા આપવાની યોજના છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આવા કેટલા ખેડુતોને કેટલી રકમની સબસીડી ચુકવવાની બાકી છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આવા કોઈ પણ ખેડુતને સબસીડી ચુકવવાની બાકી નથી. |
| (૩) બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉકત ખેડૂતોને મળવાપાત્ર પ્રિમીયમ સબસીડી ક્યા સુધીમાં આપવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગું છું કે આ ગતિશીલ ગુજરાત તથા ગતિશીલ સરકારની અંદર જે ગતિથી પ્રિમિયમ કાપવામાં આવે છે એ બંધ કરવા માગો છો કે કેમ? વિમા કંપની દ્વારા છેલ્લા બે વર્ષમાં

વિમા કલેમ પેટે કેટલા ખેડૂતોને વળતર ચૂકવવામાં આવ્યું? અને કયા લેવલના અધિકારી ક્રોપ કટીંગ કરે છે અને એની માહિતી આર.ટી.આઇ. નીચે આપવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન છે લીલીયા અને સાવરકુંડલા અમરેલી જિલ્લાનો એમાં પાક વિમાના પ્રિમિયમના પાંચ ટકા અને ખેડૂતોના ત્રણ ટકા પ્રિમિયમ સબસિડી રાજ્ય સરકારે આપવાની યોજના છે? તો છે. એમણે પૂછ્યું કે આ ખેડૂતોની કેટલી રકમની સબસિડી ચૂકવવાની બાકી છે? તો એવી કોઇ સબસિડીની રકમ ચૂકવવાની બાકી નથી. એમાં પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હેઠળ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એની ગાઇડલાઇન મુજબ વિમા કંપની દ્વારા એકચ્યુઅલ પ્રિમિયમ દર વસુલ કરવામાં આવે છે અને યોજનાની ગાઇડલાઇન મુજબ ખરીફ ઋતુ પાકો માટે ખેડૂતો દ્વારા શમઇન્શ્યોર્ડના બે ટકા અને વાર્ષિક બાગાયતી અને વાણિજય પાકો જેવા કે ગેડ, કપાસ વગેરે જેવા પાકો માટે શમઇન્શ્યોર્ડના પાંચ ટકા ચૂકવવાના રહે છે. એકચ્યૂઅલ પ્રિમિયમ દર અને ખેડૂત દ્વારા ચૂકવવાના થતા પ્રિમિયમના દરના તફાવતની રકમ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર ૫૦-૫૦ ટકાના હિસ્સે ચૂકવે છે. ખરીફ-૨૦૧૬ ઋતુમાં જે એકચ્યૂઅલ પ્રિમિયમ દર અને ખેડૂત દ્વારા ચૂકવવાના થતા પ્રિમિયમના દરના તફાવતની રકમ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા ૫૦-૫૦ ટકા લેખે પ્રિમિયમ સબસિડી ખેડૂતો વતી વિમા કંપનીને ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રાજય સરકારશ્રી દ્વારા વાર્ષિક બાગાયતી અને રાજય પાકો જેવા કે કપાસ માટે વધારાની ૩ ટકા રકમની પ્રિમિયમ સબસિડી ખેડૂતો વતી વિમા કંપનીને ચૂકવેલ છે. આ બંને લીલીયા અને સાવરકુંડલામાં પણ એ જે ૩ ટકા રાજ્ય સરકારે ભરવાના એ ભરી દીધા છે. કોઇ રકમ બાકી નથી અને જે ક્રોપ કટીંગ એ રાજયના અધિકારીઓ એમાં આત્માનો સ્ટાફ, ગ્રામસેવક અને એ બધા કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. આ પ્રશ્નની ગઇ વખતે પણ ફર્સ્ટ રાઉન્ડમાં વિગતવાર ચર્ચા થઇ હતી. એની વિગતવાર માહિતી પણ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આપી હતી. એમણે પૂછ્યું, તો પ્રિમિયમ ચૂકવવાનું બાકી નથી.

અધ્યક્ષશ્રી : ફરીવાર જવાબ આપ્યો એ બદલ આભાર મંત્રીશ્રી. (અંતરાય) ભાઇ, દુધાત બેસીને આવી ચીસો નહીં પાડવાની. કંઇક રજૂઆત કરવી હોય તો હાથ ઉંચો કરો પણ આવું સારું નથી લાગતું. પ્લીઝ.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લીલીયા તાલુકામાં ખરીફ પાક કપાસમાં કુલ કેટલું પ્રિમિયમ કંપનીને ચૂકવવામાં આવ્યું? એમાંથી ખેડૂતનું કેટલું , રાજય સરકારનું કેટલું અને કેન્દ્ર સરકારનું કેટલું?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ લીલીયા તાલુકામાં કપાસના પાક માટે જે પ્રિમિયમ કંપની દ્વારા ખેડૂતો પાસેથી લેવામાં આવે છે એ ૨ ટકા લેવામાં આવે છે. પોણા બે ટકા રાજ્ય સરકાર અને પોણા બે ટકા કેન્દ્ર સરકાર એ રીતે ૩ ટકા બન્ને સરકારો વતી ભરવામાં આવે છે. આ કપાસનો પાક છે અને બાગાયત પાક માટે ૫ ટકા પ્રિમિયમ લેવામાં આવે છે. એમાંથી ૩ ટકા જે રાજ્ય સરકાર દ્વારા વધારાનો ખર્ચ છે, જે પ્રિમિયમ આવે છે એ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે. આ બાબતે બિલકુલ થોડી સ્પષ્ટતા કરી દઉં કે લીલીયા તાલુકામાં કપાસ પકવતા ખેડૂતો માટે ૧૨,૪૭૩ ખેડૂતોએ આ પ્રિમિયમ ભર્યું હતું અને ૨ ટકા લેખે એની રકમ ૧ કરોડ ૪૨ લાખ જેવી એમણે ભરવાની થતી હતી. એ રીતે રાજ્ય સરકાર દ્વારા ૧ કરોડ ૬૪ લાખ ભરવામાં આવ્યા એમના હિસ્સાના અને કેન્દ્ર સરકાર દ્વારા ૧ કરોડ ૬૪ લાખ રૂપિયા એમના હિસ્સાના ભરવામાં આવ્યા હતા. ૩ ટકા ખેડૂતોએ ભરવા ન પડે એ માટે રાજ્ય સરકારે વધારાના ૨ કરોડ ૧૩ લાખ ભર્યા છે. એ રીતે કુલ રકમ ૬ કરોડ ૮૩ લાખ રૂપિયા ભરવામાં આવ્યા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય કૃષિ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૨૦૧૬માં ખરીફ કપાસના પ્રિમિયમ અંગે કૃષિ પાક વીમા પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત આપણે કઇ કંપનીને આ કામ સોંપ્યું હતું. એ કંપનીને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કે ખેડૂતે કુલ કેટલું પ્રિમિયમ ચૂકવવાનું થતું હતું. એ પૈકી કેન્દ્રનો હિસ્સો કેટલો, રાજ્ય સરકારનો કેટલો હિસ્સો હતો અને ખેડૂતોનો હિસ્સો આમાં દર્શાવ્યો છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, એચ.ડી.એફ.સી. અર્ગો કંપનીને આ કામ સોંપવામાં આવ્યું હતું. આમાં આખા રાજ્યના જિલ્લાઓના ૩ કલસ્ટર કરવામાં આવ્યા છે. આ ત્રણ કલસ્ટર છે એમાં અમરેલી જિલ્લો છે એ એચ.ડી.એફ.સી. હેઠળ આવે છે. મારા સાથી મંત્રીશ્રીએ આ બાબતમાં જવાબ તો બિલકુલ સ્પષ્ટ આપી દીધો છે તેમ છતાં આ જે ત્રણ કલસ્ટર છે એમાં રાજકોટ, સાબરકાંઠા, ભાવનગર, મહીસાગર, પંચમહાલ, આણંદ, પંચમહાલ, પાટણ, અરવલ્લી, ગાંધીનગર, સુરત અને છોટા ઉદેપુર એ એ.આઇ.સી. કંપનીના ભાગમાં આવે છે. કલસ્ટર-૨ છે એમાં ભરુચ, વડોદરા, વલસાડ, બનાસકાંઠા, દાહોદ, મોરબી, ગીર સોમનાથ, અમદાવાદ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એ આ એચ.ડી.એફ.સી. અર્ગો જનરલ ઇન્શ્યોરન્સ કંપનીને સોંપવામાં આવ્યું છે. કલસ્ટર-૩માં જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર, અમરેલી, બોટાદ, કચ્છ, ખેડા, મહેસાણા, નર્મદા, નવસારી, તાપી અને ડાંગ એ પણ એચ.ડી.એફ.સી. અર્ગોને કામ સોંપવામાં આવ્યું છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પૂછ્યું છે એમાં મેં સ્પષ્ટ જવાબ આપ્યો તેમ છતાં ફરીથી દોહરાવવાનું કહેવામાં આવે તો હું દોહરાવી દઇશ. અમરેલી જિલ્લાનો આ પ્રશ્ન છે. એ સાવરકુંડલા અને લીલીયા તાલુકાના કપાસ પકવતા જે ખેડૂતો છે એમના વતિ જે પ્રિમિયમ ભરવાનું હોય એ ૨ ટકા લેખે લીલીયા તાલુકાના ખેડૂતોએ ૧ કરોડ ૪૨ લાખ રૂપિયા ભર્યા છે અને એ રીતે આ પ્રશ્ન સાવરકુંડલાને પણ લાગુ પડે છે. માનનીય પ્રતાપભાઇ દુધાતે પ્રશ્ન પૂછ્યો છે એમાં સાવરકુંડલા તાલુકાના ખેડૂતો વતી, એ ખેડૂતોએ ૭૩ લાખ બે ટકા લેખે ભર્યા છે અને રાજ્ય સરકારના હિસ્સામાં ૧ કરોડ ૩૭ લાખ આવ્યા છે અને એ જ રીતે (અંતરાય) ભરી દીધા છે. મારો જવાબ પૂરો કરી દઉ એટલે ખ્યાલ આવશે. એવી રીતે કેન્દ્ર સરકાર દ્વારા ૧ કરોડ ૩૭ લાખ ભરી

દેવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર અને રાજય સરકારના હિસ્સાના પૈસા છે તે જમા થઇ ગયા છે. સાવરકુંડલા તાલુકામાં ત્રણ ટકા લેખે વધારાના પૈસા કપાસનો વીમો છે એટલે રાજય સરકારે વધારાનું પ્રિમિયમ ૩ ટકા ભરવાનું થાય છે તેની રકમ ૧ કરોડ ૧૦ લાખ રૂપિયા રાજય સરકારે આજની તારીખમાં ખેડૂતો વતી ભરી દીધા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો. આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગતો હતો કે ૨૦૧૬ના ખરીફ પાકમાં સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં એચડીએફસી અરગો કંપનીને આપણે કપાસનું પ્રિમિયમ વસૂલ કરવા માટે પ્રધાનમંત્રી પાક વીમા ફસલ યોજના અંતર્ગત અધિકૃત કરી છે. તેણે કપાસના પ્રિમિયમ પેટે કુલ કેટલા ટકા રકમ વસૂલવાની થતી હતી અને તે પૈકી ખેડૂતોએ કેટલા ચૂકવ્યા, રાજય સરકારે તથા કેન્દ્ર સરકારે કેટલા ચૂકવ્યા અને તેમાં કુલ કેટલા દાવા મંજૂર થયા?

અધ્યક્ષશ્રી : આંકડા આપ્યા છે એટલે આપે પર્સન્ટેઝ કાઢી લેવા પડે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ૨ ટકા ખેડૂતે ચુકવવાના થાય છે. મેં બિલકુલ સ્પષ્ટ જવાબ આપ્યો છે. લીલીયા તાલુકામાં ખેડૂતોએ પ્રિમિયમના પૈસા ૧ કરોડ ૪૨ લાખ ચુકવવાના હતા

અધ્યક્ષશ્રી : જોષીજી તમે શું કરવા ભલામણ કરો છો. મને ડુંમરજી દેખાય છે. મને કયારના હાથ ઉંચા કરે છે. આ તો પ્રશ્ન પૂરો થઇ ગયો હતો. આપણે છઠ્ઠા નંબર પર ગયા હતા પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ઉભા થયા એટલે મેં ખાસ પરમીશન આપી છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, લીલીયા તાલુકાના ખેડૂતોને તેના હિસાબનું જે બે ટકા પ્રિમિયમ ભરવાનું હતું તે ૧ કરોડ ૪૨ લાખ રૂપિયા ભર્યા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે કે સંબંધિત કંપનીએ કપાસના પાક વીમા પેટે ટેન્ડરમાં જે ભાવ કોટ કર્યા હતા તે પ્રતિ ૧૦૦ રૂપિયે કેટલા રૂપિયા કંપની પ્રિમિયમ વસૂલ કરવાની હતી. તે પૈકી ખેડૂતનો હિસ્સો બે ટકા છે તે અમે જાણીએ છીએ. તે સિવાયની ટકાવારીમાં રાજય સરકારે કેટલા ટકા અને કેન્દ્ર સરકારે કેટલા ટકા ચૂકવ્યા?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતનો હિસ્સો એવો પ્રશ્ન પૂછયો એટલે એવો જવાબ આપ્યો છે. પ્રિમિયમ ૨૨૪.૩૦.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ૬. આના પર ઘણી ચર્ચા થઇ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાલી એટલું પૂછું છું કે આ કંપનીએ...

અધ્યક્ષશ્રી : આપણે પર્સન્ટેઝ કાઢી લઇશું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તેમની પાસે છે. ટેન્ડર મંગાવ્યા. એગ્રીકલ્ચર પાક વીમા યોજનાનું ખાનગીકરણ સરકારે કરી નાંખ્યું. ખેડૂતની સબસિડીના નામે ખાનગી કંપનીઓ સરકારની તિજોરીમાંથી પ્રજાની પરસેવાની કમાણી લૂંટી રહી છે. મારો પ્રશ્ન સ્પષ્ટ છે કે આ કંપની કુલ કેટલું પ્રિમિયમ વસૂલવાની હતી અને તેમાંથી ખેડૂતની રકમ કેટલા ટકા, રાજયની અને કેન્દ્રની રકમ કેટલા ટકા છે? હું રકમ નથી પૂછતો ટકાવારી પૂછી રહ્યો છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી.

અધ્યક્ષશ્રી : દુધાત પ્લીઝ. નહીં નહીં તમારે વારે વારે હાથ ઉંચા કરવાની જરૂર નથી. મંત્રીશ્રી પ્લીઝ. મંત્રીશ્રી પછી જવાબ આપો. માનનીય દુધાત હું તમને નેઇમ કરું છું. હવે ફરીવાર આવું ઉદ્ધત વર્તન કરશો તો મને તમને અહીં બેસવા માગતા નથી તેવું મને લાગે છે. સમજાવો તો ખરા. ત્રણ-ચાર વાર હાથ ઉંચા કરી કરીને ઉભા થઇ જાય છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. શાંતિથી જવાબ સાંભળો. તમારા નેતાશ્રીએ પૂછેલો છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં માનનીય મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટ જવાબ આપ્યો છે. તેમાં કુલ પ્રિમિયમ લીધું છે તે ૬.૮૩ કરોડ રૂપિયા છે પરેશભાઇ. તેમાં જે ટકાવારી છે તે જોઇએ તો ટેન્ડરની રકમ પ્રમાણે ૮.૫ ટકા થાય છે. તેમાંથી ૨ ટકા ખેડૂતના છે, બાકીના ૬.૫ ટકા છે તેમાં ૩ ટકા સરકારે આપ્યા છે. બાકીના ૧.૭૫ ટકા પ્રમાણે કેન્દ્ર અને રાજય સરકારના છે. આ રીતે...

અધ્યક્ષશ્રી : હવે જવાબ આવી ગયો. આગળ ચાલો પ્રશ્ન ક્રમાંક. ૬

### નવસારી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૪૩૧૩ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩(માં અન્નપુર્ણા યોજના) હેઠળ નવસારી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના)ની રાજ્યમાં અમલવારી તા. ૧-૪-૧૬થી કરવામાં આવતાં નવસારી જિલ્લામાં તા. ૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૧,૦૨,૬૨૫.૬૯ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ | AAY (કાર્ડદીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર–૨૦૧૬થી ઓક્ટોબર–૨૦૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર–૧૭ થી ડીસેમ્બર–૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માં અન્નપૂર્ણા યોજના ગરીબ લોકો માટે ખૂબ મહત્વની છે. અમારી પાર્ટીના સ્થાપક પંડિત દિનદયાલજીની એક કલ્પના, એમના વિચારો હતા કે છેવાડાની વ્યક્તિ, અંત્યોદય વ્યક્તિને પણ બે ટંકનું ભોજન મળે. એના માટે આપણી રાજ્ય સરકારે જે વ્યવસ્થા ઉભી કરી છે એમાં બે રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આપવામાં આવે છે અને એના માટે હું સરકારને ખૂબ અભિનંદન આપું છું. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, જે આ ગરીબ લોકોને આપણે આટલું સસ્તું અનાજ આપીએ છીએ એ દર મહિનાની પહેલી તારીખે આ કાર્ડધારકોને મળી રહે છે કે કેમ અને એના માટે સરકારે શું પગલાં લીધેલ છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, દર મહિનાની પહેલી તારીખ સુધીમાં અનાજનો જથ્થો લાભાર્થીઓ સુધી પહોંચી શકે એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને એના માટે રાજ્ય સરકારે જે પગલાં લીધાં છે એમાં જાહેર વિતરણ યોજના હેઠળ દર માસની ૧૬મી તારીખથી ૨૫મી તારીખ સુધીમાં તે પછીના માસ માટેના જથ્થા માટેની વાજબી ભાવની દુકાનોના સંચાલકોને ઓનલાઇન પરમીટ ઇશ્યુ કરવામાં આવે છે. વાજબી ભાવની દુકાન સંચાલકે મેળવેલ પરમીટના જથ્થાનો ૫૦ ટકા જથ્થો માસની અંતિમ તારીખ સુધીમાં દુકાનો સુધી પહોંચાડવામાં આવે છે, બાકીનો ૫૦ ટકા જથ્થો જે માસમાં વિતરણ શરૂ કરવાનું હોય તે મહિનાની સાતમી તારીખ સુધીમાં પહોંચાડવામાં આવે છે. પરમીટ મુજબનો તમામ જથ્થો ડોરસ્ટેપ ડીલીવરી મારફતે વાજબી ભાવની દુકાન સુધી શિડ્યુલ મુજબ પહોંચાડવામાં આવે છે અને આ ડોરસ્ટેપ ડીલીવરીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે. ગોડાઉન ઉપરથી જથ્થો દુકાન સંચાલકોને રવાના કરવામાં આવે તેની જાણ વિલેજ વિજિલન્સ કમિટિના સભ્યોને અને કાર્ડધારકોને એમના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસ.થી કરવામાં આવે છે. તમામ રેશનકાર્ડ ધારકોને યોજનાવાર વિતરણપ્રમાણ અને ભાવની જાણકારી મળે તે હેતુથી દર મહિનાની પહેલી તારીખે વર્તમાનપત્રમાં પણ જાહેરાત આપવામાં આવે છે અને આ તમામનું તાલુકા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધી તબક્કાવાર મોનીટરીંગ કરવામાં આવે છે એટલે પહેલી તારીખથી લઇને ગરીબ લાભાર્થીઓ સુધી અનાજનો જથ્થો આપણે સમયસર પહોંચાડી શકીએ.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે આ અન્નનો પુરવઠો જ્યારે પહોંચાડવામાં આવે છે ત્યારે ગરીબ લોકોના ફિંગરપ્રિન્ટ લેવામાં આવે છે, અમારે ત્યાંના વિસ્તારમાં ઘણા બધા ગરીબ ખેડૂતો અને મિલ મજદૂરો તેમજ સેન્ટીંગના કામ કરનારા, સિમેન્ટનું કામ કરનારા લોકો છે એમના ફિંગરપ્રિન્ટ થતી નથી તો એમના માટે શું પ્રયોજન છે અને બીજું કે આધાર કાર્ડ સાથે લિન્ક કરવાની પણ વાત છે તો આધાર કાર્ડ સાથે લિન્ક કરતી વખતે અમારે ત્યાંના ઘણા બધા વિસ્તારમાં મોબાઇલનું નેટવર્ક નથી, ઇન્ટરનેટ આવતું નથી તો એ આધારકાર્ડ સાથે લિન્ક થઇ શકતું નથી તો તેવા સંજોગોમાં શું કરી શકાય અને તે બાબતે સરકાર શું કરવા માગે છે તેના વિશે માહિતી આપવા વિનંતી છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, થમ્બ લઇને અનાજના જથ્થાની જાહેર વિતરણ વ્યવસ્થા સમગ્ર રાજ્યની અંદર કરી રહ્યા છીએ. એનાથી અનાજનું જે ડાયવર્ઝન થતું હતું એ અટકાવવા માટે રાજ્ય સરકારે આ પગલાં લીધાં છે. બીજી વાત માનનીય સભ્યશ્રીએ જે કરી એમાં આધારકાર્ડ સાથે લિન્ક અપ આપણે જે કરેલ છે, એ સમગ્ર દેશની અંદર ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે આધારકાર્ડ સાથે લિન્ક કરીને નવું સોફ્ટવેર આપણે અપલોડ કરેલ છે, એ રીતે ગુજરાત પહેલુંવહેલું એવું રાજ્ય બન્યું છે અને મને જણાવતાં પણ આનંદ થાય છે કે, આ આધાર કાર્ડ સાથે લિન્ક કરવાની કામગીરી આપણા આખા

રાજ્યમાં દરેક જિલ્લાવાઇઝ ૧૦૦ ટકા પૂર્ણ કરી દેવામાં આવેલ છે. અત્યારે કોઇ જગ્યા ઉપર પ્રશ્ન આવતો હોય, કારણ કે આ નવું સોફ્ટવેર છે, અને આવા અંતરિયાળ વિસ્તારના ગામડાં કે જયાં કદાચ આ સોફ્ટવેરથી પ્રોબ્લેમ થતો હોય તેનો પણ રાજય સરકારે પરિપત્ર બહાર પાડી દીધો છે કે આવી જગ્યા ઉપર કે જયાં આધાર સાથે લીંકઅપ ના થાય અને ગરીબ લાભાર્થીઓ અનાજથી વંચિત ના રહે તે માટે મેન્યુઅલી અનાજ આપવાનો પણ પરિપત્ર રાજય સરકારે કર્યો છે અને બે રજીસ્ટર્ડ નિભાવવાના થશે અને તેનાથી આ સરકાર પારદર્શક રીતે આગળ વધી રહી છે અને આ મહિનાના અંત સુધીમાં અમને તેનો અંદાજ મળશે કે આધાર લીંકની કામગીરીથી કેટલા લાભાર્થીઓને અનાજનું ડાયવર્ઝન અટકાવવા માટેનો આ આખો આ રાજય સરકારનો પ્રયાસ હતો અને તેમાં સો ટકા સફળતાપૂર્વક આગળ વધી રહ્યાં છીએ. અને જયાં અનાજ નહીં મળે ત્યાં મેન્યુઅલીનો આંકડો આવશે. એટલે આવનારા દિવસોની અંદર સો ટકા પારદર્શક રીતે ગરીબ લોકો સુધી અનાજ તેને મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વિતરણ સમયગાળો કેટેગરી ઘઉં, ચોખા તે બધુજ આપવામાં આવ્યુ છે પરંતુ મારા નવસારી જિલ્લામાં તાલુકાવાર અનાજની ફાળવણી અને વિતરણ કેટલુ કરવામાં આવે છે તે માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં, નવસારી શહેરમાં ઘઉંની ફાળવણીનું વિતરણ ૫૭૦૮.૨૯ મે.ટન, ચોખા ૨૦૬૪.૦૬ મે.ટન, નવસારી ગ્રામ્યની અંદર ૮૬૭૦.૩૨ મે.ટન ઘઉં, ૩૦૬૩.૦૨ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. જલાલપુર તાલુકામાં ૧૧૨૭૫ મે.ટન ઘઉં અને ૪૦૦૪ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે. ગણદેવી તાલુકામાં ૧૫૮૪૨ મે.ટન ઘઉં અને ૫૫૮૩.૬૧ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવે છે. ચીખલી તાલુકામાં ૧૫૩૮૮ મે.ટન ઘઉં અને ૫૪૭૦ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવે છે. વાંસદા તાલુકાની અંદર ૧૪૮૯૫ મે.ટન ઘઉં અને ૫૩૨૦ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવે છે. ખેરગાંવ તાલુકાની અંદર ૩૮૯૦ મે.ટન ઘઉં અને ૧૩૬૦ મે.ટન ચોખા એમ કુલ નવસારી જિલ્લાની અંદર ૭૫૭૬૦ મે.ટન ઘઉં અને ૨૬૮૬૫ મે.ટન ચોખા જે રાજય સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવી છે તેનું સામે જે વિતરણ થઇ રહ્યું છે તેમાં ફાળવણી અને વિતરણમાં ૯૫ ટકાનું રિઝલ્ટ આ જિલ્લાની અંદર આપણને મળી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપે આ જે આંકડા આપ્યા તેમાં છેલ્લે કહી શકાત કે આ બધા આંકડા મે. ટનમાં છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા એ ૨૦૧૩માં કોંગ્રેસની સરકારે લોકસભામાં રજૂ કરેલો. ગરીબ લોકો ભૂખે ના મરે એને સસ્તુ અનાજ મળે તેના માટેનો એ કાયદો હતો અને તેના માટે આ મંજૂર ના થાય તેના માટે એન.ડી.એ.સરકાર અને...

અધ્યક્ષશ્રી : અત્યારે આ મુદ્દો નથી પ્લીઝ, આપનો સીધો પ્રશ્ન લો પ્લીઝ.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, જી, સર. એ કાયદો કોંગ્રેસ લાવી હતી તેમાં બરછટ અનાજ તેમાં બાજરો અને મકાઇ ૧ રૂપિયે કિલો અને ચોખા ૨ રૂપિયે કિલો આપવાની જોગવાઇ હતી તે આ સરકાર આપવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, એક કુટુંબને આખા મહિના દરમિયાન ૩૫ કિલો અનાજ આપવાની જોગવાઇ આ કાયદામાં હતી તે આપવા માગે છે કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની અંદર અગ્રતા ધરાવતા અંત્યોદય કુટુંબમાં ૩૫ કિલો આપવાની આ યોજનાની અંદર જોગવાઇ છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, મકાઇ ૧ રૂપિયે કિલો અને ચોખા ૨ રૂપિયે કિલો આપવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું આપવાનું સૂચન છે અને ૩૫ કિલો (અંતરાય) સાંભળો તો ખરાં, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની જયારે અમલવારી થઇ તે પ્રમાણે ૧-૪-૧૬થી આપણે આ કાયદાની અમલવારી કરી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

### અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના

* ૪૮૬૪ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જંતુનાશક દવાઓના કેટલા નમુના તાલુકાવાર લેવામાં આવ્યા, | (૧) *પત્રક-અ મુજબ. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા નમુના | (૨) |

પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

| જિલ્લાનું નામ | પ્રમાણિત | બિનપ્રમાણિત |
|---|---|---|
| વડોદરા | ૩૫૨ | ૧૧ |
| પંચમહાલ | ૬૩ | ૩ |

(૩) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત કોની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) *પત્રક-બ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સુરત જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો

* ૪૩૪૬ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે સુરત જિલ્લામાં ગોડાઉન/વેરહાઉસ/કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કુલ કેટલી રકમની સહાય કેટલા લાભાર્થીને ચૂકવી છે, અને | (૧) રૂ.૨,૨૧,૭૨,૫૬૦/- ૩૦ લાભાર્થી. |
| (૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયેલ છે ? | (૨) ૬,૬૮૭ મે.ટન. |

---------

અમદાવાદ શહેરમાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૪૨૨૧ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં નવા રેશનકાર્ડની ૨૪,૩૧૬ અરજીઓ મળેલ હતી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ઉપરોકત અરજીઓ પૈકી ૨૪,૧૭૬ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) ઉકત સ્થિતિએ ૧૪૦ અરજીઓ પડતર હતી. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૪) અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) બાયોમેટ્રીક આપવા આવેલ ન હોવાથી.<br>(૨) ઈલેકશન કાર્ડ/આધાર કાર્ડ રજુ કરેલ ન હોવાથી.<br>આજની સ્થિતિએ તમામ અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે. |

---------

રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ

* ૪૭૬૩ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના અન્વયે/હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૬ - રૂ.૭૩૨૭.૪૨ લાખ.<br>વર્ષ ૨૦૧૭ - રૂ.૬૬૦૦.૦૦ લાખ. |

---------

ખેડા જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ અરજીઓ

* ૨૭૮૫ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમીયાન તાલુકાવાર શ્રી વાજપાઈ | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમીયાન તાલુકાવાર શ્રી વાજપાઈ બેંકેબલ |

બેંકેબલ યોજના હેઠળ ધિરાણ મેળવવા કેટલી અરજીઓ મળી,

યોજના હેઠળ ધિરાણ મેળવવા અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૧૩૭૭ |
| ૨ | ખેડા | ૮૮૯ |
| ૩ | કપડવંજ | ૧૦૧૩ |
| ૪ | ઠાસરા | ૧૨૦૭ |
| ૫ | માતર | ૭૪૪ |
| ૬ | કઠલાલ | ૮૮૫ |
| ૭ | મહુધા | ૧૦૦૫ |
| ૮ | નડીયાદ | ૩૦૦૫ |
| ૯ | વસો | ૫૧૨ |
| ૧૦ | ગળતેશ્વર | ૫૪૨ |
| | કુલ | ૧૧૧૭૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને તે અન્વયે કેટલી રકમના ધિરાણ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

| વિગત | કુલ અરજીઓ |
|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૭૯૬૪ |
| બેંકોએ મંજુર કરેલ અરજીઓ | ૪૨૪૫ |
| બેંકો દ્વારા મંજુર કરેલ ધિરાણની રકમ રૂ.લાખમાં | ૯૧૩૦.૭૧ |

(૩) ધિરાણ મેળવનાર કેટલા લાભાર્થીઓને સબસીડી ચુકવવામાં આવી, અને કેટલા લાભાર્થીઓને સબસીડી ચૂકવવાની બાકી છે, જે લાભાર્થીઓને સબસીડી ચુકવવાની બાકી છે તેમને કેટલાં સમયમાં ચુકવી આપવામાં આવશે ?

(૩) ૩૩૧૩ લાભાર્થીઓને સબસીડી ચુકવવામાં આવી અને તા.૩૧/૧૨/૨૦૧૭ના રોજ ૨૦૦૪ લાભાર્થીઓને સબસીડી ચૂકવવાની બાકી છે.બાકી સબસીડીની રકમ અગ્રતાના ધોરણે ચુકવવામાં આવે છે.

---------

જુનાગઢ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોનું ચેકીંગ

* ૩૧૧૪ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વ્યાજબી ભાવની કેટલી દુકાનોનું ચેકીંગ કરવામાં આવ્યું,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ નીચે મુજબ કરવામાં આવી.

| અનં. | તાલુકાનું નામ | તપાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ(ગ્રામ્ય) | ૩૫ |
| ૨ | જુનાગઢ(શહેર) | ૭૪ |
| ૩ | માંગરોળ | ૧૧ |
| ૪ | કેશોદ | ૬૦ |
| ૫ | માળીયા હાટીના | ૧૯ |
| ૬ | વિસાવદર | ૧૫ |
| ૭ | માણાવદર | ૨૨ |
| ૮ | વંથલી | ૨૬ |
| ૯ | મેંદરડા | ૮ |
| ૧૦ | ભેસાણ | ૧૩ |
| | કુલ | ૨૮૩ |

(૨) તે પૈકી કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી,

(૨) ૨૮૩ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળેલ છે.

અને

(૩) તે ગેરરીતિઓ અંગે દુકાનદાર સામે શું પગલા લીધા?

(૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા છે.
૧) રૂ. ૨,૧૧,૯૩૪/- નો જથ્થો કબજે કરેલ છે.
૨) રૂ.૨,૧૧,૯૩૪/- નો જથ્થો રાજ્યસાત કરેલ છે.
૩) રૂ. ૨,૩૧,૯૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરેલ છે.
૪) ૫ (પાંચ) પરવાના મોકુફ કરેલ છે.
૫) ૨ (બે) પરવાના રદ કરેલ છે.

---------

રાષ્ટ્રીય પશુધન સ્વાસ્થ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ રાજ્યને મળેલ રકમ

* ૪૭૫૧ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાષ્ટ્રીય પશુધન સ્વાસ્થ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોઈ રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૧) હા

(૨) જો હા, તો વર્ષવાર કેટલી રકમ મળેલ છે?

(૨)

| વર્ષ | મળેલ રકમ |
|---|---|
| ૨૦૧૬ | રૂ.૧૬,૮૮,૪૧,૮૦૦ |
| ૨૦૧૭ | રૂ.૧૫,૨૯,૯૪,૦૦૦ |

---------

સુરત આરટીઓ કચેરીમાં વાહન સામે કેસ

* ૫૧૧૪ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરત આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલા વાહન સામે કેસ કરવામાં આવ્યા, અને

(૧) સુરત આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૫૬,૯૧૫ વાહન સામે કેસ કરવામાં આવ્યા.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

(૨)

| જિલ્લાનું નામ | પ્રમાણિત | બિન પ્રમાણિત |
|---|---|---|
| ગીર–સોમનાથ | ૧૪૧ | ૮ |
| જુનાગઢ | ૧૦૪ | ૮ |

(૩) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત કોની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) ગીર–સોમનાથ જિલ્લામાં લીધેલ નમુના પૈકી ૪ બિનપ્રમાણિત નમુનાઓ માટે જવાબદાર ઉત્પાદક અને વિક્રેતાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવેલ છે. અને ૪ બિનપ્રમાણિત નમુના માટે જવાબદાર ઉત્પાદક અને વિક્રેતાઓ સામે વહીવટી પગલાં ભરવામાં આવેલ છે, જ્યારે જુનાગઢ જિલ્લામાં લીધેલ નમુના પૈકી ૮ બિનપ્રમાણિત નમુનાઓ માટે જવાબદાર ઉત્પાદક અને વિક્રેતાઓ સામે કોર્ટ કેસ કરવામાં આવેલ છે.

---------

### અમદાવાદ શહેરમાં કેરોસીન માટે નક્કી કરેલ ડીલરો

* ૩૧૦૬ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેરોસીન માટે કેટલા ડીલરો નક્કી કરવામાં આવેલ છે,

(૨) ઉકત ડીલરોને ઉકત સ્થિતિએ જરૂરિયાત કરતા

જવાબ

(૧) કેરોસીન ડીલરોની નિમણૂંક જાહેર ક્ષેત્રની ત્રણ ઓઈલ કંપની દ્વારા કરવામાં આવે છે. જે પૈકી તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ કુલ–૪૦ ડીલરો (કેરોસીન એજન્ટ) નિયુકત હતા.

તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ કુલ–૩૮ ડીલરો (કેરોસીન એજન્ટ) નિયુકત હતા.

(૨) રાજ્ય સરકાર દ્વારા દર માસે ઓઈલ કંપનીને

ઓછો જથ્થો ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

જિલ્લાવાર ફાળવણી કર્યા બાદ તેની ડીલરવાર ફાળવણી ઓઈલ કંપની દ્વારા કરવામાં આવે છે. જે બાબત ઓઈલ કંપનીના કાર્યક્ષેત્રાધિકાર હેઠળની હોઈ રાજ્ય સરકાર દ્વારા ડીલરવાર ફાળવણી કરવામાં આવતી નથી.

(૩) જો હા, તો તેના કારણો કયા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમરેલી જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો

* ૫૧૩૩ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અમરેલી જિલ્લામાં ગોડાઉન/વેરહાઉસ/કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કુલ કેટલી રકમની સહાય કેટલા લાભાર્થીને ચૂકવી છે,અને

(૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયેલ છે ?

જવાબ

(૧) રૂ. ૩,૪૧,૭૬,૮૯૩/–
૭૯ લાભાર્થી.

(૨) ૧૪,૩૪૭ મે.ટન.

---------

સાબરકાંઠા જિલ્લામાં બિયારણના નમુના

* ૫૦૧૨ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બિયારણના કુલ કેટલા નમુના લેવામાં આવ્યાં,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત નમુના માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) ૫૨૯ નમુના લેવામાં આવ્યાં.

(૨) ૫૨૦ નમુના પ્રમાણિત થયા અને ૯ નમુના બિનપ્રમાણિત થયા.

(૩) ૮ બિનપ્રમાણિત નમુના માટે કોર્ટ કેસ કરેલ છે, ૧ બિનપ્રમાણિત નમુના માટે વહીવટી પગલાં ભરવામાં આવેલ છે.

---------

ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય યોજના અંતર્ગત રાજ્યને મળેલ રકમ

* ૪૭૫૮ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોઈ રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો કેટલી રકમ વર્ષવાર મળેલ છે ?

જવાબ

(૧) હા.

(૨)

| વર્ષ | મળેલ રકમ |
|---|---|
| ૨૦૧૬ | રૂ.૨૦,૦૫,૮૯,૦૧૮ |
| ૨૦૧૭ | રૂ.૧૨,૪૮,૫૮,૪૩૭ |

---------

રાજ્યમાં સ્ટેટ એનીમલ વેલ્ફેર બોર્ડની રચના

* ૪૮૪૨ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં તા. ૩૦–૧૧–૨૦૧૩ના ઠરાવથી સ્ટેટ એનીમલ વેલ્ફેર બોર્ડની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ

જવાબ

(૧) હા

(૨) બોર્ડની ઓફીસ આપવામાં આવેલ છે અને

બોર્ડમાં બોર્ડની ઓફીસ આપવામાં આવી નથી અને પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી નથી તેની ફરીયાદથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ, અને

પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવેલ છે. તેથી ફરીયાદનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો આ ફરીયાદનો ક્યાં સુધીમાં ઉકેલ લાવવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાહોદ ખાતે પેસેન્જર બસો સામે કેસ

* ૫૧૨૯ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ દાહોદ ખાતેથી વર્ષ ૨૦૧૬−૧૭માં કેટલી પેસેન્જર બસો સામે કેટલા કેસ કરવામાં આવ્યા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ દાહોદ ખાતેથી વર્ષ ૨૦૧૬−૧૭માં ૧૮૩૮ પેસેન્જર બસો સામે ૧૮૩૮ કેસ કરવામાં આવ્યા |
| (૨) તે બસો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) તે બસો પાસેથી દંડ રૂપિયા ૩૮.૬૭ લાખ વસુલ કરવામાં આવ્યો. |

---------

મોરબી જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ

* ૫૦૨૩ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૧૨−૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ટ્રેક્ટરની સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૧૧૩૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૬૬૭ |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે? | (૩) બાકી રહેતી નથી. |

---------

રાષ્ટ્રીય તેલીબિયા અને પામતેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ

* ૪૭૮૫ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય તેલીબિયા અને પામતેલ અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧−૧૨−૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોઈ રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૬ – હા, જી.<br>વર્ષ ૨૦૧૭ – હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ વર્ષવાર મળેલ છે? | (૨) |

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૨૩૩૩.૯૨૯૮ લાખ |
| ૨૦૧૭ | રૂ. ૬૦૦.૦૦ લાખ |

---------

ભુજ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન

૫૧૦૦ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભુજ આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬−૧૭માં કેટલા વાહન નોંધાયેલ છે, અને | (૧) ભુજ આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬−૧૭માં ૬૪,૪૯૮ વાહન નોંધાયેલ છે. |
| (૨) તેના ટેક્ષની કેટલી આવક થયેલ છે? | (૨) તેના ટેક્ષની આવક કુલ રૂ. ૧૭૭.૦૫ કરોડ થયેલ છે. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### પાટણ જિલ્લામાં પશુઓનું રસીકરણ

* ૪૯૮૫ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૧,૨૭,૧૦૩. |
| (૨) કયા કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ગળસૂંઢો, ખરવા-મોવાસા, આંત્રવિષજ્વર, હડકવા, પી.પી.આર. |

---------

### પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન

### તારાંકિત પ્રશ્નના જવાબમાં રકમની સ્પષ્ટતા કરવા બાબત

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક સ્પષ્ટીકરણ જોઇએ છે. આજની પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન ક્રમાંક-૨૭૭ના જવાબમાં વડાપ્રધાનની ફસલ વીમા યોજના અંતર્ગત ૨૦૧૬ અને ૨૦૧૭માં રાજ્ય સરકાર દ્વારા કેટલું પ્રિમિયમ ભરવામાં આવ્યું એના આંકડા આપ્યા છે એમાં પ્રિમિયમની રકમ રૂપિયામાં લખી છે. મેં ગણતરી કરવાની કોશિશ કરી પણ મેળ પડતો નથી. આ રકમ લાખમાં ગણવી, કરોડમાં ગણવી કે અબજમાં ગણવી એનું કોઇ સ્પષ્ટીકરણ થતું નથી. વિધાનસભાના રેકર્ડ ઉપર સરકાર આનું સ્પષ્ટીકરણ કરે તે જરૂરી છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી એમને લેખિતમાં જાણ કરી દેશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ ઓફિસમાં જાય એટલે સમજાવી દેશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાનો રેકર્ડ ક્લિયર રહે એટલા માટે કહું છું. પ્રિમિયમ કરોડમાં ભર્યું છે કે અબજમાં ભર્યું છે એ સ્પષ્ટ કરવું જરૂરી છે.

અધ્યક્ષશ્રી : રૂપિયામાં ગણીએ તો આવી જાય છે તેમ છતાં એમને લેખિતમાં આપી દેજો. (અંતરાય)

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, જવાબ સ્પષ્ટ જ છે. ૨૦૧૭માં પ્રિમિયમની રકમ ૧૦ અબજ ૫૮ કરોડ ૩૪ લાખ છે અને એગ્રીકલ્ચર ઇન્સ્યોરન્સ કંપનીની પ્રિમિયમની રકમ ૩ અબજ ૯૬ કરોડ ૬૭ લાખ ૪૨ હજાર એક સો છાસઠ છે.

શ્રી શૈલેષ મ. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬માં ૬૫ કરોડ ભર્યા છે અને ૨૦૧૭માં જે રકમ છે એ ૧૦ અબજ ૫૮ કરોડ ૩૪ લાખ થાય છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ: માનનીય અધ્યક્ષશ્રી, જવાબ રૂપિયામાં જ લખ્યો છે, સ્પષ્ટ લખ્યું છે. શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, પૂંજાભાઇએ જે પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન રેઇઝ કર્યો છે એ યોજના ગુજરાતની જનતા માટેની યોજના છે અને અહીંયા સ્પષ્ટીકરણ થાય, •(×××) અમે શીખીએ અને અમારા મારફતે ગુજરાતની પ્રજા સાચી વાત જાણે તો એનો અમને આનંદ થશે.

અધ્યક્ષશ્રી : *(×××) આ શબ્દો હું દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : અમે તો માનનીય અધ્યક્ષશ્રી, દરેક પળે વિદ્યાર્થી રહેવાના..

અધ્યક્ષશ્રી : ભાષાકીય રીતે વાંચીને આવો એવું કહેવાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય નીતિનભાઇ, બે મિનિટમાં હું પૂરું કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે માનનીય પુંજાભાઇએ એટલી સ્પષ્ટતા કરી અને સ્વાભાવિક રીતે મોટા ડીઝીટ હોય છે ત્યારે લાખમાં કે કરોડમાં, હજાર, લાખ અને કરોડની અંદર આંકડાઓ દર્શાવવાની એક પરંપરા રહી છે એટલે આ જે ફીગર છે એ ડીઝીટ મુજબ નેટ રૂપિયા છે કે હજારમાં દર્શાવી છે, લાખમાં દર્શાવી છે કે કરોડમાં આ ડીઝીટ દર્શાવી છે? તો માનનીય નીતિનભાઇ આટલી સ્પષ્ટતા થઇ જાય અને બીજું, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬માં ખાલી ૬૫ કરોડ રૂપિયા હતા અને ૨૦૧૭માં ૧૦૫૮ કરોડ રૂપિયાનું સીધુ પ્રિમિયમ થયું, આ કન્ફ્યુઝન એટલા માટે થાય છે કે, ખાલી ૬૫ કરોડ રૂપિયામાંથી ૧૦૫૮ કરોડ રૂપિયા પ્રિમિયમ ચૂકવવાનું થયું તો આટલો મોટો તફાવત શું કામ આવ્યો છે એની સ્પષ્ટતા થશે તો વધુ આનંદ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે પ્રશ્ન ફક્ત માનનીય પુંજાભાઇએ જે વિગત માગી કે આ લાખમાં છે, કરોડમાં છે કે અબજમાં છે? તેઓ ત્રણ ચાર વખત બોલ્યા કે મેં માઇન્ડ બહુ એપ્લાય કર્યું, માઇન્ડ બહુ એપ્લાય કર્યું પણ ગમે તે કારણસર સવારે ચા બરોબર પીવા નથી મળી લાગતી, એટલે એમનું માઇન્ડ થોડું ઓછું એમાં એપ્લાય થયું છે. આમાં બહુ સ્પષ્ટ છે અને સરકાર પક્ષે બિલકુલ વ્યવસ્થિત છે. ૨૦૧૬માં ૬૫ કરોડ રૂપિયા પ્રિમિયમ ભરાયું અને ૨૦૧૭માં ૧૦ અબજ ૫૮ કરોડ ૩૪ લાખ રૂપિયા પ્રિમિયમ ભરાયું. આમાં કોઇ ડીઝીટની વાત નથી. લાખની વાત નથી, કરોડની વાત છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બિલકુલ નાનો સાતમા આઠમામાં ભણતો ગણિતનો હોશિયાર છોકરો સમજી શકે એવી આ સાદી વાત છે. આ નાની વાતને બહુ મોટું સ્વરૂપ આપી દસેક મિનિટ આપણી, આ ગૃહની કિંમતી સમયનો એમણે વ્યય કર્યો છે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે..

અધ્યક્ષશ્રી : માનનીય યોગેશભાઇ, આમાં કોઇ પ્રશ્ન નથી. આમાં પ્રશ્ન પતી ગયો છે, આમાં નવો પ્રશ્ન ક્યાં લાવો છો? પ્લીઝ, બેસી જાઓ.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબમાં નીચે લખ્યું છે કે, પત્રક સચિવશ્રીની ઓફિસમાં જઇને વાંચવું. સાહેબ, અહીં આગળ કોઇને દંડ થયો હોય કે કોઇને સજા થઇ હોય તો..

અધ્યક્ષશ્રી : માનનીય યોગેશભાઇ, હજી એ પ્રશ્ન મુવ નથી થયો એટલે અતારાંકિતમાં ગયેલો પ્રશ્ન છે. તારાંકિતમાં ગયો હોય તો આવે, મૂવ ના થાય ત્યાં સુધી એની વધારે ચર્ચા ના થઇ શકે.

## ખાણ ખનિજ મંત્રીશ્રીનું નિવેદન ( નિયમ-૪૪)
## માઇન્સ એન્ડ મિનરલ્સ પોલીસી અંગે

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળનું નિવેદન લઇને હું સભાગૃહમાં આવ્યો છું. બહુ અગત્યનું નિવેદન છે. વર્ષોની આપણે illegal mining-બિન અધિકૃત ખનન વિષયની વાત કરતા આવ્યા છીએ. કેવી રીતે રોકવું એની ચિંતા કરવા આવ્યા છીએ. દરેક જગ્યાએથી જુદા જુદા વર્ગના લોકોએ રજૂઆત કરી હોય, ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કહી હોય, ગામના લોકોએ રજૂઆત કરી હોય અને એ રજૂઆતના આધાર ઉપર રાજય સરકાર આ ઇસ્યુ કાયમ માટે કેવી રીતે સહેલાઇથી ઉકેલાય એ માટે historic decision લીધેલું છે. કાયદાના નિયમમાં Major Minerals અને Minor Minerals ના જે કાયદા બનાવ્યા છે એ ધ્યાનમાં રાખીને રાજય સરકારે ૬૩૮ બ્લોક ખાલી minor minerals ના, જેમાં રેતી આવે, કપચી આવે, ગ્રેનાઇટ આવે, sandstone આવે, gravel આવે, સાદી માટી આવે, આવા ૩૨ જિલ્લાની અંદર ઓક્શન કરવાનો નિર્યણ લીધો છે. એમાં મોટા ભાગની સરકારી જગ્યાઓ છે થોડીક પ્રાઇવેટ જગ્યાઓ પણ આની અંદર લીધેલી છે. આના ખૂબ મોટા લાભો જે થવાના છે એ જે જગ્યાઓ ઓક્શનમાં જશે એટલે કાયમ માટેનું એ જગ્યા ઉપર ઇલીગલ માઇનીંગ બંધ થઇ જવાનું. બીજું, રાજય સરકારને પણ આ આવક મળશે. રોયલ્ટી મળવાનું ચાલુ થશે. રોયલ્ટીની જોડે જોડે એડીશનલ ઇન્કમ જે ઓક્શનમાં મળશે એ પણ મળશે. બીજું, જે જગ્યાઓ, ખાનગી જગ્યાઓ છે એ ખાનગી જગ્યાઓમાં મીનરલ છે એ મીનરલ જે ઓક્શન થશે એટલે એના પણ લાભ ખેડૂતોને મળશે એટલે એને પણ આવક ઉભી થાય. બીજું, ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી ઉભી થાય. આ તો શરૂઆતમાં આટલા ઓક્શન કર્યા છે પછી આવતા દિવસોમાં હજારોની સંખ્યામાં આપણે ઓક્શન કરીશું એટલે માઇનીંગની અંદર ખૂબ મોટી રોજગારી ઉભી થશે, ટ્રાન્સપોર્ટેશન એક્ટીવીટીઝ વધશે અને નાના મોટા ઉદ્યોગો એ વિસ્તારમાં આવશે. મીનરલની availability વધશે એટલે થોડા ભાવ પણ ઓછા થશે અને સૌથી અગત્યનું transparent policy થશે. પહેલાં જે ફસ્ટ કમ ફસ્ટ પોલીસી હતી એ કાયદામાં ઓકસનની પોલીસી આવી ગઇ છે, એટલે વહીવટી રીતે પણ કોઇ પણ કારણો સર આક્ષેપ ન કરી શકે, એ પ્રમાણેની આપણે જે નીતિ બનાવી છે. અને વધારે નહીં એક દાખલો આપું કે, ત્રણ મેજર પ્લાન ઓકશન કર્યા અને જે ૨૫-૩૦ વર્ષમાં ઓકશન કર્યા તેમાં આપણને છ હજારની રોયલ્ટી આવતી હતી. ૯૫૦૦ પ્રિમિયમ આવશે. સરકારને એટલે ૯૫૦૦ એડીશન આ એક દાખલો આપું છું. આપ વિચાર કરો કે આટલી મોટી બ્લોકનું જયારે ઓકશન થશે ત્યારે આવતા દિવસોમાં તો બધાને ફાયદો થશે અને પંચાયતોને પણ ફાયદો થશે. ડી.એન.આઇ. ફંડ ની પણ આપણને એની અંદરથી આવક થશે. એ પ્રમાણે આપણે અનેક નવા રૂલ્સ માનનીય અધ્યક્ષશ્રી, જાહેર કરીએ છીએ અનેએ રૂલ્સના કારણે આવતા દિવસોમાં સરળતા આવે એ રૂલ્સ વાંચી સંભળાવું છું.

- માનનીય અધ્યક્ષશ્રી, માઇન્સ એન્ડ મિનરલ (ડવલોપમેન્ટ અને રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૭ ખાણકામ માટેનો મુખ્ય કાયદો છે.
- નામ.સુપ્રિમ કોર્ટના ચૂકાદા મુજબ કુદરતી સંપતિની ફાળવણી યોગ્ય, બિન ભેદભાવયુકત અને પારદર્શક પદ્ધતિથી કરવા સૂચવેલ છે.
  તેમજ તા.૨૭.૧૨.૨૦૧૨ ના ચૂકાદા મુજબ વૈજ્ઞાનિક ઢબે, સુવ્યવસ્થિત અને પર્યાવરણીય અનુકુળ ખાણકામ થાય તેમ જણાવેલ.
- આ બાબતોના ધ્યાને લઇ કેન્દ્ર સરકાર દ્વારા તા.૧૨ જાન્યુઆરી, ૨૦૧૫થી માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલોપમેન્ટ અને રેગયુલેશ) એમેન્ડમેન્ટ એકટ, ૨૦૧૫ અમલમાં આવેલ છે.
- ઉપરોકત ચૂકાદાઓ તથા કાયદો અને તે હેઠળ બનેલ નિયમોના સુધારા મુજબ રાજય સરકારશ્રી દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ બનાવેલ છે. જે તા.૨૪/૦૫/૨૦૧૭ થી નોટીફીકેશન પ્રસિધ્ધ કરેલ છે.

ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે

ખાણ ખનિજ મંત્રીશ્રીનું નિવેદન ( નિયમ–૪૪)

- o જેની મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે.
  લોઝોની ફાળવણી જાહેર હરાજીથી કરવાની રહેશે.
  હયાત લીઝ ધારકોને રાઇટ ઓફ ફસ્ટ રિફ્યુઝલ
- સુવ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે પર્યાવરણને અનુકૂળ ખાણકામ

- ઇ–ઓકશનની તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રીતે થાય અને વધુમાં વધુ લોકો સુધી તેની માહિતી પહોંચે તે માટે તમામ પ્રક્રિયા ઓનલાઇન હરાજી મારફત કરવા જોગવાઇ કરવામાં આવેલ છે, જયારે બીજી બાજુ આ વ્યવસ્થા સરળ, ઝડપી અને સરકારકાર બને તે માટે પ્રયત્ન કરવામાં આવી રહેલ છે.
- નવા નિયમો અસ્તિત્વમાં આવ્યા બાદ તેની મહત્વનીજોગવાઇ ઇ–ઓકશન સંબંધિત વિવિધ અરજદારો / એસોસીએશનો તથા ઉદ્યોગ સાહસિકોની નિયમોમાં ફેરફાર કરવા રજૂઆતો મળેલ
- આ ઉપરાંત, ભારત સરકાર દ્વારા પણ મિનરલ (ઓકશન) રૂલ્સ, ૨૦૧૫માં તા.૩૦–૧૧–૨૦૧૭ થી સુધારા કરેલ
- આથી, ઇ–ઓકશન સંબંધિત નવી જોગવાઇઓ વધુ સરળતાથી તેમજ અસરકારક રીતે લાગુ થઇ શકે તેમજ સંબંધિત ખનિજ વિકાસમાં સંકળાયેલા વ્યકિતત ઉદ્યોગ સાહસિકોની બહોળા પ્રમાણમાં હિસ્સેદારી બને તે માટે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭માં નીચે મુજબના સુધારા  સૂચવેલ છે.
- ઓકશન પ્રક્રિયામાં નાણાંકીય જોગવાઇ જેવી કે, નેટ વર્થ (Net Worth) , અપફંડ પેમેન્ટ (Upfornt Payment), પર્ફોમન્સ સિકયોરીટી (Perfor,ance Security ) વિગેરે હળવા કરેલ
- ખાનગી જમીન માલિકને અગ્રતા આપી તેના હીતનું યોગય રીતે રક્ષણ થાય તે ધ્યાને રાખી ખાનગી જમીનમાં પણ મહત્તમ વિકાસ થાય તે મુજબ સુધારો કરેલ છે
- હયાત લીઝોની મુદત ૨૦૨૦ ને વધારી ૨૦૨૨ તથા ૨૦૨૫ ને વધારી ૨૦૩૦/૨૦૩૫ સૂચવેલ છે
- 

  કવોરી પરમીટની મંજૂરી અંગે સત્તાના વિકેદ્રીકરણના ભાગરૂપે અરજદારોને પરમીટ મંજૂરીમાં સરળતા રહેશે તેમજ વહીવટ ઝડપી અને સરળ રીતે ચાલે તે માટે જોગવાઇ સૂચવેલ છે

- સમગ્રપણે ઇ–ઓકશન પ્રક્રિયા સરળ અને અસરકાર બને, હયાત લીઝ ધારકોના હીત સચવાય તેમજ ઓકશન પ્રક્રિયામાં જાહેર જનતા તેમજ ઉદ્યોગ સાહસિકોની મહત્તમ હિસ્સેદારી થઇ શકે તેવા આશયથી નિયમોમાં ઉપરોક સૂચવ્યા મુજબ જરૂરી ફેરફાર/સુધારા કરવા આવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જનું નિવેદન લાવ્યો છું આનાથી ઘણા બધા લોકોને આમાંથી લાભ થવાના છે. ઘણા બધા લોકો નેટવર્કમાં ઘટાડો કરવાથી ઘણા બધા લોકો ભાગ લઇ શકશે. નાના વ્યકિતઓને દાખલા તરીકે વાત કરું તો આપણે ૧ ટકો રિસોર્સ વેલ્યુ નેટવર્ક પહેલાં મૂકયું હતું. એ તેમાં એ એક ટકાનું  પોઇન્ટ પચ્ચીસ કર્યું છે અને આ પોઇન્ટ પચ્ચીસ એ પણ કેશ નહીં મારી પાસે જમીન છે તો ખાલી જમીન બતાવી શકું આ પોઇન્ટ પચ્ચીસમાં અને હું તેની અંદર ભાગીદાર થઇ શકું અને હરાજીમાં એ પ્રમાણેના હળવાશો આ નિયમોમાં કર્યા છે. એવી જ રીતે પહેલાં પેમેન્ટ આપનું હતું એમાં પરફોમન્સ સીકયુરીટી  એક ટકા   વેલ્યુ આપવાનું હતું, એની જગ્યાએ આપણે પોઇન્ટ પચ્ચીસ કર્યું છે અને એમાં લોકો ભાગીદાર બની શકે તેના માટેની નિયમોમાં સરળતા કરી છે અને આવતા ટૂંક દિવસોમાં આજે ૬૬૮ લોકોની વાત કરી એ સંપૂર્ણપણે હરાજીમાં મૂકવામાં આવશે. મને વધુમાં જણાવતાં આનંદ થાય છે કે, સરકારે એકો એક વાતમાં બહુ વિગતવાર ચોપડીઓ બનાવી છે અને તેની અંદર સંપૂર્ણપણે એકસ્પલેનેશન કર્યું છે, અને એરીયા અને કેટલા રિર્સોસીસ છે, અને  સ્પેસિફીક ગ્રેવીટી  શું   છે અને કયા વિસ્તારમાં આવેલા છે આ બાબતે વિગતો આપેલી છે. જેથી હરાજીમાં  લોકો ભાગ લઇ શકે અને પછી આ બધા ઓકશન કરવામાં આવશે. આના કારણે  જયારે બ્લોકનું ઓકશન થશે ત્યારે રોયલ્ટી વધશે અને સરકારને વધારાની આવક થશે અને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળશે. આ સમાચાર મારે હાઉસને આપવા હતા એટલે નિયમ ૪૪ નીચે  નિવેદન કર્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : નિયમ–૪૪ નીચે માનનીય મંત્રીશ્રીએ નિવેદન કર્યું એમાં મારે બે પ્રશ્નો પૂછવા હતા. કોર્ટના આદેશ અનુસાર રાજય સરકારે ૨૪–૫–૨૦૧૭ના રોજ  નોટિફિકેશન બહાર પાડ્યું જેની મુખ્ય જોગવાઇ એમાં પહેલી જોગવાઇ લીઝોની ફાળવણી જાહેર હરાજીથી કરવાની રહેશે. ટોટલ કેટલી લીઝો આવેલી છે, કેટલી લીઝોના બ્લોક આવેલા છે. પાછળના પાના ઉપર હયાત લીઝોની મુદત જે હતી એ મુદત ૨૦૨૦થી વધારી ૨૦૨૨, તથા ૨૦૨૫ થી વધારીને ૨૦૩૦ અથવા ૨૦૩૫ સૂચવેલ છે. એકબાજુ સુપ્રિમ કોર્ટનું ગાઇડન્સ છે કે લીઝની હરાજી કરવી જયારે બીજી બાજુ આપે દર્શાવ્યું છે કે લીઝોની મુદત વધારવી આ બેમાં તફાવત આવે છે તો એમાં સ્પષ્ટતા કરશો તેવી વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : કુલ ૬૩૮ બ્લોક કર્યા છે એમાં ઓર્ડીનરી સેન્ડના ૩૮૮ છે, ટોટલ એરિયા ૧૧૪૩ હેકટર થશે. બ્લેકટ્રેપના ૧૮૮ છે, ગ્રેનાઇટસ ૫૭, બિલ્ડીંગ સ્ટોન ૮ છે, કોર્ટસાઇટ ૧૬, સેન્ડ  ગ્રેવલ ૮ છે, બેન્ટોનેજટ ૫,  ગ્રેવલ ૧૩,

ઓર્ડીનરી કલે ૩, કુલ ૬૩૮ છે અને આશરે ૨૫૦૦ હેકટરમાં કરી રહ્યા છીએ. ૩૨ જિલ્લા છે એમાંથી ૩૧ જિલ્લામાં કરી હ્યા છીએ. એક દેવભૂમિ દ્વારકામાં ફોરેસ્ટ એરિયા અને સી.આર.ઝેડ. એરિયા હોવાને કારણે આપણે ત્યાં કોઇ બ્લોકની હરાજી કરતા નથી. કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે જ કરીએ છીઅ અને બ્લોકનું એટલે એકસ્ટેન્શન આપીએ છીએ કે પહેલા કરવામાં આવતું હતું એની અંદર લીઝોનું એકસ્ટેન્શન સરકાર એની જાતે આપતી હતી. દસ વર્ષ, ૨૦ કે ૨૫ વર્ષની સરકાર આપી દેતી હતી. અને ફર્સ્ટ કમ ફર્સ્ટ બેઝીસમાં હતું. આ જે લીઝો આપેલી છે એને ખૂબ મોટું મૂડીરોકાણ કરેલું હોય છે. મૂડીરોકાણ કરવા માટે નિયમો કરેલા હોય છે એમાં આટલું એકસ્ટેન્શન આપેલ છે એ પૂરું થાય પછી આપણે એ લીઝ પર હરાજી કરીશું એ પ્રમાણેની પદ્ધતિ ગોઠવીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : સુપ્રિમ કોર્ટના ચૂકાદાની અંદર એ રીતનો કોઇ ઉલ્લેખ થયેલો નથી. લીઝ ઉપર આપેલી સમય મર્યાદાને આધિન લીઝોને ચાલુ રાખવી કે એનો સમયગાળો વધારવો. માનો કે લીઝ ઉપર આપેલી હોય તમે સમયગાળો વધાર્યો છે એ દરમિયાન પછી સમયગાળો વધારવાનું કયાં કારણ છે, એને કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હોય પરંતુ એની મુદત પૂરી થયા પછી શા માટે મુદત વધારો છો?

શ્રી સૌરભ પટેલ : જે કોઇ નિયમો આજની તારીખે બનાવ્યા છે એ કાયદાના નિયમોના આધારે રૂલ્સ બનાવ્યા છે. એમાં માઇનોર છુટછાટ આપી છે એ માત્રને માત્ર મોટા લીઝ હોલ્ડરોએ ખૂબ મોટું મૂડી રોકાણ કર્યું હોય, જયારે પહેલા તો ૨૦–૨૦ વર્ષના એકસ્ટેન્શન આપતા હતા એ મર્યાદા ઓછી કરી નાખી છે. એ એકસ્ટેન્શનની મર્યાદા પતે પછી હરાજી કરુશું. આજની તારીખે ૭ હજાર માઇનોર લીઝ છે એમાં એક સાથે બીજા ૬૩૮ જેવી લીઝોનો વધારો કર્યો છે એટલે આશરે દસ ટકા નવી લીઝો તો તાત્કાલિક આવશે. પછી આજની તારીખમાં સભ્યશ્રીને જાણ કરવી છે કારણ કે આ ખૂબ અગત્યનો વિષય છે દા.ત. કોઇ ખાનગી જગ્યા હોય એ ખાનગી જગ્યાની અંદર એની પાસે મીનરલ હોય તો એ વ્યકિત સરકારને રજૂઆત કરી શકે કે આ મારો માઇનર મીનરલ વિસ્તાર છે તમે આની અંદર હરાજી કરો. સરકાર એની તપાસ કરશે અને કેટલું મીનરલ છે એ જોશે એ પછી જમીનની માલિકી એ ખેડૂત પાસે રહેશે માત્ર સરફેશ રાઇટ જમીનનો અધિકાર ખેડૂતનો રહેશે. મીનરલનો રાઇટ સરકારનો છે. એ મીનરલ્સ કેટલું છે એની હરાજી કરવામાં આવશે એ પછી જે હાઇએસ્ટ બીડર હશે એ ખેડૂતને કહેવામાં આવશે કે તારે આ હરાજી લેવી છે એ કહેશે કે મારે લેવી છે. એ કહે કે હા, મારે એકશન લેવું છે તો પહેલો રાઇટ એને આપવામાં આવશે અને એ કહે કે મારે ઓકશન નથી લેવું તો જે હાઇએસ્ટ બિડર હશે તેણે ખેડૂત સાથે એગ્રીમેન્ટ કરવું પડશે કે ખેડૂતને એ શું આપશે. જમીન વેચવી હોય તો જમીન વેચી નાખે, લીઝ ઉપર લેવી હોય તો લીઝ ઉપર કરે. જે પ્રમાણે એગ્રીમેન્ટ કરાય અને પછી બન્નેની સંમતિ આવે તો જ એ ઓકશન માન્ય ગણવામાં આવશે, નહીં તો ઓકશન રદ કરવામાં આવશે. એટલે આવી પારદર્શક રીતે ખેડૂતની જમીન અને બીજું, ઓકશનનો મિનરલ્સ પતી જાય, ૧૦ વર્ષે કે ૨૦ વર્ષે ઓકશનના મિનરલ્સ સાફ થઇ જાય તો એ જગ્યા સંપૂર્ણપણે ખેડૂતની માલિકીની રહેશે. એટલે ખેડૂતની જમીન ખેડૂત પાસે રહેશે. મિનરલ્સ જયારે સરકારે ઓકશન માટે વેચી નાખ્યો, તેના પર રોયલ્ટી મળી, તેના પર એડિશનલ રોયલ્ટી મળી, ખેડૂતની પણ આવક વધી, રોજગારી મળી. એ પ્રમાણે પ્રાઇવેટ લેન્ડમાં આપણે ખૂબ મોટા પાયા પર આગળ વધી રહ્યા છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જાણવા માગું છું કે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કુદરતી સંપત્તિની ફાળવણી યોગ્ય, બિનભેદભાવયુક્ત અને પારદર્શક બને એવું સૂચવ્યું છે અને માનનીય સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર આ બાબતો ધ્યાને લઇને કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૫થી માઇન્સ એન્ડ મિનરલ્સ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૧૫ અમલમાં મૂકવામાં આવ્યો. ૨૦૧૫માં અમલમાં મૂકવામાં આવ્યો. ઉપરોકત કાયદાઓ તથા કાયદા અને તે હેઠળ બનેલ નિયમોના સુધારા મુજબ રાજય સરકારશ્રી દ્વારા ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો ૨૦૧૭ બનાવ્યા, જે ૨૪–૫–૧૭થી નોટિફિકેશન પ્રસિદ્ધ કર્યું. આ નિયમ–૪૪નું નિવેદન છે. તેનાથી નામદાર સુપ્રિમ કોર્ટના જે આદેશો છે તે અન્વયે કેન્દ્ર સરકારે જે કાયદો ઘડ્યો છે તેનું ગુજરાતમાં વહેલીતકે અમલીકરણ થાય આવો શુભ આશય હોય, ખૂબ ગમે. પણ નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ પછી ૨૦૧૫માં કેન્દ્ર કાયદો બનાવે, ૨૦૧૭માં આપણે નોટિફિકેશન બહાર પાડીએ અને આજે ૨૦૧૮માં જે જૂની લીઝની ફાળવણી થઇ હતી તેમાં ક્યાંય એવા ઇસ્યુ ઉભા થયા હશે કે નામદાર કોર્ટે સરકારને સૂચન કરવું પડ્યું. તો રાજયની આવક વધે, તંદૂરસ્ત હરિફાઇ થાય અને એ બિડરો, જે કમાણી છે એ રાજયની કે કેન્દ્રની તિજોરીમાં જમા કરાવે એવા શુભ હેતુથી આ કાયદો લાવવામાં આવ્યો છે પણ નિયમ–૪૪ના નિવેદનમાં જે સુધારાઓ સૂચવ્યા છે. માનનીય શૈલેષભાઇએ વાજબી વાત કરી. હયાત લીઝોની મુદત જે ૨૦૨૦માં પૂરી થઇ જતી હતી. ૨૦૨૦માં આપણે કોર્ટની સૂચનાઓ મુજબ પારદર્શી ઇ–ટેન્ડરીંગ કરીએ. ખુલ્લી હરિફાઇ થાય, વધુ આવકો પારદર્શી રીતે સરકારની તિજોરીમાં આવે તો ૨૦૨૦ હતું તેને બે વર્ષ વધારે આ રાજયના ખનિજો લૂંટવા માટેની આપણે મંજૂરી આપી શકીએ ખરા? માનનીય અધ્યક્ષશ્રી, જેની મુદત ૨૦૨૫માં પૂરી થતી હતી તેને ૨૦૩૦ અને ૨૦૩૫ એટલે ૧૦ વર્ષ સુધીનો વધારો. ૨૦૧૫માં કેન્દ્ર સરકારે કાયદો કર્યો. એ કાયદાની અમલવારી ૨૦૩૫ સુધી, એટલે આગામી ૨૦ વર્ષ સુધી ગુજરાતમાં નહીં થઇ શકે અને આનાથી ગુજરાતની તિજોરીને ભારે મોટું નુકસાન થશે. એટલે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે આપ આ નિયમ–૪૪થી નિવેદન લાવ્યા છો તેને અમે આવકારીએ પણ તેની અંદર આ જે સુધારાઓ સૂચવ્યા છે એ સુધારાઓમાં હયાત લીઝોની મુદત વધારવા માટેનું જે નિવેદન છે, આટલા શબ્દો જો સરકાર પરત ખેંચશે તો મને લાગે છે કે સરકાર પારદર્શી રીતે આ ગુજરાતની જે ગૌણ ખનિજ સંપત્તિ છે તેનું રક્ષણ કરવા માટે સુપ્રિમ કોર્ટના ઓર્ડરનું પાલન

કરી રહી છે એવો ગુજરાતની પ્રજાને અહેસાસ થશે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે નિયમ-૪૪માં આપે જે નિવેદન કર્યું છે તેમાંથી 'હયાત લીઝોની મુદત ૨૦૨૦ને વધારી ૨૦૨૨ તથા ૨૦૨૫ને વધારી ૨૦૩૦ અથવા ૨૦૩૫ સૂચવેલ છે' આટલા શબ્દો આ નિવેદનમાંથી દૂર કરવા માગો છો કે કેમ?

સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ પારદર્શકતાની વાત કરી. પારદર્શક રીતે આખા દેશમાં સૌથી વધારે લીઝો ઓકશનમાં લાવી હોય, પદ્ધતિ ગોઠવી હોય તો આ સરકારે ગોઠવી છે. ૨૦૧૫માં કાયદો આવ્યો. કાયદો આવ્યા પછી રૂલ્સ બને, આપ સભ્યશ્રી તો જાણકાર છો. એ રૂલ્સ બને એ પહેલા આપણે ૨૦૧૭માં કાયદો બનાવ્યો. આપણી સ્પીડ જુઓ. આપણે બે વર્ષમાં એનું ઇમ્પ્લીમેન્ટેશન કર્યું. લોકો દસ-દસ વર્ષ સુધી કાયદો બનાવી શકતા નહોતા. આપણે રૂલ્સ કર્યા પછી અને આજે રૂલ્સનું ઇમ્પ્લીમેન્ટેશન કર્યું અને આનંદની વાત એ છે કે આખા દેશની અંદર આ કેન્દ્ર સરકારનો કાયદો બનાવ્યા પછી સૌથી વધારે જો લીઝ કોઇ ઓક્શનમાં મૂકેલી હોય તો એ ગુજરાત સરકારે મૂકેલી છે અને એના માટે અને અમારે બન્નેએ ગૌરવ લેવા જેવું છે. બીજું, પ્રોસેસ પણ કેટલી સરળ કરી છે ! પ્રોસેસ કેટલી પારદર્શક કરી છે એ આપને સમજાવું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પ્રોસેસમાં એ સમજી ગયા છે. એમનો પ્રશ્ન જુદો છે. પ્રોસેસ સમજી ગયા છે. મેં મંત્રીશ્રીને કહ્યું છે. માનનીય પરેશભાઇ, મેં આપની જ વાત કહી છે. એમનો ટૂંકમાં જે પ્રશ્ન છે એ કહો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના કાયદાની જોગવાઇના આધારે આપણે કાયદો બનાવ્યો છે અને એના રૂલ્સ પ્રમાણે આપણે મંજૂરી આપી છે. એ ત્યાં લોકોના હિતનું રક્ષણ કરી, રોજગારીનું રક્ષણ કરી, મૂડી રોકાણ કરી અને એ પ્રમાણે જે પહેલા નિર્ણય લેવાતો હતો કે વીસ વીસ વર્ષ કે પચ્ચીસ પચ્ચીસ વર્ષનું એક્ટેન્શન અપાતું હતું એ લોકોના રોકાણને ધ્યાનમાં રાખીને મિનિમમ એક્ટેન્શન અપાય એ પ્રમાણે એક્ટેન્શન આવતા દિવસોમાં આપીને આ લીઝનું ઓક્શન કરીશું.

અધ્યક્ષશ્રી : નિયમ પ્રમાણે આપ્યું છે એમ મંત્રીશ્રીનું કહેવું છે. એમણે જવાબ આપી દીધો છે. એમાં તકરાર શું હોઇ શકે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સુપ્રિમ કોર્ટના હુકમનો અનાદર છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જવાબમાં સાચા ન હોય, મારી વાત સાંભળો. આપને સંતોષ થાય ત્યાં સુધી જવાબો આપવાના ન હોય એમણે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ગૃહ કાયદાઓ ઘડે છે. ભારત સરકારનો કાયદો સુપ્રિમ કોર્ટની સૂચનાથી ઘડવામાં આવ્યો છે. આનાથી સુપ્રિમ કોર્ટની સૂચનાઓનો અનાદર થશે. શ્રી સૌરભભાઇ,

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે કાયદો બનાવ્યો છે એમાં એક્ટેન્શન આપવાની મંજૂરી આપી છે એને ધ્યાનમાં રાખીને કર્યું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ૨૦૧૫માં કાયદો ઘડ્યો એ કલોઝ ગુજરાતમાં આવતા ૨૦ વર્ષ સુધી લાગુ નહીં થાય. મારે પૂછવું છે શ્રી સૌરભભાઇ, આ કલોઝ હટાવી દઇએ તો આનાથી રાજ્યની તિજોરીને કાંઇ નુકસાન થાય એમ છે? મારો એક જ પ્રશ્ન છે, રાજયની તિજોરીને કાંઇ નુકસાન થતું હોય તો અમે સંમત.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને સમજાવું. હાલમાં બે ટાઇપની લીઝો હોય છે. એક નવી લીઝો અને જુની લીઝો. નવી લીઝોમાં જે ફર્સ્ટ કમ ફર્સ્ટ બેઝીસ હતું એ સંપૂર્ણપણે પારદર્શી નહોતી. એટલે એનું આપણે હવે સંપૂર્ણ પારદર્શી રીતથી ઓક્શન કરીશું. એટલે એ પ્રશ્ન પતી ગયો. મોટી મોટી કંપનીઓએ સિમેન્ટ અને સ્ટીલની ફેક્ટરીઓ નાખી હોય અને એના લાઇમ સ્ટોનથી માંડી, એના કોલથી માંડી, એના ફ્યુલથી માંડી, એના ડેઝર્ટ મિનરલ્સથી માંડી, અરે ભાઇ સાંભળો તો ખરા,

અધ્યક્ષશ્રી : શ્રી બાબુભાઇ શું કરો છો આપ? તમને તો પૂછવા દેવાશે નહીં. જો તમે આવી રીતે કરશો તો. હા, એમ બેસો. બહુ સારા. કેટલા સારા લાગો છો!

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ૨૦૩૦ સુધીનું એક્સટેન્શન આપવા માટે કાયદાની અંદર જોગવાઇ કરી છે. આ વસ્તુ ધ્યાનમાં લઇને કરી છે. એ પ્રમાણે રાજ્ય સરકારે એના માઇન્સ એન્ડ મિનરલ્સના રૂલ્સ બનાવ્યા છે અને એ પ્રમાણે આગળ જઇએ છીએ.

અધ્યક્ષશ્રી : શ્રી જીતુભાઇ, શ્રી પુનાભાઇ, બધીવાર ઉભા ન થાઓ. એમને પહેલીવાર તક મળે છે. આપને નહીં મળે. લાગશે તો આપીશ. ચર્ચા તો થવા દો હજુ ! બીજા જુનિયર મિત્રો પણ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે જે આદિવાસી વિસ્તાર છે એમાં માનો કે એની પોતાની જમીન હોય, પોતાની જમીનમાં પોતાની લીઝ હોય અને જો સરકાર એને લઇ લે અને સરકાર ઓક્શન કરે તો આદિવાસીને એનાથી કોઇ લાભ થશે નહીં અને એમને નુકસાન થવાનું છે ત્યારે એ બાબતે માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા જ કહ્યું કે કોઇ જમીન સરકાર લેવાની નથી. એક જમીનની માલિકી એ ખેડૂતની જ છે. બે-કોઇપણ ખેડૂત હોય એનું જે મિનરલ્સ હોય એ મિનરલ્સનું ઓક્શન થવાનું છે. એ મિનરલ્સના ઓક્શનની અંદર જે રોયલ્ટી મળે એ સરકારને મળે, પ્રિમિયમ મળે એ સરકારને મળે, એ આદિવાસીભાઇ ખેડૂત હોય એને પણ

ઓક્શન કરવું હોય અને ઓક્શનની અંદર ભાગ લેવો હોય અને એને જાતે કામગીરી કરવી હોય તો એ કરી શકે છે. અને કોઇ બીજા વ્યકિત પાસે કરાવવું હોય તો એની જમીન ઉપર જે મીનરલ્સ થાય એનો એ બે ઇન્ટરનલ કરાર કરી શકે છે અને એડીશનલ ઇન્કમ એ આદિવાસી ખેડૂત ઉભી કરી શકે છે એ પ્રમાણે સરળતા આપણે આ નિયમોમાં લાવ્યા છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે. એક મિનિટ સાહેબ.

અધ્યક્ષશ્રી : આમાં ઘણો સમય ગયો છે અને આપના નેતાએ પણ પૂછયું છે. આમાં પૂરતો સમય ગયો છે આમાં, એક આનંદભાઇને તક આપુ છું. (અંતરાય)પ્લીઝ આપ બેસી જાવ પૂંજાભાઇ, પૂંજાભાઇ, આપ જીદના કરશો. આ ઉંમરે જીદ સારી નહીં.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મીનરલ માઇન્સ અને પીપલ્સ માટે ૨૦૦૭માં એક સમતા જજમેન્ટ આવેલું અને ખાસ કરીને અનુસૂચિત જે વિસ્તાર છે, શિડયુઅલ ફીફથ માટે એમાં સ્પષ્ટ જોગવાઇ છે કે આદિવાસી વિસ્તારમાં લીઝ હોય, માઇન્સ હોય તો એ લોકોને ફાળવવામાં આવશે તો આ સરકાર આ જે આદિવાસી વિસ્તારમાં માઇન્સ છે એની પ્રાયોરીટી આદિવાસીને આપશે? ધારોકે જાહેરમાં ઓકશન કરશે તો આદિવાસી એમાં ટકવાનો નથી. જે જાહેર હરાજીઓ થશે એમાં આદિવાસી ખેડૂત ટકવાનો નથી. તો આદિવાસી વિસ્તારમાં માત્ર આદિવાસી ખેડૂતોને લીઝ માટે ભલે ઓકશન કરો પણ માત્ર આદિવાસી જ ભાગ લઇ શકે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને જાણીને આનંદ થશે કે ટ્રાયબલ એરીયાની અંદર ઓનલી શિડયુઅલ ટ્રાઇબ્સના લોકો જ ઓકશનની અંદર ભાગ લઇ શકશે અને એ રુલ્સ પ્રમાણે ઓકશનમાં એ લોકો જ સભ્ય રહેશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે હયાત લીઝોની આપણે મુદત વધારવાની વાત કરી છે અમારે ગીર, સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં વન વિભાગ એટલે જંગલ વિસ્તારને કારણે ઇકો સેન્સીટીવ ઝોન આવે છે. એમાં ૫ કિલોમીટર અને દસ કિલોમીટરની મર્યાદાઓનું અત્યારે કોર્ટમાં પણ ચાલે છે, છેક સુપ્રિમ કોર્ટ સુધી ગયું છે. ગુજરાત હાઇકોર્ટમાં પણ ચાલે છે. છેલ્લા ઘણા લાંબા સમયથી આ ઇશ્યુ ચાલે છે. એનો કોઇ હજી સુધી નિર્ણય નથી થયો કે જે જૂની લીઝો છે અને ૫ કિલોમીટરની મર્યાદામાં અને દસ કિલોમીટરની મર્યાદામાં આવે છે એમને કોઇ અસર નહીં થાયને? આટલી રાજય સરકાર સ્પષ્ટતા કરે કે જેથી કરીને લીઝ માલિકોને અને ધંધા રોજગાર ઉપર બીજી કોઇ વિપરીત અસર નહીં પડે એ રાજય સરકાર સ્પષ્ટતા કરે એ જરૂરી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફોરેસ્ટનો કાયદો હોય, સીઆરઝેડનો કાયદો હોય અને કોર્ટમાં જે જજમેન્ટ આવવાનું હોય એ ધ્યાનમાં રાખી કાયદાની મર્યાદાની અંદર રાજય સરકારે નિર્ણય લેવો પડે. જે યુનિટનો આવતો હોય, જે પ્રમાણે નિર્ણય કેન્દ્ર સરકાર કે સુપ્રિમ કોર્ટમાં કે હાઇકોર્ટમાં આવે એ પ્રમાણે રાજય સરકાર આગળ વધશે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ.. (અંતરાય)

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રશ્ન પૂછવો છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ઘણો સમય ગયો છે આમાં. આમાં તો એક કે બે સવાલ પૂછવા દેવાના હોય. તોય ઘણી ચર્ચા થઇ. (અંતરાય) આ પ્રશ્નોત્તરી નથી બેસી જાવ પ્લીઝ..

શ્રી નૌશાદજી ભ. સોલંકી : મને પ્રશ્ન તો પૂછવા દો. મારો કોઇ ગુનો?

અધ્યક્ષશ્રી : આપે હવે ગુનો જ કર્યો છે. હવે બોલીને ગુનો કરી રહ્યા છો. (અંતરાય) આપ હવે બોલીને ગુનો કરી રહ્યા છો. પ્લીઝ બેસી જાવ. આ પ્રશ્નમાં એક કે બે જ પ્રશ્નો પૂછવા દેવાના હોય અને તો પણ આમાં ઘણી ચર્ચા થઇ છે. સમય અગત્યનો છે. (અંતરાય) હા મેં જોયેલો તમારો હાથ ઉંચો હતો એ. બાબુભાઇ વાજા પણ ઉભા થઇ જતા હતા. (અંતરાય) બધાને પૂછવા દેવું જરૂરી નથી હોતું. અહીંયા આપ થોડું પૂછી લેજો. જાણકારી મેળવી લેજો.... નેકસ્ટ..

## *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

## સામાન્ય વહીવટ વિભાગ

## માગણી ક્રમાંક–૩૦

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫,૭૦,૫૭, ૦૦૦/–ની માગણી ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક : ૩૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચુંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૪૭,૨૮,૮૫,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૦,૦,૦૦,૦૦૦/– ની માગણી નં. ૩૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૩૩

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૨,૮૧,૨૯,૦૦૦/–ની માગણી ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

માગણી ક્રમાંક–૮૫

તા. ૯મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનો સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૨,૯૭,૧૩,૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૪૯,૨૦,૬૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૫ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૮૬

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૩,૫૧,૫૩,૧૩,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૮,૫૧,૫૪,૮૧,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૬ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી નાથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી વલ્લભભાઇ વે. ધારવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૮૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૫,૯૬,૦૯,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૫૪,૪૧,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૮૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૭ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

## ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

સન ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૯-૩-૨૦૧૮ (પહેલો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | સામાન્ય વહીવટ વિભાગ<br>માગણી નં. ૩૦ | |
| ૧ | ૨૦૧૩ – મંત્રી પરિષદ<br>૧૦૧ – મંત્રીશ્રીઓ ..... પગાર<br>રૂ.૫,૭૦,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯ પાના નં. ૨૧ | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી<br>(સંજયભાઇ સોલંકી) |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય સરકારના કર્મચારીઓની સાચી અને પડતર માંગણીઓનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત<br>(આનંદભાઇ ચૌધરી) |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા બજેટમાં વિવિધ યોજનાઓ પાછળ કરોડો રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવે છે છતાં યોજનાઓ સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા<br>(અનંતકુમાર પટેલ) |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા વિવિધ યોજનાઓની જાહેરાત બાદ તે લોક ઉપયોગી બની છે કે કેમ? તેની પૂરતી ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત<br>(અક્ષયકુમાર પટેલ) |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યોએ વિકાસના કામો માટે લખેલ પત્રોની જાણ મોડેથી થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર<br>(સુનિલભાઇ ગામીત) |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યોના સૂચવેલ વિકાસના કામો ઝડપથી મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ<br>(જશપાલસિંહ ઠાકોર) |
| | | | માગણી નં. ૩૧ | |
| ૭ | ૨૦૧૫ – ચૂંટણી<br>૧૦૧ – ચૂંટણી પંચ<br>૦૧ – રાજ્ય ચૂંટણી પંચ<br>રૂ.૮,૪૪,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૩૦ અને ૩૧ | ૧૦૦ | ચૂંટણી પ્રક્રિયા વખતે મતદાન મથકે ફરજ બજાવતા કર્મચારીઓને રહેવા/ જમવાની પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા<br>(વજેસિંગભાઇ પણદા) |
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય ચૂંટણી પંચમાં ખાલી જગ્યાઓ ઉપર કરાર આધારિત ભરતી બંધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વિરજીભાઇ ઠુંમર<br>(પ્રતાપ દુધાત) |
| ૯ | ૨૦૧૫ – ચૂંટણી<br>૧૦૧ – ચૂંટણી પંચ<br>૦૧ – રાજ્ય ચૂંટણી પંચ<br>રૂ.૮,૪૪,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૩૦ અને ૩૧ | ૧૦૦ | મતદાનના દિવસે વોટીંગ મશીનો વારંવાર બગડી જાય છે અને મતદાનનો સમય બગડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા<br>(પ્રવિણભાઇ મારૂ) |
| ૧૦ | ૨૦૧૫ – ચૂંટણી<br>૧૦૩ – મતદાર.... છપાવવી<br>૦૩ – મતદાર .... સુધારણા<br>રૂ.૫૫,૪૦,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં.૯,<br>પાના નં. ૩૪ અને ૩૫ | ૧૦૦ | મતદાર યાદી તૈયારી કરી છપાવવામાં થતી ભૂલોને સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા<br>(રાજેન્દ્રસિંહ પરમાર) |
| | | | માગણી નં. ૩૩ | |
| ૧૧ | ૨૦૧૪ – ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૬ – રાજ્ય ..... ટ્રિબ્યુનલ<br>૦૪ – ગુજરાત .... ટ્રિબ્યુનલ<br>રૂ. ૨,૪૧,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૨૬ | ૧૦૦ | ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના પડતર કેસોનો ઝડપી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા<br>(પ્રેમસિંહભાઇ વસાવા) |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલમાં મહેકમની જગ્યાઓ | શ્રી અમીત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ખાલી રહેવાને કારણે કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | (કાંતિભાઇ સોઢાપરમાર) |
| ૧૩ | ૨૦૫૨– સચિવાલય.....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ.૮૦,૮૪,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના નં. ૫૦ થી ૫૫ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર થતા પરિપત્રોનું વિભાગો દ્વારા પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ<br>(ચિરાગભાઇ કાલરિયા) |
| ૧૪ | – – " – – | ૧૦૦ | સચિવાલયમાં નિયમિત ચેકીંગ ન થવાથી ગેરહાજરીનું પ્રમાણ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ<br>(મોહનલાલ વાળા) |
| ૧૫ | – – " – – | ૧૦૦ | સચિવાલયના વિભાગો દ્વારા સચિવાલયમાં જ આવેલ કચેરીઓમાં સેન્ટ્રલ રજીસ્ટ્રી મારફત ટપાલ ન મોકલતા પોસ્ટ મારફતે ટપાલો મોકલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડીયા<br>(ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૧૬ | – – " – – | ૧૦૦ | કર્મચારીઓના સિનિયોરીટી લિસ્ટ સમયસર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી<br>(અમરિષભાઇ ડેર) |
| ૧૭ | – – " – – | ૧૦૦ | નિવૃતિ પછી કરાર આધારિત નિમણૂંકો ઉપર પ્રતિબંધ મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુરેશભાઇ પટેલ<br>(પરસોત્તમ સાબરિયા) |
| ૧૮ | – – " – – | ૧૦૦ | સચિવાલયમાં ખાલી પડેલ જગ્યાઓ નિયમિત ધોરણે ન ભરાતા કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર<br>(લાખાભાઇ ભરવાડ) |
| ૧૯ | ૨૦૫૨– સચિવાલય.....સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૨–સામાન્ય વહીવટ વિભાગ<br>રૂ.૪૯,૧૬,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૫૧ અને ૫૨ | ૧૦૦ | સામાન્ય વહીવટ વિભાગ હસ્તકની સંલગ્ન કચેરીઓ ઉપર યોગ્ય દેખરેખ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ<br>(બ્રિજેશ મેરજા) |
| ૨૦ | – – " – – | ૧૦૦ | અન્ય કરાર આધારિત સેવાઓ તેમજ આઉટ સોર્સીંગ સેવાઓ (મેન પાવર) ની પ્રથા સદંતર બંધ કરી નિયમિત ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(જવાહરભાઇ ચાવડા) |
| | | | માર્ગ અને મકાન વિભાગ<br>માગણી નં. ૮૫ | |
| ૨૧ | ૨૨૧૬ – આવાસન<br>૮૦ – સામાન્ય<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>રૂ.૧,૪૮,૦૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ–૧)<br>પાના નં. ૩૭ | ૧૦૦ | જુના સરકારી આવાસોનું મરામત સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી<br>(રાજેશભાઇ ગોહિલ) |
| ૨૨ | – – " – – | ૧૦૦ | સુવિધા કચેરીઓમાં મરામત માટેના જરૂરી માલસામાનની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદજી સોલંકી<br>(લલીત વસોયા) |
| | | | માગણી નં. ૮૬ | |
| ૨૩ | ૩૦૫૪ – માર્ગ અને પુલ<br>૮૦ – સામાન્ય<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>૦૧ – માર્ગો અને પુલ<br>રૂ.૩૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ ( ભાગ–૧ )<br>પાના નં. ૬૧ થી ૭૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે અન્ય ગામે જવા માટે નદી પાર કરીને જવું પડે છે તેવી જગ્યાએ પુલો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા<br>(સોમાભાઇ કોળીપટેલ) |
| ૨૪ | – – " – – | ૧૦૦ | નવા પુલના કામો સત્વરે મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા<br>(હર્ષદકુમાર રીબડીયા) |
| ૨૫ | – – " – – | ૧૦૦ | નબળા પડેલ પુલોની સમયસર મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા<br>(મહમદજાવીદ પીરઝાદા) |
| ૨૬ | ૫૦૫૪ – માર્ગ ..... જોગવાઇ<br>૦૧ – રાષ્ટ્રીયધોરી માર્ગ<br>૩૩૭ – માર્ગ કામો | ૧૦૦ | રાષ્ટ્રીયધોરી માર્ગ પહોળા કરવા તેમજ તેની મરામત કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા<br>(સંતોકબેન આરેઠીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ.૯૯,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧)<br>પાના નં. ૨૯૬ અને ૨૯૭ | | | |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | રાષ્ટ્રીયધોરી માર્ગની બંને બાજુ વરસાદના પાણી ભરાઇ જવાથી વાહનવ્યવહારને પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નાથાભાઇ પટેલ<br>(લલીતભાઇ કગથરા) |
| ૨૮ | ૩૦૫૪ - માર્ગ અને પુલ<br>૦૪ - જિલ્લા ... માર્ગ<br>૩૩૭ - માર્ગ કામો<br>રૂ. ૧૭,૪૫,૯૪,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ ( ભાગ-૧)<br>પાના નં. ૫૮ અને ૫૯ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોનું નિયમિત સમારકામ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ<br>(કાન્તીભાઇ ખરાડી) |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના તમામ ગામોને જિલ્લા-તાલુકાના મુખ્ય મથક સાથે જોડતા રસ્તાના અધૂરા કામો સત્વરે પૂર્ણ કરી રસ્તા પાકા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વલ્લભભાઇ ધારવિયા<br>(ગેનીબેન ઠાકોર) |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય અને જિલ્લાના માર્ગોને તાલુકા મથક અને જિલ્લા મથક સુધી પાકા બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(ચંદનજી ઠાકોર ) |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | કાચા રસ્તાને કારણે આમ જનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઇ બારડ<br>(કાન્તીભાઇ ખરાડી) |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોના થયેલ કામોની ગુણવત્તાની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલ જોષિયારા<br>(અલ્પેશ ઠાકોર ) |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગ બનાવવાની કામગીરીમાં તંત્રની નિષ્ફળતાને કારણે રસ્તાના થતાં નબળા કામો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ<br>(ભરતજી ઠાકોર) |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં કાચા રસ્તાઓનો સર્વે કરી સત્વરે પાકા રોડ બનાવવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ<br>(ધવલસિંહ ઝાલા) |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઇટ્સ વારંવાર બંધ પડી ન જાય તે માટે તેની મરામત કામગીરી સમયાંતરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર<br>(સંતોકબેન આરેઠીયા) |
| | | | માગણી નં. ૮૭ | |
| ૩૬ | ૨૨૧૭ - શહેરી વિકાસ<br>૦૧ - રાજ્ય ..... વિકાસ<br>૦૦૧ - નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧૫,૯૬,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧)<br>પાના નં. ૪૭ થી ૫૦ | ૧૦૦ | જે સરકારી કર્મચારીઓને પ્લોટ આપવાના બાકી છે તેમને સરકારી આવાસો રાહતદરે વેચાણથી આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા<br>(પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| ૩૭ | _ _ " _ _ | ૧૦૦ | ગાંધીનગરના આંતરિક રસ્તાઓની નિયમિત મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા<br>(ડૉ. આશા પટેલ) |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ કરવામાં આવેલ નથી.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

સામાન્ય વહીવટ વિભાગ જે આ રાજ્યનું હૃદય કહેવાય અને ધબકતું રહેવું જોઇએ અને એ જો હૃદય ધબકતું રહે તો આખું જે વહીવટી તંત્ર છે સચિવાલયનું અને જિલ્લા અને તાલુકાનું વહીવટી તંત્ર છે એ ધબકતું રહેશે તો તેની અસરો ગામડાંમાં થશે અને વિકાસના કામો પણ થશે. હમણાં જ પ્રશ્નોત્તરીમાં હતું કે આઇ.એ.એસ. અધિકારીઓની ૫૦ જગ્યાઓ ખાલી છે અને ૨૯ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે આ પરિસ્થિતિના લીધે મોટાભાગના વિભાગો ચાર્જથી ચાલે છે. એવું નથી કે આપણી પાસે અધિકારીઓ નથી. આ રાજ્ય સરકાર ધારે તો જે ગેસ કેડરના અધિકારીઓ છે એમને નોમીનેશન માટે મોકલી શકે. એ નોમિનેટ કરે તો એ પણ આઇ.એ.એસ. થઇ શકે તો એમના દ્વારા પણ કામગીરી લઇ શકાય પણ આ સરકાર સમયસર કરતી નથી એના લીધે ઘણા અધિકારીઓ નોમિનેટ થયા વગર રિટાયર્ડ થઇ જતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે સામાન્ય વહીવટ વિભાગ છે એ રાજ્યના તમામ ક્લાસ-૧ થી ક્લાસ-૩ સુધીના અધિકારીઓ માટેના નિયમો ઘડવાનું, ભરતી-બઢતીના નિયમો ઘડવાનું એના માટે કામ કરતું હોય છે અને એની ભરતી માટે જી.પી.એસ.સી. દ્વારા ક્લાસ-૧ અને ક્લાસ-૨ અને ગૌણ સેવા પસંદગી

મંડળ દ્વારા ક્લાસ–૩ ની ભરતી કરવામાં આવતી હોય છે પણ સાહેબ, ક્લાસ–૪ ની ભરતી છેલ્લા ૮ વર્ષથી એટલે તા.૧–૪–૨૦૧૦થી બંધ કરવામાં આવી છે ત્યારે મારે આ મંત્રીશ્રીને જણાવવું છે કે કારણ કે જે બંધારણે વર્ગ–૪ના કર્મચારીઓને સરકારી નોકરી કરવાનો અધિકાર આપ્યો છે એ બંધારણીય અધિકાર છીનવાઇ ગયો છે અને આના લીધે આવર્ગને બહુ મોટો અન્યાય થયો છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આપ ખુલાસો કરશો કે આવા જે નાના માણસો છે એને સરકારી નોકરી કરવાનો અધિકાર છે કે કેમ? સાહેબ, સાથે સરકાર જે ભરતી કરે છે એ ફિક્સ પગારમાં કરે છે કાં તો કરાર આધારિત કરે છે કાં તો આઉટ સોર્સિંગથી ભરતી કરે છે. સાહેબ, આજનો જવાબ ફિક્સ પગારની ભરતીમાં એનું જીવન કેવી રીતે ચલાવવું એમાં પડેલો હોય છે અને એના જુવાનીના દિવસોમાં કામ કરવાની એની તમન્ના અને તરવરાટ હોય છે ત્યારે સાહેબ એ કામ કરી શકતો નથી અને ઘર ચલાવવામાં પડેલો હોય છે ત્યારે એ લોકોનું શોષણ થાય છે એ દૂર કરવા સાહેબ, આ તો મોડલ સ્ટેટ કહેવાય એમાં તમે પૂરા પગારથી ભરતી કરો એવી મારી વિનંતી છે. અને ખાસ એ કે આઉટ સોર્સીંગથી ભરતી કરવામાં આવે છે. સાહેબ, સરકારને ભારણ તો એટલું ને એટલું જ રહે છે. સરકારને આઉટ સોર્સીંગમાં જે કંપનીઓ છે એમને પૈસા ચૂકવવા પડતા હોય છે. સરકારને કોઇ પૈસાની બાબતમાં કોઇ મુશ્કેલી નથી તો પછી શા માટે આપણે સરકારી રીતે ભરતી નથી કરતા અને આ કોન્ટ્રાકટરોને કેમ કામ આપવામાં આવે છે? અને મારો આક્ષેપ છે કે આ જે કોન્ટ્રાકટરો છે એ •(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

ડો. અનિલ જોષિયારા : સાહેબ, આ મારો અનુભવ છે એટલા માટે કહું છું. આ મેં જોયું છે એટલા માટે કહું છું છતાં આપે કાઢી નાખવું હોય તો કાઢી નાખી શકો છો. વાંધો નથી. આ સાચી વાત છે એટલા માટે મેં રજૂઆત કરી છે છતાં સરકારને યોગ્ય ન લાગતું હોય તો કાઢી નાખે. બીજું મારે એ કહેવું છે કે આ સરકારમાં જે ગેસ કેડરના અધિકારીઓ/કર્મચારીઓ છે એમની નિવૃત્તિની ઉંમર ૫૮ વર્ષ છે અને કેન્દ્રના અધિકારીઓ છે એમની ૬૦ વર્ષ છે. હવે તો સાહેબ આપ આરોગ્ય મંત્રી પણ છો એટલે આપણે તો આપણી લાઇફ છે, એવરેજ જીવન છે એ પુરુષોનું ૭૧ વર્ષનું અને બહેનોનું ૭૩ વર્ષનું છે. જયારે આપણે કામ કરી શકીએ એવી ક્ષમતા ધરાવીએ છીએ તો શા માટે આપણે અધિકારીઓની ઉંમર ૬૦ વર્ષ નથી કરતા?, તત્કાલીન મુખ્યમંત્રી હતા *(×××) આમને પણ અધિકારીઓની ૬૦ વર્ષની મર્યાદા તમે નકકી કરો.

અધ્યક્ષશ્રી : આવી કોઇ મર્યાદા નકકી નથી કરી એટલે કાઢી નાખવામાં આવે છે. આવું કયાં છે?

ડો. અનિલ જોષિયારા : અસંસદીય શબ્દ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય આનંદીબેન હાજર નથી એમની તમે ચર્ચા કરો છો.

ડો. અનિલ જોષિયારા: એમનું નામ લીધા વગર કહીએ. આ રોસ્ટર જે છે એના નિયમો નકકી કરવાનું કામ સામાન્ય વહીવટ વિભાગ કરે છે પણ એનો જે અમલ કરવાનું કામ છે એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કરે છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ છે એ રોસ્ટર રજીસ્ટર નિભાવે, કારણકે નિભાવતા નથી અને દરેક વિભાગનું નિભાવે તો ખ્યાલ આવે કે દરેક વિભાગમાં કેટલી જગ્યા છે, બેકલોગ છે અને એની જે જાહેરાતો થાય છે એ જાહેરાતોમાં મોટાભાગે આનો ઉલ્લેખ કરવામાં આવતો નથી ઘણીવખત એટલે એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી.ના જે માણસો છે એમને અન્યાય થતો દેખાઇ રહ્યો છે. પ્રોટોકોલ બાબતે ઘણા વખતથી આપણે ચર્ચાઓ કરીએ છીએ એના ઠરાવો થયા, પરિપત્રો થયા પણ એનો અમલ ગામડાંમાં થતો નથી અને એના લીધે ધારાસભ્યોને કયાંકને કયાંક અપમાનિત થવું પડતું હોય છે. ધારાસભ્યોના પત્રો બાબતે પણ ઘણી વખત ચર્ચા થાય છે. ધારાસભ્યોના પત્રો જે છે એ ઘણી વખત પ્રજાના પ્રશ્નો ઉજાગર કરતા હોય છે અને એમને જે પ્રાયોરીટી આપવી જોઇએ અને એમને ન્યાય મળવો જોઇએ. આયોજન પ્રભાગ, એમાં જે વિકેન્દ્રીત આયોજન છે, ધારાસભ્ય ગ્રાન્ટ ૫૦ વિકાસશીલ તાલુકાઓ એ.ટી.વી.ટી. આ બધી ગ્રાન્ટો હોય છે. આ જે ગ્રાન્ટો હોય છે એ ટોટલ બજેટના જે ટોટલો આયોજન છે એના ૭ ટકા હોવું જોઇએ. આપણે ઘણા સમયથી આ ગ્રાન્ટ વધારવી જોઇએ એવું મને લાગે છે. આપણે વધારતા નથી તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જે સાત ટકાનો નિયમ છે એ પ્રમાણે આપણે આ ગ્રાન્ટ વધારીએ તો ગામડાંમાં નાના નાના કામો છે એ કામો થઇ શકશે. બીજું સાહેબ, ધારાસભ્યોને જે ગ્રાન્ટ આપવામાં આવે છે એ ગ્રાન્ટ એક કરોડ આપવામાં આવે છે. એ દરેકને સરખી આપવામાં આવે છે. હવે અત્યારે પરિસ્થિતિ એ છે કે ઘણા ધારાસભ્યોનો મત વિસ્તાર, ભૌગોલિક વિસ્તાર એટલો બધો લાંબો હોય છે અને એમાં જનસંખ્યા પણ ઘણીબધી વધારે છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જનસંખ્યાના આધારે અને ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને આ ગ્રાન્ટ ફાળવવામાં આવે. એવું ને એવું એ.ટી.વી.ટી.માં છે. એ.ટી.વી.ટી. માં ગામોની સંખ્યાને ધ્યાનમાં રાખીએ છીએ એના કરતા ઘણા નાના તાલુકાને પણ દોઢ કરોડ મળે છે અને મોટા તાલુકાઓ અઢી–અઢી, ત્રણત્રણ લાખની વસતિ છે એને પણ એટલી જ રકમ મળે છે એટલે આમાં ધ્યાન રાખી એમને પણ વસતિના ધોરણે જો ગ્રાન્ટ મળે તો સમતુલીત વિકાસ થશે એવી મારી વિનંતી છે. ખાસ આ એટી.વીટી અને ન્યુ ગુજરાત પેટર્ન ગ્રાન્ટ જે તાલુકામાં આવે છે એનું જે આયોજન કરવાનું છે એ આયોજનમાં સરકારે ડાયરેકટ પ્રતિનિધિઓ મૂકી દીધા છે સરકારમાંથી અને એના લીધે પંચાયતમાંથી કે સ્વૈચ્છિક સંસ્થામાંથી ચૂંટાયેલા જે પદાધિકારીઓ છે એમનો કોઇ રોલ રહેતો નથી. સાહેબ, એ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે. એમને કયાંકને કયાંક ન્યાય મળવો જોઇએ એ મળી શકતો નથી. કાંતો એને સમાવો કારણકે આજે પરિસ્થિતિ એ થાય છે કે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જે ગ્રાન્ટ આવે છે એ તમે ડાયરેકટ મુકેલા જે પદાધિકારીઓ છે એ લોકો ગ્રાન્ટ વહેંચી લે છે. ૧૦-૧૦ લાખ વહેંચી લે છે અને પ્રજાને જે જરૂરિયાત છે એ જરૂરિયાત પ્રમાણેનું કામ આવી શકતું નથી એટલે એના લીધે જે ચૂંટાયેલા પદાધિકારીઓ છે એમને અન્યાય થાય છે, એમના વિસ્તારને અન્યાય થાય છે અને જનતાને અન્યાય થાય છે એટલે આમાં કંઇક સુધારો કરવામાં આવે એવી મારી વિનંતી છે. મતદાર યાદી, આપ જુઓ છો કે ઘણા સમયથી શેરીઓની, શેરીઓ ઉડી જાય છે અને એની અસર ગામડાંમાં પડે છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

મતદાર યાદીનો ઉલ્લેખ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૩ થી ૨૦૦૭ માં બહુ સ્પષ્ટ નિર્ણય છે, પાના નં. ૪, નિર્ણય નં.૩ માં આ મતદાર યાદી ચૂંટણી પંચ દ્વારા થતી કામગીરી છે. ચૂંટણી પંચ બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી કાર્યક્ષેત્ર હેઠળ આવતી કોઇપણ બાબતો હોય તે બાબતો સભાગૃહમાં ઉપસ્થિત કરી શકતા નથી, એટલે માનનીય સભ્યશ્રી દ્વારા જે મુદો ઉપસ્થિત કર્યો છે તે આ સભાગૃહની અંદર નહિ કરી શકીએ.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવે છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી

અધ્યક્ષશ્રી : એને બીજી રીતે મૂકી શકો છો.

ડો. અનિલ જોષિયારા : •(×××) પણ વાંધો નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા *(×××) આમાં ન હોઇ શકે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખીએ છીએ. આપની પાસે એક મિનિટ છે.

ડો. અનિલ જોષિયારા : માર્ગ મકાન વિભાગની ચર્ચા કરવી છે. એક મિનિટ વધારે આપો. એટલા માટે આદિવાસી વિસ્તારમાં રસ્તાઓની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. મંત્રીશ્રીએ વાત કરી છે અને સંમત થયા હતા. જે પહેલાના તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ વાત કરી હતી કે દરેકને એક બારમાસી પાકો રસ્તો મળવો જોઇએ. દરેક ગામ ફળિયાને પાકો રસ્તો મળવો જોઇએ. એમાં ઘણા ગામડાં રહી ગયા છે. મંત્રીશ્રી સમય ન ફાળવી શકે તો નીચેના અધિકારીઓ અમારા વિસ્તારમાં વિઝિટ કરે. અને કમસેકમ શું જરૂરિયાત છે એવા રસ્તાઓનું ધ્યાન રાખે. અમારા વિસ્તારના મુખ્ય રસ્તા એ રસ્તાની ડિઝાઇન અને ડિઝાઇન પ્રમાણે કેટલા રસ્તા ટ્રાફિકના ભારણ નીચે પહોળા કરવા એની વ્યવસ્થા હોય છે. આ સરકાર આદિવાસી વિસ્તારના એ રસ્તાની જે ડિઝાઇન હોય છે એ પ્રમાણે કામ નથી કરતી. ૭ મીટર, ૧૦ મીટર કેટલો પહોળો કરવો, ફોર લેન કરવો, શું કરવું એના નિયમો હોય છે. નિયમો પ્રમાણે થાય અને એનો લાભ અમારા વિસ્તારને મળે. અમારા વિસ્તારના રસ્તાઓ છે તે આપને ખબર છે કે ગઇ વખતે આપ આવ્યા હતા અને હું ૨૦૧૪ થી રજૂઆતો કરું છું. ભીલોડા વીરપુરનો ૭ કિ.મી. નો રસ્તો આપ્યો. બાકીના રહી ગયા. ૭ વર્ષના ઉપરના રસ્તાઓ મંગાવો છો, પણ એને ૧૦ વર્ષ ઉપર થઇ ગયા છે. એમ.ડી.આર. રસ્તાઓ છે. ભીલોડાથી મઉં અને ભીલોડાથી વીરપુરના રસ્તાઓ હજુ બાકી છે. ભીલોડા તાલુકાની અંદર ૪ કિ.મી.ના રસ્તા રહી ગયા છે જેને સિલકોટ ઘણા સમય પહેલા કરવામાં આવેલ, કારણ કે એને રેગ્યુલર ડામર નહોતો કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : આપનું વ્યક્તવ્ય પૂરું થાય છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી નં. ૩૩ ૧૨૨ કરોડ ૮૧ લાખ ૨૯ હજારની લઇને નાણામંત્રીશ્રી આવ્યા છે. એમને મારું સમર્થન આપવા ઊભો થયો છું. મારા વિચારો વ્યક્ત કરું છું. ખૂબ સારી વાત ડો.જોષીયારાજીએ કરી. ખરેખર સામાન્ય વહીવટ વીભાગ એક હૃદય સમાન છે. જો તે વિભાગ ધબકતો હોય તો બાકીના બધા વિભાગો સહજ રીતે ધબકતા હોય છે અને નવું બળ મળતું હોય છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાન્ય વહીવટના નિર્ણય કર્યા. જેની કાર્યપદ્ધતિ ઊભી કરી, જેના કારણે આખા દેશમાં ખૂબ સારાં પરિણામ મળેલ છે એમ કહું તો ખટું નથી. મારે એક જ વાત કરવી છે એ છે સેવાસેતુ કાર્યક્રમ. જે એક સંવેદના સભર આ કાર્યક્રમ છે એમ કહું તો ખોટું નથી. વિરોધ પક્ષના ઉપસ્થિત સાથી ધારાસભ્યો ગયા હોય તો કહેતા નથી, પણ મનોમન આશીર્વાદ આપતા હશે. સેવાસેતુમાં ૬૧ થી વધુ સેવા આમાં સમાવેશ કરવામાં આવી છે. નાની નાની વાતો આપણે કહેવાનો અર્થ નાનો છે, પરંતુ એની અસર ખૂબ મોટી છે તેમ કહું તો ખોટું નથી. આ સેવા સેતુ કાર્યક્રમમાં આવકનો દાખલા હોય, રેશનકાર્ડને લગતી અરજી હોય કે આધાર કાર્ડ હોય. મા અમૃતમ્ યોજના હોય, વિદ્યા સહાયક યોજના હોય કે સિનિયર સિટીઝનનું એક સર્ટિફિકેટ હોય, આજે કોઇપણ કાર્યકર્તા હોય કે કોઇપણ નાગરિક હોય તેમણે નગરપાલિકા સુધી જવું હોય તો તેઓ થોડી આળસ રાખતા હોય છે. તે કહે છે કે કયાં ત્યાં જઇને જન્મનો દાખલો લેવાનો. પરંતુ એક જ જગ્યાએ ૬૧ જેટલી યોજનાઓના સર્ટિફિકેટોના તમે બપોરના બાર વાગ્યા સુધી ફોર્મ ભરો અને સાંજે ચાર વાગ્યે તમામ સર્ટિફિકેટ એકસાથે અપાય. ન ભૂતો ન ભવિષ્યતિ, હું એમ કહું છું કે આ સેવાસેતુ કાર્યક્રમ ખૂબ જ સંવેદનાસભર ગુજરાત સરકારનો એક અભિગમ છે. હું તો એમ કહું છું કે તેની હકારાત્મક

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નિકાલની ટકાવારી ૯૯ ટકા છે. હું એમ માનું છું કે આ નિર્ણય નાનો છે પરંતુ તેની અસરો ખૂબ મોટી છે. આઠ થી દસ ગામોનું એક ક્લસ્ટર બનાવવામાં આવે છે, નગરપાલિકા હોય તો બે વોર્ડના લોકોને ભેગા કરીને એક વોર્ડમાં બેસી તેની અરજીનો નિકાલ કરવામાં આવે છે. કોર્પોરેશન હોય તો એક વોર્ડની અંદર બધા જ નાગરિકો ભેગા થાય છે, સવારે ફોર્મ ભરે છે અને સાંજે તેને સર્ટિફિકેટ આપવામાં આવે છે. રાજય સરકારના આ પારદર્શક સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યકિતગત યોજનાઓનો એક જ સ્થળ પર નિકાલ થાય, એક જ સ્થળે તેનો જવાબ મળે અને તેને સર્ટિફિકેટ મળે છે અને તેના ખૂબ સારા પરિણામ આપણને મળ્યા છે. બીજી વાત કરવી છે અને એક જમાનો એવો હતો કે, આપણા કોઇપણ રાષ્ટ્રીય પર્વ હોય તેમાં ૧૫મી ઓગસ્ટ હોય, ૨૬મી જાન્યુઆરી હોય કે ૧લી મે નો ગુજરાત સ્થાપના દિવસ હોય. તે ફકત ગાંધીનગર પૂરતા સિમીત હતા. આજે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી ૨૬મી જાન્યુઆરી હોય, ૧૫મી ઓગસ્ટ હોય કે ૧ લી મે ગુજરાત સ્થાપના દિવસ હોય અલગ અલગ જિલ્લામાં રાખવામાં આવે છે. અલગ અલગ જગ્યાએ રાખવાથી આ તહેવારો ફકત પાટનગર પૂરતા મર્યાદિત નથી રહ્યા. તેના લીધે આપણી રાષ્ટ્રીય ભાવના જાગી છે. તેના લીધે જે તે જિલ્લામાં જે કાર્યક્રમાં રાખવામાં આવે છે ત્યાં અગાઉથી ૫૦ લાખથી માંડીને ૨.૫૦ કરોડ સુધીની ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. તેના લીધે જે તે જિલ્લાના વિકાસના કામો થઇ રહ્યા છે. આ કાર્યક્રમ માટે હું સરકારને ખરેખર અભિનંદન આપું છું. તે જ રીતે આદરણીય જોષીયારાજી ભરતીની બાબતમાં કહેતા હતા ત્યારે હું માનનીય વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓને કહું છું કે જીપીએસસીનું મકાન તમે એક વખત જોઇ આવો. કોર્પોરેટ સ્ટાઇલનું મકાન છે. ગુજરાતના કોઇ નાગરિકને મામલતદાર થવું હોય, કોઇને ડેપ્યુટી કલેકટર થવું હોય, કોઇને પ્રાંત ઓફિસર થવું હોય અને તેમના માટે એક જમાનો એવો હતો કે આ જીપીએસસી પંચવર્ષીય યોજના બની ગઇ હતી. આ વખતે પેપરમાં પણ આપ વાંચો છો, જે તારીખે જાહેરાત આવે ત્યારે તેની નિમણૂકની તારીખ આપી દેવામાં આવે છે. તેનું ટાઇમ ટેબલ નકકી થઇ જાય છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ આનું ઉદ્ઘાટન કર્યુ ત્યારે એમ કહ્યું હતું કે બે વર્ષમાં આ ભરતી થશે. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારની દૂરંદેશીથી એક જ વર્ષમાં આ ભરતી થાય છે. તેના નિર્ણયો પણ એક જ વર્ષમાં આવે છે. તેની પરીક્ષાના પરિણામ પણ એક જ વર્ષમાં આવે છે. એટલા માટે કહું છું કે આ રીતે જીપીએસસીની એકઝામ મારફત આપણા નાગરિકો અને વિદ્યાર્થીઓને એમ થતું હતું કે હું કયારે ગુજરાત સરકારમાં મામલતદાર, ડેપ્યુટી કલેકટર કે પ્રાંત ઓફિસર બનું, હું કયારે ગુજરાત સરકારના અધિકારીઓની નોકરીમાં જોડાઉં. આ ખૂબ મોટી વાત છે તેમ કહું તો ખોટું નથી. આપણે બધાએ તેને આવકાર આપવો જોઇએ. મને કહેવાનું મન એટલા માટે થાય કે સ્પીપા વહીવટી પ્રશિક્ષણ કેન્દ્ર છે. આજે વિદ્યાર્થી જગતમાં સ્પીપાની વાત વિદ્યાર્થીઓ કરતા થયા છે. લાઇબ્રેરીમાં જતા થયા છે. તેમાં સ્પીપા વહીવટી પ્રશિક્ષણ કેન્દ્રને લીધે આવા કૌશલ્ય નિર્માણના પ્રયાસોથી આખા તંત્રમાં એક ગુણાત્મક પરિવર્તન લાવી શકયા છીએ તેમ કહું તો ખોટું નથી. વિદ્યાર્થી જગતમાં સ્પીપાની વાત કોઇ જાણતું ન હતું ત્યારે આજે ચૌરે અને ચૌટે વિદ્યાર્થી જગતમાં સ્પીપાની વાત થઇ રહી છે. એ જ રીતે છેલ્લા બે વર્ષની અંદર ગુજરાત સરકારે ૧૮૦૦ જેટલા તાલીમ..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ ૧૧.૦૦ કલાકે ફરીથી મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦ )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આજની ચર્ચામાં જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત છું. આ ગૃહના સભ્યશ્રીઓએ કહ્યું કે, સામાન્ય વહીવટ વિભાગ એ સરકારનું હૃદય છે, અને એ હૃદય તંદૂરસ્ત હોવું જોઇએ. સામાન્ય વહીવટ વિભાગમાંથી સમગ્ર ગુજરાતમાં જે સરકારના હાથપગ ગણી શકાય એવા કર્મચારી–અધિકારીઓ, એની ભરતી, બદલી, ડી.પી.સી. બોલાવીને પ્રમોશન આપવા, જી.પી.એસ.સી.માં નામ મોકલવા, રેક્વીઝીશન મોકલવું, જી.પી.એસ.સી. કે ગૌણસેવા પસંદગી મંડળ પસંદ કરે એ ઉમેદવારોની તાત્કાલિક ધોરણે ભરતી કરવી, એમને ઓર્ડર આપવા, આ જે સામાન્ય વહીવટ વિભાગના કામો છે એમાં ક્યાંક ઓટ વર્તાય છે. આ રાજ્યમાં પારદર્શકતાથી ભરતી થાય એના માટે રાજ્યની સ્થાપના વખતથી જી.પી.એસ.સી. ની રચના કરવામાં આવેલ છે, એ એક સ્ટેચ્યુટરી બોડી છે, એમને સ્વતંત્ર અધિકારો આપ્યા છે અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ–૩ની ભરતી કરવામાં આવે છે અને પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયતોમાં ભરતી થાય છે એટલે એ રીતે ભરતી થતી હતી અને થાય છે. આનંદની વાત છે કે જી.પી.એસ.સી. એ એનું ટાઇમ શિડ્યુલ બહાર પાડી દીધું છે, બહુ સારી વાત છે. કલાસ–૧ અને ૨ ની કઇ કેડરની ક્યારે ભરતી કરવી, ક્યારે જાહેરાત કરવી એની ક્યારે લેખિત પરિક્ષા લેવી, ક્યારે એનું મૌખિક લેવું અને ક્યારે એનું રિઝલ્ટ બહાર પાડવું ત્યાં સુધીનું પણ શિડ્યુલ જી.પી.એસ.સી. એ બહાર પાડી દીધું છે. પણ સામાન્ય વહીવટ વિભાગ શું કરે છે? એમાં જે તે વિભાગની જે જગ્યાઓ ખાલી હોય એનું જે રીક્વીઝીશન મોકલવાનું થાય એ સપોઝ ૨૦૧૦ની જગ્યા ખાલી હોય તો ૨૦૧૬ કે ૨૦૧૭માં રેકવીઝીશન જાય છે એટલે કે છ છ વરસ સુધી વિલંબ થાય છે અને એનાથી આગળ એમાં જે પસંદગી થઇને આવે પછી એમની ભરતી કરવામાં પણ વિલંબ થાય છે. તો આમાં જેટલી ઝડપ લવાય એટલી વધુ પારદર્શકતા આવશે. બાકી જી.પી.એસ.સી. હાલ જે કામગીરી કરે છે એ કામગીરી પ્રસંશનીય છે એમાં કોઇ ટીકા–ટિપ્પણ કરવાની હાલ જરૂર પણ નથી.

પણ બીજી એક વાત મારે ગૃહના રેકર્ડ ઉપર મૂકવી છે કે આ સરકાર એમ કહે છે કે, અમે ૮૦૦૦૦ લોકોની ભરતી કરી અને એમ કહે છે કે ન ભૂતો ન ભવિષ્યતિ, જ્યારે કોંગ્રેસની સરકાર છેલ્લે ગઇ, ૧૯૯૪–૯૫ ની સાલ એ લોકો આપે છે તો એ વખતે આ રાજ્યની વસતિ ૩ કરોડની હતી અને આજે વસતિ ૬ કરોડની થઇ છે એટલે કે ડબલ થઇ છે, એટલે જે કામો ૧૯૯૫માં થતા હતા એના કરતાં ડબલ થાય એટલે હું એવું ધારું છું કે સામાન્ય વહીવટ વિભાગે બધા વિભાગોમાં ૧૯૯૫માં જેટલા કર્મચારીઓ હતા એના કરતાં ડબલ સંખ્યા આજે કરવી જોઇએ અને હોવી જોઇએ. પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે ૧૯૯૫માં આ રાજ્યમાં દરેક સંવર્ગાના કર્મચારીઓનું ટોટલ મારવામાં આવે, કલાસ–૧, ૨, ૩ અને ૪ અને કોરપોરેશન અને નિગમોની હું વાત નથી કરતો, રાજ્ય સરકાર હસ્તકના કર્મચારીઓનું ટોટલ મારવામાં આવે તો ૬.૫૦ લાખ જેટલા કર્મચારીઓની સંખ્યા થતી હતી, એમાં આરોગ્ય, શિક્ષણ, સચિવાલયના તમામ ડિપાર્ટમેન્ટો આવી જાય. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૬.૫૦ લાખમાંથી ૧૩ લાખની સંખ્યા થવી જોઇએ તો રાજ્યનું કામ જે ૧૯૯૫માં થતું હતું એ ગતિએ આજે થઇ શકે. પણ હું તમને પુછું છું કે, ૧૯૯૫ની સરખામણીમાં આજે ૧૩ લાખ કર્મચારીઓ અધિકારીઓની સંખ્યા થઇ છે ખરી? ૧૯૯૫માં જેટલા કર્મચારીઓની સંખ્યા હતી ટોટલ અધિકારી સંવર્ગ સહિત એ ટોટલ સંખ્યા જેટલી હતી એટલી સંખ્યા પણ આજે છે ખરી? એ તમારા હ્રદયને પુછી જૂઓ અને એક નવો વિભાગ શરૂ કર્યો, આખો, તંત્ર ઉભું કર્યું. જી.પી.એસ.સી. માં જવું ન પડે, ગૌણ સેવા પસંદગી મંડળમાં જવું ન પડે, પંચાયત પસંદગી મંડળમાંથી સિલેકશન કરવું ન પડે એટલે આઉટસોર્સીંગ શરૂ કર્યું. આ શું છે? જો એકબાજુ ૫૮ વરસથી ૬૦ વરસની વય મર્યાદા તમે કરતાં નથી. બીજીબાજુ તમે એમ કહો છો કે ૫૮ વરસે માણસ નિવૃત્ત થઇ જાય. એ કામ કરી શકતો નથી, તમે ૭૦–૭૦ વરસ સુધી એક તો એક્સ્ટેન્શન આપો છો ટેકનીકલ ડિપાર્ટમેન્ટ હોય તો સમજી શકાય, નર્મદા હોય, ઈરીગેશનનું કોઇ માર્ગ કે મકાનને લગતું ટેકનીકલ ડિપાર્ટમેન્ટ હોય અને કોઇ એકસ્પર્ટ હોય તો એને આપી શકાય પણ સચિવાલયના તમામ વિભાગોમાં અને તમામ ડિપાર્ટમેન્ટોમાં રાજ્ય સરકારના આજે એક્સ્ટેન્શન ૬૫–૬૫ વરસ સુધી આપવામાં આવે, લંબાવ્યે જવામાં આવે અને આઉટસોર્સીંગથી ભરતી એટલી બધી વધી ગઇ છે. એની કોઇ વાત જ થાય એવી નથી. હું તો એમ કહુ છું કે, આઉટસોર્સીંગના જે પ્રશ્નો છે અથવા તો જે કંઇ ભરતી થાય છે એમના ઉપર કોઇ જવાબદારી પણ હોતી નથી. તમે વિજિલન્સ કમિશનરને પત્ર લખો કે અહીંયા આ કર્મચારી કે વ્યકિત અહીંયા બેઠો છે તે ભ્રષ્ટાચાર કરે છે તો તકેદારી આયોગ એમ કહે છે કે આ તો આઉટ સોર્સીંગથી ભરતી થઇ છે એટલે આને અને અમારે કંઇ લેવા દેવા નથી, આની ઉપર અમે પગલાં ના લઇ શકીએ. આ આઉટ સોર્સીંગના કર્મચારીઓ કરોડો રૂપિયાની ઉચાપત કરીને જતા રહ્યાં પણ તમે કંઇ કરી શકતા નથી. ગૌણ સેવા પસંદગી મંડળ, જી.પી.એસ.સી., પંચાયત પસંદગી મંડળ આટલી સરસ કામગીરી કરે છે તો તમે તાત્કાલિક ભરતી કરોને? તમે ભરતી શું કામ નથી કરતા? જેટલા લોકો નિવૃત્ત થાય છે છેલ્લા પાંચ વર્ષમાં જે નિવૃત્ત થયા હતા તેની ટોટલ સંખ્યા એક લાખ થાય અને કહે કે અમે એંસી હજારની ભરતી કરી એ ના ભૂતો ના ભવિષ્યતી. તમે જેટલા નિવૃત્ત થયા છે એટલા પણ અધિકારી/કર્મચારીની ભરતી કરી નથી તો શાનો તમે જશ લઇ રહ્યાં છો? આ વાત મારે ગૃહના રેકર્ડ ઉપર એટલા માટે મૂકવી હતી કે વારંવાર કહે કે અમારી સરકારે એંસી હજાર કર્મચારીઓ ભરી દીધા તો તમારી સરકારમાં ૧૧ લાખ કર્મચારીઓ આજે થવા જતા હતા તેમાં ૫ લાખ કર્મચારીઓ પણ નથી તે માનનીય નાણામંત્રીશ્રી દુ:ખની બાબત છે. અને ગુજરાતના લોકોને પોતાના કામો માટે ધરમ ધક્કા ખાવા પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત માર્ગ અને મકાન વિભાગની કરવી છે. માનનીય નાણામંત્રીશ્રીની વાતને હું અભિનંદન આપુ છું આપ સાંભળો છો અને આપના પ્રવચનમાં આપે કહ્યું પણ હતું કે પ્રજાએ અમારા ઉપર વિશ્વાસ મૂકીને અમને છઠ્ઠી વખત ચૂંટીને મોકલ્યા છે એટલે આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય પ્રજાના વિકાસનું કામ હશે તો અમે અટકાવીશુ નહીં આ તમે કહેલ હતું તે ખરેખર અભિનંદનને પાત્ર છે પણ હવે કરવુ પડશે તમે બોલ્યાં છો તે પ્રમાણે વર્તવુ પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં રોડ અને રસ્તાની બાબતની વાત કરીએ તો ગુજરાતમાં જયાં સુધી કોંગ્રેસની સરકારો રહી ત્યાં સુધી ૧૬૨ જેટલા સ્ટેટ હાઇવે આ ગુજરાત રાજયમાં બનાવ્યા. જમીન સંપાદનનું કામ કેટલુ અઘરૂં છે તે બધા જાણે છે. કલમ–૪થી માંડીને કલમ–૧૨ સુધીનું જમીન સંપાદનની જે પ્રક્રિયા છે તે ત્રણ વર્ષની તે પૂરી કરીને તે સરકારોએ જે તે લિમિટેડ સોર્સીઝ ઓફ ધ મની અને લિમિટેડ સોર્સના આયોજનના ૫ હજાર કરોડના અંદાજપત્રો હતા આજે ૧ લાખ અને ૭૩ હજાર કરોડના અંદાજપત્રો પહોંચ્યા છે. જયારે ૫ હજાર કરોડનું વાર્ષિક બજેટ બનતું હતુ એવા સંજોગોમાં ગુજરાતની સરકારોએ ૧૬૨ જેટલા સ્ટેટ હાઇવે બનાવ્યા. જિલ્લા મથકોને અમદાવાદ અને ગાંધીનગરને જોડતા રસ્તાઓ બનાવ્યા. તાલુકા અને જિલ્લા મથકોને જોડતા રસ્તા બનાવ્યા અને ગામડાંને તાલુકા સાથે જોડતા રસ્તાઓ બનાવ્યા અને જે કંઇ આ માળખામાં બાકી રહી ગયુ હતું તે કામ છેલ્લા ૨૨ વર્ષથી આ સરકાર કરે છે, નથી કરતી એમ હું નથી કહેતો પણ તમે સ્ટેટ હાઇવે કેટલા બનાવ્યા તે મારે સરકારને પૂછવું છે. એક પણ સ્ટેટ હાઇવે બનાવ્યો નથી. હા, એ બાબત ચોક્કસ છે કે અમે જે ડબલ હાઇવે બનાવ્યા હતા તેના ફોર લેન બનાવ્યા છે, અમે એક પુલ બનાવ્યો હતો તેમણે પુલની ઉપર પુલ બનાવ્યા, અમે ગાંધીનગર અને અમદાવાદ બનાવ્યુ હતું તો તેમણે સાંધાઇ અને ટોકીયો બનાવવાની વાત કરી આ બધું થયું છે પણ હજુ એ દિશામાં અમે જોઇ રહ્યાં છીએ કે કયારે થશે? માનનીય અધ્યક્ષશ્રી, એક દુ:ખની બાબત છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે નાયબ મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાના મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણી નંબર ૮૬ લઇને આવ્યા છે તેમાં હું મારે સૂર પૂરાવુ છું.

## તા. ૯મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં ગત વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ દરમિયાન જેટલા કામો મારા વિધાનસભા મત–વિસ્તારની અંદર થયા છે પુલ અને રસ્તાના તે ખરેખર આખા તાલુકાની અંદર તમારે કોઇપણ પ્રોપર્ટી લેવાની હોય, કોઇપણ વસ્તુ વસાવવાની હોય તો જમીન હોય, કાં તો મકાન હોય સર્વપ્રથમ તો આપણે જોતા હોઇએ છીએ કે ત્યાં આવવા–જવાના રસ્તાનું શું? રસ્તો એ નાક કહેવાય પુલ એટલે બે તાલુકા, બે જિલ્લાને જોડતો સેતુ છે. ધારો કે મારો રાણીયા સિંહોરા પુલ તો તેની વાત કરું તો ખેડા જિલ્લો અને વડોદરા જિલ્લો. ઠાસરા તાલુકો અને સાવલી તાલુકા આ બન્નેને જોડતો પુલ છે. હવે એ પુલનું મહત્વ એટલુ બધુ હતું સાહેબ કે જયારે હું ૨૦૧૨ની ચૂંટણી લડતો હતો ત્યારે એ વિસ્તારના અને ખેડા જિલ્લાના વિસ્તારના લોકોની પણ ખૂબ માગણી હતી કે ભાઇ આ પુલ બને તો આ વિસ્તારનો વિકાસ થાય, વાહન–વ્યવહાર વધે, રોજી–રોટી વધે, જમીનોના ભાવ વધે સાહેબ હું અભિનંદન આપીશ અને અભિનંદન એટલા માટે નહીં આપુ કે હું ભારતીય જનતા પાર્ટીમાંથી ચૂંટાઇને આ વખતે વિધાનસભાનો સભ્ય બન્યો છું. અભિનંદન ખાસ એટલા માટે આપીશ કે, જ્યારે હું મારા તાલુકાનું પ્રનિધિત્વ કરતો હતો ત્યારે આ સરકારે મને જશ અપાવ્યો છે અને મારા તાલુકાના પડતર પ્રશ્નો પૂરા કર્યા છે. હમણાં મારા આદરણીય સાથી સભ્યશ્રી સી.જે.ચાવડાએ કહ્યું કે, સરકારે કામો કર્યા છે. જે કામો કોંગ્રેસની સરકારમાં થયા એના કરતાં આ સરકારમાં ઘણા સારા કામ થયા છે. તેઓ જે સ્ટેટ હાઇ–વેની વાત કરતાં હતાં એમાં બીજી પણ વાત એમણે ઉમેરી કે, જે સ્ટેટ હાઇ–વે બનાવ્યા છે એને આ સરકારે ફોર લેન બનાવ્યા છે. જે આ સમયની માંગ છે એ પૂરી કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. એટલા માટે કહું છું કે, આંકરિયા–જંતરાલ પુલ માત્ર દોઢ કરોડના ખર્ચમાં બનાવ્યો છે. મારા તાલુકાના બાળકો જંતરાલ ભણવા જાય અને એમાંય ચોમાસાના ચાર મહિના પાણી વધારે હોય તો એમનું ભણતર બગડે. હું જ્યારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી જીત્યો ત્યારે આ બધા નાના–નાના પ્રશ્નો મારી ઉપર એટલા માટે હતા કેમ કે, એની પહેલાં સતત ૧૮ વર્ષ સુધી કોંગ્રેસના ધારાસભ્યશ્રીએ પોતાનું પદ સંભાળ્યું હતું. મારે ટીકા–ટિપ્પણી નથી કરવી. કોંગ્રેસના પણ ઘણા વિદ્વાન ધારાસભ્યો મારી સાથે છે. તેઓ પણ પોતાનું કામ સારી રીતે કરે છે. મારે એ કહેવું છે કે, આ સરકાર આપવા બેઠી છે અને આપણે લેવાનું છે. મારી સરકાર કામ કરી રહી છે. હું અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી જીત્યો હતો પછી ભારતીય જનતા પાર્ટીની સરકારની સાથે કામ કરવાનું થયું ત્યારે મને થયું હતું કે, ૨૦,૪૦૦ વોટથી જીતેલ વ્યક્તિ ૪૦,૦૦૦ વોટથી જીત્યો હોય તો એનો શ્રેય આ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. કારણ કે, મેં વિચાર્યું કે મારા વિસ્તારના જે કામો છે એ આ સરકારે કર્યા છે. જે દિવસે મારો સાવલી તાલુકો ભૌગોલિક દ્રષ્ટિએ મોટો તાલુકો હતો ત્યારે મેં દેસડ તાલુકાની માગણી કરી અને આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મને દેસડ તાલુકો જુદો આપ્યો અને એક વર્ષની અંદર દેસડ તાલુકા સેવા સદનનું ૧૦ કરોડનું બિલ્ડીંગ ખૂબ જ અદ્યતન સુવિધા સાથે આપ્યું અને એમાં મુખ્યમંત્રીશ્રી લોકાર્પણ કરવા આવ્યા હતા. સાથે–સાથે કોર્ટનું બિલ્ડીંગ પણ આપ્યું. આ ૬.૭૬ કરોડનું બિલ્ડીંગ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મને મળ્યું. એનાથી આગળ વાત કરું તો ૪૦ કરોડનો ફોર લેન રસ્તો મંજૂર થયો. સાવલી જી.આઇ.ડી.સી. એ સારામાં સારી જી.આઇ.ડી.સી. છે. હજારો યુવાનો ત્યાં રોજીરોટી મેળવે છે અને નવી ઇન્ડસ્ટ્રીઝ જ્યારે આવતી હોય ત્યારે આ વાતનું બહુ ધ્યાન રાખતી હોય છે. ૪૦ કરોડનો ફોર લેન રસ્તો મને મળ્યો હોય તો આ સરકારના કારણે મળ્યો છે અને એ માટે હું આ સરકારનો આભારી છું. કામ થવાનું છે એવું નથી પણ થઇ ગયું છે. ઇન્દ્રાદ–ગણેશપુરા પુલ બે તાલુકાઓને જોડતો પુલ હતો. (આ તબક્કે માનનીય સભ્યશ્રી ભીખાભાઇ જોષી કાંઇક બોલતા)

અધ્યક્ષશ્રી : જોષીજી માંગવા જજો મળશે.

શ્રી કેતનભાઇ  મ. ઇનામદાર : જોષી કાકા, હું તમારા કરતાં નાનો છું પણ એક વાત કહેવા માગું છું કે, ૨૦૧૨ થી ૨૦૧૭માં મારા મતોની લીડ વધી હોય તો એ આ સરકારે આપેલ કામોના લીધે થઇ છે. મારે એટલા માટે તમને કહેવું છે કે, તમે ઉંમરમાં ઘણા મોટા છો છતાં પણ કોઇ પણ વાત હોય તો બેઠા–બેઠા ટીપ્પણીઓ કરતા હોવ છો. જાહેરમાં કબૂલ કરવાની હિંમત હોવી જોઇએ. હું શ્રી સી.જે.ચાવડાને અભિનંદન આપીશ કેમ કે તેઓ વિરોધપક્ષમાં બેસીને વાત કરતાં હોય છે તો પણ અમુક મુદ્દાઓ એવા પણ હતા કે એમને સરકારને બિરદાવી છે. આજે હું જોષી કાકાને વિધાનસભા ચાલુ થઇ ત્યારથી જોતો આવ્યો છું. દરેક વાતમાં •(×××) વિરોધ કરવો.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું કાઢી નાંખુ છું. હવેથી હું વડીલની કાળજી કરીશ.

શ્રી કેતનભાઇ  મ. ઇનામદાર : પણ આજે હું કહું છું કે, ૨૦૧૭ થી ૨૦૨૨ના સુધીના વર્ષનું પ્રતિનિધિત્વ કરવાનો જનતાએ તમને મોકો આપ્યો છે તો આ સરકારની અંદર તમે કામ માગજો, આ સરકાર કામ આપવા તૈયાર છે. ૨૦૨૨ની અંદર જયારે મુદત પૂરી થાય એ વખતે જનતા તમારી પ્રશંસા કરે એ સૌથી મોટી મૂડી છે. રાજકીય નેતાઓ તમારી વાહ વાહ કરે, એના કરતાં જનતા તમારી વાહ વાહ કરે એ ખરેખર રાજકારણની અંદર ખૂબ જરૂરી છે અને બીજી એક વાત પણ કહું કે, અમારા સીનીયર નેતાશ્રીઓએ ઘણીવાર કહ્યું કે એમના સૂચનોને અમે ધ્યાને લેતા હોઇએ છીએ. એમની ટીકાટીપ્પણીઓમાંથી કંઇક શીખતા હોઇએ છીએ પણ આજે હું કહું કે, વિરોધ પક્ષ માત્રને માત્ર સારી વસ્તુને પણ સારી રીતે લેતા નથી. અભિનંદન આપું છું અમુક સભ્યશ્રીઓને કે જે લોકો જાહેરમાં એવું કહે છે કે, ભલે એમના નેતા બહાર જઇને એમને ઠપકો આપતા હોય પણ અભિનંદનને પાત્ર છે કે સરકારની સારી કામગીરીને એ લોકો બિરદાવે છે પણ સાથે સાથે હું આજે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એટલું કહીશ કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ પ્રજાલક્ષી કામો કરી અને આજે છ છ ટર્મ ચૂંટણી જીતીને આવી છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓમાં હું મારો સૂર પૂરાવું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી આ સરકારનું હૃદય છે. એ માગણીઓ લઇને આવ્યા છે પણ હૃદય દેખાતું નથી એટલે ખબર નથી પડતી કે માનનીય મુખ્ય મંત્રીશ્રી આવશે કે કેમ? *(×××)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ તમારા બધા ઓબ્ઝર્વેશન રહેવા દો બાજુ પર અને તમે સીધી વાત કરો. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. તમને આટલો સારો સમય મળ્યો છે તો તમારા વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરો.

પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી આવે, તો મારે જાણકારી સમગ્ર ગૃહને આપવી છે કે, ત્રિપુરાની જનતાએ ૨૫ વર્ષ જૂનું સામ્યવાદી શાસન ફગાવી દીધા પછી ભારતીય જનતા પક્ષને ત્યાં શાસન સોંપ્યું છે અને કોંગ્રેસ ઝીરો થઇ ગઇ છે અને નવા મુખ્ય મંત્રીશ્રીની શપથવિધિમાં ૬ કરોડ ગુજરાતીઓ વતી અભિનંદન અને શૂભેચ્છા આપવા માટે આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી ત્યાં ગયા છે એટલે આજે ઉપસ્થિત નથી એ આપણી જાણકારી માટે કહું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનો જવાબ માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો એ બહુ સારી વાત છે. નોટબંધીના કારણે ફરીથી •(×××) સરકાર બની છે એટલે *(×××) બનાવનાર સરકારને હું અભિનંદન આપું છું. લેનીનની પ્રતિમા...

અધ્યક્ષશ્રી : *(×××) બનેલી સરકાર એ શબ્દો દૂર કરવામાં આવે છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, લેનીનની કેટલી પ્રતિમા દુર કરી છે. ગાંધીજીની કેટલી પ્રતિમા દૂર કરી છે એ કદાચ જોવા ગયા હોય એ લોકો એનો મને વાંધો પણ નથી. કેટલી દૂર કરી છે એ જોવા માટે મુખ્ય મંત્રીશ્રી ગયા હોય એનો મને વાંધો નથી પરંતુ મારા પહેલાંના વક્તા માનનીય ધારાસભ્યશ્રી કહેતા હતા કે માગો અને આપે એવી આ સરકાર છે. હું ધારાસભ્ય તરીકે લાગણીથી માગવા માટે ઉભો થયો છું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૯૦માં ધારાસભ્ય હતો, ૨૭ વર્ષની ઉંમરે ધારાસભ્ય ચૂંટાયેલો છું. આજે ફરી વખત ૫૪ વર્ષની વયે હું ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો છું. મને એમ હતું કે, વિકાસ કરનારી સરકારમાં અમારા ક્વાર્ટર બહુ સારા બન્યા છે પણ એના એ જ બાથરૂમ, એના એ જ ટબ, ત્રણ ત્રણ, ચાર ચાર કર્મચારીઓ ક્વાર્ટરમાં કામ કરતા હતા પણ અત્યારે એક આઉટ સોર્સનો વ્યક્તિ કામ કરે છે તો ધારાસભ્યના ક્વાર્ટર ન સુધારી શકતી સરકાર વિકાસની વાતો કરે છે તો મને લાગે છે કે એ બહુ વધારી પડતી વાતો છે. વિકાસ કેટલો આગળ વધ્યો છે એનો ખ્યાલ આવે એટલા માટે કહું છું એટલે ધારાસભ્યશ્રીને રહેવા માટેની આટલી વધતી જતી આજે ફેસીલીટીમાં ધારાસભ્યશ્રીઓના ક્વાર્ટરમાં થોડોક ફેરફાર થાય એ જરૂરી છે. મેં પાણી જોયું તો, તો મેં ગઇ કાલે ટાંકી ચેક કરી તો એમાં ખૂબ કચરો ભરાયેલો હતો અને એ પાણી અમે પીએ છીએ. આ વિકાસ કરનારા અમારા ધારાસભ્યોના આરોગ્ય સાથે ચેડાં ના થાય એની પણ કાળજી રાખે એવી લાગણી હું વ્યકત કરું છું. માનનીય મુખ્ય મંત્રીશ્રી, નાયબ મુખ્ય મંત્રીશ્રી આ સરકારને એક હૃદયની વાત કરતા હતા. હૃદયના ધબકારા બહુ સારી રીતે ચાલે તો એ ધબકારા બહુ સારી રીતે ચલાવવા માટે અમે પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી, નાયબ મુખ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને ટેકો આપવા માગું છું. વિકાસની પ્રક્રિયામાં બધુ જ આખું આગળ વધતો દેશ અને આગળ વધતું આપણું ગુજરાત રાજય છે. ગુજરાત રાજયની વિકાસની પ્રક્રિયા આજથી નહીં પણ દુનિયાનો એક પણ દેશ એવો નથી. જયાં વર્ષો પહેલાં ગુજરાતીઓ ગયા ન હોય અને ગુજરાતની ગરીમા વધારી ન હોય. એ ગુજરાતની ગરીમા જાળવવા માટેના જે સરસ મજાના કામો કર્યા છે તે કામો કરીને આ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે, ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલને યાદ કરવા છે. રવિશંકર મહારાજને યાદ કરવા છે. ગાંધીનગર જે બનાવ્યું છે તે વખતની કોંગ્રેસની સરકારને હું અભિનંદન આપીશ કે આવું સરસ મજાનું વિધાનસભા ગૃહ બનાવ્યું કે દુનિયા અને દેશના અન્ય રાજયના લોકો વિધાનસભા જોવા આવે છે. હું હોસ્ટેલ કમિટીનો ચેરમેન રહી ચૂકયો છું, મેં ઘણી વિધાનસભાઓ જોઇ છે. મેં ઘણા વિધાનસભાના કર્વાટરો પણ જોયા છે ત્યારે જે સગવડતા મળતી હતી તેમાં ઘણા બધા સુધારા થયા છે. આ સુધારામાં થોડો વધારો કરો, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીને આપણે વિનંતી કરી છીએ, આમાં પણ તમારું હૃદય વધારે ધડકાવો અને અમારી સગવડતા વધે તેવું કરો, તેવી લાગણી વ્યકત કરું છું. અત્યારે આઉટસોર્સીંગથી જે ચલાવવામાં આવે છે તેના કારણે ભ્રષ્ટાચાર વધ્યો છે. જિલ્લા અને તાલુકા પંચાયતના વહીવટમાં કોંગ્રેસને સ્થાન મળ્યું એટલે માનનીય અધ્યક્ષશ્રી હું કહીશ કે આઉટસોર્સથી ચાલતું અમારું જિલ્લા પંચાયત, હું અમરેલી જિલ્લાની વાત કરું તો પાંચે પાંચ ધારાસભ્યશ્રીઓ કોંગ્રેસના ચૂંટાણા છીએ. એક અમારા જિલ્લાનો મુખ્ય અધિકારી કલેકટર, ડી.ડી.ઓ., અને ડી.એસ.પી સિવાય ના બધા ઇન્ચાર્જમાં ચાલે છે, ઇન્ચાર્જથી ચાલતી આ સરકાર અને આજે અમારા નીતિનભાઇ નાયબ મુખ્યમંત્રીશ્રી પણ ઇન્ચાર્જમાં બેઠા છે. અરે, નીતિનભાઇ આપ પહેલી સીટ ઉપર બેઠો હું તો વિરજીભાઇ ઠુંમરે તો પહેલાં પણ આપને કહ્યું છે. હજૂ પણ કહું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૯મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

ગુજરાતના વિકાસના કામો કરવા માટે માર્ગ અને મકાન વિભાગના જે જે મંત્રીશ્રીઓ થયા છે તે ભૂતકાળમાં મુખ્યમંત્રી બન્યા છે, આનંદીબેન મુખ્યમંત્રીશ્રી બન્યા હતા. બગોદરા, વટામણ–તારાપુર અને વાસદનો છ માર્ગીય રસ્તો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આ રસ્તાનું કામ આપે ૨૦૧૦માં શરૂ કર્યું અને આ ૨૦૧૦ માં પૂરું કરવાની વાત હતી આજે પણ શા માટે પૂરું થતું નથી, સૌરાષ્ટ્રનો મોટો આધાર આ માર્ગ ઉપર છે. મને ૧૦ મિનિટ આપી છે. આ માર્ગ પર ૨૦૧૨ થી અત્યાર સુધીમાં પાંચ હજાર લોકોના જાન ગયા છે, તેની જવાબદારી સરકાર લેવા માગે છે કેમ? એમાં જે રીતે કોઇ કંપની કામ કરતી હતી, માનનીય અધ્યક્ષશ્રી આપ ગરમ નહીં થાઓ તો વિનંતી કરીશ કે

અધ્યક્ષશ્રી : હું ગરમ થતો નથી, હું ગરમ જ છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : આ કંપની સાથે કોણ જોડાયેલ છે. જે.વી.કે. કંપની સાથે કોણ જોડાયેલું છે, તેની પેટા કંપની છે પટેલ ઇન્ફ્રાસ્ટકચર

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારો પણ વિસ્તાર છે, મારો વિસ્તાર પણ જોડાયેલો છે. હું જાણું છું એટલા માટે કહું છું કે આ આંકડો થોડો વાજબી કરો, પાંચ હજાર લોકો નથી મરી ગયા. રેકર્ડ પર ખોટા આંકડા ન અપાય ભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ કામમાં ૮૮૩ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. ૨૦૧૦–૧૨ માં પૂરું કર્યું હોત તો કેટલા ઓછા ખર્ચમાં પૂરું થયું હોત, તેનો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ખુલાસો કરે. માનનીય નાયબ મુખ્યમંત્રી પોતે એમ કહેતા હતા કે, ધારાસભ્યશ્રી બૂક વાંચે બીજું કાંઇ નહીં વાંચવું પડે સભ્યશ્રીને એનો ખ્યાલ આવી જશે, ગઇ કાલે હું આખી રાત જાગ્યો છું અને મેં બે વાર બૂક વાંચી છે. એક પાનું એવું પાનું છે ૧૦૩ નંબરનું પાનું એની ઉપર અમરેલી જિલ્લાના નામ લખાણા, બાકી અમરેલી જિલ્લાનું કયાંય નામ નથી, પુલોના નામ નથી, અમરેલીમાં પાંચ ધારાસભ્યો કોંગ્રેસના ચૂંટાણા છીએ એટલે આમાં નામ નથી, એક ચિત્રા ગામમાં જે વસાહત બનાવવા માગે છે, તેમાં કન્સટ્રકશન ઓફ મલ્ટીપરપઝ ફોર સાયકલોન સેલ્ટર આમાં મને તો ખબર પડતી નથી કે તમે શું બનાવવા માગો છો, આવું જ બીજું ગામ વાંઢ છે. અમારી રસ્તાઓ અને પુલો માટેની માગણીઓ છે. એફ.એન્ડ આર. ની ગ્રાન્ટ જે માઇનોર રીપેરીંગ માટે આપવામાં આવે છે એ છેલ્લા ૩ વર્ષથી અમરેલી જિલ્લાને મળી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ આપનો સમય પૂરો થાય છે, માનનીય મુકેશભાઇ. હવે ચેમ્બરમાં જઇને આપી આવજો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ૨૦૧૮–૧૯ માટે માર્ગ અને મકાન વિભાગની અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારો સૂર પુરાવું છું.

આ માર્ગ અને મકાન વિભાગે રૂ. ૯૨૫૨ કરોડની જોગવાઇ કરી છે, તેને માટે તેઓને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના કોઇ પણ મોટા રાજયમાં જાઓ. ગુજરાતના માર્ગ અને મકાન વિભાગના જેટલું બજેટ કોઇ પણ રાજયમાં જોવા મળતું નથી. હમણાં માનનીય સભ્યશ્રી બ્રિજેશભાઇ પોતાના પ્રવચનમાં કહેતા હતા કે અમે પથ્થરો નાખ્યા. નર્મદા યોજનાના પાયો ૪૦ વર્ષ પહેલા નાખ્યો હતો પરંતુ યોજના પૂરી ન કરી એ યોજના પૂરી ભારતીય જનતા પાર્ટીએ કરી છે. આ નર્મદા યોજનાનું કામ પૂર્ણ કરવા માટે એના દરવાજા ચડાવવા માટે આજના માનનીય વડાપ્રધાનશ્રી તથા તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉપવાસ ઉપર ઉતરવું પડ્યું હતું. માનનીય બ્રિજેશભાઇ, આપ સાંભળો. સન ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી થવાની હતી એ પહેલા આ નર્મદા નદી ઉપર નવો પુલ બનાવવા માટે દિલ્હીમાં બેઠેલા નેતાઓ •(×××) એ સન ૨૦૧૨માં આ પુલ માટેનો પથ્થર મૂકયો હતો. ફકત લોકોને *(×××) બનાવવા માટે મૂકયો હતો.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ વાપર્યો છે એ હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ગૃહમાં હાજર ન હોય એના નામનો ઉલ્લેખ થઇ શકતો નથી. તેથી એ નામો પણ રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : નામનો ઉલ્લેખ કર્યો છે એ શબ્દો પણ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સાહેબ ઘણા બધાની ચિંતા હતી કે આ નર્મદા નદી ઉપરનો બ્રીજ કયારે બનશે. આ પુલ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે વિધાનસભામાંથી છૂટીએ અને સુરત બાજુ જવું હોય તો આપણે વિચાર કરવો પડતો હતો કે ટ્રાફિક જામ હશે કે નહિ હોય એની ચિંતા કરીને પછી જવું પડતું હતું. આ ચિંતામાંથી ભારતીય જનતા પાર્ટીની સરકારે મુકત કર્યા છે.

આ સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૩૧૬૯૯ કરોડ રૂપિયા જેવી માતબર રકમ વાપરીને ગુજરાતના રોડ, રસ્તા, ઇન્ફ્રાસ્ટ્રકચર, પુલો વગેરેના કામો કર્યા છે. માનનીય સભ્યશ્રી ધવલસિંહજી કહેતા હતા કે રોડ, રસ્તાઓનો વિકાસ નથી કર્યો ત્યારે મારે જણાવવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧ લાખ ૧૪ હજાર કિલોમીટરના રસ્તાઓ બનાવ્યા છે એ કંઇ કોંગ્રેસની સરકારોએ બનાવ્યા નથી. એ વિસ્તારનો કોંગ્રેસનો સભ્ય છે કે ભાજપનો સભ્ય છે એવું કંઇ જોતી નથી આ સરકાર તો ફકત છ કરોડની જનતાને ધ્યાનમાં રાખીને વિકાસના કામો કરે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મારા મત વિસ્તારની વાત કરું તો છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અને મકાન વિભાગે ૪૭૫ કરોડના રોડ અને રસ્તાના કામો કર્યા છે. જયારે ૩૫૫ કરોડના ખર્ચે પુલોના કામો કર્યા છે. આ રીતે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૮૩૦.૬૬ કરોડ રૂપિયાના કામો મારા મત વિસ્તારમાં કરવામાં આવ્યા છે. આ જ રીતે દરેક સભ્યશ્રીના મત વિસ્તારમાં કામો કરવામાં આવ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના વિશે માનનીય સભ્યશ્રી નિરંજનભાઇ વાત કરી રહ્યા હતા.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર ૩૦, ૩૧, ૩૩, ૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ઘણા સમયથી આ સભાગૃહમાં હું સાંભળતો આવ્યો છું કે છેલ્લા ૬૦ વર્ષમાં કોંગ્રેસ સરકારે કંઇજ કર્યું નથી. હું ભારતીય જનતા પાર્ટીને પૂછવા માગું છું કે તમે લોકો રર વર્ષથી સત્તામાં બેઠા છો ત્યારે તમે શું કર્યું એ તો કહો? છેલ્લા ૨૨ વર્ષનો ઈતિહાસ અને ૬૦ વર્ષના ઈતિહાસની વાત કરું છું. એ ટ્રાયબલ (અંતરાય) અધ્યક્ષશ્રી : સામૂહિક જવાબ નથી આપવાનો. એ તમને નથી પૂછતા, એ મારા મારફત પૂછે છે. પ્લીઝ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : સામાન્ય વહીવટ વિભાગ ધબકતું હૃદય છે એમ કહે છે. જેમ રેલ્વે ટ્રેઇન ૨૪ કલાક દોડે એમ આ સામાન્ય વહીવટ વિભાગ પણ દોડવો જોઇએ. પરંતુ અહીં વાસ્તવિકતા જુદી છે. હૃદય અટકી ગયું છે. ટ્રાયબલ વિસ્તારમાં ઘણી બધી યોજનાઓ સરકારશ્રી તરફથી અમલમાં મૂકી છે. લાભાર્થીઓને લાભ લેવા માટે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, કલેકટર કચેરી, અન્ય કચેરીઓમાં જવું પડે છે. તાલુકા પંચાયતમાં જાય, ટી.ડી.ઓ. નથી. ગ્રામવિકાસમાં જાય, તો એસ.ઓ. નથી. જિલ્લા પંચાયતમાં જાય તો ડી.ડી.ઓ. નથી. સપ્લાયમાં જાય તો ડી.એસ.ઓ. નથી. ટ્રાયબલ વિસ્તારમાં કઇ રીતે આ કામ કરતી સરકાર કામ કરવા માગે છે એ હું પૂછવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થાય, પરંતુ અમારા સ્વ. મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે અમારા ટ્રાયબલ વિસ્તારમાં ગામડે ગામડે પાકા રસ્તાઓ બનાવ્યા અને એવા રસ્તા બન્યા કે ખીલો ઠોકે તો પણ ન ઉતરે. આજની પરિસ્થિતિ, રસ્તા ઘણા બધા થાય છે. જાહેરાતો થાય, ટેન્ડર પડે. પણ ટેન્ડર કેવા આવે? ૩૫-૪૦ ટકા બીલો. ૧૨ ટકા ટકાવારી, ૨.૫ ટકા કપાત, ૧૦ ટકા કોન્ટ્રાક્ટરના. સાહેબ, ૬૦ ટકા તો અહીં જ થઇ જાય તો ૪૦ ટકામાં કામ કેવી રીતે કરે મને તો સમજાતું નથી. હું ચોમાસામાં રોડ પર ચાલુ તો મારો પગ ફચ ફચ ઉતરે અને પેલો ખીલો ઠોકે તો આખો ઉતરી જાય. માર્ચ-એપ્રિલમાં રસ્તા થાય, ચોમાસુ આવે, ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં એ રસ્તો તૂટી જાય. અધિકારીને રજૂઆત કરીએ, સંકલનમાં રજૂઆત કરીએ, સાહેબ, આપણો રસ્તો તો ૧૦ ટનનો બને છે. આ ૩૦-૩૦ ટનની ટ્રકો નીકળે છે એટલે તૂટી જાય છે. વાસ્તવિકતા જુદી છે. રસ્તાનું જે કામ થાય, રસ્તો પહોળો થતો હોય, જે.સી.બી. ખોદે, પાછળ મેટલ નાખે, પાછળ ડામર થાય. તે રસ્તો કયાં સુધી ટકવાનો છે. કોંગ્રેસના રાજમાં એક વર્ષ માટી-મેટલ પાણી પીવે અને રોડ દબાય અને દિવાળી પર રસ્તો બનતો હતો. ત્યારે એ રસ્તો ૧૫-૧૫ વર્ષ સુધી ટક્યો છે. વાતો ખૂબ થાય છે કે અહીં કોન્ટ્રાક્ટર એવા પણ છે ગુજરાતમાં જે આટલા બીલોમાં કામ કરે છે. વાસ્તવિકતા જુદી છે. એકદમ કવોલિટી પ્રમાણેનું કામ થતું નથી. એસ.ઓ.આર. મુજબ કામ થતું નથી અને જે પણ કોન્ટ્રાક્ટર આવે એ એવા આવે છે કે મારે ગૃહમાં કંઇ કહેવું નથી. નીતિનભાઇ સાહેબ બધું જાણે છે. (અંતરાય) દાહોદ વિસ્તારની વાત કરું. રેલ્વે અંડરબ્રિજ બન્યો. છેલ્લા આઠ વર્ષ થઇ ગયા. પાંચ-પાંચ, છ-છ ફૂટ પાણી અંદર ભરાઇ જાય. સંકલનમાં રજૂઆત કરીએ. કલેકટરને બોલાવીએ. ડી.ડી.ઓ.ને બોલાવીએ. સાહેબ, ગરનાળામાં પાણી કેમ ભરાય? કલેક્ટર કહે કે યે તો રેલ્વે કી જવાબદારી હૈ. ડી.ડી.ઓ.ને કહીએ તો કહે કે આ તો રેલ્વેવાળાની જવાબદારી છે. પંચાયતને કહીએ તો એમ કહે કે આ નગરપાલિકાની જવાબદારી છે. તો સાહેબ, આ ગરનાળું બનાવ્યું કોણે? એના પ્લાન એસ્ટીમેટ કોણે બનાવ્યા? શું કર્યું? ૨૫થી ૩૦ ગામોના રસ્તાની અવરજવર કરતો આ અન્ડરબ્રિજ છે. મારો વિસ્તાર ૫૦થી ૬૦ હજારની વસતિ ધરાવતો છે. છતાંય છેલ્લા સાત વર્ષથી આ બ્રિજ પર પાણી. સમ્પ બનાવવા માટે પણ પૈસા ફાળવ્યા. એ પણ ક્યાં ગયા ખબર નથી. વારંવાર રજૂઆત કરવા છતાં પણ આ ગરનાળું રિપેર થતું નથી તો વહેલીતકે થાય એવું પણ આપ સાહેબ મારફત મારે ધ્યાન દોરવું છે.

જે તે વખતના સરકારી મકાનો બનેલા તે આજે જર્જરિત હાલતના થઇ ગયા છે. અધિકારીઓ રહી શકતા નથી. ચોમાસામાં ટપ-ટપ પાણી ટપકે. અહીં ડોલ મૂકે, અહીં ડોલ મૂકે, અહીં થાળી મૂકે. એવા મકાનો ગવર્નમેન્ટ કોલોનીના થઇ ગયા છે. પ્રાંત કચેરીના નળિયા પણ જર્જરિત હાલતમાં થઇ ગયા છે પણ મકાનોનું રીનોવેશન થતું નથી. આ મકાનોનું પણ વહેલી તકે રીનોવેશન થાય.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર): માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણા મંત્રીશ્રી ૮૫ અને ૮૬ નંબરની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. જ્યારે ઈતિહાસ બનતો હોય ત્યારે ખબર હોતી નથી કે ઈતિહાસ બની રહ્યો છે. ગુલામ વંશથી માંડીને બ્રિટિશરોના રાજ સુધી જુદા જુદા મોગલ શાસકો અને છેલ્લા ૯૦ વર્ષ બ્રિટિશરોએ રાજ્ય કર્યું. લગભગ ૯૦૦ વર્ષ ગુલામી કાળનો ઈતિહાસ લખાયો. ૧૯૪૭થી ભારતને આઝાદી મળ્યા પછી એનો ઈતિહાસ લખાવાની શરૂઆત થઈ. મારે કહેવું પડશે કે ૩૫ વર્ષ ગુજરાતની સ્થાપના થયે થયા. ૧૯૯૫ સુધીની વાત કરીએ તો જે રોડ રસ્તાની વાત હતી. હમણાં શ્રી સી.જે.ચાવડાએ કહ્યું કે નેશનલ હાઇવે તમે કેટલા બનાવ્યા? સ્ટેટ હાઇવે કેટલા

બનાવ્યા? શ્રી ચાવડા સાહેબ, તમે કોઇપણ રસ્તો જુઓ ! સ્ટેટ હાઇવેની વાત કરીએ તો ઓડીઆર, એમડીઆર, તાલુકાથી તાલુકાને જોડતા, જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તાઓ બધા જ સ્ટેટ હાઇવે હોય એ પ્રકારના રસ્તાઓનું જો નિર્માણ થયું હોય, સ્પેશિફિકેશન સાથે. પહેલા જે રસ્તાઓ બનતા એ સામાન્ય રીતે માટીકામ થાય, ઉપર મેટલ પથરાય અને પછી બીજું લેયર મેટલીંગ કરી ડામર પથરાય. આખું સ્પેશિફિકેશન બદલાયું છે. રોડ બને છે એની ક્વોલીટીની વાત છે ! હમણાં અમારો હિંમતનગરથી મહેસાણાવાળો રોડ જે પસાર થઇ રહ્યો છે. એ જો જો. ત્યાંની મશીનરી અને જે કામ થઇ રહ્યું છે. '' ન ભૂતો ન ભવિષ્યતિ'' દિવસે દિવસે ટેકનોલોજી વધતી જાય છે એને આર. એન્ડ બી. અપનાવતું જાય છે. દરેકે દરેક રોડ એ ગામડાંનો હોય કે ચાહે બીજા કોઇપણ પ્રકારના રોડ હોય એમાં ક્વોલીટીમાં ઘણો ફેર બદલાવ આવ્યો છે. ટેકનોલોજીનું માઘ્યમ આર. એન્ડ બી. અપનાવતું થયું છે અને અપગ્રેડેશન કરતું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદીની શરૂઆત કરવી હોય તો લગભગ કોઇપણ જગ્યાએ વિકાસ કરવાનો થાય તો એ વિકાસની અંદર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થવો જરૂરી છે. કોંગ્રેસને ખબર નહોતી કે ઉદ્યોગોનો વિકાસ કેવી રીતે કરવો? બંદરોનો વિકાસ કેવી રીતે કરવો? પ્રવાસન સ્થળોનો વિકાસ કેવી રીતે કરવો? તાલુકાથી તાલુકા આવવાની જરૂર પડે ને તો પણ મુશ્કેલી પડતી હતી. એ રસ્તાઓ રિપેર પણ થતા નહોતા અને બન્યા પણ નહોતા. જિલ્લાથી જિલ્લાને જોડવાના રસ્તા અને શહેરમાંથી કોઇ ધોરી માર્ગ પસાર થતો હોય તો એ ધોરી માર્ગના કારણે એ ગામને કે તાલુકા કે શહેરની અંદર જે પ્રકારની ટ્રાફિકની સમસ્યાઓ થતી, શહેરના લોકોને રસ્તા ઉપર પણ ચાલવું મુશ્કેલ પડતું હતું. એના માટે જો કોઇએ પ્રયત્ન કર્યો હોય તો આ સરકારે કર્યો છે. શહેરમાંથી પસાર થતા રસ્તાઓમાં બે બાજુ ફૂટપાથ, વચ્ચે લાઇટો, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, આ બધુ કોણે કર્યું? નવા વિચાર સાથે, નવા વિઝન સાથે ૨૧મી સદીના ગુજરાત માટે જો કોઇ કટિબદ્ધ હોય તો ભારતીય જનતા પાર્ટીની આ સરકાર અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ છે. એમણે નવી દ્રષ્ટિ આપી અને એના પરિણામે મુખ્યમંત્રી સડક યોજના, પ્રગતિપથ, આદિવાસી વિસ્તારો માટે કદી ચિંતા ન થઇ હોય એમને જોડવા માટેનો પ્રગતિપથ, વિકાસ પથ, પ્રવાસી પથ, સુવિધા પથ, કિસાન પથ, તાલુકાથી તાલુકાને જોડતા રસ્તાઓ, જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તાઓ, બંદરો સાથે જોડતા રસ્તાઓ, ઉદ્યોગોને જોડતા રસ્તાઓ અને ક્યાંક ચોમાસાની અંદર વિખૂટા પડતા ગામો માટે પણ મરૂન વિલેજની યોજના આ સરકાર લાવી છે. નાના પુલો હતા એ મોટા કર્યા, મેજર, માઇનોર, કલવર્ટ, બોક્સ કલવર્ટ જો એ બધુ બનાવવાનું કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. દરેક સેગમેન્ટની અંદર કર્યું છે અને દરેક ભૂભાગની અંદર કર્યું છે. આ કામની પહેલીવાર શરૂઆત આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ ૨૦૦૧માં કરી હતી. આદરણીય નીતિનભાઇ એ આ આખે આખા બજેટમાં જે આર.એન્ડ બી.નો પોર્શન છે ભૂતકાળમાં કરેલા કામ અને ખૂટતી કડીઓ એમણે વિકાસમાં જોડી કાઢી છે, ત્યારે મારે કહેવું છે, હું જયાંનો વતની છું એ મારા મહેસાણા જિલ્લાના જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું એની સંક્ષિપ્તમાં વાત કરીશ. મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયત અને સ્ટેટ આર. એન્ડ બી દ્વારા ૨૪૩૧.૫૫ કિલોમીટર, ૧૫૭૪.૪૦ કરોડના ખર્ચે રસ્તાઓ બન્યા છે અને ૯૪૮ કામો થયા છે. ગામડાંને જોડતા તો રસ્તાઓ આપ્યા જ છે. જે ગામની અંદર એક હતો ત્યાં બે અને જયાં બે હતા ત્યાં ત્રણ,અને નાના પરાઓ, ઠાકોર વિસ્તાર, જે ઠાકોરો મોટા ભાગે ગામડાં અને પરામાં રહે છે. મને કહેતા ગર્વ થાય છે કે આજે મારા વિસ્તારની અંદર.. અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય પ્રવિણભાઇ મારૂ. ...

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. અહીંયા રાજકીય પણ ઘણા બધા નિવેદનો થાય છે અને વારંવાર એમ કહેવામાં આવે છે કે કોંગ્રેસના શાસનમાં આમ નહોતું. અમે ઇચ્છીએ કે જે નહોતું એ તમે વધુ સારી રીતે કરો એવું અમે ઇચ્છીએ છીએ પણ જે નથી થતું એનું ઘ્યાન દોરવા માટે જયારે અમે ઉભા થઇએ ને ત્યારે અમને અટકાવવામાં આવે ત્યારે સાહેબ તમે રક્ષણ આપજો.

અધ્યક્ષશ્રી : કોઇ નહીં અટકાવે પણ તમે યાદ કરજો પૂર્વમાં બીજા બોલતા હોય ત્યારે તમે શું કરો છો. શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની આઝાદી માટે ગાંધીજીની સાથે અમે લડેલા. અમે સત્યની સાથે વરેલા છીએ. ગાંધીજીની સાથે અમે લડેલા છીએ એ આઝાદી અમે અપાવી તેમ છતાં અમે નથી કહેતા તેમ છતાં તમે મહાત્મા ગાંધીની જેમણે હત્યા કરી એમાં જેણે સાક્ષીઓ પૂરી અને જે પક્ષમાં એ પક્ષના લોકોને જે માને છે એમની અમે કયારેય વાત નથી કરી પણ મહાત્મા ગાંધી (અંતરાય) આજે માર્ગ અને મકાન વિભાગની જે કામગીરીના અંદાજપત્રની ચર્ચા અને મતદાનનું જે શુદ્ધિપત્રક હોય એ મતદાનના ત્રણ દિવસ પહેલાં મળવું જોઇએ જે મળતું નથી. આજે માર્ગમાં ભાવનગર જિલ્લાની વાત કરું. ભાવનગરમાં ખરેખર સરકાર દ્વારા •(×××) થઇ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે. એમ કહેવું પડે જો કહેવું હોય તો કે ન્યાય થતો નથી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.કે. ન્યાય થતો નથી. આ એટલા માટે કહુ છું કે તમામ જિલ્લાઓને જોડતા રસ્તાઓની સાથે જોડાતા ચારમાર્ગી રસ્તાઓ બનાવવામાં આવ્યા છે પણ અત્યાર સુધીના ૨૨ વર્ષના શાસનમાં ભાવનગરના એ રસ્તાઓ મળ્યા નથી. જે તાજેતરમાં હમણાં મને સમાચાર મળ્યા પ્રમાણે મારા મત વિસ્તારમાં રંઘોળા મુકામે જે અકસ્માત થયો ત્યાં રસ્તાઓ બનાવતા પહેલાં નિયમ એવો છે કે પહેલા પુલીયા અને નાળા થવા જોઇએ, પછી બ્રીજ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બનવો જોઇએ એ નહીં બન્યો અને એના કારણે આ થયું. પહેલા રસ્તા પહોળા કર્યા એના હિસાબે અકસ્માત થાય છે. આ અકસ્માતનું કારણ પણ એ જ છે. તો એ જે હમણાં મને સમાચાર મળ્યા કે આ જે દુઃખદ ઘટના બની આજે આ આંકડો ૩૨ ઉપર પહોંચ્યો છે. જે માર્ગો ઉપર અકસ્માત થાય છે એ અકસ્માતની અંદર આપણે ગૌ માતાને માતા તરીકે પૂજીએ છીએ. એ અકસ્માત થાય ત્યારે એ અકસ્માતથી રસ્તામાં કોઇ પશુ મરી જાય ત્યારે એના પછીના જે અકસ્માતો થાય છે એની કોઇ દરકાર લેવામાં આવતી નથી. પશુ મરી જાય પછી એનો નિકાલ કરવા માટે કોઇ જાતનું સરકાર તરફથી આયોજન થતું નથી. દરેક જિલ્લામાં ફલાય ઓવર બન્યા છે પણ ભાવનગર શહેરની અંદર આજ સુધી એક પણ ફલાય ઓવર બનાવવામાં આવ્યો નથી. નાણામંત્રીશ્રી એમ કહેતા હતા કે કોઇપણ જાતના ભેદભાવ વગર સરકાર કામ કરે છે તો મારા વિસ્તારની અંદર જિલ્લા પંચાયત કોંગ્રેસની છે અને રસ્તાઓના જે કામ મંજૂર થાય છે એ મારા પૂર્વ મંત્રીશ્રી આપણા આત્મારામભાઇ પારમાર હતા, એમણે એ રસ્તાઓના કામ રદ કરાવીને બીજી જગ્યાએ ફાળવવામાં આવ્યા. એવો જ એક ગુજરાતમાં પાટણ જિલ્લામાં લીલીયા રોડનું કામ મંજૂર થયેલું એ રોડ કેન્સલ કરવામાં આવેલ છે અને બીજી જગ્યાએ રોડ ફાળવ્યો છે. આ ભેદભાવ ભર્યુ સરકારનું વલણ છે.

અધ્યક્ષશ્રી : સરકારનું ભેદભાવવાળું વલણ છે એ શબ્દ એ જુદી વાત છે અને અત્યારે આ સંદર્ભ બરાબર નથી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : આપણ મુખ્યમંત્રી જયારે જૈન સમાજમાંથી આવતા હોય ત્યારે ...

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે..માનનીય અરવિંદભાઇ પટેલ..

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માર્ગ મકાન મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સને ૨૦૧૮-૧૯ના વર્ષની જે રહેણાંકના મકાનો, માર્ગો અને પુલ વિભાગની માગણી નં. ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેમાં સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજ્યનો વિકાસ કરવો હોય ત્યારે એ ગામડું હોય કે શહેરી વિસ્તાર હોય, તાલુકો હોય કે જિલ્લા કક્ષાએ હોય એ તમામ વિકાસને પ્રજાની સાથે જોડવા માટે આ વિભાગ ખૂબ મહત્ત્વનો છે. રોડ રસ્તા હોય, પુલો હોય, સરકારી મકાનો હોય, કચેરી હોય અને સરકારી કર્મચારીઓ માટે રહેવા માટેના મકાનોની સગવડ એ રાજ્ય સરકાર તરફથી કરવામાં આવે છે. અમારા તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સૂત્ર હતું કે, સૌનો સાથ સૌનો વિકાસ. આ સૂત્રને ચરિતાર્થ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય એનું ધ્યાન રાખી ગુજરાતને વિકાસના પંથે લઇ જવાનું એક કામ કરી રહ્યા છે. હું ગુજરાતના નેટવર્કની વાત કરું તો લગભગ ૧ લાખ ૧૪ હજાર ૪૧૫ કિલોમીટરના રોડ રસ્તાનું નેટવર્ક છે. સાથોસાથ પુલોની વાત કરું તો મેઝર પુલો લગભગ ૧૫૧૪, માઇનોર બ્રીઝ ૫૨૩૬, કલવર્ટ ૯૯૧૦ જેટલા એ ૧૯૯૫ થી ૨૦૧૭ સુધીનો તફાવત અહીંયા વિપક્ષના મિત્રો ફરીથી જે ચૂંટાયા છે એમને ખબર છે. હું મારા વિસ્તારની વાત કરું તો મારો સાબરમતિ વિસ્તાર એટલે અમદાવાદમાંથી આ વિધાનસભા ગૃહમાં પ્રતિનિધિત્વ કરું છું. ૨૦૧૨માં જ્યારે હું ચૂંટાયો હતો ત્યારે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી. મારા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ૨૦૧૩માં ઓવરબ્રીજનું આયોજન કર્યું હતું. એ વખતે રેલવેની અંદર જ્યારે મંજૂરી લેવાની હોય તો ૨૦૧૪માં એટલે કે અમારી એન.ડી.એ.ની સરકાર આવ્યા પછી બે વર્ષે ૨૦૧૪માં છ મહિનામાં મંજૂરી મળી. પણ ત્યાં સુધી બે વર્ષ આ કામ ડીલે થયું. ૬૫ કરોડનો ઓવર બ્રીજ એ વખતે બનાવવાનો હતો એમાં અમને ટ્રાફિકની સમસ્યામાં ખૂબ મુશ્કેલી પડી. એ જ પ્રમાણે શહેરના નેટવર્કમાં ડ્રેનેજ લાઇન હોય, પીવાના પાણીની વ્યવસ્થા હોય અને જ્યાં રેલવેની લાઇન જતી હોય તો મંજૂરી લેતા ૪-૫ વર્ષ નીકળી જતા હતા. આજની તારીખમાં કોઇપણ વિકાસના કામો રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર એ ઝડપથી સંકલન કરીને લગભગ ૩-૪ મહિનામાં આવી મંજૂરી આપે છે. આજે અમારા વિસ્તારની વાત કરું તો સાબરમતિ વિધાનસભાની અંદર જનસેવા કેન્દ્રો માટે તમામ વોર્ડની અંદર જગ્યા સંપદિત કરીને બજેટ ફાળવીને પ્રજાને એના વિસ્તારમાં એમના કામો માટે જવાની સગવડ આપવાનો પ્રયત્ન અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયો છે. એ જ પ્રમાણે વાત કરું તો મારા મત વિસ્તારમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો માટે રૂપિયા ૨૦૦ લાખના ખર્ચે આ કામો પૂર્ણ કર્યા છે. હું આ વખતના બજેટ માટે નાણામંત્રીશ્રીનો આભાર માનું છું કે અમદાવાદ શહેર માટે પલ્લવ ચાર રસ્તા ઉપર સ્પ્લીટ ફ્લાય ઓવરબ્રીજ બનાવવા માટે ૬૫ કરોડની જોગવાઇ કરી છે. એ જ પ્રમાણે ગાંધીગ્રામ રેલવે અન્ડર પાસ માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ વખતે કરી છે એ માટે પણ આભાર માનું છું. અમદાવાદ એ જ્યારે આપણા દેશના હેરિટેજ સિટી તરીકે જાહેર થતું હોય ત્યારે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી જશપાલસિંહ મ. ઠાકોર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સામાન્ય વહીવટ વિભાગ અને માર્ગ-મકાન વિભાગની માગણી પરની ચર્ચામાં હું મારા વિચાર રજૂ કરી ગૃહનું ધ્યાન દોરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી પરિષદ માટે માનનીય મંત્રીશ્રી ૫ કરોડ ૭૦ લાખ ૫૭ હજારની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું ગૃહનું ધ્યાન દોરીશ કે મંત્રી પરિષદની સાથોસાથ માનનીય સભ્યશ્રીઓના ક્વાટર્સની હાલતને પણ ધ્યાનમાં લેવામાં આવત તો વધારે આનંદ થાત. આ ઉપરાંત માનનીય મંત્રી પરિષદ પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને અમારા પક્ષના ધારાસભ્યોને ન્યાય આપે એવી વિનંતી કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ બાબતે હું ગૃહનું ધ્યાન દોરીશ કે, ગૃહના કોઇ પણ ધારાસભ્યએ લખેલા પત્ર બાબતે ઔપચારિકતા ના રાખે. પરંતુ જે તે વિભાગે શું પગલા લીધા કે લેવાના છે તેનો જવાબ પણ ગૃહના દરેક સભ્યને ચોક્કસ સમય મર્યાદામાં મળે એવી મારી વાત મૂકું છું. એક ઉદાહરણ આપું છું કે, જેમ પાદરા

તાલુકાના તિથોર બદલપુર આડબંધ બાબતે લખેલા પત્રની માગણી સામે ઔપચારિક જવાબ મળેલ. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિનો અમને જવાબ ના મળે ત્યારે હું જે તાલુકાનું નેતૃત્વ કરું છું એ જનતાને મારે શું જવાબ આપવો? માટે માત્ર જવાબ નહીં વાસ્તવિકતા જણાવે એવી મારી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨ની અંદર જ્યારે પાર્ટીએ મને પ્રથમ વખત ટિકિટ આપીને લોકો વચ્ચે મોકલ્યો હતો તે વખતે ૨૦૧૨ના પ્રચાર દરમ્યાન અમારા કાંઠાગાડા વિસ્તારની અંદર તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને કાંઠાબેડ ઉપર મોટી જનસભા કરી હતી અને તેમણે તિથોર આડબંધનો મુદ્દો લોકો વચ્ચે મૂક્યો હતો અને ૮મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે આપણા ગૃહના વડા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ ૨૦૦ કરોડની યોજના તિથોર આડબંધ માટે મૂકી હતી. એટલે લોકોએ વિશ્વાસ મૂકીને તમને છઠી વખત જ્યારે અહીંયા બેસાડ્યા હોય ત્યારે અમારા પાદરા તાલુકાની જનતાને પણ આ યોજનાનો લાભ મળે એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરીશ. વડોદરાના કોયલીથી જંબુસર તાલુકાના સારસ સુધી ગંદા પાણીની ૩૨ વર્ષ જૂની કેનાલ આવેલી છે અને તેનું તળિયું તૂટવાના કારણે ભૂગર્ભ જળ પણ ખરાબ થઇ ગયેલ છે એટલે એક બાજુ મહીકાંઠા બેલ્ટ અને એકબાજુ કેનાલ અને વચ્ચે જે અમારો ક્ષેત્રીય બેલ્ટ છે એ આખો ખારું પાણી પીવા માટે મજબૂર થઇ રહ્યો છે. તેની બાજુનો માર્ગ રાજ્ય સરકારની અને કંપનીઓની ભાગીદારીથી મૈત્રીમાર્ગ જે ઇસીપીએલની કેનાલ અને એનો જે પ્રાઇવેટ રોડ છે એ રાજ્ય સરકાર અને કંપનીની ભાગીદારીથી મૈત્રીમાર્ગ તરીકે જાહેર કર્યો છે ત્યારે આ માર્ગને રાજ્ય ધોરીમાર્ગ જાહેર કરવામાં આવ્યો હોત તો વડોદરા, પાદરા, જંબુસર આમ ત્રણ તાલુકાને લાભ મળ્યો હોત તો તાલુકાની જનતાને ખૂબજ આનંદ થાત. વડોદરા, પાદરા, જંબુસર ફોર લેઇનનું કામ હજુ પણ શરૂ થઇ શક્યું નથી. આ રોડનું કામ તા.૧૫-૨-૧૬ થી શરૂ કરી તા. ૧૪-૨-૧૭ નાં રોજ પૂર્ણ કરવા જણાવેલ તો આ રોડનું કામ પણ વહેલી તકે શરૂ થાય અને પૂર્ણ કરવામાં આવે અને ભયલી ફાટક તથા જંબુસર ફાટકને પણ પહોળી કરવામાં આવે. કેમ કે, આ રોડ હેવી ટ્રાફિકવાળો રોડ છે, મોટી મોટી લોડીંગ ટ્રકોની વધારે અવરજવર હોય છે અને તેના કારણે વારંવાર અકસ્માત સર્જાય છે. કેટલાય કિસ્સામાં વાત કરું તો આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે અને છેલ્લા ૭ થી ૮ વર્ષનો આંકડો જણાવતા મને ખૂબ દુ:ખ થાય છે કે આ રોડ પર અકસ્માતોમાં ૨૦૧ લોકોના મૃત્યુ થયા છે અને ૧૯૦ થી વધારે લોકોને ગંભીર ઇજાઓ પહોંચી છે.

અધ્યક્ષશ્રી : તમારું વકતવ્ય પૂરું થાય છે. તમે તમારા વિસ્તારના સારા મુદ્દા રજૂ કર્યા, આપ બેસો. માનનીય હર્ષ સંઘવી.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ઉપમુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગમાં માગણી ક્રમાંક ૩૩ લાવ્યા છે તેમાં મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ કોઇ પણ રાજ્યનું અગર હ્રદયની વાત કરીએ, કોઇ પણ રાજ્યની ઇમેજની વાત કરીએ કે કોઇ પણ રાજ્યની અગર વ્યવસ્થાની વાત કરીએ તો વ્યવસ્થાઓ સામાન્ય વહીવટ વિભાગ પર નિર્ભર થતી હોય છે. હમણાં અમારા એક સાથી સભ્ય વિરજીભાઇ જ્યારે એમના વિચારો રજૂ કરતા હતા. એમના વિચારો રજૂ કરીને એ જતા રહ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ નથી.

શ્રી હર્ષ ર. સંઘવી : એ એમના વિચારો જ રજૂ કરે છે. પછી કયારેય નથી હોતા. પરંતુ જયારે એમણે વાત કરી કે આખી રાત જાગીને અધ્યયન કરે છે. હું એકદમ ગંભીર થઇ ગયો. મને એવું લાગ્યું કે એ સમાજ માટે, વિસ્તાર માટે કોઇ વિચારો રજૂ કરશે. હું વિચારતો હતો કે આટલા લાંબા સમયથી એક પક્ષ સામેની પાટલીએ જ કેમ બેઠેલો છે? પરંતુ જયારે એમના વિચારો રજૂ થયા, જયારે મને એમને સાંભળવાનો મોકો મળ્યો ત્યારે મને કારણ ખબર પડી કે પહેલીવાર ૨૭ વર્ષે આવેલા, બીજી વાર પાછા આવતા ૫૪ વર્ષ થઇ ગયા. હું આ સભાગૃહને વિનંતી કરું છું કે આપણે સૌ સાથે મળીને એમને કંઇકને કંઇક એવું સૂચન કરીએ કે ફરીથી આવતા ૧૦૮ વર્ષ ન થઇ જાય. એ વિચારો જયારે રજૂ કરતા હતા ત્યારે મને જાણવા મળ્યું. મને લાગ્યું કે સમાજ માટે, એમના વિસ્તાર માટે, ગુજરાત માટે કોઇ વિચારો રજૂ કરશે. પરંતુ વિષય એવો બન્યો એમણે પોતાના માટે વિચાર રજૂ કર્યા. વિચારો શું આવ્યા? પોતાના ઘર માટેના વિચાર આવ્યા.(અંતરાય) જયારે સામાન્ય વહીવટ વિભાગની વાત કરતા હોય ત્યારે આ ધારાસભ્યશ્રીએ પોતાના ઘરે પાણી ટપકતાની વાત કરી. ગુજરાતની છ કરોડ જનતાના વિચાર રજૂ કરવા જયારે આપણે અહીં ઉભા થયા છીએ ત્યારે આપણને મળતી ગ્રાન્ટો, આપણને મળતા ઘર, આપણને મળતી વ્યવસ્થાની વાત કરવા માટે પ્રજાએ આપણને અહીં ચૂંટીને નથી મોકલ્યા. પ્રવિણભાઇ ખૂબ સારી વાત કરે છે. દર વખતે જયારે જયારે એમના વિચારો રજૂ કરે છે ત્યારે પૂજય મહાત્મા ગાંધીજીને યાદ કરે છે. મહાત્મા ગાંધીજીની એક વાત મને આજે પણ યાદ આવે છે. એમણે એક પક્ષનું વિસર્જન કરવાનું કહ્યું હતું જે કાર્ય ભારતીય જનતા પાર્ટી કરે છે. અનેક રોડોની વાત કરે છે. ૩૫ ટકા ડાઉનમાં જાય, ૪૦ ટકા ડાઉનમાં જાય(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આપ બેસી જાવ. આપ બોલતા હતા ત્યારે મેં કોઇને પણ ઉભા નથી થવા દીધા. આપ બેસો.(અંતરાય) વિરજીભાઇ, હું નોંધ લઉં છું આપ ખોટી રીતે ઉભા થઇ રહ્યા છો. આપ બેસી જાવ. આપણે કંઈ બોલવાની જરૂર નથી હમણા. પહેલા એમને બોલવા દો પછી તમને કંઇ હશે તો જોઇશ. (અંતરાય) હમણા બેસો.

શ્રી હર્ષ ર. સંઘવી : વજેસીંગભાઇ જયારે રોડની વાત કરતા હતા, રોડ ૩૫ ટકા ડાઉનમાં, ૪૦ ટકા ડાઉનમાં, સાચી વાત છે. ભૂતકાળમાં ૪૦ ટકા અપમાં જતા હતા. માર્ચમાં રોડનું ટેન્ડર પાસ થતું હતું પરંતુ ફેબ્રુઆરીમાં જ પેમેન્ટ ઘરભેગું થઇ

જતું હતું. ખાલી આટલો જ ફરક પડયો છે. ગુજરાતના ભૂતકાળમાં ગુજરાતના લોકોને પૂછો. ગુજરાતનો એક સરવે કહે છે કે ૨૨ વર્ષ પહેલા ગુજરાતમાં કમરની બિમારી બહુ વધારે હતી. ૨૨ વર્ષમાં અમે શું કર્યું? ૨૨ વર્ષમાં અમે લોકોની કમરની બિમારી દૂર કરી. આ ગુજરાતને સારામાં સારા રોડ આપ્યા. ગુજરાતની જયારે વાત થતી હોય, આ દેશની જયારે વાત થતી હોય. આ દેશ બદલાઇ ગયો છે, ગુજરાત બદલાઇ ગયું છે. ભૂતકાળમાં જયારે જે એન.આર.આઇ. છે, એન.આર.જી . છે એ જયારે ગુજરાતમાં આવતા હતા, આ દેશમાં આવતા હતા તો પહેલા પૂછતા હતા કે ગુજરાતના કોઇ ગામોમાં કરફયુ નથી લાગ્યોને? આજે આ ગુજરાતની ઇમેજ બદલાઇ છે. જી.એ.ડી.માં જે માગણી કરી છે એમાં બિન નિવાસી ભારતીય પ્રભાગનો એક ખૂબ જ મોટો ફાળો છે. આપ જોઇ શકો છો જે પ્રકારે ગુજરાતમાં આવનારા દિવસોમાં અને ભૂતકાળની અંદર છેલ્લા ૧૦ વર્ષમાં જે પ્રકારે એન.આર.આઇ. નું જે પ્રકારનું ઇન્વેસ્ટમેન્ટ વધે છે તો એ લોકો માટેની વ્યવસ્થામાં પણ વધારો કરવાનો એ ગુજરાત સરકારની ખૂબ મોટી જવાબદારી છે. બિન નિવાસી ગુજરાતીઓમાં એક ડેટાબેઝ બનાવવાનો જે સરકારે અભિગમ કર્યો છે એ આવનારા દિવસોમાં ગુજરાત અને ગુજરાતનાવાસીઓ આજે દેશભરમાં કયાંય તમે જાઓ, શહેરમાં જાઓ એક ગુજરાતી હોવાનો મને ગર્વ થાય છે કારણકે ગુજરાતીઓનું રાજ તમામ જિલ્લાઓમાં છે. અનેક એવા દેશો છે તમે આફ્રિકા જાવ, અમેરિકા જાવ ત્યાં ગુજરાતીઓ ખૂબ જ મોટાપાયે સકસેસફુલ ઉદ્યોગ ચલાવી રહ્યા છે. આ ગુજરાતીઓ ફરી ગુજરાતમાં ઇન્વેસ્ટ કરે એ કઇ રીતે પાછા આવવા માંડયા? ૨૨ વર્ષ પહેલા ગુજરાતીઓ અહીંયાથી પલાયન થતા હતા પણ ફરી એક ઉમ્મીદો જોડે જે પ્રકારની સરકારની વ્યવસ્થા છે એન.આર.આઇ., એન.આર.જી. બધા ઇન્વેસ્ટમેન્ટ મોટાપાયે આવી રહ્યા છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી નીતિનભાઇએ જે બજેટ રજૂ કર્યું છે તેમાં માર્ગ અને મકાન વિભાગ માટે રૂ. ૯૨૫૨ કરોડની માતબર રકમની જોગવાઇ કરી છે. રાજ્યના કુલ બજેટના માત્ર ૫ ટકા રકમ જેટલી ગણાય. માળખાકીય સુવિધા ઊભી કરવાની અંદર માર્ગ અને મકાન વિભાગ સૌથી મહત્વનો વિભાગ છે, પરંતુ આજે કોઇપણ પ્રકારના રાજકીય અવલોકનો નહિ કરતા સત્તા પક્ષ હોય કે વિપક્ષના કોઇપણ ધારાસભ્ય ખાનગીમાં મળે તો રસ્તાની ફરિયાદો કરતા હોય છે. રોજબરોજના વ્યવહારની અંદર જો આપણે જાતે ડ્રાઇવિંગ કરતા હોય, પાછલી સીટમાં બેઠા હોઇએ અને બમ્પ ઉપરથી ગાડી કૂદે તો ધડામ દઇને અવાજ આવે. બ્રીજ ઉપરથી ગાડી આવે ત્યારે જમ્પ મારતી હોય તેવું લાગે. આજે પણ આધુનિક ટેકનોલોજીની અંદર આપણે બ્રીજ ઉપરથી પસાર થતા હોઇએ ત્યારે ડક,ડક,ડક,ડક જેવો અવાજ આવતો હોય. એમ્બ્યુલન્સમાં દર્દી જતો હોય, રસ્તો એકદમ સ્મૂધ અને સરફેસ હોય અને અચાનક ખાડો આવી જાય એના કારણે ખૂબ અકસ્માતોના દાખલા થયા છે. હું ભારત સરકારના જે મિનિસ્ટ્રી ઓફ સરફેસ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીના આંકડા કહું છું. દેશના ટોપ ૧૦ ટોપ કિલર જે કહેવાય ઘાતકી ખાડાવાળા ૧૦ સ્ટેટ રાજ્યના એમાં ગુજરાતનો સમાવેશ થાય છે. છઠ્ઠા ક્રમે ગુજરાત સ્ટેટ છે. આવા રોડ ઉપરના ખાડાને કારણે ૫૯૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. જે આડેધડ ખોટી ડિઝાઇનના બમ્પ બનાવ્યા છે એના કારણે ૪૭૭ જેટલા અકસ્માતો થયા છે અને ૧૫૮ લોકો મૃત્યુ પામ્યા છે. ફોલ્ટી એન્જિનિયરિંગના કારણે ૩૯ લોકો તથા રોડની ખામીના કારણે ૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. તથા રસ્તા ઉપર જનાવર અચાનક આવી જાય એના કારણે ૨૨૦ અકસ્માતો થયા છે અને ૮૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. એનો સીધો મતલબ એ થાય કે માતબર રકમના ખર્ચા કર્યા છે એનો સીધો લાભ આપણને અને જનતાને મળતો નથી. જે પ્રકારના અંદાજો બનાવ્યા છે. શા માટે બને છે? એમાં ખાસ કરીને મરામતના રસ્તા, મજબૂતીકરણના રસ્તા બનાવીએ છીએ. એની અંદર ખૂબ મહત્વની બાબત છે. જીઓમેટ્રિક ડેફિસિયન્સી સરવે અને ક્રસ્ટ ડિઝાઇન આ આપણે કરતા જ નથી. પરંપરાગત નીતિ પ્રમાણેના અંદાજો બનાવીએ છીએ. જો જીઓમેટ્રિક ડેફિસિયન્સી સરવે કરવામાં આવે અને ક્રસ્ટ ડિઝાઇન કરવામાં આવે કે એની કેટલી થીકનેસ અને ડિઝાઇન હોવી જોઇએ તો આ ખાડા ન પડે અને બમ્પ ન બનાવવા પડે અને...

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. પૂર્ણેશભાઇ મોદી.

શ્રી પુર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટ વિભાગની માગણી અમારા આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે, એમાં મારો સૂર પુરાવું છું અને ખાસ કરીને વીસ મુદા અમલીકરણ કાર્યક્રમ ઉપર પ્રકાશ પાડવા માગુ છું. ભારત સરકારે વર્ષો પહેલાં શરૂ કરેલ યોજના વીસ મુદાના અમલીકરણ કાર્યક્રમ એનો ધ્યેય શું હતો? ગરીબો અને કચડાયેલા લોકોનું જીવન ધોરણ, ગુણવત્તામાં સુધારો કરવો. ગરીબી નિવારણ માટેના વીસ મુદાના અમલીકરણ કાર્યક્રમ ઉપર ભાર મુકવામાં આવ્યો. વીસ મુદાના કાર્યક્રમના ૨૦૦૬ માં અસરકારક અમલ માટે વીસ મુદા કાર્યક્રમ અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી. એમાં મહેસૂલી ખર્ચ તરીકે ૪૮.૯૫ લાખ રૂપિયા આપણે એમાં ફાળવ્યા છે. દુઃખ સાથે કહેવું છે કે કેન્દ્રની કોંગ્રેસે ગરીબી હટાવવાનું સૂત્ર આપ્યું હતું. એનો નારો આપ્યો હતો. માત્ર જાહેરાત કરી હતી. વાસ્તવમાં ગ્રાઉન્ડ રિયાલિટી ઝીરો હતી. પરિણામે ખોબલે ખોબલે મત મેળવ્યા અને લોકોને *(×××) તેઓ જે તે વખતે સફળ રહ્યા. ગરીબી દેશમાંથી ન હટી, પણ ગરીબોને હટાવવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પુર્ણેશ મોદી : વિકાસ કોનો થયો એ કોંગ્રસવાળા જાણે છે કે કોનો થયો? હું ગરીબી હટાવવાના નારાની વાત કરું છું. ગરીબી હટી જાય તો પછી વોટ કોણ આપે? દલિત, ગરીબ, મજદૂર, શોષિત, બક્ષીપંચ, અનુસૂચિત જાતિ, આદિજાતિ,

---

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વગેરે લોકોને શિક્ષણ ન મળે અને વંચિતો રહે અને મારો પંજો કાયમ રહે આ નીતિ અપનાવેલી. ગરીબી હટાવવાનું ક્યારેય કામ નથી કર્યું. ગરીબી હટાવવા માટે ક્યારેય એમણે કામ નથી કર્યું અને એટલા માટે મારે કહેવું છે કે ઉલટાનું ૧૯૭૫ની અંદર ગરીબોને પકડી પકડીને નશબંધી કરી દેવામાં આવેલી. આ સ્થિતિ હતી. ભારતના ૨૦ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણમાં હિન્દુસ્તાનમાં સફળતાપૂર્વક ગુજરાતે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો તે બદલ હું અભિનંદન આપું છું. ૨૦ મુદ્દાના અમલીકરણમાં ગરીબી, રોજગારી, ગૃહ નિર્માણ, આરોગ્ય, ખેતી, પીવાનું પાણી, પર્યાવરણ વગેરે વિષયો આમાં આવે છે. રોજગારીની વાત કરીએ તો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના–મનરેગા, હિન્દુસ્તાનમાં આજે પણ દેશના ૭૦ ટકા લોકો ગામડાંમાં રહે છે. ગુજરાતમાં પણ ગામડાંમાં રહીને ખેતી ઉપર નિર્ભર રહેનારની સંખ્યા ૭૦ ટકા છે. ગ્રામ્ય લોકોની આર્થિક સ્થિતિ સુધરે તેના માટે આ ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ ખૂબ જરૂરી છે. એટલા માટે ગ્રામીણ સ્તરે વેતન આપવાનું કામ આ યોજનામાં આ ગુજરાત કરી રહ્યું છે. જંગલની વૃદ્ધિ માટે, ગામની માળખાગત સુવિધા માટે, ગામના માર્ગોને મુખ્ય માર્ગ સાથે જોડવા માટે અનેક કામો થકી ગામડાંના લોકોને રોજગારી મળે તેના માટે મનરેગાના માધ્યમથી અમે કામ કરી રહ્યા છીએ. સામાવાળા એમ કહે છે કે નામ બદલી નાખવામાં આવે છે. નામ બદલાયું કારણ કે નામ બદલવું પડે તેવા કારણો હતા. અમે નામ એટલા માટે બદલ્યું છે કે અમે તેના નિયમો બદલ્યા છે, આ યોજનાનું નામ એટલા માટે બદલ્યું છે કે નીતિ બદલી છે. અમે યોજનાનું નામ એટલા માટે બદલ્યું છે કે અમે નિયત બદલી છે. આ યોજનાનું અમે નવીનીકરણ કર્યું છે એટલા માટે અમે નામ બદલ્યું છે. એટલા માટે અમે નામ લઇને આવ્યા છીએ. તે લોકો કહે છે કે આ અમારી યોજના છે. અમારી નિયત, નીતિ, નિયમો અને નવીનીકરણના કારણે અમે આ યોજના લઇને આવ્યા છીએ. અમારે ગામના ગરીબો, ખેડૂતોને જમીન આપવા માટે, ભૂમિહીન ખેત મજૂરોને જમીન આપવાનું કામ ૨૦ મુદ્દા અમલીકરણમાં અમે કરી રહ્યા છીએ. નાના ખેડૂતોને, માજી સૈનિકોને, પછાત વર્ગની મંડળીઓને જમીન આપવાનું, એસ.સી., એસ.ટી., સમાજને જમીન આપવાનું કામ, પડતર જમીન આપવાનું કામ અમે કરીએ છીએ. મુખ્ય અમારી વાત જે અસમાનતા છે તે દૂર કરીને ગરીબોની ગરીબીની અસમાનતા દૂર કરવા માટે અમે કાર્યરત છીએ. મારે જણાવવું છે કે આપણે ત્યાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. ૨જી ઓક્ટોબર ૨૦૧૪ થી ૨ જી ઓક્ટોબર ૨૦૧૯ આ પાંચ વર્ષ દરમ્યાન સમગ્ર હિન્દુસ્તાનની સાથે ગુજરાત પણ સફાઇ ઝૂંબેશમાં લાગી ગયું છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીની આવતા વર્ષે ૧૫૦મી જન્મ જયંતિ છે. ત્યારે આપણે આ વખતે ગુજરાતમાં ૧૬૨ નગરપાલિકા, ૮ મહાનગરો અને તમામ ગુજરાતને સ્વચ્છ કર્યું છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી નં.૮૭ ગાંધીનગર પાટનગરની લઇને આવ્યા છે તેના વિશે મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત એ દેશનું મોડલ સ્ટેટ છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. ગુજરાતનો વિકાસ અત્યંત પ્રગતિશીલ રાજય તરીકે થઇ રહ્યો છે ત્યારે ગુજરાતનું હાર્ટ એવા પાટનગર ગાંધીનગરનો વિકાસ એ રીતે થાય તે રીતે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. પાટનગરમાં જે કામો થયેલા છે તેને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યા છે. એક પૂર્ણ થયેલા કામો, બીજા પ્રગતિ હેઠળના કામો અને ત્રીજા શરૂ થનાર કામો. આપણે જે ગૃહમાં બેસીએ છીએ તે આપણી વિધાનસભાના રીનોવેશન માટે ૧૨૦.૯૭ કરોડનો અંદાજિત ખર્ચ કરી કામ પૂર્ણ કરેલ છે. ગાંધીનગર કર્મચારીઓનું નગર છે. કર્મચારીઓ માટે પહેલાંની સરકારે બનાવ્યા હતા તે મકાનો હવે જર્જરિત થઇ ગયા છે. તે મકાનોને ઉતારી નવા મકાનો બનાવવા માટેની જોગવાઇ આ સરકારે કરી છે. સી–કક્ષાના ૨૮૦ કવાટર્સનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને અમે ત્યાં ગયેલા અને તે સમયે નાયબ મુખ્યમંત્રીશ્રીએ મને કહેલું કે શંભુજી આ મકાનો તો આપણા ધારાસભ્યોના ક્વાટર્સ કરતાં પણ સારા છે. એટલે કર્મચારીઓના એવા સરસ મકાનો આ સરકારે બનાવ્યા છે. 'ડી' કક્ષાના ૪૪૮ કવાટર્સ નવા બનાવેલા છે અને એની પાછળ ૬૭.૪૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિવિધ સેકટરોના આંતરિક રસ્તાઓ જે ૨૦૧ કિલોમીટરના છે એના રિસરફેસીંગ માટે ૨૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. શરૂ થનાર કામોમાં સરકારી ઇજનેરી કોલેજ ખાતે કુમાર તથા કન્યા છાત્રાલયોના વિસ્તરણના કામ માટે અંદાજીત રૂપિયા ૧૬.૭૫ કરોડ, સેકટર ૧૫ ખાતે અનુસૂચિત જાતિ, કુમાર છાત્રાલયના કામ માટે અંદાજીત રૂપિયા ૧૮.૬૦ કરોડ, ગાંધીનગર ખાતેની જિલ્લા અદાલત માટે નવા ચાર માળ બનાવવા માટે અંદાજીત રકમ રૂપિયા ૧૭.૬૬ કરોડ, જી.આઇ.ડી.સી. સેકટર–૨૫ ખાતે ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, ગેમી માટે સેમિનાર હોલ બનાવવા માટે અંદાજીત રૂપિયા ૪.૩૮ કરોડના કામો કરવામાં આવશે. પ્રગતિ હેઠળના કામો જોઇએ તો 'ડી' અને 'સી' કક્ષાના આશરે ૩૯૨ જેટલા યુનિટ સરકારી કર્મચારીઓના રહેણાંક ટાવર માટે રૂપિયા ૬૫ કરોડ. અમારા ગાંધીનગર શહેરમાં પાંચ ગામોનો સમાવેશ થયો છે. પાલજ, બોરીજ, બાસણ, ઇન્દ્રોડા અને ધોળાકૂવા. આ ગામો માટે વોટરહેડ વર્કસના કામ માટે રૂપિયા ૫.૭૭ કરોડ ફાળવેલા છે. આ જે પાંચ ગામોનો અત્યારસુધી શહેરમાં સમાવેશ થયેલ હતો પણ ત્યાં ગટર લાઇન નહોતી, ૨૦૦૮માં મેં ગટરલાઇન માટે માગણી કરી અને આ પાંચ ગામોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગટર લાઇનની વ્યવસ્થા કરી આપી. સેકટર–૨૧ ખાતે રમતગમતને પ્રોત્સાહિત કરવા માટે ક્રિકેટ સ્ટેડિયમના સુધારા માટે અંદાજીત રૂપિયા ૨૫ કરોડ, બીજ નિગમના ગોડાઉન માટે ચરેડી ખાતે અંદાજીત રૂપિયા ૧૩.૨૦ કરોડ, સરકારી પોલિટેકનીક ખાતે કેમિકલ વિભાગનું નવું શૈક્ષણિક ભવન બનાવવા માટે રૂપિયા ૯.૪૫ કરોડ, સેકટર–૮ ખાતે મામા સાહેબ આદર્શ નિવાસી શાળામાં નવી હોસ્ટેલ બિલ્ડીંગ માટે રૂપિયા ૧૦ કરોડ, જી.આઇ.ડી.સી. સેકટર–૨૫ ખાતે ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (ગેમી) માં અદ્યતન લેબોરેટરી બનાવવા માટે પણ રકમ ફાળવેલ છે.

ફાલ્ગુન ૧૮, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં આપના મારફતે થોડીક માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે એના માટે સવાલો પૂછવાની આપના મારફત અનુમતિ માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૭–૧૮ની અંદર માર્ગ, મકાન વિભાગના રાજ્ય ધોરીમાર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો અને અન્ય જિલ્લા માર્ગોનું કોષ્ટક આપવામાં આવ્યું છે. ગુજરાતની અંદર ૨૦૦૧–૦૨માં રાજ્ય ધોરીમાર્ગ ૧૯૧૬૩ કિલોમીટર હતા એ ૨૦૧૪–૧૫ માં ૧૭૯૪૧ કિલોમીટર થયા એટલે કે ૧૨૨૨ કિલોમીટર ઘટ્યા. મુખ્ય જિલ્લા માર્ગો ૨૦૦૧–૦૨માં ૨૦૯૫૩ કિલોમીટર હતા એ ૨૦૧૪–૧૫માં ૨૦૪૫૪ કિલોમીટર થયા. એટલે કે ૪૯૯ કિલોમીટર ઘટ્યા. અન્ય જિલ્લા માર્ગો ૨૦૦૧–૦૨માં ૧૦૪૨૨ કિલોમીટર હતા એ ૨૦૧૪–૧૫માં ૧૦૨૫૨ કિલોમીટર એટલે કે ૧૭૦ કિલોમીટર ઘટ્યા. આ ૨૦૦૧–૦૨ થી ૨૦૧૪–૧૫ વચ્ચે ૧૮૯૧ કિલોમીટર જેટલા રોડ એને આ ગુજરાતમાંથી કોણ અને ક્યાં તાણી ગયું? માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૮૯૧ કિલોમીટરના રોડ ઘટયા તો આ અંગે જો માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી સ્પષ્ટતા કરશે તો મને ગમશે. ગૃહમાં મિત્રો વાત કરતા હતા કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આજે મોસાળે જમણવાર અને માં પીરસનારી, રાજયમાં ભાજપનું શાસન અને કેન્દ્રમાં ભાજપનું શાસન. આ રાજયની પ્રજાની કમાણીમાંથી ભૂતકાળની અંદર જે રાષ્ટ્રીય ધોરી માર્ગોનું નેટવર્ક આપણે ઉભું કર્યુ હતુ તે રાષ્ટ્રીય ધોરી માર્ગોનું રાજય ધોરી માર્ગોનું રાષ્ટ્રીય ધોરી માર્ગોમાં પરિવર્તન કરવા માટે વિતલાં વર્ષોની અંદર રાજય સરકારે રોડના પરિવર્તનની દરખસ્તો ભારત સરકારને મોકલી આ ગુજરાતી પ્રધાનમંત્રી હતા મોટુ મન રાખી અને આપણી જવાબદારીઓ ભારત સરકારે સ્વીકારી અને તેને નેશનલ હાઇવે ઓથોરીટીના હવાલે મૂકયા. મારે અભિનંદન આપવા છે પણ મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવુ છે કે, આ રાજયના જે રાજય ધોરી માર્ગો ઘટયા તે ભારત સરકારના હવાલે મૂકયા, રાષ્ટ્રીય ધોરી માર્ગમાં પરિવર્તિત થયા અને એ રાષ્ટ્રીય ધોરી માર્ગોમાંથી ભારત સરકાર દ્વારા ગુજરાતના નીચે મુજબના રાજય ધોરી માર્ગોને રાષ્ટ્રીય ધોરી માર્ગમાં પરિવર્તિત કરી અને હાલમાં બી.ઓ.ટી.ના ધોરણે ઓસ્ટ્રેલિયન ફંડ કંપનીને હરરાજીથી ફાળવી અને ટોલ ઉઘરાવવા માટે મંજૂરી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માળિયા–દ્વારકા–ઓખાનો રોડ, ભાવનગર–ધોલેરા–ખંભાત રોડ, નારાયણ સરોવર–લખપત રોડ, રાધનપુર–વડનગર–શામળાજી રોડ, ઇરુ ચાર રસ્તા–તીથલ–ઉંમરસંડી રોડ અને અંકલેશ્વર–ઝગડીયા–રાજપીપળા–કેવડીયા કોલોની રોડ ભારત સરકારે ઓસ્ટ્રેલિયન ફંડ કંપનીને ખોળે ધરીને ગુજરાતની પ્રજાની કમાણીમાંથી બનેલો રોડ એ રાજયમાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ બન્યો અને વિદેશી કંપનીઓ ત્યાં ટોલબુથ નાંખીને ગુજરાતીઓના ખિસ્સામાંથી ટોલ શું કામ ઉઘરાવે આની સરકારે સ્પષ્ટતા કરવી જોઇએ. હજુ માનનીય અધ્યક્ષશ્રી, ઉના–ધારી–બગસરા, અમરેલી–બાબરા–જસદણ–ચોટીલા, નાગેલી–ખાંભા–ચલાલા–અમરેલી, પોરબંદર–ભાણવડ–જામજોધપુર–કાલાવડ, આણંદ–કઠલાલ–કપડવંજ, બાયડ–ધનસુરા–મોડાસા, લખપત–ગઢુલી–હાજીપુર–ખાવડા–ધોળાવીરા, મેવાણા–સાંથલપુર, ખંભાળીયા–અડવાણા–પોરબંદર, ચિત્રોડા–રાપર, ભાણવડ–રાણાવાવ જેવા રોડ જે રાજય ધોરી માર્ગો હતા તેને રાષ્ટ્રીય ધોરી માર્ગમાં પરિવર્તિત કરી અને બી.ઓ.ટી. ધોરણે ખાનગી કંપનીઓના ખોળે ટોલ ઉઘરાવવા માટે આ રોડ ભેટ ધરવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી ભારત સરકારે આપી છે ત્યારે રાજય સરકારે આ અંગે ગુજરાતની જનતાની ઉપર આ ટોલ નામના વેરાનું ભારણ શું કામ વધારવામાં આવે છે તે અંગે થોડીક સ્પષ્ટતાઓ કરવી જોઇએ

માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ છે. અમારા ગૃહના ઘણાંય સન્માનીય સાથીઓએ સામાન્ય વહીવટ વિભાગની કામગીરી ઉપર વિસ્તૃત વાત કરી છે મારે જો એક લીટીમાં કામગીરીને વર્ણવવી હોય તો વિતેલાં વર્ષોમાં મંત્રી પરિષદની માગણી માનનીય નીતિનભાઇ સાહેબને પૂછવું છે કે આપ મંત્રી પરિષદના સભ્ય હતા અને પહેલી જ મંત્રી પરિષદની મિટિંગમાં ઉપસ્થિત શું કામ ના રહ્યાં? માનનીય અધ્યક્ષશ્રી, મારે ટીકા ટીપ્પણીમાં નથી પડવુ અમે તો તમારા શુભેચ્છક છીએ. મારે એક લીટીમાં કહેવું હોય તો આ રાજયમાં નિર્ણયોની અનિર્ણાયકતાના કારણે રાજય પોલિસી પેરાલીસીસનો ભોગ બન્યું હોય એવી સ્થિતિનો સામનો સમગ્ર ગુજરાત કરી રહ્યું છે. વિશેષ મુદ્દાઓમાં નથી પડવુ પણ મારે આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને થોડાંક સવાલો પૂછવાં છે.

શ્રી પરેશ ધાનાણી : આ ગૃહના પૂર્વ નેતા અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી માનનીય મોદીજીએ આ જ ફ્લોર પરથી કેન્દ્રની સરકારને થોડાંક સવાલો પૂછ્યા હતા. સામાન્ય વહીવટ વિભાગના ફેબ્રુઆરી–૨૦૧૩માં પ્રકાશિત થયેલ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના અગત્યના પ્રશ્નો તરફ આપનું ધ્યાન આકર્ષિત કરું છું. કુલ ૧૦૯ જેટલા પ્રશ્નો ૨૦૧૪ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે ભારત સરકારની સામે કર્યા હતા. ગુજરાતની જનતાએ એને સમર્થન આપ્યું અને આજે એક ગરવા ગુજરાતી માનનીય પ્રધાનમંત્રીશ્રીની ખુરશી પર બિરાજમાન છે એનું સમગ્ર ગુજરાતને ગૌરવ છે પણ મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, એ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી માનનીય મોદીજીએ પૂછેલા સવાલોનો આજે પ્રધાનમંત્રીશ્રી માનનીય મોદીજી ૪૮ મહિનાના શાસન પછી જવાબ શું કામ નથી આપી શક્યા? એ ગુજરાતની જનતા હવે તમને સવાલ પૂછે છે. કૃષિ અને સહકાર વિભાગના પ્રશ્નમાં આંતર રાષ્ટ્રીય વિમાની મથક અમદાવાદ ખાતે તાજા ફળ, શાકભાજી, પ્રોસેસ્ડ ફૂડ અને અન્ય કૃષિ ખાદ્ય પદાર્થોની નિકાસ માટે ગુજરાત એરપોર્ટ ઓથોરીટી પાસે perishable cargo બનાવવા માટે એન.ઓ.સી. માગ્યું હતું. આ સમસ્યાનો હલ થયો કે કેમ એ ગુજરાતની જનતા જાણવા માગે છે. નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા માટે વારંવાર આપણે આ ગુજરાતની અંદર અવાજ મજબૂત કર્યો. આજે ૪૮ મહિનાના શાસન પછી એક ગુજરાતી પ્રધાનમંત્રી

સરદાર સરોવર બંધ નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કેમ ન કરી શક્યા એ ગુજરાતની જનતા સવાલ પૂછે છે. ૨૦૧૪ની ચૂંટણી પહેલાં આપણે ભારત સરકારને સવાલ પૂછ્યો હતો કે, પશ્ચિમ ગુજરાત રેલવેનું વડું મથક અમદાવાદ હોવું જોઇએ. ૪૮ મહિના પછી ગુજરાતની જનતા જાણવા માગે છે કે, આજે પશ્ચિમ ગુજરાત રેલવેનું વડું મથક અમદાવાદમાં શું કામ નથી? થોડા જ મુદ્દાઓ પર આપનું ધ્યાન દોરવું છે. સેટીંગ અપ ઓફ ટ્રાયબલ યુનિવર્સિટી ઇન ગુજરાત. શું આદિવાસી યુનિવર્સિટી ગુજરાતમાં કાર્યાન્વિત થઇ? સર્વ શિક્ષા અભિયાનની અંદર રાજ્ય અને ભારત સરકારના હિસ્સા અંગે સવાલ પૂછ્યો હતો તો મારે પૂછવું છે કે, ભારત સરકારે આપણા એ સવાલને સ્વીકૃતિ આપી ખરી? ૧૩માં નાણાપંચની ગ્રાન્ટમાં રાજ્યના ૧૦૦ ટકા લોકફાળાના હિસ્સા તરીકે ગણવા માટે આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે ભારત સરકારને સવાલ પૂછ્યો હતો. પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે એને મંજૂરી આપી કે કેમ? હાઇસ્પીડ રેલવે પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઇ-પૂના કોરીડોરનો લાભ ગુજરાતની પ્રજા લઇ શકી કે કેમ? ગીરના જંગલ ફરતે રીંગરોડ બાંધવા માટે આપણે ભારત સરકાર પાસે મંજૂરી માગી હતી. આજે ૪૮ મહિનાના શાસન પછી માનનીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે ભારત સરકારને પૂછેલા સવાલનો પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ હજી સુધી જવાબ કેમ નથી આપી શક્યા. પર્યાવરણની પરવાનગી માટે સત્તાનું કેન્દ્રીકરણનો કેન્દ્ર સરકાર ઉપર આરોપ લગાડી અને વિવિધ મંજૂરીઓ રાજ્ય પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળને સોંપવા માટે માગણી કરી હતી. આપણી માગણી ગ્રાહ્ય રહી કે નહિ એ ગુજરાતની જનતા જાણવા માગે છે. સમુદ્ર તટી નિયમન ઝોન વિસ્તારમાં ખાણ પ્રવૃત્તિના નિયંત્રણમાં છૂટછાટ આપવા માટે આપણે માગણી કરી હતી. ઓછા અને મધ્યમ ધોરણવાળા વિસ્તાર માટે સી.આર.જે.ડી.ની મંજૂરી મેળવવામાં વિલંબ નિવારવા માટે માગણી કરી હતી. હજીરા ખાતે કોસ્ટ ગાર્ડ સ્ટેશન સ્થાપવા માટે માગણી કરી હતી. કોસ્ટલ પોલિસીંગ ઇન્સ્ટિટયૂટ સ્થાપવા માટે માગણી કરી હતી. ગુજરાત ખનીજ વિકાસ નિગમને રાજ્ય સરકાર દ્વારા અનુમોદિત કરાયેલ કચ્છ જિલ્લામાં જુદા-જુદા ૧૦ વિસ્તારોમાં બોક્સાઇટ ખનીજની માઇનીંગ લીઝ ફાળવવા માટે પણ આપે માગણી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને સિંધુ બેઝીનનું પાણી ફાળવવું જોઇએ એવી તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે ભારત સરકારમાં માગણી કરી હતી એ આજે ૪૮ મહિનાના શાસન પછી પ્રધાન મંત્રીશ્રી મોદી સાહેબ સિંધુ બેઝીનનું પાણી ગુજરાતમાં ફાળવી શક્યા કે નહીં એ આ ગુજરાતની જનતા જાણવા માગે છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોન-૨૦૧૧, બંદરો બાબતની પ્રતિબંધિત જોગવાઇમાં સીઆરઝેડની પ્રતિબંધિત જોગવાઇઓ ઉઠાવવા માટે આપણે ભારત સરકાર પાસે માગણી કરી હતી. ૨૫ નવી ટ્રેનો શરૂ કરવા અને ૧૨ ટ્રેનોની ફ્રીક્વન્સી વધારવા અને રૂટ લંબાવવા માટેની આપણે ભારત સરકાર પાસે માગણી કરી હતી, ૧૪ નવી રેલવે લાઇનોનો વિકાસ કરવા, ૮ નું ગેજ કન્વર્ઝન કરવા માટે માગણી કરી હતી, ૧૭ રેલવે લાઇનો રેલવેનું ગેજ રૂપાંતર માટે માગણી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગુજરાતમાં મેટ્રો હજી ઠેકાણે નથી પડી અને અમદાવાદ મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેન ચલાવવા માટે આપણે ભારત સરકારને જે તે સમયે માગણી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મેટ્રો ટ્રેન મળી નથી અને બુલેટની પાછળ ટ્રેનના ડબ્બા જોડવાનું સ્વપ્નુ દેખાડ્યું એ ગુજરાતની જનતા એનો લાભ ક્યારે લેશે એ સવાલ ગુજરાતની જનતા આપને પૂછી રહી છે. JNURM ભાગ-૨ની અંદર સરદાર સાહેબના જન્મ સ્થળ એવા કરમસદ શહેરનો સમાવેશ કરવા માટે માગણી કરી હતી તો હું જાણવા માગું છું કે, એક વિદ્યાર્થી તરીકે કે આ કરમસદ શહેરનો JNURM યોજનામાં સમાવેશ થયો કે કેમ? મનરેગા યોજનાની માફક કેન્દ્ર સરકાર શહેરી કામદારો માટે શહેરી રોજગાર બાંહેધરી યોજના ચાલુ કરે એવી માગણી કરી હતી. મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે ભારત સરકારને શહેરી રોજગાર બાંહેધરી યોજના ચાલુ કરવા માટે માગણી કરી એને ૪૮ મહિનાના શાસન પછી આ યોજના ગુજરાતમાં હજુ ચાલુ કેમ ન થઇ એ આ ગુજરાતની જનતા જાણવા માગે છે. અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં આવેલી રેલવે કોરીડોરની ઓછી વપરાશવાળી જમીનોને મેટ્રો પ્રોજેક્ટ માટે વાપરવા મંજૂરી માગવામાં આવી. સ્વસહાય જૂથોના મહિલા સભ્યો માટે સૂચિત ધિરાણમાં ૫૦ હજાર સુધી કેશ ક્રેડિટ માટે માગણી કરી. નેશનલ રૂરલ લાઇવલી હુડ મીશનની અંદર કેન્દ્ર અને રાજયનો ૭૫-૨૫ની ફન્ડીંગ પેટર્નનો અમલ કરાવવા માટે માગણી કરી, નેશનલ અર્બન હેલ્થ મીશનની અંદર શહેરી વિસ્તારમાં આરોગ્ય માળખુ સુવ્યવસ્થિત કરવા ગુજરાતને નેશનલ અર્બન હેલ્થ મીશન આપવા માટે પણ માગણી કરી હતી. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પૂરું કરીશ. પ્લીઝ, કોઇ મારી ટીકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ફેફસાંના રોગોની સારવાર કામદાર રાજ્ય વીમા યોજના હોસ્પિટલ, નરોડા, અમદાવાદ ખાતે નવી મેડિકલ કોલેજ ચાલુ કરવા માટે માગણી કરી, રેલવે હોસ્પિટલ અમદાવાદમાં નવી મેડિકલ કોલેજ ચાલુ કરવા માગણી કરી. લેકટોપાઇરોસીસ એડવાન્સ રીસર્ચ માટેનું કેન્દ્ર સ્થાપવા માટે માગણી કરી. કેરોસીનનો જથ્થો કેન્દ્ર સરકાર તરફથી ઓછો ફાળવાય છે તો કેરોસીનનો જથ્થો વધારવા માટે માગણી કહી હતી એના બદલે કેન્દ્રનો ગુજરાતની સરકારને હળહળતો અન્યાય થયો છે, કેરોસીનનો જથ્થો દિન પ્રતિદિન શું કામ ઘટી રહ્યો છે?

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા પ્રશ્નો છે. ૨૦૧૩ની સામાન્ય વહીવટ વિભાગની જે બૂક છે એમાં ૧૦૯ પ્રશ્નો જે ૨૦૧૩માં રજૂ કર્યા હતા ૨૦૧૫ની બૂકમાં, એમાંથી ૬૪ પ્રશ્નોની સમસ્યાનો હલ ન થયો પણ પ્રશ્નોને જ યાદીમાંથી હઠાવી દેવામાં આવ્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ ગુજરાતની ભૂમિ છે. સમગ્ર એશિયાની અંદર સિંહોની ગર્જના કરનારી ભૂમિ છે. આ ગુજરાતના સિંહો જે ૨૦૧૪ પહેલાં ગાંધીનગરની અંદર ત્રાડો નાખી અને હકક માટે અવાજ ઉભો કરી શકતા હતા તો આ દિલ્હીની ધરતી ઉપર એવો તો કયો પ્રભાવ છે કે જે ગાંધીનગરની

ભૂમિમાં સિંહો ત્રાડ નાખતા હતા એ દિલ્હીની ભૂમિમાં દિલ્હીના દરબારની અંદર જઇને બકરી બની ગયા.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મેં જે મુદ્દા રજૂ કર્યા છે એનો જવાબ સરકાર આપશે તો મને ખૂબ આનંદ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બધાને મારી વિનંતી છે કે, બેસે. માનનીય અધ્યક્ષશ્રી કડક પ્રશ્નોના કડક જવાબ સાંભળવા મળશે. ઉશ્કેરાઇને કોઇ ભાગી ન જતા. પૂરું સાંભળજો, સાચું સાંભળવાની તૈયારી રાખજો. (એક સભ્યશ્રી બહાર નીકળતાં) માનનીય અધ્યક્ષશ્રી, જુઓ આ ભાગવાની તૈયારી કરે છે. ઓ ભાઇ, બહાર હોય તેમને પણ બોલાવી લો, પ્રવચનો કરીને જતા રહે છે, તેમને બહાર હોય તો બોલાવી લો ને.

માનનીય અધ્યક્ષશ્રી, જયાંથી માનનીય પરેશભાઇ એ પ્રવચન પૂર્ણ કર્યું છે, ત્યાંથી હું મારા પ્રવચનની શરૂ આત કરું છું.

ગાંધીનગરમાં જે સિંહો ગર્જના કરતા હતા તે એ હવે દિલ્હીમાં એવી ગર્જનાઓ કરે છે તેને આખી દુનિયા તેની ત્રાડ સાંભળે છે અને આખી દુનિયામાં ભારતનું ગૌરવ અને સન્નામાન વધાર્યું છે અને ભારતના મિત્રો વધ્યા છે. હું આ રાજકીય રીતે નથી કહેતો પણ અગાઉ જે સરકાર દિલ્હીમાં હતી એના વડાપ્રધાન શું બોલે છે તે દુનિયા તો શું એમના પ્રધાન મંડળ અને એમના પક્ષમાં પણ કોઇ સાંભળતું ન હતું, તેવા હતા, અમારા વડાપ્રધાન બોલે તો આખી દુનિયાને તેની નોંધ લેવી પડે છે. સાહેબ, આપણને ગુજરાતી તરીકે આનંદ થાય...બળદેવજી, સાંભળો હવે તૈયારી રાખવી પડે, પરેશભાઇ બોલતા હતા અમે વચ્ચે બોલ્યા નથી, તેમને સાંભળ્યા છે. તૈયારી રાખો, ધીરજ રાખો. ભારતનો ઇતિહાસ જોઇ લો આઝાદીથી આજ સુધી ૧૯૪૭ થી માંડીને ૨૦૧૫ સુધી દુનિયાના કોઇ રાષ્ટ્રપતિ કે દુનિયાના કોઇ વડાપ્રધાન આપણા ગુજરાતની સીધી મુલાકાતે, ઓફિશીયલ મુલાકાતે દિલ્હીના બદલે ગુજરાતમાં આવ્યા હોય, અમદાવાદમાં આવ્યા હોય આવું ગુજરાતનું ગૌરવ માનનીય નરેન્દ્રભાઇએ ઉભું કર્યું. ઇઝરાઇલના વડાપ્રધાન, ચીનના, કે જાપાનના વડાપ્રધાન હોય ક. અન્ય દેશોના હોય, હમણાં કેનેડાના વડાપ્રધાન આવી ગયા. સાહેબ જે ગૌરવ છે તે ગુજરાતના નામથી. હિંમતસિંહ ભાઇ શાંતિ રાખો તમે સિનિયર મેયર હતા. એટલે ૧૯૪૭ થી કોઇ નહીં. આ નરેન્દ્રભાઇનો પ્રભાવ છે, ભલે એના માટે પ્રશ્નો તમે બહુ ના કરશો, એ વ્યકિત વિશે. એમની સરખામણી કરી એને સાહેબ તો હું રાજકીય વાત નથી કરવા માગતો, પરંતુ નરેનદ્રભાઇને સો માર્કસ આપીએ તો તમારા નેતાને ૩૨ થી ૩૩ માર્કસ અપાય તેમ છે, એટલે કે, પ્રમોશનથી પાસ કરવા પડે, તેવા તમારા નેતાઓ છે, એટલા માટે કોઇ સરખામણી ન કરો. વારંવાર તમે પ્રયત્ન કરી ચૂકયા છો, પ્રજા લેબોરેટરી છે, પ્રજા લોકશાહીની રક્ષક છે, તમને પ્રજાએ સમજાવ્યું છે. સાહેબ જેમ ૧૦ અને ૧૨ મા ધોરણનું પરિણામ બોર્ડનું આવે એટલે કયો વિદ્યાર્થી કેટલો હોંશિયાર કેટલો બ્રિલિયન્ટ એ તો એને જે માર્કસ આવે તેના પરથી નકકી થાય છે તેમ ગુજરાત અને ભારતની પ્રજા વારંવાર અમને સર્ટીફીકેટ આપી ચૂકી છે. આજ પક્ષ સક્ષમ છે, આ જ નેતા સક્ષમ છે. તેમને જ પાસ કરી છે, છેક પૂર્વમાં, શાંતિ રાખો, બધું કહીશ. સમજ હોય તો સાંભળો ન હોય તો બેસો. આ પહેલો જવાબ આપ્યો કે ત્રાડ પાડનાર કયાં ગયા તો એ ત્રાડ પાડનારા દિલ્હી ગયા અને દુનિયા તેની ત્રાડો સાંભળે છે. આ એમનો પહેલો જવાબ છે.

એમણે પ્રશ્નોની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે અમે તે વખતે વિરોધપક્ષમાં હતા. કોંગ્રેસની સરકાર હતી દિલ્હીમાં અમારા સંસદ સભ્યો ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા હતા ૨૬-૨૬ સભ્યો અને રાજયસભાના તમામ સભ્યો ગુજરાતના પડતર પ્રશ્નોની તેઓને પ્રશ્નોની યાદી આપતા હતા. તેની રજૂઆત થાય, ફોલોઅપ થાય, એમાંથી ધીમે ધીમે એકાદ બે સોલ્વ થાય અને એક બે નવા પ્રશ્નો ઉમેરાય. માનનીય વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇએ જે પ્રશ્નો ઉભા કર્યા છે એની મને ખબર નહોતી મને એમ હતું કે તેઓ માર્ગ અને મકાન વિભાગ વિશે બોલશે પરંતુ મેં ઝડપથી અહીંયા બેઠા બેઠા પ્રશ્નોની યાદી બનાવી છે એમાં ગુજરાતને ખૂબ જ લાભ થયો છે અનેક ગણો લાભ થયો છે એના માટે સ્પેશ્યલ સત્ર બોલાવીને પણ જો ચર્ચા કરીએ તો પણ સમય ઓછો પડે. નર્મદા યોજના વિશે વારંવાર અમે આ હાઉસમાં કહ્યું છે અને વારંવાર કહીશ, તમે જીવ ત્યાં સુધી તમારે સાંભળવું પડશે કે તમે દોષિત છો, તમે *(×××) કર્યું છે. નર્મદા યોજના વિશે અહીંયા કંઇ બોલે અને ત્યાં કરે કહી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ.

સભાપતિશ્રી : *(×××) કર્યું છે એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષે નુકસાન કર્યું છે. મારી પૂરી વાત સાંભળ્યા પછી આપને એમ લાગે તો કાઢી નાખજો. ૧૯૬૦માં જે તે વખતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આનું ખાતમૂહર્ત કર્યું. ૧૦૬૦માં આ યોજનાનું કામ ચાલુ કરીને ૧૯૭૦માં પાંચ હજાર કરોડ રૂપિયામાં પૂરી કરવાની હતી. કોંગ્રેસની નિષ્કાળજી, ગુનાહિત બેદરકારી અને ગુજરાત પ્રત્યે ઓરમાયું વર્તન, આ યોજનાનું નામ સરદાર વલ્લભભાઇ સાથે જોડાયેલું હતું. જો આ યોજના પૂરી થાય તો જવાહરલાલ નહેરુ કરતાં સરદાર વલ્લભભાઇનું નામ આગળ નીકળી જાય એટલા માટે આ યોજના વિલંબમાં નાખી અને કામ થવા દીધું નહિ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ આ ગૃહના સભ્ય છે એમને ખ્યાલ હોવો જોઇએ કે કોંગ્રેસની ટીકા કરે છે તો સરદાર પટેલની ટીકા કરી રહ્યા છે. સરદાર પટેલ કોંગ્રેસના હતા. તમે સરદારની ભૂમિમાં સરદારની ટીકા શા માટે કરો છો? આ ગુજરાત તમને સવાલ કરે છે એટલી મારી વિનંતી છે.

---

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અત્યારે મારો જવાબ સાંભળો. સરદાર વલ્લભભાઇ પટેલ જેવા મહાન નેતાની ચર્ચા કરવી હોય તો એના માટે એક દિવસની બેઠક બોલાવવી પડે. ૧૯૪૯માં સરદાર વલ્લભભાઇ પટેલનું અવસાન થયું. સરદાર વલ્લભભાઇનું સ્વપ્ન હતું કે નર્મદા યોજના બને એ પૂર્ણ થાય જેથી મારી ગુજરાતની ભૂમિ એની જનતા સુખી થાય, સમૃદ્ધ થાય, ગુજરાતની પ્રજાને પીવાનું પાણી મળે, ખેડૂતોના ખેતરોમાં પાણી મળે, પશુઓને પાણી મળે એ એમનું સ્વપ્ન હતું એમની કલ્પના હતી એને તમે દબાવી દીધી હતી. માનનીય પરેશભાઇ, આપ અત્યારે નહિ પરંતુ શાંતિથી ઘરે જઇને વિચાર કરજો તો ચોક્કસ તમને મનમાં થશે. એમની અંતિમ ઇચ્છા હતી કે સરદાર સરોવર બંધ બને એને કોણે ન પૂરી થવા દીધો, એની છેલ્લી ઇચ્છા પૂરી ન કરી તો સરદાર વલ્લભભાઇનું અપમાન કોણે કર્યું એ તમે વિચારજો મારે એમાં કંઇ કહેવું નથી. સરદાર વલ્લભભાઇ પટેલનું જે સ્વપ્ન હતું એ અમારા વડાપ્રધાન, અમારા નેતા માનનીય નરેન્દ્રભાઇ મોદીએ પૂર્ણ કર્યું અને સરદાર સરોવર યોજના પૂરી થઇ એનો શ્રેય સોએ સો ટકા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને અમારી કેન્દ્રની એન.ડી.એ.ની ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે એમાં કોઇ વિવાદ કરવાનો રહેતો નથી.

બીજી પણ નર્મદા યોજનાની વાત કરી છે. એમનો બીજો પ્રશ્ન પણ નર્મદા યોજના માટે કેન્દ્રમાંથી ગ્રાન્ટ મળવા અંગેનો હતો. મારે એમાં જણાવવું છે કે દુષ્કાળગ્રસ્ત વિસ્તારની કેનાલો અને રણ વિસ્તારમાં કેનાલો બને. તેની ભારત સરકારની વ્યાખ્યા જુદી હતી. આપણે ત્યાં બનાસકાંઠા, સુરેન્દ્રનગર જિલ્લો દુષ્કાળગ્રસ્ત વિસ્તાર, કચ્છ જિલ્લો એ પણ પાણીની અછત વાળો વિસ્તાર, પણ જોગવાઇ–વ્યાખ્યા એવી હતી કે ગ્રાન્ટ જુદી જુદી મળતી હતી. એ વખતે અમે કેન્દ્રની યુ.પી.એ. સરકારમાં માગણી કરી હતી. એ વ્યાખ્યા બદલો અને એ વ્યાખ્યા સુધારી ગુજરાતને નર્મદાની કેનાલ બનાસકાંઠામાં પાણીની તકલીફ, કચ્છમાં પાણીની તકલીફ. કચ્છમાં કેનાલ બને તો ઓછી ગ્રાન્ટ, બનાસકાંઠામાં કેનાલ બને તો વધુ ગ્રાન્ટ એ ભેદભાવ ના રાખશો. સાહેબ, વારંવાર રજૂઆત કરી હતી પરંતુ કેન્દ્રની એ વખતની કોંગ્રેસની સરકારે ગુજરાતની એ માગણી નહોતી સ્વીકારી. નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન થયા, માગણી કરેલી હતી. સાહેબને આ બધું ધ્યાનમાં હતું. સાહેબ, એ વ્યાખ્યા કેન્દ્ર સરકારે નરેન્દ્રભાઇ આવ્યા પછી સુધારી દીધી અને તેના કારણે ગુજરાતને ૫૦૦ કરોડ રૂપિયા કરતા વધુ રકમ કેન્દ્ર સરકારમાંથી ભાજપની સરકાર દ્વારા મળી. હવે આ કામ થઇ ગયું હોય તો આ થઇ ગયેલું કામ એ ઉઘરાણીમાં આવે ખરું? એટલે એ કેન્સલ થયું. એવી જ રીતે તેના કરતા (અંતરાય) બધું જ કહું. બેસોને પરેશભાઇ, એવું ન હોય. મેં તમને સ્હેજ પણ ડિસ્ટર્બ નથી કર્યા. ધીરજ રાખવી પડે. વિપક્ષના નેતા છો તો ધીરજ રાખો. આ બધા નવા નવા છે બરાબર છે. કોલેજમાંથી સીધા ધારાસભ્ય થયા, બરાબર છે. ઉત્સાહી હોય. બધું કહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજું મોટું નુકસાન ગુજરાતને અગાઉ કેન્દ્રની કોંગ્રેસની સરકારે કરેલું. આસામમાં ક્રુડ ઓઇલ નીકળે તેની રોયલ્ટી પહેલાં ગુજરાત જેટલી જ મળતી હતી. ગુજરાત અને આસામની સરખી હતી પણ ગુજરાત કેટલાક લોકોને નહોતું ગમતું. ગુજરાતની જમીનમાંથી ઓ.એન.જી.સી. જે તેલ કાઢે એની રોયલ્ટી જુદી અને આસામ જે તેલ કાઢે, કારણ કે આસામમાં કોંગ્રેસની સરકાર હતી. અત્યારે એ પણ જતી રહી. ત્યાં પણ ભાજપ આવી ગયું છે. એટલે એ ભેદભાવ હતો. અમે કોર્ટમાં લડ્યા. ગુજરાત હાઇકોર્ટે ગુજરાત સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો. કોંગ્રેસની સરકાર સુપ્રિમમાં ગઇ. કેસ ચાલતો હતો દરમ્યાનમાં કેન્દ્ર સરકાર બદલાઇ. નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા. અમારા મંત્રીઓએ મોદી સાહેબને બધી વિગતો આપી. સાહેબે કહ્યું કે તમે મંત્રીઓને મળી લો. અમારા માનનીય સૌરભભાઇ એ વખતે આ વિભાગ સંભાળતા હતા. ત્યાં મિટિંગ કરી, ચર્ચાઓ કરી. બધી વિગત આપી કે આ ભેદભાવ. આસામમાં ક્રુડ નીકળે તેની રોયલ્ટી જુદી અને ગુજરાતમાં નીકળે એની રોયલ્ટી જુદી. કેન્દ્ર સરકારે જે નિર્ણય કર્યો, આપણને, ઓ.એન.જી.સી.ને મદદ કરી, સૂચના આપી કે સુપ્રિમ કોર્ટમાં તમે એફિડેવીટ કરો કે આ ભૂલ હતી. સુધારી લેવામાં આવે છે. કેસ ગુજરાત સરકારની તરફેણમાં આપો. એ કામ પતી ગયું. સાહેબ, કેટલી રકમનો ગુજરાતને ફાયદો થયો એ આપને કહું. ૭,૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતને વધારાના મળ્યા. આ તમારી કેન્દ્રની સરકાર હતી, કોંગ્રેસની. આ તમે બધા વાત કરો છો, એણે ૭,૦૦૦ કરોડનું ગુજરાતને નુકસાન કર્યું હતું. ૭,૦૦૦ કરોડ એટલે એ વખતના તમારા બે વિભાગના બજેટ થાય. એટલી રકમ આ લોકોએ આપણને નહોતી મળવા દીધી. અમારી સરકાર આવી. ૭,૦૦૦ કરોડ મળ્યા. હવે કહો, નરેન્દ્રભાઇએ ફાયદો કર્યો કે ન કર્યો? ખાલી હા કે ના કહો. (અંતરાય)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શું ના, ના કરો છો? ૭,૦૦૦ કરોડનું નુકસાન થયું? શું વાત કરો છો તમે લોકો? આવું ને આવું કરશો તો તમે બધાં, સારું છે કે તમને ત્યાં જ બેસાડ્યા છે. જો અહીં બેસો તો ગુજરાતનું ૭,૦૦૦ કરોડ જેવું દેવાળુ જ ફૂંકાવડાવો તમે. એટલે તમે ત્યાં જ બરાબર છો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : મેં પૂછેલા સવાલો ન હોય તો આ બૂક મોકલું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે કોઇ બૂક નથી લેવી. મારા મગજમાં બધું છે જ. બીજી વાત કરી. મોદી સાહેબ ગયા. ત્યાં માગણી હતી. ઓખાથી બેટદ્વારકા. બેટદ્વારકા ભગવાનની પવિત્રમૂભિ. દર વર્ષે ત્યાં લાખો યાત્રાળુઓ દર્શન કરવા આવે. ત્યાં જમીન માર્ગ નથી. ફક્ત હોડકાઓથી જવું પડતું હતું. હોડકાઓ ચોમાસાની સિઝનમાં બંધ થઇ જાય વગેરે વગેરે. શ્રી નરેન્દ્રભાઇ ત્યાં ગયા, એમના મનમાં આ બધુ જ હતું. કોઇ માગણી કરી નથી. ઓખાથી બેટ દ્વારકા સુધીનો ભારતનો બેસ્ટ પુલ જે બનશે એના ટેન્ડર મંજૂર થઇ ગયા છે. તમારા જેવા કોઇ વાયદા બજાર નહીં. રૂપિયા સાતસો કરોડ એક જ બજેટમાં માનનીય નરેન્દ્રભાઇએ મંજૂર કર્યા. એ કામ ચાલુ થઇ ગયું. ભારતનો બેસ્ટમાં બેસ્ટ, લાંબામાં લાંબો ઓખાથી બેટ દ્વારકા જવાનો પુલ સો

ટકા ભારત સરકારના ખર્ચે આપણને બનાવી આપવાની મંજૂરી મળી ગઇ. આ ફાયદો થયો કે ન થયો ! બીજું સાહેબ, આપણને બધાને ખબર છે કે આપણું આખુ સૌરાષ્ટ્ર, એમને ગાંધીનગર આવવું હોય, અમદાવાદ આવવું હોય, ઉત્તર ગુજરાતમાં જવું હોય, રાજસ્થાન જવું હોય, શ્રીનાથજી, શામળાજી જ્યાં જવું હોય, આપણા સરખેજથી ગાંધીનગરનો હાઇવે ચાર માર્ગીય એ સાંકડો પડતો હતો. અહીંયાં માનનીય સભ્યશ્રીઓએ ખૂબ ચિંતા વ્યક્ત કરી છે. અકસ્માતો ન થાય એ માટેના સૂચનો કર્યા છે. રોડ પહોળા કરવા, પુલો બનાવવા વગેરે વગેરે. ભારત સરકારમાં, કેન્દ્ર સરકારના મંત્રી શ્રી ગડકરીજીને મેં વિનંતી કરી, હું માનું છું કે આખા દેશમાં પહેલીવાર ટોલ લીધા સિવાય સરખેજથી ગાંધીનગર, ચીલોડા સુધી ૪૫ કિ.મી.નો રસ્તો છ માર્ગીય બનાવવાનો, બધા ફ્લાય ઓવર બનાવી દેવાના, એકપણ જગ્યાએ ચાર રસ્તા નહીં, એ રસ્તો લગભગ સાડા સાતસોથી આઠસો કરોડ રૂપિયાનો મંજૂર કર્યો. એમાં અડધી રકમ ભારત સરકાર આપે એ રીતે આપણે સ્પેશિયલ કેસમાં મંજૂર કરાવ્યો. આ ફાયદો થયો કે ન થયો ! આવા તો અનેક દાખલા. કોંગ્રેસ સરકાર વખતે ખાતરની તંગી રહેતી હતી. ખેડૂતોને લાઇનમાં ઉભા રહેવું પડતું હતું. આજે ખાતરની તંગી બંધ થઇ ગઇ. ખેડૂતો માગે ત્યારે ખાતર મળતું થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બૂલેટ ટ્રેનની વાત કરવી છે. ઘણા લોકોને લાઇટ બહુ મોડી થતી હોય છે. સ્ટાર્ટર વીક પડી ગયું હોય એટલે ઝબકારા માર્યા કરે. પણ ટ્યુબ લાઇટ ન થાય. મારે નામ નથી દેવું. અહીં બેઠેલા બધા સમજે છે. સ્વીચ પડે અને ફટ દઇને લાઇટ થાય એવું અમુક લોકોને નથી. આ બૂલેટ ટ્રેન એક લાખ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મોદી સાહેબે કોને આપ્યો. ઓ થઇ જાય. તમે કદી સાંભળ્યું જ ન હોય. એક સભ્યને મેં કહ્યું કે એક લાખ કરોડ તો કહે ઓ. તમે કલ્પના જ કરી શકતા નથી કે આવા પણ પ્રોજેક્ટ હોય! મામુલી રકમની, નજીવા રકમની જાપાન સરકાર સાથે જે મિત્રતા શ્રી મોદી સાહેબે કેળવી એ જાપાને લોન આપી. એના કારણે અમદાવાદથી મુંબઇ. મુંબઇ કેમ પસંદ કર્યું. મહારાષ્ટ્ર મોટામાં મોટું ઔદ્યોગિક વેપારી મથક અને આ મુંબઇમાં સવા દોઢ કરોડની જે વસતિ હોય એમાં ૩૦ લાખ ગુજરાતીઓ મુંબઇમાં રહે છે. એમનું અને ગુજરાતનું જોડાણ થાય, આપણા ઉદ્યોગ ધંધા બધુ જ મુંબઇ સાથે છે એમને ઝડપથી આવનારા સમયમાં લાભ મળે એ માટે આ પ્રોજેક્ટ સો ટકા ભારત સરકાર પોતાની રીતે કરશે અને એ રીતે આપણને લાભ આપ્યો. આ લાભ જોવા જોઇએ, સમજવા જોઇએ. એરપોર્ટની વાત કરું. ચોટીલા સૌરાષ્ટ્ર માટે. સૌરાષ્ટ્રમાં ઇન્ટરનેશનલ કક્ષાનું કોઇ એરપોર્ટ નથી. ત્યાંના કોઇએ વિદેશ જવું હોય તો એમણે અમદાવાદ આવવું પડે અને બીજી ફ્લાઇટો લેવી પડે. મોટા પ્લેન ત્યાં ઉતરી શકતા નથી. ચોટીલા પાસે ભારત સરકારે રાજકોટથી નજીક સૌરાષ્ટ્રના બધા જ લોકોને લાભ મળે એ પ્રમાણેનું ઇન્ટરનેશનલ કક્ષાનું એરપોર્ટ પણ મંજૂર કર્યું. એની જમીન વગેરેની ફાળવણી પણ થઇ ગઇ. આ કરમસદ કેમ નથી લીધું. તમારી કેન્દ્રની સરકાર હતી. માહિતિ લેવી હોય તો શ્રી પરેશભાઇ લઇ લેજો. જેએનયુઆરએમ તમારી કોંગ્રેસ સરકારે બંધ કરી. હું એ વખતે શહેરી વિકાસ મંત્રી હતો. શ્રી જયપાલ રેડ્ડી તમારા કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી હતા. હું એમની પાસે ગયેલો. શ્રી મોદી સાહેબની રજૂઆત અને ભલામણ હતી. એમણે એમ કહ્યું કે, નીતિનભાઇ, હવે JNURM યોજના જ બંધ થઇ ગઇ છે એટલે અમે હવે કંઇ કરી શકતા નથી એટલે આ તમે જ બાકાત રાખ્યું. એનો જો કોઇને અપજશ હોય તો તમને જ છે કારણ કે સરદાર વલ્લભભાઇનું નામ આવે ત્યાં કોંગ્રેસ ના જ પાડે.

પોઇન્ટ ઓફ કલેરીફીકેશન

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જાણતા હોવા છતાં એક મેં સરદાર સાહેબની જન્મભૂમીને JNURMમાં જોડવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે કેન્દ્ર સરકારને સવાલ પૂછયો હતો. JNURM ચાલુ હતું. UIDSSMT ચાલુ હતું. તો માનનીય નીતિનભાઇ, એ યોજનાનો પરેશ ધાનાણીએ અમરેલીમાં લાભ લીધો છે. ભારત સરકારે એ યોજના બંધ નથી કરી. હવે બંધ થઇ હોય તો મને નથી ખબર. (અંતરાય) નથી થયું તો હવે કર્યુ કે નહીં?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : તમે ચકાસી લેજો, એ વખતે મારી રજૂઆત હતી. તમારા વખતે નથી થયું. મારી રજૂઆત હતી. મેં નીતિનભાઇને આપી હતી. નીતિનભાઇએ એ રજૂઆત કેન્દ્રમાં મોકલી હતી તો પણ એ રજૂઆત મંજૂર ના થઇ.

શ્રી પરેશ ધાનાણી : પણ નથી થયું તો હવે તમે કર્યુ? મોસાળમાં જમણવાર અને મા પીરસનાર અને તોય ગુજરાત (અંતરાય) ફરી વાર ચાલુ કરો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન આવી ગઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એની સામે અમે ઘણું વળતરરૂપ ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગના બજેટમાંથી કરમસદને આપ્યું છે અને કરમસદની જનતા અમારી સાથે છે. હમણાં નગરપાલિકાની જે ચૂંટણી થઇ એમાં પણ ફરીથી ભારતીય જનતા પક્ષની નગરપાલિકા કરમસદમાં બની છે અને વલ્લભવિદ્યાનગર જે સરદાર વલ્લભભાઇની ભૂમી ગણાય, બધી સીટો તમારે સમ ખાવા એક પણ સીટ નહીં એ ભા.જ.પ.ને મળી છે. સમયની મર્યાદા છે નહીં તો ઘણું છે કહેવા મારી પાસે. માર્ગ અને મકાન વિભાગમાં આ વખતે (અંતરાય) સરદાર વલ્લભભાઇનું મોસાળ તો નડિયાદ હતું. માર્ગ મકાનમાં અમે જે બજેટ આપ્યું છે બધા જ માનનીય સભ્યશ્રીઓની રજૂઆતની મેં નોંધ કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, મેં એક ખાસ ખાસિયત નોંધી છે કે આપ ચાબખા પણ મારો છો અને પછી મલમ પણ લગાડી દો છો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ આ આપણા સાથીઓ છે. આ ગુજરાતના પ્રતિનિધિ જ છે. એ ભૂલી જાય, મારાથી તો ના ભૂલાયને. (અંતરાય) સાહેબ, આપ નહોતા, ભુપેન્દ્રસિંહજીને વારંવાર સંત સમાન કહે છે, ઋષિ સમાન કહે છે. મને પહેલા કાકા કીધો, પછી કાલ દાદા કીધો. મેં એમને એમ કીધું કે, દાદા કહો કે પરદાદા કહો પણ અમે ગુજરાતની સેવા ચાલુ રાખવાના છીએ. અમે અહીં જ બેસવાના છીએ.

અધ્યક્ષશ્રી : મને લાગે છે, મને લાગે છે, બે વાર જે બોલું છું ને કે માગણી આપની સર્વાનુમતે જ પસાર થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જી. સાહેબ એ જ કહેવા માગુ છું. (અંતરાય) ના કરવી હોય તો ના કરતા. અમે ઘણા જ છીએ. એવો પ્રશ્ન નથી. હું હા કહું છું, પેલા ના કહે છે પછી મારે ના જ કહેવી પડેને. શું હું કરગરૂ એમને યાર? તમે વાત કરો છો તે? અમારા સભ્યો કયાં નથી તે બીજાને હું કરગરું? હું પ્રેમથી કહુ છું કે સર્વાનુમતે મંજૂર કરો. આ જે રકમ છે આખા રાજયમાં વહેંચાવાની છે. બધા જ ગામડાં, આદિજાતી વિસ્તાર, બક્ષીપંચનો વિસ્તાર, કચ્છ થી માંડીને વાપી સુધી આખું ગુજરાત આવરી લેવાના છીએ. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ગયા વખતે મેં ચાલુ કરી હતી. મને ઇચ્છા છે કે આ ૫ વર્ષમાં એટલી ગ્રાન્ટ ફાળવવી, એટલું બજેટ ફાળવવું, એટલા કામો લેવા કે આવનારા સમયમાં કોઇપણ ગામડું ગુજરાતનું જેના કાચા રસ્તા છે જેના નેળીયા માર્ગ એ પાકા રસ્તા વગરનું ના રહે એ કરવાનું કામ અમારું લક્ષ્ય છે. એમાં બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓને આવરી લઇશું. ટૂંકમાં કહી દઉ, અત્યારે આપણી પાસે જે છે, અહીંયા કોઇએ કીધું કે આ રસ્તા કયાં જતા રહ્યા? પરેશભાઇ કહેતા હતા કે રસ્તા હવામાં જતા રહ્યાં. હવે મને ખબર નથી કોણ ખાઇ ગયું કે, ખાઇ જવાય કે ના ખાઇ જવાય? (અંતરાય) એવું બધું ના હોય, પણ તમને બધી વાતનો જવાબ આપુ છું. અત્યારે નહીં, અત્યારે નહીં. (અંતરાય) સાહેબ, ગુજરાતમાં ૪૩૭૭ કિલોમીટરના છ માર્ગીય રસ્તા છે. ૫૦૬૩ કિલોમીટરના દસ મીટર પહોળા રસ્તા છે. ૧૯૨૫૧ કિલોમીટરના ડબલ રોડ છે. દ્વીમાર્ગીય. ૫૦૮૪૬ કિલોમીટરના સિંગલ પટ્ટી જેને આપણે કહીએ છીએ એ રસ્તા છે અને ૩૫૦૬૬ કિલોમીટરના નોન પ્લાનના રસ્તાઓ છે અને આ રસ્તાઓ ઉપર ૧ લાખ ૨૮ હજાર ૯૧૦ પુલો, નાળા, ઓવરબ્રીજ બધે છે. આ બધા જ આપણે તબક્કાવાર અપગ્રેડ કરી રહ્યા છીએ. ગુજરાતમાં જે ગામડાંના આપણા પ્રતિનિધઓ છે, માનનીય સભ્યશ્રીઓ છે, મને જણાવતા આનંદ થાય છે કે આપણા જે ૩૪,૨૪૫ નાના ગામો અને પરાઓ છે એમાંથી ૩૩,૪૯૭ ગામ અને પેટાપરાને પાકા ડામર રસ્તાથી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જોડી દેવામાં આવશે. જે થોડા ઘણા બાકી છે એ વન વિભાગની મંજૂરી, કોઇ કોર્ટનો સ્ટે, લોકોનો વિરોધ આવા નાના મોટા ખૂબ સ્થાનિક કક્ષાના પ્રશ્નો છે એના કારણે છે. મેં કહ્યું તેમ આદિજાતિ વિસ્તારમાં ૨૫૦થી વધારે વસતિ અને સામાન્ય વિસ્તારમાં ૫ હજારથી વધુ વસતિ ધરાવતા ગામની આપણી વ્યાખ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ટોલ ટેક્સ કાઢી નાખ્યો. કોઇ સરકારે નથી કર્યું. સમગ્ર ભારતમાં આપણે શરૂઆત કરી, આપણા પછી આપણું જોયા પછી મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રે શરૂઆત કરી. અમારી સરકારે ગુજરાત સરકાર હસ્તકના જે ટોલ રોડ છે, જે કાયદાથી બનેલા છે એ ટોલ રોડ ઉપરનો પેસેન્જર વાહનોનો ટોલ તા. ૧૫-૮-૨૦૧૬થી માફ કર્યો છે અને ખાનગી વાહન ચાલકો વતી દર વર્ષે સરકાર ૨૦૦-૨૫૦ કરોડ રૂપિયા કંપનીને ટોલ રૂપે કાયદા પ્રમાણે ચૂકવે છે. આ કોઇ કરી શકે? ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે. આ બૂક મેં બનાવી છે. બધા જ માનનીય સભ્યશ્રીઓના તમારા ખાનામાં અત્યારે મૂકાઇ જશે. પત્રકાર મિત્રોને અને ધારાસભ્યો સર્વેને અપાઇ જશે એ આપ જોઇ લેજો. મોટા મોટા ઉલ્લેખો કર્યા છે. તમામ તાલુકા, તમામ જિલ્લા એમાં અમે આવરી લે એવી ફાળાવણી કરી છે. માર્ગ અને મકાન વિભાગમાં મારે નવી જાહેરાત પણ કરવાની છે. આપણે બધા જાણીએ છીએ કે,...

અધ્યક્ષશ્રી : સભાગૃહનો સમય ૫ મિનિટ વધારવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પુલો છે એના ઉપર અત્યાર સુધી આપણે સિમેન્ટના ચણતરવાળા બેરીકેટ્સ રાખતા હતા. ક્યાંક ક્યાંક પાઇપ પણ લગાવતા હતા. અનુભવે એવું લાગ્યું, વાહન વ્યવહાર વધ્યો, મોટરો સ્પીડી બની, અદ્યતન બની. ના કરે નારાયણ અને કોઇ રેલીંગ સાથે અથડાય તો ૬૦-૭૦ કિલોમીટરની ઝડપે વાહન આવતું હોય તો એ ધક્કો ન ખમી શકે અને ઉથલી પડે. હમણાં કમનસીબ બનાવ બન્યો એ જોયું છે. અગાઉ બોડેલીમાં એસ.ટી. બસ નર્મદાની કેનાલમાં પડી હતી અને એમાં મોટા પ્રમાણમાં મૃત્યુ થયા હતા. આમ બનતું હોય છે. અમે પ્રજાની સલામતિ માટે ગઇ કાલે અમારા સચિવ વસાવા અને અધિકારીઓ સાથે ચર્ચા કરી એવો નિર્ણય કર્યો કે અત્યારે ગુજરાતના મોટા રસ્તા, સ્ટેટ હાઇ-વે છે એની સંખ્યા ૮૯૫ છે. એ સ્ટેટ હાઇવે પુલો ઉપર જે રેલીંગ અને બેરીકેટ્સ વગેરે છે એને બદલી ટેકનીકલી સાયન્ટિફિકલી ડબલ્યુ આકારની એક ગેલ્વેનાઇઝનો પટ્ટો આવે છે એ મજબૂત આવે છે એને નીચે લોખંડના ગડરથી સિમેન્ટ કોંક્રીટ અને બોલ્ટ મારી ફીટ કરવામાં આવે છે. આથી પેસેન્જર વાહન આવે તો એનો ધક્કો એ સહન કરી શકે. એની ડિઝાઇન ડબલ્યુ આકારની હોય છે. પતરું ચપટું થઇ જાય પણ ગાડીને મોટાભાગે પુલથી નીચે જવા ન દે. એટલે પ્રજાની સલામતિને ધ્યાનમાં રાખી તબક્કાવાર ૮૯૫ પુલો ઉપર હાલની તમામ રેલીંગ બદલી, પ્રજાની, વાહન ચાલકોની સલામતી માટે અમે આ રેલિંગો મજબુત જે ટેકનીકલી, સાયન્ટિફિકલી, મિકેનીકલ જે એક્ષપિરીયન્સ છે એ પ્રમાણે કરવાની જાહેરાત કરું છું. બીજી એક જાહેરાત કરું છું સાહેબ, અહીંયા સભ્યશ્રીઓએ ચિંતા પણ વ્યક્ત કરી છે. ગુજરાત સમૃદ્ધ થતું જાય છે, વાહનો વધતા જાય છે, દર વર્ષે લાખો નવા વાહનો ગુજરાતમાં ઉમેરાય છે. ચાર રસ્તા હોય ત્યાં ટ્રાફિક જામ થઇ જાય. એટલે સાહેબ અમે નક્કી કર્યુ છે કે રાજ્ય સરકારના ભારે ટ્રાફિક ધરાવતા હાઇ-વે ઉપર ચાર રસ્તા જ્યાં જ્યાં આવે છે એના ઉપર તબક્કાવાર

૩ થી ૪ વર્ષમાં શરૂઆત આ વર્ષે કરીશું. આપણું લગભગ ૭૫૦ કરોડનું બજેટ છે. તબક્કાવાર આખા ગુજરાતના મોટા હાઇ–વેના મોટા જંકશન ઉપરના તમામ જગ્યા ઉપર ગુજરાત સરકાર માર્ગ–મકાન વિભાગ તરફથી ફ્લાય ઓવર અથવા અંડર બ્રીજ જે ટેકનીકલી જરૂર હશે એ ગુજરાત સરકાર બનાવવાની જાહેરાત કરું છું અને ભવિષ્યમાં આ જંકશન, ટ્રાફિક જામ, ઝઘડા થાય, પેટ્રોલ–ડીઝલ બળે એ બધું બચી જશે. માનનીય અધ્યક્ષશ્રી, હું ત્રીજી પણ જાહેરાત કરું છું કે, દરેક તાલુકાને જિલ્લા મથકે જવાની બહુ જરૂરિયાત હોય છે. આમ તો જોડેલા જ હોય છે. તાલુકા–જિલ્લાનો ટ્રાફિક પણ ખૂબ વધી ગયો છે. એટલે અમે નક્કી કર્યું છે કે દરેક તાલુકા મથકને દરેક જિલ્લા મથકો સાથે જોડતા જે મેઇન રોડ છે એ અત્યારે ૫.૫ મીટર અથવા વધુમાં વધુ ૭ મીટર પહોળા હશે એ તમામને તબક્કાવાર ૧૦ મીટર પહોળા કરવામાં આવશે અને એના માટે ૧૦૪૫ કરોડના અંદાજીત ખર્ચે એનું તબક્કાવાર કામ કરીને આખા ગુજરાતના તમામ તાલુકાઓને જિલ્લા મથકે મીનીમમ ૧૦ મીટર પહોળા રોડથી જોડીશું. માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સામાન્ય વહિવટ વિભાગની વાત કરી લઉં. થોડો સમય આપ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ વિષે અહીંયા કહેવાયું એમ સરકારી વહીવટનું હૃદય સમાન છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : સામાન્ય વહીવટ વિભાગ તરફ જાવ છો એ પહેલા મારો એક પ્રશ્ન જે હતો. માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ રાજકીય ટીપ્પણી કરી નથી. નીતિનભાઇએ કીધું કે, તા.૧૫–૮–૨૦૧૬થી રાજ્યમાં બધા રસ્તા ઉપર ટોલ નાબૂદ કરવામાં આવ્યો પણ ગુજરાત રાજ્યના મેં જે ૧૬ જેટલા ઉલ્લેખ કર્યા એ રસ્તાઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં પરિવર્તિત કરીને ભારત સરકારના હવાલે મૂક્યા હતા એ પૈકીના ૬ જેટલા રોડને ઓસ્ટ્રેલિયન ફંડ કંપનીના હવાલે પ્રિઓકશનથી ટોલ ઉઘરાવવા માટે બી.ઓ.ટી.ના ધોરણે ફાળવી દીધા છે અને બીજા ૧૦–૧૧ જેટલા રોડ બી.ઓ.ટી.ના ધોરણે ઓકશન કરીને એ રોડ ઉપર ટોલ ઉઘરાવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી પણ ભારત સરકારે આપી દીધી છે. બધા જ રોડ ગુજરાતની ટેરીટરીમાં આવે છે તો માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરે કે આ જે મેં રસ્તાઓનો ઉલ્લેખ કર્યો છે એમાં ટોલ લેવામાં નહીં આવે એટલે આખું ગુજરાત ખુશ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બધી વાતનો જવાબ આપવા તૈયાર છું પણ આપે બે વખત ઘંટડી વગાડી એટલે મારે ચેતી જવું પડે એટલે મેં પરેશભાઇના પ્રશ્નનો (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટનો સમય વધાર્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પાંચ મિનિટમાં ના પતે સાહેબ. પ્રશ્નો કેટલા બધા છે.

અધ્યક્ષશ્રી : ૧૦ મિનિટનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા. જી. થેંક યુ. માનનીય અધ્યક્ષશ્રી, આ વાત પણ બહુ અગત્યની છે કે કેન્દ્રમાં અમે આવ્યા પછી શું ફાયદો થયો? હું આખા દેશની અને બધા રાજ્યોની વાત કરું છું ભારત સરકારે જે રસ્તાઓને નેશનલ હાઇ–વે એટલે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ડિકલેર કરે એનો આપણને ફાયદો થતો હોય છે. ફાયદો બે રીતે થાય એ રસ્તા આપણા હોય એટલે દર ૫–૭ વર્ષે એનું મેઇનટેનન્સ, એના ઉપર ખર્ચા એ રાજ્યના બજેટમાંથી કરવા પડે. ભારત સરકાર એને નેશનલ હાઇ–વે જો ડિકલેર કરે તો એનો જે રસ્તો હોય એને ૭ મીટર અથવા ૧૦ મીટર પહોળો કરવાનો સંપૂર્ણ ખર્ચો એ ભારત સરકાર આપે. અને એનાથી વધુ કે નેશનલ હાઇવે બન્યા પછી કાયમ માટે એ નેશનલ હાઇવેને રીકાર્પેટ કરવો, મેન્ટેન કરવો, કોઇ ખાડો પડયો હોય તો મેન્ટેન કરવું એનો આજીવન ખર્ચો એ ભારત સરકાર આપે છે એ ગુજરાત સરકાર ઉપરનું નાણાકીય ભારણ ઓછું થાય. યુ.પી.એ. સરકારમાં હું અગાઉ માર્ગ અને મકાન મંત્રી હતો. બહુ રજૂઆત કરતા હતા પણ કેન્દ્રની એ વખતની સરકાર ગુજરાતના રસ્તાઓને નેશનલ હાઇવેમાં બહુ માપનું કોઇને બહુ પીવડાવે તો આપણને થોડુ ચમચી ભરીને છાંટે એટલું કરતા હતા ના ન પાડતા. આપણી સરકાર આવ્યા પછી મોટા પ્રમાણમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ આપણે મંજૂર કર્યા. હવે પરેશભાઇનો જે પ્રશ્ન છે. ટોલ નીતિ ૨૦૧૪માં આખા દેશ માટે કાયદો બન્યો, બધા રાજયો માટે બન્યો. ૨૦૧૪માં જયારે કેન્દ્રમાં માનનીય મનમોહનસિંહજીની કોંગ્રેસની સરકાર હતી ત્યારે કાયદો મંજૂર થયો છે. રાજયોનો વિકાસ કરવો હોય, મોટા રસ્તા બનાવવા હોય, સિકસલેન, ઓવરબ્રીજ તો મૂડીરોકાણ લાવવું પડે એનો કાયદો બન્યો. આ કાયદો તમારી સરકાર વખતે બન્યો છે. મારે એમાં બહુ કહેવું નથી પણ આપણા જે રસ્તાઓ મંજૂર થયા એનો ટોલ એ કાયદા અંતર્ગત ઉઘરાવવામાં આવે છે એટલે એને મેં અગાઉ કીધું અગાઉ ૨૦૦ કરોડ અમે દર વર્ષે આપીએ છીએ. ગુજરાત સરકારની માલિકીના જે રોડ છે એનો ટોલ આપણે માફ કરીએ, આપણી સત્તામાં આવે છે પણ જે નેશનલ હાઇવે છે અથવા બી.ઓ.ટી.ના જે બીજા રોડ છે, જે આપણી સત્તામાં નથી આવતા, ભારત સરકારની સત્તામાં આવે છે એ એકલા ગુજરાતમાં નહીં પરેશભાઇ, આખા દેશમાં (અંતરાય) મારી વાત તો સાંભળો, હજુ તો રોડ જાહેર થયા. સાહેબ, નિયમ એવો છે રોડ બની જાય, તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર બની જાય, પુલ, રસ્તા પહોળાઇ બીજું, ત્રીજું એ પછી એનો વપરાશ ચાલુ થાય પછી ટોલ ઉઘરાવવાનો ત્યાં સુધીમાં કંપની ત્રણ, ચાર હજાર કરોડ રૂપિયા જેવો રોડ હોય એવું ઇન્વેસ્ટમેન્ટ કરે. હજુ આ ઇન્વેસ્ટમેન્ટ આવ્યું છે. ધંધા રોજગાર, મજૂરી, કપચી વેચાશે, સ્ટીલ વેચાશે કેટલો ધંધો રોજગાર વધશે એ બધું વિચારવું. આ તો જો એ કહું તો તમને વધારે પડતું ન લાગે, મોદી સાહેબ ના હોય ને

તો આ કંપની અહિંયા આવે પણ નહીં સાહેબ એ તો ત્યાંથી ભલામણ કરવામાં આવે છે કે ગુજરાતના પ્રોજેક્ટ લો એટલે બધા અહિંયા આવે છે. બાકી ના આવે આટલા બધા લોકો. બીજું કહું પરેશભાઇ, હું આપની વાતને ગંભીરતાથી લઉં છું. ગુજરાતમાં મોટા બંદરો છે. કંડલા બંદર, મુંદ્રા બંદર, પીપવાવ બંદર, અલંગ વગેરે વગેરે. ગુજરાત એવું છે પશ્ચિમ ભારતની અંદર કે રાજસ્થાનથી દક્ષિણ ગુજરાત જવું હોય તો ફરજિયાત ગુજરાતમાંથી જવું પડે. ઉત્તર ભારતમાંથી દક્ષિણ ભારતમાં જવું હોય તો ફરજિયાત ગુજરાતમાંથી જવું પડે. કંડલા બંદર કે આપણા બંદરો ઉપર દર વર્ષે કરોડો ટન માલની આયાત અથવા નિકાસ થાય છે. એ બધા ટ્રેલરો આપણે રોડ ઉપર જોઇએ છીએ. એ એક પણ ગુજરાતના નથી. બીજા રાજયોની ટ્રકો, બીજા રાજયોના ડમ્પરો, બીજા રાજયોના ટેન્કરો એ ગુજરાતમાંથી પસાર થાય એની આપણને સગવડ મળે, ધંધો વધે. પેટ્રોલ અહીં પુરાવે, હોટલો અહીં , બીજો ધંધો અહીં, આપણી રોજગારી વધે અને ટોલ ભરશે તો બહારના લોકો, મીન્સ આપણા માટે દેશ એક છે પણ બીજા રાજયોની ટ્રકોવાળા, કલકત્તા માલ જતો હોય એ અહીંથી પસાર થતો હોય તો ટોલ ભરે . રાજસ્થાનમાંથી માર્બલ લઇ જાય અને ટોલ ભરે તો ભરવા દોને. આપણને મફતમાં હજાર, હજાર, બે બે હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ ગુજરાતને મળે છે અને એની ટોલની અવધિ પૂરી થાય એટલે ટોલ ઉઘરાવવાનું બંધ થવાનું એ રોડ પબ્લિક માટે વિના ટોલે આજીવન થઇ જવાનો. તો આ બધું દીર્ઘદ્રષ્ટિથી અમારી સરકાર કરે છે અને એનો ફાયદો પ્રજાને અમે આપીએ જ છીએ અને અમે એની કાળજી રાખીએ છીએ. ગઇકાલે એક મોટો પ્રશ્ન માનનીય શૈલેષભાઇએ અને પરેશભાઇએ ખૂબ લંબાણપૂર્વક ચર્ચા કરીને ઉભો કર્યો કેટલી ભરતી થઇ, કેટલી ભરતી થઇ, તમારો જવાબ ખોટો, ગૃહને ગેરમાર્ગે દોરો છો એ વખતે પણ મેં એમના ધ્યાન ઉપર મૂક્યું હતું કે હું તમને વિગતો આપીશ અને અમારી માહિતી જુદાજુદા સમયગાળાની જુદીજુદી હોય. આજે સામાન્ય વહીવટ વિભાગમાંથી સૌથી પહેલી સ્પષ્ટતા કરું. અમે સરકારી કર્મચારીઓની ભરતી કરી છે એના મોટા મોટા આંકડા હું માનનીય સભ્યશ્રીઓને આપું છું. બે વર્ષમાં અમે જે ભરતી કરી. ભરતીની પ્રક્રિયા એવી છે અહીયા સભ્યશ્રી ચાવડાજીએ કહ્યું એમની વાત સાચી છે. બહેને પણ કહ્યું. કોઇ વિભાગની જગ્યા ખાલી પડે તો તે જી.પી.એસ.સી.ને ઇન્ડેન્ટ મોકલે. ગૌણ સેવાને મોકલે. એમની પાસે ભરતીના અનેકગણાં કામ હોય. ઇન્ટર્વ્યૂ લેવાના હોય, અનામતનું રોસ્ટર જાળવવાનું હોય, કોર્ટના કેસોની ખબર રાખવાની હોય, કોર્ટના ચુકાદાની ખબર રાખવાની હોય, બધુ કરતા કરતા ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાની હોય છે. ઇન્ડેન્ટ મોકલ્યું એ તબક્કો પરીક્ષાઓ લેવાઇ ગઇ બીજો તબક્કો, ઇન્ટર્વ્યૂ થાય ત્રીજો તબક્કો, ઉમેદવારોને જાણ કરાય કે તમે પસંદ થયા છો તમે અહી આવી જાય. ઘણા કિસ્સાઓ એવા હોય છે કે ઉમેદવારને અમે જાણ કરીએ તમે ફલાણી જગ્યાએ જુનિયર ક્લાર્કમાં પસંદ થયા, તો એ એની પહેલા એ હોંશિયાર છોકરો કયાંક મામલતદારમાં પસંદ થઇ ગયો હોય. પાછી વળી એ જગ્યા ખાલી પડે એનું વેઇટિંગ લિસ્ટ બને. ફરી પાછી ભરતી પ્રક્રિયા. સી.જે. ચાવડા જાણે છે અધિકારી રહી ચૂક્યા છે. અમારા સભ્યો પણ જાણે છે. લાંબી પ્રક્રિયા છે. પણ હવે ભરતી પૂરી કરી છે. ગૃહ વિભાગમાં ૨૫,૫૫૦ જગ્યાઓ ભરી. પંચાયત વિભાગમાં ૧૧,૫૬૩ જગ્યાઓ ભરી. શિક્ષણ વિભાગમાં ૯,૦૦૦ જેટલી જગ્યાઓ ભરી. મહેસૂલ વિભાગમાં ૩,૧૬૬ જગ્યાઓ ભરી. આરોગ્ય વિભાગમાં ૧૮૭૪ જગ્યાઓ ભરી. વન પર્યાવરણમાં ૧૪૮૪ જગ્યાઓ ભરી. આ સિવાય ખાતાના વડાની કચેરીઓમાં જે જગ્યાઓ ભરી એ ૩૬૯ ભરી અને જુનિયર ક્લાર્ક ૪૩૦૦ ભર્યા. અને સરકારે જેને ગ્રાન્ટ આપી એ ખાનગી કંપનીઓ છે, નિગમો છે એવા બોર્ડ નિગમોમાં અંદાજે સાતેક હજાર કર્મચારીઓની ભરતી થઇ. આમ લગભગ ૭૫,૦૦૦ કરતા વધુ પ્રોસેસ નવી ભરતીની ચાલુ જ છે. પૂરી થશે. ૮૦,૦૦૦ કરતા વધુ ભરતી, ૭૫૦૦૦ તો ઓલરેડી અમે આપી. આ ૨ વર્ષમાં. હું ફરી કહું છું. (અંતરાય) તમે મારી વાત સાંભળો. આ આંકડા ગૃહમાં જ આપું છું. હું ગૃહમાં જ બોલું છું. હું પરેશભાઇ, અધિકૃત રીતે જ બોલું છું. હું આપને કહું હું અહીયા જવાબ આપું. નિરંજનભાઇ સાંભળો. હું કહું પેટલાદનો નિરંજનભાઇનો રોડ મંજૂર કર્યો તો શું બીજા દિવસે ડામર પથરાઇ જાય? એ તો એના પ્લાન બને એના ટેન્ડર બહાર પડે, ટેન્ડર ભરાય, ટેન્ડર ખુલે, કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર અપાય, પછી બીજા દિવસે નિરંજનભાઇ કાગળિયું લઇને આવી જાય તમે અમારો રોડ મંજૂર કર્યો જે હજુ થયો નથી. આવું બધું પ્રક્રિયાને સમજવી પડે. તમે જૂના છો. પ્રક્રિયા તો સમજો આ પ્રમાણે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે સ્પષ્ટતા એટલા માટે કરવી છે કે આ સન્માનનીય ગૃહમાં ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૭ રાજ્યના જિલ્લાવાર આંકડાઓ સરકારે આપની મારફત મૂક્યા હતા. એ ૧૨૦૦૦ (અંતરાય) નીતિનભાઇ સાંભળો. તમને મેં શાંતિથી સાંભળ્યા. મારા પ્રશ્નનો તમને સમય વધારી દીધો હતો તે જવાબ નથી આપી શક્યા. ૧૨૮૬૯ ની ભરતી કરી એવું સરકારે આ ફ્લોરમાં સ્વીકાર્યું. આજે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સ્પષ્ટતા કરવા ઊભા થયા છે. માનનીય ગૃહના નેતાએ પણ આ ગૃહમાં એમ કહ્યું કે અમે છેલ્લા એક વર્ષમાં ૮૦,૦૦૦ કરતા વધુ લોકોને નોકરીઓ આપી. ગૃહના ઉપનેતાએ તત્કાલીન સમયે કહ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં અમે ૮૦,૦૦૦ કરતા વધુ લોકોને નોકરી આપી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૮૬૯ એ બે વર્ષનો સરકારી આંકડો છે. અત્યારે પણ મંત્રીશ્રી છેલ્લા બે વર્ષનું કહે છે ત્યારે મારે માનનીય નીતિનભાઇને કહેવું છે કે કેલેન્ડર વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ આ સ્પેસીફીક છે. આમાં કયાંય આપની ભૂલ ન હોય અને આંકડાઓની ભૂલ હોય તો ગૃહમાં આ આંકડાઓની શુદ્ધિ થઇ જાય, અમારો કોઇ આરોપ નથી પણ ભવિષ્યમાં આંકડાઓની વિશ્વસનીયતા ઉપર ગુજરાતની જનતાને સવાલ ન થાય એવી સ્થિતિ આપણે સૌએ સાથે મળીને આ ગૃહમાં ઉભી કરવી જોઇએ. એટલે આપણે ગૃહમાં સ્પષ્ટતા કરી દેજો કે આ મંજૂર કરી છે કે નોકરી આપી છે? મંજૂર કરવું અને નોકરી આપવી તે બેમાં તફાવત છે. મંજૂર તો સૈદ્ધાંતિક મંજૂરી મળે તે છે. તેના પછી ભરતીની પ્રક્રિયા થાય અને પછી દર ચૂંટણી આવે ત્યારે ભરતી કરીએ છીએ તો પણ જગ્યાઓ ખાલી જ રહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વારંવાર ચોખવટ કરી છે કે આ ભરતી થઇ ગઇ છે. કર્મચારીઓ ફરજ ઉપર આવવા માંડયા છે. તેમને પગાર મળતો થઇ ગયો છે અને તેમના ઘરમાં આનંદ થઇ ગયો છે. તમે અમારું આ બધુ સ્વીકારો. એકની એક વાત અમે કહીએ છીએ. ઓર્ડર અપાઇ ગયા છે, ભરતી થઇ ગઇ છે અને લોકો કામ ઉપર, ફરજ ઉપર આવી ગયા છે. આ આંકડા આપ્યા છે તે ફરજ ઉપર આવી ગયેલાના છે. પ્રોસેસ ચાલુ છે તે જુદા છે. મેં કહ્યું તમે સમજો. ઇન્ડેન્ટ મોકલવું તે પ્રક્રિયા મેં તમને કહી છે. મારે વધારે સમય તેમાં નથી લેવો. આ મેં જે આંકડા આપ્યા છે તે ઓલરેડી સરકારની નોકરીમાં આવી ગયેલા કર્મચારી/અધિકારીની મેં વિગતો આપી છે.

અધ્યક્ષશ્રી: હવે આની લાંબી ચર્ચા ન હોય, મારી વાત સાંભળો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રીને મારી એટલી વિનંતી છે કે તેમણે જે આંકડા ટાંકયા છે તે પછી વિભાગમાં હોય, બોર્ડ, નિગમ, કોર્પોરેશનમાં જયાં નોકરી આપી અને તે લોકો નોકરી કરવા માંડયા છે તો એનું આખું કોષ્ટક ડીટેઇલ વિભાગવાઇઝ આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકશે તો આનંદ થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૭૦ હજાર લોકોનું અહીં ન હોય.

અધ્યક્ષશ્રી : આવી પ્રથા ન હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી આપના સમક્ષ મૂકે. આ વિધાનસભાની કામગીરીનો મુદ્દો છે. આ વિધાનસભાની કામગીરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જયારે ફલોર ઉપર કહેતા હોય તે પછી તેનાથી વિશેષ ન હોય. તે અપેક્ષા વધારે ન હોઇ શકે. આમાં ન હોઇ શકે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય રેકર્ડ ઉપર મૂકે એટલે સ્પષ્ટતા થઇ જાય.

અધ્યક્ષશ્રી : આમાં વધારે ન હોઇ શકે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજું પચતું નથી, સ્વીકારતા નથી. તમે સ્વીકારવાનું ચાલુ કરો, અહીં ૭૦ હજારનો જવાબ ન અપાય. વિભાગ પાસે માગજો. આ કોંગ્રેસમાં ખરેખર કહું તો ખોટું ના લગાડતા પરેશભાઇ. તમારી, શૈલેષભાઇ અને અમિતભાઇ બધાની એવી હરિફાઇ છે કે હું જ કરી દઉં, હું જ કરી દઉં. એટલે તમે એકનું એક વારંવાર બોલ બોલ કરો છો. આ બોલે તો આ બોલે, આ બોલે તો આ બોલે. કાલે આ પ્રશ્ન શૈલેષભાઇએ ઉપસ્થિત કર્યો હતો.

અધ્યક્ષશ્રી : જોષીકાકા આપ બેસી જાઓ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ હું તો એમની સામે જ બેસું છું. કાલનું રેકર્ડ આપ સાહેબ જોઇ લેજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટતા માગવાનો અધિકાર છે અને અમે વિનંતી કરીએ છીએ આપના મારફત કે એવી પરંપરાઓ ઉભી ન થાય કે ભવિષ્યની અંદર કોઇ આંકડાઓથી અવિશ્વસનીયતા ઉભી થાય. આપે કર્યુ છે તો ગુજરાતને બતાવવામાં વાંધો શું છે નીતિનભાઇ. આપ બતાવો ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બતાવ્યું નથી તો શું કર્યુ? આ રેકર્ડ ઉપર છે. આ રેકર્ડ કહેવાય. પરેશભાઇ આ રેકર્ડ કહેવાય. કોઇ મંત્રી અહીંયાં બોલે તે રેકર્ડ જ કહેવાય.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર બોલેલી વાત છે. તે આધારભૂત કહેવાય એટલે તેને ચેલેન્જ ના કરી શકાય. પ્લીઝ આનાથી વિશેષ કોઇ ખુલાસો ન હોઇ શકે. તમારે જે કહેવું હતું તે બધાએ કહ્યું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે કહેવું હતું તે કહી દીધું અને અમારી આ માગણીઓ મંજૂર કરે તેવી હું ગૃહને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ હવે બીજું કંઇ કહેવાનું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની ઇચ્છા હોય તો મારી સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે કે માર્ગ અને મકાન વિભાગ તથા સામાન્ય વહીવટ વિભાગનું બંને બજેટ સર્વાનુમતે મંજૂર કરે. અમારું હૃદય તો વિશાળ છે. આપણે આખા રાજયમાં રસ્તા આપવા છે.

અધ્યક્ષશ્રી : એક ઇતિહાસ સર્જાય ગુજરાતમાં.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગરમ થઇ જાય છે.

અધ્યક્ષશ્રી : ગરમ નથી. તમે સારા જ છો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય પંકજભાઇએ કહ્યું કે મંત્રીશ્રીનો જવાબ પૂરો ન થાય ત્યાં સુધી ગૃહ વધારો તો અમે તેના માટે હા પાડી હતી. આનાથી વધારે અમે શું કરીએ? તો પણ અમારો જવાબ ન મળે.

અધ્યક્ષશ્રી : સર્વાનુમતે નહીં?

શ્રી પરેશ ધાનાણી : ના સર્વાનુમતે નહીં.

અધ્યક્ષશ્રી : તમે હમણાં આટલા બધા સારા ખાનદાની હતા તો હવે આવું શું કરો છો. હું વિનંતી કરું. આજે ઇતિહાસ સર્જાય.

## તા. ૯મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪,૩૫, ૩૬, ૩૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૩૦, ૩૧, ૩૩, ૮૫, ૮૬, અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત

મહિલા ધારાસભ્યશ્રીઓને એક કરોડ રૂપિયાના કામના જોબ નંબર આપવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જાહેરાત કરવાની છે જેથી બહેનોને આનંદ થાય. ગઇકાલે વિશ્વ મહિલા દિનની આપણે ઉજવણી કરી હતી ત્યારે જ મારે જાહેરાત કરવી હતી પણ આપણા બધા મહિલા ધારાસભ્યશ્રીઓ મહિલા સંમેલનમાં હતા, બધી બહેનોને ગયે વખતે પણ અમારા માર્ગ અને મકાન વિભાગ તરફથી એક ભેટ આપી હતી તે મુજબ આ વરસે પણ મહિલા ધારાસભ્યશ્રીને એમના વિસ્તારમાં એક કરોડ રૂપિયાના વધારાના જોબ નંબર આપવામાં આવશે એની હું જાહેરાત કરું છું. જે મળે છે એના ઉપરાંત એક કરોડ રૂપિયાના જોબ નંબર આપવામાં આવશે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

વિધાનસભાની બેઠકોના સમયમાં ફેરફાર કરવા અંગે

અધ્યક્ષશ્રી : આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આજે ઘણી જાહેરાતો કરી છે ત્યારે મારે પણ એક જાહેરાત કરવાની છે. વિધાનસભાની બેઠકોના સમયમાં ફેરફાર કરવા બાબતમાં ઘણા બધા માનનીય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ વિગેરે તરફથી મને સૂચનો કરવામાં આવ્યા હતા. આ સંબંધમાં આજરોજ મેં શાસક તથા વિપક્ષના દંડકશ્રીઓ સાથે ગંભીરતાપૂર્વક ચર્ચા વિચારણા કરી હતી અને લાંબા સમયથી ચાલી આવતા ગૃહની બેઠકોના સમયમાં ફેરફાર કરવાનો મેં નિર્ણય કર્યો છે. આ ફેરફાર મંગળવાર, તારીખ ૧૩–૩–૨૦૧૮ના રોજથી અમલી બનશે, સોમવાર તારીખ ૧૨–૩–૨૦૧૮ના રોજની બેઠક રાબેતા મુજબ ૧૨–૦૦ વાગે જ મળશે. સામાન્ય રીતે, સોમવારથી ગુરૂવાર દરમિયાન જ્યારે ગૃહની એક બેઠક હોય ત્યારે બેઠકનો સમય બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૧૫ વાગ્યા સુધીનો હોય છે અને તેમાં બપોરના ૨–૩૦ થી ૩–૧૫ વાગ્યા સુધી પોણો કલાકનો વિરામનો સમય રાખવામાં આવતો હતો, તેના બદલે સોમવારથી ગુરૂવાર દરમિયાન ગૃહની બેઠકનો સમય સવારે ૧૧–૦૦ થી સાંજના ૪–૩૦ વાગ્યા સુધીનો અને તેમાં ૧–૩૦ થી ૨–૩૦ સુધી વિરામ રાખવાનો મેં નિર્ણય કર્યો છે.

હંમેશની પ્રથા મુજબ અઠવાડિયાના છેલ્લાં કામકાજના દિવસે ગૃહની બેઠક સવારના ૮–૩૦ થી બપોરના ૧–૦૦ સુધી અને તેમાં ૧૦–૩૦ થી ૧૧–૦૦ વાગ્યે વિરામ રાખવામાં આવતો હતો તેના બદલે હવે આ બેઠક સવારના ૯–૩૦ થી બપોરના ૨–૦૦ વાગ્યા સુધી અને તેમાં વિરામ સમય સવારે ૧૧–૩૦ થી ૧૨–૦૦ સુધીનો રાખવાનો મેં નિર્ણય કર્યો છે.

સત્ર દરમિયાન જે દિવસે ગૃહની બે બેઠકો રાખવાનું આયોજન હોય ત્યારે ગૃહની પહેલી બેઠકનો સમય સવારે ૯–૩૦ થી બપોરના ૨–૦૦ વાગ્યા સુધી અને તેમાં વિરામ ૧૧–૩૦ થી ૧૨–૦૦ સુધી રાખવાનો મેં નિર્ણય કર્યો છે. ગૃહની બીજી બેઠક બપોરના ૩–૦૦ થી ૭–૩૦ દરમિયાન રાખવામાં આવશે અને તેમાં ૫–૦૦ થી ૫–૩૦ સુધી વિરામ રહેશે.

ગૃહની બેઠકોના સમયમાં થયેલા ફેરફારની નોંધ લેવા સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે અને સોમવારે આ જાહેરાતની નકલ પીજીયન બોક્સની અંદર પણ મૂકી દેવામાં આવશે.

ફરીવાર જણાવું છું કે સોમવારે બપોરે ૧૨–૦૦ વાગ્યાની જ બેઠક છે અને નિયત કર્યા મુજબનો જે કાર્યક્રમ જાહેરાત થયેલો છે તે પ્રમાણે જ ચાલશે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૨૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૧, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા શાળાનું સંચાલન

* ૪૭૩૭ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા ક્યા પ્રકારની કેટલી શાળાઓનું સંચાલન કરવામાં આવે છે, (૨) આ શાળાઓની તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ સંખ્યા કેટલી છે, અને | (૧) અને (૨) એકલવ્ય મોડેલ રેસીડેંસીયલ પ્રકારની ૨(બે) શાળા, કન્યા સાક્ષરતા નિવાસી પ્રકારની ૮ (આઠ) શાળા અને મોડેલ પ્રકારની ૩(ત્રણ) શાળા એમ ૧૩(તેર) શાળાઓ. |
| (૩) આ શાળાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલા છાત્રો અને છાત્રાઓ અભ્યાસ કરે છે ? | (૩) ૧૧૩૮ વિદ્યાર્થીઓ અને ૩૨૬૩ વિદ્યાર્થીનીઓ. |

શ્રી રમેશભાઈ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આજથી ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલુ થઇ છે. સૌ પ્રથમ સરકારનો આભાર માનુ છું અને સાથે સાથે અભિનંદન પાઠવું છું. ગુજરાતમાં આદિવાસી વિદ્યાર્થીઓની ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે ત્યારે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૧૩ શાળાઓ દાહોદ જિલ્લામાં શરૂ કરવામાં આવી છે. મારો પ્રશ્ન એ છે કે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા કયા હેતુથી અને કયારથી આ શાળાઓ શરૂ કરવામાં આવી છે?

શ્રી રમણલાલ ના. પાટકર : આજે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે ગયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીએ પણ એ બાળકોને અભિનંદન આપ્યા છે હું પણ દરેક બાળકોને અભિનંદન આપું છું. ગુજરાત રાજયની અંદર કુલ ૧૪ ટ્રાયબલ જિલ્લાઓ આવેલા છે. અને આઝાદીના ૭૦ વર્ષ થયા, મીડ ટાઇમ પણ શિક્ષણની અંદર આદિવાસી બાળકો આગળ આવવા જોઇએ એ ઉદ્દેશ સાથે એક સોસાયટીની રચના કરવામાં આવી અને એ સોસાયટીનું નામ હતું સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી. એમના હસ્તક ટ્રાયબલના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, ગુણવત્તાવાળુ શિક્ષણ અને નિવાસી વ્યવસ્થા મળી રહે એટલા માટે સોસાયટીની રચના ૧૯૫૦ના કાયદા મુજબ સાર્વજનિક ટ્રસ્ટ હેઠળ ૩જી જાન્યુઆરી, ૨૦૦૦માં કરવામાં આવી. બીજો પ્રશ્ન એવો છે કે કેટલા બાળકો અને કયા કયા વર્ષે ચાલુ કરવામાં આવી છે. તો શરૂઆતમાં ૧૯૯૭-૯૮માં એકલવ્ય મોડલ નિવાસી શાળા ચાલુ કરવામાં આવી. ત્યારબાદ ૨૦૦૮-૦૯માં કન્યા શાળા ચાલુ કરવામાં આવી અને ૨૦૧૦-૧૧માં મોડલ શાળા ચાલુ કરવામાં આવી. આ રીતે ૧૩ શાળાઓ ચાલુ કરવામાં આવી છે.

શ્રી વજેસિંગભાઈ પા. પણદા : આ ૧૩ શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના કેટલા શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે અને એમાંથી વિષયવાર કેટલા શિક્ષકોની ઘટ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : દાહોદ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા ચાલતી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અને શિક્ષકોની માહિતી માગી છે.

શ્રી વજેસિંગભાઈ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, મારો ફકત વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ મંજૂર થયેલ છે અને કેટલા શિક્ષકોની હાલ ઘટ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : દાહોદ જિલ્લામાં ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓ છે એમાં અત્યાર બિન શૈક્ષણિક સ્ટાફની ઘટ ૧૨૫ની છે. પરંતુ જે કાયમી મહેકમ છે એ શિક્ષકો ભરાય એના માટે સરકારશ્રીએ ૪૭૫ જગ્યાઓની જાહેરાત પણ પાડી હતી પરંતુ એ જાહેરાતમાં કોર્ટનો સ્ટે થવાને લીધે આ પ્રક્રિયામાં થોડી મુશ્કેલી પડી છે. પરંતુ અત્યારે જે ઘટ છે તે ૧૨૫ની છે.

શ્રી જેઠાભાઈ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી હેઠળ શાળાઓના બાંધકામ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ શાળાના બાંધકામના ખર્ચની વિગત માગી છે. જેમાં કુલ દાહોદ જિલ્લામાં ખેડેલીમાં શાળા શરૂ થયેલ છે તે ૨૦૧૪માં થઇ છે અને ૨૫૧૧.૦ લાખની અંદર ખર્ચ થયેલ છે. ત્યાર બાદ દાહોદ ઇસરમાણ તેમાં ૨૦૧૭માં શરૂ થયેલ છે અને ૮૫૬.૭૩નો ખર્ચ થયેલ છે. ધાનપુરામાં મે-૨૦૧૭માં શરૂ

થયેલ છે અને ૨૦૧૭.૩ લાખનો ખર્ચ થયેલ છે. ત્યારબાદ ધાનપુરમાં ૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ છે અને ૨૨૨.૧૦ લાખનો ખર્ચ થયેલ છે. કન્યા સાક્ષરતા શાળા ગરબાડામાં જુલાઇ-૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ છે અને ૨૪૪.૧૪નો ખર્ચ થયેલ છે. ત્યારબાદ અંતેલા ફેબ્રુઆરી-૨૦૧૬માં શરૂ કરેલ છે અને ૮૮૯.૪૫ લાખનો ખર્ચ કરેલ છે. ફતેપુરામાં ૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ છે અને ૨.૫૩.૨૫નો ખર્ચ થયેલ છે. લીમખેડામાં ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલી છે અને ૨૧૫૭.૮નો ખર્ચ કરવામાં આવેલ છે. આમ કુલ ૯૧૫૦.૬૭ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે બિલ્ડીંગો તો બહુ સરસ બનાવેલી છે.

અધ્યક્ષશ્રી : અભિનંદન આપો છો?

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : અમારા આદિવાસી વિસ્તારમાં જે બિલ્ડીંગો બનાવી છે અને તેમાં છોકરીઓ અભ્યાસ કરે છે. પણ તેમાં વજુભાઇએ જે પ્રશ્ન પૂછ્યો કે વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના કેટલા શિક્ષકોની જગ્યા મંજૂર થયેલી છે, કેટલી ભરવામાં આવેલી છે અને કેટલી ખાલી છે? ખાલી જગ્યાઓ કયારે ભરવા માગો છો?

અધ્યક્ષશ્રી : ચંદ્રિકાબેન, તમારે તો રાજી થવું જોઇએ કે છોકરાઓ કરતા દીકરીઓ ત્રણગણી છે. આને સ્ત્રી સશક્તિકરણ કહી શકીએ.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં પહેલાં કહ્યું છે કે ૪૭૫ શિક્ષકોની ઘટ છે તેની સરકારે તારવણી કાઢીને જાહેરાત આપી હતી પણ બિન શૈક્ષણિક સ્ટાફ લેવલે કોર્ટમાં જવાના કારણે આ જગ્યાઓ ભરી શકાઇ નથી. સોસાયટીના નિયમ પ્રમાણે ત્યાં શિક્ષકો લેવામાં આવેલા છે અને એમનું રીઝલ્ટ પણ બહુ સારું આવે છે.

મનરેગા યોજના હેઠળ થયેલ કામગીરીની તપાસનો અહેવાલ

* ૫૨૦૦ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધરોઈ રેન્જમાં મનરેગા યોજના હેઠળ સને ૨૦૧૫-૧૬ માં થયેલી કામગીરીની તપાસનો અહેવાલ નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર દ્વારા મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગરને તા.૨૧-૧૧-૨૦૧૬ના રોજ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પ્રાથમિક હકીકતલક્ષી અહેવાલ મળેલ છે. |
| (૨) જો હા, તો ઉકત અહેવાલમાં કામગીરી ન કરી હોય અને રકમ ઉધારેલ હોય તેવી કેટલી રકમ છે, અને | (૨) અને (૩) અહેવાલનો અભ્યાસ કરતાં વધુ માહિતીની જરૂર જણાયેલ, જે મેળવવામાં આવી રહેલ છે. |
| (૩) આ અહેવાલ અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ક્યારે શા પગલાં લીધા ? | |

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ મહત્વનો છે. મનરેગાના ગરીબોના નાણાં અધિકારીઓ ખાઇ ગયા છે એટલે મારો પ્રશ્ન છે. કેટલા ખાઇ ગયા છે? ૨, ૧૮, ૦૦, ૪૬૯/-આ જે ભ્રષ્ટાચાર થયો, ત્યારે નાયબ વનસંરક્ષકશ્રીએ મુખ્ય વનસંરક્ષકશ્રીને રિપોર્ટ કયારે કર્યો? ૨૧-૧૧-૨૦૧૬. માનનીય અધ્યક્ષશ્રી, દોઢ વર્ષ થયું છતાં પણ આ રિપોર્ટનો કોઇએ ખ્યાલ કર્યો નહીં. ભ્રષ્ટાચાર થયો ત્યારે મને ખબર પડી. મેં વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવના આવી ગઇ. પ્રશ્ન પૂછો.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : એ પ્રશ્ન બીજા નંબરે આવ્યો. ત્યારે ભ્રષ્ટાચાર કર્યો છે તેમાં નાના માણસો, જે ફોરેસ્ટ વિભાગના માણસો કહેવાય છે તેમની સામે કેસ કરવામાં આવ્યો. પણ કયારે? આ ત્રીજા મહિનામાં ૯મી તારીખે પ્રશ્ન દાખલ થયો ત્યારે. ત્યાં સુધી સરકાર શું કરતી હતી? મનરેગામાં કામ કેટલું કર્યું? ફક્ત ૬૬ લાખ રૂપિયાનું કામ મળવાપાત્ર હતું. એટલે નાયબ વન સંરક્ષશ્રીએ મુખ્ય વન સંરક્ષકશ્રીને રિપોર્ટ કર્યો છે. એમણે રૂ. ૨, ૧૮, ૦૦, ૪૬૯/-ઉપાડી લીધા છે. આ જે ખોટું કરનાર અધિકારી છે એ અમેરીકા જતા રહ્યા છે એવું મારી જાણમાં છે. મનરેગામાં મોટો ભ્રષ્ટાચાર થયો છે. એમાં પગલાં લેવા માગો છો કે કેમ? તપાસ અહેવાલ ૨૦૧૬નો હતો. તો એ તપાસ અહેવાલ કઇ જગ્યાએ પડતર રહ્યો હતો અને કઇ જગ્યાએ અટકાવ્યો હતો? આ જવાબદાર અધિકારીઓ સામે પણ પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખોટુ કર્યું હોય એમને કોઇને છોડવા માગતી નથી. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એના અનુસંધાનમાં વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ૨૦૧૬ના અંતિતના પ્રગતિ અહેવાલની મુખ્ય વન સંરક્ષકશ્રીની સમીક્ષા દરમિયાન ધ્યાનમાં આવ્યું કે છેલ્લા મહિનામાં આટલી મોટી રકમ ઉપડી ગઇ છે. ત્યારબાદ નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા ૨૦૧૬માં ખર્ચની વિગતો રજૂ કરવામાં આવી. અમારા નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા બે ટીમો બનાવી અને તા.૨૯-૭-૨૦૧૬ના રોજ તપાસ શરૂ કરવામાં આવી. પ્રાથમિક તપાસમાં ગેરરીતિ ધ્યાનમાં આવી. ત્યારબાદ એ ગેરરીતિમાં મુખ્ય જવાબદાર કહી શકાય એવા ૩ રાઉન્ડના ૩ ફોરેસ્ટરોને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા. ત્યારબાદ ૨૦૧૬માં ખર્ચની ડિટેઇલ્સ રજૂ થઇ અને એના માટે આર.એફ.ઓ.

કક્ષાના અધિકારી જવાબદાર ઠરતા તા.૧૦–૮–૨૦૧૬ના રોજ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા. ત્યારબાદ તા.૨૧–૧૧–૨૦૧૬ના રોજ બન્ને ટિમોના રિપોર્ટ મુખ્ય વન સંરક્ષકશ્રીને રજૂ કરવામાં આવ્યો અને તા.૧૨–૯–૨૦૧૭ના રોજ ૩ ફોરેસ્ટરોને ચાર્જશીટ આપવામાં આવી અને એમની સામે આરોપનામું આપવામાં આવ્યું. આ વિભાગમાં જેને દેખરેખ રાખવાની જરૂર હતી એવા ક્લાસ–૧ અને ૨ કક્ષાના આર.એફ.ઓ., એ.સી.એફ., ડી.સી.એફ. વર્ગ–૧માં આવતા હોય તેમની સામે ખાતાકીય કાર્યવાહી કરવા માટે તકેદારી આયોગમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે અને જે કોઇ આરોપી હશે એને કડકમાં કડક સજા થાય તે માટે પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવશે. આ પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આમાં આવી જાય છે. ધરોઇ ડેમમાં ૨૦૧૫–૧૬માં ગેરરીતિ થયેલી અને તેમાં ક્યા પ્રકારની ગેરરીતિ થયેલી તે પણ જવાબમાં આવી જાય છે. એમાં મારો પેટા પ્રશ્ન એ છે કે મનરેગા–એમાં ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા. એમાં મારો જવાબ આવી ગયો છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, ફોરેસ્ટ વિભાગ દ્વારા આદિવાસી વિસ્તારમાં મનરેગા યોજના હેઠળ કામ કરવામાં આવે છે ત્યારે મોટાભાગે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવતી નથી. આ કેસમાં બન્યું છે એમ બધા જ કામો, ચેકડેમો બનાવવામાં આવ્યા છે એમાં પાંચ લાખ રૂપિયાથી નીચેની રકમના મૂકવામાં આવે છે અને હીલી એરીયા હોય છે એમાં એકપણ કામ એક સરખું હોતું નથી. ક્યાંક રકમ વધતી હોય છે કાં તો રકમ ઘટતી હોય છે, પણ આ કેસમાં તમામ જગ્યાએ એક સરખી રકમ મૂકવામાં આવી છે. એનો મતલબ કે કાયદાની છટકબારી શોધીને આ લોકોએ કામ કર્યું છે. આ લગભગ ૨૦૧૫–૧૬ની વાત છે. આ અંગે તપાસ કરી પણ અત્યાર સુધી કેમ પગલાં ન લીધા? બીજું કે હવે પરિપત્ર કરીને દરેકને ખાતામાં જાણ કરવામાં આવે કે હીલી એરિયામાં કામ કરવાનું થાય ત્યારે આવી છટકબારીમાંથી કોઇ છટકી ન જાય એવા પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સરકારના નિયમાનુસાર બધા પ્રકારના પગલાં ભરવામાં આવ્યાં છે. બાકી માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

જામકંડોરણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૫૧૭૧ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૭–૧૮ ના નાણાકીય વર્ષમાં ઉકત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૬,૩૩,૧૦,૭૦૦/- - તા.૨૦–૫–૨૦૧૭. |
| (૩) ઉકત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) આ કામના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ પુર્તતા હેઠળ છે. જે મંજુર થયે ટેન્ડરની કાર્યવાહી પુર્ણ થયે કામ હાથ ધરવામાં આવશે. |

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લાના જામ કંડોરણા ખાતે સ્વતંત્ર કોર્ટ ક્યારથી શરૂ થઈ? હાલ ક્યાં કાર્યરત છે અને આ નવા બિલ્ડીંગમાં શું શું સુવિધાઓ છે અને તેનાથી શા ફાયદા થનાર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તે પ્રમાણે જામ કંડોરણામાં ૨૦૧૪થી કોર્ટની શરૂઆત કરવામાં આવી છે અને જ્યારે ૨૦૧૪માં આ કોર્ટ શરૂ કરવામાં આવી ત્યારે કોર્ટનું બિલ્ડીંગ ન હતું. તેના કારણે સરકારી ક્વાર્ટર હતા એવા ચાર સરકારી ક્વાર્ટર ભેગા કરીને ત્યાં કોર્ટ ચાલતી હતી. ત્યાંના ધારાસભ્ય અને મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા અવાર–નવાર અમારી સમક્ષ રજૂઆત કરતા હતા કે ક્યારેક ક્યારેક અરજદાર સાથે કોર્ટમાં જવાનું થાય છે ત્યારે વ્યાપક સમસ્યાઓ હોય છે. રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે આ રાજ્યમાં લોકોને સસ્તો, ઝડપી અને ઘરઆંગણે ન્યાય મળે એના માટે કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં આપણે અગ્રિમતા આપી છે. એના ભાગ સ્વરૂપે ૬ કરોડ ૩૩ લાખના ખર્ચે જામ કંડોરણામાં કોર્ટનું બિલ્ડીંગ બનાવવાની રાજ્ય સરકારે મંજૂરી આપી છે. આ ૬ કરોડ ૩૩ લાખ જે ખર્ચવાના છે એ બિલ્ડીંગમાં એ.પી.પી. રૂમ, જેન્ટ્સ બાર અને લેડિઝ બાર રૂમ, સ્ટેમ્પ વેન્ડર રૂમ, જ્યુડિશિયલ બ્રાન્ચ, સ્ટ્રોંગ રૂમ, ફાઇલિંગ સેન્ટર, બેલિફ રૂમ. બે માળની બિલ્ડીંગમાં પ્રથમ માળે બે કોર્ટ રૂમ, મુદ્દામાલ રૂમ, રજિસ્ટ્રાર રૂમ, જજની ચેમ્બર અને એકાઉન્ટ શાખા. એના જ્યુડિશિયલ ઓફિસરને સારા પ્રકારનું વાતાવરણ મળી શકે, વકિલોને બેસવાની વ્યવસ્થા થાય, અરજદારોની બેસવાની વ્યવસ્થા થાય આ બધા મુદ્દાને ધ્યાનમાં રાખીને જામ કંડોરણામાં ૬ કરોડ ૩૩ લાખ રૂપિયાના ખર્ચે કોર્ટ બનાવવાની છે.

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન લો રીલેટેડ છે. આપ કાયદાવિદ છો. સૌરાષ્ટ્રમાં જામ કંડોરણાની કોર્ટનો આ પ્રશ્ન છે. આ ગૃહને ભૂતકાળથી અવગત કરાવવા માગું છું કે, સૌરાષ્ટ્રને હાઇકોર્ટની બેંચ આપવા માગો છો કે કેમ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આને સંબંધિત નથી એટલે આપનો પ્રશ્ન એલાઉ કરવામાં નહીં આવે.

### તાપી અને વલસાડ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૨૫૭ શ્રી સુનિલભાઈ ગામીત(નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે,

(૨) આવા ગૌચર દબાણો દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૩) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દુર કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે.

| તાપી જિલ્લો | | | વલસાડ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | વાલોડ | ૦.૧૪.૦૦ | ૧ | વલસાડ | ૦.૦૦.૦૦ |
| ૨ | વ્યારા | ૩૦.૨૯.૨૬ | ૨ | પારડી | ૦.૦૦.૦૦ |
| ૩ | ડોલવણ | ૨.૯૩.૦૦ | ૩ | વાપી | ૦૦.૧૦.૧૨ |
| ૪ | સોનગઢ | ૩૫.૫૩.૦૦ | ૪ | ઉમરગામ | ૦૦.૩૬.૦૦ |
| ૫ | ઉચ્છલ | ૦.૦૦.૦૦ | ૫ | ધરમપુર | ૦.૦૦.૦૦ |
| ૬ | નિઝર | ૨.૧૯.૦૦ | ૬ | કપરાડા | ૦.૦૦.૦૦ |
| ૭ | કુકરમુંડા | ૦.૦૦.૦૦ | | | |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દૂર કરાવવા સંબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| તાપી જિલ્લો | | | વલસાડ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) |
| વાલોડ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | વલસાડ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| વ્યારા | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | પારડી | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| ડોલવણ | ૦.૦૦.૦૦ | ૦.૭૨.૦૦ | વાપી | ૦.૦૦.૦૦ | ૦.૧૦.૧૨ |
| સોનગઢ | ૦.૦૦.૦૦ | ૧૪.૫૦.૦૦ | ઉમરગામ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| ઉચ્છલ | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | ધરમપુર | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| નિઝર | ૦.૦૦.૦૦ | ૧.૭૧.૦૦ | કપરાડા | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ |
| કુકરમુંડા | ૦.૦૦.૦૦ | ૦.૦૦.૦૦ | | | |

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/ તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે ઇસમોએ ગામડાંમાં ઘર વિહોણા હોય અને ગૌચર પર અથવા સરકારી જમીન પર ઘર બનાવેલ હોય તો જે રીતે શહેરોમાં સરકારી જમીન ઉપર ઘર બનાવેલા એ સરકારે રેગ્યુલર કરી આપ્યા છે તેમ ગામડાંમાં વસતા લોકોને સરકાર ગૌચરની સરકારી જમીન ઉપર બાંધેલા મકાનોને રેગ્યુલર કરી આપવા માગે છે કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : એમને જે જવાબ આપ્યો છે એ કેટલા દબાણો થયા, કેટલા દૂર થયા એ છે. એમનો પ્રશ્ન છે કે ગૌચરની જમીનમાં થયેલ દબાણ રેગ્યુલર કરવાનું વિચારણામાં છે કે કેમ? આ પંચાયત વિભાગના કાર્યક્ષેત્રમાં ગૌચર રેગ્યુલરાઇઝ કરવાનું આવતું હોતું નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ વલસાડ અને તાપી જિલ્લામાં ગ્રામ પંચાયત દ્વારા દબાણો દૂર કરવા અલગ અલગ ગ્રામ પંચાયતોએ ઠરાવ કરીને ટી.ડી.ઓ.ને આપ્યા છે. આમાં કેટલી ગ્રામ પંચાયતો છે કે આવા દબાણો દૂર કરવા માટેના ઠરાવો કર્યા છે અને આ ઠરાવો મળ્યા પછી ટી.ડી.ઓ. દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે, કેટલી ગ્રામ પંચાયતના ઠરાવો મળ્યા છે? માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે દબાણો થયા છે તેમાં એક પણ ઠરાવ તાલુકા વિકાસ અધિકારીશ્રીને આવી ગ્રામ પંચાયતના મળ્યાં નથી. મોટા ભાગે તો ગ્રામ પંચાયત પોતે દબાણ દૂર કરવા સમર્થ ના હોય અને એવો ઠરાવ કરીને તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપતા હોય છે અને એમાં કલમ ૧૦૫, ૧૦૭, ૧૦૮ મુજબ એ દબાણો દૂર કરવામાં તાલુકા વિકાસ અધિકારી પણ મદદરૂપ થતા હોય છે અને જરૂર પડે તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, પોલીસ પ્રોટેક્શન, સરકારી તંત્રને સાથે રાખીને પણ દબાણો દૂર કરવાની કાર્યવાહી તાલુકા વિકાસ અધિકારીશ્રી કરતા હોય છે પણ આવા કોઇ ઠરાવો તાલુકા વિકાસ અધિકારીને મળ્યા નથી.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું પૂછવા માગું છું, કે ટ્રાયબલ વિસ્તારની અંદર ગૌચરના જે દબાણો છે એ સૌથી વધારે આ જે કોસ્ટક આપ્યું છે એમાં આદિવાસી વિસ્તારમાં સૌથી વધારે દબાણો ગૌચરમાં થયા છે એની અંદર માનનીય સભ્યશ્રીએ પણ એ કીધું કે, જેમ મકાનો બનાવ્યા છે એને રેગ્યુલાઇઝ કરવાના છે પણ આપના મારફતે મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે જ્યાં ખેતીની જમીન હજારો એકર એ કરે છે દા.ત. ભલે ત્યાંનો પ્રશ્ન છે પણ હું ઝઘડિયાની વાત કરું છું કે, ઝઘડિયા તાલુકાની અંદર ૬૦૦ એકર ગૌચરની જમીનમાં દબાણ છે એ છૂટી કરવા માગે છે કે કેમ? અને જ્યારે ૧૯૯૩ ના કાયદા મુજબ સરપંચને સત્તા આપવામાં આવી છે અગર જો એ ખાલી નહીં કરાવતા હોય તો સરકાર તરફથી એના ઉપર શું પગલાં લેવા માગે છે? એ મને જણાવવા મંત્રીશ્રી કૃપા કરે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન છે એ તાપી અને વલસાડ જિલ્લા પુરતો છે મેં તાપી અને વલસાડ જિલ્લાની વાત કરી અને કોઇ પણ દબાણો હોય એ દૂર કરવાના નિયમો આપણા ગુજરાત પંચાયત અધિનિયમમાં નક્કી કરેલા છે.

અધ્યક્ષશ્રી : પહેલીવાર પ્રશ્ન પૂછ્યો છે એમાં આપ જોઇ લેજો. એમાં જવાબ આપવાની જરૂરિયાત નથી.

ડોલવણ ખાતે સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના

* ૫૧૫૨ શ્રી અરવિંદ રાણા (સુરત પૂર્વ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં ડોલવણ ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ? | (૨) નામ.વડી અદાલત તરફથી આ કોર્ટ કાર્યરત કરવા અંગેની અધિસૂચનાનો મુસદ્દો મળ્યેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે. |

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નનો જવાબ જે છાપીને આપ્યો છે એમાં સુરત જિલ્લામાંથી તાપી જિલ્લાનું અલગ અસ્તીત્વ થયું ત્યારથી તેઓને પૂર્ણ સમયની સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની માગણી હતી. મારે સરકારનો આભાર માનવો છે કે, લોકોને ન્યાય આપવા માટે સરકારે આ કોર્ટની મંજૂરી આપી છે. મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે તાપી જિલ્લામાં ડોલવણ ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટનું એસ્ટાબ્લીશમેન્ટ થવાથી શા ફાયદા થનાર છે? તેની વિગત જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં જ્યારે મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે એમણે મોટા જિલ્લાઓમાંથી નાના જિલ્લા કર્યા અને મોટા તાલુકામાંથી નાના તાલુકા કર્યા. આ વિકેન્દ્રિત વ્યવસ્થાની પાછળ લોકોને એમના તાલુકા મથકથી જિલ્લા મથક સુધી દૂર ના જવું પડે જેના ભાગ સ્વરૂપે આ રાજ્યમાં ૭ જેટલા નવા જિલ્લા અને તાલુકાઓ અસ્તીત્વમાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે, રેવન્યુની દ્રષ્ટિએ અલગ જિલ્લા અને અલગ તાલુકા પડવાના કારણે જ્યુડિશ્યરીની આખી વ્યવસ્થાની અંદર પણ આ નવા જિલ્લા અને નવા તાલુકાનું એસ્ટાબ્લીશમેન્ટ શરૂ કરવામાં આવ્યુ. જેના ભાગ સ્વરૂપે તાપી જિલ્લાની અંદર આ ડોલવણ તાલુકામાં પણ જે ડોલવણના અરજદારોને પોતે ન્યાય લેવા માટે

છેક તાપી ૨૫ કિલો મીટર જવું પડે એની જગ્યાએ પોતાને ડોલવણની અંદર જ ન્યાય મળે એના માટે આ સ્થાપનાની મંજૂરી આપવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, આના ઉપરાંત રાજ્યના કુલ ૨૪૯ જેટલા તાલુકા છે એમાં ગત વર્ષે ૧૨ જેટલા તાલુકાને મંજૂરી આપવામાં આવી અને ચાલુ વર્ષે ડોલવણ ઉપરાંત હવે જોટાણા અને વિછીંયામાં મંજૂરી ચાલુ વર્ષે અપાઇ ગઇ છે એ સ્ટાર્ટ થયા બાદ ગુજરાત જ એક એવું રાજ્ય હશે કે જેના તમામ તાલુકાની અંદર જે.એમ.એફ.સી. પ્રકારની કોર્ટ કરવા માટે આપણે સફળ રહીશું. માનનીય અધ્યક્ષશ્રી, આની સિવિલ કોર્ટ સ્ટાર્ટ થવાના કારણે ત્યાં લિગલ સર્વિસ ઓથોરિટીની સ્થાપના થશે અને એના કારણે લિટિગતને પોતાના ઘરના આંગણે જ મફત કાનૂની સહાય મળી શકે એ પ્રમાણેનું આયોજન થઇ શકે અને જ્યાં આ પ્રમાણેની કોર્ટ હોય છે ત્યાં લોક અદાલતોનું પણ આયોજન થતું હોય છે અને આ લોક અદાલત મને લાગે છે કે અરજદારો માટે એક ઉત્તમ પ્રમારનું માધ્યમ બની જાય છે. આ ઉપરાંત જે પેન્ડન્સી લાંબી હતી એમાં તાલુકા કક્ષાની કોર્ટના કારણે ઘણું રીડકશન થશે. એમ જે રાજ્ય સરકારનો આશય છે સસ્તો, ઝડપી અને ઘરઆંગણે ન્યાય આ અમારા સુત્રને સાકાર કરવા માટે ડોલવણમાં આગામી દિવસોમાં કોર્ટ શરૂ થનાર છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ડોલવણ તાલુકા મથકે સિવિલ જજ અને જે. એમ.એફ.સી.ની કોર્ટ માટે સરકારશ્રીએ કેટલું મહેકમ મંજૂર કર્યું છે અને આ સિવિલ કોર્ટ કાર્યરત થયેથી કયા પ્રકારના કેસો ચાલી શકશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ કે આ રાજયની અંદર તાલુકા કક્ષાની માત્ર કોર્ટોની સ્થાપના નહીં, કોર્ટોના ઇન્ફ્રાસ્ટ્રકચરને પણ રાજ્ય સરકારે અગ્રિમતા આપી છે. હમણા જ આપે જોયું કે જામકંડોરણામાં પણ છ કરોડ કરતા વધારે રૂપિયાની કોર્ટ આપણે મંજૂર કરી છે. એમ ચાલુ વર્ષમાં નાણા વિભાગે પણ ઘણી નવી જગ્યાઓ ભરવા માટેની મંજૂરી આપી છે. એમ આ નવી કોર્ટ થવાના કારણે ૧૬ જેટલી જુદાજુદા સંવર્ગની અને એમાં સિવિલ જજ, જે.એમ.એફ.સી.ની એક, ગુજરાતી સ્ટેનોગ્રાફરની-૧, કલાર્ક ઓફ ધ કોર્ટ, નાજરની-૧, સિનિયર કલાર્કની-૧, આસિસ્ટનની-૮, બેલીફની -૪ એમ કુલ -૧૬ જેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. આનો ફાયદો એ થવાનો કે સિવિલ જજ અને જે.એમ.એફ.સી.ની કોર્ટ છે અને કાયદાની જોગવાઇ અનુસાર આ સિવિલ જજને હવે પાંચ લાખ રૂપિયા સુધીના દાવા ચલાવવા માટેના અધિકાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત આ પ્રમાણેની કોર્ટોની અંદર ભરણપોષણના કેસો, ચેક રીટર્નના કેસો, ફોજદારી ફરિયાદો, ડોમેસ્ટીક વાયોલન્સ એકટની અરજીઓ, ખાનગી ફરિયાદો પણ આ કોર્ટની અંદર ચાલી શકે છે એટલે ત્યાંના સ્થાનિક તાલુકાના લોકો માટે આ ડોલવણની કોર્ટ, એના જુદાજુદા સંવર્ગોની ભરતી અને આટલા પ્રકારના કેસો ચાલવાના કારણે સાચા અર્થમાં ડોલવણના લોકોને આશીર્વાદરૂપ થશે.

### અમરેલી અને અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો

* ૫૨૧૮ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉકત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| જિલ્લો | વિજ્ઞાન પ્રવાહ | |
|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ |
| અમરેલી | ૦૦ | ૦૧ |
| અમદાવાદ | ૦૨ | ૦૬ |

(૨) સરકારી સામેલ *પત્રક-૧ મુજબ.
ગ્રાન્ટેડ સામેલ *પત્રક-૨ અને ૩ મુજબ.

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા શિક્ષણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમરેલી જિલ્લામાં એક પણ સરકારી કોલેજ નથી ત્યારે સરકારે શું અમરેલી જિલ્લામાં સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓને સાયન્સ પ્રવાહના શિક્ષણથી વંચિત રાખવાનું નકકી કરેલ છે કે કેમ? અમરેલી જિલ્લામાં સરકારી સાયન્સ કોલેજ શરૂ કરવાનું શું આયોજન છે અને અમરેલી જિલ્લાને ન્યાય મળશે તો મને આનંદ થશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબની શરૂઆત કરું એ પહેલા આજે રાજયમાં ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ શરૂ થઇ છે. ૧૫૪૮ સેન્ટરમાં ૬૦૩૩૭ વર્ગખંડોમાં ૧૭૧૫૦૦૦ વિદ્યાર્થીઓ, જેલમાં પણ ૧૯૨ જેલના કેદીઓ માટે વ્યવસ્થા કરી છે. આ ગૃહ વતી એ બધાને હું શુભેચ્છાઓ આપું છું. પહેલા એક એવો સમય હતો કે કોઇ જિલ્લો, તાલુકો એ માનીતો હોય પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અમે સમતોલ વિકાસ કર્યો છે. કોઇ જિલ્લામાં કયાંય

પણ અન્યાય ન થાય એની વ્યવસ્થા કરી છે. ભૂતકાળમાં છેલ્લા ૬ વર્ષની અંદર અને આ છ વર્ષ એવા છે કે આઝાદી પછીના ગુજરાતની સ્થાપના થયા પછીના આ છ વર્ષમાં કુલ ૫૧ સરકારી કોલેજોની સ્થાપના કરી છે અને અમરેલીમાં પણ મેં અગાઉ જવાબ આપેલો હતો ગયા સોમવારે કે રાજય સરકારની નીતિ રહી છે કે પહેલા દરેક તાલુકા મથક ઉપર અમારે સરકારી કોલેજ આપવી. દરમિયાનમાં જેમ હમણા પ્રદિપસિંહે કહ્યું તેમ જિલ્લા બનાવ્યા, તાલુકા બનાવ્યા અત્યારે ૧૮ જેટલા તાલુકા મથક, ૪ ટ્રાયબલ અને ૧૪ નોન ટ્રાયબલ. હવે તબકકાવાર એ બધા જ તાલુકાને અમે એક એક કોલેજ આપીશું. અમરેલી જિલ્લાને પણ આપીશું. અમારા મનમાં કોઇ જિલ્લાને અન્યાય કરવાનો ભાવ નથી.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય મારા ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ખાસ કરીને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ બાપુ અને ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાને અભિનંદન આપવા છે, કારણ કે મારા વિસ્તારમાં આવેલ નવચેતના સ્કૂલના ૩૨ વિદ્યાર્થીઓ જે સ્કૂલમાં ભણતા હતા, તેને માન્યતા નહોતી, સરકારની પરમીશન નહોતી, છતા પણ આ સંવેદનશીલ સરકારે આ ૩૨ વિદ્યાર્થીઓ કે જેઓ નાના ફુમળા..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ટૂંકો કરો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : જે સંવેદનશીલ સરકારે કામ કર્યું છે એના માટે અભિનંદન આપું છું. એમાં કોઇને વાંધો ન હોઇ શકે. સરકારે જે કામ કર્યુ છે તે બદલ અભિનંદન આપવા છે.(અંતરાય) આવું કોઇ સરકાર કરે નહીં. આ લોકોએ જિંદગીમાં કામ કર્યુ નથી, એટલે આ લોકોને બૂમો પાડવાની ખાલી હવા જ છે. કેટલાય નવરા લોકો આ વિષયને લઇને બજારમાં નીકળ્યા હતા. પણ આ સરકારે મોઢા ઉપર તમાચો માર્યો છે. ફરી એક વાર ભુપેન્દ્રસિંહ બાપુને અભિનંદન આપું છું.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ બાપુને પૂછવા માગું છું કે હું પણ વકીલ છું, આપ પણ વકીલ છો અને મંત્રીશ્રી પણ વકીલ છે. આપના મારફત પૂછવા માગું છું કે એમનું વતન ધંધુકા તાલુકામાં અત્યાર સુધી એકપણ સાયન્સ કોલેજ ચાલુ થઇ નથી. ધંધુકા, રાણપુર, બરવાળા, ધોલેરા તો ત્યાં સાયન્સ કોલેજ ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા કહ્યું તેમ દરેક તાલુકા મથક ઉપર રાજ્ય સરકારની નીતિ રહી છે કે કોઇપણ એક સરકારી અથવા ગ્રાન્ટેડ કોલેજ હોવી જોઇએ. ગ્રાન્ટેડનો ખર્ચો હવે ૧૦૦ ટકા સરકાર આપે છે, એટલે આ ક્રાઇટેરિયામાં કોઇને પછી અન્યાય થાય છે તેવો અનુભવ ન થાય, એટલા માટે એક વખત બધા જૂના તાલુકામાં થઇ જાય પછી નવા તાલુકામાં થાય. ધંધુકા મારો તાલુકો છે બરાબર છે. એટલે એ તાલુકામાં એક કોલેજ છે. બાકીની કોલેજ તબક્કાવાર સમયાંતરે શરૂ કરવામાં આવશે.

સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશ માટે તાલીમ

* ૪૭૩૩ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ મેડીકલમાં પ્રવેશ મેળવે તે માટે વર્ષ ૨૦૧૬−૧૭ અને ૨૦૧૭−૧૮ માં તા.૩૧−૧−૨૦૧૮ સુધીમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા નીટ પરીક્ષાની તાલીમનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, આયોજન કરેલ છે. |
| (૨) જો હા, તો જિલ્લામાં આ તાલીમ માટે કેટલા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ, અને | (૨) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૬−૧૭ માં ૧૦ તાલીમ કેન્દ્રો અને વર્ષ ૨૦૧૭−૧૮ માં ૯ તાલીમ કેન્દ્રો શરુ કરવામાં આવેલ છે. |
| (૩) તે કેન્દ્રો દ્વારા કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે ? | (૩) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૬−૧૭ માં ૫૦૯ વિદ્યાર્થીઓને અને વર્ષ ૨૦૧૭−૧૮ માં ૪૩૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. |

શ્રી વી. ડી. ઝાલાવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નીટ પરીક્ષાની તાલીમ આપવાની યોજનાનો હેતુ શું છે? બીજું આ યોજનાનો અમલ ક્યારથી શરૂ કરવામાં આવ્યો છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ માટેની વ્યવસ્થા સરકારની જવાબદારી હતી અને એટલા માટે સરકારે ૨૦૧૪−૧૫ ની અંદર ગુજકેટની પદ્ધતિ અપનાવી હતી. એમાં ૪૦ ટકા અને ૬૦ ટકા વિદ્યાર્થીઓ માર્ક્સ લાવે એના મેરિટના આધાર ઉપર ગુજકેટમાં પ્રવેશ આપવાનો હતો. આ પદ્ધતિમાં બદલાવ કરી નીટની પદ્ધતિ અપનાવવામાં આવી. એ પદ્ધતિમાં ખાસ ઉદેશ એ છે કે આદિવાસી ક્ષેત્રના બાળકો વિજ્ઞાન પ્રવાહ માટે નીટની પ્રેક્ટિસ લે, ટ્રેનિંગ લઇને મેડિકલમાં પ્રવેશ મેળવે અને ડોક્ટર બને એ ઉદેશ હતો. એના અનુસંધાનમાં મને કહેતા

આનંદ થાય છે કે જે અમે છેલ્લાં ૪ વર્ષના પ્રોપર આંકડા જોઈએ તો ૯૮ થી ૯૬ ટકા સુધીની અમારી અનામતની સીટ ભરાય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મેડિકલની વાત છે. નીટની એકઝામ માટે આદિવાસી છોકરાઓ એક્ઝામ આપે છે. એકઝામ આપી હોય અને ફેઇલ થયા હોય અને ફેઇલ થવાના કારણે કેટલી બેઠક બાકી રહી છે તે જણાવશો?

શ્રી રમણલાલ ના. પાટકર : નીટની અંદર આદિવાસી ક્ષેત્રના બાળકોને ૧૪ વાર સુધી એની પ્રેક્ટિસ કરી તાલીમ આપી પાસ કરવા માટેની તક મળે છે. બિન–આદિવાસીઓને ૯ વાર સુધી તક મળે છે, એટલે પ્રવેશમાં પ્રયત્ન કરે તો સફળતા મેળવે છે.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં નીટની તાલીમ માટે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સેન્ટર શરૂ કરવામાં આવેલ છે અને તેમાં કેટલા વિદ્યાર્થીઓને નીટની તાલીમ આપવામાં આવેલ છે?

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સાથી ધારાસભ્યશ્રીએ મને પૂછ્યું છે કે, સુરત જિલ્લામાં તાલુકાવાર સેન્ટરો છે તેની વિગતો માગી છે અને તેમાં કેટલા વિદ્યાર્થીઓએ તાલીમ લીધી છે તેની સંખ્યા માગી છે. તો સુરત જિલ્લામાં દસ તાલુકા આવેલ છે. એક સેન્ટર માંગરોળની અંદર અકલ ગામે આપેલ છે તેમાં ૧૧૦ વિદ્યાર્થીઓની સંખ્યા છે, ત્યારબાદ માંગરોળ તાલુકાની અંદર ઝંખવાવ સેન્ટરમાં ૩૫ વિદ્યાર્થીની સંખ્યા છે. માંડવી સેન્ટરમાં ૪૭ વિદ્યાર્થીઓની સંખ્યા છે. મહુવાની અંદર ૩૮ વિદ્યાર્થીઓની સંખ્યા છે. મહુવા તાલુકાની અંદર કરચલીયા સેન્ટરમાં ૩૩ વિદ્યાર્થીની સંખ્યા છે, મહુવા તાલુકામાં વલવાડા સેન્ટરમાં ૨૮ વિદ્યાર્થીઓની સંખ્યા છે, મહુવા તાલુકામાં અનાવલમાં ૪૯ વિદ્યાર્થીઓની સંખ્યા છે. બારડોલી મોટા સેન્ટરમાં ૫૭ વિદ્યાર્થીઓની સંખ્યા છે, બારડોલી તાલુકામાં વાગરેચામાં ૫૪ વિદ્યાર્થીઓની સંખ્યા છે. ઉમરપાડા સેન્ટરમાં ૫૮ વિદ્યાર્થીઓની સંખ્યા છે એટલે ટોટલ ૫૦૯ વિદ્યાર્થીઓએ ૨૦૧૬–૧૭ની અંદર નીટની તાલીમ મેળવેલ છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ફકત સુરત જિલ્લામાં આપે છેલ્લા બે વર્ષમાં ૧૯ તાલીમ કેન્દ્ર શરૂ કરેલ છે. તેમાં ૯૩૯ વિદ્યાર્થીઓએ તાલીમ લીધેલ છે. મારે જાણવું છે કે આ નીટની પરીક્ષામાં છેલ્લા બે વર્ષમાં તાલીમ આપવા પાછળ કેટલો ખર્ચ થયેલ છે અને જે ચૌદ આદિવાસી જિલ્લા છે તેમાં કેટલા તાલીમ કેન્દ્રો ચાલે છે?

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારો સુંદર પ્રશ્ન પૂછયો છે એટલે તેની ટોટલ વિગતો આપું છું કે જયારે ૨૦૧૩–૧૪ની અંદર ગુજકેટની પરીક્ષા ચાલતી હતી. ત્યારબાદ તેમાં સુધારો કરીને ગુજકેટની જગ્યાએ નીટની શરૂઆત કરી છે. તેમાં ટોટલ પ્રવેશ છે તે જોઈએ તો તાલુકાવાર...

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ નીટની તાલીમ પાછળ કેટલો ખર્ચ થયો છે અને બીજો પ્રશ્ન છે કે ચૌદ આદિવાસી જિલ્લા છે તેમાં કેટલા સેન્ટર છે તે જાણવું છે.

શ્રી રમણભાઈ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬–૧૭ની અંદર ૫૦ લાખ ૮૯ હજાર ૪૯૧ રૂપિયાનો ખર્ચ થયેલ છે. ૨૦૧૭–૧૮ની અંદર અત્યારે તાલીમ ચાલે છે અને તેની પરીક્ષા મે મહિનામાં લેવાશે એટલે તેનો કેટલો ખર્ચ થયો છે તેની વિગતો અત્યારે મળી શકે નહીં.

પાટણ જિલ્લામાં આંગણવાડીઓ

* ૪૬૬૬ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ છે, અને | (૧) ૧૪૨૭ આંગણવાડીઓ. |
| (૨) તે પૈકી કેટલી આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે ? | (૨) તમામ આંગણવાડીઓમાં. |

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા માટે શું નાણાંકીય જોગવાઇ છે તથા પાટણ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોમાં નળ કનેકશન ઉપલબ્ધ છે અને જયાં નળ કનેકશનની સુવિધા નથી ત્યાં પીવાના પાણી માટેની શું વ્યવસ્થા છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવાનું કે, હાલ જે નવી નંદઘર ટાઇપની આંગણવાડીઓ બનાવવામાં આવે છે તેની અંદર નવા બાંધકામમાં પાણીની સુવિધા સાથેનું બાંધકામ કરવામાં આવે છે. આ પહેલાં બનેલ આંગણવાડીઓ હતી અને જયાં પાણીની સુવિધા નથી તેવા આંગણવાડી કેન્દ્રોમાં એક આંગણવાડી કેન્દ્રદીઠ ૧૦ હજાર રૂપિયા લેખે જોગવાઇ કરવામાં આવેલ છે. મને કહેતાં આનંદ થાય છે કે પાટણ જિલ્લામાં કુલ ૧૪૨૭

આંગણવાડી કેન્દ્રો છે તેમાંથી ૧૨૧૭ આંગણવાડીઓમાં નળ કનેકશન એટલે કે ટેપથી પાણી આપવામાં આવે છે. નળ ખોલો અને આંગણવાડીમાં પાણી આવે એવી ૮૦ ટકા આંગણવાડીઓ છે. બાકી રહેતી ૨૧૦ આંગણવાડીઓની અંદર હેન્ડપંપ, પ્રાઇવેટ બોર અને અન્ય રીતે પાણીની સુવિધા પહોંચાડવામાં આવે છે. એટલે કે દુર્ગમ વિસ્તાર હોય, જયાં પાણીની લાઇન પહોંચાડવાનું શકય ન હોય તેવા વિસ્તારોની અંદર તમામે તમામ આંગણવાડીઓમાં પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, આ આંગણવાડીઓમાં હાલ કેટલી બહેનો કામ કરે છે અને તેમને કેટલો પગાર ચૂકવવામાં આવે છે, તેમના પગારમાં વધારો કરવા માગો છો કે નહીં અને તેમને કાયમી કરવા માગો છો કે નહીં?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપવાનું મને ચોક્કસ ગમત પરંતુ આ પ્રશ્નનો પર્યુ છે એ આંગણવાડીની અંદર જે ભૌતિક સુવિધાઓ છે એને લગતો પ્રશ્ન છે એટલે મને જો નવી નોટિસ આપવામાં આવશે તો ચોક્કસ આ બાબતમાં હું એમને સંતોષકારક જવાબ આપીશ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં જે ૧૪૨૭ આંગણવાડીઓ છે તેમાંથી સરકારી મકાનોમાં કેટલી છે અને પ્રાઇવેટ મકાનોમાં કેટલી છે? આમ તો મારી સાસરી પણ ચાણસ્મા તાલુકાના મીઠી ગારીયર ગામે છે. નીતિનભાઇ, એટલે એ ગામની અંદર કેટલી આંગણવાડીઓ આવેલી છે?

અધ્યક્ષશ્રી : તમે જયારે બોલવા ઉભા થાવ છો ત્યારે માનનીય નીતિનભાઇનો ઉલ્લેખ ચોક્કસ કરો છો. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે મને હીંટ આપી કે મારા સાસરિયાની ખબર રાખજો. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ બંને ઉત્તર ધ્રુવ-દક્ષિણ ધ્રુવ જેવા અંગત મિત્રો પણ છે સાહેબ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ ગામની અંદર કેટલી આંગણવાડીઓ આવેલી છે અને, એ આંગણવાડીમાં પાણીની વ્યવસ્થા નથી એ વાત સાચી છે કે ખોટી છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ પાણીની સુવિધાની બાબત છે એટલે ફરી વખત કહું છું કે પાણીની સુવિધા બધી જ આંગણવાડીઓમાં છે પણ કોઇ જગ્યાએ બોર બંધ થઇ ગયો હોય અને એકાદ એવી કોઇ તમારા ધ્યાન ઉપર હોય અને એવી કોઇ સૂચના આપવામાં આવશે તો એનો તાત્કાલીક નિર્ણય કરીશું, બાકી બધી જ આંગણવાડીઓમાં પાણીની સુવિધા છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, એમણે આંગણવાડીની માલિકીના મકાન કેટલા અને ભાડાના કેટલા એની વાત કરી, તો મકાનનીય મેં વાત કરી છે કે, પાટણ જિલ્લામાં કાર્યરત ૧૪૨૭ આંગણવાડીમાંથી પોતાનું મકાન હોય એવા આંગણવાડી કેન્દ્ર ૧૨૪૯ છે એટલે કે ૮૫ ટકા આંગણવાડીઓને પોતાના મકાન છે અને ૧૭૮ જેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે.

## વકફ બોર્ડને ફાળવેલ રકમ

* ૫૨૪૩ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વકફ બોર્ડને કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) ફાળવવામાં આવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૨મી માર્ચ છે અને ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ આજે સાબરમતી આશ્રમથી મહાત્મા ગાંધીજીએ દાંડી યાત્રાની શરૂઆત કરી હતી. એમણે આ દેશને આઝાદી અપાવી મહત્વનો ફાળો આપ્યો છે તેમને આજે સૌ વતી આપણે શુભેચ્છા પાઠવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વકફ બોર્ડ જોગવાઇ મુજબ ગુજરાત રાજય વકફ બોર્ડની રચના કરવામાં આવી છે પરંતુ છેલ્લા ઘણા સમયથી સભ્યની નિમણૂક કરવામાં આવી નથી અને નામદાર હાઇકોર્ટે તા. ૧૭મી ઓકટોબર, ૨૦૧૭ સુધીમાં બોર્ડના સભ્યો તથા ચેરમેનની નિમણૂક કરવામાં આવે એવો આદેશ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડના ચેરમેન અને સભ્યોની નિમણૂક સરકાર ક્યારે કરવા માગે છે? એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું. બીજો પ્રશ્ન છે કે, ગુજરાત રાજય વકફ બોર્ડ દ્વારા ૨૦૧૪-૧૫માં વેચવામાં આવેલી ૨૬ મિલકતોના કૌભાંડ બાબતે આજ દિન સુધી કોઇ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એમાં શું પગલાં લેવા માગો છો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આજે દાંડીકૂચના દિવસને યાદ કર્યો. આજે હું પણ એને યાદ કરું છું અને સાથે સાથે આ દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપુ છું. અભિનંદન એટલા માટે આપુ છું કે, આ દેશમાં અને વિશ્વમાં આવતા લોકો મુલાકાત લે એવી દાંડી કુટીર ગાંધીનગરના મહાત્મા મંદિર પાસે બનાવી હોય તો એ નરેન્દ્રભાઇ મોદીના વિઝનના કારણે બની છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો કે વકફ બોર્ડ, એ વકફ

બોર્ડ રાજય સરકાર દ્વારા જે નામદાર હાઇકોર્ટમાં પિટિશન ચાલે છે અને આગામી ૧૫ દિવસમાં તમામ નિમણૂકો કરીને વકફ બોર્ડને કાર્યરત કરવામાં આવશે. એમનો જે બીજો પ્રશ્ન છે કે ૨૬ કે ૨૮ જેટલી સંપતિઓના સંદર્ભમાં એ તમામ મેટરો હાલ નામદાર હાઇકોર્ટમાં પડતર છે, સબ જ્યુડિશ મેટર છે એટલે એના કારણે એનો જવાબ હું અત્યારે અહીંયા નહીં આપી શકું.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજય વકફ બોર્ડ દ્વારા નોંધાયેલ વકફ પાસેથી ક્યા દરે ફાળાની વસૂલાત કરવામાં આવે છે અને, વકફની કઇ કઇ મિલકતોને ફાળો ભરવાથી મુક્તિ આપવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ ચેરીટી કમિશનર દ્વારા રાજ્યના બધા જ ટ્રસ્ટોનું નિયમન કરવામાં આવે છે એમ ૧૯૯૫ પછી આ જે વકફ એક્ટ બન્યો એના માધ્યમથી રાજ્યની અંદર આ પ્રમાણેની તમામ પ્રોપર્ટીઓ છે એના જતન માટે, રક્ષણ માટે અને એના ઓડિટ માટે વકફ બોર્ડનું આયોજન કરવામાં આવેલ છે. આ એકટ ૧૯૯૫ ની કલમ–૧૦૯ હેઠળ આ વકફ બોર્ડ દ્વારા જે ફાળો નક્કી કર્યો છે એમાં જુદા જુદા ૨ ટકા થી ૭ ટકાના દરે વકફ ફાળાની આકારણી કરવામાં આવે છે. એમાં જે વકફની આવક ૫, ૦૦૦/–થી ૧૦, ૦૦૦/–રૂપિયા સુધીની હોય એના પાસે બે ટકા લેખે, જે વકફની આવક ૧૦, ૦૦૦/–થી ૨૦, ૦૦૦/–રૂપિયા સુધીની હોય એના પાસે ત્રણ ટકા લેખે, જે વકફની આવક ૨૦, ૦૦૦/–થી ૩૦, ૦૦૦/–રૂપિયા સુધીની હોય એના પાસે ચાર ટકા લેખે, જે વકફની આવક ૩૦, ૦૦૦/–થી ૫૦, ૦૦૦/–રૂપિયા સુધીની હોય એના પાસે પાંચ ટકા લેખે, જે વકફની આવક ૫૦, ૦૦૦/–થી ૧, ૦૦, ૦૦૦/–રૂપિયા સુધીની હોય એના પાસે છ ટકા લેખે અને જે વકફની આવક ૧, ૦૦, ૦૦૦/–થી ઉપર હોય એના પાસે સાત ટકા લેખે વકફફાળાની રકમની વસૂલાત કરવામાં આવે છે અને મસ્જીદો અને કબ્રસ્તાનોમાંથી મળેલી દાનની આવકને વકફ ફાળાની અંદરથી મુક્તિ આપવામાં આવેલ છે.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું પુછવા માગું છું કે, આ વકફ બોર્ડનું મંજૂર થયેલું મહેકમ કેટલું અને અત્યારે તેમાં ઘટ કેટલી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વકફ બોર્ડની અંદર મુખ્ય કારોબારી અધિકારી, વર્ગ–૧ની મંજૂર થયેલી જગ્યા–એક અને ભરાયેલ જગ્યા–એક, કચેરી અધિક્ષક, વર્ગ–૩ની મંજૂર થયેલી જગ્યા એક અને ભરાયેલી એક, સ્ટેનોગ્રાફરની બે જગ્યા છે જે હાલ ખાલી છે, સિનિયર કલાર્કની પાંચ જગ્યા છે જે વર્ગ–૩ની છે જે હાલ ખાલી છે, પરંતુ જુનિયર કલાર્કની વર્ગ–૩ ની પાંચ જગ્યા છે અને તે પાંચેય ભરાયેલી છે. રેકર્ડ કીપરની એક જગ્યા છે તે એક જગ્યા ભરાયેલી છે, જુનિયર વકફ ઇન્સ્પેક્ટરની બે જગ્યા છે અને તે બન્ને ભરાયેલી છે, પટાવાળાની પાંચ જગ્યા છે તેમાંથી ચાર જગ્યાઓ ભરાયેલી છે, આમ જે જગ્યાઓ છે એ આ પ્રમાણે ભરાયેલી છે અને જે બાકી રહેલી વર્ગ–૩ અને વર્ગ–૪ ની ડ્રાયવર અને પટાવાળાની જગ્યા છે એ આઉટસોર્સીંગ કરીને વકફ બોર્ડના કોઇપણ કામમાં અસુવિધા ઉભી ન થાય તેના માટે ચિંતા કરવામાં આવી રહેલ છે.

મોરબી અને ભાવનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો

* ૫૨૦૬ શ્રી લલિતભાઈ કગથરા (ટંકારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને ભાવનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો કેટલી આવેલી છે, | (૧) (કોષ્ટક નીચે) |
| (૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સરકારી કોલેજો માટે સામેલ * પત્રક–૧ મુજબ<br>ગ્રાન્ટેડ કોલેજ માટે સામેલ * પત્રક–૨ અને ૩ મુજબ |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી |

(૧)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|
| મોરબી | ૦૦ | ૦૧ |
| ભાવનગર | ૦૧ | ૦૧ |
| કુલ | ૦૧ | ૦૨ |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

શ્રી લલીતભાઇ કગથરા (ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, મોરબી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની એક પણ સરકારી કોલેજ નથી તો માનનીય મંત્રીશ્રી અહીંયા વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ આપવા માગે છે કે કેમ? બીજું જે ખૂટતો સ્ટાફ છે એ પણ તાત્કાલિક ભરવા માગે છે કે નહીં?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તબક્કાવાર આપીશું અને ખૂટતા સ્ટાફમાં આચાર્ય વર્ગ–૧ ની ૫૨ (બાવન ) જગ્યાઓ ભરવા માટેનું માગણીપત્રક અમે મોકલેલું છે અને આ જગ્યાઓ ભરવા માટે જી.પી.એસ.સી. તરફથી તારીખ ૧–૧૨–૨૦૧૬ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને તેની પસંદગી અંગેની કામગીરી ચાલુ છે, વર્ગ–૨,

## તારાંકિત પ્રશ્નો

મદદનીશ પ્રાધ્યાપકની ખાલી જગ્યાઓ પૈકી ૫૫૭ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જી.પી.એસ.સી. દ્વારા તારીખ ૧૫-૧૧-૨૦૧૬ના રોજ જાહેર પ્રસિદ્ધિ દ્વારા માગણી મૂકેલી છે અને એની કામગીરી પૂર્ણ થયેલ છે એમાં મૌખિક ઇન્ટરવ્યુ ચાલે છે અને નિમણૂંકની કામગીરી પણ તેમાં થઇ જશે. વર્ગ-૩ની જુનિયર કલાર્કની જગ્યાઓ કમિશનર, શાળાઓની કચેરી દ્વારા માગણી કરવામાં આવે છે. ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળે તારીખ ૨૧-૫-૨૦૧૬ના રોજ કુલ ૨૫૦ જુનિયર કલાર્કની જગ્યાઓ માટે જાહેરાત આપી છે, જે અન્વયે તેની તમામ કામગીરી પૂર્ણ થયેથી ૨૦૧૭માં ૪૮ જગ્યાઓ અમે ફાળવી છે, સિનિયર કલાર્ક, વર્ગ-૩ની ૩૧૦ જગ્યાઓ માટે પણ જાહેરાત આપવામાં આવી છે અને વર્ગ-૪ની જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવામાં આવે છે. આ પ્રક્રિયા તાત્કાલિક પૂરી થાય એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગારિયાધાર ખાતે આવેલ સાયન્સ કોલેજનું બિલ્ડીંગ બાંધવા માટે જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ? જો જમીન આપવામાં આવેલ હોય તો કેટલી રકમ માટેની નાણાકીય જોગવાઇ બિલ્ડીંગ બાંધવા માટે કરવામાં આવી છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬માં અમે ગારીયાધાર ખાતે કોલેજ ફાળવી છે, હાલ આ કોલેજમાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને શ્રી એમ.ડી. પટેલ હાઇસ્કૂલ, નાની વાવડી રોડ, ગારીયાધાર ખાતેના મકાનમાં બેસાડવા માટેની વ્યવસ્થા કરી છે. કોલેજના બાંધકામ માટે ૨૦૧૭-૧૮ના વર્ષના બજેટમાં ૨૭૧ લાખની વ્યવસ્થા કરી છે અને એટલી જ વ્યવસ્થા ૨૦૧૮-૧૯ના ચાલુ વર્ષના બજેટમાં પણ અમે જોગવાઇ કરી છે અને આઠ એકર જમીન પણ ફાળવવામાં આવી છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો છે કે, આ બધા જિલ્લાના પ્રશ્નોની અંદર સાયન્સ કોલેજો ઓછી છે. જયારે આપણે વિશ્વની અંદર હરીફાઇની વાતો કરતા હોઇએ, સ્ટાર્ટઅપ ઇન્ડિયાની વાતો કરતા હોઇએ તો જ્ઞાન તો પીરસવુ જ પડશે.

અધ્યક્ષશ્રી : પહેલાં પ્રશ્ન પીરસો.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સારુ બોલુ છું, ખોટું તો બોલતો નથી જનરલ બોલુ છું.

અધ્યક્ષશ્રી : ના, ના પ્રશ્ન પૂછો.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાયન્ટીસ્ટ પેદા કરવા હશે, તમારે સારી રીતે વ્યવસ્થિત રીતે વિકાસ કરવો હશે તો સાયન્સ કોલેજો અને તેની ભરતીઓ તો કરવી જ જોઇએ. તો એ પ્રોગ્રામ ઓરીએન્ટેડ બનાવીને વધારેમાં વધારે સાયન્સ કોલેજો, સાયન્સ હાઇસ્કૂલો બનાવીને તાત્કાલિક ભરતી કરીને, વિદ્યાર્થીઓને શિક્ષણ આપીને, આ ગુજરાતનું કલ્યાણ કરવા માગે છે કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ કોલેજો જેમ જેમ જરૂરિયાત પડે છે તેમ ૧૯૯૫-૯૬માં જે ત્રણ કોલેજો હતી આજે અમે ૨૨ કોલેજો કરી છે. એન્જિનીયરીંગ કોલેજો પણ સરકારી ગ્રાન્ટેડ અમે નિયમાનુસાર જરૂર હોય એટલી અમે કરીએ છીએ તેની સંખ્યા પણ પૂરતા પ્રમાણમાં આજે છે. બધી જગ્યાએ સાયન્સ કોલેજ આપવા માટેની રાજ્ય સરકારની કયારેય ના નથી અને જરૂરિયાત પ્રમાણે તબક્કાવાર અમે આપી રહ્યાં છીએ. અમે તો ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી કરી છે તમે જે એકવીસમી સદીની વાત કરો છો તે એકવીસમી સદીમાં લઇ જવા માટે જ્ઞાન જોઇએ છીએ તો એ ટેકનિકલ યુનિવર્સિટીમાં મળે છે અને ગઇકાલે જ સુરેશ પ્રભુ આવ્યા હતા અને ગુજરાત યુનિવર્સિટીએ સ્ટાર્ટઅપ પોલિસી બહાર પાડી અને બધા વિદ્યાર્થીઓને બિરદાવ્યા. આખા દેશમાં આ સ્ટાર્ટઅપ પોલિસી માનનીય પ્રધાનમંત્રીશ્રી એ શરૂ કરી અને અત્યાર સુધીમાં કુલ ૬૦ સ્ટાર્ટઅપ આવ્યા હોય તો ગુજરાતમાં, અને ગુજરાત યુનિવર્સિટીમાં આવ્યા છે. એટલે રાજ્ય સરકાર એ દિશામાં આખા દેશની અંદર આગળ જ છે અને આખા દેશમાં કયાંય પણ સાયન્સ સીટી હોય તો એ માત્ર અને માત્ર ગુજરાતમાં જ છે.

### દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો

* ૫૨૦૯ શ્રી વલ્લભભાઇ ધારવિયા (જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો કેટલી આવેલી છે, | (૧) (કોષ્ટક નીચે) |
| (૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સરકારી કોલેજના મહેકમની વિગત * પત્રક-૧ મુજબ તથા ગ્રાન્ટેડ કોલેજોના મહેકમની વિગત * પત્રક-૨ અને ૩ મુજબ |

(૧)

| જિલ્લો | આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | |
|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ |
| જામનગર | ૦૩ | ૦૬ |
| દેવભૂમિ દ્વારકા | ૦૪ | ૦૧ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

શ્રી વલ્લભભાઇ વે. ધારવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં આર્ટસ અને કોમર્સ કોલેજ આવેલી છે તેમાં મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેમાં સાત-સાત કોલેજો આવેલી છે પણ મારી વાત એટલી છે કે, જામનગર જિલ્લામાં અંગ્રેજી માધ્યમની કોલેજ સરકાર આપવા માગે છે કે કેમ? કારણ કે જામનગર જિલ્લો એક બ્રાસ સીટી જોડાયેલો હોય, મીની જાપાનનું બિરૂદ મળ્યું હોય અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ પણ આવેલી હોય તો મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અંગ્રેજી માધ્યમની કોલેજ આપે અને બીજો મારો શિક્ષણનો પ્રશ્ન છે એટલે હું કેહવા માગું છું કે, દિગ્વીજય ગ્રામ પંચાયત સંચાલિત કોલેજ ગુજરાતમાં મારી ભૂલ ના થતી હોય તો એક જ આવેલી છે અને તેને જમીન માટેનો ઘણાં વર્ષો જૂનો પ્રશ્ન છે અને પ્રાયવેટ બિલ્ડીંગમાં અત્યારે કોલેજ ચાલે છે અને ત્રીસથી ચાલીસ હજાર જેવી વસતિ ત્યાં આવેલી હોય તો આ પ્રશ્ન પણ વહેલામાં વહેલો હલ થાય તે માટે જવાબ આપવા વિનંતી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજી માધ્યમ માટે માગણી આવશે તો નિયમાનુસાર ચોક્કસ કાર્યવાહી કરીને રાજ્ય સરકાર નિર્ણય લેશે. બીજા પ્રશ્નમાં પણ તે મારા ધ્યાન ઉપર મૂકવામાં આવશે તો એ મુદ્દા માટે પણ રાજ્ય સરકાર હકારાત્મક નિર્ણય લેશે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૬-૧૭ સુધીમાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી ? અને કઇ કઇ ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર ખાતે ૨૦૧૧-૧૨માં સરકારી વાણિજ્ય કોલેજ તથા લાલપુર ખાતે ૨૦૧૬-૧૭માં સરકારી વિનયન વાણિજ્ય કોલેજ એમ કુલ બે કોલેજ શરૂ કરવામાં આવી. જ્યારે દેવભૂમિ-દ્વારકામાં ૨૦૧૧-૧૨માં કલ્યાણપુર ખાતે સરકારી વિનયન કોલેજ તેમજ ભાણવડ ખાતે સરકારી વિનયન કોલેજ શરૂ કરવામાં આવી છે. ૨૦૧૬-૧૭માં જામખંભાળિયા ખાતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ તથા ઓખામંડળ ખાતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ શરૂ કરવામાં આવી છે. જામનગરમાં રીસર્ચ ટ્રેઇનીંગ બી.એડ કોલેજ અંગ્રેજી માધ્યમમાં છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રીએ દાંડી યાત્રા માટેની વાત કરી. ગૌરવ પણ લીધું પણ દાંડી ખાતે ગાંધીજી રોકાયા હતા એ મકાન આજે ખંડેર હાલતમાં છે. એના માટે પણ કંઇક વિચારો તો સારું. એને સંબંધિત પ્રશ્નનો જવાબ મેં પણ માગ્યો છે. મારા મતવિસ્તારમાં આવેલ કોલેજમાં ૧૨નું મહેકમ છે. એમાંથી ૧૦ જગ્યાઓ ખાલી છે. બીજી કોલેજમાં ૧૩નું મહેકમ છે. એમાંથી ૯ જગ્યા ખાલી છે. ત્રીજી કોલેજમાં ૧૦નું મહેકમ છે. એમાંથી ૬ જગ્યાઓ ખાલી છે. એના ઉપરથી અંદાજ કરી શકાય કે, સમગ્ર ગુજરાતનું ચિત્ર કંઇક આવું જ હશે. જે જગ્યાઓ ભરાયેલ છે એ જગ્યાઓ પૈકી ૫૦ ટકા તો વર્ગ-૩ની છે. તો બાકી રહેતી જગ્યાઓ ભરવા માગો છો કે કેમ? એક બાજુ આપણે કહીએ છીએ કે, 'પઢેગા ગુજરાત'. 'ભણશે ગુજરાત' પણ ભણાવશે કોણ? એની ચર્ચા આપણે ક્યારેય કરતાં નથી. એની ચિંતા કરો તો વધારે સારું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, દાંડીની વાત કરવામાં આવે છે. ૭-૮ વર્ષ પહેલાં યુ.પી.એ.ના પ્રધાનમંત્રીશ્રી ગુજરાત આવેલા હતા. દાંડી માર્ગ મંજૂર કરીને ગયા હતા પણ જ્યાં સુધી સરકાર બદલાઇ ત્યાં સુધી એમાં ક્યાંય પણ કોઇ પ્રગતિ ન થઇ. કોઇ પૈસા ફાળવવામાં ન આવ્યા. નરેન્દ્રભાઇ આવ્યા પછી એમાં આગળની કામગીરી શરૂ કરી છે અને એ વાત સાચી છે. મેં ત્યાંની મુલાકાત લીધી છે અને માનનીય વિજયભાઇને પણ કહ્યું છે અને ત્યાંથી અમે પ્રોજેક્ટ મંગાવીશું અને ગાંધીજીના નામ પર બધું જ કરવામાં અમે કંઇ કચાશ નહીં રાખીએ. ખાલી જગ્યાઓ માટે એમના પ્રશ્નના જવાબમાં હમણાં જે મેં કહ્યું એ જ મારે ફરી વાર વાંચવાનું છે. આપ કહો તો વાંચી જાઉં.

અધ્યક્ષશ્રી : ના ફરી વાર ના વાંચશો.

મહીસાગર અને દાહોદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો

* ૫૨૩૯ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૧)

| જિલ્લોનુ નામ | વિજ્ઞાન પ્રવાહની કોલેજ | |
|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ |
| મહીસાગર | ૦૦ | ૦૧ |
| દાહોદ | ૦૩ | ૦૧ |

(૨) ઉક્ત કોલેજવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી કોલેજો માટે સામેલ * પત્રક-૧ મુજબ ગ્રાન્ટેડ કોલેજ માટે સામેલ * પત્રક-૨ અને ૩ મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

## અતારાંકિત પ્રશ્નો

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, મહિસાગર જિલ્લામાં ચાર તાલુકાઓ આવેલા છે. એમાં સાયન્સ કોલેજ લુણાવાડામાં છે. મહિસાગર જિલ્લામાં બે તાલુકા પૂર્વ વિભાગ વચ્ચે હાડોર પુલ આવેલ છે. મહિસાગર નદી આવેલ છે. ચોમાસામાં આ પુલ બંધ રહે છે. બાલાસિનોર અને વીરપુરમાં સાયન્સ કોલેજ આપવા માગો છો કે કેમ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેવી રીતે નવા તાલુકા માટે કહ્યું એમ નવા જિલ્લા છે. મહિસાગર જિલ્લો નવો છે. એને પણ અગ્રતા અમે આપીશું. એમણે કહ્યું હતું કે, રાજ્યમાં સરકારી સાયન્સ કોલેજ કેટલી છે? એમાં મેં કહ્યું હતું કે, ૨૨ છે પણ એના બદલે ૩૧ છે અને ૪૭ ગ્રાન્ટેડ કોલેજ છે. એટલે સરકારી અને ગ્રાન્ટેડ થઇને કુલ ૭૮ કોલેજ જે સરકાર ચલાવે છે. એનો પૂર્ણ ખર્ચો રાજ્ય સરકાર આપે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિ માટે માનવ ગરિમા યોજના

* ૩૫૯૯ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં અનુસૂચિત જનજાતિ માટે માનવ ગરિમાં યોજના હેઠળ ક્યા પ્રકારના લાભ આપવામાં આવેલ છે, અને | (૧) (૧) શાકભાજી વેચવા માટેના સાધનો (૨) પાપડ ઉદ્યોગ માટેના સાધનો (૩) કડિયા કામ કરવા માટેના સાધનો (૪) સિલાઈ કામ માટે સિલાઈ મશીન તેમજ તેના સાધનો (૫) સુથારી કામ કરવા માટેના સાધનો (૬) કરિયાણાના વેપાર માટેના સાધનો (૭) દૂધ–દહીં માટેના સાધનો (૮) ચાની લારી માટેના સાધનો (૯) રસોઈ કામ માટેના સાધનો. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ તાલુકાઓમાં કેટલા ગામના કેટલા લોકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે ? | (૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં દાંતા તાલુકાના ૩૦ ગામોમાં ૧૩૩ લાભાર્થીઓને તેમજ અમીરગઢ તાલુકાના ૮ ગામોમાં ૩૪ લાભાર્થીઓને તેમજ વર્ષ ૨૦૧૭–૧૮ માં દાંતા તાલુકાના ૩૦ ગામોમાં ૧૩૦ લાભાર્થીઓને તેમજ અમીરગઢ તાલુકાના ૪ ગામોમાં ૧૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

---------

### આણંદમાં તલાટી કમ મંત્રીનું મહેકમ

* ૩૯૯૯ શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર (આણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીનું મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૧)

| ક્રમ | તાલુકા | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૯ |
| ૨ | ઉમરેઠ | ૩૨ |
| ૩ | બોરસદ | ૭૦ |
| ૪ | આંકલાવ | ૩૦ |
| ૫ | પેટલાદ | ૬૦ |
| ૬ | સોજીત્રા | ૨૩ |
| ૭ | ખંભાત | ૬૮ |
| ૮ | તારાપુર | ૩૬ |
| કુલ | | ૩૭૮ |

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે,

(૨)

| ક્રમ | તાલુકા | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૭ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ઉમરેઠ | ૩૧ | ૧ |
| ૩ | બોરસદ | ૬૦ | ૧૦ |
| ૪ | આંકલાવ | ૨૭ | ૩ |
| ૫ | પેટલાદ | ૫૨ | ૮ |
| ૬ | સોજીત્રા | ૨૧ | ૨ |
| ૭ | ખંભાત | ૫૩ | ૧૫ |
| ૮ | તારાપુર | ૨૯ | ૭ |
| કુલ | | ૩૩૦ | ૪૮ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,અને

(૩)

| ક્રમ | તાલુકા | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપરની |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧ | ૦ | ૧ |
| ૨ | ઉમરેઠ | ૧ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૬ | ૪ | ૦ |
| ૪ | આંકલાવ | ૨ | ૧ | ૦ |
| ૫ | પેટલાદ | ૫ | ૧ | ૨ |
| ૬ | સોજીત્રા | ૧ | ૦ | ૧ |
| ૭ | ખંભાત | ૪ | ૦ | ૧૧ |
| ૮ | તારાપુર | ૩ | ૦ | ૪ |
| કુલ | | ૨૩ | ૬ | ૧૯ |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

---------

મૃત્યુ પામેલા સફાઈ કામદારોને મૃત્યુના વળતર ચુકવવા બાબત

* ૫૫૮૧ શ્રી જિગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામ. સુપ્રિમકોર્ટે સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા રીટ પીટીશન(સીવીલ) નં.૫૮૩/૨૦૦૩ના કેસમાં ગટર સફાઈ માટે ઉતારવામાં આવતા સફાઈ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ. ૧૦,૦૦૦૦૦/–નું વળતર ચુકવવા આદેશ આવેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લાના પંચાયત વિસ્તારમાં ૩૧મી ડિસે. ૨૦૧૭ની સ્થિતિએ મૃત્યુ પામેલા કેટલા સફાઈ કર્મચારીઓના કિસ્સામાં રૂ. ૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે, | (૨) બનાસકાંઠા જિલ્લાના પંચાયત વિસ્તારમાં આવો કોઈ બનાવ બનેલ ન હોઈ, કોઈ કિસ્સામાં વળતર ચૂકવવાનું બાકી નથી. |
| (૩) આ વળતર બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન રહેતો નથી. |
| (૪) બાકી રહેલ તમામ વળતર ક્યાં સુધીમાં ચુકવી આપવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન રહેતો નથી. |

---------

વાંસદામાં માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મહેકમ

* ૭૦૫૨ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ નવસારી | (૧) |

જિલ્લાના વાંસદા તાલુકામાં કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે,

| ક્રમ | તાલુકો | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|---|
| ૧ | વાંસદા | ૦૩ | ૦૧ |

(૨) આ શાળાઓમાં વિષયવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨)

| વિભાગ | સરકારી શાળાઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|
| | આચાર્ય | મ.શિ. | જૂનિયર કારકુન | પટાવાળા | ગ્રંથપાલ |
| માધ્યમિક | ૦૩ | ૦૯ | ૦૧ | ૦૧ | – |
| ઉચ્ચતર માધ્યમિક | – | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ |

| માધ્યમિક શાળાઓમાં વિષયવાર મંજૂર મહેકમ | | | | |
|---|---|---|---|---|
| ગણિત–વિજ્ઞાન | અંગ્રેજી | સંસ્કૃત | અર્થશાસ્ત્ર | સામાજીક વિજ્ઞાન |
| ૦૩ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ |

| ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયવાર મંજૂર મહેકમ | | | | |
|---|---|---|---|---|
| સંસ્કૃત | જીવ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ગણિત શાસ્ત્ર |

(૩) તે પૈકી ગણિત અને વિજ્ઞાનના વિષયોના કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) માધ્યમિક વિભાગમાં ગણિત–વિજ્ઞાન ૦૧ ઘટ છે.

(૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮/ ૪/ ૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/ ૩૧/ ૨૦૧૭/ સીસીએ/ ૧૦૨૦૧૧/ ૮૦૬(એ) ટુ ૮૦૬ (બી)/ડી (પાર્ટ-૬) થી અમદાવાદ જિલ્લામાં દેત્રોજ ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટ તા.૨૨/૪/૨૦૧૭ ના રોજથી કાર્યરત થયેલ છે.

---------

ભરૂચ જિલ્લામાં માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું મહેકમ

*૪૦૭૩ શ્રી સંજયભાઈ સોલંકી (આમોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટેડ કેટલી શાળાઓ આવેલી છે,

(૧)

| સરકારી | | ગ્રાન્ટેડ | |
|---|---|---|---|
| માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૨૩ | ૦૬ | ૪૭ | ૯૦ |

(૨) ઉકત શાળાઓવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| મંજૂર મહેકમ (ભરૂચ) | | | | | |
|---|---|---|---|---|---|
| માધ્યમિક | | | ઉચ્ચત્તર માધ્યમિક | | |
| સંવર્ગ | સરકારી | ગ્રાન્ટેડ | સંવર્ગ | સરકારી | ગ્રાન્ટેડ |
| આચાર્ય | ૨૩ | ૧૩૬ | આચાર્ય | ૧ | ૧ |
| શિક્ષકો | ૬૯ | ૭૯૬ | શિક્ષકો | ૫૩ | ૫૫૫ |
| ઓ.ગ્રુપ-૧ | ૦ | ૦ | ઓ.ગ્રુપ-૧ | ૧ | - |
| મુ.કારકુન | ૦ | ૦ | મુ.કારકુન | ૧ | ૦ |
| સિ.કારકુન | ૦ | ૦ | સિ.કારકુન | ૧ | ૦ |
| જુ.કારકુન | ૨૩ | ૧૪૮ | જુ.કારકુન | ૬ | ૧ |
| પટાવાળા | ૪ | ૧૩૬ | પટાવાળા | ૫ | ૧ |
| | | | ગ્રંથપાલ | ૦ | ૨૩ |

| ભરાયેલ મહેકમ (ભરૂચ) | | | | | |
|---|---|---|---|---|---|
| માધ્યમિક | | | ઉચ્ચત્તર માધ્યમિક | | |
| સંવર્ગ | સરકારી | ગ્રાન્ટેડ | સંવર્ગ | સરકારી | ગ્રાન્ટેડ |
| આચાર્ય | ૧ | ૮૭ | આચાર્ય | ૦ | ૧ |
| શિક્ષકો | ૫૩ | ૭૦૧ | શિક્ષકો | ૨૫ | ૪૦૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઓ.ગ્રુપ-૧ | ૦ | ૦ | ઓ.ગ્રુપ-૧ | ૦ | - |
| મુ.કારકુન | ૦ | ૦ | મુ.કારકુન | ૧ | ૦ |
| સિ.કારકુન | ૦ | ૨૫ | સિ.કારકુન | ૧ | ૦ |
| જુ.કારકુન | ૨ | ૧૨૪ | જુ.કારકુન | ૦ | ૦ |
| પટાવાળા | ૦ | ૧૧૧ | પટાવાળા | ૦ | ૧ |
| | | | ગ્રંથપાલ | ૦ | ૧૫ |
| ખાલી જગ્યાઓ (ભરૂચ) | | | | | |
| માધ્યમિક | | | ઉચ્ચત્તર માધ્યમિક | | |
| સંવર્ગ | સરકારી | ગ્રાન્ટેડ | સંવર્ગ | સરકારી | ગ્રાન્ટેડ |
| આચાર્ય | ૨૨ | ૪૯ | આચાર્ય | ૧ | ૦ |
| શિક્ષકો | ૧૬ | ૯૫ | શિક્ષકો | ૨૮ | ૧૪૭ |
| ઓ.ગ્રુપ-૧ | ૦ | ૦ | ઓ.ગ્રુપ-૧ | ૧ | - |
| મુ.કારકુન | ૦ | ૦ | મુ.કારકુન | ૦ | ૦ |
| સિ.કારકુન | ૦ | ૯ | સિ.કારકુન | ૧ | ૦ |
| જુ.કારકુન | ૨૧ | ૨૪ | જુ.કારકુન | ૬ | ૧ |
| પટાવાળા | ૪ | ૨૫ | પટાવાળા | ૫ | ૦ |
| | | | ગ્રંથપાલ | ૦ | ૦૮ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) સરકારી શાળાઓમાં આચાર્યની જગ્યાઓમાં બઢતી બાબતે અને ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની જગ્યાઓમાં ભરતી બાબતે કોર્ટ મેટર હોઈ, આખરી ચુકાદા આવ્યેથી બઢતી અને ભરતીની કાર્યવાહી કરવામાં આવશે. આચાર્ય સિવાયના અન્ય સંવર્ગોની ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

---------

ધોલેરા ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના

* ૫૧૪૩ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ધોલેરા ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ?

(૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૬/૮/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૫૩/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૨/ડી થી અમદાવાદ જિલ્લામાં ધોલેરા ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટ તા.૧/૯/૨૦૧૭ ના રોજથી કાર્યરત થયેલ છે.

---------

મહિલાઓ સાથે છેડતી/બળાત્કારના કેસો માટે સ્પેશ્યલ કોર્ટ

* ૪૯૧૮ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મહિલાઓ સાથે છેડતી તેમજ બળાત્કારના કેસોના ઝડપી નિકાલ માટે અલગ સ્પેશ્યલ કોર્ટ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) મહિલાઓ સાથે છેડતી તેમજ બળાત્કારના કેસોના ઝડપી નિકાલ માટે અલગ કોઈ સ્પેશ્યલ કોર્ટ બનાવેલ નથી. |
| (૨) ઉકત કોર્ટનું કામ કેટલા ખર્ચે ક્યા સુધીમાં પૂર્ણ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત કોર્ટ ક્યાં બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બોડેલી ખાતે સિવિલ જજ અને જે એમ એફસી. કોર્ટની સ્થાપના

* ૫૧૪૨ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે પુર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૨૧/૧૨/૨૦૧૬ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (પાર્ટ–૦૨) થી છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે પુર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટ તા.૨૪/૧૨/૨૦૧૬ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

સુરત જિલ્લામાં સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા શાળાનું સંચાલન

* ૪૭૩૬ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા કયા પ્રકારની કેટલી શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. | (૧) અને (૨) એકલવ્ય મોડેલ રેસીડેંસીયલ પ્રકારની ૨(બે) શાળા, અને ૧(એક) સૈનિક શાળા એમ ૩(ત્રણ) શાળાઓ |
| (૨) આ શાળાઓની તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ સંખ્યા કેટલી છે, અને | |
| (૩) આ શાળાઓમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલા છાત્રો અને છાત્રાઓ અભ્યાસ કરે છે? | (૩) ૨૭૪ વિદ્યાર્થીઓ અને<br>૩૪૮ વિદ્યાર્થીનીઓ |

---------

મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૪૭૧૮ શ્રી રૂષિકેષ પટેલ (વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કેટલી ગ્રામપંચાયતો સમરસ થઈ, | (૧) ૧૦૬(એકસો છ) |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પહેલી, બીજી, ત્રીજી અને ચોથીવાર સમરસ થઈ, અને | (૨) પ્રથમવાર – ૩૮<br>બીજીવાર – ૨૬<br>ત્રીજીવાર – ૦૫<br>ચોથીવાર – ૩૭ |
| (૩) સમરસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે? | (૩) સામાન્ય સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં |

| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
|---|---|---|---|---|
| ૫૦૦૦ સુધી | ૨,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | ૬,૧૨,૫૦૦ | ૬,૫૦,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| મહિલા સમરસ ગ્રામ પંચાયતના કિસ્સામાં | | | | |
| વસ્તી | પ્રથમ વખત રૂ. | સતત બીજી વખત રૂ. | સતત ત્રીજી વખત રૂ. | સતત ચોથી વખત રૂ. |
| ૫૦૦૦ સુધી | ૩,૦૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૭,૬૮,૭૫૦ | ૮,૦૦,૦૦૦ |
| ૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ | ૧૦,૮૧,૨૫૦ | ૧૧,૦૦,૦૦૦ |

---------

આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા

* ૫૪૭૬ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય મહિલા અને બાળકલ્યાણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્ર સરકારી મકાનમાં બેસે છે.

(૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, અને

(૩) બાકી રહેતા શૌચાલય ઊભા કરવા માટે શું આયોજન છે?

જવાબ

(૧) ૧૪૬૮ આંગણવાડી કેન્દ્રો સરકારી મકાનમાં બેસે છે.

(૨) તે પૈકી ૧૪૬૬ આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે.

(૩) બાકી રહેતા બે આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલય રીપેરીંગ કરવા પાત્ર હોઈ અપગ્રેડેશનની ગ્રાન્ટમાંથી રીપેરીંગની કાર્યવાહી ચાલુમાં છે.

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન હેઠળ ગ્રાન્ટ ફાળવણી

* ૪૩૭૫ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) સદર નાણાં કયા–કયા તાલુકામાં પી.એલ.એ.ટી.ડી.ઓ. ને બદલે સીધે સીધા ગૃપાચાર્યોને આપવામાં આવ્યા?

જવાબ

(૧) ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ છે.

| વર્ષ | ગીર સોમનાથ | જુનાગઢ |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૨૯૩.૬૩ | ૩૪૩૩.૨૦ |
| ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૧૭ની સ્થિતિએ) | ૧૧૩૬.૯૫ | ૧૫૦૩.૨૪ |

(૨) સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત પી.એલ.એ.ટી.ડી.ઓ. નિભાવવાની જોગવાઈ નથી. તેથી ગીર–સોમનાથ જિલ્લાનું એકાઉન્ટ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની વેરાવળ શાખામાં અને જુનાગઢ જિલ્લાનું એકાઉન્ટ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની જુનાગઢ શાખામાં નિભાવવામાં આવે છે અને ગ્રાન્ટના નાણાં સીધે સીધા આ બેંક શાખાઓમાં જમા કરવામાં આવે છે અને ગૃપાચાર્યોને ફાળવવામાં આવતા નથી.

---------

અમદાવાદ જિલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૪૭૦૨ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડો છે,અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

જવાબ

(૧) તમામ ૮૨૨ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડ છે.

(૨) પીવાના પાણી માટે હેન્ડ પંપ, ટ્યુબવેલ, પાઈપલાઈન અને સ્ટૉરેજ ટેન્કની સગવડ છે.

---------

ગીર ફોરેસ્ટ વિસ્તારમાં જંગલના પ્રાણીઓથી પશુઓના મૃત્યુ

* ૪૯૦૦ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર ફોરેસ્ટ વિસ્તારમાં જંગલના હિંસક પ્રાણીઓના હુમલાથી મૃત્યુ પામેલા પશુઓ અને માલિકોને સહાય ચુકવવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં કેટલા કિસ્સામાં સહાય ચુકવવામાં આવી, અને

(૩) કેટલા કિસ્સામાં સહાય ચુકવવાની બાકી છે તેના કારણો શા છે?

જવાબ

(૧) હા, જી.

(૨)

| વર્ષ | જિલ્લો | સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૬ | ગીર સોમનાથ | ૨૫૪ |
| | જૂનાગઢ | ૫૭ |
| ૨૦૧૭ | ગીર સોમનાથ | ૩૭૪ |

(૩) સને ૨૦૧૬માં ૭ કેસો તેમજ સને ૨૦૧૭માં ૩૨ કેસો ચકાસણી હેઠળ હોઈ સહાય ચુકવવાની બાકી છે.

---------

ગરૂડેશ્વર અને તાપી જિલ્લામાં ડોલવણ ખાતે સિવિલ જજ અને જે એમ એફસી. કોર્ટની સ્થાપના

* ૫૧૫૦ શ્રી શૈલેષભાઈ મેહતા (ડભોઈ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ગરૂડેશ્વર અને તાપી જિલ્લામાં ડોલવણ ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જે એમ એફસી. કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) નામદાર વડી અદાલત તરફથી સૂચિત કોર્ટો કાર્યરત કરવા અંગેની અધિસૂચનાના મુસદ્દાઓ મળ્યેથી કોર્ટો કાર્યરત કરવામાં આવશે.

---------

પાટણ જિલ્લાની આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા

* ૫૩૦૩ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ છે, અને

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે?

જવાબ

(૧) ૧૪૨૭ આંગણવાડીઓ.

(૨) આ તમામ આંગણવાડીઓમાં.

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### જામનગર અને સુરત જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૨૮૯ શ્રી ચિરાગભાઈ કાલરિયા (જામજોધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે,

જવાબ

(૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે.

| જામનગર જિલ્લો | | | સુરત જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | જામનગર | ૨૬.૯૧.૪૫ | ૧ | કામરેજ | ૦.૦૮.૦૯ |
| ૨ | ધ્રોલ | ૦૦.૦૨.૦૦ | ૨ | પલસાણા | ૧.૨૦.૨૪ |
| ૩ | જોડીયા | ૦૦.૪૭.૨૦ | ૩ | બારડોલી | ૦.૦૩.૪૫ |
| ૪ | જામજોધપુર | ૦૦.૦૦.૮૦ | ૪ | માંગરોળ | ૬.૪૧.૩૭ |
| ૫ | લાલપુર | ૦૦.૦૭.૦૦ | ૫ | ઉમરપાડા | ૦.૦૦.૦૦ |
| ૬ | કાલાવાડ | ૦૦.૩૦.૦૦ | ૬ | ચોર્યાસી | ૨.૭૮.૧૮ |
| | | | ૭ | ઓલપાડ | ૦.૩૦.૩૨ |
| | | | ૮ | મહુવા | ૦.૦૪.૧૧ |
| | | | ૯ | માંડવી | ૪.૩૮.૦૦ |

(૨) આવા ગૌચર દબાણો દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દુર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| જામનગર જિલ્લો | | | સુરત જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) |
| જામનગર | ૦.૦૦ | ૦.૦૦ | કામરેજ | ૦.૦૦ | ૦.૦૦ |
| ધ્રોલ | ૦.૦૦ | ૦૦.૦૦.૭૬ | પલસાણા | ૧.૨૦.૨૪ | ૦.૦૦ |
| જોડીયા | ૦૪.૦૨.૬૭ | ૦૧.૦૫.૩૭ | બારડોલી | ૦.૦૦ | ૦.૦૩.૪૫ |
| જામજોધપુર | ૦૦.૫૦.૮૪ | ૦૦.૦૦ | માંગરોળ | ૦.૦૦ | ૦.૦૦ |
| લાલપુર | ૧૮.૨૦.૬૫ | ૦૨.૨૦.૨૭ | ઉમરપાડા | ૦.૦૦ | ૦.૦૦ |
| કાલાવાડ | ૦.૦૦ | ૦.૦૦ | ચોર્યાસી | ૦.૦૦ | ૦.૦૦ |
| | | | ઓલપાડ | ૦.૩૦.૩૨ | ૦.૦૦ |
| | | | મહુવા | ૦.૦૦ | ૦.૦૦ |
| | | | માંડવી | ૦.૫૬.૦૦ | ૦.૨૮.૦૦ |

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દુર કરવાનું આયોજન છે?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

### ગરૂડેશ્વર ખાતે સિવિલ જજ અને જે એમ એફસી કોર્ટની સ્થાપન

* ૫૧૫૪ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ગરૂડેશ્વર

જવાબ

(૧) હા, જી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ? | (૨) નામ.વડી અદાલત તરફથી આ કોર્ટો કાર્યરત કરવા અંગેના અધિસૂચનાના મુસદ્દા મળ્યેથી કોર્ટો કાર્યરત કરવામાં આવશે. |

---------

ધાનેરા અને દાંતિવાડા તાલુકાના ગામોમાં ગૌચર દબાણ રજિસ્ટર

* ૭૯૫૨ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતિવાડા તાલુકાના કેટલા ગામોમાં ગૌચર દબાણ રજિસ્ટર નિભાવવામાં આવતા નથી તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે, અને | (૧) બંન્ને તાલુકાની દરેક ગ્રામ પંચાયતમાં દબાણ રજિસ્ટર નિભાવવામાં આવેલ છે. અને દબાણ રજિસ્ટર ન નિભાવવાના બાબતની કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત ગામોમાં ગૌચર દબાણ રજિસ્ટર ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી

* ૭૭૨૫ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય વનમંત્રી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં અમદાવાદ જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૪૬ |
| (૨) તે અંગે તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૬.૧૯ લાખ |

---------

ધોલેરા ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના

* ૫૧૪૪ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડીયા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ધોલેરા ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૬/૮/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે /૫૩ /૨૦૧૭ / સીસીએ/ ૧૦૨૦૧૪/ ૧૧૧૨/ડી થી અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના ધોલેરા ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટ તા.૦૧/૦૯/૨૦૧૭ ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

શહેરી વિસ્તારમાં પોષણ કાર્યક્રમ સશક્તિરણ અન્વયે કેન્દ્ર તરફથી મળેલ રકમ

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૫૧૮૩ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વિસ્તારમાં પોષણ કાર્યક્રમ સશક્તિકરણ(નાણા પંચ) અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) ના,જી |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દેવભૂમિ દ્વારકા અને ગીર–સોમનાથ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૨૬૩ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે.

(૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચર જમીનમાં દબાણો થયેલા છે.

| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | ગીર સોમનાથ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | ખંભાળીયા | ૬.૪૦.૦૦ | ૧ | વેરાવળ | ૨૪૦.૦૦.૦૦ |
| ૨ | ભાણવડ | ૦.૩૩.૩૦ | ૨ | સુત્રાપાડા | ૫૬.૦૦.૦૦ |
| ૩ | દ્વારકા | ૧.૦૧.૫૩ | ૩ | તાલાલા | ૪૫.૫૮.૮૫ |
| ૪ | કલ્યાણપુર | ૦.૭૮.૦૦ | ૪ | કોડીનાર | ૦૧.૬૨.૮૦ |
| | | | ૫ | ઉના | ૫૦.૪૧.૬૬ |
| | | | ૬ | ગીરગઢડા | ૨૫.૮૧.૫૩ |
| | કુલ | ૮.૫૨.૮૩ | | કુલ | ૪૧૯.૪૪.૮૪ |

(૨) આવા ગૌચર દબાણો દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરાવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દૂર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | ગીર સોમનાથ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) |
| ખંભાળીયા | ૦.૦૦ | ૦.૦૦ | વેરાવળ | ૦.૦૦ | ૦.૦૦ |
| ભાણવડ | ૦.૧૫.૩૨ | ૦.૧૭.૯૮ | સુત્રાપાડા | ૦.૦૦ | ૦.૦૦ |
| દ્વારકા | ૦.૦૦ | ૦.૦૦ | તાલાલા | ૦.૦૦ | ૦.૦૦ |
| કલ્યાણપુર | ૦.૦૦ | ૦.૭૮.૦૦ | | | |
| | | | ઉના | ૧.૩૧.૫૩ | ૧.૬૧.૮૮ |
| | | | ગીરગઢડા | ૦.૦૦ | ૦.૦૦ |
| કુલ | ૦.૧૫.૩૨ | ૦.૯૫.૯૮ | કુલ | ૧.૩૧.૫૩ | ૧.૬૧.૮૮ |

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દૂર કરવાનું આયોજન છે ?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત / તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં

આવશે.

---------

જામનગર ખાતે જિલ્લા કોર્ટની પત્રકાર કોલોનીમાં સેન્ટ્રલ રેકર્ડરૂમના બાંધકામ

* ૪૬૯૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જામનગર ખાતે જિલ્લા કોર્ટની પત્રકાર કોલોનીમાં સેન્ટ્રલ રેકોર્ડ રૂમના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે ? | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

હાલોલ તાલુકામાં જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના

* ૪૬૭૫ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય કાયદ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આવેલ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં પુર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૨૭/૦૯/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૬૬/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/૨૬૩૫/ડી થી પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકા ખાતે પુર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ તા.૦૨/૧૦/૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

માંડવી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી

* ૪૬૯૧ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૧૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં માંડવી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે ? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? અને | (૨) રૂ. ૮,૦૯,૧૦,૦૦૦/– તા.૦૧/૦૭/૨૦૧૬ |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) સદર મકાનની કામગીરી તા.૧૧/૧૧/૨૦૧૬ના રોજ શરૂ કરવામાં આવેલ છે. હાલમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૪૭૨૯ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૫૮૧ હેક્ટર |
| (૨) તે પૈકી રાપર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૭૩ હેક્ટર |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૪૫.૧૨ લાખ |

---------

બોટાદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજના

* ૪૬૬૮ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) વર્ષ ૨૦૧૩થી. |
| (૨) વર્ષ ૨૦૧૬–૧૭માં આ યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) ૨૦૬૦૮. |

---------

સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના

* ૪૬૬૯ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) વર્ષ ૨૦૦૭–૦૮થી. |
| (૨) વર્ષ ૨૦૧૬–૧૭માં આ યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) ૨૫૨૫૨. |

---------

માંડલ ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના

* ૪૬૮૪ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જિલ્લા મેજીસ્ટ્રેટ ફસ્ટકલાસ જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૨૫–૧૧–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ જીકે–૯૬–૨૦૧૬–સીસીએ–૧૦૨૦૧૧–૮૦૬(અ) અને ૮૦૬(બ)–ડી, (પાર્ટ–૬) થી અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના માંડલ ખાતે પૂર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટ તા.૦૪–૧૨–૨૦૧૬ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

સુરત જિલ્લામાં તાલુકા પંચાયતોના નવીન મકાન માટે મંજૂરી આપવા

## અતારાંકિત પ્રશ્નો

* ૫૪૫૮ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા..૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતોના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) તા..૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૫ (પાંચ) તાલુકા પંચાયતોના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી. |
| (૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૨૦૦.૦૦ લાખ |

---------

### વડોદરા જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ

* ૪૭૧૧ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા..૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે?

જવાબ

(૧) ૨૮૪

(૨)

| વર્ષ ૨૦૧૫–૧૬માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬–૧૭માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧૮ | ૦ | ૧૮ | ૭૫ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

---------

### પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયમાં પુસ્તકો વસાવવા માટેની જોગવાઈ

* ૫૧૭૯ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયમાં પુસ્તકો વસાવવા સારૂ બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ. ૮૨૭.૯૧ લાખની અને વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૬૩૧.૭૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. |
| (૨) આ રકમ ન વપરાઈ હોય તો તેનાં કારણો શું છે? | (૨) વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૮૨૭.૯૧ લાખની ગ્રાન્ટ પુરેપુરી વપરાઈ ગયેલ છે.<br>સર્વ શિક્ષા અભિયાન તરફથી વર્ષ ૨૦૧૭–૧૮માં હાલ રૂ. ૨૨૨.૮૭ લાખની ગ્રાન્ટ જીલ્લાઓને ફાળવવામાં આવેલ છે. બાકીની રકમમાંથી સર્વ શિક્ષા અભિયાન દ્વારા વર્ષ ૨૦૧૮–૧૯થી એનસીઈઆરટીનો અભ્યાસક્રમ રાજ્યમાં અમલમાં આવનાર હોઈ, બાળકોને સહાયરૂપ થાય તેવી એનસીઈઆરટી દ્વારા જ તૈયાર કરવામાં આવેલ પ્રારંભિક વાંચનમાળા બરખા સીરીઝના ગુજરાતીમાં તૈયાર કરવામાં આવેલ પુસ્તકો ટુંક સમયમાં આપવામાં આવનાર હોવાથી તે ગ્રાન્ટ વપરાયેલ નથી. |

---------

### સુરત અને વલસાડ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો

* ૫૨૯૧ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર આર્ટસ અને કોમર્સ પ્રવાહની

જવાબ

(૧)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|
| સુરત | ૦૩ | ૧૫ |

સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

| | | |
|---|---|---|
| વલસાડ | ૦૨ | ૦૬ |
| કુલ | ૦૫ | ૨૧ |

(૨) ઉક્ત કોલેજવાર સંવર્ગવાર કેટલુ મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી કોલેજો માટે સામેલ પત્રક-૧ મુજબ ગ્રાન્ટેડ કોલેજ માટે સામેલ પત્રક-૨ મુજબ અને ૩ મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સાબરકાંઠા જિલ્લામાં દૂધાળા પશુ આપવાની યોજના

* ૪૭૩૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) દૂધાળા પશુ આપવાની યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૫-૧૬ | રૂ. ૧૨૪.૭૪ લાખ |
| ૨૦૧૬-૧૭ | રૂ. ૧૪૮.૭૧ લાખ |

(૨) કેટલી લાભાર્થી આદિજાતિ મહિલાઓને કેટલા દૂધાળા પશુઓનો લાભ આપવામાં આવ્યો?

(૨)

| વર્ષ | લાભાર્થી | દુધાળા પશુઓ |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૮૫ | ૩૮૫ |
| ૨૦૧૬-૧૭ | ૪૫૯ | ૪૫૯ |

---------

દાહોદ જિલ્લાની શાળાઓમાં ફાયર સેફ્ટી

* ૩૧૫૯ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ખાનગી તથા સરકારી પ્રાથમિક-માધ્યમિક કેટલી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા કરવામાં આવી છે, કેટલી શાળાઓ ઉપરોક્ત સુવિધા વગરની છે, અને

(૧)

- ૧૬૧૪ સરકારી પ્રાથમિક શાળાઓમાં અને ૩૨૪ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ છે. છેલ્લા બે વર્ષમાં એક પણ સરકારી પ્રાથમિક શાળામાં આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ નથી.
- ૪૧ સરકારી પ્રાથમિક શાળાઓ સુવિધા વગરની છે.

માધ્યમિક શાળાઓઃ-

- તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સને ૨૦૧૬માં ૦૫ બિન અનુદાનિત ખાનગી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા કરવામાં આવેલ છે. સને ૨૦૧૭માં એક પણ શાળામાં આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ નથી.
- તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૭ ખાનગી નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા કરવાની બાકી હતી.
- આજની સ્થિતિએ તે ૭ શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા કરવામાં આવેલ હોઈ, એક પણ માધ્યમિક શાળા ફાયર સેફ્ટીની સુવિધા વગરની નથી.

(૨) ઉપરોક્ત સુવિધાથી વંચિત શાળાઓમાં ઉપરોક્ત

(૨)

સુવિધા ક્યારે શરૂ કરવામાં આવશે?

● આગામી વર્ષોમાં જેમ બને તેમ ઝડપથી.
માધ્યમિક શાળાઓઃ-

● પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ

* ૪૭૧૬ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષના ૧૪મા નાણાંપંચ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૪માં નાણાંપંચ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ૪ તાલુકાઓની કુલ-૩૦૨ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
| ૧ | દહેગામ | ૯૩ | ૯૩ | ૯૩ |
| ૨ | ગાંધીનગર | ૭૩ | ૭૩ | ૭૩ |
| ૩ | કલોલ | ૬૯ | ૬૯ | ૬૯ |
| ૪ | માણસા | ૬૭ | ૬૭ | ૬૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ રૂપિયા (લાખમાં) | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | કુલ |
| ૧ | દહેગામ | ૪૫૯.૩૮ | ૭૨૪.૪૮ | ૩૪૧.૮૭ | ૧૫૨૫.૭૩ |
| ૨ | ગાંધીનગર | ૪૧૦.૩૦ | ૧૧૧૭.૫૪ | ૫૧૫.૧૯ | ૨૦૪૩.૦૩ |
| ૩ | કલોલ | ૩૮૦.૯૭ | ૭૮૮.૦૮ | ૩૭૩.૪૫ | ૧૫૪૨.૫૦ |
| ૪ | માણસા | ૩૭૪.૭૨ | ૬૧૧.૭૮ | ૨૬૯.૦૯ | ૧૨૫૫.૫૯ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ રૂપિયા (લાખમાં) | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | કુલ |
| ૧ | દહેગામ | ૩૭૫.૦૬ | ૪૫૮.૧૭ | ૧૯૪.૬૯ | ૧૦૨૭.૯૨ |
| ૨ | ગાંધીનગર | ૧૯૦.૨૩ | ૫૮૫.૩૮ | ૩૦૦.૦૦ | ૧૦૭૫.૬૧ |
| ૩ | કલોલ | ૩૭૬.૭૭ | ૬૯૨.૭૪ | ૧૨૩.૦૫ | ૧૧૯૨.૫૬ |
| ૪ | માણસા | ૩૫૦.૬૧ | ૪૮૧.૫૮ | ૧૬૮.૨૦ | ૧૦૦૦.૩૯ |

---------

## સુરત જિલ્લામાં તાલુકા દીઠ ગ્રામ પંચાયતોના જર્જરિત પંચાયત ઘર

* ૫૪૮૪ શ્રી પ્રવિણભાઇ ઘોઘારી (કરંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરિત છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ.

| તાલુકો | જર્જરીત પંચાયત ઘર |
|---|---|
| ઓલપાડ | ૪૭ |
| કામરેજ | ૨૬ |
| ચોર્યાસી | ૨૨ |
| પલસાણા | ૨૦ |
| બારડોલી | ૪૨ |
| મહુવા | ૨૭ |
| માંડવી | ૩૦ |
| માંગરોળ | ૩૧ |
| ઉમરપાડા | ૦૨ |
| કુલ | ૨૪૭ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના ઘરની મરામત/નવીન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે માટે ઉકત સ્થિતિએ સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

(૨)

| મરામતની આપેલ મંજૂરી | નવીન બનાવવાની મંજૂરી |
|---|---|
| ૪૦ | ૧૨૬ |

(૩) મંજૂર અનુદાન (રૂ.લાખમાં)

| | |
|---|---|
| મરામત | ૨૦૦.૦૦ |
| નવીન બનાવવા | ૧૮૨૮.૦૦ |
| કુલ | ૨૦૨૮.૦૦ |

---------

ગુજરાત હાઇકોર્ટ ખાતેના કેમ્પસમાં ઓડીટોરિયમ એન્ડ અધર રિલેવન્ટ બાંધકામ

* ૪૬૯૯ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ ખાતેના કેમ્પસમાં ઓડીટોરિયમ એન્ડ અધર રિલેવન્ટ બિલ્ડીંગના બાંધકામ માટેના અંદાજોને વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી

(૨) જો હા, તો ૨૦૧૭–૧૮ના નાણાંકીય વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૪૩,૭૧,૦૦,૦૦૦/– ની સુધારેલ વહીવટી મંજુરી તા.૦૬–૧૦–૨૦૧૭ના રોજ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) બિલ્ડીંગનું બાંધકામ તા.૦૫–૦૩–૨૦૧૨થી શરૂ કરી તા.૩૧–૧૨–૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલ છે.

---------

પાટણ જિલ્લામાં સરસ્વતી ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના

* ૪૬૭૬ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરસ્વતી ખાતે પુર્ણ સમયની સિવિલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ જેએમએફસી કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા,જી

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે?

(૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૭/૦૫/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૩૬/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૧૨/ડી (પાર્ટ–૧૩) થી પાટણ જિલ્લાના સરસ્વતી ખાતે પુર્ણ સમયની સિવિલ જજ અને જેએમએફસી કોર્ટ તા.૨૧/૦૫/૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના બાબત

* ૪૭૨૦ ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ

(૧) રાજકોટ જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત

જિલ્લામાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવાની બાકી છે, અને

(૩) બાકી ગ્રામ પંચાયતો ખાતે કયાં સુધીમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવશે?

તમામ ગ્રામ પંચાયતોને વી-સેટથી બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવામાં આવેલ છે. સને ૨૦૧૬માં પડધરી તાલુકાની વિભાજનથી અસ્તિત્વમાં આવેલ ખાખડાબેલા તથા ધરમપુર હર્ષદપુર ગ્રા.પં. ને કનેક્ટીવીટી પૂરી પાડેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં માત્ર કોટડાસાંગાણી તાલુકાની ખોખરી જૂથ ગ્રામ પંચાયતમાંથી નવી ખોખરી ગ્રા.પં. વિભાજનને કારણે અસ્તિત્વમાં આવેલ છે. તેમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવાની બાકી છે.

(૩) સદર ગ્રામ પંચાયત તાજેતરમાં વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ હોઇ. જયાં ટૂંક સમયમાં બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવામાં આવશે.

---------

પંચમહાલ જિલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૪૭૦૧ શ્રી સી.કે રાઉલજી (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડો છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

જવાબ

(૧) તમામ ૧૪૧૮ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડો છે.

(૨) પીવાના પાણી માટે હેન્ડ પંપ, ટ્યુબવેલ, પાઇપ લાઇન અને સ્ટૉરેજ ટેન્કની સગવડ છે.

---------

રાજ્યમાં આંગણવાડી કાર્યકર અને હેલ્પરોને વેતન

* ૩૬૨૨ શ્રી કુંવરજીભાઇ બાવળીયા (જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કાર્યકર અને હેલ્પરોને માસિક (માનદ્) વેતન કેટલું ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત વેતનમાં વધારા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ સરકારને મળી, અને

(૩) આંગણવાડી કાર્યકર અને હેલ્પરોને વેતન વધારા સાથે અન્ય કોઇ લાભો આપવાનું સરકારનું શું આયોજન છે?

જવાબ

(૧) આંગણવાડી કાર્યકરને-માસિક રૂ. ૬૩૦૦/-
મીની આંગણવાડી કાર્યકરને-માસિક રૂ. ૩૬૦૦/-
આંગણવાડી હેલ્પરને-માસિક રૂ.૩૨૦૦/-

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેતનમાં વધારા માટે ચૌદ (૧૪) અરજીઓ/માંગણીઓ સરકારને મળી છે.

(૩) વર્ષ ૨૦૧૭માં ૨ વખત માનદવેતનમાં વધારો કરવામાં આવેલ છે. તે સાથે આંગણવાહી વર્કરો તેડાગર બહેનોને,

- ૨૦ દિવસની પરચૂરણ રજાઓ જેમાં મેડીકલ ગ્રાઉન્ડ પર ૮ દિવસની સળંગ રજાઓ પણ મળે છે. ઉપરાંત ૮ દિવસનું દિવાળી વેકેશન તથા ૧૫ દિવસનું ઉનાળું વેકેશન આપવામાં આવે છે.
- બે પ્રસુતિ સુધી ૬ માસની રજા આપવામાં આવે છે.
- આંગણવાડી કાર્યકત્રી વિમા યોજના હેઠળ કુદરતી મૃત્યુના કિસ્સામાં-રૂ. ૩૦,૦૦૦ તથા અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂ. ૭૫,૦૦૦/- ચૂકવવામાં આવે છે.

ઉક્ત લાભો હાલ આપવામાં આવે છે. અન્ય લાભો આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ

અતારાંકિત પ્રશ્નો

નથી.

---------

દેવભૂમિ દ્વારકાની શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૪૩૬૦ શ્રી વિક્રમભાઇ માડમ (જામખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા શિક્ષકોની ઘટ છે, અને | (૧) ૬૨૬ |
| (૨) આ ઘટ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દીથી. |

---------

વલસાડ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૬૩૭ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૪૧૩ |
| પારડી | ૪૫૬ |
| ઉમરગામ | ૩૪૬ |
| ધરમપુર | ૩૨૦ |
| કપરાડા | ૩૬૪ |

(૨)

| તાલુકાનું નામ | પોતાના મકાનવાળી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૩૫૫ |
| પારડી | ૩૮૪ |
| ઉમરગામ | ૨૯૯ |
| ધરમપુર | ૨૮૫ |
| કપરાડા | ૩૦૧ |

(૩) ૨૭૫ આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે.

(૪)

- ૨૭૫ આંગણવાડી કેન્દ્ર પૈકી ૭૧ કામો પ્રગતિમાં છે.
- ૧૨૪ કામો વિવિધ યોજના હેઠળ મંજુર કરવામાં આવ્યા છે જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે.
  બાકીના ૮૦ આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ મનરેગા કન્વર્ઝનથી અને અન્ય યોજનાઓમાંથી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૧૯૭ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં | (૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે. |

દબાણો થયેલા છે,

| પાટણ જિલ્લો | | | સાબરકાંઠા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | પાટણ | ૩૦.૪૭.૦૦ | ૧ | ઇડર | ૦.૦૦ |
| ૨ | સરસ્વતી | ૧૨૧.૪૬.૪૫ | ૨ | વડાલી | ૦.૦૦ |
| ૩ | સિધ્ધપુર | ૦૦.૮૧.૭૬ | ૩ | ખેડબ્રહ્મા | ૦.૦૦ |
| ૪ | ચાણસ્મા | ૧૬.૯૭.૪૫ | ૪ | વિજયનગર | ૦.૦૦ |
| ૫ | હારીજ | ૩૫.૦૦.૦૦ | ૫ | પોશીના | ૦.૦૦ |
| ૬ | સમી | ૦૫.૦૦.૦૦ | ૬ | તલોદ | ૦.૦૧.૭૧ |
| ૭ | શંખેશ્વર | ૦૮.૧૬.૨૬ | ૭ | પ્રાંતિજ | ૦.૯૨.૦૦ |
| ૮ | રાધનપુર | ૨૬.૦૮.૫૨ | ૮ | હિંમતનગર | ૦.૨૮.૧૨ |
| ૯ | સાંતલપુર | ૨૪.૧૪.૧૦ | | | |
| | કુલ | ૨૬૮.૧૧.૫૪ | | કુલ | ૧.૨૧.૮૩ |

(૨) આવા ગૌચર દબાણો દુર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૫ ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દૂર કરવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| પાટણ જિલ્લો | | | સાબરકાંઠા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) |
| પાટણ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | ઇડર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| સરસ્વતી | ૦૨.૮૯.૨૪ | ૦૦.૦૦.૦૦ | વડાલી | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| સિધ્ધપુર | ૦૦.૦૫.૦૫ | ૦૦.૧૦.૨૦ | ખેડબ્રહ્મા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| ચાણસ્મા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | વિજયનગર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| હારીજ | ૧૬.૫૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | પોશીના | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| સમી | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | તલોદ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| શંખેશ્વર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | પ્રાંતિજ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૯૨.૦૦ |
| રાધનપુર | ૦૧.૫૦.૪૬ | ૦૦.૦૦.૦૦ | હિંમતનગર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| સાંતલપુર | ૦૬.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | | | |
| કુલ | ૨૬.૯૪.૭૫ | ૦૦.૧૦.૨૦ | કુલ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૯૨.૦૦ |

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દૂર કરવાનું આયોજન છે ?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમની-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત / તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

ભાવનગર જિલ્લાની પંચાયતોના નવીન મકાનો

* ૪૭૧૫ શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી તાલુકા પંચાયતોના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૧(એક) તાલુકા પંચાયતના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી.

(૨) રૂ. ૨૩૯.૪૨ લાખ

---------

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### વિજાપુર તાલુકામાં સામાજિક વનીકરણ યોજનામાં રોપાનું વાવેતર

* ૪૭૩૦ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કેટલા રોપાનું વાવેતર કરેલ છે, | (૧) ૪૬ હજાર. |
| (૨) તેની પાછળ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૧.૩૭ લાખ. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કેટલા ટકા રોપા જીવંત છે ? | (૩) ૯૦ ટકા. |

---------

### રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત રકમ

* ૫૨૪૮ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ? | (૨) વર્ષઃ ૨૦૧૫–૧૬ |

| | |
|---|---|
| – તા.૨૯–૦૯–૨૦૧૫ ના રોજ – | રૂ.૫,૫૦,૦૦,૦૦૦/– |
| – તા.૩૦–૧૨–૨૦૧૫ ના રોજ – | રૂ.૧૬,૪૬,૧૪,૮૩૫/– |
| કુલ પ્રાપ્ત થયેલ રકમ – | રૂ.૨૧,૯૬,૧૪,૮૩૫/– |
| **વર્ષઃ ૨૦૧૬–૧૭** | |
| – તા.૨૨–૦૬–૨૦૧૬ ના રોજ – | રૂ.૩૪,૪૧,૮૧,૭૦૦/– |
| – તા.૨૪–૧૦–૨૦૧૬ ના રોજ – | રૂ.૪,૫૦,૦૦,૦૦૦/– |
| – તા.૨૫–૦૧–૨૦૧૭ ના રોજ – | રૂ.૧,૨૦,૦૦,૦૦૦/– |
| કુલ પ્રાપ્ત થયેલ રકમ – | રૂ.૪૦,૧૧,૮૧,૭૦૦/– |

---------

### લીમખેડા તાલુકામાં જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના

* ૪૬૭૪ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ આવેલ દાહોદ જિલ્લાનાં લીમખેડા તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ? | (૨) સરકારશ્રીની કાયદા વિભાગની તા.૨૭–૦૯–૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૬૭/ ૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/૩૪૮૨/ડી, થી દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા ખાતે પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ તા.૦૨–૧૦–૨૦૧૭ ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

### નર્મદા જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો

## અતારાંકિત પ્રશ્નો

* ૪૬૬૭ સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૧) ૯૧૪ આંગણવાડીઓને પોતાના મકાનો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને | (૨) ૩૮ આંગણવાડીઓને પોતાના મકાનો નથી. |
| (૩) બાકી રહેતા મકાનો બનાવવા શું આયોજન છે ? | (૩) |

- આઇસીડીએસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ માં મંજુર થયેલ ૧૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- મનરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ માં ૨૨ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- બાકીના ૬ આંગણવાડી કેન્દ્રોના મકાન શહેરી વિકાસ યોજના હેઠળ બનાવવાનું આયોજન કરેલ છે.

---------

### રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત રકમ

* ૫૨૨૧ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ? | (૨) |

| ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ (રૂપિયા લાખમાં) | |
|---|---|
| ૦૫–૦૫–૨૦૧૬ | ૧૦૭૩.૭૦ |
| ૧૮–૦૭–૨૦૧૬ | ૨૦૦૦.૦૦ |
| ૩૦–૦૯–૨૦૧૬ | ૮૮૪૬.૮૯ |
| ૨૮–૧૧–૨૦૧૬ | ૧૬૬૭.૭૯ |
| ૨૧–૧૨–૨૦૧૬ | ૩૪.૦૦ |
| ૨૮–૧૨–૨૦૧૬ | ૧૯૨૦.૯૮ |
| ૦૧–૦૧–૨૦૧૭ થી ૩૧–૨–૨૦૧૭ (રૂપિયા લાખમાં) | |
| ૨૦–૦૧–૨૦૧૭ | ૭૨૮.૯૮ |
| ૨૧–૦૩–૨૦૧૭ | ૨૩૩.૦૩ |
| ૨૫–૦૪–૨૦૧૭ | ૭૩૩.૯૬ |
| ૧૨–૦૭–૨૦૧૭ | ૨૨૩૦.૩૩ |
| ૨૮–૧૨–૨૦૧૭ | ૩૩૨.૭૨ |

---------

### ખેડા અને સુરત જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો

* ૫૨૨૭ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ખેડા અને સુરત જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો | (૧) |

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|

આવેલી છે,

| | | |
|---|---|---|
| ખેડા | ૦૦ | ૦૩ |
| સુરત | ૦૧ | ૦૪ |
| કુલ | ૦૧ | ૦૭ |

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી કોલેજો માટે સામેલ *પત્રક-૧ મુજબ ગ્રાન્ટેડ કોલેજો માટે સામેલ *પત્રક-૨ અને ૩ મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં થયેલા દબાણો

* ૫૨૧૨ શ્રી ભીખાભાઈ જોશી (જૂનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કમાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ કેટલા દબાણો થયેલા છે,

(૨) આ દબાણો કેવા પ્રકારના અને કેટલા સમયથી છે,

(૩) દબાણકર્તાઓ સામે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા છે, અને

(૪) આ દબાણો ક્યાં સુધીમાં હટાવવામાં આવશે ?

જવાબ

(૧) ગીર અભ્યારણ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ કુલ ૫૭.૫૩૫૮ હેક્ટર વિસ્તારમાં દબાણો થયેલા છે. જ્યારે નેશનલ પાર્ક વિસ્તારમાં કોઇ દબાણો થયેલા નથી.

(૨) આ દબાણો પૈકી ખેતીના ૫૬.૧૭૫૭ હેક્ટર અને ધાર્મિક જગ્યાના ૧.૩૬૦૧ હેક્ટર વિસ્તારમાં દબાણો થયેલ છે. અમુક દબાણો ઘણા જુના સમયથી છે, અને અમુક ૧૯૮૭-૮૮ પછી થયેલ છે.

(૩) દબાણકર્તાઓ સામે પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. અમુક કિસ્સાઓમાં સંબંધિત દબાણકર્તાઓ દ્વારા નામ. અદાલતોમાં દાવાઓ દાખલ કરવામાં આવેલ છે.

(૪) દબાણો દૂર કરવા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

---------

ગાંધીનગર જિલ્લામાં આવેલ આંગણવાડીઓ

* ૫૩૦૮ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી આંગણવાડી છે,

(૨) આ આંગણવાડીમાં આવતા બાળકોમાં ૦ થી ૫ વર્ષના કુપોષિત અને અતિ કુપોષિત કેટલા બાળકો છે, અને

(૩) તેના માટે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) કુલ ૧૦૬૮ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

(૨) આ આંગણવાડીમાં આવતા ૦ થી ૫ વર્ષના ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૩૧૧૬ | ૫૩૨ | ૩૬૪૮ |

(૩) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આઇ.સી.ડી.એસ. યોજના અંતર્ગત બપોરનું ગરમ

ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

- ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઇ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્રમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.
- હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૬ માસથી ૩ વર્ષના બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો અને સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને ભારત સરકારના પુરક પોષણના ધોરણોને ધ્યાનમાં રાખી ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

---------

## ભરૂચ જિલ્લામાં વિદ્યાદીપ વિમા યોજના

* ૪૭૦૬ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વિદ્યાદીપ વિમા યોજનાના કેટલા કેસો રજૂ થયા, | (૧) ૨૦. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કેસો મંજૂર થયા અને કેટલા નામંજૂર થયા, અને | (૨) મંજૂર થયેલ કેસો ૧૩<br>નામંજૂર થયેલ કેસો ૦૦ |
| (૩) બાકી કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) ૩ કેસો નિયત ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી આધારોના અભાવે પૂર્તતા માટે જિલ્લા કક્ષાએ પરત કરવામાં આવેલ છે જેની પૂર્તતા થયેથી વિમા નિયામકશ્રીની કચેરી દ્વારા નિર્ણય લેવામાં આવશે. જ્યારે ૪ કેસો તાજેતરના જ હોવાથી વિમા નિયામકશ્રીની કચેરી ખાતે નિર્ણયાર્થે કાર્યવાહીમાં છે. |

---------

## કચ્છ જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર

* ૪૭૨૨ ડૉ. નિમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૩૦૦ હેક્ટર |
| ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૧૫૫૦ હેક્ટર |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ

(૨)

કરવામાં આવેલ છે ?

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ.૫૭૪.૭૩ લાખ |
| ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં | રૂ.૨૪૬.૦૦ લાખ |

---------

સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને સહાય

* ૫૪૭૧ શ્રી પુર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૭–૨૦૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૩૫૬ |
| ૨૦૧૭–૧૮ | ૩૧૬ |
| કુલ | ૬૭૨ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૩૬.૦૦ લાખ |
| ૨૦૧૭–૧૮ | રૂ. ૩૨.૬૦ લાખ |
| કુલ | રૂ. ૬૮.૬૦ લાખ |

---------

કેશોદ તાલુકામાં જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના

* ૪૬૭૭ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં પુર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે?

જવાબ

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૨૭/૦૯/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૬૫/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/૨૫૪૯/ડી, થી જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકા ખાતે પુર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ તા.૦૨/૧૦/૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે.

---------

મહીસાગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને સહાય

* ૪૭૩૧ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૨૦૧૭ અને ૨૦૧૭–૨૦૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૭૯ |
| ૨૦૧૭–૧૮ | ૬૫ |
| કુલ | ૧૪૪ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ. ૭.૯૦ લાખ |

| | |
|---|---|
| ૨૦૧૭-૧૮ | રૂ. ૬.૫૦ લાખ |
| કુલ | રૂ. ૧૪.૪૦ લાખ |

---------

ભાવનગર જિલ્લામાં દરીયા કીનારે ચેરનું વાવેતર

* ૭૭૨૩ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં ભાવનગર તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | વાવેતર |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૨૦૦ હેક્ટર |
| ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં | ૬૦૦ હેક્ટર |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬-૧૭ | રૂ. ૬૦.૭૦ લાખ |
| ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં | રૂ. ૧૦૫.૫૦ લાખ |

---------

આણંદ અને દાહોદ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો

* ૫૨૩૬ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર આર્ટસ અને કોમર્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| જીલ્લો | આર્ટસ અને કોમર્સ કોલેજ | |
|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ |
| આણંદ | ૦૧ | ૧૪ |
| દાહોદ | ૦૨ | ૦૬ |

(૨) સરકારી કોલેજો માટે સામેલ* પત્રક-૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજ માટે સામેલ* પત્રક- ૨ અને ૩ મુજબ

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સરકારી ઈજનેરી કોલેજોના વિકાસ માટે રકમ

* ૫૨૩૦ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સરકારી ઈજનેરી કોલેજોના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષણાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૧૮૫.૦૦ લાખ મળેલ છે.

---------

દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજનામાં રોપાનું વાવેતર

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

* ૪૭૨૮ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા રોપાનું વાવેતર કરેલ છે, | (૧) ૨.૫૭ લાખ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૭૪.૫૧ લાખ |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા ટકા રોપા જીવંત છે ? | (૩) ૭૧.૬૦% |

---------

### વડોદરા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવવામાં આવેલ રકમ

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે?

જવાબ

(૧) ૨૮૪

(૨)

| વર્ષ ૨૦૧૫-૧૬માં ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૬-૧૭માં ભરાયેલ જગ્યા | છેલ્લા બે વર્ષમાં ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧૮ | ૦ | ૧૮ | ૭૫ |

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ

---------

### પંચમહાલ અને ડાંગ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૨૨૩ શ્રી કાંતિભાઇ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે,

જવાબ

(૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે.

| પંચમહાલ જિલ્લો | | | ડાંગ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | ગોધરા | - | ૧ | આહવા | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | કાલોલ | – | ૨ | વઘઇ | – |
| ૩ | હાલોલ | ૧.૧૪.૩૩ | ૩ | સુબીર | – |
| ૪ | ઘોઘંબા | – | ડાંગ જિલ્લામાં ગૌચરની જમીન ન હોય દબાણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | |
| ૫ | જાંબુઘોડા | – | | | |
| ૬ | મોરવા(હ) | ૫૧.૮૬.૬૦ | | | |
| ૭ | શહેરા | – | | | |
| | કુલ | ૫૩.૦૦.૯૩ | | કુલ | –– |

(૨) આવા ગૌચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દૂર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| પંચમહાલ જિલ્લો | | | | ડાંગ જિલ્લો | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર) | ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર) |
| ૧ | ગોધરા | – | – | ૧ | આહવા | – | – |
| ૨ | કાલોલ | – | – | ૨ | વઘઇ | – | – |
| ૩ | હાલોલ | – | – | ૩ | સુબીર | – | – |
| ૪ | ઘોઘંબા | – | – | ડાંગ જિલ્લામાં ગૌચરની જમીન ન હોય દબાણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | |
| ૫ | જાંબુઘોડા | – | – | | | | |
| ૬ | મોરવા(હ) | – | ૪૯.૬૨.૭૦ | | | | |
| ૭ | શહેરા | – | | | | | |

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દૂર કરવાનું આયોજન છે?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો

* ૫૨૧૪ શ્રી ભીખાભાઇ જોશી (જૂનાગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેટલી વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૧)

| જિલ્લો | વિજ્ઞાન પ્રવાહ | |
|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ |
| જુનાગઢ | ૦૧ | ૦૦ |
| પોરબંદર | ૦૦ | ૦૧ |

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી – * સામેલ પત્રક–૧ મુજબ
ગ્રાન્ટેડ – * સામેલ પત્રક–૨ અને પત્રક–૩ મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

ભરૂચ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ

* ૫૪૬૯ શ્રી દુષ્યંતભાઇ પટેલ (ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

ફાલ્ગુન ૨૧, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નો

(૧) ભરૂચ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ કયારથી થયો, — (૧) તા.૨૫–૮–૨૦૧૪ થી

(૨) દુધ સંજીવની યોજનાનો લાભ કોણે મળવાપાત્ર છે, અને — (૨) પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને

(૩) દુધ સંજીવની યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો? — (૩)

| વર્ષ | ખર્ચ | લાભાર્થી બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | રૂ. ૬૦૦.૦૦ લાખ | ૩૮,૧૮૯ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૨૭૦.૯૦ લાખ | ૩૭,૦૬૭ |

---------

## કચ્છ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

* ૫૫૦૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૫૮૧ હેક્ટર |
| (૨) તે પૈકી રાપર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૭૩ હેક્ટર |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૪૫.૧૨ લાખ |

---------

## ઓખા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી

* ૫૫૨૪ શ્રી દેવાભાઇ માલમ (કેશોદ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ઓખા નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે? અને | (૨) રૂ. ૬,૬૪,૦૬,૦૦૦/– તા.૦૬–૦૯–૨૦૧૬ |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) આ બાંધકામ માટે હાલમાં ટેન્ડર સરકારશ્રીની મંજૂરી હેઠળ છે, જેની મંજૂરી મળ્યે આ બાંધકામ શરૂ કરવામાં આવશે. |

---------

## દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં જિલ્લા ન્યાયાધીશ કોર્ટની સ્થાપના

* ૫૫૩૧ શ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે કે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા હોય, તો આ કોર્ટ કયારે કાર્યરત કરવામાં | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા. ૨૭–૦૯– |

આવશે?

૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૬૭/૨૦૧૭ /સીસીએ/ ૧૦૨૦૧૭/૩૪૮૨/ડીથી દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ તા. ૦૨-૧૦-૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં તાલુકા પંચાયતોના નવીન મકાન માટે મંજૂરી

* ૫૪૮૭ શ્રી રાઘવભાઇ મકવાણા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતોના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૧ (એક) તાલુકા પંચાયતના નવિન મકાન માટે મંજૂરી આપવામાં આવી. |
| (૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૩૯.૪૨ લાખ |

---------

આણંદ અને દાહોદ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૨૩૮ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે,

(૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે.

| આણંદ જિલ્લો | | | દાહોદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | આણંદ | ૦.૦૦.૦૦ | ૧ | દાહોદ | ૦૨.૬૧.૦૨ |
| ૨ | ઉમરેઠ | ૦૦.૦૨.૦૦ | ૨ | ધાનપુર | ૦૦.૪૦.૪૭ |
| ૩ | બોરસદ | ૦૦.૮૬.૦૧ | ૩ | ઝાલોદ | ૦૨.૭૧.૦૦ |
| ૪ | આંક્લાવ | ૮૧.૯૭.૦૧ | ૪ | દે.બારીયા | ૦૨.૦૫.૯૪ |
| ૫ | પેટલાદ | ૦૧.૦૩.૪૮ | ૫ | ગરબાડા | ૦૦.૮૦.૦૦ |
| ૬ | સોજીત્રા | ૦૦.૦૯.૬૪ | ૬ | લીમખેડા | ૦૦.૩૫.૭૬ |
| ૭ | ખંભાત | ૨૨.૯૬.૬૪ | | | |
| ૮ | તારાપુર | ૦૪.૦૦.૦૦ | | | |

(૨) આવા ગૌચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દૂર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| આણંદ જિલ્લો | | | દાહોદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) |
| આણંદ | ૦.૦૦ | ૦.૦૦ | દાહોદ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| ઉમરેઠ | ૦.૦૦ | ૦.૦૦ | ધાનપુર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| બોરસદ | ૦૦.૧૫.૧૭ | ૦.૦૦ | ઝાલોદ | ૦૦.૦૦.૦૦ | ૦૨.૭૧.૦૦ |
| આંક્લાવ | ૪૦.૦૦.૦૦ | ૦.૦૦ | દે.બારીયા | ૦૦.૦૦.૦૦ | ૦૨.૦૫.૯૪ |
| પેટલાદ | ૦.૦૦ | ૦.૦૦ | ગરબાડા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૮૦.૦૦ |
| સોજીત્રા | ૦.૦૦ | ૦.૦૦ | લીમખેડા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૩૫.૭૬ |
| ખંભાત | ૦૦.૦૦.૧૫ | ૦૦.૦૦.૧૬ | | | |
| તારાપુર | ૦.૦૦ | ૦.૦૦ | | | |

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દૂર કરવાનું આયોજન છે?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

સર્વ શિક્ષા અભિયાન હેઠળ મળેલ રકમ

* ૫૨૩૨ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૧) હા.

(૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ?

(૨) સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને નીચે મુજબની રકમ મળેલ છે.

| વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૭૭૭૪૦.૫૧ |
| ૨૦૧૭–૧૮ (તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ) | ૪૬૦૯૪.૭૮ |

---------

જામનગર ખાતે જિલ્લા કોર્ટની પત્રકાર કોલોનીના રૂમના બાંધકામને મંજૂરી

* ૫૫૨૫ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૧૭ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જામનગર ખાતે જિલ્લા કોર્ટની પત્રકાર કોલોનીમાં સેન્ટ્રલ રેકોર્ડ રૂમના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો ૨૦૧૭–૧૮ ના નાણાંકીય વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ભરૂચ અને નવસારી જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો

* ૫૨૯૩ શ્રી અક્ષય પટેલ (કરજણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે,

(૧) તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીનમાં દબાણો થયેલા છે.

| ભરૂચ જિલ્લો | | | નવસારી જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) | ક્રમ | તાલુકો | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
| ૧ | ભરૂચ | ૦૦.૮૬.૭૧ | ૧ | વાંસદા | ૦૦.૦૦.૦૦ |
| ૨ | અંકલેશ્વર | ૦૦.૦૦.૦૦ | ૨ | ચીખલી | ૦૦.૦૦.૦૦ |
| ૩ | આમોદ | ૦૦.૦૦.૩૬ | ૩ | ગણદેવી | ૦૦.૦૦.૦૦ |
| ૪ | વાગરા | ૦૦.૧૦.૫૨ | ૪ | જલાલપોર | ૦૦.૦૦.૦૦ |
| ૫ | જંબુસર | ૦૦.૦૦.૦૦ | ૫ | નવસારી | ૦૦.૦૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | હાંસોટ | ૦૦.૦૧.૧૮ | ૬ | ખેરગામ | ૦૦.૦૦.૦૦ |
| ૭ | વાલીયા | ૦૦.૦૨.૯૭ | | | |
| ૮ | નેત્રંગ | ૦૦.૦૦.૦૦ | | | |
| ૯ | ઝગડીયા | ૦૦.૦૦.૦૦ | | | |
| | કુલ | ૦૧.૦૧.૭૪ | | કુલ | ૦૦.૦૦.૦૦ |

(૨) આવા ગૌચર દબાણો દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૫ ની જોગવાઈ મુજબ ગૌચરના જમીનના દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની છે. ગૌચર દબાણો દૂર કરાવવા સબંધે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં આ બાબતે સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

(૩) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગૌચરની કેટલી જમીન તાલુકાવાર ખુલ્લી કરવામાં આવી, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

| ભરૂચ જિલ્લો | | | નવસારી જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) | તાલુકો | વર્ષ ૨૦૧૬ (હે.આરે.પ્ર.) | વર્ષ ૨૦૧૭ (હે.આરે.પ્ર.) |
| ભરૂચ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | વાંસદા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| અંકલેશ્વર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | ચીખલી | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| આમોદ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | ગણદેવી | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| વાગરા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | જલાલપોર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| જંબુસર | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | નવસારી | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| હાંસોટ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | ખેરગામ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ |
| વાલીયા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | | | |
| નેત્રંગ | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | | | |
| ઝગડીયા | ૦૦.૦૦.૦૦ | ૦૦.૦૦.૦૦ | | | |

(૪) બાકી રહેલા દબાણો કેટલા સમયમાં દૂર કરવાનું આયોજન છે?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ

શ્રી જયેશભાઇ રાદડીયા (નાગરિક પુરવઠા મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા કામગીરી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અહેવાલો

શ્રી જયેશભાઇ રાદડીયા (કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪ ના વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, હિસાબો અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૪-૧૫ના વર્ષનો વાર્ષિક અહેવાલ

શ્રી દિલીપકુમાર ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવનું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૪-૧૫ના વર્ષનો વાર્ષિક અહેવાલ

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી બચુભાઇ ખાબડ (રાજય કક્ષાના ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૫-૨૦૧૬ ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડીટ રિમાર્કસ તથા તેને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ રિમાર્કસ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલના અંદાજપત્રકો

શ્રી નીતિનભાઇ પટેલ (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી( : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલના સન ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષનાં સુધારેલાં અંદાજપત્રકો તથા સન ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ ના વર્ષના અંદાજપત્રકો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું .

સુધારેલાં અંદાજપત્રકો અને અંદાજપત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ (બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડનો ૨૦૧૫-૨૦૧૬ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું .

વાર્ષિક વહીવટી અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેના જાહેરનામાં

શ્રી જયદ્રથસિંહજી પરમાર (રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના

) ૧ (તા.૨/૫/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક-કેપી/૨૦૧૭ નો ૧૫/ઇએલસી/૧૦૨૦૧૭ /૬૩)૧/ (ગ

) ૨ (તા.૨/૫/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક-કેપી/૨૦૧૭ નો ૧૬/ઇએલસી/૧૦૨૦૧૭/૨૦૧૭ /૬૩)૨/ (ગ

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

જાહેરનામાં સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

માગણી ક્રમાંક-૧૨

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ( : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૩, ૯૭, ૦૬, ૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી સંતોકબહેન ભ. આરેઠીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપદરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

માગણી ક્રમાંક-૧૩

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૪, ૯૦, ૬૯, ૩૩, ૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૫, ૬૧, ૩૯, ૨૨, ૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી મહંમદજાવીદ પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભભાઇ ચૂડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦રજૂ કરવામાં આવી.

શ્રી લલિતભાઇ કથગરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

## તા. ૧૨મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી આઅંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજનભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક–૪૯

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૯, ૬૬, ૩૮, ૧૦, ૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧, ૧૪, ૮૦, ૪૦, ૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી વલ્લભભાઇ ધારવિયાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ માડમઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ જોષીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ વંશઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારાઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક–૫૦

શ્રી સૌરભભાઇ પટેલ ( ખાણ અને ખનિજ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧, ૯૦, ૭૧, ૬૩, ૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧, ૫૫, ૦૦, ૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી પરસોત્તમભાઇ સાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપભાઇ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૨૧, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક–૭૫

શ્રી સૌરભ પટેલ (બંદરો અને વાહનવ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૮, ૨૯, ૭૦, ૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૦, ૦૧, ૦૨, ૦૦૦ની માગણી ક્રમાંક–૭૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૫ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

માહિતી અને પ્રસારણ વિભાગ

માગણી ક્રમાંક–૫૪

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧, ૨૬, ૬૪, ૭૮, ૦૦૦ની માગણી ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

કાપદરખાસ્તોની એકત્રિત યાદી મૂકવી

સન ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા. ૧૨–૦૩-૨૦૧૮ (બીજો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં. ૧૨ | | |
| *૧ | ૨૦૪૫–ચીજવસ્તુઓ...શુલ્ક<br>૧૦૩–વસૂલાત....શુલ્ક<br>૦૧–વીજળી....નિરીક્ષક<br>રૂ. ૨૩,૯૭,૦૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | મોટા ઉદ્યોગો પાસેથી બાકી નીકળતી વીજશુલ્કની રકમ વસુલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ<br>(ચંદનજી ઠાકોર) |
| ૨ | --- " --- | ૧૦૦ | ખાનગી વીજ કંપની દ્વારા અમદાવાદ અને સુરત શહેરમાં થતા ભાવ વધારાના કારણે વિદ્યુત શુલ્કનું ભારણ વધતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ સોઢાપરમાર<br>(સુખરામભાઇ રાઠવા) |

| | | | | |
|---|---|---|---|---|
| *૩ | --- " --- | ૧૦૦ | ખાનગી વીજ કંપનીના વાર્ષિક હિસાબો કેગ દ્વારા ઓડીટ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ (અલ્પેશ ઠાકોર) |
| ૪ | --- " --- | ૧૦૦ | વીજદરમાં વારંવાર થતા ભાવ વધારાના કારણે વિદ્યુત શુલ્કનું વધતું જતું ભારણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી (સંતોકબેન આરેઠીયા) |
| *૫ | --- " --- | ૧૦૦ | મધ્યમવર્ગને વીજ શુલ્કમાં રાહતો આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ (ગેનીબેન ઠાકોર) |
| ૬ | --- " --- | ૧૦૦ | ગ્રાહક જ્યારે વીજ કનેકશન મેળવે છે ત્યારે જ વીજ મીટરની રકમ તેની પાસેથી વસૂલાતી હોવા છતાં દર માસે મીટર ભાડાની થતી ઉઘરાણી બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (નથાભાઇ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| માગણી નં. ૧૩ | | | | |
| ૭ | ૨૮૦૧ – વીજળી શક્તિ<br>૮૦ – સામાન્ય<br>૧૦૧ – વિદ્યુત બોર્ડને સહાય<br>રૂ.૧૫,૬૨,૮૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના નં. ૯ થી ૧૧ | ૧૦૦ | સરકાર પર વીજ સબસીડીનો બોજ ન વધે તે માટે ખેડૂતોને વીજ કનેકશનો અપાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ (ભરતજી ઠાકોર) |
| ૮ | --- " --- | ૧૦૦ | વીજળીની માંગ કરતાં પુરવઠો વધારે હોવા છતાં ગ્રાહક ઉપર ખર્ચ બોજ વધારી રહેલ વીજ કંપનીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (બાબુભાઇ વાજા) |
| ૯ | --- " --- | ૧૦૦ | વીજ વિતરણ કંપનીના એન્ટ્રી લેવલના કર્મચારીઓ માટેના અરસપરસ બદલીના પરિપત્રનો અમલ ન કરાવનાર જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા (ઇમરાન ખેડાવાલા) |
| ૧૦ | --- " --- | ૧૦૦ | અંડરગ્રાઉન્ડ વાયરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા (ડૉ.આશા પટેલ) |
| *૧૧ | --- " --- | ૧૦૦ | ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સતત વીજ પુરવઠો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (સંજયભાઇ સોલંકી) |
| ૧૨ | --- " --- | ૧૦૦ | વીજળીના ટ્રાન્સફોર્મર બળી જાય ત્યારે નવા ટ્રાન્સફોર્મર સત્વરે ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લલીતભાઇ કગથરા (પુનાભાઇ ગામીત) |
| ૧૩ | --- " --- | ૧૦૦ | વીજ કનેકશનોમાં અર્થીંગ કનેક્શનો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઇ ચૌધરી (અનંતકુમાર પટેલ) |
| *૧૪ | --- " --- | ૧૦૦ | અન્ય રાજ્યોને સરપ્લસ વીજળી વેંચવા જતાં રાજ્યના ખેડૂતોને પૂરતી વીજળી આપવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ.સી.જે.ચાવડા (નૌશાદજી સોલંકી) |
| ૧૫ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં ખેડૂતોને વાર્ષિક કેટલી વીજળી પૂરી પાડી તેની સચોટ માહિતી દર્શાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (સુનિલભાઇ ગામીત) |
| ૧૬ | | ૧૦૦ | ખેડૂતોની વીજ કનેકશનોની લાંબા સમયથી પડતર અરજીઓનો નિકાલ કરી સત્વરે વીજ કનેકશનો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (અક્ષયકુમાર પટેલ) |
| ૧૭ | --- " --- | ૧૦૦ | ખાનગી વીજ કંપનીની સરખામણીમાં રાજ્યની માલિકીની વીજ કંપનીઓમાં વીજ ઉત્પાદનમાં થતો ઘટાડો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (પુનમભાઇ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | ૨૮૦૧ – વીજળી શક્તિ<br>૮૦ – સામાન્ય<br>૧૦૧ – વિદ્યુત બોર્ડને સહાય<br>રૂ.૧૫\,૬૨,૮૭,30,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના નં. ૧૦ અને ૧૧ | ૧૦૦ | વીજ કંપનીઓના જૂના પાવર પરચેઝ એગ્રીમેન્ટ રદ્દ કરી, કરોડો રૂપિયાની ફીક્સ કોસ્ટનું ભારણ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (જશપાલસિંહ ઠાકોર) |
| ૧૯ | --- " --- | ૧૦૦ | વિદ્યુત બોર્ડને આર્થિક સહાય આપવા છતાં ખોટ કરે છે તેની તપાસ કરી જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા (મંગળભાઇ ગાવિત) |

ઉદ્યોગ અને ખાણ વિભાગ
માગણી નં. ૪૯

| | | | | |
|---|---|---|---|---|
| *૨૦ | ૨૮૫૧– ગ્રામ....ઉદ્યોગો<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૨– IND- ૧૧ કુટીર..કચેરી<br>રૂ. ૧૩,૩૨,૬૩,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૨૯ અને ૩૦ | ૧૦૦ | કુટીર ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપી ગ્રામ્ય વિસ્તારોમાં તેનો વ્યાપ વધે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ (હર્ષદકુમાર રીબડીયા) |
| ૨૧ | ૨૮૫૧– ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૨ – લઘુ ઉદ્યોગો<br>રૂ. ૮,૨૯,૨૦,૦૨,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૩૪ થી ૩૮ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને આર્થિક સહાય આપી ચેતનવંતા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વલ્લભભાઇ ધારવીયા (રાજેશભાઇ ગોહિલ) |
| ૨૨ | ૨૮૫૧– ગ્રામ....ઉદ્યોગો<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>રૂ. ૧,૬૭,૪૮,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૫૩ થી ૫૬ | ૧૦૦ | ગ્રામોદ્યોગનો ઝડપી વિકાસ થાય અને તેના ઉત્પાદનના વેચાણમાં જરૂરી મદદ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ (ચિરાગભાઇ કાલરિયા) |
| ૨૩ | ૨૮૫૨– ઉદ્યોગો<br>૮૦ – સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– IND-૨–<br>ઉદ્યોગ...શાખા<br>રૂ. ૧૬,૫૮,૧૫,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૫૮ અને ૫૯ | ૧૦૦ | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીમાં સંવર્ગવાર મહેકમની ઘટ પૂરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી (ધવલસિંહ ઝાલા) |
| ૨૪ | --- " --- | ૧૦૦ | ઉદ્યોગોના વિવિધ પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| ૨૫ | --- " --- | ૧૦૦ | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી હસ્તકની કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડીયા (ડૉ. અનિલ જોષિયારા) |
| ૨૬ | --- " --- | ૧૦૦ | વાયબ્રન્ટ સમિટમાં જે ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોહનલાલ વાળા) |

માગણી નં. ૫૦

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | ૨૮૫૩–બિન લોહ...ઉદ્યોગ<br>૦૨–ખાણોનું...વિકાસ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૦૨,૯૩,૭૬,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૩<br>પાના નં. ૭૩ અને ૭૪ | ૧૦૦ | રા થતા આર્થિક | શ્રી વજેસિંગભાઇ પણદા (લાખાભાઇ ભરવાડ) |
| ૨૮ | --- " --- | ૧૦૦ | ખનીજ ચોરીમાં પકડાયેલા માફિયાઓ સામે પોલીસ કેસો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (પરસોત્તમ સાબરિયા) |
| ૨૯ | --- " --- | ૧૦૦ | ખાણ–ખનીજની ચોરીમાં સ્થાનિક અધિકારીઓની મિલીભગતને કારણે ચોરીનું વધતું જતું પ્રમાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (ભાવેશભાઇ કટારા) |
| ૩૦ | --- " --- | ૧૦૦ | ખાણોમાં થતાં ખોદકામની નિયમિત તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત (ચંદ્રીકાબેન બારીયા) |
| ૩૧ | --- " --- | ૧૦૦ | ખનીજ ચોરી સામે કરેલ દંડની પૂરેપૂરી વસૂલાત કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી (ઋત્વિકભાઇ મકવાણા) |
| ૩૨ | --- " --- | ૧૦૦ | ખાણોમાં ખનીજ ચોરી પછી રોજકામ કરીને કરોડોનો દંડ કરાય પછી સમયાંતરે દંડની રકમમાં થતો ઘટાડો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરિષભાઇ ડેર (વિરજીભાઇ ઠુંમર) |

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી નં. ૭૫ | | | | |
| *૩૩ | ૫૦૫૧-બંદરો.... જોગવાઇ<br>૦૨- નાના બંદરો<br>૨૦૦- અન્ય...બંદરો<br>રૂ. ૨૦,૦૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં ૨૦,પાના નં. ૨૩ | ૧૦૦ | જેટી ન હોય તેવા બંદરોને જેટીની સુવિધા સત્વરે આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા |
| ૩૪ | --- " --- | ૧૦૦ | બંદરોની સલામતી માટે યોગ્ય સુરક્ષા માળખું તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઇ ચાવડા |
| ૩૫ | --- " --- | ૧૦૦ | નાના બંદરોનો વિકાસ ઝડપથી થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| *૩૬ | --- " --- | ૧૦૦ | બંદરો ઉપર વહાણો લાંગરવા માટે યોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૩૭ | --- " --- | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા (રાજેન્દ્રસિંહ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| માહિતી અને પ્રસારણ વિભાગ<br>માગણી નં. ૫૪ | | | | |
| ૩૮ | ૨૨૨૦-માહિતી અને પ્રસાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-માહિતી.....કચેરી<br>રૂ. ૨૪,૬૪,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૪, પાના નં. ૧૫ | ૧૦૦ | માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા થતા બેફામ | શ્રી લલીતભાઇ કગથરા (હર્ષદકુમાર રીબડિયા) |
| ૩૯ | --- " --- | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવા પ્રત્યે ઉદાસીનતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (લલીત વસોયા) |
| ૪૦ | --- " --- | ૧૦૦ | માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા બિનજરૂરી માત્રામાં સાહિત્ય છપાવવા સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ (જવાહરભાઇ ચાવડા) |
| ૪૧ | --- " --- | ૧૦૦ | માહિતી નિયામકશ્રીની કચેરીમાં અનુભવી સ્ટાફના અભાવે કામગીરી ઉપર પડતી આડઅસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (ડૉ. સી.જે.ચાવડા) |
| ૪૨ | --- " --- | ૧૦૦ | માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા છપાતા અંકોમાં અસરકારક સાચી રજૂઆતોની પ્રસિદ્ધિ કરવાને બદલે બિનજરૂરી વાહ-વાહની પ્રસિધ્ધિ કરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (અશ્વિનભાઇ કોટવાલ) |
| ૪૩ | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૧૧૦-પ્રકાશનો<br>૦૧-મુદ્રિત ..... પ્રચાર<br>રૂ. ૪૭,૮૧,૦૦૦<br>અં. પ્ર. નં. ૧૪<br>પાના નં. ૨૪ અને ૨૫ | ૧૦૦ | ખર્ચાળ દિપોત્સવી અંકનું વેચાણ ઓછું થતું હોઇ, આવા અંકો બંધ કરી નાણા બચાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (અનંતકુમાર પટેલ) |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ તથા એની ઉપર રજૂ થયેલી કારપદરખાસ્તોની ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક ૧૨ અને ૧૩ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ગુજરાતમાં છેલ્લા ૨૨-૨૩ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે ત્યારે રાજ્ય સરકારના ઉર્જા વિભાગ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી વીજ માટેની તકલીફો, માગણીઓ આ સભાગૃહમાં ચર્ચામાં આવે છે. આ રાજયના પોતાના વીજ

કોરપોરેશનો છે જે વીજ કોરપોરેશનોની વીજ ક્ષમતા ૨૦૦૧-૦૨માં ૪૫૧૩ મેગાવોટ હતી. જયારે ૨૦૧૬માં વીજ ક્ષમતા જોઇએ તો એ ફક્ત ૫૯૯૭ મેગાવોટ જ થયેલ છે. એટલે કે ૧૬ વર્ષની અંદર રાજય સરકારે પોતાના વીજ કોરપોરેશનો દ્વારા ૧૪૮૪ મેગાવોટનો જ વધારો કર્યો છે. સન ૨૦૦૭-૦૮ માં વીજ ક્ષમતા જોઇએ તો ૪૭૬૬ મેગાવોટ હતી જેના દ્વારા ૨૯૨૪૧ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયું હતુ. એની સામે સન ૨૦૧૬-૧૭માં વીજ ક્ષમતા ૫૯૭૭ મેગાવોટ થઇ હતી એની સામે ૧૬૨૫૪ મિલિયન યુનિટ વીજળીનું જ ઉત્પાદન થયું છે. આમ છેલ્લા ૯ વર્ષમાં રાજયના વીજ કોરપોરેશનોમાં ૧૨૩૧ મેગાવોટનો વીજ ક્ષમતામાં વધારો થયો હોવા છતાં ૧૨૯૮૭ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન ઘટ્યું છે. વીજ ક્ષમતા વધાર્યા પછી ઉત્પાદનમાં ઘટાડો થયો છે. આ ઘટાડો કયા સંજોગોમાં થયો છે એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે તો મને ચોક્કસ આનંદ થશે.

બીજી વાત રાજયમાં આઇ.પી.પી. જે ૨૦૦૧-૦૨માં હતા એની વીજ ક્ષમતા ૧૧૩૧ મેગાવોટ હતી એ સન ૨૦૧૬-૧૭માં ૨૬૦૪ મેગાવોટ થઇ હતી. આમ ૧૬ વર્ષમાં આ આઇ.પી.પી. માં ૧૪૭૩ મેગાવોટનો વધારો થયો છે. એ પ્રમાણે ૨૦૦૪-૦૫માં વીજ ક્ષમતા ૧૩૭૨ મેગાવોટની સામે ૧૦, ૩૦૮ મિલિયન યુનિટનું વીજ ઉત્પાદન થયું . ૨૦૧૬-૧૭માં વીજ ક્ષમતા ૨૬૦૪ મેગાવોટ હતી. તેની સામે ૫, ૮૧૩ મિલિયન યુનિટનું વીજ ઉત્પાદન થયું. આમ રાજયના IPOB દ્વારા ૧૨ વર્ષમાં ૧૨૩૧ મેગાવોટ વીજ ક્ષમતા વધ્યા પછી પણ ૪૪૯૫ મિલિયન યુનિટનો ઉત્પાદનમાં ઘટાડો થયો છે. આમ રાજય સરકારના બન્ને વીજ કોરપોરેશન હોય કે રાજય સરકારના IPOB ક્ષેત્રના હોય બન્ને જગ્યાએ વીજ ક્ષમતામાં વધારો થયા પછી વીજ ઉત્પાદનમાં ઘટાડો થયો છે અને ઘટાડો કયા સંજોગોમાં થયો છે એ માનનીય મંત્રીશ્રી પોતાના ઉત્તરમાં મને જવાબ આપે. એક બાજુ કેન્દ્રનો પણ હિસ્સો છે. કેન્દ્રના પોતાના પણ અહીંયા પ્રોજેક્ટો આવેલા છે. એની વીજ ક્ષમતા ૨૦૦૧-૦૨માં ૧૫૬૨ મેગાવોટ હતી તેની સામે ૨૦૧૬-૧૭માં વીજ ક્ષમતા ૪૦૮૦ થઇ. ૨૦૦૧-૦૨માં ૧૫, ૦૬૫ મિલિયન યુનિટનું ઉત્પાદન કર્યું તેની સામે કેન્દ્ર સરકારના હિસ્સાની જે કંપનીઓ છે, ૨૦૧૬-૧૭માં ૨૭, ૫૦૦ મિલિયન યુનિટનું ઉત્પાદન કર્યું. આમ છેલ્લા ૧૬ વર્ષમાં ૨૫૧૮ મેગાવોટના વધારા સામે કેન્દ્ર સરકારની આ કંપનીઓએ ૧૨, ૪૩૫ મિલિયન યુનિટનો વીજ ઉત્પાદનમાં વધારો કર્યો છે. આમ વીજ ક્ષમતા સામે વીજ વધારો પણ કરવામાં આવ્યો છે. વીજ ઉત્પાદનમાં વધારો થયો છે જયારે રાજય સરકારના બન્ને જગ્યાએ વીજ ક્ષમતામાં વધારો થયા પછી વીજ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. આ રાજયમાં ખાનગી ક્ષેત્રો તરફ અલગ અલગ ક્ષેત્રો જઇ રહ્યા છે. રાજયમાં જે ખાનગી વીજ ક્ષેત્રો આવેલા છે એ ૨૦૦૧-૦૨માં જેની વીજ ક્ષમતા માત્ર ૧, ૪૪૫ મેગાવોટ હતી તેની સામે ફક્ત ૫, ૯૮૯ મિલિયન યુનિટ ખાનગી ક્ષેત્રો જયારે પેદા કરતા હતા ત્યારે ૨૦૧૬-૧૭માં આ ખાનગી ક્ષેત્રોની વીજ ક્ષમતા ૭૨૦૭ મેગાવોટ થઇ. તેની સામે ૫૪, ૭૧૭ મિલિયન યુનિટનું વીજનું ઉત્પાદન થયું. આમ છેલ્લા ૧૬ વર્ષમાં ખાનગી વીજ ક્ષેત્રોમાં વીજક્ષમતામાં ૫, ૭૬૨ મેગાવોટ સામે ૪૮, ૭૨૭ મિલિયન યુનિટનું વીજળીનું ઉત્પાદન વધારાનું એ લોકો કરી શક્યા. એક બાજુ એમની ક્ષમતામાં વધારો થયો અને બીજી બાજુ તેના વીજ ઉત્પાદનમાં પણ વધારો થયો છે. સરકારને હું એ પૂછવા માગું છું કે એક બાજુ સરકારના પોતાના વીજ ક્ષેત્રો, પોતાના વીજ મથકો છે. સરકાર ૨૦૧૫-૧૬માં નવીનીકરણ માટે, વીજ પ્લાન્ટ માટે એ સિક્કાના યુનિટ ૩ અને ૪ હોય, GBPCના પીપાવાવ બંદરના પ્રોજેક્ટ માટેના હોય કે ધુવારણ માટે હોય. કુલ ૧૫૭૬ મેગાવોટની જોગવાઇ લઇને સરકાર ૨૦૧૫-૧૬ના બજેટમાં આવી હતી. તેની સામે ૭, ૭૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવવાનો હતો. એક બાજુ સરકાર પોતાના બજેટમાં જે રીતે વીજ ક્ષમતા વધારવા માટે કરોડો રૂપિયા આ પ્લાન્ટોને આપવામાં આવે છે તેની સામે આપણે જોઇ રહ્યા છીએ કે વીજ ઉત્પાદનમાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે. આ રાજયમાં લોકોની વીજ માંગ છે તેમાં ૨૦૧૩-૧૪માં ઘરગથ્થુ વીજ માંગ હતી એ ૧૫.૮૦ ટકા હતી. ખેતીની માંગ ૨૨.૨૫ ટકા હતી અને ઉદ્યોગોની માંગ ૪૧.૭૪ ટકા હતી. આજે ૨૦૧૭-૧૮ની સ્થિતિ જોઇએ તો ઘરગથ્થુ માંગમાં વધારો થયો ૧૭.૮૩. ખેતીની માંગમાં ૨૨.૫૦ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં ૫૧.૧૬ ટકા. આમ ૨૦૧૩-૧૪ની સામે આપણે ૨૦૧૬-૧૭માં જોઇએ તો ઘરગથ્થુ માંગમાં ૨.૦૩ ટકાનો વધારો થયો. ખેતીમાં ફક્ત ૦.૨૫ ટકાનો વધારો થયો અને તેની સામે આ રાજય સરકારે ઔદ્યોગિક માંગમાં ૯.૪૨ ટકાનો વધારો કર્યો છે. આ જે વીજ છે એ ઉદ્યોગોને આપવામાં આવી છે. ખેડૂતોની તો ફક્ત વાત કરવામાં આવી છે. છેલ્લા ચાર વર્ષમાં ફક્ત ૦.૨૫ ટકાનો વધારો વીજ ઉત્પાદનમાં ખેડૂતો માટે કરવામાં આવ્યો છે. હું થોડાક મિલિયન યુનિટની વાત કરીશ. એ જ રીતે વર્ષ ૨૦૦૧-૦૨માં ઘરગથ્થુ માટે જે માંગ હતી મિલિયન યુનિટની એ ૩૯૨૨ હતી. એની સામે ખેતીમાં ૧૫૬૯૫ મિલિયન યુનિટ હતી અને ઉદ્યોગોની માંગ ૯૮૧૭ હતી. ૨૦૧૬-૧૭માં ઘરગથ્થુમાં ૧૩૮૮૩ થયા, ખેતીમાં ૧૭૫૨૭ થયા અને ઉદ્યોગોમાં ૩૮૮૪૨ થયા. આમ આપણે જોઇએ તો રાજયમાં છેલ્લા ૧૬ વર્ષની અંદર વીજ વપરાશની વીજ યુનિટમાં મિલિયન યુનિટની વાત કરવામાં આવે તો ઘરગથ્થુની અંદર ૯૬૬૧ મિલિયન યુનિટનો વધારો થયો છે. છેલ્લા ૧૬ વર્ષમાં આ રાજયનો ખેડૂત ખેતી પર નભે છે. સરકાર એમ કહે છે કે અમે પૂરેપૂરી વીજળી આપીએ છીએ. મારે એમ કહેવું છે કે આ રાજયના ખેડૂતોને અપાતી વીજળીમાં ૧૮૩૨ યુનિટનો વધારો થયો છે. આવી જ રીતે ઔદ્યોગિક ક્ષેત્રમાં એમ કહીએ છીએ કે આ સરકાર એ ઉદ્યોગો પાછળ છે અને સ્પષ્ટપણે દેખાઇ આવે છે. છેલ્લા ૧૬ વર્ષમાં ૨૯૦૨૫ મિલિયન યુનિટનો વધારો ઔદ્યોગિક ક્ષેત્રમાં વીજ વપરાશમાં થયો છે. એજ રીતે સેક્ટરવાઇઝ આપણે જોઇએ તો ૨૦૧૧-૧૨ અને ૨૦૧૬-૧૭ સુધીના છેલ્લા ૬ વર્ષમાં જોઇએ તો. એ ઘરગથ્થુ હોય, વાણિજયક હોય, દિવા બત્તી માટે હોય, ખેતી માટે હોય, વોટર વર્કસ માટે હોય, રેલવે માટે હોય કે અન્ય માટે હોય. ૨, ૨૩, ૭૦૭ મિલિયન યુનિટની છેલ્લા છ વર્ષમાં જરૂર હતી. જેની સામે રાજય સરકારના પોતાના જે વીજ કોર્પોરેશન છે. POS છે એ

વીજ ક્ષેત્રના કુલ ૧, ૬૦, ૫૭૨ મિલિયન યુનિટની વીજળીનું ઉત્પાદન થયું હતું અને એની સામે સરકારને જે આ લોકોને જરૂર હતી, વપરાશકારોને એ ફક્ત ૭૩, ૧૩૫ની જરૂર હતી. એની સામે રાજ્ય સરકારે વીજળીની ખરીદી કરવી પડી. જે વીજળી ખરીદી એ ૭૩, ૧૩૫ મિલિયન યુનિટની ખરીદી કરી એની સામે ૧, ૭૫, ૭૮૫ મિલિયન યુનિટની વીજળીની ખરીદી કરી. જે ખરીદી ૧, ૦૨, ૬૫૦ યુનિટનો વધારો હતો. આ એટલા માટે હતો કે ખરેખર વધારાની ખરીદેલી વીજળી એ ઔદ્યોગિક ક્ષેત્રો પાસેથી ખાનગી ક્ષેત્ર પાસેથી ખરીદેલી હતી. એના આંકડા જાણીને એમ થશે કે રાજ્ય સરકારના પોતાના વીજળી મથકો વીજળી પેદા કરતા નથી અને બીજ બાજુ આ રાજ્યમાં પાંચ વીજ કંપનીઓ છે એ વીજ કંપનીઓ પાસેથી કરોડો રૂપિયાની વીજળી ખરીદી છે. સરકારી આંકડા મુજબ હું કહેવા માગું છું કે ખાનગી વીજ ક્ષેત્રમાં CLP India પાસેથી ૩૬૧૭ મિલિયન યુનિટની ખરીદી કરી અને એની રૂ. ૧૫૪૫/–કરોડ કિંમત થાય છે. અદાણી–અદાણી પાવર કોર્પોરેશન લિ. પાસેથી ૭૫૩૩૬ મિલિયન યુનિટની ખરીદી કરવામાં આવી અને રૂ. ૨૦૮૨૭/–કરોડ આ અદાણીને ચૂકવવામાં આવ્યા. એવી જરીતે એસ્સાર પાવર ગુજરાત જેની પાસેથી ૨૬૮૨૭ મિલિયન યુનિટની વીજળી લેવામાં આવી અને એની સામે સરકારે રૂ. ૮૬૪૦/–કરોડ ચૂકવ્યા છે. એસીબી ઇન્ડિયા લિ. જેની પાસેથી ૮૨૦૫ મિલિયન યુનિટ વીજળી ખરીદવામાં આવી અને એની સામે રૂ. ૧૭૦૯/–કરોડ આ રાજ્ય સરકારે ચૂકવ્યા. ગોસલ ગુજરાત પ્રાઇવેટ કંપની, ચાઇનાની આ કંપની પાસેથી સૌથી મોંઘી વીજળી આ રાજ્ય સરકારને વેચે છે. આ ૨૦૬૮૦ મિલિયન યુનિટ વીજળી રાજ્ય સરકારે ખરીદી અને એની કિંમત રૂ. ૧૪૫૮૩/–કરોડ ચૂકવ્યા. આમ રાજ્ય સરકારે છેલ્લા છ વર્ષમાં આ પાંચ જ કંપનીઓ પાસેથી રૂ. ૪૭, ૩૦૫/–કરોડની વીજળી ખરીદી છે. આ વીજળી ફક્તને ફક્ત ઉદ્યોગપતિઓ પાસેથી ખરીદીને ઉદ્યોગ ક્ષેત્રને આપી છે. આ રાજ્ય સરકાર જે રીતે બે વર્ષ અગાઉ ઘણા પ્રશ્નો પૂછ્યા હતા એમાં વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૦૬–૦૭ અને ૨૦૦૯–૧૦માં તેની સામે મૂડીરોકાણ આવ્યું એ મૂડીરોકાણના પ્રમાણમાં કોઇ જગ્યાએ આ પ્રોજેક્ટો કામમાં આવ્યા નથી. માનનીય સૌરભભાઇ વર્ષોથી ઉર્જા મંત્રી તરીકે છે. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ પાવરના રિપોર્ટના આધારે કહેવા માગું છું કે, ભારત સરકારની સેન્ટ્રલ ઇલેક્ટ્રિસીટી ઓથોરિટીના ૨૦૧૬–૧૭ના રિપોર્ટ મુજબ ગુજરાતમાં સરપ્લસ વીજળીનું પ્રમાણ ૧૪.૧ છે. અન્ય રાજ્યો કરતાં ગુજરાતનો ૧૪ મો ક્રમ છે, ભારતના ૬.૮ ના પ્રમાણમાં. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ પાવરના જૂન–૧૭ના રિપોર્ટના આધારે કહેવા માગું છું કે, ભારત સરકારના સેન્ટ્રલ ઇલેક્ટ્રિસીટી ઓથોરિટીના જાન્યુઆરી ૨૦૧૭ના રિપોર્ટ મુજબ ખેતીવાડીને વીજળી આપવામાં આવે છે એમાં ગુજરાતનો ૧૬મો નંબર છે. ૮ કલાક વીજળી આપવામાં આવે છે. ઓરિસ્સામાં ૨૪ કલાક, ઉત્તરાખંડમાં ૨૩ કલાક, પશ્ચિમ બંગાળમાં ૨૩ કલાક, ઉત્તર પ્રદેશમાં ૧૮ કલાક, બિહારમાં ૧૮ કલાક, તેલંગાણામાં ૯ કલાક આપવામાં આવે છે. આ તમામ પછાત રાજ્યો કરતાં ગુજરાત ફક્ત ૮ કલાક વીજળી આપે છે અને જેનો ૧૬મો નંબર છે. જે રીતે રાજ્યોના વીજદર છે એમાં પ્રથમ સ્લેબ ૧ થી ૧૦૦ માં ગુજરાત ૧૫મા ક્રમે છે. ૧ થી ૫૦ માં ૩.૦૫ પૈસે વીજળીનો દર લે છે. અમદાવાદનું ટોરન્ટ ગૃપ જે અમદાવાદ અને સુરતમાં છે એ ટોરન્ટ દ્વારા ૧ થી ૫૦ માં ૩.૨૦ પૈસે વીજળી વેચવામાં આવે છે. અન્ય રાજ્યોમાં જોઇએ તો આંધ્રપ્રદેશમાં ૧.૪૫ રૂપિયા, જમ્મુ કાશ્મિરમાં ૧.૫૪, તામિલનાડુમાં ૨.૫૦, ઉત્તરાખંડમાં ૨.૫૫, જારખંડમાં ૩.૦૦ રૂપિયા, ઉત્તરપ્રદેશ ૩.૦૦ રૂપિયા અને આપણું ગુજરાત એવું રાજ્ય છે કે જે પ્રથમ સ્લેબમાં વીજળીના દરમાં ૧૫મા ક્રમે આવે છે. આમાં રાજ્ય સરકાર જે ખેતીવાડીની વીજળીની વાતો કરે છે પણ ફક્ત અને ફક્ત ઉદ્યોગપતિઓ માટે વધારો કરીને ખરીદી કરવામાં આવે છે એ સ્પષ્ટપણે દેખાય છે.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ (ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૪૯ અને ૫૦ જે લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું, એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા દિવસોથી અંદાજપત્ર પર અને ત્યારબાદ માગણીઓ પર અનેક સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા છે. હમણાં શૈલેષભાઇ વાત કરતા હતા ત્યારે એટલું જ પૂછવું છે કે ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીને એકધાર્યું સમર્થન મળ્યું છે ત્યારે બધા જ કોંગ્રેસના મિત્રો પોતાની જાતને પ્રશ્ન પૂછે કે ધરતી પણ આ જ હતી, ગુજરાત પણ આ જ હતું, વિધાનસભા પણ આ જ છે, મુખ્યમંત્રીનું કાર્યાલય પણ આ જ છે, અધિકારીઓ પણ આ જ હતા, પ્રજા પણ એ જ છે પણ ૨૨–૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીને કેમ અહીંયા આગળ પ્રસ્થાપિત કરી છે? આ પ્રશ્ન પોતાની જાતને પૂછવો જોઇએ. મને બરાબર યાદ છે કે ૨૦૦૩માં જ્યારે વાયબ્રન્ટ ગુજરાત યોજવામાં આવ્યું ત્યારે કોઇ ઉદ્યોગકારણે કહેલું 'વ્હાય ગુજરાત?' આજે આઠ એપિસોડ વાયબ્રન્ટ ગુજરાતના થયા પછી માત્ર દેશના નહીં પણ વિશ્વના ઉદ્યોગકારો કહે છે કે 'ઓન્લી ગુજરાત'. આ વ્હાય ગુજરાત થી ઓન્લી ગુજરાતનો દરમિયાનગાળો છે એના ઉપર થોડું ચિંતન કરવા જેવું છે. શું ખૂટતું હતું? ઇચ્છાશક્તિ ખૂટતી હતી, મૂલ્યો ન હતા, ભાવના ન હતી, એટિટ્યૂડનો સૌથી મોટો પ્રશ્ન હતો. મૂળ અમારી વિચારધારા, અમે ક્યારેય પણ ચૂંટણીની અંદર મેનિફેસ્ટો નથી લાવ્યા. અમે મેનિફેસ્ટો શબ્દ ક્યારેય વાપર્યો નથી. અમે સંકલ્પપત્ર રજૂ કર્યા છે. આ ફરક છે. કારણ કે મેનિફેસ્ટોમાં વચનો આપે, અમે તો સંકલ્પો કર્યા કે ચૂંટાઇની આવીશું પછી પ્રજાના આ કામો કરીશું. એટલા માટે ભારતીય જનતા પાર્ટીએ ક્યારેય મેનિફેસ્ટો નહીં પણ સંકલ્પપત્રો રજૂ કર્યા છે અને સંકલ્પના આધારે ગુજરાત અને ગુજરાતની પ્રજાના કામો કર્યા છે. અમારી પાસે લિડર છે, ડિલર નથી. We have a leader અમારી પાસે લિડર છે. દુનિયા અમને શું આપશે? એ વિચારનાર લોકો નથી. અમે દુનિયાને શું આપીશું એ વિચારનાર અમે લોકો છીએ અને માટે અમારી પાસે નરેન્દ્રભાઇ મોદી સાહેબ જેવું એક નેતૃત્ત્વ છે એમની પાસે સપના છે, આયોજન છે, એના અમલ કરવા માટેની કુશળ શૈલી છે કારણે કે, મુલ્યનિષ્ઠ નેતૃત્ત્વ, રાષ્ટ્રની પ્રમાણિકતા અને ત્યારે આજે ગુજરાતની પ્રજાએ ૨૨–૨૨ વર્ષથી અમોને બેસાડયા છે,

એટલા માટે અમે અહીંયા આગળ બેઠા છીએ. જ્યારે ઉદ્યોગની વાત આવે છે ત્યારે આજે આ દેશ નહીં પણ આખા વિશ્વમાં જુઓ તો જ્યાં એક ધબકતું રાજ્ય છે, એક કેન્દ્ર બિંદુ છે તો એ ગુજરાત છે. કોઇને પણ વિચાર આવે કે મૂડી રોકાણ કરવું છે તો safestજગ્યા કઇ? સારી જગ્યા કઇ? તો છેલ્લા ૧૦-૧૨-૧૫ વર્ષની અંદર ગુજરાતે પ્રથાપિત કર્યુ છે કે Gujarat is just one of the destination. એ model State છે, best governed Stateછે અને એટલા માટે લોકો અહીંયા આવે છે. કોઇના કહેવાથી કે કોઇના બોલાવાથી કોઇ આવતું નથી. કારણ કે, અનેક રીતે જોવા જઇએ તો શું છે? ગુજરાત પાસે good governanceછે, stabilityછે, political stabilityછે, single window clearanceછે, transparent governmentછે ૨૪ કલાક ઇલેક્ટ્રિસીટી છે. (અંતરાય) સાંભળો, બાબુભાઇ, પછી આપને બોલવું હોય ત્યારે બોલ જો. No labor problem, પહેલા શું હતું? યુનિયનોની સ્ટ્રાઇક થતી હતી, અનેક લેબર યુનિયનો કામ કરતા હતા. આજે શાંતિ અને સલામતી આ રાજ્યની અંદર છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ પણ થાય અને ગર્વ પણ થાય કે, આ રાજ્ય પાસે સૌથી વધારે પોર્ટ છે, એરફોર્સ છે, ગેસ ગ્રીડ છે, ટ્રાન્સપોર્ટેશન છે, રેઇલ્સ છે, રોડ છે. શું નથી? ત્યારે વિકાસ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ૨-૩ મુદ્દા મારા જિલ્લાના છે. મારા જિલ્લામાં એમ કહું કે, ટાંકણીથી લઇને ૨-૩ હજાર કરોડનું જહાજ પણ મારા જિલ્લામાં બને છે ત્યારે તમામ જિલ્લા-તાલુકાની અંદર જ્યારે ઔદ્યોગિક વસાહત છે ત્યારે માનનીય મંત્રીશ્રીને એક નમ્ર વિનંતી કરવી છે કે, નોટિફાઇડ એરિયાની અંદર શ્રમિક લોકો માટે આપણે ભોજન શરૂ કરી શકાય. કારણ કે એની અંદર આપણે લેબર વેલ્ફેર ટેકસ તરીકે સેસ ઉઘરાવીએ છીએ તો જેમ શ્રમિક ભોજન માટે આપણે યોજના શરૂ કરી છે. જો જી.આઇ.ડી.સી.ની અંદર આવતો દરેક કામદાર એ કામદાર જ છે તો એની માટે જો સેસના વણવપરાયેલા પૈસા આપણી પાસે છે એમાંથી જો આપણે શ્રમિક ભોજન યોજના જો સરકારી નોર્મ્સ મુજબ જો કરી શકાય તો એ સૌથી સારું પગલું છે. બીજું, નોટિફાઇડ એરિયા કાઉન્સિલ ગુજરાત પાસે ૨૬ નોડિફાઇડ ઇન્ડસ્ટ્રીઝ એરિયા છે અને આ વસાહતો રાજ્યની શ્રેષ્ટ વસાહતો છે તો ઉદ્યોગ મંત્રીના અધ્યક્ષસ્થાને જો આ વસાહતો આવી કાઉન્સિલ બનાવવામાં આવે તો એમના પ્રશ્ન સોલ થઇ જાય. Adjoining plots નો પ્રશ્ન હું છેલ્લા બે વખતથી પૂછું છું. જે નાના ઉદ્યોગો છે એની બાજુમાં ખાલી જગ્યા હોય તો એને adjoining plot તરીકે એને એક જ વખત લાભ મળે છે તો એને જો બીજો લાભ આપવામાં આવે તો એમ.એસ.એમ.ઇ. પર ગુજરાત બહુ ફોકસ કરે છે ત્યારે આ નાના ઉદ્યોગોને બીજી વખતનો લાભ adjoining plot નો મળવો જોઇએ અને આ ક્યારે શક્ય છે કે જ્યારે adjoining plot બાજુમાં ખાલી હોય ને તો ને તો જ એ પણ આપવો જોઇએ. Moratorium period જે ૩ વર્ષનો છે એને વધારીને થોડોક પાંચેક વર્ષનો કરીએ કારણ કે, ઉદ્યોગ સ્થાપવો હોય તો અનેક વિટંબણા એની અંદર આવે છે તો એ પણ એક જો ધ્યાનમાં લેવાય તો ખૂબ સારુ થશે. ભાડભૂત બેરેજ યોજના અમારી ખૂબ મહત્વની યોજના છે. અમારા જિલ્લાનો ખૂબ મોટો પ્રશ્ન પાણીનો છે, આજે નર્મદા નદી સૂકાઇ રહી છે ત્યારે ભાડભૂત યોજના માનનીય દેશના વડાપ્રધાને એનું ખાતમુર્હૂત કર્યુ છે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ખૂબ ઝડપથી જો આ ભાડભૂત બેરેજ યોજનાની શરૂઆત થાય તો અમારા ભરૂચ જિલ્લાના જે પ્રશ્ન છે, અમારા જે ઇન્ડસ્ટ્રીઝના પ્રશ્ન છે, શહેરના પ્રશ્ન છે, વોટર ટેબલના પ્રશ્ન છે, ખેતીના પ્રશ્ન છે તો આ બધા પ્રશ્નોનું અમને નિરાકરણ આવે. બીજું, ભરૂચ જિલ્લાની અંદર ૪ મોટા પ્રોજેક્ટ અત્યારના કાર્યરત થવા જઇ રહ્યાં છે. ભાડભૂત બેરેજ, દિલ્હી મુંબઇ ફ્રેડ કોરીડોર, એકસપ્રેસ હાઇવે અને બુલેટ ટ્રેન. તો ખાણ ખનીજમાં એક વિનંતી છે કે એની માટી લેવા માટેની જે ઇ.સી.ની એન.ઓ.સી. હોય છે તો એ ઝડપથી જો મળે તો હું માનું છું આ પ્રોજેકટને ખૂબ વેગ મળે અને ખૂબ ઝડપથી આ કામ શરૂ થઇ શકે તો માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. સૌ પ્રથમ રાજ્ય સરકારે અને અગાઉ રાજયના મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ સુરતમાં રત્નકલાકારો જે કામ કરતા હતા એની જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગના વિકાસ માટે સરકારશ્રીએ ૨૦૦૯ થી પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરેલી. એ જાહેરાતમાં વ્યાજની સહાયની યોજના, હોલમાર્ક પ્રમાણપત્ર અને જેમ્સ ટેસ્ટીંગ માટેની સહાય યોજના, આરોગ્ય અને સલામતિ, નાણાકીય સહાય યોજના અને એમાં રાજ્ય સરકાર દ્વારા નોંધાયેલા હીરા ઉદ્યોગમાં જે કામ કરતા રત્ન કલાકારો લાખો જે છે એ રત્નકલાકારોને અનનેઇમ વીમા પોલીસી અંતર્ગત વીમા રક્ષણ આપવામાં આવે છે. આ યોજનાની મુદત ૨૦૦૯ના ઠરાવની મુદતથી ૨૦૧૪ ના રોજ પૂર્ણ થયેલ છે જેની મુદત રાજ્ય સરકારે આજ સુધી વધારી નથી. રત્ન કલાકારોની ચિંતા કરવા માટે સરકાર દ્વારા ભૂતકાળમાં બહુ જાહેરાતો કરવામાં આવી હતી પણ હવે આ મુદત ન વધારવાને કારણે આ રત્ન કલાકારોની રાજ્ય સરકારે જે યોજનાની જાહેરાત કરી છે એ આ રત્નકલાકારોનું ભવિષ્ય શું? એના આરોગ્ય માટેના એના અન્ય સુખ સુવિધા, એના પરિવાર માટે રાજ્ય સરકારે ભૂતકાળમાં ચિંતા અને જાહેરાત કરી છે તો માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે આ બાબતને ગંભીરતાથી લઇ અને એનું રક્ષણ થાય એના માટે રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક વિચારે. રાજયનો સમતોલ વિકાસ થાય તેના માટે ઉદ્યોગો જરૂરી છે. અગાઉ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી, ઉર્જામંત્રીશ્રીએ બજેટ વખતે ચર્ચામાં કોંગ્રેસ ઉપરની જે વાત કરી કે કોંગ્રેસ પક્ષ ઉદ્યોગોનો વિરોધ કરે છે. ઉદ્યોગોનો વિરોધ નથી, પણ ખેડૂતોના ભોગે કે નાના માણસોના ભોગે ઉદ્યોગ થાય અને અસમતોલ વિકાસ થાય અને નાના માણસોના ભાગે સહન કરવાનું આવે કે ખેડૂતોને સહન કરવાનું આવે એ પ્રકારે ઉદ્યોગ થાય એની સામેનો વિરોધ છે. એ વિરોધના કારણે જે ઉદ્યોગો સ્થપાય એ ઉદ્યોગોનો લોકોને લાભ મળે એના માટે રાજ્ય સરકાર ચિંતિત બને એ જરૂરી છે. રાજ્ય સરકારે અગાઉ રાજયના જે

તાલુકાઓ છે એના સમતોલ વિકાસ માટે વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રીશ્રીએ જી.આઇ.ડી.સી.ઓ સ્થાપવાની વાત કરી હતી અગાઉ. એ જી.આઇ.ડી.સી.ની જાહેરાત કર્યા પછી રાજય સરકારે આજની તારીખ સુધીમાં કેટલી જી.આઇ.ડી.સી.ઓ ઉપલબ્ધ કરાવી, અથવા તૈયાર કરી, અથવા કામગીરી શરૂ થઇ છે એ માનનીય મંત્રીશ્રી જણાવશે તો આનંદ થશે. નોટબંધીના નિર્ણય પછી નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો મોટાભાગે બંધ થઇ ગયા અને એ ઉદ્યોગોમાં કામ કરનારા કર્મચારીઓ જે હતા એ બેરોજગાર બની ગયા છે એવા મધ્યમ કક્ષાના ધંધા રોજગાર બંધ થઇ ગયા છે, ઉદ્યોગો બંધ થઇ ગયા છે તો એ ઉદ્યોગોના પન:વસન માટે, એ ઉદ્યોગો ફરી શરૂ થાય અને એમાં કામ કરતા લોકો છે એને રોજગારી મળી રહે એ પ્રકારની રાજય સરકારે ગંભીર ચિંતા કરવી જોઇએ. જી.આઇ.ડી.સી.ઓની જે વાત મેં કરી એ પ્રમાણે વધારેમાં વધારે જી.આઇ.ડી.સી.ઓ જાહેરાત કર્યા પછી ભૂતકાળમાં મારા વિસ્તાર ઉનામાં પણ જી.આઇ.ડી.સી. સ્થાપવા માટેનો રાજય સરકારે નિર્ણય કરેલો એને ઘણા વર્ષો થઇ ગયા પછી આજની તારીખે પણ આ જી.આઇ.ડી.સી. ચાલુ કરવામાં આવી નથી. માંદા એકમોના પુનઃવસન માટેની યોજના રાજ્ય સરકારની છે. નવી ઔદ્યોગિક નીતિ ૨૦૦૦ અન્વયે માઇક્રો સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઇઝ માટે સહાય યોજના હેઠળ ઠરાવ તા. ૧૯-૧-૨૦૧૫ અને ઠરાવ તા. ૨૪-૧૦-૨૦૧૭ અન્વયે વિવિધ યોજનાઓ જાહેર કરવામાં આવેલ છે. જાહેરાતો કરી દીધી છે. ખર્ચના ૫૦ ટકા લેખે માત્ર એક લાખની સહાય કરવાની વાત આવી. એક લાખ રૂપિયાની સહાયમાં માંદા એકમોનું કઇ રીતે પુનઃવસન કરવાના છો એ સમજી શકાતું નથી? એટલે આ બાબતે માનનીય મંત્રીશ્રી ગંભીરતાપૂર્વક ચિંતા કરે. અગાઉના બજેટમાં અને ગૃહમાં જાહેરાત કરવામાં આવી છે કે કુટિર ઉદ્યોગ દ્વારા નાના નાના રોજગાર અને ધંધાઓ દ્વારા અને મહિલા ઉદ્યોગો દ્વારા જે કોઇ વસ્તુઓ તૈયાર કરવામાં આવે અને એ વસ્તુઓનું માર્કેટ અને બજાર તૈયાર થઇ શકે અને તેને માર્કેટ મળી રહે તે માટે રાજ્ય સરકારે અન્ય તાલુકાઓમાં હાટ બજારો શરૂ કરવાનું નક્કી કરેલ છે. અગાઉના બજેટમાં જાહેરાત કરવામાં આવેલી છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અગાઉ સરકારે કરેલી જાહેરાતના અનુસંધાને હાટ બજારો ચાલુ કર્યા છે તે ખરેખર અત્યારે ચાલુ છે અને તેનો લાભ લોકોને મળે છે ખરો? દા.ત. એક જ દાખલો આપું તો ધર્મજ. આજે એની સ્થિતિ શું છે તે માનનીય મંત્રીશ્રી જણાવશે તો આનંદ થશે? નવી ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણની સુવિધા અને જાળવણી માટે અને ઉદ્યોગો પ્રદૂષણ ન કરે એના માટે ગુજરાત પ્રદૂષણ બોર્ડે નિયંત્રિત કરવાનું હોય છે. આજે પણ દુઃખ સાથે કહેવું પડે છે કે, રાજ્યમાં જે મોટા મોટા ઉદ્યોગો છે અને જે હવા, પાણી તમામ પ્રકારે પ્રદૂષિત કરે છે. અને જે વપરાશ થાય છે અને પ્રદૂષિત પાણીના નિકાલ કરવા માટે રાજ્ય સરકારની સહાય આપવાની યોજના છે એ યોજના હોવા છતા અગાઉના ગયા વર્ષના બજેટમાં ૫૦૦૦ લાખની બજેટમાં જોગવાઇ તમે કરેલી, પણ આ ઉદ્યોગો આજે પણ પ્રદૂષણ કરે જ છે. એના ઉપર કોઇ નિયંત્રણ કે બ્રેક નથી અને બેફામ રીતે લોકોના આરોગ્યની સાથે ગંભીરપણે ચેડાં થાય છે. ત્યારે રાજ્ય સરકાર ચિંતા કરે અને જે વ્યવસ્થાઓ છે. તે અન્વયે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અસરકારક પગલાં લે તો જરૂરી છે. પણ રાજ્ય સરકારનું આ બોર્ડ સંપૂર્ણપણે ઉદ્યોગોની સામે પગલાં લેવામાં નિષ્ફળ ગયું છે એમ કહું તો ખોટું નથી. એટલે લોકોના આરોગ્યની સાથે ચેડાં ન થાય, એના માટે રાજ્ય સરકારનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરું છું. ઊર્જા વિભાગમાં જૂનાગઢમાંથી ગીર સોમનાથ જિલ્લો અલગ બન્યો, ત્યારે અમારી વર્તુળ કચેરી અમરેલી ખાતે આવેલ છે. ધારાસભ્ય તરીકે જિલ્લા કક્ષાએ મીટિંગ મળે તે જિલ્લા કક્ષાએ હાજરી આપવાની હોય તો બંને તારીખો એક સાથે ઉપયોગમાં થતી હોય તો બંને જગ્યાએ હાજરી નથી આપી શકાતી, ત્યારે ગીર સોમનાથ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો છે. પી.જી.વી.સી.એલ. વર્તુળની કચેરી છે તે ગીર સોમનાથના વેરાવળ હેડક્વાર્ટર ખાતે આપવામાં આવે એના માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું. જેટકો દ્વારા ૬૬ કે.વી.નાં સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યાં છે. એ જાહેરાત કરી દીધી છે. તમે મોટી મોટી વાતો કરો છે, પણ વધારામાં તાત્કાલિક અમલમાં આવે એ મારા વિસ્તારના દેલવાડા, કાંધી, દૂધાળા, કુલકા, એલમફોર આ બધા ગામોએ તમે મંજૂર કર્યા છે. તેને માટે જમીન સંપાદિત થઇ ગઇ છે. જમીન આપી દીધી છે. અમલીકરણ કરવા માટે ગોકળ ગાયની ગતિએ ચાલે છે એમાં સરકાર વહેલામાં વહેલી તકે કામગીરી કરે એના માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું. ઉના, ગીર ગઢડા તાલુકામાં થતી નવી વીજ લાઇનનું સમારકામ થાય છે. જે હલકી ગુણવત્તાનું થાય છે. જે લાંબો સમય ટકી શકતું નથી. જે મટીરિયલનો ઉપયોગ કરવામાં આવે છે જે કંપની પાસેથી આ મટીરિયલ પરચેઝ કરવામાં આવે છે, તેમાંથી પણ આ મટીરિયલ હલકી ગુણવત્તાનું આવે છે. દરિયાઇ પટ્ટામાં ક્ષારના કારણે એના રિપેરિંગમાં વધારેમાં વધારે ખર્ચ પણ કરવો પડે છે. જેથી કરીને ગુણવત્તાવાળું મટીરિયલ આવે તો એના માટે મંત્રીશ્રીનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરું છું.

મારા ગીર ગઢડા વિસ્તારમાં ઝાગીયા નેશ છે. તેમાં ૨૦ વર્ષથી ખેડૂતોને કનેકશન નથી મળ્યા. ગુજરાત હાઇકોર્ટમાં ખેડૂતો ગયા અને ગુજરાત હાઇકોર્ટે ઓર્ડર કરી દીધા છે. વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. આ બંને વિભાગોના સંકલનના અભાવે છેલ્લા દસ વર્ષથી ખેડૂતોએ એફ.યુ ભરી દીધા છે. ગોવિંદભાઇ વનમંત્રી હતા અને ઉના આવીને તેમણે કાર્યક્રમ કરેલો. ગોવિંદભાઇ માનનીય મંત્રીશ્રીએ જે તે વખતે સૂચના આપ્યા પછી આજે સરકાર બદલાઇ ગઇ છે, નવા મંત્રીશ્રી આવ્યા છે છતાં પણ આજની તારીખે આ ખેડૂતોને વીજ કનેકશનો મળ્યા નથી. ખૂબ જ ગંભીરતાનો અને ચિંતાનો વિષય છે. દસ-દસ વર્ષ પછી એફ.યુ ભરી દીધા પછી પણ બે વિભાગોનું સંકલન ન હોવાને આ કનેકશન મળતા નથી. આમાં કોની જવાબદારી? સરકારની જવાબદારી ખરી કે નહીં? એકબાજુ ખેડૂતોની ચિંતા આપણે કરીએ છીએ અને બીજી બાજુ દસ-દસ વર્ષ સુધી ખેડૂતોને શારીરિક, માનસિક, આર્થિક હેરાન પરેશાન કરીએ છીએ. ખેડૂતોએ કોર્ટ સુધી જવું પડે અને કોર્ટ ઓર્ડર કરે તો પણ તેને વર્ષ થવા છતાં આજે ખેડૂતોને કનેકશન મળ્યા નથી. આ બાબત માનનીય મંત્રીશ્રી ગંભીરતાથી લે તો આ ખેડૂતોને વીજ કનેકશનો

મળી રહે. ગીર સોમનાથ જિલ્લો અલગ બનતાં મારા ઉના તાલુકાનું વિભાજન કરવામાં આવ્યું. ગીર ગઢડા તાલુકો અસ્તિત્વમાં આવ્યો. ગીર ગઢડા તાલુકામાં કોડીનાર તાલુકાના ત્રણ-ચાર ગામોનો ઉમેરો કરવામાં આવ્યો. પીછવી, પીછવા, હડમડીયા, એભલવાડ, આ ચાર ગામો અત્યારે પી.જી.વી.સી.એલ. કોડિનાર સાથે સંકળાયેલા છે. કોડિનાર સાથે સંકળાયેલ હોવાના કારણે એકસૂત્રતા જળવાતી નથી. તાલુકા પંચાયત ગીર ગઢડામાં, મામલતદાર કચેરી ગીર ગઢડામાં, પોલીસ સ્ટેશન ગીર ગઢડામાં પણ પી.જી.વી.સી.એલ.ની કચેરી કોડિનારમાં આવેલ છે તેથી ખેડૂતને નાનું મોટું કામ હોય તો કોડિનાર જવું પડે છે. બીજા બધા કામ માટે ગીર ગઢડા આવવું પડે છે. એટલે એકસૂત્રતા જળવાતી નથી તેનાથી ખેડૂતોને શારીરિક, માનસિક, આર્થિક નુકસાન થાય છે તે ન થાય એટલા માટે કોડિનારમાંથી આ ગામોનો ગીર ગઢડા તાલુકામાં ઉમેરો કરી તેની સાથે સાંકળવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. અમારો ગીર બોર્ડર વિસ્તાર વન વિભાગ સાથે સંકળાયેલો છે. રાત્રીના ભાગે જે વીજ પુરવઠો આપવામાં આવે છે, આઠ કલાક વીજળી આપવામાં આવે છે તે સતત આઠ કલાક આપવામાં આવે તો ખેડૂતોને મુશ્કેલી પડે નહીં. રાત્રીના ભાગે ફીડરમાંથી વીજળી આપવામાં આવે છે તેના લીધે ખેડૂતો વ્યવસ્થિત કામગીરી કરી શકતા નથી.

શ્રી હિતુ કનોડીયા (ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારા સમર્થન સાથે વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર આ સરકાર પર આક્ષેપો થાય છે કે, આ સરકાર તો પબ્લીસીટીની સરકાર છે, પ્રચારની સરકાર છે, ખૂબ પબ્લીસીટી કરે છે. આ સાચી વાત છે અને અમે પણ માનીએ છીએ કે આ સાચી વાત છે. કારણ કે અમે પણ ઇચ્છીએ છીએ કે, અમે જે યોજનાઓ હોય, જે સરકારની નીતિઓ હોય અને જે સરકારના કાર્યક્રમો છે તે બધા ગરીબો સુધી પહોંચે, છેવાડાના માનવીઓ સુધી પહોંચે એટલા માટે અમે ભરપૂર પબ્લીસીટી કરીએ છીએ. તેનો લાભ છેવાડાના માનવી અને ગરીબો લઇ શકે. આની પહેલાં જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ જ માહિતી ખાતુ હતું. ત્યારે આવી રીતે જ બધી સરકારની નીતિઓ બનતી હતી. તેમ છતાંય વચેટિયાઓ અને મળતીયાઓ એ બધા એવું કરતા હતા કે પોતાના માણસોને લાભ મળે એટલા માટે પબ્લીસીટી ન્હોતા થવા દેતા, લોકો સુધી ન્હોતા પહોંચવા દેતા. તેના પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, તેના પછી આજના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આખી પ્રોફાઇલ બદલી નાંખી. એવું કામ કર્યુ કે જેનાથી માહિતી ખાતુ એકદમ પ્રોફેશનલ બની ગયું. કોમ્યુનિકેશનને એટલું સક્રિય કરી નાખ્યું કે લોકો સુધી એ બધી જ વાતો પહોંચી. માહિતીના જે વિવિધ માધ્યમો હોય છે તેના થકી આ લાભો ગરીબો સુધી પહોંચ્યા, તે બધા છેવાડાના લોકો સુધી પહોંચ્યા. તેના લીધે લોકોને લાભ મળવા માંડયો. એટલા માટે જ અત્યારે અમારા વિજયભાઇ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં છઠ્ઠી વખત આ ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. આજે સોશીયલ મિડિયાનો જમાનો છે. એવરીબડી ટોટલી એકટીવ ઇન સોશીયલ મિડિયા. માહિતી ખાતાએ આ ક્ષેત્રમાં ખૂબ જ અસરકારક કામગીરી કરી છે. માહિતી ખાતાએ પણ અતિ આધુનિક સાધનો વસાવ્યા છે અને આ પ્રગતિશીલ સરકારને જગતનો પરિચય આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું આ જે માહિતી ખાતું છે એ ભારત માટે એક રોલ મૉડેલ બની ગયું છે, અને એવું રોલ મૉડેલ બન્યું છે કે, જે બીજા રાજયોના માહિતી ખાતાના અધિકારીઓ અહીંયા આવીને શીખે છે, અભ્યાસ કરે છે કે, How is this happening, how is this happening in Gujarat એટલું બધું સક્રિય આ માહિતી ખાતું બની ગયું છે. માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક ખૂબ જ લોકપ્રિય મેગેઝિન છે અને ગુજરાતના બેરોજગાર યુવક અને યુવતીઓને ગુજરાત અને ગુજરાત બહારના રોજગાર, સ્વરોજગાર વિષયક માર્ગદર્શન મળી રહે તે માટે ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક નિયમિત પ્રસિદ્ધ કરવામાં આવે છે. સરકારશ્રીની લોક ઉપયોગી યોજનાઓ, કાર્યક્રમો અને વિવિધ ક્ષેત્રના વિકાસની સિદ્ધિઓ આમજનતા સુધી પહોંચે તે હેતુથી વિજાણુ, મુદ્રિત, દ્રશ્ય, શ્રાવ્ય, સોશિયલ મિડિયા અને પરંપરાગત માધ્યમો દ્વારા પ્રસિદ્ધિ આપી લોકો સુધી તેની માહિતી પહોંચે છે તે માટેની કામગીરી માહિતી વિભાગ ખૂબ સરસ રીતે કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર અને પ્રજા વચ્ચે પત્રકારો અને મિડિયા એક મહત્વની કડી છે. આ પત્રકારો જે પણ પ્રતિકૂળ પરિસ્થિતિ હોય કે એવા સંજોગોમાં ખૂબ જ નિષ્ઠાપૂર્વક, સાચી અને સચોટ માહિતી પહોંચાડતા હોય છે, અને આવા માન્યતા પ્રાપ્ત પત્રકારોને રક્ષણ આપવા માટે રાજય સરકાર સામૂહિક જૂથ વીમા યોજના અમલમાં લાવી છે અને કુદરતી મૃત્યુના કિસ્સામાં ૫૦ હજાર રૂપિયાની રકમ આપે છે અને આ ૨૦૧૭-૧૮થી અકસ્માતે જે મૃત્યુ થાય એ કિસ્સામાં ૫ લાખ રૂપિયા આપવામાં આવે છે. પત્રકાર અને તેમના પરિવારજનોને મા વાત્સલ્ય યોજનામાં પણ લાભ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગુજરાતી ફિલ્મોની વાત કરીએ છીએ ત્યારે ગુજરાતી ફિલ્મો અંગેની નીતિઓ અને તેના પ્રોત્સાહન માટેની કામગીરી પણ માહિતી વિભાગ દ્વારા આપવામાં આવે છે. હું અને મારો પરિવાર ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝનો એક નાનકડો ભાગ રહ્યા છીએ. હું એક વાત કહેવા માગું છું કે, ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ હોય કે કોઇ પણ ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ હોય એ બંધુત્વ અને સમાનતાનું એક જબરદસ્ત ઉદાહરણ છે. કારણ કે, જયારે આપણે બ્લેક હોલમાં, સિનેમા હોલમાં બેઠાં હોઇએ છીએ અને પિક્ચર ચાલતું હોય છે ત્યારે જયારે સીટોમાં બધા એક સાથે બેઠાં હોઇએ છીએ ત્યારે કોઇને એ નથી ખબર હોતી કે મારી બાજુમાં ક્યા ધર્મનો, કઇ જ્ઞાતિનો, કઇ જાતિનો માણસ બેઠો છે? બધા એક સાથે બેઠાં હોઇએ છીએ. જ્યારે સ્ક્રીન ઉપર કોમેડી સીન આવે ત્યારે બધા એક સાથે હસતા હોય છે, જ્યારે અમિતાભ બચ્ચન ફાઇટિંગ કરતા હોય છે ત્યારે બધા એક સાથે તાલીઓ પાડતા હોય છે, જ્યારે નરેશ કનોડિયા ગીત ગાતા હોય અને ડાન્સ કરતા હોય ત્યારે બધા લોકો ઝૂમતા હોય છે

અને એક સાથે સીટીઓ અને તાલીઓ પાડતા હોય છે. આ જે વાત છેને એ બંધુત્વની વાત છે, સમાનતાની વાત છે અને આજ વાત બંધારણની અંદર મુખ્ય પાયો છે. એટલે ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ જયારે હોય છેને ત્યારે આ બંધુત્વ અને સમાનતાની ખૂબ સારી રીતે ઝલક દેખાય છે આ માહિતી ખાતાની ખૂબ અગત્યની ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝની વાત છે. હું ખૂબ નસીબદાર છું કે, આ ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝનો એક ભાગ છું અને ગુણવત્તા આધારિત પ્રોત્સાહન નીતિ અમલમાં આવી છે અને આ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝને સરકારે ૨૦૧૬માં આપી છે જેમાં ગુણવત્તાના હિસાબે એ.બી.સી.ડી. કેટેગરીમાં એ લોકોને ગ્રેડવાઇઝ ૫ થી ૫૦ લાખ રૂપિયાનું પ્રોત્સાહન આપવામાં આવે છે. આઇ એમ વેરી વેરી થેન્ક્સફુલ ટુ ઘ ગવર્નમેન્ટ કે આવી ખૂબ જ સુંદર મજાની યોજના લાવ્યા છે અને હું એટલું ઇચ્છું છું કે હું એક અભિનેતા છું એટલે એક વિનંતી કરવા માગું છું અને એક ધારાસભ્ય તરીકે એક નાનું સૂચન કરવા માગું છું કે, જે આ ગુણવત્તા આધારિત કોઇ પણ ગ્રેડમાં ન આવનારી ફિલ્મ હોયને એને પણ મીનીમમ ૫ લાખની સબસિડી મળે, જી.એસ.ટી.ના દરમાં થોડી રાહત આપવામાં આવે અને મલ્ટીપ્લેક્ષ થિયેટરોમાં પ્રાઇમ ટાઇમમાં કમ્પલસરી એક શો કરવામાં આવે જે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે ખૂબ જ અગત્યનું છે કારણ કે, આ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ ઉપર હજારો પરિવારો નભે છે, હજારો-લાખો લોકો એમાંથી રોજગારી મેળવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે મારી આ માહિતી અને પ્રસારણની વાતને અહીં પૂરી કરી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું. "ખૂબ ખૂબ આભાર"

સભાપતિશ્રી (શ્રી દુષ્યંત પટેલ) અધ્યક્ષસ્થાને

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉર્જા અને ઉદ્યોગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો હું રજૂ કરું છું, માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહમાં જ્યારથી ચૂંટાઇને આવું છું ત્યારથી ઉર્જા વિભાગ ઉપર એકજ ચર્ચા કાયમ માટે કરતો આવું છું કે ખેડૂતોને ઉર્જા વિભાગ દ્વારા અન્યાય ક્યાં થાય છે? માનનીય મંત્રીશ્રીને પ્રશ્નોત્તરી દરમિયાન પણ મેં પુછ્યું હતું અને હું ઇન્ડિયન સ્ટાન્ડર્ડની વાત કરતો હતો, એમાં શું નક્કી કર્યું છે કે ખેડૂત જે સબ મર્સીબલ પંપ ચલાવે છે એમાં ઇન્ડિયન સ્ટાન્ડર્ડ એમ કહે છે કે, ૧.૯ એમ્પીયર હોવા જોઇએ અને ૪૧૫ વોલ્ટ્સનો પાવર હોવો જોઇએ, આપણું જી.ઇ.બી. ૧.૫ ગણે છે અને ઇન્ડિયન સ્ટાન્ડર્ડ મુજબ જો મોટર ચાલતી હોય તો ખેડૂતોને ૪ એમ્પીયરના ચાળીસ હજાર રૂપિયાનો દંડ ફટકારે છે. આ વખતે તો હું પુરા પરિપત્ર સાથે આવ્યો છું આ ઇન્ડિયન સ્ટાન્ડર્ડનો, તમારે જોઇતો હોય તો મારી પાસેથી લઇ જાજો, ઇન્ડિયન સ્ટાન્ડર્ડ એવું કહે છે અને જી.ઇ.બી. જે કહે છે. આમાં મોટું કોણ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ કે જી.ઇ.બી.? તમને કહે છે કે, આ રીતે તમે દંડ કરો પણ આ પી.જી.વી.એસ.એલ., ડી.જી.વી.એસ.એલ. અને યુ.જી.વી.સી.એલ. ખેડૂતોના ગાળીયા કરવાના બંધ કરે તો સારું છે. ભોળા ખેડૂતો છે. આ થોડુંક રદ થાય તે જરૂરી છે. આ પ્રમાણે ઇન્ડિયન સ્ટાન્ડર્ડના જે ક્રાઇટેરિયા છે એ પ્રમાણે જી.ઇ.બી. ચાલે એવી મારી માગણી છે.

બીજું વારંવાર અહીંયાથી વાત આવે છે કે એક સરવે નંબરમાં અમે ખેડૂતોને બે કનેકશનો આપીએ છીએ. પણ હું હમણાં જ જોઇને આવ્યો છું જે ખેડૂત વરસોથી લાઇનમાં ઉભો છે કનેકશનની માગણીમાં વેઇટીંગમાં ઉભો છે, એના કનેકશનનો વારો આવ્યો અને એ જી.ઇ.બી. માં જાય તો એને એવું કહેવામાં આવે છે કે એક સરવે નંબરમાં તમને બીજું કનેકશન અત્યારે નહીં આપીએ તમે આજે નવું ફોર્મ ભરો. હવે પાછો બીજા દસ વરસ સુધી વેઇટીંગમાં રાહ જોવાની એને? આ પણ એક વાત છે કે એ ખેડૂત જે વેઇટીંગમાં હતો અને તમે એવી જાહેરાત કરી છે કે અમે એક સરવે નંબરમાં બીજું કનેકશન આપીશું તો એને કનેકશન આપવું જોઇએ.

બીજું અહીંયાથી એ પણ વાત આવે છે કે, સેઇમ સરવે નંબર માટે, આ અમારો સૌરાષ્ટ્રનો મોટામાં મોટો પ્રશ્ન છે. પાણી ઉંડા ગયા છે, તળ ઉંડા ગયા છે. પહેલાં અમે કૂવામાં પાણી નીકાળીને પિયતથી ખેતી કરતા હતા. હવે અમારે બોર આધારિત ખેતી થઇ ગઇ છે પાણી ઉંડા જવાના કારણે. હવે એક સરવે નંબર છે એમાં ૫૦ વિઘા કે ૨૦ વિઘાનો નંબર હોય. એના પૂર્વ શેઢે કૂવો આવેલો હોય અને પશ્ચિમ શેઢે બોર આવેલો હોય. કૂવામાં પાણી થઇ રહ્યું હોય હવે એ ખેડૂતને કનેકશન કૂવાનું હોય છે, સેઇમ સરવે નંબરમાં એને બોરમાં શિફ્ટીંગ કરાવવું હોય તો શિફ્ટીંગ પણ આપણે નથી આપતા એમાં પણ ખેડૂત બિચારો બહુ અન્યાય સહન કરે છે. બીજો એક અન્યાય ક્યાં છે? ઉર્જા વિભાગ તરફથી ખેડૂતોને જે અન્યાય કરવામાં આવે છે એમાં ખેડૂતને મીટર અપાય છે. આ ખેતીવાડી વિભાગમાં વીજ જોડાણમાં મીટર આપવામાં આવે છે. બે ટાઇપના ખેડૂત છે. એક ખેડૂતને હોર્સ પાવર આધારિત છે અને એક ખેડૂતને જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી તત્કાલ વીજ જોડાણમાં તમે મીટર ઘૂસાડ્યા છે. આ અન્યાય છે. બે ખેડૂત હોય તો એકને મીટર સાથેનું કનેકશન અને બીજાને મીટર વગરનું કનેકશન? આ મીટર છે એ કાઢી અને તમામ ખેડૂતોને જો હોર્સ પાવર આધારિત કરવામાં આવે તો ખેડૂત માટે બહુ સારું રહેશે.

બીજી ઉદ્યોગની વાત આવી છે. આ ગુજરાતની અંદર દસ લાખથી પણ વધુ રત્ન કલાકારો ડાયમંડની અંદર કામ કરે છે. આ ડાયમંડ છે એ આ ધરતીની સૌથી વધુ કિંમતી જો ગણીએ તો આ ડાયમંડ છે. એનાથી કોઇ વસ્તુ કિંમતી ના હોઇ શકે. આપણા ગુજરાતમાં આજે વરસોથી આપણા રત્નકલાકારો એમાં કામ કરે છે. આ દેશની અંદર ૧, ૮૨, ૦૦૦ કરોડ રૂપિયા વિદેશી હુંડિયામણ કમાવી આપતો આ ડાયમંડ ઉદ્યોગ ગુજરાતની અંદર છે. આપણે રત્ન કલાકારોને શું આપ્યું? આ હીરો છે. ડાયમંડ એમાં પાંચ રત્ન કલાકારો કામ કરે ત્યારે એક ડાયમંડ તૈયાર થાય છે. તેમાં પહેલાં ઘાટ કરવો પડે પછી તેમાં ટેબલ

કાપવા પડે પછી તેમાં આઠ પેલ કાપવા પડે પછી તેમાં તળિયુ, ભાલાસ આપવા પડે અને છેલ્લે મથાળા મારે ત્યારે આ હીરો તૈયાર થાય. મારું એ કહેવાનુ છે કે આ રત્ન કલાકારો માટે સરકારે, જેમ પુંજાભાઇએ વાત કરી તેમ રત્ન કલાકાર તે ૪૫ વર્ષે નિવૃત્ત થઇ જાય. તેમાં એકદમ ઝીણી નજર કરવાની હોય એટલે તેઓ બિચારા ખૂબ હેરાન થાય છે ત્યારે આવા રત્ન કલાકારોને માટે જો સરકાર તેના બાળકોની ફી ભરી આપે, તેને કયાંક ઉપયોગી થાય, તેને ઘરનું મકાન મળે આવું જો તેના માટે વિચારવામાં આવે તો પણ ખૂબ સારું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કે વોડાફોન તે એક કંપની છે અને પી.જી.વી.સી.એલ.પણ કંપની છે તો આ બન્નેમાં તફાવત છે. વોડાફોન જો કોઇ ખેડૂતની વાડીમાં કે કોઇના પ્લોટમાં તેનો ટાવર નાંખે તો તેને ૧૫ થી ૨૫ હજાર ભાડું આપે છે તો આ પી.જી.વી.સી.એલ., ડી.જી.વી.સી.એલ. અને યુજીવીસીએલ ખેડૂતના ખેતરમાં એલટી લાઇન, ૧૧ કે.વી., લાઇન, ૬૬ કે.વી., ૪૨૦ કે.વી., હાઇટેન્સન લાઇનો જેટલી જગ્યા વોડાફોનનો ટાવર રોકે એટલી જ જગ્યા આપણો આ ૪૨૦ અને ૬૬ કે.વી.નો પોલ રોકે છે. તો આમાં ખેડૂતને તેનું વળતર આપો છો, પણ તેનું ભાડું આપવું જોઇએ અને આ જે ખેડૂતના ખેતરમાંથી ૬૬ કે.વી.કે ૪૨૦ કે.વી.ની લાઇન નીકળે તેની નીચે પણ તમે ૧૮-૧૮ મીટર જગ્યા છોડાવો છો આ પણ તેને એક અન્યાય છે. ખેડૂતને રાત્રે પાવર આપે છે આ વાત પુંજાભાઇની બહુ સાચી છે. અડધી રાત અને અડધો દિવસ રાત્રેના ૩-૦૦ વાગ્યે પાવર આવે અમારી જંગલની બોર્ડર ઉપર તમે એક વખત પાણી વાળવા આવો એટલે તમને ખબર પડે.

સભાપતિશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી એક મિનિટનો સમય આપો.

શ્રી બાબુભાઇ જ. પટેલ (દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જામંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સામાજીક અને આર્થિક વિકાસ માટે લાઇટ અને વીજળી અતિ મહત્વની બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર માથાદીઠ વપરાશ છેલ્લા વર્ષની ગણીએ તો ૧૯૧૬ યુનિટની માથાદીઠ થાય છે. જી.એસ.ઇ.એલ. ના ઘણાં એકમો એવા છે કે જે ઉપયોગીતા માટે પૂર્ણતાના આરે છે અને કેટલાક પૂર્ણ થયા છે છેલ્લા દસ વર્ષમાં મને કહેતા આનંદ થાય છે કે ૭૫ ટકા પ્લાન્ટનું કામ પૂરું કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે ૨૦૧૭-૧૮ના છેલ્લા વર્ષમાં જીસેક સંચાલિત વીજ મથકે પણ ૮૦ ટકા કરતા વધારે પ્લાન્ટની અવેલીબીલીટી ફેક્ટર હાંસલ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવુ છે કે રીબડીયાભાઇ વાત કરતા હતા કે પાણી, પાણી લાઇટ લાઇટ કયાંથી આવે ? તમારા વખતમાં તો બે માણસો રાખવા પડતા હતા એક કહે આવી અને બીજો કહે ગઇ. મારે વાત કરવી છે કે ૨૦૦૨ની અંદર હું વિધાનસભામાં ચૂંટાયા પછી મારા વિસ્તારમાંથી ફોન આવે, કેવા ફોન આવે ? સાહેબ વારૂ કરી એટલી ઘડી તો લાઇટ આપો. અમે ૨૪ કલાક લાઇટ નથી માગી મિત્રો મારે આ હાઉસને કહેતા આનંદ થાય કે તત્કાલ મુખ્યમંત્રી અને આજના લોકલાડીલા વડાપ્રધાને ગુજરાત દેશમાં સૌ-પ્રથમવાર ૨૪ કલાક લાઇટ કયાંય મળી હોય તો એ ગુજરાતને મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જયોતિ ગ્રામના લીધે આ જયોતિ ગ્રામથી કેટલાય લોકોને ફાયદો થયો છે અને એ ફાયદાની વાત કરીએ તો ફાયદો ગણી શકાય નહીં એટલો ફાયદો થયો છે, કલ્પના કરી ના શકાય એટલો ફાયદો થયો છે, અમૂલ્ય કે જેનું કોઇ મૂલ્ય ન થાય એટલો ફાયદો થયો છે. મારે તેમને કહેવું કે નાના ધંધાની વાત કરીએ તો નાના નાના ગામડાંઓની અંદર હીરા ઘસવાના કારખાનાં આવ્યા, જાળી ઝાંપાવાળા તેમના નાના મોટા કામો કરવા લાગ્યા, લોખંડના દરવાજા, મારે એ પણ વાત કરવી છે કે મરચું પકવનાર ખેડૂતના ઘરે લાલ મરચામાંથી પાવડર બનાવીને પોતે વેંચતો થયો.

મારે બીજી વાત એ કરવી છે કે, ગામડાંઓમાં સર્વિસ સ્ટેશનો બન્યા. ગાડાંના જમાના ગયા. ગાડીઓ આવી. ગામે ગામ સર્વિસ સ્ટેશનો બન્યા. પંચર કરતાં નાના-મોટા લોકો ધંધો કરતા થયા. મારે એ વાત કરવી છે કે, એક ચા પીવી હોય તો આજે ૧૦ રૂપિયા થાય છે ત્યારે આ સરકાર મધ્યમ વર્ગના, બી.પી.એલ. અને ગરીબ લોકોને દોઢ રૂપિયા પ્રતિ એક યુનિટના ભાવે લાઇટ આપે છે અને મારે એ પણ વાત કરવી છે કે, ગઇ કાલે મારા વિસ્તારની અંદર લોક દરબારની અંદર ૪૬ પ્રશ્નો હતા અને એ બધાં જ પ્રશ્નોનો ઉકેલ આવી ગયો. મારે સરકારને અભિનંદન આપવા છે કે, દર વર્ષે એક લાખ કનેક્શન ખેડૂતોને આપીએ છીએ. એમના વખતે ૨૦, ૦૦૦ કનેક્શન નહોતા મળતા એના અમે સાક્ષી છીએ. બિલ વગર સોલર પમ્પ આપે છે. ગામડાંની અંદર ૧, ૨૦, ૦૦૦ની આવક અને શહેરની અંદર દોઢ લાખની આવક ધરાવતા લોકોનો પણ બી.પી.એલ. વર્ગની અંદર સમાવેશ કર્યો છે. મારે એ વાત પણ કરવી છે કે, અત્યાર સુધી ગુજરાતની અંદર ધો.૧૦ કે ૧૨ના બોર્ડમાં જો કોઇ પાસ થતું હોય તો માત્ર ને માત્ર શહેરના વિદ્યાર્થીઓ જ પાસ થતા હતા. આજે મને કહેતાં આનંદ થાય છે કે, શહેર કરતાં ગામડાંના વિદ્યાર્થીઓ વધારે પાસ થાય છે. એનું જો કોઇ કારણ હોય તો એ ૨૪ કલાક વીજળી છે. મારે આપણા વડાપ્રધાનને અભિનંદન આપવા છે કે, તેમણે વીજળીથી વંચિત ચાર કરોડ પરિવારોને વગર અરજીએ લાઇટની વ્યવસ્થા કરવાની વાત કરી છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા (નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ, ખનીજ અને ઉર્જા વિભાગના મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. મારે જે વાત કરવી છે કે આપણે આદિવાસીઓને મફત મીટર આપીએ છીએ. મફત બીજી સગવડો આપીએ છીએ. પણ મારે એ કહેવું છે કે, ખાસ કરીને જે ટ્રાયબલ વિસ્તાર છે એમાં ગામડાંના ઉંડાણવાળા ઘરો આવેલ છે એ વિસ્તારમં જ્યારે ગ્રાહક વીજ-જોડાણ માટે અરજી કરે છે ત્યારે એને ખૂબ મુશ્કેલી પડતી હોય છે. આપણે સરળ, સસ્તી અને સતત વીજળી મળે એના માટે હમણાં જ કોઇક માનનીય

સભ્યશ્રી વાત કરતા હતા. પણ હું સાગબારા, ડેડિયાપાડા, નાંદોદ, ગળેશ્વરના કેટલાક ગામોની વાત કરું તો ત્યાં આજે પણ લાઇટ નથી. સ્કૂલમાં કે ખાસ કરીને સસ્તા અનાજની વાજબી ભાવની દુકાનોમાં લાઇટ જ ન આવે તો ગ્રાહકને સંચાલક માલ ક્યાંથી આપવાનો છે. પહેલામાં પહેલી વ્યવસ્થા તો એ કરવી જોઇએ કે, આ જે અંગુઠો દાબવાની પ્રથા છે એ બંધ કરો અથવા તો સતત ૨૪ કલાક લાઇટ આપો.

હું ખેડૂતો માટેની વાત કરું તો, માનનીય અધ્યક્ષશ્રી, દુષ્યંતભાઇ આપશ્રી પોતે ખેડૂત છો. હમણાં જ તમે જી.આઇ.ડી.સી.ની વાત કરતા હતા, પેટ્રોકેમિકલ્સની અને દહેજ બંદરની વાત કરતા હતા તો આપને ખબર જ છે તો આજે જે છે એ ધબકતું કહો કે બંધ થતું કહો. એ હૃદય કોણે ચાલુ કર્યું એ આપ સારી રીતે જાણો છો. કોંગ્રેસના સમયમાં એ વખતના આ દેશના વડા પ્રધાન સ્વ. રાજીવજીએ પેટ્રોકેમિલકલ્સ, જે દહેજ છે ત્યાં એ કરીને એ વિસ્તારને ઔદ્યોગિક રીતે આગળ લાવવામાં હરણફાળ ભરી છે એટલે મારે એ કહેવું છે કે, કહેવામાં આવે છે કે કોંગ્રેસે કંઇ કર્યું જ નથી, કોંગ્રેસે કંઇ કર્યું જ નથી ત્યારે હું તો એમ કહું છું કે, માનનીય સૌરભસાહેબ, છેલ્લા ૨૨ વર્ષથી આપની સરકાર છે તો ગુજરાતમાં એક પણ વીજ મથક સ્થાપ્યું છે? તમે ખાનગી કંપનીઓને નાણાં ચૂકવો છો તો એમાંથી આજે આ ગુજરાતમાં ૨૦ થી ૨૫ વીજ મથકો ઉભા થઇ ગયાં હોત. તો સરકાર આ કેમ કરતી નથી? ખાનગી કંપનીઓ પાસેથી તમે કેમ વીજળી લો છો? એમાં કંઇક છે? તો સરકારની એ પ્રાથમિક જવાબદારી છે કે, આ દેશના લોકોને સસ્તી અને સતત વીજળી મળે એ માટેની સરકારની જવાબદારી છે. એમાંથી સરકાર કેવી રીતે છટકી શકે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એ પણ વાત કરવી છે અને મને યાદ છે કે, આ ગુજરાત રાજયના એક માત્ર આદિવાસી માનનીય મુખ્યમંત્રીશ્રી હતા એ સ્વ. શ્રી અમરસિંહ ચૌધરી સાહેબ હતા. એમના સમયમાં ખેડૂતોને પાવર આધારિત વીજ બિલ આપવામાં આવતાં હતાં, પણ આજે તો મીટર આધારિત? અને તે પણ કેવા પઠાણી ઉઘરાણી નહીં, તમે વર્ષમાં છ મહિને પણ બિલ ભરો, વર્ષે પણ ભરો તો પણ તમને તકલીફ નહીં. એ વખતે એટલી બધી છૂટ આપેલી હતી. જયારે આ તો વાઇબ્રન્ટ ગુજરાત છે તો પછી તમારે ખેડૂતો પાસેથી પૈસા જ ન લેવા જોઇએ. ખેડૂતોને મફત જ વીજળી આપવી જોઇએ તો જ વિકાસ થવાનો છે. બાકી તો સૌનો વિકાસ સૌનો સાથ ક્યાંથી આવવાનો છે?

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી પણ એક વાત કરવા માગું છું કે, ખાસ કરીને ગામડાંના ખેડૂતો માટે અમારા રીબડીયા સાહેબ વાત કરતા હતા કે, ખેડૂતો રાતે પોતાના ખેતરમાં પાણી વાળવા જાય, પણ તમે આઠ કલાક વીજળી આપો અને કદાચ વીજળી જતી રહે તો એ ખેડૂત અંધારામાં કામ કેવી રીતે કરવાનો છે? મારી એ વિનંતી છે કે, ભલે થ્રી ફેઝમાં અમે તો ૧૪ કલાક વીજળી આપવાનું વચન આપ્યું હતું પણ તમે ૨૪ કલાક સીંગલ ફેઝની વ્યવસ્થા ત્યાં કરાવો અને એટલી મદદ આ ખેડૂતોને કરો એટલી માનનીય અધ્યક્ષશ્રી આપના મારફત માનનીય ઉર્જા મંત્રીશ્રીને વિનંતી છે.

બીજી વાત કૂવા પરના વીજ જોડાણ આપવાનીની કરૂં તો, મારા વિસ્તારમાં આજે પણ ખેતીવાડીના વીજ જોડાણની લગભગ ૧૦૦૦ જેટલી અરજીઓ પેન્ડીંગ છે. એમાં ખાસ કરીને ગરીબ ખેડૂતો છે એ ખેડૂતો જે પૈસા ભરે છે એ પૈસા દેવુ કરીને પણ ભરે છે પણ એમને આ વીજ જોડાણો લેવા માટે જી.ઇ.બી.ના ધરમધક્કા ખાવા પડે છે. ખેડૂત દૂરથી આવતો હોય તો એને ભાડું પણ પોસાય નહીં તો એના માટે એક સૂચન કરવા માગું છું એ સૂચન માનનીય ઉર્જા મંત્રીશ્રી એ છે કે, હું સબસ્ટેશનની વાત કરું છું, તમે નવા સબસ્ટેશનો જયારે પણ નાખો તો ટ્રાઇબલ વિસ્તારમાં વસતિ આધારિત, ભૌગોલિક પરિસ્થિતિને આધારિત સબસ્ટેશનો ચાલુ કરશો તો ખેડૂતોને તો ફાયદો થશે પણ બી.પી.એલ. કુટુંબો છે, ગરીબ કુટુંબો છે એમને સૌથી વધારે ફાયદો થવાનો છે. આપ સૌ માનનીય સભ્યશ્રીઓ એવા વિસ્તારમાંથી આવો છો કે તમને કદાચ મુશ્કેલીઓ નથી પણ જેમને મુશ્કેલીઓ છે એમની હું વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાંદોદ ખાતે જે જી.ઇ.બી. બોર્ડ આવેલું છે એમાં સ્ટાફ જ નથી. લાઇટ જાય તો તમે કોને કહો? લાઇટ રાતે જાય, ગમે ત્યારે લાઇટ જાય પણ એક તો સ્કવોર્ડ જ નથી. ટેકનીકલ માણસો જ નથી તો એમાં કંઇક સુધારો કરો એવી હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરૂં છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ૨૦૧૮-૧૯ ના વર્ષની બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ખર્ચના અનુદાનો માટેની જે માગણી ક્રમાંક-૭૫ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું અને તેને મારું સમર્થન આપું છું.

સૌ પ્રથમ તો ગુજરાત માટે વારંવાર કહેવામાં આવે છે તે રીતે ગુજરાતનો ઉધોગ વાયબ્રન્ટ સમીટના લીધે જે રીતે વિકાસ થયો છે તેના લીધે ગુજરાત મોડેલ તરીકે સમગ્ર દેશમાં પ્રચલિત બન્યું છે. ગુજરાતના બંદરોને લીધે સમગ્ર દેશમાં ગુજરાત એ ભારતના વિકાસનું પ્રવેશ દ્વાર બન્યું છે તેમ કહેવામાં જરા પણ ખોટું નથી. ગુજરાતનો ૧૬૦૦ કિલો મીટરનો દરિયા કિનારો છે. અને તેના ઉપર જે રીતે આંતર માળખાકીય સુવિધાઓને લીધે બંદરોનો વિકાસ થયો છે, રસ્તાઓનો પણ વિકાસ થયો છે. સમગ્ર ઉત્તર અને પશ્ચિમ ભારતમાં જે આયાત નિકાસનો વેપાર છે તેની જીવાદોરી કહી શકાય તેવું ગુજરાત છે અને ગુજરાતમાં જે બંદરો આવેલાં છે તે સમગ્ર ભારતના ૩૦ ટકા જેટલા ગૌણ બંદરો છે અને એક મહાબંદર છે જેને કંડલા પોર્ટ ઝોન ચલાવે છે અને ગુજરાત એક એવું લોકેશન છે કે જયાં સમગ્ર ભારતના ૩૪૬ મિલીયન ટનની આયાત -નિકાસ થાય છે તેમાં ગુજરાતનો ગૌણ બંદરો સહિત મુખ્ય બંદરનો ફાળો ૭૦ ટકા જેટલો છે.

ગુજરાતનો જે દરિયાકિનારો છે એકદમ સંવેદનશીલ છે. આપને ખબર છે કે આજે એ કાંડને ૨૫ વર્ષ પૂરાં થાય છે, જયારે મુંબઇમાં આર.ડી.એકસ. કાંડ થયો અને જયારે શેરબજાર, ઝવેરી બજારમાં ૭ થી ૮ જગ્યાઓ પર બોબકાંડ થયો હતો અને તેનું આર.ડી.એકસ. પણ આ કિનારથી કોના રાજયમાં ઉતારવામાં આવ્યું હતું તે વિચારવાનો સવાલ છે. આ જ રીતે સંવેદનશીલ વિસ્તાર છે, તેના લીધે આપણી સિક્યુરીટી, બી.એસ.એફ, તટરક્ષક દળ, જે રીતે આપણા દરિયા કિનારનું રક્ષણ કરી શકે એટલા માટે કોટેશ્વર ખાતે એક જેટીનું ગુજરાત સરકારે આયોજન કર્યું છે અને જેનાથી આપણું રક્ષક દળ આપણા દરિયાકિનારાનું સારી રીતે રક્ષણ કરી શકશે. મરીન પોલીસ પણ સુંદર રીતે કામગીરી કરી રહી છે. દરેક સમુદ્રી વિસ્તારમાં મરીન પોલીસનું આયોજન આપણે કર્યું છે અને મરીન પોલીસ સ્ટેશનો પણ બનાવ્યાં છે. અને તેના લીધે દરિયા કિનારામાં ઘણી બધી રાહત થઇ છે.

આપણા દરિયા કિનારે માચ્છી મારીનો પણ ઘણો બધો ફાયદો થાય છે. આપણા વિસ્તારની જે મચ્છી મળે છે તેના લીધે આપણને વિદેશી હુંડિયામણ મળે છે અને તેના માટે સરકારે જે રીતે મેરી ટાઇમ બોર્ડને સાથે રાખીને ઘણો સુંદર ફાળો આપ્યો છે. રાજય સરકાર દ્વારા સોમનાથ પ્રભાસ પાટણ ખાતે ત્રિવેણી સંગમ ખાતે લોકોને સુગમતા રહે તે માટે ડ્રેજીંગ કરીને ઉંડાઇ વધારી છે તેના કારણે યાત્રીઓને ઘણો ફાયદો થાય છે.

રાજય સરકાર દ્વારા ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી ઉપર જે રીતે નર્મદાના ત્રીકોણ પાસે દરિયા કિનારે ઉત્તરને અને દક્ષિણ કાંઠાને જોડતો અને લોકોની અવરજવર થાય તે માટે જેટીનું જે આયોજન કર્યું છે. તેના માટે પણ સરકાર અભિનંદનને પાત્ર છે. તાજેતરમાં રાજય સરકાર દ્વારા દહેજ ઘોઘા ફેરી સર્વિસ જે સમ્રગ દેશમાં પ્રથમ સ્થાને છે અને તેનું લોકાર્પણ આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યું છે. તેને લીધે સમય, ઇંધણ અને પર્યાવરણની બચત થાય છે. વધુમાં જે રીતે દરિયા મારફતે ૩૧ કિલો મીટરના અંતરમાં ૩૧૭ કિલો મીટરનો ઘટાડો કર્યો છે એ બદલ સરકાર અભિનંદનને પાત્ર છે. આ સરકારે દરિયા કિનારાનો ખૂબ જ વિકાસ કર્યો છે. સાથે સાથે અલંગ શીપ બ્રેકીંગ યાર્ડની વાત કરું તો વિશ્વનું સૌથી મોટામાં મોટું યાર્ડ છે જેની ગુજરાત સરકારે સ્થાપના કરી છે. એમાં પર્યાવરણને કોઇપણ જાતનું નુકસાન ન થાય એ માટે ત્યાં લેન્ડ ફિલ્ડ સાઇટ, ઇન્સિનરેટર અને એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. આ રીતે સરકારે દરિયા કિનારે બંદરોનો વિકાસ થાય એના માટે ખૂબ જ પ્રયત્નો કર્યા છે એના લીધે સમગ્ર દેશના અર્થતંત્ર માટે ગુજરાત એક પ્રવેશદ્વાર બન્યું છે ત્યારે હું આ માગણીઓને સમર્થન કરું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર (રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ઉદ્યોગ અને ખાણ, બંદરો અને વાહન વ્યવહાર તથા માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

સરકારને પ્રથમ ગમશે રાજય સરકારને અભિનંદન આપું છું કે રાજય સરકાર મોંઘી વીજળી ખરીદીને સસ્તા ભાવે વેચતી હોય તેવું પહેલુ રાજય છે. હમણાં ઘણા માનનીય સભ્યશ્રીઓ ઉભા થયા કે કોંગ્રેસે શું કર્યું તો આપણને આજે જે લાઇટ મળી રહી છે એના માટેનું પાયાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ કોંગ્રેસ પાર્ટીની સરકારે કર્યું હતું. રાજયમાં ચાર હાઇડ્રો પાવર, એ સિવાય થર્મલ પાવર વગેરે જો બન્યા હોય તો એ કોંગ્રેસ શાસનમાં બન્યા છે એ પાવર પ્લાન્ટને કારણે ગુજરાતની અંદર ગુજરાતના ખેડૂતોને સમયસર પૂરતી વીજળી મળે છે અને ઉદ્યોગોને વીજળી મળે છે. આ સરકારે તો છેલ્લા ૨૨ વર્ષના શાસનમાં એક પણ વીજળી મથક સ્થાપ્યું હોય તો બતાવો કારણ કે આપણે માત્ર કોંગ્રેસની યોજનાઓને આગળ લઇ જવાનું જ કામ કર્યું છે. જે રીતે ગુજરાતમાં વીજળી સરપ્લસ થઇ છે તો ગુજરાતના ખેડૂતોને વીજળી માટે કોઇ જ તકલીફ ન પડવી જોઇએ. પરંતુ પરિસ્થિતિ એ છે કે વીજળીની માગણી માટે ખેડૂતોએ આંદોલન કરવું પડે છે. બીજી બાજુ ગામડાંની અંદર જે ખેડૂતો ખેતરોમાં રહે છે એમને વીજળી મળતી નથી એ સાચી વાસ્તવિકતા છે. ખેતરોમાં ખેડૂતો રહે છે એમને વીજળી આપવામાં આવે એ આપવામાં આવતી નથી. અત્યારે થયું છે એવું કે •(×××) રાજય સરકાર અઢી રૂપિયે વીજળી ખરીદે છે અને દોઢ રૂપિયે વીજળી વેચે છે. ત્યારે મારી માગણી છે કે ગુજરાતના ગરીબ ખેડૂતો ને ગરીબ માણસોને સસ્તા દરે ૨૪ કલાક વીજળી આપવામાં આવે.

મારે બીજી એક વાત એ પણ કરવી છે કે સરકાર ફ્યુઅલ ચાર્જના નામે દર મહિને કરોડો રૂપિયા લે છે. જે બી.પી.એલ. કાર્ડ ધારકો છે એ તો મહિને બે ત્રણ પોઇન્ટ વીજળી વાપરતા હોય છે તેમ છતાં એમને ૨૫ રૂપિયાથી ૫૦ હજાર સુધીના વીજ બિલ આપવામાં આવે છે આ ગુજરાતની વાસ્તવિકતા છે. જયારે વીજ કનેકશન લે ત્યારે મીટરની પૂરતી કિંમત લેવામાં આવે છે તેમ છતાં દર મહિને ૨૦ રૂપિયા મીટર ચાર્જ લેવામાં આવે છે એ બંધ કરવામાં આવે તેવી રાજય સરકાર પાસે માગણી કરું છું.

સાથે વાયબ્રન્ટ ગુજરાત અને ઉદ્યોગપતિઓનું ગુજરાત છે. કારણ કે ગુજરાતમાં ઉદ્યોગપતિઓને કોઇ જ પ્રકારની તકલીફ પડતી નથી. અહીંયા સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ, મધ્યમ ઇન્ડસ્ટ્રીઝ અને સિરામીક ઇન્ડસ્ટ્રીઝ કે કોટન ઇન્ડસ્ટ્રીઝને ખૂબ જ તકલીફ પડે છે ફકત પાંચ ઉદ્યોગપતિઓને કોઇ તકલીફ નથી કારણ કે ગુજરાત સરકારે એવી નીતિઓ બનાવી છે એના લીધે સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કે બીજા નાના ઉદ્યોગો છેલ્લા વર્ષમાં દોઢેક લાખ જેવા બંધ થઇ ગયા છે. કોટન ઇન્ડસ્ટ્રીઝ, ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ અને સિરામીક ઉદ્યોગો ખતમ થઇ ગયા છે. એના માટે રાજય સરકારની નીતિઓ અને સરકાર પોતે જ જવાબદાર છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જે રીતે ગુજરાતના બેરોજગારો માટે જી.આઇ.ડી.સી. અને જી.એસ.એફ.સી.ની સ્થાપના કરવાનું કામ કોઇએ કર્યું હોય તો કોંગ્રેસ પાર્ટીની સરકારોએ કરેલું. પરંતુ જી.આઇ.ડી.સી.ને બંધ કરવાનું કામ માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અંકલેશ્વર હોય, વાપી હોય, છત્રાલ હોય કે સચીન જેવી મોટી જી.આઇ.ડી.સી. ઉભી કરીને ત્યાં બે લાખથી વધારે નાના અને મધ્યમ ઉદ્યોગો સ્થાપવાનું કામ કોંગ્રસ પાર્ટી દ્બારા કરવામાં આવ્યું પરંતુ, અહીં તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ટાટા જેવી કંપનીઓને ૩૩ હજાર કરોડ જેવી વ્યાજમુક્ત રાહતો અને લોન આપવામાં આવે આ રાજય સરકાર માટે દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ બાબત છે. અહીં ઉદ્યોગપતિઓને છાવરવામાં આવે. ટાટા–નેનો જેવા માટે સ્પેશિયલ નર્મદા બ્રાન્ચ કેનાલ આપવામાં આવે અને બાજુમાં રહેલા ખેડૂતોને પાણી આપવામાં ન આવે આ પ્રકારની મોટા ઉદ્યોગપતિઓને છાવરવાની નીતિ એ ભારતીય જનતા પાર્ટીની રાજય સરકારની છે. સાથે આપણે ઉદ્યોગો લાવીએ છીએ. ઉદ્યોગોને આવકારીએ પણ છીએ. પણ એ ઉદ્યોગો શેના માટે? તો સ્થાનિક યુવાનોને રોજગારી મળે. તેના માટે સ્થાનિક ઉદ્યોગમાં ૮૫ ટકા રોજગાર આપવો એવું પ્રાવધાન આપણે ત્યાં છે. તો શું તેનો અમલ રાજય સરકાર કરવા માગે છે કે કેમ? બીજું, માનનીય ઉદ્યોગમંત્રીશ્રી પાસે માગણી કરું છું કે રાધનપુર, હું જયાંથી આવં છું ત્યાં પાટણ અને બનાસકાંઠામાં સ્થાનિક ઉદ્યોગ માટે રોજગારની કોઇ જ વ્યવસ્થા નથી. જી.આઇ.ડી.સી.ની પ્રપોઝલ પડી છે. જો ઉદ્યોગમંત્રીશ્રી આ જી.આઇ.ડી.સી.ની પ્રપોઝલ મંજૂર કરે, ત્યાંના સ્થાનિક યુવાનોને રોજગાર આપવાનું કામ કરે તો માનનીય ઉદ્યોગમંત્રીશ્રીનો આભાર માનીશું. સાથે ખાણ–ખનિજની વાત આવે. ગુજરાતમાં દરરોજ રાત્રે ડમ્પરો, ટ્રેક્ટરો અને મોટી મોટી ટ્રકો ભરીને ભરીને ખાણ–ખનિજ લેવામાં આવે છે. ખાણ–ખનિજનું ગુજરાતમાં ખૂબ જ મોટું કૌભાંડ છે. ગુજરાતમાં ખાણ–ખનિજ માફિયાઓ બેફામ બન્યા છે અને ગુજરાતની ધરતીમાંથી ખાણ–ખનિજ લઇને ગુજરાતને પારાવાર, કરોડો રૂપિયાનું નુકસાન કરવામાં આવી રહ્યું છે જેમાં રાજકીય આગેવાનો પણ સંડોવાયેલા છે. આ પ્રમાણે ગુજરાતમાં ખાણ–ખનિજમાં જે કૌભાંડ ચાલી રહ્યા છે (અંતરાય) જેમાં કોર્ટે પણ બોલવું પડ્યું છે. જેમાં ખાણ–ખનિજમાં ટ્રકો અને ડમ્પરો વાળા આ ખાણ–ખનિજ માફિયાઓને કંટ્રોલ કરવામાં આવે અને ખનિજ ચોરી બંધ કરવામાં આવે. આવી રાજય સરકાર પાસે માગણી કરું છું. સ્વાભાવિક છે કે *(×××) પરંતુ ગુજરાતમાં બેરોજગારો એટલા છે.

સભાપતિશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : ગુજરાતમાં ભ્રષ્ટાચાર છે. ખાણ–ખનિજના માફિયાઓ બેફામ બન્યા છે ત્યારે રાજય સરકાર આ ખાણ–ખનિજ માફિયાઓને કંટ્રોલ કરવાનું કામ કરે તો હું માનું છું કે ગુજરાત ઉપર ખૂબ મોટો ઉપકાર હશે. કારણ કે કરોડો રૂપિયાની રોયલ્ટી, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે.

સભાપતિશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય ગોવિંદભાઇ પટેલ.

શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અંગેની માગણી ક્રમાંક–૧૩ લઇને આવ્યા છે તેના અનુસંધાને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ વ્યકિત, ગામ, રાજય કે રાષ્ટ્રના વિકાસના મૂળભૂત પાયામાં વીજળી છે. વિકાસનું એક અંગ છે. છેલ્લા એક દાયકામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આ દિશામાં અનેક ગણું કાર્ય કર્યું છે. તેના કારણે લગભગ ૧૪૯ જેટલા એવોર્ડ આ વિભાગને પ્રાપ્ત થયા છે. પવન એ કુદરતી છે. પવન આવે છે, જાય છે. હજારો વર્ષથી પવન વાય છે, આવે છે અને જાય છે. પણ એ પવનનો સદુપયોગ કરવાનું કોઇને સૂજ્યું હોય તો આપણાં તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીને સૂજયું અને એમણે પવન ઉર્જા ક્ષેત્રે હજારો એકર બંજર જમીનમાં પવનચક્કીઓ ઉભી કરીને ૧૩૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન પવનચક્કી મારફત ગુજરાત આજે કરતું થયું છે. આપણું અસ્તિત્વ હતું, નહોતું, નહીં હોય ત્યારે પણ સૂર્ય ઉગવાનો અને આથમવાનો છે. સૂર્યનો પ્રકાશ સતત અવિરત વહેવાનો છે પણ સૂર્યના કિરણનો પણ સદુપયોગ કરવો જરૂરી છે.

સભાપતિશ્રી : વિરામનો સમય થાય છે. આપનું વકતવ્ય ચાલુ રહેશે.

(વિરામ બપોરના ૨–૩૦થી ૩–૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં.૧૩ ઉપર બોલી રહ્યો હતો. એમાં મારે વિશેષ કહેવું છે કે, ગુજરાત સરકાર જે કુદરતી સંસાધનો છે એ સૂર્યના કિરણો હોય, હવા હોય. એમાં મારે ગૃહને જણાવવું છે કે એના દ્બારા ૫૩૧૮ મેગાવોટ જેટલી વીજળીનું ઉત્પાદન આ પવન ઉર્જા દ્બારા કરી શકીએ છીએ. આ સો ટકા કાર્બનલેસ છે. ગ્લોબલ વોર્મીંગની સમગ્ર વિશ્વ ચિંતા કરી રહ્યું છે. આજે હવાના પ્રદૂષણની સ્થિતિ સર્જાઇ છે. સૂર્ય ઉર્જા અને પવન ઉર્જા પેદા થાય છે એમાં એક ટકો પણ કાર્બન હોતો નથી એ રીતનું ઉત્પાદન આપણે કરી શકીએ છીએ. સાથોસાથ કુદરતી બળતણનો હંમેશાં બચાવ કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સામેના મિત્રો ખેડૂતોની ચિંતા કરતા હતા. ચાલુ વર્ષના બજેટમાં ખેડૂતોને એક લાખ વીસ હજાર વીજ કનેક્શન આપવાની જોગવાઇ છે. ભૂતકાળમાં તમે આ પાટલી ઉપર બેઠા હતા. ૧૯૮૫–૧૯૯૦ના વર્ષનો દાખલો આપવા માગું છું. તે વખતે ખેડૂતોની મોટર બળી જતી હતી. તમે ૧૫–૧૮ કલાક વીજળી આપતા હતા પણ મોટરો ચાલુ થતી નહોતી. જો મોટરો ચાલુ થાય તો બળી જતી હતી. એને રિપેરીંગ કરવાવાળાઓની દૂકાનો ધમધોકાર ચાલતી હતી. પૂરા ફોર્સથી વીજળી આપવામાં આવતી નહોતી. આજે રિપેરીંગવાળાઓની દૂકાનો બંધ થઇ ગઇ છે, તમારા મિત્રોની દૂકાનો બંધ થઇ ગઇ

છે. તમે ખેડૂતોને પૂરા ફોર્સથી વીજળી આપી નથી અને ખેડૂતોએ પૂરા ફોર્સથી વીજળી માગી તો તમે એમને ગોળીઓ મારી હતી. તમે જો એમને ગોળી મારી ન હોત તો કદાચ, કદાચ કહુ છું, કદાચ આજે તમે અહીં બેઠા હોત. આઇ એમ નોટ શ્યોર. પ્રજા આ ભૂલી નથી. પ્રજા જો ભૂલી ગઇ હોત તો તમે અહીં આવીને બેસી ગયા હોત. આની પ્રજાએ નોંધ લીધી છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો માટે કામ કરતી સરકાર છે. સોલાર પમ્પ–સવારનો સૂર્ય ઉગે અને સાંજે આથમે ત્યાં સુધી સોલાર પમ્પ ચલાવી શકાય છે. એના માટે આ બજેટમાં રૂ. ૧૨૭/–કરોડની જોગવાઇ કરી છે. કેટલાક ખેડૂતોની મોટરો આ સોલાર પમ્પમાં કન્વર્ટ કરવાની છે. એના માટે આ બજેટમાં રૂ. ૨૦/–કરોડની જોગવાઇ કરી છે. આ રીતે ખેડૂતોને દરેક ક્ષેત્રમાં મદદ કરવામાં આવી રહી છે. ભૂતકાળમાં તમે જો ખેડૂતોની ચિંતા કરી હોત તો તમે આજે અહીં બેઠા હોત. તમે ખેડૂતોની ચિંતા ક્યારેય કરી નથી અને ખેડૂતોને તમે ગોળીએ માર્યા છે એટલે ત્યાં બેઠા છો. આભાર.

શ્રી અમરીષભાઇ જી. ડેર (રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહની અંદર બંદરો ઉપર, ઉદ્યોગ ઉપર, ખાણ ખનિજ અને માહિતી વિભાગ ઉપર ચર્ચાઓ ચાલી રહી છે જેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, આખા દેશની અંદર સૌથી લાંબો દરિયા કિનારો ૧૬૬૬ કિ.મી. જેટલો જો કોઇને સાંપડ્યો હોય તો એ ગુજરાતને મળ્યો છે. ત્યારે બંદરો બાબતમાં વધુ સારુ કરી શકાય તો હું માનું છું કે આવનાર દિવસોમાં ગુજરાત ખૂબ સારી રીતે પ્રગતિ કરી શકશે. બંદરો બાબતમાં મારે એટલું જ કહેવું છે કે જે વિસ્તારમાં બંદરો આવેલા છે એ વિસ્તારમાં નાની નાની ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવામાં આવે તો બંદરો ખૂબ ધમ–ધમતા થશે. દા.ત. જી.આઇ.ડી.સી.ની વાત ઘણા સમયથી થઇ રહી છે. મેન્યુફેકચરિંગ ઇન્ડસ્ટ્રીઝ છે એની ચર્ચાઓ ઘણી બધી થઇ છે. જો આવા બંદરોની આજુબાજુમાં આવી ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ કરવામાં આવે તો બંદરો ખૂબ મોટા પ્રમાણમાં ધમધમશે અને આવનારા સમયની જે માંગ છે એ બાબતમાં આ રાજ્ય ખૂબ સારું પ્રદર્શન કરી શકશે એવું હું સંપૂર્ણપણે માનું છું. મારા મત વિસ્તારમાં એક–બે મોટા બંદરો અને બે–ત્રણ નાના બંદરો આવેલા છે. આ બાબતમાં જો વાત કરીએ તો માળખાગત સુવિધાની સાથોસાથ ત્યાંના લોકોને જો સાથે જોડી આ બાબતમાં કાંઇક થાય એ ખૂબ જરૂરી છે. મારા વિસ્તારમાં રિલાયન્સ ડિફેન્સ, મારા અગાઉના વકતવ્યમાં પણ મેં વાત કરેલ કે માત્ર ગુજરાત નહીં, માત્ર દેશ નહીં પણ આખા એશિયામાં જેની ગણના થાય છે એવું શિપિંગ બિલ્ડીંગ યાર્ડ આવેલું છે. એની આજે પરિસ્થિતિ જુઓ તો ખ્યાલ આવશે કે આજે પણ લેબરોને પેમેન્ટ આપવા માટે આવી કંપનીઓ ખૂબ મોડું કરે છે. છ–છ મહિના સુધી આંદોલનો કર્યા પછી એમને નિયમિત પગાર મળે છે. કોન્ટ્રાકટરો કે જેઓ આવા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે, બંદર સાથે સંકળાયેલા છે અને એનું અવિભાજ્ય અંગ છે એમને આજના દિવસ સુધી પોતાના નાણા મેળવવા માટે આંદોલનનો રસ્તો અખત્યાર કરવો પડે છે. આજે મારા વિસ્તારમાં સવારથી આંદોલન ચાલે છે. દેશની સુરક્ષાનો પ્રશ્ન છે, ડિફેન્સ જેવી બાબતમાં અને કેન્દ્ર સરકાર સૌથી વધુ બજેટ આવી બાબતમાં ઉપયોગ કરી રહી છે ત્યારે આવી બાબતના કોન્ટ્રાકટરોને સમયસર પેમેન્ટ આપવામાં ન આવે તો હું માનું છું કે સુરક્ષાની બાબતમાં તે ગંભીરતાથી કેવું કામ કરશે? એટલે મારી આ ગૃહને વિનંતી છે કે આગામી સમયમાં જે કાંઇ ખૂટતી કડીઓ છે એ બાબતમાં ચોક્કસ કાંઇક કરવામાં આવે તો બંદરો બાબતમાં ખૂબ સારું કરી શકાય તેમ છે. મારા વિસ્તારમાં ગુજરાત સરકારનું એક જાહેર સાહસ છે અને અત્યારે બંધ હાલતમાં પડેલ છે. આલ્કોક એશ ડાઉન એકદમ નાનું બંદર છે અને એમાં સરકાર પોતે શીપ બિલ્ડીંગનું કામ કરતી હતી એ છેલ્લા ઘણા વર્ષોથી બંધ પડ્યું છે. મારી વિનંતી છે કે આ બંદરને ફરી ધમધમતું કરવા માટે જે કોઇ બાબત જરૂરી હોય તે સરકાર દ્વારા કરવામાં આવે જેથી કરીને સ્થાનિક લોકોને રોજગારી મળે. (સમયસૂચક ઘંટડી) મારી છ મિનિટ હતી. બે–ત્રણ મિનિટ થઇ છે. હું આપને વિનંતી કરું છું કે, આ સરકાર એવું ઇચ્છી રહી છે કે આગામી સમયમાં દરિયાઇ પટ્ટીને જોડવા માટે ટ્રાફિકને નિવારવા માટે કંઇક કરવું હોય તો રો–રો ફેરી સર્વિસની સાથે પેસેન્જર શીપ શરૂ કરવામાં આવે તો સૌરાષ્ટ્રને જો આપણે દક્ષિણ ગુજરાત સાથે જોડવા માગતા હોઇએ, સુરતને જોડવા માગતા હોઇએ તો આવા બંદરથી સુરત જવા માટે માત્ર ૩ કલાકનો રસ્તો છે. આ બાબતને ગંભીરતાથી હાથ ધરવામાં આવે તો ખૂબ સારા પરિણામો આવી શકે તેમ છે. નાના ઉદ્યોગોની સાથે જી.એચ.સી.એલ. જેવી મહાકાય કંપની આવેલ છે. આવી કંપનીને સરકારે જમીન આપી ત્યારે નાના લોકોને રોજગારી મળે એટલા માટે જમીન આપેલ છે. સાડા ચાર હજાર હેકટર જેટલી જમીન રીન્યુ થયેલ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. (અંતરાય) તમારા દંડકે પાંચ મિનિટ કરી છે. પછી મને મળી લેજો. તમને તમારો વિડિયો બતાવી દઇશ. બેસી જાઓ. ટાઇમ બગાડશો નહીં.

શ્રી જગદીશ પંચાલ (નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૮–૧૯ના અનુદાન માટેની માગણી નં. ૪૯ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, If there is a will there is a way. આ sentence સાચા અર્થમાં સાર્થક કર્યુ છે ભારતીય જનતા પાર્ટીએ અને અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇનું જે વિઝન છે, વિઝનરી વડાપ્રધાન આખા દેશને મળ્યા છે. આપણે સૌ એ સ્વીકારવું રહ્યું કે ગુજરાતે ઔદ્યોગિક વિકાસની હરણફાળ ભરી છે ત્યારે એક વિકાસની કેડી ઉપર ઉત્તરોત્તર જે મૂડીરોકાણ આવી રહ્યું છે એ દેશમાં મૂડીરોકાણ કરવા માટે રાજ્ય એક પસંદગીનું સ્થળ બન્યું છે અને આપણા બધા જ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય હોય કે વિપક્ષના સભ્યો હોય આ બધા જ માટે એક ગૌરવની બાબત છે કે આપણે બધા ગુજરાતીઓ છીએ અને ગુજરાતની અંદર જે મૂડીરોકાણો થઇ રહ્યાં છે અને વિશ્વનું ઇચ્છનીય એક સ્થળ બનવાના ધ્યેય સાથે ગુજરાત સરકાર આગળ વધી રહી છે ત્યારે

ગુજરાત સરકાર રાજ્યની પ્રાદેશિક અને વૈશ્વિક સ્પર્ધામાં મોટાભાગે આગળ વધી રહ્યાં છે ત્યારે મારે કહેવું છે કે, હમણાં જ પૂંજાભાઇ એમની વાતમાં કહેતા હતા કે, ઉદ્યોગો બંધ થઇ રહ્યાં છે, બેરોજગારી વધી છે. મારે પૂંજાભાઇને કહેવું છે કે, કદાચ જે જગ્યાએ બેરોજગારી હોય, કારીગરો ચોક્કસ અમારે ત્યાં વટવા, નરોડા, ઓઢવ, કઠવાડા, વેપારી મહામંડળ ત્યાં આજે પણ કારીગર જોઇએ છે એવા બોર્ડ માર્યા છે, સાણંદ, છત્રાલ, ચાંગોદર ત્યાં આજે પણ, હેલ્પર જોઇએ છે, ટર્નર જોઇએ છે, સી.એસ.નો ઓપરેટર જોઇએ છે આવા કારીગરોની ખૂબ અછત છે એટલે મારી તેમને અંગત લાગણી છે કે આવા કારીગરોને જી.આઇ.ડી.સી. તરફ મોકલજો તો ચોક્કસ અમારી સરકાર એને રોજી–રોટી પૂરી પાડવામાં મદદરૂપ થશે. માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આપનો આભાર માનું છું અને અમારા ગૃહના નેતા વિજયભાઇનો અને નીતિનભાઇનો આભાર માનું છું કે, જેણે આપણા વિઝનરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે નેશનલ પાર્લામેન્ટરી કોન્ફરન્સ રાખી હતી એમાં માનનીય અધ્યક્ષશ્રી, આપની પરમિશનથી અમને જવાનો મોકો મળ્યો હતો. હું હતો, અમારા સીમાબેન ગોહિલ હતા, કોંગ્રેસના અમારા આનંદભાઇ ચૌધરી પણ હતા. સમગ્ર દેશના જેટલા પણ રાજ્યો છે કોઇ પણ ભેદભાવ વગર લગભગ ૧૫૦ જેટલા એમ.એલ.એ. ત્યાં આવ્યા હતા. નરેન્દ્રભાઇએ આ કોન્ફરન્સનું ઓપનિંગ કર્યુ હતું. કોન્ફરન્સમાં સમગ્ર દેશના દરેક ડિસ્ટ્રિક્ટનું એનાલીસીસ કરવામાં આવ્યું છે કે કયા ડિસ્ટ્રિક્ટમાં કુપોષણ ઓછું છે, એજ્યુકેશન ઓછું છે, કયાં મેથેમેટીક્સ કાચું છે આવા દરેકે દરેક ડિસ્ટ્રિક્ટનું આખું એનાલીસીસ કરવામાં આવ્યું છે. ટોટલ ૧૧૫ જેટલા જિલ્લાઓ એવા નીકળ્યાં છે કે જ્યાં કુપોષિત છે, એજ્યુકેશન ઓછું છે, આમાં દરેકે દરેક ધારાસભ્યોને educate કરવામાં આવ્યું અને ત્યાં આગળ નીતિ આયોગના સી.ઇ.ઓ. હાજર હતા. દરેકે દરેક લગભગ છ એક જાતની નાના મિટિંગ રૂમમાં મિટિંગો ગોઠવવામાં આવી. સરકારી યોજનાઓ છે એનું કઇ રીતે implement કરવું આ બધી બાબતોનું મહત્વનું માર્ગદર્શન આપ્યું એની અંદર વેંકૈયા નાયડુજી, અરૂણ જેટલીજી, નીતિન ગડકરીજી, જે. પી. નડ્ડાજી, સુરેશ પ્રભુજી, પ્રકાશ જાવડેકરજી આવા ખૂબ મોટા આગેવાનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. એટલે મને લાગે છે કે આવી બધી નરેન્દ્રભાઇની વિઝનરી છે એના કારણે ગુજરાતની અંદર નહીં પણ સમગ્ર દેશની અંદર જે ઉદ્યોગો અને ઇન્ડસ્ટ્રીઝ આવી રહ્યાં છે એ આપણા બધા માટે ખૂબ સારી બાબત છે. હમણાં જ અલ્પેશભાઇ એવું કહેતા હતા કે, એક બાજુ મોટા ઉદ્યોગોનો વિરોધ કરે છે અને એક બાજુ પોતાના વિસ્તારમાં જી.આઇ.ડી.સી. માગે છે અલ્પેશભાઇ અત્યારે હાજર નથી પણ એમને મારે ચોક્કસ કહેવું છે કે જી.આઇ.ડી.સી. ના હોત, ઇન્ડસ્ટ્રીઝ ના હોત તો બેરોજગારી વધી હોત. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે વાયબ્રન્ટ સમિટ કરવામાં આવ્યાં. વાયબ્રન્ટ સમિટ દ્વારા જે ઇન્ડસ્ટ્રીઝની અંદર રોકાણ આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે ૨૦૧૭ માં નોંધાયેલા I.E.M. ના મૂડી રોકાણ પૈકીના ૨૦% મૂડી રોકાણ સાથે દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાત રાજ્યમાં ૭૯૬૮ કરોડના સુચિત મૂડીરોકાણના ૪૨૮ જેટલા ઇરાદાપત્રો નોંધાયેલા છે. ગુજરાત પરંપરાગત ઉત્પાદન ક્ષેત્રમાં ટેક્સટાઇલ હોય, કેમિકલ્સ હોય, પેટ્રો કેમિકલ્સ ઇન્ડસ્ટ્રીઝ હોય, જેમ્સ એન્ડ જ્વેલરી ઇન્ડસ્ટ્રીઝ હોય, પ્લાસ્ટિક મન્યુફેકચરીંગ હોય, ફર્ટિલાઇઝર હોય આ બધી ઇન્ડસ્ટ્રીઝની અંદર અગ્રેસર રહ્યું છે ત્યારે મારે કહેવું છે અને •(×××) પણ બેઠો છે. જી.આઇ.ડી.સી.ની અંદર ઇન્ડસ્ટ્રીઝની અંદર જે નાની મોટી તકલીફ પડતી હોય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(×××) અહીંયા ઉલ્લેખ નથી થતો હોતો.

શ્રી જગદીશ પંચાલ : જે પણ આપણે ત્યાં ઇન્ડસ્ટ્રીઝ આવી રહી છે એની સરળતા માટે એવું ચોક્કસ કરવું જોઇએ કે જે મોટી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટો બન્યાં છે, જી.આઇ.ડી.સી. બની રહી છે ત્યાં આગળ મોટા ઇન્ડસ્ટ્રીઝને ટેકારૂપ થવા માટે નાના N.E.S. ઇન્ડસ્ટ્રીઝની જરૂર પડતી હોય છે. આ ઇન્ડસ્ટ્રીઝોને જો મોટી જી.આઇ.ડી.સી.ની અંદર નાની ઇન્ડસ્ટ્રીઝ માટે આવરી લેવામાં આવે તો એ ખૂબ અગત્યની બાબત છે અને એના કારણે નાની ઇન્ડસ્ટ્રીઝને પણ સફળતા મળે છે. આવું નહીં કરવાથી ઘણી વખત એવું થાય છે કે આજુબાજુમાં પ્રાઇવેટ બિલ્ડરો ખૂબ જમીનો લઇને નાના એમ.એસ.એમ.ઇ. એમના ઇન્ડસ્ટ્રીઝકારોને ઉંચા ભાવે ફેકટરી આપે છે તો ચોક્કસ જી.આઇ.ડી.સી.એ આના માટે વિચાર કરવો જોઇએ. આ સિવાય ઘણીબધી બાબતો એવી છે કે અત્યારે જે ટેકનોલોજી વધી રહી છે દેશ અને દુનિયામાં અને એમાં ગુજરાત ખૂબ અગ્રેસર છે ત્યારે જે કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ છે, વટવા જી.આઇ.ડી.સી. અને નરોડા છે, અંકલેશ્વર છે આ બધી જી.આઇ.ડી.સી. પ્રોડકશન વધારવા માટે જે સરકારી નીતિ છે એમાં ખૂબ ઝડપી વિકાસ થઇ રહ્યો છે ત્યારે પરમિશન વધારવા માટે પણ અમારે કદાચ કયાંક નાની મોટી અડચણોને કારણે થોડી પરમિશન લેટ આવતી હોય છે, હું મંત્રીશ્રીને કહેવા માગું છું આ બાબતે કે થોડી અનુકૂળતા થાય તો કદાચ પરમિશન જલદી મળે અને કદાચ અમારે કોઇ પ્રોડકટ ચેન્જ કરવી હોય છે કેમિકલ ઇન્ડસ્ટ્રીઝની અંદર તો પ્રોડકટ ચેન્જ કરવા બાબતે પણ થોડી અનુકૂળતા થાય એવું ચોકકસ વિચારવા માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ સિવાય જે ઇન્ડસ્ટ્રીઝ આવી રહી છે, જે જગ્યાએ ઇન્ડસ્ટ્રી છે અને બાજુમાં જ રેસીડેન્સીયલ પ્લોટ હોય છે તો માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી જણાવવા માગું છું કે ઇન્ડસ્ટ્રીયલ અને રેસીડન્સ આ બંને નજીક નજીક હોવાને કારણે પોલ્યુશન કયાંકને કયાંક વધતા હોય છે એવી જ રીતે અમારા વિસ્તારની અંદર નારોલ, નરોડા, વટવા લગભગ લાખો મીટર જમીનો માત્ર પર્યાવરણના કારણે, ડમ્પ સાઇટના કારણે અટવાયેલી પડી છે. એમાં અમારા ઘણાબધા ધારાસભ્યોની લાગણી છે કે આ ડમ્પ સાઇટ જે પડી છે અને ડમ્પ સાઇટ બંધ થઇ ગઇ છે અને ત્યાંથી પણ જો ૫૦૦ મીટરનો પેરાફેરીવાળો જે વિસ્તાર છે એ જો ઉઠાવી લેવામાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવે તો પણ ઇન્ડસ્ટ્રીઝ અને રેસીડન્સનો ખૂબ બહોળા પ્રમાણમાં વિકાસ થઇ શકે તેમ છે. આ સિવાય જે જગ્યાએ કોર્પોરેશનની હદ લાગે છે અને જે જગ્યાએ જી.આઇ.ડી.સી. આવેલી છે ત્યાં માનનીય મંત્રીશ્રીને સહેજ કહીશ કે નાના કરેક્શન કરવાના છે, સહેજ સંકલન કરવાનું છે કે કોર્પોરેશનના જે રોડ છે, ટી.પી.ના જે રોડ છે અને જી.આઇ.ડી.સી.ના જે રોડ છે એ રોડની અંદર પણ કોર્પોરેશન ઘણી વખત જવાબદારી નથી સ્વીકારતા કારણકે ૭૫ ટકા રીબેટ સરકાર આપી રહી છે એમાં ખૂબ સારી બાબત છે કે જી.આઇ.ડી.સી. પોતાનું ડેવલપમેન્ટ કરી શકે પણ જે ભાગીદારીનો રોડ હોય છે, જે કોર્પોરેશનનો રોડ હોય અને જી.આઇ.ડી.સી.નો રોડ હોય એમાં ક્યાંક સંકલન થઇ શકતું નથી એના કારણે થોડીઘણી ઇન્ડસ્ટ્રીઝની મુશ્કેલી થાય છે મને ચોકક્સ વિશ્વાસ છે કે માનનીય મંત્રીશ્રી આ બધી બાબત ધ્યાનમાં લેશે.

શ્રી લલીતભાઇ કગથરા (ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીનં. ૪૯ માં ઉદ્યોગ બાબતમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સરકારની નેમ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવાની છે. યુવાનોને બેરોજગારીમાંથી રોજગારી આપવાની છે. બહુ સારી વાત છે પણ મને એવું લાગે છે કે આ સરકારનું જે લક્ષ્ય અને ધ્યેય છે એની તરફ આ સરકાર આગળ વધવાને બદલે ઘ–૪ સર્કલમાં જ આંટા માર્યા કરતી હોય એવું લાગે છે. જો સોમનાથ પહોંચવું હોય તો આપણે નેશનલ હાઇવે–૮ ઉપર ચાલવું પડે અને એ રસ્તો પકડવો પડે પણ હું એ કહેવા માગું છું કે આ સરકારશ્રી દિશાહીન હોય એવું મને લાગી રહ્યું છે. આજે મોરબીની અંદર સિરામીક ઉદ્યોગની આપણે વાત કરીએ કે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જીનીંગ ઉદ્યોગની વાત કરીએ હમણા જ અલ્પેશભાઇએ કીધું એમ કે •(×××) . માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એમ છે કે આપણા લઘુ ઉદ્યોગો, આપણા સ્મોલ ઉદ્યોગોનો આજે મૃત્યુઘંટ વાગી રહ્યો છે. સૌરાષ્ટ્રની અંદર ઓછામાં ઓછા ૨૫ થી ૩૦ યુવાનોએ જે જીનીંગ સાથે સંકળાયેલા હતા એ લોકોએ આત્મહત્યા કરી છે અને ૮૦ ટકા જીનીંગ ઉદ્યોગ આજે જયારે એન.પી.એ. થઇને ઉભું છે ત્યારે આપણે માત્ર ને માત્ર ઉદ્યોગ સમીટની વાત કરીએ છીએ. વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરીએ છીએ પણ આપણા ઘરના છોકરાઓને જયારે અહિંયા રોજીરોટી મળતી નથી, આપણા જામનગરના બ્રાસબાટના ઉદ્યોગ હોય, સિરામીક ઉદ્યોગ મોરબીની અંદર છ હજાર કરોડ રૂપિયાની સરકારને રેવન્યુ કમાઇને આપે છે. પાંચ લાખ લોકોને ડાયરેકટ રોજીરોટી આપે છે. હું આપને જણાવવા માગું છું કે અહીંયા ફાયર સ્ટેશન નથી, અહીંયા એક પણ રોડ રસ્તા નથી અને એક પણ ટ્રાન્સપોર્ટ નગરી નથી. હું આપને એ કહેવા માગું છું કે મોરબીની અંદર આજે તમે જાવ તો મોરબીની અંદર રોડ રસ્તા એવા છે કે કેડ કેડ સુધીના તો ખાડા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ ગમે ત્યારે જોવા આવી શકો છો. એક પણ રોડ બનાવ્યો નથી. છ હજાર કરોડ રૂપિયાની રેવન્યુ કમાઇને આપતા સિરામિક ઉદ્યોગને એક પણ સગવડ નથી. ઝીરો ફેસીલીટી છે. હું એ કહેવા માગું છું કે જયારે જયારે ચુંટણી આવે ત્યારે ૧૯૬૦ના કેસ પેન્ડીંગ હોય, સી. ફોર્મના કેસ પેન્ડીંગ હોય, વેપારીઓને દબાવીને, ડરાવીને, લટકતી તલવાર રાખીને એ જુના કેસ ઉખેળવામાં આવે છે. અહીંયા મિત્રો ઘણીવાર કહે છે કે ૩૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યુ? આપણા બાપાને આપણે પૂછીએ કે બાપુજી તમે અમને કેવી રીતે વિકાસ કરી દીધો? આવી પરિસ્થિતિ છે. મેં મારા ફાધરને પૂછ્યું કે બાપુજી આ તમે વિકાસ ન કર્યો. મેં તો ગાડી લીધી. તો એણે મને કહ્યું કે આ ૧૦૦ વીઘા જમીન રાખી અને તને પરણાવ્યો અને મોટો કર્યો એ મારો વિકાસ. નવરત્ન કંપનીઓ કોંગ્રેસે સ્થાપી. એના શેર વેચી વેચીને વિકાસ થાય છે. આજે તમે જુઓ તો આઇ.પી.સી.એલ. કોણે દીધી હતી? આ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ કોણે સ્થાપી હતી. કોંગ્રેસે સ્થાપેલી હતી. આજની પરિસ્થિતિ એવી છે કે આના હિસાબે નાના પ્લાસ્ટિકના ઉદ્યોગકારો શોષાઇ રહ્યા છે. એ લોકોનું શોષણ કરે છે. મોરબીની અંદર ગેસ આપ્યો. આ ગેસના ભાવ એટલા બધા ઊંચા છે કે ઉદ્યોગકારોને પરાણે કોલ ગેસ વાપરવો પડે છે. હું એ કહેવા માગું છું કે વિકાસ, વિકાસ, વિકાસની વાતો કરીને ગામડાં ભાંગીને ભૂક્કા થઇ રહ્યા છે. શહેરની અંદર જોઇએ તો તમામ જાતના પ્રોબ્લેમો ઊભા થાય છે. ટ્રાફિકની સમસ્યા, રોડ–રસ્તાની સમસ્યા, રહેણાંકની સમસ્યા હોય, ઝૂંપડપટ્ટીની સમસ્યા હોય એમાં ગામડાં તરફ દુર્લક્ષ સેવાઇ રહ્યુ છે. હજારોની સંખ્યામાં ગામડાંમાંથી પલાયન થઇ રહ્યા છે. પરિસ્થિતિ એવી નિર્માણ થશે કે દેશનું અર્થતંત્ર આ ડામર રોડ થઇ જશે. હું આપના મારફત સરકારશ્રીને કહેવા માગું છું કે જ્યાં સુધી ગામડાં આબાદ ત્યાં સુધી આ દેશ આબાદ. ખેડૂતો આબાદ તો આ દેશ આબાદ, ખેતી આબાદ તો આ દેશ આબાદ થશે. માત્ર •(×××)

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે. અને આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા, ઉદ્યોગ, ખાણ અને ખનીજની માગણી ઉપર મારા વિચારો રજૂ કરું છું. ક્યારેક બેઠા બેઠા વિચાર આવે કે રાજા રજવાડામાં સાલિયાણા પદ્ધતિ શું હશે? તો આ ખાણ ખનીજને આપણે વાગોળીયે અને જોઇએ તો આ સાલિયાણા પદ્ધતિ હતી તે સાલિયાણા પદ્ધતિ લાગી રહી છે. આ એટલા માટે કહું કે બ્લોક પદ્ધતિ કરે, બ્લોકમાં હરાજી કરે, પછી ૩–૫ કરોડની અંદર કોઇ ઉદ્યોગપતિ એની ખરીદી કરે અને આ ખરીદી કર્યા પછી કોંગ્રેસ ટાઇમમાં ખેતીના રેતીના ટ્રેક્ટર ૧૦૦ થી ૫૦૦ રૂપિયામાં મળતા હતા. આ સરકારમાં ૫૦૦૦ નો ભાવ ચુકવવો પડે છે. પ્રજાના પૈસે આ સરકારની વાહવાહ થાય છે. આંકડાની માયાજાળમાં આંકડા મોટા આવે છે, ત્યારે આ સરકાર, ખાણ ખનીજ ઉપર માફિયાગીરી એટલા માટે વધી છે. અમરેલી જિલ્લામાંથી આવું છું. જિલ્લાનો આગેવાન છું. શેત્રુંજી નદીના કિનારા ઉપર આ સરકારે ઇકોઝોનની પદ્ધતિ મૂકી. ઇકોઝોન પદ્ધતિ મૂક્યા પછી પોતાની ગાઇડલાઇન નક્કી નથી કરી કે શેત્રુંજી નદી કયાં સુધી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઇકોઝોનમાં રાખવી? આજે આ વિસ્તારની અંદર ક્રાકસ ગામ હોય, બવાડા ગામ હોય, બવાડી ગામ હોય, બોરાળા ગામ હોય, શેઢાવદર ગામ હોય, સાવર ગામ હોય, કરજાળા ગામ હોય, કે કાના તળાવથી લઇ આ વિસ્તારમાં માફિયાગીરી એટલી બધી વધી છે કે ખેડૂતનો દીકરો માટી લઇને પોતાના ખેતરમાં જતો હોય તો પોલીસ તંત્ર દ્વારા દંડ આપવામાં આવે છે. ખેડૂતનો દીકરો ટુ-વ્હીલરમાં લઇ પોતાના ખેતરમાં જતો હોય તો દંડ આપવામાં આવે છે. આ જ પોલીસ તંત્રની નજર નીચે, અધિકારીઓની નજર નીચે કરોડો રૂપિયાની રેતી ચોરીનું મારા વિસ્તારમાં કામ ચાલી રહ્યું છે. આ સરકારમાં મૃત લોકોની પણ રોયલ્ટી ભરાય છે. હું સુરત ગયો હતો. ડુંગરા ગામમાં મગનભાઇ નામના આદિવાસી ૨૦૧૦ માં મૃત્યુ પામ્યા. એમની પણ રોયલ્ટી ફેબ્રુઆરી, જાન્યુઆરી મહિનામાં ૫૦૦૦ ગાડીની જ લીઝની રોયલ્ટી ભરાઇ. મૃત લોકો ઉપર પણ રોયલ્ટી ચોરી આ સરકારમાં થતી હોય તેવું દેખાઇ રહ્યુ છે. ખાણ ખનીજની સાથે સાથે આખો દિવસ આ બાજુથી વાહવાહ થાય. દસ વાર વાહવાહ થાય. વડાપ્રધાનની વાહ વાહ ન થાય તો મને લાગે છે કે આ લોકોને *(×××) આ સરકારને

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, ઉજાલા લેમ્પ લાવ્યા. એડવર્ટાઇઝમેન્ટ કરી. કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો. આ ઉજાલા લેમ્પ નામની કંપની કયાં છે એ વિદ્યુત બોર્ડની અંદર જઇ તપાસે તો ખરા? એની અંદર કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. કંપની ચાલુ છે કે બંધ એ ઉર્જા મંત્રી જણાવે તો ખરા?

અધ્યક્ષશ્રી : આપ આપનું વક્તવ્ય ચાલુ રાખો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હવે આ સરકાર વાત કરે છે કે કોંગ્રેસના ટાઇમમાં શું થયું? કોંગ્રેસના સમયમાં ખેડૂતોને વીજળી આપવામાં આવી, ચાલીસ વર્ષની અંદર આ ખેતરે ખેતરે થાંભલા અને વાયર બદલાવી શકયા નથી ત્યારે *(×××) ખેડૂતોના વાયર બદલાવશો તો ચોમાસાની અંદર ખેડૂતો પર જે આફત આવે છે, મૃત્યુના પ્રમાણ વધે છે તેના માટે આ વાયરો બદલવાની યોજના લાવે તો સારું લાગશે. ઉદ્યોગોની વાત કરે તો હું સુરત ખાતે નાતો ધરાવું છું. સુરતની અંદર કાપડ ઉદ્યોગમાં સવા લાખમાં એક લુમ્સ મળતું હતું અને હમણાં જ મારા પૂર્વ ધારાસભ્યશ્રીએ વાત કરી, આ ઉદ્યોગમાં મળતું સવા લાખનું લુમ્સ આજે ૩૦ હજાર રૂપિયામાં ભંગારમાં વેચાય છે તેવી પરિસ્થિતિ આ સરકારની અંદર નિર્માણ થઇ છે. નાના ઉદ્યોગો ખતમ થવા જઇ રહ્યા છે. નવી જી. આઇ. ડી. સી. આપી શક્યા નથી. ઉદ્યોગના નામે સંપૂર્ણ પ્રમાણે અમારા લલિતભાઇએ કહ્યું તેમ મીંડુ થઇ રહ્યું છે. ત્યારે *(×××) વાઇબ્રન્ટ ગુજરાતના સારા સારા સ્લોગનમાંથી બહાર નીકળી જમીન ઉપર આવી આપણે કામ કરીએ, પ્રજાલક્ષી કામ કરીએ, પ્રજાને ન્યાય આપવાનો પ્રયાસ કરીએ તો સારુ લાગશે. આ સરકાર ઉદ્યોગ, ઉર્જા, ખાણ ખનીજ મુદ્દે આપણે આંકડા જોઇએ તો કરોડો અને અબજો રૂપિયાના આંકડા દેખાય છે. કેલક્યુલેટરમાં આવતા નથી. આ આંકડા કેલક્યુલેટરમાં કેમ લાવવા તે ખબર નથી પણ પાછલા બજેટ ઉપર તમે જાઓ તો તેમાં જે આંકડા હતા તેમાંથી કેટલી કામગીરી થઇ તેનો પણ મારા ધારાસભ્ય ભાઇઓ અભ્યાસ કરી લે. આ સરકારની અંદર નાનો વર્ગ, મીડલ કલાસ, મીડલ ઉદ્યોગ આ બધું ખતમ થવા જઇ રહ્યું છે ત્યારે સરકાર પોતાની વાત જમીન ઉપર લાવીને લોકોલક્ષી કામ કરે તેવી અપેક્ષા રાખું છું.

શ્રી ધનજીભાઇ પટેલ (વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહને જણાવવા માગું છું કે, નાણામંત્રીશ્રી માનનીય નીતિનભાઇ જે વિધેયક લાવ્યા છે કુટિર ઉદ્યોગ અને ગ્રામીણ ઉદ્યોગ તેને મારું સમર્થન છે. રાજયમાં કુટિર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગારીની તકો ઉભી કરવાની વિવિધ યોજનાઓ માટે વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ રૂપિયા ૪૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ. જે પૈકી ૧૨.૦૧ કરોડની નવી બાબતોનો સમાવેશ કરેલ છે. ખાદી ક્ષેત્રના ઉત્તેજન માટે ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડની વિવિધ યોજનાઓ જેવી કે વિશેષ કાંતણ અને વણાટ સહાય, ખાદી, પોલીવસ્ત્રના ઉત્પાદન અન્વયે વેચાણ વિકાસ સહાય (એમ.ડી.એ) અંબર ચરખાની ખરીદી માટે સહાય વગેરે કામગીરી કરવામાં આવે છે. માનનીય વડાપ્રધાનની ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશનની પહેલના અનુસંધાને લોકો દ્વારા ખાદીના પહેરવેશ અપનાવવામાં આવી રહેલ છે અને ખાદીની માંગ પણ વધી રહેલ છે.

સરકારશ્રી દ્વારા ખાદી સાથે સંકળાયેલ કારીગરો માટે વખતોવખત સુધારાઓ કરવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે આવનાર વર્ષથી ખાદી કારીગરોને કાંતણ ઉપર આપવામાં આવતી રૂપિયા એકની પ્રતિ કાંતણ સહાયમાં વધારો કરી રૂપિયા ત્રણ પ્રતિ આંટી કરવામાં આવેલ છે. હાથશાળ ઉપર ખાદી વણાટકામ કરતા કારીગરોને રૂપિયા ત્રણ પ્રતિ ચોરસ મીટર સહાય વધારીને છ રૂપિયા પ્રતિ ચોરસ મીટર કરવામાં આવેલ છે. પ્રગતિશીલ સરકાર દ્વારા નવતર પ્રયોગના ભાગરૂપે ખાદીના પ્રોત્સાહન માટે પોલીવસ્ત્ર યુનિફોર્મ માટે સરકારી પ્રાથમિક શાળાના ૫૩૫૪૧ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને બે જોડી ગણવેશ વિનામૂલ્યે આપવામાં આવેલ છે. ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા હસ્તકલા, હાથશાળ અને કુટિર ઉદ્યોગના કારીગરોએ ઉત્પાદિત કરેલ માલના વેચાણ માટે પ્લેટફોર્મ પૂરું પાડી રોજગારી પ્રદાન કરવાના હેતુથી કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સહયોગથી અમદાવાદ અને ભૂજ ખાતે હાટ કાર્યરત છે. કારીગરો દ્વારા ઉત્પાદિત માલના વેચાણ માટે યોજવામાં આવતા કુટિર મેળા, મોટા શહેરોમાં શોપિંગ કોમ્પલેક્ષ/મોલ્સમાં ભાડેથી જગ્યાઓ મેળવવા માટે, ગુજરાતના ઉત્કૃષ્ટ કારીગરોને પ્રોત્સાહન આપવા વિશેષ પુરસ્કારો માટેની કામગીરી કરવામાં આવે છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરોને બજારની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ૮૨ મેળા યોજેલ જેમાં ૯૮૯૭ કારીગરોએ ભાગ લઇ રૂ. ૧૭ કરોડ ૪૮ લાખ નું વેચાણ કરેલ છે. હાથશાળ હસ્તકલા અને કુટિર ઉદ્યોગના કારીગરોની નોંધણી કરી ૯૬૮૨ કારીગર ઓળખકાર્ડ આપવામાં આવેલ છે. માનનીય

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

અધ્યક્ષશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને ટેકનોલોજી સંસ્થાન દ્વારા ગ્રામીણ ટેકનોલોજી, માટીની મૂર્તિના કારીગરોને તાલીમ, ટૂલકીટ તથા મૂર્તિના વેચાણ ઉપર પ્રોત્સાહન આપવા માટે, માટીકામના સાધનોની ખરીદી ઉપર ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન સ્વચ્છ ભારતને ધ્યાને લઇ પર્યાવરણને અનુરૂપ ૫૭ સુધારેલ કાર્યક્ષમ ભઠ્ઠીની સ્થાપના કરવામાં આવેલ છે, માટીકામના કારીગરોને ૨૧૫ પગમીલ/ઇલેક્ટ્રિક ચાકનું વિતરણ કરવામાં આવેલ છે. ૬ મૂર્તિ મેળાનું આયોજન કરી ૪૬૪ કારીગરોને વેચાણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવેલ જેમાં રુ.૨.૪૦ કરોડની કિંમતની મૂર્તિઓનું વેચાણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ દ્વારા આંતર રાષ્ટ્રીય બાયર સેલર મીટના આયોજન, ગરવી-ગુર્જરી બ્રાન્ડ આંતર રાષ્ટ્રીય ફલક ઉપર ખ્યાતિ અપાવવા માટે, કારીગરોને તાલીમ માટે તથા લૂપ્ત થતી ક્રાફ્ટની જાળવણી અને પુનઃસ્થાપન માટે કરવામાં આવેલ છે. શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે સેવા તથા વેપાર ક્ષેત્રમાં ધિરાણની મહતમ મર્યાદામાં વધારો કરી રુ.૮ લાખ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત મુખ્યત્વે કરિયાણા વેપાર, સાઉન્ડ સિસ્ટમ, મંડપ ડેકોરેશન, રીક્ષા, મહિલા દ્વારા સંચાલિત બ્યુટી પાર્લર, પશુપાલન, ફાસ્ટ ફૂડ પાર્લર જેવા વિવિધ સ્વરોજગાર માટે બેન્ક લોન સામે રાજ્ય સરકાર મારફત આપવામાં આવતી સહાય આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ધનજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. આપની ચાર-પાંચ સેકન્ડ લીધી છે, બીજી વખત તમને વાચીને બોલવા દેવામાં નહીં આવે એટલે તૈયારી કરીને આવજો.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ (ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ચૂંટાઇને આવીને પહેલી વખત મારું વક્તવ્ય આપુ છું.

અધ્યક્ષશ્રી : અભિનંદન.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ધંધૂકા છે જે ભૌગોલિક દ્રષ્ટિએ ભરુચ જિલ્લાની બરાબર છે, હાલ એનું ચાર તાલુકામાં વિભાજન થયેલું છે. અમારા વિસ્તારમાં સરકારશ્રી દ્વારા આજ દિન સુધી ઔદ્યોગિક દ્રષ્ટિએ વિકાસ કરવો હોય તો માળખાકીય સુવિધા હોવી જરૂરી છે. માળખાકીય સુવિધામાં પાણી, વીજળી અને અભ્યાસ એ બહુ જરૂરી છે. અભ્યાસની વાત કરવામાં આવે તો એક પણ ટેકનીકલ કોલેજ નથી કે બી.એ., બી.એસ.સી. કે બીજી કોઇ સાયન્સ કોલેજ નથી. ધોલેરાને જ્યારે સાંઘાઇ બનાવવાની વાત થઇ રહી છે ત્યારે અહીં અભ્યાસ જ નહીં હોય અને સાંઘાઇ શહેર જેવું શહેર બનશે તો નોકરી માટે બહારથી માણસો આવશે અને સ્થાનિક રોજગારી નહીં મળે. બીજું સાંઘાઇ જેવું શહેર બનાવતા હોઇએ અને કાર્ગો એરપોર્ટની વાત થતી હોય ત્યારે કાર્ગો એરપોર્ટ નવાગામ કરણા ગામે સૂચિત થયેલ છે ત્યાં હાલ ભૌગોલિક દ્રષ્ટિએ કોઇ પણ શક્યતા નથી છતાં પણ સરકારે જાહેર કરેલ છે. ચોમાસા દરમ્યાન ત્યાં ૫-૫ ફૂટ પાણી ભરેલું હોય છે તો સાંઘાઇ ક્યાંથી બનશે? કાર્ગો એરપોર્ટ ક્યાંથી બનશે? એ પણ વિચાર કરવા જેવો પ્રશ્ન છે. બીજું કે, ધંધૂકા તાલુકો એ બિન પિયત વિસ્તાર છે, ચણા અને ઘઉંનું બિન પિયત ઉત્પાદન કરે છે સરકારે ટેકાના ભાવ ૪૪૦૦ નક્કી કર્યા છે છતાં ૭૦૦ રૂપિયાના ભાવથી અત્યારે ખેડૂતોના ચણા ખરીદાય છે. આમ, ખેડૂતો મૃતપાય થવાની તૈયારીમાં છે. ૫૦ ટકા ગામ એવા છે કે, જેમાં વિકાસની વાતો થઇ રહી છે, ઉદ્યોગની વાતો થઇ રહી છે તો ૫૦ ટકા ગામોની અંદર પાણીની કે ઘરે નળની પણ વ્યવસ્થા નથી. આવા પછાત વિસ્તારમાં આ સરકારે આટલા વર્ષોથી કોઇ જાતની માળખાકીય સુવિધા પૂરી પાડેલ નથી અને સરકારે મોટા ઉદ્યોગો માટે ઘણાં બધા એકટની જોગવાઇ કરી છે એમાં સંપાદન કાયદા મુજબ ધોલેરા તાલુકાના એસ.આઇ.આર. માં સમાવિષ્ટ તમામ ગામોમાં સરકારે ૫૦ ટકા જમીન એક્વાયર કરવાની અને ૫૦ ટકા જમીન ખેડૂતોને અને જે એક્વાયર કરવાની જમીન છે એમાં સરકાર હજુ સુધી કેટલું વળતર આપશે, ક્યા નોર્મ્સ મુજબ આપશે? એવી કોઇ જોગવાઇ કરી નથી, અને જે ખેડૂત અત્યારે ત્યાં ખેતી કરે છે એ ખેતીની જગ્યાએ નવા બ્લોક પાડી અને નવી જગ્યાએ એ લોકોને એમની જમીન ફાળવવાની એટલે એમની મુળભૂત જમીન જે ખેતીલાયક રહેવી જોઇએ એ ખેતીલાયક રહેતી નથી, બિનઉપજાઉ જમીન છે ત્યાં એમને ફાળવવાની જોગવાઇ કરી છે તેમજ જ્યારે કોઇપણ ખેડૂત પોતાની માલિકીની ૫૦ ટકા જમીન વેચવા માગતો હશે ત્યારે આ જમીન કોઇપણ ઉદ્યોગવાળા એમ કહેશે કે મારે ૫૦૦ એકર જમીન જોઇએ છીએ ત્યારે ખેડૂતોને એની ઇચ્છા મુજબ નહીં પણ સરકાર કહેશે એ પ્રમાણે વેંચવાની રહેશે એટલે આ રીતે શાંઘાઇ શહેર બનશે તો ખેડૂતો પાયમાલ થઇ જશે, ખેડૂતોને ખેતી કરવા માટે કોઇ સાધન રહેશે નહીં અને માત્રને માત્ર આ ઉદ્યોગોમાં મજૂરી કરવા સિવાય કોઇ વિકલ્પ નહીં રહે. તો મજૂરી માટે પણ જો ભણેલા નહીં હોય, ત્યાં સારી સ્કૂલો નહીં હોય, સારી કોલેજો નહીં હોય તો એને માત્ર લેબર કામ જ મળવાનું છે, કોઇ ઓફિસર કક્ષાની જોબ એને મળવાની નથી. હમણાં મારી જાણમાં આવેલ છે કે, જુનાગઢ જિલ્લાના ચોરવાડ ગામે ગદરે મરીન કંપની છે એ કંપની પોતાનું ગંદુ પાણી જમીનમાં ઉતારે છે અને એ જ પાણી ખેડૂતો બોર વતી બહાર કાઢતા હતા તે જોતાં જણાયેલ છે કે આ પાણી પશુઓને અને મનુષ્યને બહુ હાનિકારક છે અને તેની વિરુદ્ધ પોલ્યુશન બોર્ડમાં ફરિયાદ થતાં આ પાણી હાલ દરિયામાં વહેવડાવવામાં આવે છે, જેથી દરિયાઇ જીવો માટે પણ બહુ મોટો ખતરો પેદા થયો છે, જેથી માછીમારોને પણ બહુ મોટી તકલીફ પડે છે અને દરિયાઇ જીવો મરી રહ્યા છે અને કુદરતી જીવો પણ ખતરામાં છે અને દૂર દૂર સુધી માછીમારી કરવા માટે જીવનનિર્વાહ ચલાવવા માટે જવું પડે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા (બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિચારો ખાણ ખનિજ અને ઉર્જા વિભાગમાં રજૂ કરવા માગું છું. સરકાર વાત કરી રહી છે કે કોંગ્રેસે શું કર્યું પરંતુ બાવીસ વરસના શાસનકાળ દરમિયાન માત્ર ભ્રષ્ટાચાર કર્યો એવું

મને લાગી રહ્યું છે આ બધા વિચારો ઉપરથી. (અંતરાય) સાંભળજો આનંદ આવશે તમને પણ. ગુજરાતમાં યુ.જી.વી.સી.એલ. દ્વારા જેમને કોન્ટ્રાકટ આપવામાં આવે છે જે કોન્ટ્રાકટ યુ.જી.વી.સી.એલ. તરફથી આપવામાં આવે છે ગામડાંમાં કનેકશન જોડવા માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાછું સામસામે નહીં, નહીં, નો પોઇન્ટ ઓફ ઓર્ડર, નો પોઇન્ટ ઓફ ઓર્ડર, ચાલવા દો, શાંતિથી ચાલે છે, હમણાં ચાર મિનિટમાં પૂરું થઇ જશે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા (બાયડ) : કોન્ટ્રાકટરે જે કનેકશન જોડવાનું હોય છે એમાં અર્થિંગ આપવાનું હોય છે, પરંતુ આખા ગુજરાતની અંદર જેટલા કોન્ટ્રાકટરો છે એમના દ્વારા એકપણ જગ્યાએ આ ઘરોની અંદર જે કનેકશન આપવામાં આવે છે એમાં અર્થિંગ આપવામાં આવતું નથી. એના કારણે ચોમાસાની સીઝનમાં ગામડાંની અંદર પશુ અને મનુષ્યોના મૃત્યુ થાય છે. આ બહુ જ ધ્યાનમાં લેવા જેવી બાબત છે અને મોટાપાયે આમાં ભ્રષ્ટાચાર થાય છે. બોકસાઇટની વાત કરું તો અમારે ત્યાં તેનપુરની બાજુમાં બોકસાઇટની લીઝ આવેલી છે, જેટલી લીઝો છે એમાં ૨૦૦૮ કે ૨૦૧૦ પછી રિન્યુઅલની માન્યતા મળી નથી, તેમ છતાંય મોટાપાયે એનું ખનન ચાલુ છે. એને રોકવામાં નથી આવ્યું, વારંવાર રજૂઆતો કરવા છતાં પણ એને કેમ નથી રોકવામાં આવ્યું કારણકે આની અંદર કોઇ રાજકીય હાથ હોય એવું અમને લાગી રહ્યું છે. હું વાત કરું ઇડરિયા ગઢની. એવું કહી રહ્યા છે કે અમે ગુજરાતને બહુ જ આપણો સમજીએ છીએ ઇડરિયો ગઢ. એ વરસો જુનો પુરાણો આપણો ગઢ છે, જેની અંદર લાકડાના રમકડાંઓ છે અને આ ઇડરિયો ગઢ એ પ્રવાસન સ્થળ છે અને એનું ખનન કરવાનું કામ •(×××) થઇ રહ્યું છે અને એનો કોન્ટ્રાક્ટ...

પોઇન્ટ ઓફ ઓર્ડર

ઇડરિયા ગઢ ઉપર થતાં ખનન બાબતે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ઇડરિયા ગઢનું ખનન *(×××) દ્વારા કરવામાં આવ્યું છે (અંતરાય) હું મારી વાત પૂરી કરી લઉં. માનનીય અધ્યક્ષશ્રી, આ ઇડરિયા ગઢમાં અત્યારે ખનનની જે પ્રક્રિયા થાય છે એ નિશ્ચિત કરેલા સરવે નંબરની અંદર થાય છે, *(×××) દ્વારા આ ખનનની પ્રક્રિયા થાય છે એવું કહે છે આ કોઇપણ હિસાબે ચાલી ના શકે. (અંતરાય) આ ઇડરિયો ગઢ એ અમારા ગુજરાતની ઓળખ છે પરંતુ એના સંદર્ભમાં *(×××) આ અયોગ્ય વાત છે.

અધ્યક્ષશ્રી : રૂલીંગ મોકૂફ રાખું છું. ચાલો આગળ. આપનું વકતવ્ય આગળ ચલાવો.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ઇડરીયા ગઢની વાતમાં જે હોય તે, સરકાર છે અને તે વખતે જે તકલીફો આવી રહી છે આજે ઇડરીયા ગઢમાં આંદોલનો થઇ રહ્યાં છે આ મિડિયા દ્વારા જયારે પ્રસ્તુત કરવામાં આવ્યુ ત્યારે આપણને ખબર પડી છે. અરવલ્લી જિલ્લાની અંદર ખાણ ખનિજની વાતો કરી તો અંદાજીત ૨૦૦ જેટલી કવોરીઓ આવેલી છે, કવોરી ઉદ્યોગનો મોટો વેપાર ચાલુ છે અને તેની અંદર એન.એ. થયેલી જમીનો કરતા પણ વધારે ખોદકામ ચાલી રહ્યું છે. બહુ વધારે વાત નથી કરતો પરંતુ આપને એક ધ્યાન ખેંચવા જેવી વાત કહું કે કે.જી.બેઝીનની અંદર ૧૪ હજાર કરોડ રૂપિયા વાપરવામાં આવ્યા અને આજે એક કિલો પણ ગેસ કે એક કિલો પણ પેટ્રોલિયમ પેદાશ જોવા નથી મળી એટલે આને શું કહેવાય સાહેબ એ પણ મોટી વસ્તુ છે. અમે આક્ષેપ જ કરી રહ્યાં છીએ અને એ પણ મોટી વસ્તુ છે કે આમાં ભ્રષ્ટાચાર થયો છે કે નહીં ? બીજી ખાણ ખનિજની વાત કરું તો ભૂતકાળની અંદર પણ ખાણ ખનિજમાં ભ્રષ્ટાચાર થયો છે એવા આક્ષેપ છે *(×××) અને તે વખતે ઘણી રજૂઆતો થયેલી છે, આક્ષેપો પણ સરકારમાં ઘણી જગ્યાએ થયા છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

બાબુભાઇ ઉપર કોઇ કેસ ના હોવા અંગે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જે નામ દઇને કહેવામાં આવે છે પણ*(×××) ઉપર અત્યારે કોઇ કેસ છે નહીં.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ પ્લીઝ બેસો. મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ધ્યાનમાં લીધો હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આમ જુનિયર સભ્યો આવી રીતે એકદમ બસ સીધા આક્ષેપો જ કરે આવુ ના ચાલે. આ બરાબર નથી

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ સાહેબ રેકર્ડ ચેક કરી લેજો *(×××) ઉપર આક્ષેપ નથી કર્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કયારના અમો સાંભળીએ છીએ.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ વાજબી થતું નથી અમો વારંવાર ઉભાં થઇએ તે પણ વાજબી નથી.

શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા પેટ્રોકેમિકલ ઉદ્યોગ અને ખાણ ખનિજની માગણીઓ ઉપરની ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરી રહ્યો છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મારા નવા ચૂંટાયેલા સાથી ધારાસભ્યશ્રીઓએ બુદ્ધિપૂર્વક સરકારના કાન આમળવાના અને સારા કામ કરવા માટેના સૂચનો રજૂ કર્યા છે તે ખૂબ આવકારદાયક છે, તે બધાયે સમગ્ર ગુજરાતની વાત કરી પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાણ ખનિજ બાબતે અને ઉદ્યોગો દ્વારા થતાં પ્રદુષણ બાબતે મારા વિસ્તારની વાત રજૂ કરવી છે.

અધ્યક્ષશ્રી : ચાર મિનિટ છે ઝડપથી કહો.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હા, ઝડપથી. મારા વિસ્તારની અંદરથી ભાદર નદી જાય છે અને ભાદર નદીની અંદરથી ૪૨ જેટલી ક્વોરી લીઝો, રેતી માટેની લીઝો આપવામાં આવી છે. જે જગ્યાએ રેતીની લીઝો આપવામાં આવી છે તે જગ્યાએથી રેતી કાઢવાને બદલે જેમને લીઝો આપવામાં આવી છે તે બીજી જગ્યાએથી રેતી કાઢે છે અને રેતીની ચોરી પુષ્કળ પ્રમાણમાં કરે છે. છેલ્લા બે મહિનામાં રાજકોટ જિલ્લા કલેકટર, ડેપ્યુટી કલેકટર, ખાણ ખનિજ અધિકારીશ્રીઓને વિડીયો ઉતારી અને લેખિતમાં આપી અને આ ખનિજ ચોરી, રેતી ચોરી અટકાવવા માટેની રજૂઆતો કરી છે તેના પુરાવા આજની તારીખે અત્યારે મારી પાસે ગૃહની અંદર છે આપ મંજૂરી આપો તો હું રજૂ કરું.

માનનીય અધ્યક્ષશ્રી, જેવી હું કલેકટરશ્રીને કે ખાણ ખનિજ અધિકારીશ્રીને રજૂઆત કરું તેની બીજી જ મિનિટે મને જે ક્વોરી લીઝવાળા, રેતી ચોરી કે ખનન માફિયાઓ છે તેના દ્વારા મને ફોન આવે છે જેનુ રેકોર્ડીંગ પણ મારી પાસે અત્યારે ગૃહમાં ઉપસ્થિત છે. તેઓ કહે છે કે અમારી વિરુદ્ધમાં શા માટે રજૂઆતો કરો છો ? રેતી ચોરી પુષ્કળ પ્રમાણમાં થાય છે તેને અટકાવવા માટે અનેક વખત લેખિતમાં, મૌખિકમાં પુરાવાઓ સાથે રજૂઆતો કરવા છતાંય સરકારશ્રી દ્વારા કે સરકારશ્રીના અધિકારીઓ દ્વારા કોઇ પણ પ્રકારના પગલાં લેવામાં આવતા નથી.

બીજી વાત સરકાર દ્વારા રોડ–રસ્તાના સારા કામો થાય છે. એમાં કોઇ શંકાને સ્થાન નથી પરંતુ રાજ્યના જે ધોરીમાર્ગો છે એની ઉપર એક વાહન ૯.૫ ટન વજન વહન કરી શકે એ કેપેસટીનો રોડ આપણે બનાવીએ છીએ. મારા વિસ્તારની અંદર રોડ નવા બન્યા પરંતુ આ રેતી માફિયાઓના કારણે ૪૦–૪૦ ટન વજનની રોજની ૮૦૦ ટ્રક આ રોડ ઉપરથી નીકળે છે અને એના કારણે બે–ત્રણ મહિનામાં આ રોડ તૂટી જાય છે. જ્યાં રેતીની ચોરી કરવામાં આવે છે ત્યાં રેતીના ચારણા અને રેતીની ધોલાઇની બીજી મશીનરીઓ પણ ફીટ કરવામાં આવી છે. જેને કારણે કાયમી ધોરણે એ રસ્તાઓ ઉપર ચોમાસા જેવું વાતાવરણ હોય છે. જેને કારણે એ રસ્તા ઉપરથી જતા લોકોને ધૂળ ન ઉડે એવી સારી કામગીરી ઉપર પણ આ સરકાર ધ્યાન આપે છે. પોલીસ ખાતાને પણ અનેક વખત રજૂઆત કરી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ, ખાણ, ઉર્જા વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારા દંડકશ્રીએ મને મારા વિસ્તારની કેટલીક સમસ્યાઓ સરકારના ધ્યાન ઉપર લાવવા માટે સૂચન કર્યું છે. મારે ત્યાં આદિવાસી વિસ્તાર છે. આદિવાસીઓ મોટાભાગે શહેરમાં મજૂરી અર્થે જાય છે. છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી સેન્ટરને હબ બનાવીને બોડેલીથી ઉપરવાસમાં વાંટા અને ચલામલી માર્ગની આજુબાજુ સરકારી જમીન આવેલી છે. બીજી જગ્યા લઢોદ સુગર ફેક્ટરી છે. જેને સરકારે વેંચી દીધી. એની બાજુમાં ગણેશવાદ ગામ છે ત્યાં પણ સરકારી જમીન આવેલી છે. આ બંને જગ્યાઓનો સરવે કરાવીને જી.આઇ.ડી.સી.ની સ્થાપના થાય તો સારું. આપણે એમ કહીએ છીએ કે, બેરોજગારોને રોજગારી આપવી છે. આદિવાસીઓને નજીકના સ્થળે મજૂરી આપવી છે. તો સરકાર સરવે કરાવીને અમારા આદિવાસી વિસ્તારમાં જી.આઇ.ડી.સી.ની સ્થાપના થાય એવું અમારી આદિવાસી પ્રજા ઇચ્છે છે. ત્યારે આ બે જગ્યાઓ એવી છે કે, ત્યાં જી.આઇ.ડી.સી.ની સ્થાપના થઇ શકે. અમારે ત્યાં ઓરસંગ નદી વહે છે અને ઓરસંગ નદીની રેતી આખા ગુજરાતમાં, મહારાષ્ટ્રમાં અને પંચમહાલમાં પ્રખ્યાત છે. આ રેતીની લીઝ ધારકો જે રેતી ખનન કરીને કાઢે છે એનું વજન કરીને મોકલે છે. આ સરકારે બે જગ્યાએ કાંટા નાખેલ છે. એ સરકારે નાખ્યા છે કે કોઇ યુનિયને નાખ્યા છે એ મને ખબર નથી. મને ફરિયાદ મળી છે કે અન્ડરલોડ ગાડી હોવા છતાં પણ એનું વજન કરવામાં આવે છે અને વજન કર્યા પછી આ રકમ ક્યા હેડે જમા થાય છે. આ યુનિયન પોતે એના વિકાસ માટે રાખે છે કે સરકારમાં જમા થાય છે એ મારે જાણવું છે. ત્યાં કેટલીક હેરાનગતિ પણ થાય છે. એટલા માટે આ વાત હું સરકારના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આ જે બે જગ્યાએ કાંટા મૂકવામાં આવ્યા છે એને સરકારે મંજૂરી આપેલ છે કે પછી સરકારના અધિકારીઓ દ્વારા રેતીની ચોરી થાય છે એને અટકાવવા માટેના પ્રયત્નો થઇ રહ્યા છે? જો એમ હોય તો એ સારી વાત છે. પણ આ ગાડીઓના વજન કરવાના બહાના હેઠળ ટ્રકવાળા જે રેતી લઇને જાય છે એ લીલી રેતી હોય અને ૫૦૦ કિલો, ૬૦૦ કિલો કે એક ટનથી વધારે હોય અને એને જ્યારે સરકાર પકડે ત્યારે એક લાખ રૂપિયા જેટલો દંડ થાય છે. કેટલાક ટ્રક માલિકો હવે ટ્રક સરકાર પાસેથી છોડાવવા પણ જતા નથી. એનું કારણ છે કે, એમની પોતાની કેપેસીટી નથી કે લાખ રૂપિયા દંડ ભરી શકે તો આ દંડ કરવાનો નિયમ છે એમાં થોડી સરળતા થાય. પ્રથમ વખત ચોરી કરી હોય તો ઓછો, બીજી વખત ચોરી કરે તો એનાથી વધારે, ત્રીજી વખત ચોરી કરી હોય તો એનાથી વધારે દંડ થાય. જેનું સાધન માત્ર ટ્રક છે અને એની ઉપર જેનું આખું કુટુંબ નભતું હોય અને એના કારણે જો એ કુટુંબ મરવાની પરિસ્થિતિમાં આવ્યું હોય તો એને માટે કોઇ રીલેક્સેસન આપો એવી મારી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્યકક્ષાના માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહ સમક્ષ મારા માહિતી વિભાગની રૂપિયા ૧૨૬.૬૪ કરોડની માગણીઓ લઇને હું સભાગૃહ સમક્ષ સવારનો આવ્યો હતો. માનનીય હિતુભાઇ કનોડિયાએ ગુજરાતના માહિતી વિભાગના સંદર્ભમાં ઉત્તમ પ્રકારના પોતાના અભિપ્રાયો આપ્યા હતા. ગુજરાતના ખમીર અને જમીરને કોઇ ઉજાગર કરતું હોય તો એ ગુજરાતનો માહિતી વિભાગ છે અને આ

માહિતી વિભાગે ગુજરાતની દેશ અને દુનિયાની અંદર જે ઓળખ ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક લોકો ગુજરાતને દેશ અને દુનિયામાં વિકૃત રીતે બદનામ કરવા માટેના અનેક ષડયંત્રો કર્યા અને કારસાઓ કર્યા એની સામે ગુજરાતે તૃષ્ટીકરણની રાજનીતિની સામે વિકાસની રાજનીતિનો સંદેશ આપી.. ( અંતરાય).

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ કોઇનું નામ નથી આપ્યું અને માનનીય સભ્યશ્રી આપ તો જાણો છો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરનું કોઇએ રાજય જાહેર કર્યું હોય તો ગુજરાતના માહિતી વિભાગની એમાં મોટી મહેનત છે. એક જમાનો હતો કે, રાજા પોતે જયારે સારા નિર્ણયો લેતા તો એ રાજા દ્વારા લીધેલા નિર્ણયોને પ્રજા સુધી પહોંચાડવા માટે ઢોલની દાંડી વગાડીને લોકોને એકત્રીત કરીને રાજાએ લીધેલા નિર્ણયોની સમાજની અંદર જાણકારી કરવામાં આવતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે કળીયુગ છે અને કળીયુગમાં માત્ર સારા રહેવું એ પૂરતું નથી, પરંતુ સારાં કાર્યો કરીને એને બતાવવાં એ પણ અત્યંત જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી વિભાગ એ સત્ય, સ્પષ્ટ, સરળ, સહજ અને સાતત્યપૂર્ણ રીતે ગુજરાત સરકારની કરેલી કામગીરીને લોકો સુધી પહોંચાડવા માટેનો પ્રયાસ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંય મંદિરમાં જઇને ખાલી ફોટા પડાવવાથી પોતાના પ્રચાર કરવા માટેનો અભિગમ જો કરતા હોય તો એવી દંભી વાતોને હું એક પછી એક આ સભાગૃહને ઉજાગર કરવા માટે તૈયાર છું. મારે નહોતું કહેવું પણ આ કોંગ્રેસના શાસનમાં માહિતી વિભાગ અને મિડિયાના લોકોની સાથે કેવા પ્રકારનો વ્યવહાર કરવામાં આવતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, જસ્ટીસ જે.સી. શાહ ઇન્કવાયરી કમિશન, ૧૯૭૭ એની અંદર લખેલું છે કે, કોંગ્રેસ સરકાર દ્વારા માહિતી ખાતાનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના ચૂંટણી ઢંઢેરાનું ભાષાંતર ઓલ ઇન્ડીયા રેડિયો તથા ભારત સરકારના સંચાર વિભાગ દ્વારા કરવામાં આવતું હતું. આ શરમની વાત છે. એક ઇલેક્શન પોસ્ટરની ડિઝાઇન પણ ડી.એ.વી.પી. દ્વારા કરવામાં આવતી હતી. મહાન ગાયક સ્વ. કિશોર કુમારની હેરાનગતિ એ માહિતી પ્રસારણ વિભાગ મારફત કરવામાં આવતી હતી. ૨૬મી જૂન, ૧૯૭૫ જયારે કટોકટી જાહેર થઇ એ કટોકટી જાહેર થવાના બીજા દિવસે આખા દેશના એક પણ અખબારની આવૃત્તિ પ્રદર્શિત કરવા માટે, પ્રગટ કરવા દેવામાં નહોતી આવી. પ્રેસ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા એનો વટહુકમ દ્વારા વિખેરી નાખવામાં આવી હતી. આ પ્રમાણે અખબારોને જાહેરાત આપવાનો એક માત્ર ક્રાઇટીરિયા, ગુજરાત સરકાર, ગુજરાતનું માહિતી વિભાગ ગુજરાતની જાહેરાતો એ તમામ અખબારોને સપ્રમાણ આપે છે પરંતુ જયારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે અખબારોને જાહેરાત આપવાનો એક માત્ર ક્રાઇટેરિયા એ માત્રને માત્ર રાજકીય વફાદારીનો હતો. ફિલ્મ ડિવિજન દ્વારા જે ફિલ્મો થતી હતી એમાં એ પરિવારના જે પુત્રો હતા એના નેતાઓની પ્રસંશા કરતી ફિલ્મો થતી હતી. તમારી સરકાર વખતે તમારું માહિતી ખાતુ જે પ્રમાણે કામ કરતું હતું એનો ચિતાર મેં આપ સૌ સમક્ષ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સોશીયલ મિડિયાનો જમાનો છે અને સોશીયલ મિડિયામાં આપણે રોજ જોતા હોઇએ છીએ કે, સોશીયલ મિડિયાની અંદર જે ટ્રેન્ડ હોય એ બીજા દિવસની હેડલાઇન હોય છે. સોશીયલ મિડિયાની અંદર જેને હાઇએસ્ટ ફોલોઅપ મળે છે એને ઇલેક્ટ્રોનિક્સ મિડિયાની અંદર પ્રાધાન્ય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે તો એવું થઇ ગયું છે કે, દરેકના હાથમાં ટચસ્ક્રીન વાળો મોબાઇલ હોય છે, નેટવર્કની કનેકટીવીટી છે અને તેના કારણે આજે કોઇ પણ ઘટનાને દુનિયા સુધી વિશ્વ સુધી પહોંચાડવી હોય તો એમાં પોતે પત્રકાર બનીને એની અંદર ન્યૂઝ મૂકીને એ પોતે ન્યૂઝને સરકયુલેટ કરે છે. એવા સંજોગોમાં આપણો માહિતી વિભાગ એ માત્ર પ્રિન્ટ મિડિયા એ ઇલેકટ્રોનીક મિડિયા સુધી સિમિત નહીં રહીને આપણે વેબસાઇટના માધ્યમથી, અને આપણી વેબસાઇટને ૮૪.૯૪ લાખ કરતાં વધારે લોકોએ હીંટ આપી છે. આપણે સોશ્યલ મિડિયા દ્વારા રાજય સરકારના જે કામો મૂકીએ છીએ. તેને સાડાચાર લાખ લોકો કરતાં વધારે ફોલો કરે છે. આમ આપણું ટવીટર, યુટયુબ રાજય સરકાર દ્વારા કરેલાં કામોનું પ્રેસના માધ્યમથી આખા મિડિયા જગત સાથે કનેકટ કરવા માટેના આપણે પ્રયાસ કરીએ છીએ. આપણું ગુજરાત કવાર્ટરલી, અને વાંચો હવે ગુજરાત, આ બે પાક્ષિકોના માધ્યમથી એક વાત એ છે કે અગાઉ જે ચીલાચાલુ જાહેરાતો હતી. આજે હવે શું ખબર છે ગુજરાતની ગુજરાત આખા રાજયની સારામાં સારી જે ઘટના હોય તેની આપણે ઇલેક્ટ્રોનીક મિડિયાના માધ્યમથી બેસ્ટમાં બેસ્ટ પ્રેજન્ટેશન કરીએ છીએ. આપણે સૌ સાડા છ થી સાંજના લોકશાહીના ધબકારાના માધ્યમથી સમગ્ર વિધાનસભાની પ્રક્રીયા ગુજરાતના લોકો સુધી પહોંચે તેના માટે ઉત્તમ પ્રક્રારનો ઉપયોગ કરીએ છીએ.

હમણાં જ એક સભ્યશ્રીએ કહ્યું કે અમારા લોકોને ઓછા બતાવવામાં આવે છે. એના માટે તો માનનીય અધ્યક્ષશ્રી, જેની સરકાર હોય, એના માટે સરકાર લાવવી પડે પહેલાં તમારે, ગુજરાતની પ્રજાએ અમને મેન્ડેટ આપ્યો છે, ગુજરાતની પ્રજાએ છઠ્ઠી વખત મેન્ડેટ અમને આપ્યો છે. એટલા માટે અમારો અધિકાર છે, અમારા મંત્રીશ્રીઓનો પણ અધિકાર છે, તેમને બતાવવા જોઇએ. એમને માપમાં બતાવવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પંચમાં પણ આપણે જોયું કે ચૂંટણી પંચે, ચૂંટણી વખતે આપણા માહિતી ખાતાએ લોકોની અંદર જનજાગૃતિ થાય, મતદાનની ટકાવારી ઉંચી આવે અને મતદારો જાગૃત થાય તેને માટે મતદાર જાગૃતિ સપ્તાહથી માંડીને અનેક વિધ પગલાં લીધાં છે, તેના પરિણામો પણ આવ્યાં, તેનાથી મતદારોની જાગૃતિ પણ થઇ છે. આ મતદારોની જાગૃતિ અંદર પણ માહિતી વિભાગનો સારો એવો પાર્ટ રહેલો છે. અને તેના પછી ચૂંટણીના પરિણામો આવ્યા અને આ લોકોને ઇ.વી.એમ. માં અને વી.વી.પેટ માં વાંધો પડયો, ખોટી રીતે ભાજપ સત્તા સ્થાને લાવી છે. ઇ.વી.એમ.ને લોકો ઇચ વોટ ફોર

મોદી ઇ.વી.એમ. તરીકે ઓળખે છે. લોકો ભારતીય જનતા પાર્ટીને ૨૨ વર્ષથી સત્તા પર લાવે છે. ૨૨ વર્ષના શાસક પક્ષના સાતત્ય પૂર્ણ શાસનના કારણે ગુજરાતની પ્રજાના થયેલા વિકાસને કારણે આજે અડીખમ ગુજરાત, અને એ અડીખમ ગુજરાતની અંદર તેના મૂળમાં કોઇ હોય તો તે ગુજરાતનો માહિતી વિભાગ છે. આપણે જાણીએ છીએ કે, સેવાસેતુ એ ગરીબો માટેનું માધ્યમ છે અને આ સેવાસેતુ કાર્યક્રમ મારફતે આખે આખી સરકાર ગામડાંમાં જઇને ગામડાંના પ્રશ્નોનો, લોકોના પ્રશ્નોનો, તેમના દ્વારે જઇ ઉકેલ કરીએ છીએ. એક કરોડ કરતાં વધારે લોકોને આ સેવાસેતુના કાર્યક્રમથી પ્રશ્નો માટે કનેકટ કરવામાં આવ્યા છે અને તેમના પ્રશ્નોનું નિરાકણ કરવામાં આવ્યું છે. ૧.૩૫ કરોડ લોકોને ગરીબ કલ્યાણ મેળા મારફતે લોકોને મદદરૂપ થવા માટે માહિતિ વિભાગની જાહેરાતોનો ઉપયોગ થયો છે.

આપણે સૌ જાણીએ છીએ કે શ્રમીક અન્નપૂર્ણા યોજના આ યોજના મારફતે ૧૦ રૂપિયામાં ભોજન. રાજયમાં ૨૫ હજાર લોકો બપોરે પોતાનું ભોજન મળે તેના માટેની વ્યાપક પ્રસિદ્ધિ માહિતી વિભાગે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી બ્રાન્ડેડ પ્રોડકટની દવાઓ, આ દવાઓના ત્રણ–ત્રણ ઘણા ભાવોની જગ્યાએ જેનરીક દવાઓ અને આ દવાઓના માધ્યમથી જરૂરીયાતમંદના પૈસા બચાવવાનું કામ પણ માહિતિ ખાતા મારફત જાહેરાત દ્વારા કરવામાં આવ્યું છે.

આપણે સૌ જાણીએ છીએ કે ખેડૂતોના પોષણક્ષમ ભાવ એ આ સમગ્ર સભાગૃહની ચિંતાનો વિષય છે અને કપાસના ભાવ હોય, મગફળીની ખદીરી હોય, તુવરદાળની ખરીદી હોય પરંતુ આ બધામાંથી અત્યારના ખેડૂતને બાગાયતની અંદર વાળીને બાગાયતના માધ્યમથી તે વધારે પાક પેદા કરે, બાગાયતના માધ્યમથી એ વધારે સારી રેવન્યુ જનરેટ કરે એના માટે પ્રશિક્ષિત કરવા માટે રાજય સરકાર દ્વારા કામ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સમગ્રતયા ગુજરાત પાક્ષિક એ એવું પાક્ષિક છે જેની અંદર એના લેખો એના આર્ટીકલ્સ અને ગુજરાત સરકારની થયેલી તમામ પ્રકારની કાર્યવાહી તે સમગ્ર ગુજરાતભરની શાળા, કોલેજો, સહકારી સંસ્થાઓ અને લોકો સુધી પહોંચાડીને ગુજરાત પાક્ષિકના માધ્યમથી આપણે ગુજરાત સરકારની ગુજરાતની યોજનાઓની વાત આપણે લોકો સુધી પહોંચાડી શકીએ છીએ.

બેરોજગારી, આપણે સૌ જાણીએ છીએ કે એ સમાજની ચિંતાનો વિષય છે આવા સંજોગોમાં ગુજરાત એક એવું રાજય છે. ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓ ઉદ્યોગો સ્થાપવા માટે ગુજરાત આવે છે. આવડી મોટી ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ કરી છે. એ ઉપરાંત ગુજરાતની અંદર જેમ નાણામંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે અમે મોટી સંખ્યામાં ૭૨ હજાર વત્તા અન્ય ચાલુ વર્ષમાં રોજગારી આપી છે. એ રોજગારીની જાહેરાત એ રોજગારીની જાણકારી એ ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રસિદ્ધ રોજગાર અધિકાર સાપ્તાહિક મેગેઝીન છે એના દ્વારા કરવામાં આવે છે. મેં કહ્યું તેમ આપણી રેડીયોની અંદર સ્પેસેફિક પ્રકારની જીંગલ અને એના માધ્યમથી લોકોને જનજાગૃતિ કરવા માટેનો આ પ્રયાસ છે. રાજયનો બેટી બચાવોનો વિષય હોય કે રોજગારીનો વિષય હોય આ સંપૂર્ણતઃ ગુજરાતનો માહિતી વિભાગ અને માહિતી વિભાગનો ઇલેક્ટોનિક મિડિયા, પ્રિન્ટ મિડિયા, સોશીયલ મિડિયા અને રેડીયોની જીંગલ આમ ચતુષ્કોણીય રીતે એનો પ્રયાસ કરીને સેવા એ જ સાધના અને શબ્દોની આરાધનાના માધ્યમથી કદાચ બજેટની અંદર નાનું હશે પરંતુ ગુજરાતની જે બ્રાન્ડ ઇમેજ સમગ્ર દેશ અને દુનિયામાં પેદા થઇ છે એની અંદર આપણા માહિતી વિભાગનો અત્યંત રોલ રહેલો છે. હમણાં ત્રિપુરામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની અને ત્રિપુરાની એવી સરકાર બની કે જયાં ભારતીય જનતા પાર્ટીનો બેઝ નહોતો આ ત્રિપુરાનું પ્રતિનિધિમંડળ ગુજરાતમાં આવ્યું ગુજરાતની પ્રગતિ જોઇ, રસ્તા જોયા, ગુજરાતની સિસ્ટમ જોઇ, એ ગુજરાતની સંપૂર્ણ વસ્તુઓ ન ઓળખી શકે, પરંતુ ગુજરાતને ઓળખવા માટે માહિતી ખાતાના જે પ્રદર્શનો હતા, લીટરેચર હતું એના આધાર ઉપરથી ત્રિપુરાના ડેલીગેશને નક્કી કર્યું કે નાઉ નેકસ્ટ ગો ફોર ચેઇન્જ એના આધાર ઉપર ત્રિપુરામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. આમ રાજયની અંદર માહિતી ખાતું અત્યંત અગત્યનું અંગ છે. વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું, આ તમારી અમારી નહીં આપણા ગુજરાતની ખમીર અને ઝમીરને ઉજાગર કરતો વિભાગ છે અને સમગ્ર વિશ્વની અંદર ગુજરાતીઓ તરીકે આપણને ગૌરવ છે અને આપણું ગુજરાતી પણાનું ઉજાગર કરવાનું કામ રાજયનું માહિતી વિભાગ કરે છે તેવા સંજોગોમાં માહિતી ખાતા દ્વારા થતો નાનો સરખો પણ પ્રયાસ હોય એ માત્ર ગુજરાતનો વિકાસ, ગુજરાતનું ડેવલપમેન્ટ નથી થવાનું એના માધ્યમથી વિશ્વ ભરમાં રહેતા ગુજરાતીઓ આના કારણે ગૌરવ અનુભવે છે એવા માહિતી વિભાગની માગણીઓ આપની સમક્ષ લઇને આવ્યો છું ત્યારે વિપક્ષના મિત્રો આને સમર્થન કરે તેવી આપની પાસેથી અપેક્ષા રાખું છું.

શ્રી સૌરભ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૧૨, ૧૩, ૪૯, ૫૦ અને ૭૫ લઇને આજે સભાગૃહમાં આવ્યો છું ત્યારે ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. હું થોડી વધારે વિગતો માગણી ઉપર આપવા માગું છું.

ગુજરાત એક રોલ મોડેલ છે, ઉદ્યોગોમાં જોવા જઇએ તો ખૂબ સારી પ્રગતિ કરી છે. ઉર્જા સેકટરમાં જોવા જઇએ તો ખૂબ સારી પ્રગતિ કરી છે. પોર્ટસમાં પણ આપણે જોવા જઇએ તો પ્રેક્ટીકલી આખા દેશમાં નં.૧ ગણાઇએ. પેટ્રોકેમિકલ્સમાં જોવા જોઇએ તો બીજા રાજયોની સરખામણીમાં ખૂબ સારી કામગીરી કરી છે. એટલે આવા થોડા વિષયો સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું. ઘણાં બધા સભ્યશ્રીઓએ કહ્યું કે કામગીરી થઇ નથી. જૂના દિવસો યાદ કર્યા. હું પણ થોડા જૂના દિવસો યાદ કરું અને સરખામણી કરું તો થોડું પીક્ચર વધારે કલીયર આવશે. (અંતરાય) હું મારી જ વાત કરવાનો છું. સાહેબ, મને રક્ષણ આપો. આ બધા બોલતા હતા ત્યારે હું એક પણ શબ્દ બોલ્યો નથી.

અધ્યક્ષશ્રી : તમે જે બોલવા જઇ રહ્યા છો એ એમને પચવું જોઇએ એવું લાગે છે. એટલે એવું બોલો કે જે પચે. એવું જ કહેવું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે કમ્પેરીઝનના આંકડા આપીશ.

અધ્યક્ષશ્રી : શાંતિથી સાંભળો. મંત્રીશ્રી જયારે જવાબ આપે તે વખતે આપણે એ ધીરજ તો રાખવી જ પડશે.

શ્રી સૌરભ પટેલ : આદરણીય નરેન્દ્રભાઇ જયારે સત્તા પર આવ્યા.

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, તમે સાંભળોને શાંતિથી. તમે કયારના શાંતિથી સાંભળો છો. થોડી-થોડી વારે શું થઇ જાય છે? (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : ૨૦૦૨માં ૮૭૫૬ મેગાવોટ વીજળીનું ઉત્પાદન હતું.

અધ્યક્ષશ્રી : તમારા વકતવ્યમાં જે કંઇ બોલવું હોય તે બોલો. તમને કોણ ના પાડે છે? શાંતિથી સાંભળીએ પ્લીઝ.

શ્રી સૌરભ પટેલ : ૨૦૦૨માં ગુજરાતમાં કુલ ઇન્સ્ટોલ કેપેસીટી ૮૭૫૬ હતી. આજે ૨૦૧૮માં ઇન્સ્ટોલ કેપેસીટી ૨૬, ૭૨૦ છે. ૩૦૫ ટકાનો વધારો છે. ટ્રાન્સમિશન સબસ્ટેશન ૨૦૦૨માં ૭૩૦ અને અત્યારે ૧૭૮૧.૨૪૩ ટકાનો વધારો. હવે આમાં આદિવાસી વિસ્તારોને સબસ્ટેશનો મળ્યા હોયને? ટ્રાન્સમિશન લાઇન ૨૦૦૨માં ૩૧, ૦૧૨ અને આજની તારીખમાં ૫૯, ૬૯૪ એટલે ૧૯૨ ટકાનો વધારો. ખાસ કરીને મારે ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સ્ફોર્મર્સની માહિતી આપવી છે. આ ખેડૂતોને ત્યાં ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સ્ફોર્મર્સ આપણે ઇન્ડિવીજ્યુઅલી મૂકતા થયા. કારણ કે એને ગુણવત્તાવાળી વીજળી મળે. ૨૦૦૨માં ૨, ૧૨, ૯૭૩ હતા આજે ૧૨, ૫૯, ૬૫૨ છે. ૫૯૧ ટકા. આ ટ્રાન્સ્ફોર્મર્સ કયાં આવ્યા છે? ખેતીમાં નથી આવતા? વીજળી ખેતીમાં જાય અને આ ટ્રાન્સ્ફોર્મર્સ ખેડૂતોને આપીએ છીએ. આટલી પ્રગતિ ટ્રાન્સ્ફોર્મર્સ સેકશનમાં કરી છે. ફીડર્સ. ગુણવત્તાવાળી વીજળી આપવા માટે નવા ફીડર અને ફીડરનું બાયફરગેશન કરવામાં આવે છે. તેના કારણે ૪૯૫૪ની જગ્યાએ આજે ૧૪, ૦૧૫ છે. ૨૮૨ ટકા છે. ડિસ્ટ્રીબ્યુશન લોસીસ. આપના સમયમાં જોઇ આવજો કેટલા હતા. ૩૫-૪૦ ટકા લોસ હતા. આજે ગઇ સાલના આંકડા આપીએ તો અમારો ૧૨.૪૨ ટકા લોસ આવ્યો છે. આ પ્રગતિ કહેવાય. લોસ એટલે જે ૧૨.૪૨ ટકાનું બિલીંગ નથી થતું અને જેની ડાયરેક્ટ લંગરીયા નાખીને ચોરી થાય છે એ તમારા સમયમાં ૩૫ થી ૪૦ ટકા હતું. આજે ૧૨.૪૨ ટકા થયું છે. બીજું, માથાદીઠ વીજળીનો વપરાશ. આ રાજયના વિકાસનું ટોપ ઓફ ધ લાઇન એક પેરા મીટર છે. રાજયનો વિકાસ જોવો હોય તો શું કહેવાય? એનો વીજળીનો વપરાશ કેવો છે? તેના પરથી ગણતરી થાય. ગુજરાતનો માથાદીઠ વીજળીનો વપરાશ ૨૦૧૬-૧૭માં ૨૨૭૯. મહારાષ્ટ્ર ૧૩૦૭, આંધ્રપ્રદેશ ૧૩૧૯, તેલંગણા ૧૫૫૧, કર્ણાટક ૧૩૬૭, તામિલનાડુ ૧૮૪૭, વેસ્ટબેંગાલ ૬૬૫ અને ઓલઇન્ડિયા ૧૧૨૨. માથાદીઠ પર કેપિટલ કન્ઝમ્પશન. આ વપરાશ એ બતાવે છે કે તમારા રાજયનો વિકાસ કેટલો સારો છે અને કેટલા વ્યક્તિઓ વીજળી વાપરે છે તેની કન્ઝમ્પશન પેટર્ન એ રાજયના વિકાસનું મોટું પેરામીટર્સ ગણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે. વીજળીના ભાવની વાત કરી. બી.પી.એલ. કુટુંબમાં ૩૦ યુનિટ સુધી દોઢ રૂપિયો પર યુનિટ. પહેલા ૩૦ યુનિટના દોઢ રૂપિયો પર યુનિટ લેવામાં આવે છે. ફ્યુઅલ ચાર્જ અલગથી લેવામાં આવે છે. બીપીએલ કુટુંબનો વધારે ચાર્જ લેતા નથી. ગુજરાતની સરખામણી બીજા રાજ્યો સાથે ડોમેસ્ટીક માટે કરીએ તો પહેલા સો યુનિટનો ચાર્જ જોઇએ તો ગુજરાતમાં ૧૦૦ યુનિટના રૂ. ૫.૮૧, બોમ્બે ૬.૦૩, મહારાષ્ટ્ર ૫.૮૨, પંજાબ ૫.૮૪, રાજસ્થાન ૮.૦૯, પશ્ચિમ બંગાળ ૬.૪૪, મધ્ય પ્રદેશ ૫.૪૭. આ સો યુનિટના ભાવ છે. મારી પાસે બધા જ યુનિટોના આંકડા છે. આપને ખ્યાલ આવશે કે ગુજરાતમાં ડોમેસ્ટીક યુનિટમાં, કોર્મશિયલ યુનિટમાં, એન.ટી.માં અને એસ.ટી.માં આ ચારેયમાં ટોપ રાજ્યો છે એનાથી આપણા દરો ઓછા છે. છેલ્લા પાંચ, સાત, આઠ, દસ વર્ષના આંકડા કાઢો. એકપણ વખત રાજ્ય સરકારે ફાઇલ ઉપર ટેરિફ વધારો માગ્યો નથી. આ પહેલી વખત થયું છે. બીજા રાજ્યો દર વર્ષે માગે છે. આપણે ટેરિફ વધારવા માગતા નથી અને ફાઇલ ઉપર લખીએ છીએ. રેગ્યુલેટરી ઓથોરીટી પાસે ફાઇલ જાય છે એમાં લખીએ છીએ કે અમારે ટેરિફ વધારો જોઇતો નથી. એ પ્રમાણે આપણે આગળ વધતા જઇએ છીએ. હમણાં સભ્યશ્રીએ વાત કરી કે બધુ ખાનગીમાં જ આવે છે. મેં પહેલા જ કહ્યું કે ૮૦૦૦ હતું એનું ૨૬૦૦૦ આવ્યું. એમાં આજની તારીખમાં ટોટલ રાજ્યની અંદર ૭૨૦૭ પ્રાઇવેટ છે. એટલે બાકીના ૧૯૦૦૦ ક્યા થયા? આમાં મારો જવાબ આવી ગયો. મારે બીજું આપને કહેવું છે કે આઇપીપી પ્રાઇવેટ કરવાનું, ઇન્વેસ્ટમેન્ટ કરવાની જે પોલિસી લાવ્યા હતા, મૂડી રોકાણ લાવવા માટેની જે પોલિસી લાવ્યા હતા એ ટેરિફ પોલિસી ૨૦૦૬ની અંદર લાવ્યા હતા. એની અંદર સ્પેસિફીક લખ્યું છે કે બિડિંગ કર્યા વગર તમારે કોઇની વીજળી ખરીદવાની નહીં કોઇની લેવાની નહીં અને આ બિડિંગ કરવામાં વધારેમાં વધારે મૂડી રોકાણ લાવવાના કામની શરૂઆત કરી હોય, હું યુપીએને ગુનેગાર ગણતો નથી. આ કામ યુપીએ સરકારે કર્યું છે. અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટમાં જો રાજ્યની અંદર સૌથી વધારે શરૂઆત કરી હોય, અલ્ટ્રા પાવર પ્રોજેક્ટ એ યુપીએ સરકારમાં લાવ્યા હતા. ખાનગી મૂડી રોકાણ યુપીએ સરકારમાં લાવ્યા હતા અને યુપીએ સરકારે પ્રાઇવેટ બિડિંગ કર્યું હતું. તમને ન ગમતું હોય કે ખાનગી છે, ખરીદી છે તો એમાં અમે કાંઇ કરી શકતા નથી. એ અલ્ટ્રા પાવર પ્રોજેક્ટમાંથી..

અધ્યક્ષશ્રીઃ આખા ગુજરાતને સાંભળવાનું છે. શાંતિ રાખો. તમે ન બોલો, શાંતિ રાખોને તમે. તમારે સાંભળવું ન હોય તો બે રસ્તા છે. આંખો બંધ રાખીને સાંભળો.

શ્રી સૌરભ પટેલ : અરે ભાઇ, શાંતિ રાખોને. ખાનગી વીજળીના આંકડા આપ્યા માનનીય સભ્યશ્રીએ એમાં મારે એટલું જ કહેવું છે કે ૨૦૦૦ મેગાવોટનું ખાનગીનું સૌથી મોટુ યુનિટ ચાલી રહ્યું છે ટાટા પાવરનું કોસ્ટલ છે. ચાઇના નથી. એ

કોસ્ટલ પાવર ટાટાની કંપની છે કોઇ ચાઇનાની નથી. એનું બિડિંગ કેન્દ્ર સરકારમાં યુપીએ સરકારે કર્યું હતું અને એની અંદર ૨૦૦૦નો શેર છે. એ ૨૦૦૦ મેગાવોટનો શેર છે એના પૈસા આપણે ચૂકવીએ છીએ એના આંકડા માનનીય વિરોધપક્ષના નેતા બોલ્યા. હવે આપને ખ્યાલ આવ્યો કે હું શું કહેવા માગું છું. ખાનગી ખરીદવી એ અગત્યનું નથી પણ કઇ વીજળી સસ્તી પડે છે એ અગત્યનું છે. એટલે એના પણ આંકડા આપીશ. ઇન્સ્ટોલ કેપેસીટીની વાત થઇ એની મેં વાત કરી. બીજું મારે આપને એ કહેવું છે. આજે જે બિડિંગ કર્યું છે, એની અંદર ગુજરાતને સૌથી વધારે પ્રાઇવેટનું બિડિંગ કર્યું છે અને એ પ્રાઇવેટમાં જે ટાટાનો અલ્ટ્રા આવ્યો એની અંદર સૌથી પહેલ કરી હોય તો ગુજરાતે કરી હતી અને ગુજરાતે જ્યારે પહેલ કરી ત્યારે યુપીએ સરકારના શ્રી મનમોહનસિંહ એનો જશ લઇ શક્યા. એમાં જમીનથી માંડીને બધુ આપણે કર્યું. આ ટોટલ જે પ્રાઇવેટની ખરીદી છે એ આઇપીપીની ખરીદી રૂ. ૨.૮૩માં પડે છે. બીજું, જે આપણા યુનિટો છે એની કિંમત રૂપિયા ૫.૨૯ પૈસા પડે છે. એનું કારણ એ છે કે આપણી ૫.૨૯ પૈસાની વીજળી છે એનો કોલસો દૂરથી લાવવો પડે છે. કોલસાનું ભાડું વધારે છે. કોલસાની ક્વોલિટી એ બધું જોઇએ વત્તા આપણા જૂના પ્લાન્ટની ફિક્સ એસેટ્સ જોઇએ તો એના કારણે ૫.૨૯ પૈસા થાય છે. (અંતરાય) મારે ખાસ કહેવું છે કે વિરોધ પક્ષના નેતાશ્રી બોલ્યા કે એ.સી.બી. પ્રાઇવેટ કંપની છે પણ એ અમારી હોંશિયારીના કારણે થઇ છે. તમે હતા ત્યારે કોલસો લાવતા હતા એ કોલસામાં એશ કન્ટેન્ટ હોય, રીજેક્શન હોય એના ફ્રેટ ભરતા હતા. અમારી સરકાર આવી પછી ૨૦૦૨ પછી અમે કોલસો ત્યાં વોશ કરવાનું ચાલુ કર્યું એટલે સલ્ફર અને એશ કન્ટેન્ટ ઓછો થઇ જાય. પછી વેસ્ટનું રીજેક્શન આવે એટલે આપણે ખોટું ભાડું ન ભરવું પડે. આ રીજેક્ટના કારણે અમે ત્યાં બીડ કાઢ્યું અને એ બીડના કારણે આ એ.સી.બી. પાવર કંપનીએ બીડ ભર્યું. અમે ત્યાં એને રીજેક્ટસ આપીએ છીએ. એના કારણે ૨.૦૧ પૈસે વીજળી પડે છે. આપણે રીજેક્ટસ કોલસો વાપરીએ અને ત્યાં આપણે કરીએ આવું તમને કેમ ન સૂઝયું? આપ સૌ ધારાસભ્યશ્રીઓને ખબર છે કે દૂરનો કોલસો આપણને મળતો હતો. નજીકનો મળતો ન હતો. અનેક વખત યુ.પી.એ. સરકારમાં જઇને અમે વાત કરી. આદરણીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી કેટલો ફાયદો થયો એ સમજાવું. આપણું એસ. ઇ. સી. એલ. નું આપ હતા ત્યારે ૬૪ લાખ મે.ટનનું એગ્રીમેન્ટ હતું અને નજીકનું ડબલ્યુ. સી. એલ. નું ખાલી ૯.૩૦ લાખ હતું. ગુજરાત સરકારે વાત કરી તો ૧૨ લાખ મે.ટન આપ્યું. ૩૦ લાખ મે. ટન એડિશનલ સપ્લાયની એ લોકોએ સંમતિ આપી. ૪૨ લાખ ટન આપણને નજીકથી કોલસો આપવા માટે કેન્દ્ર સરકારે શરૂઆત કરી છે અને આવતા દિવસોમાં જે પણ વધ્યું ઘટ્યું છે એ પણ આપવાના છે. સંપૂર્ણપણે જે મંજૂરી આપી છે એના કારણે આપણને વર્ષે ૩૩૬ કરોડનો ફાયદો થશે. ફાયદો પણ કહું. અગત્યનું એ છે કે નીતિ બનાવે અને નીતિમાં ન્યાય હોય તો રાજ્યોને ફાયદો થાય અને એ નીતિ કેન્દ્ર સરકારે બનાવી. કેન્દ્ર સરકારને સમજણ પડી ગઇ કે કોલસો દૂરથી આપવો, લઇ જવો મોંઘો પડે છે. દા.ત. ગુજરાતનું લીંકિજ હોય તો ગુજરાતના લીંકિજને કહે કે તમારું કોઇ લીંકિજ અહીં કોઇ પ્લાન્ટને આપવું છે? તો એ પ્રમાણે બીડીંગ કરીને ત્યાં ખાનગી કંપનીઓના પ્લાન્ટ પીક હેડ ઉપર હોય એને કોલસો ડાયવર્ટ કરીએ તો એને અહીંયા લાવવા કરતાં આપણને દોઢથી બે રૂપિયે સસ્તો પડે છે. આવું સરસ મજાનું કામ કેન્દ્ર સરકારની નીતિમાં કર્યું. ગુજરાતે એનો લાભ લીધો અને આપણે ૬૩ પૈસા પ્રતિ યુનિટ આપણા સ્ટેશનોનું ઉત્પાદન થાય એનાથી ઓછા ભાવે ૫૦૦ મેગાવોટ વીજળી ખરીદીએ છીએ. આ ખરીદીએ તો કહે ખાનગીમાં આવ્યું. ખાનગીમાં એટલે આવ્યું કે આપણને વીજળી સસ્તી પડે છે. બીજી વાતનીજાણ કરું, ખાસ કરીને નવા સભ્યશ્રીઓના ધ્યાનમાં કદાચ ન હોય, વીજળી કઇ વાપરવી એ અમારા હાથમાં નથી. વીજળી વાપરવાનો મેરિટ ઓર્ડર હોય છે. દરેક પ્રાઇવેટ પ્લાન્ટ પોતાના વીજળી ઓર્ડર ભાવ લખે છે અને એ લોડ ડિસ્પેચ સેન્ટરમાં જાય છે. જી.ઇ.આર.સી.નો રિટર્ન ઓર્ડર છે કે જે વીજળી સસ્તી પડે એ સંપૂર્ણપણે પહેલા લેવી અને એમ ધીમે ધીમે દા.ત. આપણે ૧૬૦૦૦, ૧૮૦૦૦ મે.વો.ની જરૂર હોય તો આપણે ૧૬૦૦૦ મે.વો.માં સૌથી પહેલા ૧૦૦ મે.વો., ૧૦૦૦ મે.વો., ૨૦૦ મે.વો., ૫૦૦ મે. વો. એમ કરીને લઇએ અને પછી આપણા મથકો પણ એ મેરિટ ઓર્ડરમાં ના આવતા હોય તો આપણે આપણા મથકો પરથી પણ વીજળી ના ખરીદી શકીએ અને તમે ઘણી જગ્યાએ જોશો કે રાજ્ય પાસે આપણું મથક કેમ બંધ છે? આપણું મથક બંધ એટલે છે કે આપણા મથકની વીજળી કરતા બજારની વીજળી સસ્તી મળે અને એની અંદર કેન્દ્ર સરકારના મથકો પણ આવી ગયા, રાજ્ય સરકારના મથકો પણ આવી ગયા, ખાનગી મથકો પણ આવી ગયા અને એ પ્રમાણે અત્યારે આપણે સરસ મજાનું બેલેન્સ જોઇ શકીએ છીએ. સોલર, વિન્ડ એટલે મારે માનનીય સભ્યશ્રીઓને ખાસ આટલી વાત કરવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, લાભ શું થાય? અહીંયા ખેડૂતોની બહુ વાત કરી. ખેડૂતોની બહુ ચિંતા કરી. બજેટની અંદર કેટલા કરોડ રૂપિયાનું ખેડૂતો માટે પ્રોવિઝન છે એ અંગે મારા ખાતાની હું વાત કરું છું. ૪૫૯૨ કરોડ, વીજળીના આપણે જે રેટ કહીએ કે વીજળીના શું રેટ છે? એ વીજળીના રેટના ડિફરન્સની સબસિડી છે ૪૫૯૨ કરોડ. એક લાખ, સવા લાખ કનેકશન આપીએ છીએ. એક કનેકશને આપણને ઓછામાં ઓછો ખર્ચો ૧ લાખ ૭૦ હજારમાં પડે છે એની જગ્યાએ ટ્રાયબલમાં ૨૩૪૦ લઇએ છીએ, નોન-ટ્રાયબલમાં ૧૪૦૦૦ લઇએ છીએ એની આસપાસના આંકડા છે એટલે ફકત ૧૪૮૦ કરોડ રૂપિયા વીજળીના નવા કનેશન ખેડૂતોને આપવા માટે રાજ્ય સરકાર સીધા આપે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જોષી મહારાજ સાંજે તમે એમના બંગલે જઇ આવજોને તમને સમજાવી દેશે. (અંતરાય) સમજવું નથી એ તો મુશ્કેલી છે. એટલે તો વચ્ચે બોલવું પડે છે. (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : ૭૫ કરોડ ખુશી (અંતરાય)

અધ્યક્ષશ્રી : શાંતી રાખો. (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : ૩૨ કરોડ સોલર હોમ લાઇટ અને ૪૨૫ કરોડ સાગર ખેડુ સર્વાંગી યોજના કુલ ૬૭૩૨ કરોડ રૂપિયા આપણે ખેડૂતોને વીજળીના ક્યાંક ને ક્યાંક સબસિડી કે બીજી યોજના દ્વારા મદદ કરીએ છીએ. વીજળીના કનેકશનોની ગતિ કેટલી વધી છે? તમે લોકો ઘણીવાર સરખામણી કરો છો. હમણાં સભ્યશ્રીએ ટ્રાયબલની પણ વાત કરી કે, ટ્રાયબલમાં કનેકશનો મળતા નથી, ઓછા મળે છે એ પણ વાત કરી. ૧૯૬૦ થી ૧૯૯૫ માં ૫, ૫૧, ૫૫૧ કનેકશન હતા. (અંતરાય) એટલે સાંભળો. પર ઇયર ૧૫, ૭૫૯. હું ૩૫ વર્ષની એવરેજ કાઢીને આપું છું અને અમે લોકોએ ૨૦૦૨ થી એટલે કે છેલ્લા ૧૫ વર્ષમાં ૮, ૩૪, ૦૦૦ કનેકશન આપ્યા છે અને છેલ્લા ત્રણ વર્ષમાં તો એક એક લાખ કનેકશનો આપ્યાં છે અને ટ્રાયબલની વાત કરીએ. તમારા મુખ્યમંત્રીશ્રી ટ્રાયબલના હતા. તમને શોક લાગશે (અંતરાય) પહેલું કનેકશન ડાંગમાં (અંતરાય) આ સાંભળજો, આ સમાચારથી તમને શોક લાગશે. ડાંગની અંદર પહેલું કનેકશન તા.૬-૨-૧૯૮૮ માં ખેતીનું કનેકશન અપાયું છે. એટલે ૧૯૮૮ની સાલ સુધીમાં એક પણ કનેશન ડાંગની અંદર આપ્યું ન હતું. (અંતરાય) ડેડિયાપાડાની અંદર પહેલું કનેકશન તા. ૨૭-૧-૧૯૭૮ માં આપ્યું. (અંતરાય) ધરમપુરમાં તા. ૩૧-૧૨-૧૯૬૫ (અંતરાય), ઝઘડિયા તા.૨૬-૧૦-૧૯૬૦, (અંતરાય) ઘોંઘબા તા.૨૯-૧-૧૯૬૭,

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ, સાંભળી લો, સાંભળવાનું છે. તમારે અત્યારે એમના નિવેદન સાંભળવાના છે. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? (અંતરાય) અરે ક્યાં વાંધો હોય.

શ્રી સૌરભ પટેલ : (અંતરાય) માળિયા તા.૨૯-૩-૧૯૭૨ (અંતરાય) ભિલોડા તા.૩૧-૩-૧૯૬૬ (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળી લો, હવે થોડા ઠાવકા થાવ. (અંતરાય) કહેજો મને પછી વાંધો નહીં.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેના કનેકશનો આપ્યા છે અને અમે લોકોએ ખાલી બધા તાલુકામાં ટ્રાયબલના જોવા જઇએ. બધા તાલુકામાં ટ્રાયબલના જોવા જઇએ તો હું તમને કહું, પ્રેક્ટીકલી ટ્રાયબલની અંદર આજે કનેકશનો અમારે આપવાના બાકી જ નથી. બે વર્ષના ૬૩૦૦૦ અને ૫૨૦૦૦ આ બે છેલ્લા વર્ષના કનેકશનો બાકી છે આખા રાજયના, અને પછી જોવા જઇએ તો ત્રણ ચાર જિલ્લા સિવાય બધાને ૨૦૧૫નું અપાઇ ગયેલું છે એટલે આ પ્રમાણેની ઝડપ છે અને અમે શું ઇચ્છીએ છીએ કે આવતા દિવસોમાં બને એટલા વધુ કનેકશનો ખેડૂતોને કેવી રીતે આપી શકાય તે વિચારીએ છીએ. વીજળીના ભાવોની વાત કરું ખેડૂતોને. છેલ્લા ૧૦ વર્ષમાં યાદ છે તમને વીજળીના ભાવ વધાર્યા? ચૌદ વર્ષમાં? તમે આવડા છોકરા હતા ત્યારે ભાવ હતો અને અત્યારે આવડા થઇ ગયા પણ ભાવ એનો એ છે. અલ્પેશભાઇ, સાચુ કહેજો વધાર્યા? અલ્પેશભાઇ જયારે સ્કૂલમાં હતાને ત્યારે જે ભાવ હતા એ અત્યારે પણ એ જ ભાવ છે એટલે શું કોલસાનો ભાવ નથી વધ્યો? ગેસનો ભાવ નથી વધ્યો? લોકોના પગાર નથી વધ્યા? રેલવેના ભાડા નથી વધ્યા? પણ આ બધું વધ્યા છતાંય અમે ખેડૂતોના ભાવ વધાર્યા નથી અને સંપૂર્ણપણે ખેડૂતોની વીજળીની જવાબદારી સરકાર લે છે. મારે કેટલા રેટ અને એ બધી વિગતમાં જવું નથી પરંતુ હું આપને ચોકકસ કહીશ કે અમારા સભ્યશ્રીએ ભલામણ કરી હતી કે મીટરમાં શું કામ લો છો? કીધું હતુંને? હવે ખાસ મારે એ કહેવું છે. હું કાયદાની ચાર લાઇન વાંચી જઉં છું. “No licensee shall supply electricity.. એટલે લાઇસન્સી એટલે જી.ઇ.બી. લાઇસન્સી કહેવાય .. shall supply electricity એટલે નો લાઇસન્સી એ વીજળી વેચી શકશે. after expiry of 2 years No licensee shall supply electricity, after the expiry of two years from the appointed date, except through installation of a correct meter in accordance with the regulations to be made in this behalf by the Authority એટલે આ કાયદાની બે વર્ષની મર્યાદા પછી no supply of electricity except through installation of a correct meter. એટલે શું થયું? આ કાયદો નીકળ્યો એના બે વર્ષ પછી મારે કોઇને પણ કનેકશન કોઇપણ ફીલ્ડમાં આપવું હોય. ખેડૂતોને આપવું હોય, રેસીડેન્શીયલમાં આપવું હોય, ઉદ્યોગમાં આપવું હોય તો મારે મીટર સિવાય કનેકશન આપી ન શકું આ કાયદો કેન્દ્ર સરકારે બનાવ્યો છે. કોના સમયમાં બનાવ્યો? મારે ખાલી એટલું જ પૂછવું છે કોના સમયમાં બનાવ્યો? મારે એટલું જ કહેવું છે કે દેશનું એક પણ રાજય આ કાયદો બનાવ્યો એટલે છેલ્લા ૧૦-૧૨ વર્ષની વાત કરું છું. એક પણ રાજય મીટર વગર કનેકશન આપી ન શકે આ કાયદાના આધારથી. ખેડૂતોની વીજળીના ભાવની અમે ચિંતા કરી અને હું આપને કેવી રીતે સમજાવું? તમને ખ્યાલ પણ નહીં હોય બધાને પણ ઇલેકટ્રીસીટી ડયૂટી ખેડૂતો પાસેથી લેવાતી હતી. આ ભા.જ.પ. સરકારે ખેડૂતો પાસેથી લેવાતી ઇલેકટ્રીસીટી ડયૂટી સંપૂર્ણપણે નાબૂદ કરી. હવે ખેડૂતોના હિતની કોણ ચિંતા કરે છે? આ સ્વાભાવિક છે. ખેડૂતો જ નહીં, આ ઇલેકટ્રીસીટી ડયૂટી તો સંપૂર્ણપણે સરકારનો જ વિષય આવ્યો? આમાં તો રેગ્યુલેટરી કમિશન પણ ન આવ્યું. વધારવા, ઘટાડવા એ રાજય સરકાર કરે. અમે ભારતીય જનતા પાર્ટી જયારે સરકારમાં નહોતા, અને અમે આવ્યા ત્યારે કેટલી ઇલેકટ્રીસીટી ડયૂટી હતી તમને ખબર છે? ૬૦ ટકા ઇલેકટ્રીસીટી ડયૂટી લેવાતી હતી. ચાર ટકા ટેકસ ઓન સેલ ઓફ ઇલેકટ્રીસીટી ડયૂટી હતી. આ કૌશિકભાઇ મંત્રી હતા. ટેકસ ઓન સેલ એટલે શું ખબર છે? એક ગ્રાહકથી બીજા ગ્રાહક વચ્ચેના ચાર ટકા ભાવ આપવાનો એટલે અમે ટેકસ ઓન સેલ ઓફ ઇલેકટ્રીસીટી ડયૂટી સંપૂર્ણપણે નાબૂદ કરી નાખી. કાઢી નાખી અને એગ્રીકલ્ચર ઉપરથી સંપૂર્ણપણે એબોલીશ કરી નાખી. કાઢી નાખી. ઝીરો. અને વધારે રેસીડેન્સીમાં ૪૦ હતા. આજે ૪૦ નું અમે ૧૫ ટકા શહેરોમાં અને ૭.૫ ટકા ગામડાંઓમાં કર્યુ છે. ઇન્ડસ્ટ્રીઝ એસ.ટી. ૨૦ ટકાનું ૧૫ કર્યુ. રેસીડેન્સિયલ કોમર્શીયલ ૬૦ ટકા હતું એનું ૨૫ ટકા કર્યુ. આવા ઇલેક્ટ્રિસીટી રેટો આપી અમે લોકોને ફાયદા કરાવડાવ્યા છે. સબસ્ટેશનો કેટલાં? સબસ્ટેશનો જોઇએ એટલાં. મને તો દુઃખ થયું તમારા ધારાસભ્યશ્રી બોલતા હતા કે મોરબીમાં સિરામિક ઉદ્યોગો બંધ થઇ ગયા. માંદા પડ્યા. જે કહ્યું હોય તે. ખાલી મારે એટલું જ

કહેવું છે કે મોરબીમાં છેલ્લાં બે વર્ષમાં જે પ્રમાણે ઉદ્યોગોને ગ્રોથ આવ્યો છે ને ૧૬ સબસ્ટેશનો આપેલાં છે. બતાવો એક જિલ્લાને ૧૬ આપેલા હોય? આવા નાના જિલ્લાને? અમે તો ૬૬ કે.વી. ના ૨૦૧૬ માં અને ૨૦૧૭ માં ૧૬ સબસ્ટેશનો આપ્યાં છે.

અધ્યક્ષશ્રી : જેટલા પ્રશ્નો પ્રશ્નોત્તરીકાળમાં નથી પૂછાતા, એટલા પ્રશ્નો આ લોકો ચાલુમાં આજે પૂછી રહ્યા છે. એ તમને મારા માધ્યમથી કહે છે. તમારે ખાલી સાંભળવાનું છે. સાંભળવાની તૈયારી કોઇની નથી. તમારા ઉપનેતાને કહેવું પડે કે શું કરવું જોઇએ? સાંભળવાની તૈયારી તો જોઇએ કે નહીં.

શ્રી સૌરભ પટેલ : ઊર્જામાં ધીરજ ખૂટી ગઇ છે તો બંધ કરીને ઉદ્યોગ લઉં. મારે તમારા પ્રશ્નોને ન્યાય તો આપવો પડશે ને? મારે ખાલી સબસ્ટેશન અંગે એટલું જ કહેવું છે કે સબસ્ટેશનો બન્યાં ૨૦૧૬ માં ૧૦૪, ૨૦૧૭ માં ૧૯૫ અમે અહીંયા કુલ ૨૯૯ સબસ્ટેશનો છેલ્લાં બે વર્ષમાં બન્યાં છે. આજની તારીખમાં પ્લાનિંગ કરીએ છીએ એમાં છેલ્લા દોઢ દોઢ, બે વર્ષમાં પ્લાનિંગ કરીને બધી જમીનો લઇ લઇએ છીએ. જેથી બધુ એકી સાથે ઉપાડી શકાય. ટ્રાયબલની ચિંતા કરી. એમાં ખાસ કહેવું છે કે ખૂબ મોટા પ્રમાણમાં ટ્રાયબલમાં આપણે સબસ્ટેશનો આપ્યાં જ છે. અને આવતા દિવસોમાં ગુણવત્તાવાળી વીજળી મળે તે માટે ચોક્કસ આપણે આપીશું. અહીંયા સભ્યશ્રીનો વિચાર જુદો હોય છે. દિલ્હીમાં વિચાર જુદો હોય. દિલ્હીમાં અમને સાબાશી મળતી હોય છે. કેટલી સાબાશી? આ યુ.પી.એ. સરકારમાં અમને ૨૦૦૭ થી એવોર્ડો આપવાના ચાલુ કર્યા તો ૨૫ એવોર્ડ મળ્યા છે. અને ૨૦૦૭ થી વાત કરું છું. પર્ફોર્મન્સ (અંતરાય) ભાઇ સાંભળો. નેશનલ એવોર્ડ ફોર પર્ફોર્મન્સ ઇન પાવર સેક્ટર, પર્ફોર્મન્સ ગોલ્ડ, ગોલ્ડ, ગોલ્ડ બધી જગ્યાએ ૨૦૦૭ થી ગણો તો ૨૦૦૭ માં ૨ એવોર્ડ મળ્યા. ૨૦૦૮ માં ૨ મળ્યા. ૨૦૦૯ માં ૧ મળ્યો. ૨૦૧૦ માં ૧ મળ્યો. ૨૦૧૨ માં ૩ મળ્યા. ૨૦૧૩ માં ૪ મળ્યા. ૨૦૧૪ માં ૨ મળ્યા. ૨૦૧૫ માં ૩ મળ્યા એ આગલા વર્ષના મળ્યા. અને હજુ યાદ છે. સેરેમની ચાલતી હતી. કેન્દ્રના મંત્રી સ્ટેજ ઉપર ગયા અને જોયું કે આ તો બધા એવોર્ડ ગુજરાત લઇ જાય છે. એ એવોર્ડ આપ્યા વગર નીકળી ગયા. આટલો મોટો ઇશ્યુ બન્યો. સેક્રેટરીએ એવોર્ડ આપ્યો. એવી પરિસ્થિતિ ઊભી કરી હતી. છેલ્લે પેટ્રોકેમિકલ્સની વાત કરું કે આપણે ત્યાં ગેસ ગ્રીડ છે. તમે આખા દેશમાં ફરી આવો. છે આવું ગેસ ગ્રીડ? માનનીય નરેન્દ્રભાઇનું વિઝન છે. ગેસના બાટલાઓથી સસ્તુ એવી ગેસનું નેટવર્ક નાખી અને આજે આપણે જોવા જઇએ તો ૧૭ લાખ ૯૮ હજાર ૬૬૦ કનેક્શનો છે. ઓછા કહેવાય? આખા દેશમાં ૩૮ લાખ છે. આપણા ગુજરાતના ૧૭ લાખ કનેકશન છે. સીએનજી સ્ટેશન્સની વાત કરું તો આપણે ત્યાં ૪૦૯ છે. આખા દેશમાં ૧૨૭૩ સી.એન.જી. સ્ટેશન્સ છે. એટલે ગેસમાં આપણે આટલી પ્રગતિ કરી છે. આખા ગુજરાતની અંદર ખાલી ૬ જિલ્લા અને ૧૭ તાલુકામાં પાઇપલાઇન નથી ગઇ. ૬ જિલ્લા અને ૧૭ તાલુકામાં ગેસની પાઇપલાઇન નથી ગઇ. કેન્દ્ર સરકાર બહુ જ ટૂંક સમયની અંદર એના પણ લાઇસન્સીંગ માટેના ટેન્ડર આપશે. આપણે લખી આપ્યું છે કે અમારા આ છ જિલ્લા અને ૧૭ તાલુકામાં ઝડપથી કરો. વધારે ઝડપથી આગળ વધી શકીએ તેવું કામ કર્યુ છે. તેના કારણે આપણે ઘરે ઘરે ગેસ આપી શકીએ. આપણે કહ્યું કેન્દ્રમાં કે બીજા રાજયમાં આટલું આટલું થયું છે. આપણે જોવા જઇએ તો તે લોકો મોટા શહેરોમાંથી બહાર નીકળ્યા નથી. બોમ્બે જેવામાં બહાર નીકળ્યા નથી. ત્યારે આપણે ૭૪૮ ગામડાંઓમાં ગેસ આપીએ છીએ. ૭૪૮ ગામડાંઓમાં ગેસના કનેકશન આપ્યા છે. મને એક રાજય તો બતાવો કે જે એક ગામને ગેસનું કનેકશન આપતું હોય. આ તાકાત આપણા નેટવર્કની છે. આના કારણે હું આપને ગેરંટી આપું છું અને આપણા દિવસોમાં કલીન ફયુઅલની વાત કરીએ છીએ. ગઇકાલે આપને તો કદાચ ખ્યાલ નહીં હોય, ગઇકાલે હું દિલ્હી હતો. ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સની સમિટ હતી. ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સમાં બધા એન્વાયરમેન્ટની વાતો કરે છે. બધા ચિંતા કરે છે. આના માટે આદરણીય નરેન્દ્રભાઇએ આખા દેશ અને દુનિયાની અંદર નેતૃત્વ લીધું છે. આદરણીય નરેન્દ્રભાઇએ પેરિસની અંદર જયારે કલાઇમેટ ચેઇન્જ ઉપર મિટીંગ હતી ત્યારે તે વખતે તે બેઠકમાં જાહેર કર્યુ અને ફ્રાન્સે તેમને ટેકો આપ્યો. ફ્રાન્સની અંદર આ બેઠક હતી. ફ્રાન્સના પ્રેસિડેન્ટ અને ભારત દેશના પ્રધાનમંત્રીએ આની લીડ લીધી હતી. ગઇકાલે દિલ્હીમાં ૩૨ દેશોના પ્રાઇમ મિનીસ્ટર્સ, પ્રેસિડેન્ટ્સ હાજર હતા. કુલ ૬૦ દેશોની અંદર આ નક્કી થયું કે આપણે સોલારને ખૂબ મોટું પ્રાધાન્ય આપવું છે. આપણે આ દેશોની લીડ લેવાની છે. આ પ્રમાણેની કામગીરી ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી આપણા દેશના નેતા આદરણીય નરેન્દ્રભાઇએ કરી છે. આપણે ગુજરાતમાં તેની પહેલ કરીશું. આવતા દિવસોમાં સોલારમાં ખૂબ સારી રીતે આગળ વધીએ તેના માટેના પ્રયત્નો કરીશું.

ઉદ્યોગની વાત કરું તો તેમાં આપણે જે બજેટ લઇને આવ્યા છીએ તેમાં ઘણા બધા મિત્રોએ નાના ઉદ્યોગ ખલાસ થઇ ગયા, નાના ઉદ્યોગને સરકાર કંઇ આપતી નથી એવી બધી ચિંતા કરી. આ વર્ષના બજેટમાં ૮૪૨ કરોડ રૂપિયા એમએસએમઇ માટે છે. તેમાં કેપિટલ સબસિડી ૧૫ ટકા, ૧૨ ટકા, ૧૦ ટકા છે. ઇન્ટરેસ્ટ સબસિડી ૫ ટકા છે. મહિલાઓને એક ટકો વધારે આપીએ છીએ. વેન્ચર કેપિટલ માટે પૈસાની જોગવાઇ કરવામાં આવી છે. અનેક અનેક નીતિઓને કારણે આપણે ૮૪૨ કરોડ આપ્યા છે. હમણાં એન્વાયરમેન્ટની વાત કરતા હતા તો સીપેટ માટે, કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ૧૯૧ કરોડની જોગવાઇ કરી છે. કાયમ માટે તે ઇશ્યુ ધીમે ધીમે રાજયમાં ઓછો થઇ જાય. આપણે ટેકસટાઇલની વાત કરી. સ્પીનીંગ ઉદ્યોગ બંધ થઇ જાય છે તેવી વાત કરી. આપને કદાચ ખ્યાલ નહીં હોય કે ગુજરાતની ટેકસટાઇલ પોલિસી આખા દેશની અંદર ટોપ છે. પહેલાં કપાસ તામિલનાડુ જતો હતો. હવે જવાનું બંધ થઇ ગયું છે. ટેકસટાઇલ પોલિસી માટે ૭૫૦ કરોડ રૂપિયા આપ્યા છે. કોટન આપણે ત્યાં આવે અને અહીંથી ફેબ્રીકસ બને અને એકસપોર્ટ થાય તે પ્રમાણેની પોલિસી આપણે બનાવી છે. ગારમેન્ટની પોલિસી બનાવી છે. ગારમેન્ટ પોલિસીની અંદર આપણે મહિલાઓને સ્પેશ્યલ બેનીફીટ આપીએ છીએ. આર એન્ડ ડી, ઇનોવેશન માટે આપણે કામ કર્યુ છે. આઇ–ક્રિએટ એ કેટલું મોટું સેન્ટર છે. પ્રધાનમંત્રી હમણાં આવીને ગયા છે તેના માટે

આપણે ૨૦ કરોડની જોગવાઇ કરી છે. આવી રીતે સેન્ટર ઓફ એકસેલન્સ ગણો, વેન્ચર કેપીટલ ગણો બધી જગ્યાએ આપણે ઉદ્યોગમાં નાનાથી માંડીને બધાને લાભ થાય તે રીતે ગોઠવણ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપને કદાચ આનંદ થશે, ગૌરવ થશે કે ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટ ગુજરાતનું ૧૯૯૪-૯૫માં ૮૪ હજાર કરોડ હતું, આજે વધીને ૧૨.૭૦ લાખ કરોડ થયું છે એટલે ૧૫ ગણું થયું છે એટલે આ ૧૫ ગણું થયું હોયને ત્યારે નીતિઓના કારણે ૧૫ ગણું થયું હોય, નીતિઓના કારણે મૂડી રોકાણ આવ્યું હોય. ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ ૨૦૦૪-૦૫માં ૧૮૮૩૭ કરોડ હતું જે ગયા વર્ષે ૨૨૧૬૦ કરોડ આપણે એફ.ડી.આઇ.નું મૂડી રોકાણ ગુજરાતમાં લાવી શકયા છીએ. એટલે આવા રોકાણો ક્યારે આવે શાંતિ હોય, સલામતિ હોય, લોકોના પોઝિટિવ વિચારો હોય, નીતિઓ હોય, ભાજપની સરકાર હોય ત્યારે આવે. (અંતરાય) ભાઇ, હું ભૂલી ગયો, મને મારા વડિલે યાદ કરાવ્યું અને વડિલ યાદ કરાવે એટલે સ્વાભાવિક બોલવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, સિંગલ વિન્ડો કલીયરન્સ કર્યું, ૯૦ થી વધારે એપ્લીકાન્ટ્સને સિંગલ વિન્ડોમાં આપણે ઓ.કે. કરીએ છીએ. If anybody wish to do business. ૧૫૪ તો સ્ટાર્ટઅપ થયા છે. આવી રીતે જી.આઇ.ડી.સી.ની વાત કરી તો જી.આઇ.ડી.સી.માં પણ માગણીઓ કેટલી બધી આવી કે, આટલી આટલી જી.આઇ.ડી.સી. આપો. મને આનંદ થાય છે જી.આઇ.ડી.સી. માટે નવું ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ સેન્ટર પણ કરવાના છીએ, અને જી.આઇ.ડી.સી. પણ ઘણી બધી આ વખતે આપણે કરવાના છીએ, મહિલા જી.આઇ.ડી.સી. પણ કરવાના છીએ, હજારો પ્લગ એન્ડ પ્રોડ્યુસ છે એટલે શેડ આવે કે એની અંદર ખાલી જઇ અને આપણે ભાડે લઇ લેવાનું કે ખરીદી લેવાનું કે જે કોઇ સરકારની નીતિ હોય એ પ્રમાણે અને એ પછી આપણે આપણો ઉદ્યોગ ૧૫ દિવસ, મહિનામાં ચાલુ કરી શકીએ એ પ્રમાણેની નીતિ પણ લાવ્યા છીએ. મહિલા પાર્ક પહેલીવાર કર્યો એટલે આવી જોવા જઇએ તો અનેક ઉદ્યોગો માટેની વ્યવસ્થાઓ, રોજગારી વધારે આપવા માટેની વ્યવસ્થાઓ રાજય સરકારે ઉભી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટમાં ઘણા બધા સભ્યોએ ચિંતા કરી છે કે કેટલા આવ્યા અને કેટલા ગયા? ૨૦૦૩માં ૫૨ ટકા કમિશન થયું, ૨૦૦૫માં ૫૫ ટકા કમિશનને એની અંદર ઇમ્પ્લીમેન્ટેશન, ૨૦૦૭માં ૫૫.૯૫, ૨૦૦૯માં ૬૫.૬૭, ૨૦૧૧માં ૫૨.૨૯, ૨૦૧૩માં ૬૩.૯૧, ૨૦૧૫માં ૭૨.૮૫ આમ, કુલ વાઇબ્રન્ટ ગુજરાતના ૨૦૦૩ થી ૨૦૧૫માં ૬૫.૭૧ ટકાનું કમિશન ફોર ઇમ્પ્લીમેન્ટેશન છે. ૨૦૧૭ની વાત કરું તો દોઢ વર્ષ થયું ૨૪.૮૨ ટકા કામ ઇમ્પ્લીમેન્ટેશનમાં છે. એટલે આવી સરસ મજાની કામગીરી ઉદ્યોગ દ્વારા પણ કરવામાં આવી છે અને આવતા દિવસોમાં વધારેમાં વધારે ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ચાલે, રોજગારી મળે એના માટે આપણે વધારેને વધારે નવી નીતિઓ લાવીશું. વાત કરી કે, ખૂબ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ ચાલે છે. મારે ખાલી એટલું જ કહેવું છે કે, ગઇ સાલ ૯૯૬ કરોડ રૂપિયાની આપણી રેવન્યુ જનરેટ થઇ અને જે કેસો પકડ્યા છે ઇલિગલ માઇનીંગના ૭૬૨૨ જેની સામે ૧૨૨ એફ.આઇ.આર. કરી, ૨૦૧૬-૧૭માં ૮૫૭૭ એની અંદર ૧૨૬ એફ.આઇ.આર. કરી. એટલે આપણે શું કર્યું છે? એફ.આઇ.આર. કરી એ તો ચાલે પણ વધારે ઇમ્પોર્ટન્ટ જે કરવા માગીએ છીએ એ ઓકશન કરવા માગીએ છીએ. આ ઓકશનથી જેટલી સરકારી જગ્યા હોય કે જ્યાં ઇલિગલ માઇનીંગ થતું હોય ત્યાં આપણે ઓકશન આપીએ એટલે સ્વાભાવિક રીતે એના ઉપરની ગેરરીતિ બંધ થઇ જાય, એટલે ઓકશન થશે જ. અને બે દિવસ પહેલા જ ૪૪ ના નિવેદનમાં કહ્યું કે ૮૩૬ આસપાસ આપણે ઓકશન કરવા માગીએ છીએ અને એની બીડીંગ પ્રોસેસ પણ ચાલુ થઇ ગઇ છે. મારે ખાલી આપને કહેવું છે કે, આના કારણે ખૂબ મોટી આવક રાજય સરકારને થવાની છે. અને આજે બ્લોક ઓકશન કરીશું એની આવક થશે અને જોડે જોડે મેજર કરીશું, મેજર અંગે સભ્યશ્રીઓના માગણી વખતેના પ્રશ્નમાં કહ્યું હતું કે, ખાલી લાઇમ સ્ટોનની ત્રણ લિઝો આપણે જે ઓકશન કરી એ ત્રણ લિઝોમાં એના ૫૦ વરસના પિરિયડમાં રોયલ્ટી જે ૬૦૧૨ કરોડ આવત એ ૬૦૧૨ કરોડમાં આપણે સંતોષ લેવો પડત એની જગ્યાએ જે આ એડિશનલ રોયલ્ટી ઓકશનમાં મળશે તે ૯૪૬૮ કરોડ મળશે એટલે કુલ ૧૬૨૦૨ કરોડ રૂપિયા આપણે આ ત્રણ મેજરમાં આવવાની છે. હવે આવતા દિવસોમાં બીજી મેજર કરવાના છીએ, માઇનોર પણ કરવાના છીએ અને ખાનગી લોકોને પણ આની અંદર આપણે જોડવાના છીએ, ઘણા મોટા પ્રમાણમાં ખાનગી લોકો આની અંદર રસ બતાવતા થઇ ગયા છે. આ જ્યારે ખેડૂતોથી માંડીને બીજા બધા રસ દર્શાવતા હોય ત્યારે ખૂબ સારી રીતથી કામ થશે અને આનાથી ઇલીગલ માઇનીંગ એકટીવીટી પણ અટકી જશે અને રાજ્ય સરકારની આવક પણ વધશે. જોડે જોડે ખેડૂતોની પણ આવક વધશે જેની ખાનગી જમીન હોય. એમને પણ બે પૈસા કમાવા મળશે. એટલે ખેડૂતોને પણ પૈસા કમાવા મળશે. જી.એમ.ડી.સી.એ ૨૦૧૬-૧૭માં ૭૬.૫૦ લાખ મે. ટનનું માઇનીંગ કર્યું હતું, અત્યારસુધી ૨૦૧૭-૧૮માં ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધીમાં ૯૪.૮૮ લાખ મે. ટન માઇનીંગ કર્યુ છે. એટલે એની પણ માઇનીંગ એકટીવીટી સુધરી છે. હવે લિગ્નાઇટ વધારે જાય એ શું બતાવે છે? એ બતાવે છે કે ઇન્ડસ્ટ્રીયલ પ્રોડકશન વધ્યું છે. ઇન્ડસ્ટ્રીયલ ઓફટેક વધ્યો. એટલે મોટાભાગનું લિગ્નાઇટનું કન્ઝમ્પશન નાના મોટા ઉદ્યોગમાં જાય છે અને ગુજરાતમાં આપીએ છીએ એટલે તમે વિચાર કરો કે લિગ્નાઇટનું પ્રોડકશન એ કેટલું એક જાતનું મિરર કહેવાય આપણા માટે.

માનનીય અધ્યક્ષશ્રી, પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ. એ મારા ખ્યાલથી આખા દેશમાં સારામાં સારું ડિપાર્ટમેન્ટ ગુજરાતનું છે. બધાજ રાજ્યોનું જોઇએને તો એ આપણું પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ અને મેરીટાઇમ બોર્ડ છે. પોર્ટસના ડિપાર્ટમેન્ટની મિટિંગમાં હું અનેક વાર ગયો છું, જ્યારે કેન્દ્રના મિનિસ્ટર મિટિંગ લેતાં હોય ત્યારે બધાજ રાજ્યોના બેઠાં હોય એ લોકોને કહેવું પડે કે તમારું બોર્ડ તો ચાલુ કરો. આવી રીતે કહેવું પડે. આજની તારીખમાં ઘણા રાજ્યોએ બોર્ડ ચાલુ કર્યા નથી. ત્યારે આપણે પહેલાં હતા કે બોર્ડ તો ચાલુ કર્યું. પણ આપણે નીતિ બનાવી. આ જે પોર્ટ પોલિસી બનાવી છે એમાં પણ ખાનગી આવ્યું. ખાનગી મૂડીરોકાણ આવ્યું. આપણે પીપાવાવની વાત કરીએ તો એ લાભ કરે છે કે નથી કરતું? આ પીપાવાવવાળાને પુછો. પોર્ટસમાં લાભ થયો.

મુન્દ્રામાં લાભ કરે છે, હજીરા લાભ કરે છે, દહેજ લાભ કરે છે. આ સૌથી મોટું પેટ્રોનેટ એલ.એન.જી. ગેસનું એ ગુજરાતની અંદર આવ્યું છે અને આજે ૧૧૦ ટકા કેપેસીટી ઉપર ચાલે છે. જોડે જોડે દહેજમાં શેલ. એ પણ પોર્ટ પોલિસીના કારણે આવ્યું. એ પણ ફુલ કેપેસીટી ઉપર ચાલે છે. આપણે પોલિસીના આધાર ઉપર અનેક અનેક પોર્ટસ ડેવલપ કર્યા અને એને કારણે આપણને ગૌરવ થાય કે પોર્ટસ ડેવલપ થાય એટલે રેલ લાઇન પણ આવે, એટલે પોર્ટસની જોડે કનેકટીવીટીમાં પોર્ટસ ડેવલપમેન્ટની વાત કરીએ ત્યારે એનો અર્થ એ થયો કે જોડે જોડે રોડ બને, ફોરલેન, સિક્સલેન અને એમાં કેન્દ્ર પણ ગ્રાન્ટ આપે છે એ ઉપરાંત બ્રોડગેજ લાઇન પણ લિન્કેજ થાય. એ બ્રોડગેજની લિન્ક થાય એના કારણે એકલું ગુડ્સ કન્ટેઇનર નહીં પણ લોકોને પણ બ્રોડગેજમાં ફાયદો થાય છે. એટલે આ પોર્ટસ ડેવલપમેન્ટની વાત કરીએ છીએ એ આ ડેવલપમેન્ટ છે. બે ટાઇપના પોર્ટસ હોય છે એક મેજર પોર્ટસ અને બીજું માઇનોર પોર્ટસ. મેજર પોર્ટસ સંપૂર્ણપણે દા.ત. કંડલા, એ ૧૦૦ ટકા મેજર પોર્ટસની એકટીવીટી કેન્દ્ર સરકાર કરે છે અને માઇનોર પોર્ટસ એટલે આપણે, જેની જવાબદારી આપણી હોય. આપણને ગૌરવ થાય કે આપણી પોલિસીના કારણે આપણને કેટલો લાભ થયો છે. ૩૪૬ મે. ટન ૨૦૧૭માં થયો. ૨૦૧૬ કરતાં વધારે અને ગુજરાતનો જે શેર છે એની અંદર બધા રાજ્યોના બધા માઇનોર પોર્ટસ ગણી નાખો અને એનું ટોટલ કાર્ગો હેન્ડલીંગ પ્લસ માઇનસ કરો એનો ૭૧.૩ ટકા શેર ગુજરાત રાજ્યનો છે એટલે આપ વિચાર કરો કે આ પોર્ટ પોલિસી આપણને કેટલી લાભકારક નીવડી? ગુજરાતના ટોટલ દરિયાકાંઠામાંથી આખા દેશનો કાર્ગો જોઇએ તો ટોટલ નેશનલ કાર્ગોમાંથી ૩૦.૫ ટકા કાર્ગો આપણો નોન પોર્ટસનો છે. કંડલા કરો તો વધી જાય. આ ગુજરાતની પોલિસીના કારણે છે. હવે છારા, જુનાગઢ. ગીર સોમનાથ, આવતા દિવસોમાં છારાનું ડેવલપમેન્ટ થશે, હવે છારા થશે એટલે એમાં ફાયદો થવાનો છે. ૩૨૨૨ કરોડ રૂપિયાનો થવાનો છે.જિલ્લામાં થાય, રાજયને થાય કેપ્ટીવ જેટીસ, કેપ્ટીવ જેટીસ આપવાનું સૌથી પહેલું જો કામ કર્યુ હોય તો ગુજરાતે કર્યુ છે અને આજે રાજયની અંદર કેટલી બધી પ્રાઇવેટ જેટીસ છે. અને તેના કારણે ઉદ્યોગોને ફાયદો થાય છે, રોજગાર મળે છે એટલે પોર્ટ ડિપાર્ટમેન્ટે જે પ્રમાણે સરસ મજાનું ડેવલપમેન્ટ કર્યુ છે અને રાજયના વિકાસમાં તેમનો ખૂબ મોટો ફાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં ધારાસભ્યશ્રીઓએ થોડી વાત કરી હતી ખેડૂતોને ઓછી વીજળી આપવામાં આવે છે મારે તો ખાલી એટલુ જ કહેવું છે કે, એક એક લાખ કનેકશનો દર વર્ષે આવતા હોય તો પાંચમા ધોરણમાં ભણનારો છોકરો હોય અને કે.જી.માં હોય તો એ કહેશે કે ના વીજળી તો વધારે જાય. છેલ્લા વર્ષોમાં આઠ લાખ કનેકશનો આપ્યાં હોય, પાણીના બોર નીચે ગયા હોય તો આપણે એમ કેમ કહી શકીએ કે ખેડૂતોને વીજળી ઓછી આપીએ છીએ. આપ મારો મુદ્દો સમજયાને ? એટલે ખેડૂતોને વીજળી આપણે સ્વભાવિક રીતે તેને જોઇએ તે પ્રમાણે આઠ કલાક આપીએ છીએ.

બીજુ, મેં ચાઇનાની વાત કરી લીધી કોસ્ટલ પાવર પ્રાઇવેટ કંપની જે કેન્દ્ર સરકારનું બિડિંગ હતું, મીટરની વાત કરી આ મીટરનું ભાડું તમે કહ્યું, માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મીટરનું ભાડું લેવામાં આવતુ નથી અને મીટરનું રેન્ટ લેવામાં આવે છે એ જી.આર.સી. નક્કી કરે છે. પણ મીટર જયારે ઇન્સ્ટોલ થાય છે, જયારે કનેકશન આપવામાં આવે છે ત્યારે મીટરના પૈસા લેવામાં આવતા નથી પણ રેગ્યુલેટરી કમિશનના કારણે એ જે કહે છે તે પ્રમાણે આપણે લઇએ છીએ. પછી જે લોડની વાત કરી કે લોડમાં વધારે આપીએ છીએ તો મારે સભ્યશ્રીને ખાલી એટલુ જ કહેવું છે કે, જી.આર.સી.માં અનેક અનેક ચર્ચાઓ થઇ છે, અનેક અનેક એપ્લીકેશન થઇ છે, લોકોએ જઇને આરગ્યુમેન્ટ કરી છે, સારા સારા વકીલોએ કહ્યું છે એના પછી જી.આર.સી.એ નક્કી કર્યુ છે કે કોઇ પણ લોડ હોય તેનું ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપી દેવાનું. એ ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપ્યાં પછી એ લોડ ગણવાનો. એટલે ૧૫ ટકા એફિશીયન્સી તમે જે કહો છો એ એફિશીયન્સી એટલે દા.ત. ૧૦ હોય તો દોઢ તેને મળી જાય અને સાડા આઠ તેનું ગણાય. પછી સાડા આઠમાં લોડ તેનું વધારે તો જ પેનલ્ટી આવે. લોડ સાડા આઠથી વધારે હોય તો એને પેનલ્ટી ના મળે. એટલે આ ન્યુ સર્કલ ઓફિસ વેરાવળની વાત કરી અમારા સભ્યશ્રીએ ચોક્કસ હું તપાસ કરી લઇશ. શકય બનશે અને જરૂર હશે તો ચોક્કસ આપણે આપીશું. અને એગ્રીકલ્ચર કનેકશન છે વેલ ટુ બોર આપણે કરીએ છીએ ચોખ્ખું પ્રોવિઝન છે કે સિફટીંગના કનેશન આપણે એલાઉ કરીશું.

આમ તો મોટાભાગનાં જવાબો આવી ગયા આ ઇન્ડેક્ષ્ટ ''સી'' ના મેળાની આપે વાત કરી. મારે ખાલી આપને એટલુ જ કહેવું છે કે ઇન્ડેક્ષ્ટ ''સી'' ની અંદર ૨૨ મેળાઓ કર્યા અને ૨ કરોડ ૧૧ લાખ અને ૯૦ હજાર રૂપિયાનો માલ વેંચાયો. ગયા વખતે ૬૧ મેળાઓ કર્યા ૩૮૫૪ કારીગરો અને ૧૧ કરોડનો માલ વેંચાયો. તો આ પ્રમાણેની હું માગણીઓ લઇને આવ્યો છું અને મને સાંભળ્યા પછી મારી વિનંતી છે કે સર્વાનુમતે પસાર કરો તો સારું.

અધ્યક્ષશ્રી : આ હાથ આટલા બધાએ ઉંચા કર્યા છે તે તો નહીં પોસાય, બધા નીચા કરી દો. મને ધ્યાનમાં છે જે લોકો ડિસ્ટર્બ કરતા હતા એ તો પૂછી જ નહીં શકે. પ્લીઝ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપ સાહેબનો આભાર માનુ છું કે મારી વાત જે અધૂરી રહી હતી તેમાં આપે સંમતિ આપી અને મને પાંચ મિનિટ વધારે બોલવા માટેનો મોકો આપ્યો.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ બોલવા માટેનો મોકો નથી ભાઇ, કંઇ પ્રશ્ન પૂછવો હોય તો અત્યારે બિલ પાસ કરવાનુ છે એટલે કંઇ પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે જી.એચ.સી.એલ.જેવા ઉદ્યોગને જે તે વખતે આપણે જમીનો આપી હતી તે માત્ર અને માત્ર એટલા માટે આપી હતી કે તેમનો પણ વિકાસ થાય અને ત્યાંના લોકોનો પણ વિકાસ થાય ત્યારે આજે સાડા ચાર હજાર હેકટર જેટલી જમીનો એમની જયારે રીન્યુઅલમાં આવી છે ત્યારે માનવબળ અત્યારે

તેમની પાસે કશું લેબરનું કામ નથી તો આવી જમીનો એમને ના જરૂર હોય તો એમની પાસેથી લઇ અને નાના નાના જે લોકો છે તેમને ઝીંગા ઉછેર કેન્દ્ર માટે કે નાના મીઠા પકવવા માટે આપવામાં આવે જેથી કરીને એ લોકોનું જીવન ખૂબ સારી રીતે ચાલી શકે એવી મારી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એમનું સારું સૂચન છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, એક તો મારે અભિનંદન આપવા છે કારણ કે, ગુજરાતને કોઇ એવોર્ડ મળ્યો હોય તો એનો આનંદ આ સભાગૃહને હોય અને અમને બધાને પણ હોય. પણ ગામડાંમાં જે લોકો ખેતરમાં અને વાડીમાં રહે છે એ લોકોને વાપરવા માટેની વીજળી નથી મળતી, કનેક્શન નથી મળતા. એ લોકો અંધારામાં રહેતા હોય છે. એટલા માટે આપને વિનંતી કરું છું કે, જે લોકો ખેતરમાં રહે છે એ લોકોને ઝડપથી વીજળીના કનેક્શન મળે અને બીજું કે, ઉદ્યોગો આવે એને આવકારો પણ આપને એટલી જ વિનંતી કરું કે, આપણા યુવાનોને ૮૫ ટકા નોકરી મળશે તો આ ગુજરાતના યુવાનો આપને યાદ રાખશે.

શ્રી સૌરભ પટેલ (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય ધારાસભ્યશ્રીને એટલું જ કહેવું છે કે, એગ્રીકલ્ચર કનેક્શન જ્યાં હોય ત્યાં અમે સીંગલ ફેઝ આપીએ છીએ. હું આપ સરવે સભ્યશ્રીઓને વિનંતી કરું કે, આપના વિસ્તારમાં કોઇ પણ ફીડર એવું હોય કે એગ્રીકલ્ચર કનેક્શન આપ્યા પછી એને સીંગલ ફેઝ ના મળતો હોય તો આપ મને કહેજો. હું ચોક્કસ ચાલુ કરાવી આપીશ.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, બે–ત્રણ દિવસ પહેલાં ખેડૂતો મને મળવા આવ્યા હતા અને એમણે કહ્યું હતું કે, પાવર ઓછો આવે છે. એના કારણે વારંવાર અમારી મોટર બળી જાય છે. તો પાવરમાં વધારો ક્યારે કરવામાં આવશે અને બીજું કે, મારા વણાગલા વિસ્તારમાં જે ખાણ–ખનન થતું હતું ત્યાં હીટાચી અને ટર્બોના મોટા–મોટા જે.સી.બી. પકડાયા હતા એ અત્યારે પોલીસ સ્ટેશનમાં જપ્ત થયા છે તો એ બાબતે ક્યારે ઝડપથી તપાસ થશે?

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે જે ખેડૂત ભાઇઓ આવ્યા હતા એ ક્યા વિસ્તારના હતા એ મને આપ વિગતો આપજો તો હું એ ફીડર ઉપર ચેક કરાવી લઇશ. જો વોલ્ટેજનો પ્રશ્ન હશે તો ફીડર બાયફર્ગેશન કરાવી દઇશું.

કાપદરખાસ્ત ક્રમાંક–૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨ અને ૪૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક–૧૨, ૧૩, ૪૯, ૫૦, ૭૫ અને ૫૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૩ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તારીખ ૧૩મી માર્ચ ૨૦૧૮ના રોજ સવારના ૯–૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮**

**ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૯-૩૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માગણી ક્રમાંક-૨

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૪,૭૭,૪૧,૨૬,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૦૦,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૩

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૫૬,૯૫,૫૫,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ. ૯૨,૧૪,૫૩,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

### માગણી ક્રમાંક-૪

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૩૮,૧૧,૪૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

### માગણી ક્રમાંક-૬

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૦૩,૫૩,૯૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૯૧,૨૫,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક- ૭૪

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહારની સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫,૦૧,૮૩,૮૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૫૯,૪૪,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક- ૭૪ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

## સન ૨૦૧૮-૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૧૮ (પહેલી બેઠક) (ત્રીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ<br>માગણી નં. ૨ | | |
| *૧ | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–કૃષિ....મહેકમ<br>રૂ. ૧૪,૨૮,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાના નં.૧૨ અને ૧૩ | ૧૦૦ | ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળતાં ખોટ ખાઇ કપાસ–ડાંગર વેચવા મજબૂર થતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ<br>(કનુભાઇ બારૈયા) |
| ૨ | – – " – – | ૧૦૦ | કપાસ–મગફળીના ટેકાના ભાવોની ખરીદીમાં વ્યાપક ગેરરીતિઓની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા<br>(ભાવેશભાઇ કટારા) |
| *૩ | – – " – – | ૧૦૦ | કપાસ–મગફળી ટેકાના ભાવે ખરીદ્યા પછી ગોડાઉનોમાં રાખવા માટે ચાલતો વ્યાપક ભ્રષ્ટાચાર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર<br>(કાળાભાઇ ડાભી) |
| ૪ | – – " – – | ૧૦૦ | મહિલા અને પુરુષ ખેતમજૂરોને પ્રતિદિન સમાન તેમજ યોગ્ય મહેનતાણું ચૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા<br>(ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| ૫ | – – " – – | ૧૦૦ | દરેક ગામોમાં પાક નોંધણી પત્રક તૈયાર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુંમર<br>(જે.વી.કાકડિયા) |
| ૬ | – – " – – | ૧૦૦ | કૃષિ મહોત્સવ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત<br>(ચિરાગભાઇ કાલરિયા) |
| ૭ | – – " – – | ૧૦૦ | ખેડૂતોના પાયાના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ<br>(મોહનલાલ વાળા) |
| ૮ | – – " – – | ૧૦૦ | રાજ્યના ખેડૂતોને ગ્રીન હાઉસ થકી મોર્ડન ખેતી કરવાનું મોંઘું ન પડે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ<br>(વલ્લભભાઇ ધારવિયા) |
| *૯ | – – " – – | ૧૦૦ | ખેડૂતોના દેવા માફ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ<br>(વિમલભાઇ ચુડાસમા) |
| ૧૦ | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–કૃષિ....મહેકમ<br>રૂ. ૧૪,૨૮,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાના નં.૧૨ અને ૧૩ | ૧૦૦ | કૃષિ મેળાઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં વાવેતર વિસ્તાર અને પાક ઉત્પાદન બંને ઘટ્યા છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા<br>(અમરિષભાઇ ડેર) |
| ૧૧ | – – " – – | ૧૦૦ | લઘુત્તમ ટેકાના ભાવોમાં વાર્ષિક વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા<br>(મહમદજાવીદ પીરઝાદા) |
| ૧૨ | – – " – – | ૧૦૦ | ખેડૂતોની આવક બમણી કરવા યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા<br>(લલીતભાઇ કગથરા) |
| ૧૩ | – – " – – | ૧૦૦ | કૃષિ મેળાઓ પછી ખેડૂતોની આર્થિક સ્થિતિમાં થયેલ સુધારાની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી<br>(લાખાભાઇ ભરવાડ) |
| ૧૪ | ૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૦– પાક વીમો<br>રૂ. ૧૦,૧૧,૫૬,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં.૪૬ અને ૪૭ | ૧૦૦ | ખેડૂતોને પાક વીમાની પૂરતી રકમ ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા<br>(પરસોત્તમ સાબરીયા) |
| ૧૫ | – – " – – | ૧૦૦ | ખાનગી વીમા કંપનીઓની કામગીરીની યોગ્ય તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(બળદેવજી ઠાકોર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | પાક વીમાની યોગ્ય તેમજ સમયસર રકમ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જવાહરભાઇ ચાવડા (ઋત્વિકભાઇ મકવાણા) |
| માગણી નં. ૩ | | | | |
| ૧૭ | ૨૪૦૨–ભૂમિ......સંરક્ષણ<br>૧૦૨– ભૂમિ સંરક્ષણ<br>રૂ. ૧,૩૫,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં.૭૩ થી ૭૭ | ૧૦૦ | દરિયા કિનારે ક્ષાર પ્રવેશ નિયંત્રણ અંગેની કામગીરીને અસરકારક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (રાજેશભાઇ ગોહિલ) |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | ભૂમિ સંરક્ષણ માટેની દિવાલો મજબુત અને ટકાઉ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધવલસિંહ ઝાલા (હિંમતસિંહ પટેલ) |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | ભૂમિ સંરક્ષણ માટેની નવી દિવાલો બનાવવાની જનતાની રજૂઆતોને પ્રાધાન્ય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા (ભરતજી ઠાકોર) |
| માગણી નં. ૪ | | | | |
| ૨૦ | ૨૪૦૩–પશુપાલન<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–ANH-1-<br>પશુપાલન..વિસ્તરણ<br>રૂ. ૨૭,૮૫,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં.૭૯ અને ૮૦ | ૧૦૦ | પશુ દવાખાનાઓ અદ્યતન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. આશા પટેલ (સોમાભાઇ કોળીપટેલ) |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં ડોક્ટરોની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદજી સોલંકી (સંજયભાઇ સોલંકી) |
| ૨૨ | ૨૪૦૩–પશુપાલન<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–ANH-1-<br>પશુપાલન..વિસ્તરણ<br>રૂ. ૨૭,૮૫,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં.૭૯ અને ૮૦ | ૧૦૦ | પુરમાં તણાઇ જતા પશુઓના માલિકોને યોગ્ય વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી. જે. ચાવડા (અક્ષયકુમાર પટેલ) |
| માગણી નં. ૬ | | | | |
| ૨૩ | ૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૨,૧૬,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં.૧૩૧ અને ૧૩૨ | ૧૦૦ | માછીમારોની પડતર માંગણીઓનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ (ઇમરાન ખેડાવાલા) |
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | મત્સ્યોદ્યોગ માટે તળાવોની ફાળવણીમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (સુનિલભાઇ ગામીત) |
| ૨૫ | ૨૪૦૫ – મત્સ્યોદ્યોગ<br>૧૦૩ – દરિયાઇ મત્સ્યોદ્યોગ<br>રૂ. ૧,૫૩,૧૭,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં – ૩<br>પાના નં – ૧૩૮ થી ૧૪૧ | ૧૦૦ | માછીમારોને દરિયામાં પૂરતું રક્ષણ મળે તે માટે જરૂરી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (જશપાલસિંહ ઠાકોર) |
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | પાકિસ્તાન મરીન્સ દ્વારા અપહરણ કરાયેલ માછીમારોને તેમજ તેઓની બોટોને છોડાવવાના  પ્રયાસો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (નથાભાઇ પટેલ, પુનાભાઇ ગામીત અને સંતોકબહેન આરેઠીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | પાકિસ્તાન મરીન્સ દ્વારા થતાં અપહરણ નિવારવા અને અપહરણ થયેલ માછીમારના પરિવારોને અપાતી સહાયમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા (પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચએસડી ઓઈલમાં બીપીએલ નોર્મ્સ દૂર કરવાના પ્રયત્નો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (મહેશકુમાર પટેલ) |
| ૨૯ | --- " --- | ૧૦૦ | બંદરો પર નિયમિત ડ્રેજીંગ ન થવાના કારણે માછીમારોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીત વસોયા |
| | | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી નં. ૭૪ | | |
| *૩૦ | ૨૦૪૧ – વાહનો પર કર<br>૧૦૨ – મોટર.... નિરીક્ષણ<br>૦૧ – મોટર.... નિરીક્ષણ<br>રૂ. ૧,૯૮,૮૮,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | આરટીઓ કચેરીમાં એજન્ટોની વ્યાપક દખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (કાન્તીભાઇ ખરાડી) |
| *૩૧ | --- " --- | ૧૦૦ | આરટીઓ કચેરીમાં વારંવાર સર્વર ખોરવાતા કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | સુશ્રી ગેનીબેન ઠાકોર (અલ્પેશ ઠાકોર) |
| ૩૨ | ૨૦૪૧ – વાહનો પર કર<br>૧૦૨ – મોટર.... નિરીક્ષણ<br>૦૧ – મોટર.... નિરીક્ષણ<br>રૂ. ૧,૯૮,૮૮,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર ખાનગી એજન્સીઓની કામગીરી પરત ખેંચવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ (નથાભાઇ પટેલ) |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | આરટીઓ કચેરીમાં લાયસન્સમાં ભુલ સુધારવાના નામે આઉટસોર્સીંગ કંપની ગ્રાહકો પાસેથી નિયમ વિરુધ્ધ કરોડો રૂપિયા ઉઘરાવી લે છે તેની તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરિષભાઇ ડેર (સંજયભાઇ સોલંકી) |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | એચએસઆરપી નંબર પ્લેટ હલકી ગુણવત્તાની હોય છે, તેનો કલર ઉખડી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૩૫ | ૩૦૫૫ – માર્ગ પરિવહન<br>૧૯૦– જાહેર ક્ષેત્ર.... સહાય<br>રૂ. ૩,૦૧,૧૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦, પાના નં. ૧૪ | ૧૦૦ | રાજ્યમાં એસટી બસમાં પ્રવાસીઓના સતત થઈ રહેલા ઘટાડાને નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (ગેનીબેન ઠાકોર) |
| ૩૬ | _ _ " _ _ | ૧૦૦ | બિનઅનુભવી અને નવા ઉમેદવારોને ઉંચી પોસ્ટ પર સીધા નિયુક્ત કરવાથી વહીવટી કામગીરી નબળી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી (મંગળભાઇ ગાવિત) |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | પોઈન્ટ બસોમાં દર ત્રણ માસે ડ્રાયવર-કંડક્ટરોની બદલી કરી એકહથ્થુ શાસન તોડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (અલ્પેશ ઠાકોર) |
| ૩૮ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં બંધ કરાયેલ એસટીના રૂટો ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા (કીરીટકુમાર પટેલ) |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | એસટીના કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (ચંદનજી ઠાકોર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૦ | _ _ " _ _<br>ગુજરાત વિધાનસભા સચિવાલય,<br>ગાંધીનગર<br>*આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી. | ૧૦૦ | ૪૦ વર્ષ જૂની વિધાનસભા–સારંગપુર પોઇન્ટની બસ પૂરતા કર્મચારીઓ હોવા છતાં ડ્રાયવર–કંડક્ટરની અછતના બહાના હેઠળ એક વર્ષથી બંધ કરેલ બસ ફરીથી ચાલુ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ પરમાર<br>(સુરેશકુમાર પટેલ)<br>ડી.એમ.પટેલ<br>સચિવ,<br>ગુજરાત વિધાનસભા |
| *૪૧ | ૩૦૫૫ – માર્ગ પરીવહન<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>૦૩ – સરકારી .... નિભાવ<br>રૂ. ૧,૦૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. – ૨૦<br>પાના નં. – ૧૫ થી ૧૭ | ૧૦૦ | એસટી બસોની મરામતની કામગીરી સમયસર થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ<br>(પ્રેમસિંહભાઇ વસાવા) |

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગને લગતી માગણીઓનું બજેટ રજૂ કર્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આપણો દેશ કૃષિ પ્રધાન અને ઋષિ પ્રધાન છે એમ કહીએ છીએ. ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે વ્યવસાય કૃષિ અને પશુપાલન અને તેને સંલગ્ન ડેરી ઉદ્યોગ છે. રાજ્યમાં ૪૮.૯૬ ટકા ખેડૂત ખાતેદારો છે અને તેમની પાસે ૯૮.૯૮ લાખ હેક્ટર જમીન છે. એટલે જમીન ઉપર ખેતીનો વ્યવસાય અને પૂરક વ્યવસાય તરીકે પશુપાલન થાય છે. આજે પશુપાલન મુખ્ય વ્યવસાય બનતો જાય છે. બે–ત્રણ વ્યક્તિઓ આ વ્યવસાય સાથે સંકળાયેલ છે. એટલે બજેટમાં અપૂરતી જોગવાઇઓ છે અને કૃષિ ક્ષેત્ર અને પશુપાલન સાથે ડેરી વ્યવસાયની જે ચિંતા સરકારે કરવી જોઇએ એ કરી નથી. ગુજરાતમાં આપણે ગણ્યા ગાંઠ્યા ઉદ્યોગપતિઓ અને વાઇબ્રન્ટ ગુજરાત થાય ત્યારે એ લોકોની ચિંતા કરી લાલ જાજમ પાથરી એમને આવકાર આપીએ છીએ. ગુજરાત બહારથી આવતા આપણા ઉદ્યોગપતિઓ અને એનઆરઆઇ લોકો ગુજરાતમાં આવીને બહારના રાજ્યોમાં દારૂબંધી ન હોય ત્યાં જાય છે અને અહીંયાં આવે છે તો તેમને તકલીફ પડે છે એટલે એમના માટે અમુક હોટલોમાં નશાબંધી મુક્તિ આપી એમની ચિંતા કરી છે. પરંતુ ૨૨ વર્ષથી બેઠેલી ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતો માટે નર્મદાના નીર પહોંચાડવાની ચિંતા કરી નથી એ ચિંતાજનક છે. એટલે કહી શકાય કે આ છ કરોડની જનતાની સરકાર નથી પણ છ કરોડપતિઓની ચિંતા કરતી સરકાર છે. એટલે આ સરકાર ખેડૂતો, પશુપાલન સાથે સંકળાયેલ માલધારીઓની ચિંતા કરે એ વાત કરવા માટે ઉભો થયો છું. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે દેશની સ્થિતિ અતિ કંગાળ હતી. આ દેશમાં ખાવા માટે પૂરતુ અન્ન પાકતું નહોતું એવો વારસો કોંગ્રેસની સરકારને મળ્યો હતો. ત્યારે એ સમયમાં ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને લાલ બહાદુર શાસ્ત્રી અને સરદાર વલ્લભભાઇ પટેલ જેવા દીર્ઘ દ્રષ્ટિ ધરાવતા નેતાઓને કારણે સૌ પ્રથમ ખેડૂતને પ્રાધાન્ય આપવામાં આવ્યું અને ખેડૂતની આબાદી વધે તો દેશની આબાદી અને સમૃદ્ધિ વધશે એ વાત લઇને એ વખતની સરકારો આખા દેશમાં ચાલી. ''ખેડ, ખાતર અને પાણી, સમૃદ્ધિ લાવે તાણી'' એ જે આખું સૂત્ર હતું એને સાર્થક કરવા માટે એ વખતની સરકારોએ સૌ પ્રથમ તો ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચે એ ચિંતા કરી.

અધ્યક્ષશ્રી : ''લાવે પૈસાને તાણી'' એવું છે.

ડો. સી. જે. ચાવડા : પછી પૈસાને પણ લાવશે તાણી.

અધ્યક્ષશ્રી : આપે જેમ કીધું એમજ. (અંતરાય)

ડો. સી. જે. ચાવડા : સાચી વાત છે પણ આ સરકાર સમજે તોને.

અધ્યક્ષશ્રી : તમારી સરકાર સમજેલી અને આ સરકાર પણ સમજેલી છે. તમે ચાલુ રાખો.

ડો. સી. જે. ચાવડા : ઓ.કે. સાહેબ. આ દેશમાં ખેડૂત ત્રણેય સિઝનમાં પહેલા પાકોનું વાવેતર નહોતો કરી શકતો. પરંતુ જે તે વખતની સરકારોએ ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડ્યું અને ત્રણેય સિઝનમાં પાક લઇ શકે તેવું આયોજન કર્યુ. દેશમાં હીરાકુંડ જેવી યોજના, ભાખરાનાગલ જેવી યોજના, કૃષ્ણા અને કાવેરી જેવી યોજના અને તુંગભદ્રા જેવી નદીઓ ઉપર પણ યોજના અને અહીંયા નર્મદા નદી પર પણ બહુહેતુક યોજનાઓ અલમમાં મૂકી અને ગુજરાતની તમામ નદીઓ ઉપર ગુજરાતની સરકારોએ જે તે વખતે ડેમો બનાવ્યા. દમણ– ગંગા, તાપી, મહા નદી, મહી, સાબરમતી, સરસ્વતી ઇવન મેશ્વો, મચ્છુ, આજી તમામ નદીઓ ઉપર ડેમો બનાવીને ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યુ અને ત્રણેય સિઝનમાં પાક લેતા ખેડૂતને જે તે વખતની સરકારોએ દીર્ઘ દ્રષ્ટિ રાખીને કર્યુ એના કારણે, ખેડૂત ત્રણેય સિઝનનો પાક લેવા માંડ્યો તેના કારણે કૃષિ ઉત્પાદન વધવા માંડ્યું. આપણે કૃષિનું ઉત્પાદન વધાર્યું એનાથી આપણે પોતે તો સ્વાવલંબી બન્યા પણ આખો યુરોપ ખંડ આપણા કૃષિ ઉત્પાદન પર નભતો થયો અને આખા યુરોપ ખંડને અનાજ પુરતું થાય એટલી નિકાસ કરતા થયા ત્યાં સુધી આપણે ખેડૂતોની ચિંતા કરીને ખેડૂતોને આબાદ કરવાનું કામ કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, એ પછી જ્યારે વડાપ્રધાન ઇન્દિરા ગાંધી હતા ત્યારે આ દેશમાં હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ આવી. હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ આવવાના કારણે ખેડૂત પશુપાલન વ્યવસાય, પશુપાલકો, માલધારીઓ અને ગામડાંમાં

વસતા ખેડૂતોનો દૂધ વ્યવસાય અને દૂધમાં ક્રાંતિ, સફેદ ક્રાંતિ એના માટે જે પ્રકરણ ઊભું થયું આખા દેશમાં અને રાજ્યમાં એમાં ગુજરાતની તે વખતની સરકારોએ આવકારીને તાત્કાલિક એનો અમલ ગુજરાતમાં શરૂ કર્યો અને અમલ શરૂ કરતાની સાથે ઓપરેશન ફ્લડ–વન, ઓપરેશન ફ્લડ–ટુ, વર્લ્ડબેંક, ભારત દેશની સહાય બધી યોજનાઓનો લાભ લઇને ગુજરાતની જે તે વખતની સરકારોએ પણ એક આખી અમૂલ પેટર્ન ઊભી કરી અને હરિયાળી ક્રાંતિમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટી આણંદખાતે અને પછી દાંતીવાડાખાતે મહાવિશ્વ વિદ્યાલય શરૂ કરીને ખેડૂતોને ખેતરમાં પોતાની જમીન પ્રમાણે પાકો વાવે અને વધુ ઉત્પાદન કઇ સિઝનમાં અને કઇ જમીનમાં કયા પાકો વાવવા એનું સંશોધન કરીને ખેડૂતના ખેતર સુધી અને ઘર સુધી આ કૃષિ નોલેજ પહોંચાડવાનું કામ કર્યુ અને ખેડૂતને વધુમાં વધુ આબાદ કરવાનું કામ જે તે વખતની સરકારોએ કર્યુ અને એ કામ આજે પણ ધીમે ધીમે ચાલી રહ્યું છે એમાં કાંઇ ખોટું પણ નથી. જે તે વખતે લાલ બહાદુર શાસ્ત્રીએ ‘જય જવાન, જય કિસાન’નું સૂત્ર આપ્યું અને આ દેશમાં જેટલો જવાન અગત્યનો છે એટલો જ કિસાન અગત્યનો છે. એને પ્રોત્સાહિત કરીને ખેડૂત આબાદ બને અને વધુ ખેતી કરે અને દેશના લોકો પણ સમૃદ્ધ બને એ દિશામાં કામ થતું રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય ગુજરાતમાં ‘જે વાવે તેનું ખેતર, ખેડે તેનું ખેતર અને રહે તેનું ઘર’ એને લગતા કાયદાઓ લાવ્યા. જમીન ટોચ મર્યાદાનો કાયદો, ગણોતનો કાયદો અને જમીન મહેસૂલના કાયદોઓનો અમલ કરાવીને સાચા અર્થમાં લોકશાહી પ્રસ્થાપિત કરીને ખેડૂતોને જમીનના માલિકો બનાવ્યા અને ખેડૂતો જમીનના માલિક બન્યા પછી પોતાની જમીન છે, પોતાના રાજ્યની જમીન છે, દેશની જમીન છે એમ કરીને વધુમાં વધુ મહેતન કરીને આ દેશને આબાદ કરવાનું કામ કર્યુ અને જગતનો તાત ખેડૂત કહેવાતો હતો એ સાચા અર્થમાં જગતનો તાત બનાવવાનું કામ કોંગ્રેસની સરકારોમાં એ વખતે કર્યુ અને કૃષિ વિશ્વ વિદ્યાલય જેવી રચના તો કરી પણ ખાતર પૂરું પાડવા માટે, ‘ખેડ, ખાતર અને પાણી’ તો ખાતરની વ્યવસ્થા કરવા માટે દેશના અને રાજ્યના ખેડૂતો માટે ઇફકો, ક્રિભકો, જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી. જેવા મહાકાય ખાતરના કારખાનાઓ નાખ્યા. સબસિડીયુક્ત ખાતરો ખેડૂતના ખેતર સુધી પહોંચાડવાનું કામ અમારી સરકારોએ કર્યુ અને ખેડૂતોની ચિંતા કરી હતી. આજે પણ એ પ્રમાણેની ચિંતા ધીમે ધીમે ચાલી રહી છે પણ જ્યારે અમારી સરકાર બેઠી હતી અને ખેડૂતોની ચિંતા કરતી હતી અને ખેડૂતો માટે આખું આયોજન કરી રહી હતી ત્યારે અહીં બેઠેલા ભારતીય જનતા પક્ષના આગેવાનો જે તે વખતે વિરોધપક્ષમાં હતા ત્યારે અમારા ખેડૂતને તમે જે વીજળી પૂરી પાડો છો ૧૪ કે ૧૬ કલાક એ પુરતી નથી. ૧૮ કલાક વીજળી પૂરી પાડવી જોઇએ અને તમે દિવસે વીજળી પૂરી પાડો છો એના બદલે રાત્રે પૂરી પાડવી જોઇએ. એમ કરીને જય જવાન, જય કિસાન ટ્રેક્ટરમાં કેટલીક જગ્યાએ ખેડૂતપુત્રોની લાશો લઇને ફર્યા હતા અને આ દેશના અને આ રાજ્યના લોકોને, ખેડૂતોને ગેરમાર્ગે દોરીને અને એ વખતે આંદોલનો કરીને અને સસ્તી વીજળી આપો, હોર્સ પાવર ઉપર વીજળી આપો, મીટર પ્રથા ના હોવી જોઇએ આવી બધી વાતો કરનારા લોકો આજે બેઠા છે અને એ જે વાત કરતા હતા અને મારા વિદ્વાન ધારાસભ્ય પણ કાલે વાત કરતા હતા કે અમે સંકલ્પપત્ર રજૂ કરીએ છીએ. અમે એજન્ડા કે ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા નથી. એ વખતે આંદોલનમાં તમે સંકલ્પપત્ર રજૂ કર્યું હતું કે અમે ૧૬ કલાક વીજળી આપીશું. સસ્તી વીજળી આપીશું. મીટર પ્રથા રાખીશું નહીં, તાત્કાલીક જોડાણ આપીશું. શું પરિસ્થિતિ થઇ? આજે તમે એમ કહો છો કે એક લાખ જોડાણ આપ્યા પણ દસ લાખ કે બાર લાખ અરજીઓ પેન્ડીંગ થાય, ૨૦–૨૦ વર્ષ સુધી ખેડૂત પૈસા ભરીને બેસી રહે એ પછી તમે એક લાખ ખેડૂતને જોડાણ આપો. કોંગ્રેસની સરકારમાં દર વર્ષે જ્યાં સુધી કોંગ્રેસની સરકાર બેઠી હતી ત્યાં સુધી પચાસ હજારથી લાખ વીજળીના જોડાણો તાત્કાલીક આપતી હતી. તમે ભેગા કર્યા. મીટર પ્રથા, હોર્સ પાવર પ્રથા અમરસિંહ ચૌધરીની સરકારમાં દાખલ થઇ ત્યારે તમે એમ કહેતા હતા હોર્સ પાવરનો ભાવ વધારે છે ત્યારે કોંગ્રેસની સરકારમાં જે તે વખતે ૬૦૦ રૂપિયા હોર્સ પાવરદીઠ હતો ત્યારે પણ તમે આંદોલન કરતા હતા. ૫૦૦ રૂપિયા હોર્સ પાવરનો ભાવ કર્યો ત્યારે પણ તમને વધારે પડતો હતો પછી તમે સરકારમાં બેઠા એટલે તમે હોર્સ પાવરનો ભાવ જ ભૂલી ગયા એટલે મીટર પ્રથા દાખલ કરી. હોર્સ પાવર કાઢી નાખ્યા. ૫૦૦ ના ૧૨૦૦ રૂપિયા કર્યા. પહેલા ૫૦૦ હોર્સ પાવરના ભાવ હતા એના ૧૨૦૦ રૂપિયા કર્યા અને પછી બે વર્ષ પછી ૮૦૦ કર્યા અને અમે ભાવ ઘટાડયા, ભાવ ઘટાડયા એવા ઢોલ પીટયા. આમ કરીને ખેડૂતોને ગુમરાહ કરવાનું કામ અથવા ખેડૂતો સાથે વિશ્વાસઘાત કરવાનું કામ આપે કર્યું છે. તમારે પ્રાયોરીટી ખેડૂતોને આપવી જોઇએ. એ ખેડૂતોને આપી નથી (અંતરાય) વિશ્વાસઘાત નહીં, વિશ્વાસનો ભંગ કર્યો ચલોને? જેટલું કૃષિનું મહત્વ છે એટલું જ પશુપાલનનું મહત્વ છે. આપ કૃષિનું સારું સંચાલન કરવા માગતા હો તો કૃષિ નિયામક હોય, બાગાયત નિયામક હોય અને જોઇન્ટ ડાયરેકટર હોય, એની યુનિવર્સિટીઓ હોય, વાઇસ ચાન્સેલરો હોય, કૃષિ સ્નાતકો હોય, કૃષિ વૈજ્ઞાનિકો હોય હૃદય ઉપર હાથ મુકો ૧૫ વર્ષથી કૃષિ નિયામકની જગ્યા જ ભરાતી નથી. ડી.પી.સી જ થતી નથી . પશુપાલન નિયામકની જગ્યા ૮–૮ વર્ષ સુધી ખાલી રહી. હમણા ભરાઇ. અભિનંદન આપું છું માનનીય મંત્રીશ્રીને કે ૮ વર્ષ પછી એમને ખબર પડી કે ના, આ તો ભરાયેલી હોવી જ જોઇએ અને માનનીય કૃષિ મંત્રીશ્રીએ પશુપાલન નિયામકની જગ્યા હમણા ભરી. વાઇસ ચાન્સેલરોની જગ્યા ન ભરાય. સરસ નામ આપ્યું વેટરનરી સાયન્સ અને એનીમલ હસબન્ડરી યુનિવર્સિટીને નામ આપી દીધું કામધેનુ યુનિવર્સિટી. વાઇસ ચાન્સેલરની જગ્યા આજે ૧૫ વર્ષથી ભરાતી નથી તો યુનિવર્સિટી બનાવીને શું કરશો? વાઇસ ચાન્સેલર હોય નહીં , એના સ્નાતકો ન હોય, કૃષિ વૈજ્ઞાનિકો ન હોય, પૂરતી સંખ્યામાં તમે એના સ્ટાફનો ઉપયોગ ન કરો. જમીન તો છે, ખેડૂતો છે, ખેતીના પ્રશ્નો છે પણ એને ઉકેલવાવાળા જ તમે નહીં મૂકો તો પ્રશ્ન કેવી રીતે ઉકેલી શકશો? એનાથી આગળ પશુપાલન અને ડેરી ઉદ્યોગ આજે રાજયની કરોડરજ્જૂ સમાન બન્યા છે. અમૂલ પેટર્ન ઉપર જેટલા રાજયમાં જિલ્લાઓ હતા એમાં દૂધ ઉત્પાદક સંઘો અમે બનાવ્યા. અમૂલ ડેરી, સાબર ડેરી, સાગર ડેરી, બનાસ ડેરી, મધુર

ડેરી, આબાદ ડેરી, વસુંધરા ડેરી દરેક જિલ્લા ઉપર દૂધ ઉત્પાદક સંઘો બનાવ્યા. સહકારી ક્ષેત્રમાં દૂધ સરિતાઓ બનાવી. ચીલીંગ સેન્ટરો બનાવ્યા. પશુના ખાણદાણ માટે ખાણદાણના કેન્દ્રો બનાવ્યા અને દૂધ સરિતાઓ ગામડે ગામડે બનાવીને આખું સહકારી માળખું ઉભું કરીને સફેદ દૂધના નામે સફેદ લોકો જે લૂંટતા હતા પ્રાઇવેટ ડેરીઓ એ કમ્પ્લીટ પોલ્શન ડેરી જેવી ડેરીઓ પણ બંધ થઇ ગઇ એટલે અમૂલ પેટર્ન ઉપર આખા રાજયમાં સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ ઉભી થઇ અને પશુપાલકોને સમૃદ્ધ કરવાનું કામ કોંગ્રેસની સરકારમાં થયું. આજે ૧૯ જિલ્લામાંથી ૨૫ જિલ્લા થયા અને પછી ૩૩ જિલ્લા થયા. તમે અમૂલ પેટર્ન ઉપર અમૂલ ડેરી જેવી, સાગર ડેરી જેવી, બનાસ ડેરી જેવી, સાબર ડેરી જેવી નવા જિલ્લા ઉભા થયા એમાં એક પણ દૂધ ઉત્પાદક સંઘ શરૂ કર્યો છે ખરો? નથી કર્યો તો તમે સહકારી ક્ષેત્રની વાત કરો છો તો શું કર્યું? નથી તમે દૂધ ઉત્પાદન વધે એવું કામ કર્યું , નથી આ કર્યું, નથી પેલું કર્યું. ખાલી એક કૃષિ યુનિવર્સિટી હતી એના પાંચ યુનિવર્સિટીઓના ભાગ પાડીને સંયુકત કુટુંબ ચાલતુ હતુ એ વિભકત કરી અને પાંચ ઘર વસાવવાનું કામ કર્યું એ પણ અધૂરા કામ કર્યા છે એને પૂરા કરો એવી વિનંતી કરવા માટે  ઉભો થયો છું. પાક ઉત્પાદન વધ્યું નથી. કૃષિ ઉત્પાદન વધ્યું નથી. કૃષિ પાક વીમા યોજના અન્વયે પાક ફસલ યોજના એમાં પણ આજે ઠાગાઠૈયા થઇ રહ્યા છે. પાક ફસલ યોજનાને બદલે પાક ફસાયા વીમા યોજના જેવું થયું છે. જેટલું પ્રિમિયમ સરકાર ભરે છે, જેટલા ખેડૂતો માટે સબસિડી આપે છે, એટલા કરોડો રૂપિયા ડાયરેક્ટ ખેડૂતોને આપવામાં આવે તો પણ ખેડૂતો સુખી થશે. તેમાં પણ પુનઃવિચારણા કરવાની જરૂર છે.  પાક વીમા યોજના અન્વયે તાત્કાલિક ખેડૂતોને લાભ મળે તે જોવું જોઇએ. શ્વેત ક્રાંતિ, હરિયાળી ક્રાંતિ પાર્ટ-૨ જેમ પિકચરમાં પણ પાર્ટ-૨ હોય છે તેમ પાર્ટ-૨  લઇને આવ્યા છો. એનો સંપૂર્ણપણે વિકાસ થાય એ દિશામાં આપ કામ કરો. એ વિનંતી આપના માધ્યમ દ્બારા કરું છું. એ રીતે વાહન વ્યવહાર, મત્સ્યોદ્યોગ વિભાગ હોય એમાં પણ સરકાર દ્બારા જે કાળજી લેવાવી જોઇએ તે લેવાતી નથી. ખેડૂતોની વાર્ષિક આવક ફકત ૭૯૨૬ રૂપિયા છે. ખેડૂતોના ખેતરમાં જે પાક ઊભો થાય છે અને તેમાં ભેલાણ થાય છે. અગાઉ મેં કહ્યું હતું કે દેવું, દારૂ, રોઝડા, ભૂંડ વધ્યા તેના સિવાય કશું વધ્યું નથી. આજે નીલ ગાયો, રોઝ, ભૂંડ એ ખેડૂતોના ઊભા પાકને લણી જાય છે અને ભેલાણ થઇ જાય છે. ખેડૂતોના ખેતર સુધી નર્મદાનું પાણી પહોંચતું નથી. નર્મદાના નીરનું આયોજન જે થવું જોઇએ તે થઇ શકયું નથી. એના કારણે ખેડૂતોનો પાક સૂકાઇ રહ્યો છે.  અને ખેડૂતો આત્મહત્યા તરફ પ્રેરાઇ રહ્યા છે. મહારાષ્ટ્રમાં ખેડૂતોનું આંદોલન જોયું અને સરકારની શું પરિસ્થિતિ થઇ એ આગામી દિવસોમાં ગુજરાત સરકાર સામે લાખોની સંખ્યામાં ખેડૂતોના આગમન  દ્બારા ભભૂકી ઉઠશે. આપ સારા મંત્રીશ્રી છો. ખેડૂતોની ચિંતા કરવાવાળા મંત્રી છો. તમને ચેતવતો નથી, પણ વિનંતી કરું છું કે જો આ પ્રશ્ન ઉકેલવામાં નહિ આવે તો લાખોની સંખ્યામાં ખેડૂતો ગાંધીનગરના આંગણા સુધી આવશે અને તમને ઘેરશે અને ત્યારે બહાર નીકળવું ભારે પડશે. એટલે આપ બધા ખેડૂતોની ચિંતા કરો તે વિનંતી સાથે વાત પૂરી કરું છું.

શ્રી બાબુભાઇ  ભી. બોખીરીયા(પોરબંદર):  માનનીય અધ્યક્ષશ્રી, માનવ સંસ્કૃતિ અને સભ્યતાનું વિકાસનું પારણું બંધાયું, ત્યારે એનો વિકાસ લોકમાતા નદીના કાંઠે થયેલો અને ત્યારે મનુષ્યનો મૂળ વ્યવસાય  ખેતી અને પશુપાલન હતો. આપણે ઇતિહાસનો અભ્યાસ કરીશું તો ખ્યાલ આવશે ત્યારે  દેશમાં એટલી બધી સમૃદ્ધિ હતી, જેના કારણે વિદેશી લોકોએ દેશની સમૃદ્ધિ જોઇને દેશ ઉપર આક્રમણ કર્યું.  આવી પરિસ્થિતિમાં ધીમે ધીમે અહીંયા અંગ્રેજો આવ્યા અને એણે પોતાના યુરોપની અંદર ઔદ્યોગિક ક્રાંતિ કરી. ઉદ્યોગ ચલાવવા માટે થઇને આપણા દેશના પશુપાલન કૃષિ ઉદ્યોગને તળિયે બેસાડી દીધો.  એ પરિસ્થિતિ એમને એમ ચાલી. ૧૯૪૭ માં આઝાદી મળી. તેના પછી આપણો જૂના વ્યવસાય ઉપર ધ્યાન દેવું જોઇએ, એ ધ્યાન જે તે વખતની સરકારોએ ન દીધું. એના લીધે દેશની પરિસ્થિતિમાં કોઇ જાતનો ફેરફાર ન થયો. આપણે જોઇએ તો ૧૯૯૫ પહેલા ગુજરાતની વાત કરીએ તો ૧૯૯૫ પહેલાનું ગુજરાત તેના ગામડાંની હાલત એવી હતી કે ગામડાંની અંદર એક-બે સાઇકલો જોવા મળતી. સાઇકલો પણ ઘરે ઘરે નહોતી. મોટરસાઇકલ કે ફોર વ્હીલરની વાત જ ન કરી શકો.  આ ૧૯૯૫ આઝાદી પછીના ૫૦ વર્ષ પછી તમારી આવી પરિસ્થિતિ હતી. ખેડૂતો, ગ્રામ્ય વિસ્તારોને બેઠા થવાનો પ્રયાસ એ સરકારોએ કર્યો નહોતો. ૨૦૦૧ ના આંકડા જોઇશું તો ૨૦૦૮માં ખેત ઉત્પાદન એનો વિકાસદર માઇનસ ૨ હતો.  આજે એ ૧૦ ટકા કરતા વધારે પહોંચી ગયો છે. ત્યારે કૃષિની કુલ રાજ્યની આવક ૯,૦૦૦ કરોડ હતી. આજે કૃષિની આવક ૧ લાખ ૪૦ હજાર કરોડ કરતા વધારે ઊભી થઇ છે. માનનીય સભ્યશ્રી ચિંતા કરતા હતા, પણ  એ પરિસ્થિતિ કયારે બદલાઇ? ૨૦૦૧ માં આદરણીય નરેન્દ્ર ભાઇ મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા. એમણે કૃષિ ઉપર ધ્યાન આપ્યું. એમને ખબર હતી કે જયાં સુધી ગામડાં બેઠા નહિ થાય, ત્યાં સુધી ગુજરાત કે દેશ બેઠું નહિ થઇ શકે. એના માટે સંકલિત પ્રોગ્રામ લીધા, સિંચાઇમાં ધ્યાન આપ્યું, સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતરનો પૂરતો પુરવઠો, એકમાંથી ચાર યુનિવર્સિટી બનાવી, લેબથી માંડી લેન્ડ સુધી વૈજ્ઞાનિકોને મોકલ્યા, ખેડૂતોને આધુનિક ખેતી કરતા કર્યા. એના લીધે આ બન્યું છે. કૃષિ મહોત્સવ દ્બારા વૈજ્ઞાનિકો ગામડે ગામડે ખેડૂતો સુધી પહોંચ્યા. આપણે આપણા પોતાના હેલ્થની ચિંતા કરીએ છીએ પણ માનનીય નરેન્દ્રભાઇએ ખેડૂતોની ખેતીની એટલે કે જમીનની પણ ચિંતા કરી અને સોઇલ હેલ્થ કાર્ડ જેવી સરસ મજાની યોજના લાવ્યા. તેના લીધે ખેડૂતને ખબર પડે કે આ જમીનમાં કયા ખાતરની જરૂર છે, કેટલું ખાતર નાખવું પડશે, કેટલું ન નાખવું. આના લીધે ખાતરનો ખોટો બગાડ અટક્યો. આ ઉપરાંત ડ્રીપ ઈરીગેશનની યોજના લાવ્યા. જયારે અગાઉની સરકારોએ પાક લોન આપવાની શરૂઆત કરી ત્યારે ૧૦ હજાર રૂપિયા આપતા હતા અને તે વખતે વ્યાજના દર ૧૪ ટકા હતા. આજે અમારી સરકાર ૩ લાખ રૂપિયા સુધીની લોન આપે છે અને તે પણ એકપણ પૈસાના વ્યાજ સિવાય આ સરકાર આપે છે. શરૂઆતમાં માનનીય સભ્યશ્રીએ એવું કહ્યું કે બજેટમાં પૂરતી જોગવાઇ નથી. તમે ૧૯૮૪ થી ૧૯૯૫ સુધીના ૧૧ વર્ષના આંકડા કાઢશો તો ખબર પડશે કે એવરેઝ ૫૩ કરોડ

રૂપિયા થાય છે. તે વખતે માત્ર ૫૩ કરોડ રૂપિયા હતા તો વિભાગવાર ફાળવણી કેટલી હશે તે જોવું જોઇએ. તમે ખેડૂતોની કેટલી ચિંતા કરતા હતા તેની તમને ત્યાં ખબર પડશે. આજે દર વર્ષે ૧ લાખ ૨૨ હજાર કરતાં વધારે વીજળીના કનેકશન આપણે આપીએ છીએ. તમારા સમયના બધા વર્ષોની એવરેજ કાઢો તો વીજ કનેકશન કેટલા આપ્યા? તો માત્ર ૧૭ હજાર દર વર્ષે વીજ કનેકશન આપતા હતા તેવી હાલત તમે કરી હતી. આ સરકાર સતત ખેડૂતોની ચિંતા કરતી રહી છે. તે ચિંતા કરે છે તેના લીધે આજે ખેડૂત આર્થિક રીતે સમૃદ્ધ બન્યો છે. આજે તે પોતાના બાળકોને પૂરતું એજ્યુકેશન પણ આપી શકે છે. બીજી વાત કરું તો આપણને ૧૯૪૭માં આઝાદી મળી તેના ૭૦ વર્ષ પાર કર્યા છે. તો ૫૦-૫૫ કે ૬૦ વર્ષની વ્યક્તિ અભણ શા માટે છે? અભણ એટલા માટે છે કે, તે વખતે એજ્યુકેશનની સગવડતા ન હતી અને આર્થિક રીતે એટલો સદ્ધર ન હતો કે જેથી કરીને તે અભ્યાસ કરી શકે. હું બોખીરા ગામથી આવું છું. આજે તે પોરબંદરમાં આવી ગયું છે. પોરબંદરથી માત્ર બે જ કિલોમીટરનું અંતર છે. ૧૯૭૦માં મેં એસ.એસ.સી. પાસ કર્યુ ત્યારે હું આખા ગામમાં ત્રીજી વ્યક્તિ હતો કે જેણે એસ.એસ.સી. પાસ કર્યુ હોય. આપ વિચારો કે આઝાદીના ૨૩ વર્ષ પછી પોરબંદરની બાજુના ગામના બે જ વિદ્યાર્થીઓ એસ.એસ.સી. પાસ કર્યુ હોય તો દૂરના ગામડાંના લોકોની શું હાલત હશે? શાળાના ઓરડા માટેની વાત શિક્ષણ વિભાગની માગણી વખતે કોઇ સભ્ય કરશે. ખેડૂતોની આર્થિક હાલત એવી કરી હતી કે તેણે પોતાનું બાળક ભણાવવું હોય તો પણ ભણાવી ન શકે. તેવી હાલત અને તેવું પાપ મિત્રો અગાઉની સરકારોએ કર્યુ હતું. આ વખતે મગફળીના ટેકાના ભાવ આપ્યા છે. તમે મગફળીના ટેકાના ભાવની વાત કરો છો તો ૧૯૭૦ની વાત કરું તો ત્યારે મગફળી દસ રૂપિયે મણ લેવા કોઇ તૈયાર ન હતું.

અધ્યક્ષશ્રી : આપનો સમય આવે ત્યારે બોલજો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક ક્વિન્ટલનો ભાવ માત્ર ૫૦ રૂપિયા થયો છે.

અધ્યક્ષશ્રી : સાંભળવાની તૈયારી રાખીએ. ધીરજ કેમ ખૂટી જાય છે. પાંચ વર્ષ ચાલવાનું છે આવું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ૨૫૪ કેન્દ્રો મગફળીની ખરીદી કરવા માટે શરૂ કર્યા છે. તે રીતે ૪૪૫૦ પ્રતિ ક્વિન્ટલ રાજ્ય સરકારના, ૫૦ રૂપિયા કેન્દ્ર સરકારના તથા ૫૦ રૂપિયા વધારાના બોનસ તરીકે રાજ્ય સરકાર આપે છે એટલે ૨૦ કિલોના ૯૦૦ રૂપિયા આજે આપણે આપીએ છીએ. તમે ૧૦ રૂપિયા આપતા હતા. ત્યારે ટેકાના ભાવથી કોઇ ખરીદતું ન હતું. તેમાં વેપારી કે ખેડૂત જે સમજવું હોય તે સમજે. માર્કેટિંગ યાર્ડોની કોઇ વ્યવસ્થા ન હતી. આજે એકપણ તાલુકો એવો નથી કે જયાં માર્કેટિંગ યાર્ડ ન હોય. આ બધી વ્યવસ્થા ૨૦૦૨ પછી થઇ છે. આ વખતે મગફળીની રેકર્ડ બ્રેક ખરીદી થઇ છે. અત્યાર સુધી ટેકાના ભાવથી મગફળી ખરીદી છે તે કયારેય ખરીદાઇ નથી. ૩૬૪૯ કરોડના મૂલ્યની ૮ લાખ ૧૦ હજાર ૯૭૮ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરી છે. તેનો લાભ ૪ લાખ ૧૭ હજાર ૪૮૩ ખેડૂતોએ મગફળી વેચીને લીધો છે. તેનાથી તેને પૂરતો ભાવ મળ્યો છે. કપાસની વાત કરીએ તો લંબતારી કપાસના ભાવ છે એ ૪૨૭૦ અને મધ્યમતારીના ૪૧૭૦ અને રાજય સરકારે એમાં ૫૦૦ રૂપિયાનું બોનસ આપી અને ઉંચા ભાવથી ખરીદી કરેલ છે આમ, ૩૯ કેન્દ્રો દ્વારા ૧૭૫ કરોડના ખર્ચે આ વખતે એની પણ ખરીદી કરેલ છે. ડાંગરની પણ ખરીદી કરેલ છે. આ રીતે ખેડૂતોને જયારે જયારે મુશ્કેલી પડે છે ત્યારે રાજ્ય સરકાર એની સાથે ઉભી રહે છે. આપણા ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કાંઠો છે અને દેશનું મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાત અગ્રિમ સ્થાન ધરાવે છે અને ૩૬૦૦ કરોડથી વધારે રકમનું વિદેશી હુંડિયામણ આપણા ફિસરીઝ વિભાગ દ્વારા કમાવી આપીએ છીએ આમ, ૨.૫૦ લાખ કરતા વધારે લોકોને મત્સ્ય ઉદ્યોગ દ્વારા રોજગારી મળે છે. આજે બધા જ જે ફિસરીઝ હાર્બર સેન્ટરો છે તેનું આધુનિકરણ, તેનું નવિનીકરણ અને એની જે ડ્રેજીંગની સમસ્યાઓ છે એ બધી જ વસ્તુઓ રાજ્ય સરકારે હાથ ઉપર લીધેલી છે. અત્યારે વેરાવળનું જે હયાત બંદર છે એની અંદર ૨૧.૫૭ કરોડના ખર્ચે અમે નવિનીકરણ કર્યું છે, પોરબંદરમાં ૧૫ કરોડના ખર્ચે નવિનીકરણનું કામ પૂર્ણ કર્યું છે અને બીજું ૧૫.૭૧ કરોડના કામનું આયોજન કરેલું છે. સલાયા અને સચાડા મત્સ્ય કેન્દ્રોનું નવિનીકરણનું કામ પણ ૧૩.૩૪ કરોડના ખર્ચે અમે પૂર્ણ કરેલું છે, ડ્રેજીંગ માટેની પણ વેરાવળ તથા માંગરોળના મત્સ્ય બંદરનું ૧૬.૮૬ કરોડને ખર્ચે કામગીરી પૂર્ણ કરેલી છે. સઇજ, રાજપરા અને જાફરાબાદ મત્સ્યોદ્યોગના કેન્દ્રો ખાતે ૧૭.૯૫ કરોડના ખર્ચે ડ્રેજીંગની કામગીરી પૂર્ણ કરેલી છે. પોરબંદર મત્સ્ય બંદર કેન્દ્ર ખાતે ૧૬.૮૯ કરોડના ખર્ચે ડ્રેજીંગની કામગીરી પૂર્ણ કરેલી છે. આના સિવાય અમારા જે બધા બંદરો છે જે જેનું નવિનીકરણનું કામ તો અમે કર્યું જ છે પણ સાથે સાથે હવે બોટોની સંખ્યા વધી છે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી ફરી વખત એક વાર ગુજરાતના ખેડૂતો માટે સ્વપ્નનું બજેટ લઇને આવ્યા છે. તે અંગે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર શબ્દો તો બહુ સારા વાપરે છે, શબ્દો માટે હું અભિનંદન આપીશ. ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી માટે જે સારા શબ્દો વાપર્યા છે તેને માટે હું સો ટકા અભિનંદન આપીશ.

અધ્યક્ષશ્રી : તમે પણ સારા શબ્દો વાપરજો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : હું પણ સારા શબ્દો વાપરીશ. ખેડૂતો માટે ચિંતાનો વિષય ઉભો થયો છે ત્યારે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ૨૦૨૨માં ખેડૂતો માટે બમણી આવકની વાતો થઇ રહી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડા લઇને આવ્યો છું. માનનીય મંત્રીશ્રી મારા સૌરાષ્ટ્રના જામનગરથી આવે છે અને ખેડૂતો માટે બહુ ચિંતા કરે છે ત્યારે હું એમને પણ અભિનંદન આપીશ. શાંત સ્વભાવવાળા માનનીય મંત્રીશ્રી છે અને કૃષિ ખાતુ એમને આપ્યું એ માટે ભારતીય જનતા પાર્ટીને

પણ હું અભિનંદન આપીશ. રાજય કક્ષાના મંત્રીશ્રી થોડાક •(×××) છે. પરંતુ અમારા કેબિનેટ મંત્રી ખરેખર ખેડૂતો માટે ચિંતા કરનારા આવ્યા છે ત્યારે હું ફલદુ સાહેબને આપના માધ્યમથી કહેવા માગુ છું.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, ફલદુસાહેબ થોડાક *(×××) છે

અધ્યક્ષશ્રી : આ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઇ જેવા સિનિયર મંત્રી રહી ચૂકેલા વ્યક્તિ આજે ગાંધીજીની ભૂમિ ઉપરથી આવે છે અને પોતાના ખેડૂતો માટે ચિંતા કરતા હતા અને ખેડૂતોને મોટરસાઇકલ થઇ ગયા, ખેડૂતોને ગાડીઓ થઇ ગઇ એવી વાતો કરી ત્યારે મને એનું થોડું દુઃખ લાગ્યું છે. ખેડૂતનો દીકરો ખેતીમાંથી ઉત્પાદન લાવ્યા છે અને એના કારણે કદાચ ખેડૂતોને ગાડી થઇ હોય તો ખેડૂતોએ કરેલી મહેનતના કારણે ગુજરાત આજે રૂપાળુ બન્યું છે. ગમે તેવા ઉદ્યોગો સ્થાપશો હું અભિનંદન આપીશ કે એ ઉદ્યોગમાંથી તમે તલ ઉત્પાદન કરી આપો, કઇ ઉદ્યોગમાંથી તમે ઘઉં ઉત્પાદન કરી આપો, કોઇ ઉદ્યોગમાંથી તમે મગફળી ઉત્પાદન કરી આપો. પ્રોસેસ જરૂર થઇ શકશે પરંતુ તેમાંથી આ અનાજ ઉત્પાદન નહીં થઇ શકે. ખેડૂતો માટે ચિંતા કરશે તો આ જગતનો તાત જમીનમાંથી જ આ ઉત્પાદન કરી શકે છે જે લોકો આજે આરોગે છે, પરંતુ એ ખેડૂતો માટેની ચિંતા કરનાર બાબુભાઇને હું પૂછવા માગુ છું કે, મગફળીની જયારે ભારે મોટી મુશ્કેલી ઉભી થઇ હતી અને પોતે કૃષિ મંત્રી હતા ત્યારે કોઇકે ફોન કર્યો તો કહે, *(×××) આવા શબ્દો અમારા કોઇ મંત્રી ક્યારેય નહીં કહે. માનનીય અધ્યક્ષશ્રી, *(×××) આવા શબ્દો કોગ્રેસ ક્યારેય ન કહે.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દો ગૃહના રેકર્ડ ઉપર યોગ્ય નથી, હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું હાલ જ આ ગૃહમાં આવ્યો છું, મારું નામ એમણે લઇને એમ કહ્યું કે નીતિનભાઇએ કોઇને ફોનમાં આવું કહ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિરજીભાઇને ચેલેન્જ છે કે, રેકર્ડ ઉપર લાવો. હું મારા જેટલા ફોન, નનામા ફોન, આખા મંત્રીમંડળમાં, આખી સરકારમાં સૌથી વધુ નાગરિકોને હું સાંભળું છું, અપશબ્દો બોલે તો પણ સાંભળું છું, ના બોલાય, ના સંભળાય એવું બોલે તો પણ સાંભળું છું, કોંગ્રેસ વાળા બોલે તો પણ સાંભળું છું અને આંદોલનો વાળા બોલે તો પણ સાંભળું છું, હું એટલા માટે આ સાંભળું છું કે હું સરકારનો એક જવાબદાર મંત્રી છું, ક્યાંય નાની મોટી સાચી ફરિયાદ હોય, કોઇ હોસ્પિટલમાં બિમાર હોય એવા પણ ફોન આવે છે કે ફલાણી જગ્યાએ અકસ્માત થયો છે, દર્દીઓને સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા છે તો હું ત્યાં તરત જ ફોન કરી દઉં છું, કોણ છે, ક્યાંથી છે? કોઇ જાણકારી હું મેળવતો નથી, લોકોને મદદરૂપ થવા અને માનનીય અધ્યક્ષશ્રી, આ આજનું નથી પણ મને ખબર નહોતી કે આવા નબળા માણસો તમારી જોડે સંપર્ક ધરાવે છે અને એવા નબળા માણસોનું તમે અહીંયા વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરો છો એ મને ખબર નહોતી, સાહેબ મોબાઇલ અને સોશિયલ મિડિયા એવી વસ્તુ છે, અમે *(×××) પ્રોત્સાહન આપીએ તો તમને પણ કાલથી ફોન ચાલુ થઇ જાય, કરવા છે ફોન ચાલુ?, તમને પણ ફોન આવતા હશે, પણ નબળા લોકોને પ્રોત્સાહન ના આપશો, નબળાઓને ડામી દો અને સારા લોકોને પ્રોત્સાહન આપો, પ્રજાને મદદરૂપ થવા હું આ ફોન ચાલુ રાખું છું, મને ઘણા લોકો, મિત્રોએ, પત્રકાર મિત્રોએ પણ સલાહ આપી છે કે નીતિનભાઇ તમે ગમે તેના ફોન ના લેશો, પણ હું એટલા માટે લઉં છું કે એકસો ફોનમાં ૫૦-૬૦ ફોન લોકોને ખરેખર મદદરૂપ થવાવાળા હોય છે, એટલે આવા નબળા માણસોનું સાંભળીને પણ હું ફોન લઉં છું જે અમારી ભારતીય જનતા પાર્ટીની એક જવાબદારી છે એ હું નીભાવું છું એટલે તમે મહેરબાની કરીને આવા નબળા લોકોને અહીંયા નહિ પણ કોઇપણ જગ્યાએ પ્રોત્સાહન ના આપશો, નબળાઓને પ્રોત્સાહન ના આપશો, (અંતરાય) જોષીયારાજી આ વાત બહુ ગંભીર છે. તમે પણ તમારા ફોન ચાલુ કરાવી દો, સાંભળશો તમે? વાત ગંભીર છે, સમયની કિંમત નથી, તમે આવા નબળા લોકોને મહત્વ ના આપશો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ જે વાત કરી, પણ કોઇ નબળા માણસને સહકાર આપવાની અમારી કોઇ વાત નથી. અમારી નેમ નથી. (અંતરાય)

નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એવા નબળા માણસની વાત અહીંયા શું કરવા મૂકે છે? (અંતરાય) એમણે મૂકી છે.

અધ્યક્ષશ્રી : એ વાત કાઢી નાંખી, ઠપકો આપીએ છીએ આપણે.

નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નબળા માણસોની વાત શા માટે અહીંયા મૂકી એમણે? નબળાને પ્રોત્સાહન આપવાની અહીંયા વાત કરો છો. એ ભાઇ, બેસી જાઓ, બેસી જાઓ, ભાઇ. બેસી જાઓ તમે, નબળાઓને પ્રોત્સાહન નહિ આપો. નબળાઓને પ્રોત્સાહન આપવા માટેની આ વિધાનસભા નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું પોતે આ શબ્દો કાઢી નાંખવા માટે માગણી કરું છું. હું કોઇ નબળા માણસોને સહકાર આપવા માગતો નથી નીતિનભાઇ.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, હવે એ જવાબ ના આપશો આગળ, વાત પૂરી થઇ જાય છે. આગળ આપનું વકતવ્ય ચાલુ કરો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા એ માગતો હતો કે, આવા ફોન તો અમારા વિરોધપક્ષના નેતા શંકરસિંહ બાપુ હતા ત્યારે એમના પર પણ આવતા હતા અને એમણે પણ જવાબ આપ્યા છે, નબળા વ્યક્તિ કોઇપણ હોય આ ગૃહમાં તો એવા એક પણ સભ્યને હું ચલાવવા માગતો નથી, સરકાર પણ જો એમાં તત્પર હોય તો વિરોધપક્ષ એમાં સંપૂર્ણપણે ટેકો આપવા માગે છે. હું મારી વાત જે કહેવા માગતો હતો તે એ બાબતની કરીને કહેવા માગતો હતો કે ઉશ્કેરાટ જે સરકારમાં છે એ ઉશ્કેરાટ સરકારમાં દેખાઇ રહ્યો છે તો એના જે કારણો છે તે જોઇએ તો નાનો અને પાયાનો માણસ છે એ મુશ્કેલીમાં મૂકાયો છે અને મૂશ્કેલીમાં મૂકાવાનું કારણ એ છે કે સરકાર આંકડા આપે છે, મારી પાસે થોડાક આંકડા છે એ હું લઇને આવ્યો છું. ૨૦૦૭માં હું સંસદસભ્ય હતો, હું ખેડૂતનો દીકરો છું, હું પણ ૨૦૦ વિઘા જમીન ધરાવતો ખેડૂતોનો પ્રતિનિધિ છું, મારા પોતાના સફેદ તલ મેં ૩૮૦૦ રૂપિયામાં ૨૦૦૭માં એક મણ મેં વેચેલા છે, આજે એ તલના ભાવ મને ૧૨૦૦ રૂપિયા પણ મળતા નથી, મને દુઃખ લાગી રહ્યું છે. કયા તમે સપના દેખાડી રહ્યા છો? ૨૦૧૨માં બાજરીનો ભાવ ૪૦૦ રૂપિયા હતો આજે ખેડૂતની બાજરી ૨૫૦ રૂપિયામાં વેચાઇ રહી છે, કપાસના ભાવ રૂપિયા ૧૪૦૦ હતા, માનનીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા તેઓએ અમરેલીમાં આવીને કહ્યું હતું કે આ ૧૪૦૦ના ૨૮૦૦ રૂપિયા એવા ડબલ ભાવ તમને મળે એના માટે તમે મારી સરકારને ટેકો આપો. કેન્દ્રમાં એમની સરકાર બની છે હવે. આ ૧૪૦૦ રૂપિયાના જો ૨૮૦૦ રૂપિયા થયા હોત તો મારે બોલવું નહોતું પરંતુ આ ૧૪૦૦ રૂપિયા જે ખેડૂતોને કપાસના મળતા હતા આજે એ ખેડૂતનો દીકરો ૮૦૦ રૂપિયામાં પણ પોતાનો કપાસ વેચી શકતો નથી અને એના પ્રિમીયમ માટે સતત અમે ચિંતા કરીએ છીએ અને બીજી ચિંતા નથી કરતાં કે તમે પાકવિમા માટે જે પ્રિમીયમ આપ્યું હતું ૫ ટકા, આ વખતે ૫ ટકામાં ફરી વખત રાહત આપી છે. ૩ ટકામાં કેન્દ્ર સરકારના ૧.૫૦ ટકા અને રાજ્ય સરકારના ૧.૫૦ ટકા એમ ફરી રાહત આપી છે. પરંતુ ટોટલ પ્રિમીયમ કેટલું અપાયું? ૫૫ ટકા પ્રિમીયમ એચ.ડી.એફ.સી. એર્ગો કંપનીને પ્રિમીયમ અપાયું છે એક લાખ રૂપિયાના વીમામાં ૫૫,૦૦૦ રૂપિયા પ્રિમીયમ જાય છે એની અમને ચિંતા થાય છે. સરકારના પૈસા જાય છે તો પણ ચિંતા થાય છે, કેન્દ્ર સરકારના પૈસા જાય છે તો પણ ચિંતા થાય છે અને આવી મોટી કંપનીઓ આવા વીમા ઉતરાવીને વીમો કેટલો આપે છે? ૧ કરોડ અને ૪૭ લાખ, ૭૦૦ કરોડ રૂપિયાનું પ્રિમિયમ મારા અમરેલી જિલ્લામાંથી ભરાયુ અને તેને પ્રિમિયમ વીમો ના મળે ત્યારે હું સરકારને માનનીય ફળદુ સાહેબને વિનંતી કરવા માગુ છું કે, આ ફરજિયાત પ્રિમિયમની જે નીતિ નક્કી કરી છે તે તમે બંધ કરી દો અને સરકાર સીધા ખેડૂતને પચાસ હજાર રૂપિયા આપે હું અભિનંદન આપીશ, નીતિનભાઇને અભિનંદન આપીશ. મગફળી માટે કદાચ મારા મિત્ર •(×××). તમે બહુ સારા જવાબો આપો છો હું તમને અભિનંદન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉશ્કેરાટમાં નહીં પણ દુઃખમાં બોલ્યો છું અને ૧૮૨ ધારાસભ્યોની જવાબદારી છે તમો હજુ શા માટે મારા નામનો ઉલ્લેખ કરો છો ? તમે તમારું ભાષણ કરોને ? મને શા માટે તમે બધા વારંવાર યાદ કરો છો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : તમે સાંભળો છો તેના હું અભિનંદન આપું છું. મને પણ સાંભળે છે તેની સામે વિવાદ પણ નથી અને વિરોધ પણ નથી. પરંતુ મારી જે ખેડૂતના પ્રતિનિધિ તરીકે ચિંતા છે કપાસ ૧૪૦૦ રૂપિયાના બદલે ૮૦૦ રૂપિયામાં વેંચાતો થયો છે. ગુવાર એક વખત ખેડૂત વાવતો અને ગુવારના કારણે મોટરમાં ફરતો થયો છે એ બાબુભાઇ હું આપને કહેવા માગુ છું. એ ગુવાર વાવતો ખેડૂત આજે મોટર સાયકલને બદલે કદાચ ગાડીઓ લઇને ફરતો થયો છે. અમે સ્કોર્પીયોને અમે ખરપીયો કહીએ છીએ એ ખરપીયો લઇને ફરતા થયા હોય તો એ આ ગુવારને કારણે થયા છે. છ હજાર રૂપિયામાં મારો ગુવાર વેંચાતો જયારે આજે ૬૦૦ રૂપિયામાં કોઇ ગ્રાહક નથી એનુ અમને દુઃખ લાગી રહ્યું છે. કયાં ૬ હજાર રૂપિયા અને કયાં ૬૦૦ રૂપિયા આની ચિંતા ગૃહે નહીં કરવાની ? આની ચિંતા અમારા વિરોધપક્ષના સભ્યોએ નહીં કરવાની ? હું તો ભારતીય જનતા પાર્ટીના સભ્યોને વિનંતી કરવા માગુ છું કે, ખેડૂત એટલે જગતનો તાત છે એની ચિંતા જો નહીં થાય તો આ ગુજરાતને આપણે જે હરિયાળુ બનાવવાની વાત લઇને આવ્યા છીએ તે કયારેય નહીં લાવી શકીએ. તમારે પણ આમા સહકાર આપવાની જરૂરિયાત છે. તમારી સાચી વાતમાં અમે પણ સહકાર આપીએ છીએ મેં કહ્યું કે વિરોધ પક્ષ પણ સહકાર આપવા માગે છે પરંતુ માત્ર આ બધા જુમલા ના બની રહે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે આપે બેસી જવુ જોઇએ. વિરજીભાઇ આ રેકર્ડ ઉપર કશું જ આવતું નથી આપ બેસી જાવ.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે તે વિશેના કેટલાક વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સામેની પાટલીના મિત્રોએ કેટલીક વાતો કરી કે આ દેશ એ કૃષિ પ્રધાન દેશ છે ૭૦ ટકા આબાદી તે ખેતી ઉપર આધારિત છે. હું તેની વાત સાથે સહમત છું ૭૦ ટકા આબાદી ધરાવતો આ દેશ અને તેનો વ્યવસાય ખેતી છે એ તરફ જો બરાબર ધ્યાન આપ્યું હોત તો આઝાદીના ૭૦ વર્ષ પછી એક નાનકડો ખોબા જેવડો દેશ ઇઝરાયલ જેની ટેકનિક લેવા માટે આપણાં પ્રધાનમંત્રીશ્રીએ ત્યાં જવું પડે છે. આ ૭૦ ટકા આબાદી જેના ઉપર આધારિત છે એવા ખેતી પ્રધાન દેશને જો એ પ્રકારનું મહત્વ આપ્યું હોત તો દુનિયાના દેશો આજે ભારત પાસે કંઇક શીખવા માટે આવત.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, આ દેશના ખેડૂતની એટલી તાકાત છે કે જે માત્ર ભારતના જ નહીં પણ દુનિયાભરના લોકોનું પેટ ભરવા માટે સક્ષમ છે. મારા મિત્ર વિરજીભાઇ કહેતા હતા કે આ અનાજ, કઠોળ એ કોઇ મશીનરીમાં કે ઇન્ડસ્ટ્રીઝમાં પાકતું નથી હું તેની સાથે સંમત છું કે આ મોનોપોલીનો બિઝનેશ છે. ખેતી એ વ્યવસાય તે મોનોપોલીનો ધંધો છે તેની સાથે કેટલીક ચીજો પણ આવશ્યક છે કે જેની સાથે દુનિયાનું બજાર, દુનિયાનું માર્કેટ જે પ્રકારે આગળ ચાલતું હોય તેની સાથે આપણે ડગલાં માંડવા પડે. વિરજીભાઇ વારંવાર વિધાનસભામાં બોલ્યાં છે એટલે મારે એક વાતનો ખુલાસો પણ કરવો છે તે એમ કહેતા હતાં કે ૧૪૦૦-૧૫૦૦ રૂપિયા કપાસના પ્રધાન મંત્રી કહેતા હતા તો મારે એમને કહેવું છે કે માનનીય વિરજીભાઇ, ૧૪૦૦ રૂપિયામાં ખુલ્લા બજારનો કપાસ જયારે વેંચાતો હતો ત્યારે તમારી સરકારે દક્ષિણ ભારતની ચૂંટણીઓ જીતવા માટે કપાસ ઉપર બેન મૂકયો હતો, નિકાસ ઉપર પ્રતિબંધ મૂકયો હતો જેના કારણે ૧૪૦૦માંથી ૮૦૦ રૂપિયા થયા હતા. તે ૮૦૦ રૂપિયાના કારણે અમારે ખેડૂતોની વચ્ચે જવું પડયુ હતું અને કહેવું પડયુ હતું કે આજે ખુલ્લા બજારમાં વિશ્વનું માર્કેટ જયારે કપાસ લેવા માટે તૈયાર છે વિશ્વનું માર્કેટ જયારે ૧૪૦૦ રૂપિયામાં કપાસ લેતું હતું ત્યારે તમે પ્રતિબંધ મૂકીને, ખેડૂતોના પગ ઉપર કુહાડો મારીને ૮૦૦ રૂપિયા કપાસના કરાવ્યા હતાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખુલ્લા બજારનું માર્કેટ છે. આપણે ચિંતા કરીએ છીએ ત્યારે આપણને મગફળીની, કપાસની બધાની ચિંતા છે. ડુંગળીને ગરીબની કસ્તુરી કહેવામાં આવે છે. ડુંગળી ક્યારેક ગરીબને રડાવે છે તો ક્યારેક ખેડૂતને રડાવે છે. સફેદ ડુંગળી પકવતા ખેડૂતો મોટા ભાગે એને એક્ષપોર્ટ કરે છે. સફેદ ડુંગળી ખાવામાં બહુ ઓછી વપરાય છે. પીળી પત્તી અને લાલ પત્તીની ડુંગળી ખવાય છે. સફેદ ડુંગળી મોટા ભાગે ડીહાઇડ્રેશન પ્લાન્ટમાં વપરાય છે અને એક્ષપોર્ટ થાય છે. ડીહાઇડ્રેશનની ડુંગળીનો ૫૦ ટકા હિસ્સો અમેરિકા ધરાવે છે અને ૨૫ ટકા હિસ્સો માત્ર ભારત ધરાવે છે. ડુંગળીનો વ્યવસાય એ maximum હુંડિયામણ રળી આપતો વ્યવસાય છે પણ જ્યારે દુનિયાના ટેન્ડરો ખૂલે ત્યારે આપણા નિકાસકારો એના ભાવ ઓછા ભરે છે અને એના કારણે આપણા ખેડૂતો લુંટાય છે. જો એ તરફ ધ્યાન આપવામાં આવે તો ડુંગળીના પ્રશ્નનો નિકાલ થઇ શકે. એ જ રીતે મગફળીના તેલને સોના સાથે સરખાવવામાં આવે છે. અગાઉના ભાષણમાં માનનીય વિરજીભાઇ કહેતા હતાં કે, ૧૦ મણ મગફળી અને એક તોલો સોનું પણ માનનીય વિરજીભાઇને હું કહીશ કે, ૧૦ મણ નહિ એક ખાંડી મગફળી અને એક તોલો સોનું. ૧૯૭૫ સુધી એ ભાવ ચાલતો હતો. આપ આખો ઇતિહાસ જોઇ લેજો. એક ખાંડી મગફળી સામે એક તોલો સોનું આવતું હતું. સોના જેવા સિંગતેલમાં ભેળસેલ કરવાની છૂટ આપવાને કારણે સિંગતેલ ખાનારો વર્ગ ધીમે-ધીમે ઘટી ગયો છે. મારી પાસે વૈજ્ઞાનિક તારણો પણ છે. દુનિયાના અનેક scientist એ સંશોધન કર્યું છે કે, મગફળી કોલેસ્ટ્રોલ ઘટાડે છે. રોજ મગફળીના ૧૦ દાણા ખાનાર માણસને હાર્ટ-એટેક નથી આવતો અને કેન્સરથી દૂર રહે છે. આટલી તાકાત ધરાવતી મગફળી અને એનું તેલ આજે લોકોમાંથી ધીમે-ધીમે અપ્રિય કેમ થયું છે. કેટલાંક ડોકટર આજે એમ કહે છે કે, કોલેસ્ટ્રોલ વધે છે. હૃદયની તકલીફ થાય છે. એના કારણે લોકો આજે મગફળીના તેલને બદલે સફોલા કે બીજા અન્ય તેલ ખાતા થયા છે. જે પ્રકારે મગફળીના તેલમાં ભેળસેળની છૂટ મળી છે એના કારણે દુનિયામાંથી આવતા, ઇમ્પોર્ટ થતાં પામોલિન તેલમાં કેટલાંક ભેળસેળિયા તત્વો એસેન્સ નાંખે છે જેના કારણે મગફળીના તેલ જેવી સુગંધ આવે છે. આવી ભેળસેળના કારણે લોકોમાં રોગો પણ વધ્યા છે. સિંગતેલમાં ભેળસેળ બંધ થાય અને સિંગતેલનું જો પ્રોપર માર્કેટીંગ થાય તો ગુજરાતના અને સૌરાષ્ટ્રના ખેડૂતોને ક્યાંય મગફળી વેચવા જવું ના પડે, એને ટેકાના ભાવ આપવાની આવશ્યકતા ના રહે અને પૂરેપૂરા ભાવ ખેડૂતોને મળે. સિંગતેલ એ ઓલિવ ઓઇલ સમકક્ષ છે. સૌથી મોંઘામાં મોંઘું ઓલિવ ઓઇલ છે અને આજે જો કોઇ તેલની સરખામણી ઓલિવ ઓઇલ સાથે થતી હોય તો એ માત્ર ને માત્ર સિંગતેલ છે. આ રીતે જો એને પ્રોટેક્ટ કરવામાં આવે તો ખૂબ સારું માર્કેટ ઊભું થઇ શકે. આજે દુનિયાનું માર્કેટ ઓર્ગેનિક ખેતીથી ઉત્પાદન થયેલ માલ માગે છે અને આ ઓર્ગેનિક ખેતી આધારિત ઉત્પાદન થયેલ માલનું જબરજસ્ત માર્કેટ પણ આજે ઊભું થયું છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના કૃષિમંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારા કેટલાંક વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ખેડૂતને જગતનો તાત કહ્યો છે. એ ઉક્તિ જૂની થઇ પણ માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતો જે ખેતી કરે છે એ ખેતીની જમીનો શહેરી વિસ્તાર વધવાથી ટૂંકી થતી જાય છે ત્યારે અમારા આદિવાસી વિસ્તારમાં જે ખરાબાની જમીન આવેલી છે એ ખરાબાની જમીનને તમે નિયમબધ્ધ કરી આપતા હોય તો ઘણું સારૂં પણ ન કરી આપતા હોય તો એક સાલી ધોરણે ખેડૂતોને જમીન આપી અને એને ખેતી કરવાની મંજૂરી આ સરકારે આપવી જોઇએ એવું મારું સૂચન પણ છે અને માગણી પણ છે. અગાઉના વર્ષોમાં ભાજપની સરકાર હતી તે વખતે ખરાબાની જમીન આપશું એમ કરીને હજારોની સંખ્યામાં ફોર્મ ભરાયા હતા અને ખેડૂતો અહીંયા સુધી આવતા હતા, આદિવાસી ખેડૂતો અહીં સુધી આવતા હતા પણ એક ખેડૂતને હજુ ખરાબાની જમીન મળી નથી ત્યારે તમે કાયમી ધોરણે ન આપી શકો પણ એક સાલી ધોરણે આપી શકાય એવું મારૂં માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ખેતીના પાકનો વધારો કરવા માટે ખાસ કરીને રાસાયણિક ખાતર અને બિયારણની જરૂર પડતી હોય છે પણ અનુભવે એવું દેખાયું છે કે, રાસાયણિક ખાતરોના જૂન, જુલાઇ અને ઓગસ્ટ આ ત્રણ મહિના પીક અવર ગણાય અને તે સમયે આ રાજયમાં ખાતર આદિવાસી વિસ્તારમાં મળતું નથી. ખાનગી વેપારીઓ પાસેથી ખાતર ખેડૂતોને ઉંચા ભાવે ખરીદવું પડે છે. આપણી પાસે વિતરણ વ્યવસ્થા હોવા છતાં પણ એને સુદ્રઢ બનાવી નથી. આ રાજયમાં ગુજકોમાસોલ, એગ્રો ઇન્ડસ્ટ્રીઝ અને અન્ય સંસ્થાઓ કામ કરે છે. મને ખબર છે કે, આપણે જે ખાતરની ભારત

સરકારને ડીમાન્ડ મૂકવી જોઇએ એ ડીમાન્ડ કૃષિ વિભાગ મોડી મોકલે છે એમ કહીએ તો ખોટું નથી. ખાતર, બિયારણ આપવાની સરકારી જે યોજનાઓ છે અને એમાં જે ખાતર આપવામાં આવે છે એ ખાતર આ રાજયને મળતો હિસ્સો એ હિસ્સામાંથી બાદ કરવામાં આવે છે એને બદલે અલગ કેલક્યુલેશન કરી આ વધારાનો ખાતરનો જથ્થો સેન્ટ્રલમાંથી મળે એવી પણ ડીમાન્ડ  સરકારે કરવી જોઇએ. મારે સરકારને કહેવું છે કે, જયારે પણ રાજયમાં ખાતરની અછત ઉભી થાય છે ત્યારે રાજયના જે તાલુકા સેન્ટરો છે એ સેન્ટરોમાં સરકારના સ્ટૉરેજ પોઇન્ટ ઉભા કરીને ખેડૂતોને નજીકના સ્થળેથી ખાતર મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઇએ. અગાઉના વખતે આવી વ્યવસ્થા થતી હતી પણ છેલ્લા કેટલાક વખતથી આ વ્યવસ્થા બંધ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેડૂતને જો ઉભો કરવો હશે તો પાણી આપવું પડશે. પાણીની સગવડતા નથી. નાની સિંચાઇ યોજના અંતર્ગત જયાં નાના વોંકળા છે, નદીઓ છે અથવા તો સારો કૂવો હોય ત્યાં ૯૦ ટકા સહાયના ધોરણે ખેતી પીયત સહકારી મંડળીઓ બનાવવામાં આવતી હતી એમાં ૭૫ ટકા સહાયનું ધોરણ રાખવામાં આવે છે તેના બદલે ૯૦ ટકા સહાયથી આ યોજના અમલમાં મૂકવી જોઇએ. એવું મારૂં સૂચન છે અને માગણી પણ છે. આદિવાસી વિસ્તારમાં ખેડૂતોને આગળ લાવવા હશે તો આ યોજનાઓ અમલમાં મૂકવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં ખેડૂતોને આગળ લાવવા માટે લઢોદ ખાતે સુગર ફેક્ટરીની રચના થઇ હતી પણ એ ફેક્ટરીનું શું થયું એ તો આ ગૃહના તમામ સભ્યશ્રીઓ જાણે છે. આ લઢોદ ફેક્ટરીને દેવામાં ડૂબાડીને એનું લિલામ પણ થઇ ગયું, વેચાણ પણ થઇ ગયું. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને શેરડીના પાકના પૈસા હજુ મળ્યા નથી.  આ જે ખરીદનાર એનો જે ઓનર છે એ ઓનર પાસેથી જે તે વખતે એની સાથે કરાર થયા હશે તો કમસેકમ ખેડૂતોને પૈસા તો મળે. એના માટે સરકારે એ ઓનરને કહીને અથવા તો ખેડૂતોને બોલવાવીને એના પૈસા ખેડૂતોને મળે એવી વ્યવસ્થા થાય એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના ઉત્કર્ષ માટેની સરકારની ઘણી બધી યોજનાઓ છે. આ યોજનામાં એ.જી.આર.-૨, એ.જી.આર.-૩, એ.જી.આર.-૪ ખાતર, દવા, બિયારણ એના ઇન્પુટ કિસ્સા પરિયોજના છે એની સહાયકીનું ધોરણ છે એ સહાયકીનું ધોરણ વર્ષો પહેલાં નક્કી થયેલું છે તો એમાં વધારો કરવાની જરૂર છે. આ રાજયમાં આ એક સીધી યોજના એવી છે કે, જે ખેડૂતોના ઘર સુધી જાય છે અને એનો આદિવાસી વિસ્તારમાં જે ટાર્ગેટ આપવામાં આવે છે એ ટાર્ગેટ પણ વધારવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, બિયારણમાં ભેળસેળ થાય છે એ વાત સાચી છે પણ એ મુદ્દો પાછળથી આવ્યો છે. આપણું ગુજરાત રાજય બીજ નિગમ, આ બીજ નિગમ છે અણે બિયારણનું ઉત્પાદન કરવું અને રાજયના ખેડૂતોને સારું બિયારણ મળી રહે તેના માટે તેની સ્થાપના કરવામાં  આવી હતી. આ બીજ નિગમ થકી સારી કામગીરી થાય અને રાજયના આદિવાસી વિસ્તારમાં કપાસ અને મકાઇનું સારું બિયારણ મળે તેની વ્યવસ્થા થવી જરૂરી છે. ચોમાસા વખતે પર પ્રાંતમાંથી કપાસ અને અન્ય બિયારણો ટુથફૂલ બિયારણ આવે છે તેની કોઇ કાળજી રાખતું નથી અને તેના પરિણામે ખેડૂત લૂંટાય છે. ત્યારે તેની પણ કાળજી રાખવી જોઇએ, એની પાછળ આપણી કવોલીટી કંટ્રોલની ઓફિસ કામ કરતી હોય છે અને તે વે વખતે આવા  જે ઉત્પાકદો અને ભેળસેળીયા છે તેમની સામે પગલાં લેવાં જરૂરી છે.

હું અમારા આદિવાસી વિસ્તારની વાત કરું તો મેં અગાઉ કહ્યું હતું તેમ આદિવાસી વિસ્તારોમાં જમીનો સમતળ કરવા માટે સરકારે જે વ્યવસ્થા કરવી જોઇએ તે વ્યવસ્થા અપૂરતી છે. ખેડૂતોને વ્યકતિગત રીતે  પોતાની જમીન સમતળ  કે સરખી કરવા માટે અગાઉ ખેડૂતો માટે યોજના અમલમાં હતી. ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ  આ કામ કરતું હતું. પરંતુ આ જમીન વિકાસ નિગમને માત્ર પાળવા અને પોષવા માટે અમૂક ટાર્ગેટ આપીને કામ કરાવવમાં આવતું  હોય છે. આથી વ્યકિતગત રીતે ખેડૂતો પોતે જમીન સમતળ કરે તો ખેડૂતોને ફાયદો થાય તેવું મારું માનવું છે.

અમારા વિસ્તારમાં કૃષિ પાકોને સરળતાથી બજાર સુધી લઇ જવા માટે ખેતીવાડી ઉત્તપાદન બજાર સમિતિની રચના થયેલ છે, પણ તેમાં હું માનું છું  માત્ર કપાસ અને મગફળી સિવાયના પાકો બજારમાં આવતા નથી અને શાકભાજી જેવા પાકો બજાર સુધી પહોંચાડવામાં તકલીફ પડે છે તો મારું માનવું છે કે, અમારા ખેડૂતો જે ટામેટા, તુવેર, રીંગણ જેવા પાકો પકવે છે, તે નજીકના માર્કેટમાં વેચાય તે જરૂરી છે.           અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે, માનનીય નરેશભાઇ પટેલ.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર અને જળ સંરક્ષણ માટેની માગણી નંબર -૩ લઇને આવ્યા છે, તેમાં મારા થોડા વિચારો રજૂ કરું છું.

જયારે આ માગણીઓ પર હું અભ્યાસ કરતો હતો, તો તેમાં જમીનની જાળવણી અને જળની જાળવણી એ ખૂબ ખગત્યની બાબત છે અને આ સતત ચાલતી આવતી પ્રક્રિયા છે વર્ષોથી ચાલતી આવતી પ્રક્રિયા અને આ સરકાર તેની સતત ચિંતા કરતી આવી છે, મારે એટલા માટે આ  સરકારને ધન્યવાદ આપવા છે. અત્યારે ચાવડાજી, મારે સામેના મિત્રોની વાત પણ નથી કરવી, આ ગૃહમાં ચોથી વખત સ્પીચ આપું છું, બને ત્યાં સુધી અમે  સરકારની સારી વાત હોય એટલીજ વાત કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

તાર ફેન્સીંગ, આના માટે એટલું જ હું કહું છું કે, આ નીલગાય, રોજડાં અને જંગલી ભુંડ શું અમારી સરકારમાં જન્મ્યા છે ? હું એટલું જ કહું છું કે શું એ અમારી સરકારમાં જન્મ્યા છે? માનનીય અધ્યક્ષશ્રી મને કહેતાં આનંદ થાય છે આ નિગમ દ્વારા છેલ્લા ૧૭-૧૮ વર્ષથી એના માટે જોગવાઇ થઇ અને તેની જોગવાઇ આ વર્ષે પણ કરવામાં આવી, અને લાખોમીટરના એરિયામાં આપણે આ તારફેન્સીંગ કરવાનું આયોજન કર્યું છે. આ વખતે પણ જોગવાઇ થઇ છે, ભૂમિ સંરક્ષણની વાત કરીએ તો

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

હમણાં જ સુખરામભાઇએ કહ્યું , ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે આદિવાસી વિસ્તારની અંદર કે સૌરાષ્ટ્ર વિસ્તારની અંદર એક સમય એવો હતો કે ખેડૂતોને મહેસૂલ ભરવી પણ અઘરી હતી, ત્યાં તાર ફેન્સીંગ તો કયાં આવે? મહેસૂલ પણ ભરાતું ન હતું તેવી ખેડૂતની દશા હતી. તમે આજે ખેડૂતોની વ્યથાની વાત કરો છો તેના માટે તમે કયારેય પણ વ્યવસ્થા નથી કરી, આ સરકારે કરી છે અને તેના પરિણામે અમે આ પાટલી ઉપર બેઠા છીએ. ખડૂતોની સતત ચિંતા કરતી આ સરકાર દિવસે–દિવસે બજેટમાં જેમ જેમ જોગવાઇમાં વધારો કરતા જઇએ છીએ તે રીતે ખેડૂતોની વધારેમાં વધારે ચિંતા કરીએ છીએ. આ બજેટમાં આ જોગવાઇ થઇ છે. આદિવાસી વિસ્તારની અંદર નાના ખેડૂત મહેસુલ ન ભરી શકે અને એને એક કયારી સરખી કરવી હોય તો પણ અઘરું હતું, આ નિગમ દ્વારા આપણે પ્રતિ હેકટર ૨૦ હજાર રૂપિયા આપીએ છીએ, અને ૭૫ થી ૧૦૦ ટકા સહાય ચૂકવીએ છીએ, માનનીય સુખરામભાઇ. આ યોજના આજે પણ ચાલુ છે અને આપણે કરતા આવ્યા છીએ. આજ વરસાદ ઓછો પડે છે. સૌરાષ્ટ્રના ધારાસભ્યો ખેડૂતોની ચિંતા કરે છે. પરંતુ હું છેલ્લા ૨૨ વર્ષથી નાનો મોટો વેપાર કરતો આવ્યો છું. મારો એક પાર્ટનર સૌરાષ્ટ્રના કોલકીનો છે તેથી એના વિસ્તારમાં ઘણીવાર જવાનું થાય છે ત્યારે જો સૌથી વધારે અમને કોઇનો ડર લાગતો હોય તો ગાંડા બાવળના કાંટાનો લાગતો હતો. ૧૯૯૫માં મારી પાસે પીજોટ જીપ હતી એ આજે પણ છે એ લઇને કોલકી જવાનું થાય ત્યારે જતાં જતાં ૨૦–૨૦ કલાકનો સમય નીકળી જાય કારણ કે રસ્તામાં ગાંડા બાવળના લીધે માંડ માંડ જવાય એટલી જ જગ્યા હતી એ ગાંડા બાવળના કાંટાનો ડર લાગતો હતો. પરંતુ મારે માનનીય નીતિનભાઇને અભિનંદન આપવા પડે કે એમણે એ દૂર કરાવ્યા છે. એ ખેડૂતોની ખેતી પણ મેં જોઇ છે ત્યાંથી સ્થળાંતર કરીને દક્ષિણ ગુજરાતમાં આવીને ખેડૂતો બન્યા છે અને સારી ખેતી કરતાં થયા છે ત્યારે મારે આ સરકારને અભિનંદન આપવા પડે. અનેક સિંચાઇ યોજનાઓ બનાવી છે નર્મદા આધારિત અથવા બીજી સિંચાઇ યોજના આધારિત ખેતી કરતાં થયા છે ત્યારે તમને ટેકાના ભાવ યાદ આવે છે. ટેકાના ભાવ આજે યાદ કરતાં હોય ત્યારે મારે એમને યાદ અપાવવું છે એમની સરકાર વખતે એ.પી.એમ.સી. ખાલી રહેતી હતી. આજે તમે જઇને જોશો તો ખ્યાલ આવશે.

ભૂમિ સરક્ષણની વાત કરીએ તો ગામોમાં નવા તળાવ પણ કરીએ છીએ, ઉંડા તળાવ પણ કરીએ છીએ. પાણીનો સંગ્રહ થાય એનું સ્તર ઉંચે આવે એની સતત ચિંતા કરી છે. ખેત તલાવડી કોના માટે છે? નાનો ખેડૂત એના ખેતરમાં ખેત તલાવડી બનાવે, એક ટાંકો બનાવે, ડ્રીપ ઈરિગેશનમાં ફાયદો ઉઠાવે ૮૫ ટકા આદિવાસી ખેડૂતને સબસિડી મળે છે. ખેડૂતે ફકત ૧૫ રૂપિયા જ કાઢવાના. કોંગ્રેસ સરકાર વખતે આ યોજના હતી જ નહિ. તમે આ યોજનાનો અભ્યાસ તો કરો, તમે લાભ તો લો. આ સરકારમાં બધા લોકો લાભ લઇ રહ્યા છે એની ચિંતા કરી હોત તો મને લાગે છે કે આજે અમે અહીંયા નહિ તમે અહીંયા હોત. અમે પણ આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. અમારા વડવાઓને જોયા છે. સામાન્ય ચોમાસું પૂરું થાય એટલે માટીના બંધ બનાવતા હતા અને રવિ પાક પકવતા. મરચી, રીંગણ જે કંઇ બે ચાર મહિના ટકે તેવા પાક પકવીને એનું પેટીયું રળતા હતા. આ સરકારની અંદર ખેત તલાવડીઓ, ચેકડેમો હોય એવી તો અનેક યોજનાઓ કરવામાં આવી જેના દ્વારા આદિવાસી ખેડૂતોની અંદર પણ ખૂબ સારી પ્રગતિ થઇ છે અને એ સારી રીતે જીવતો થયો છે. ત્યારે મારે સુખરામભાઇને યાદ અપાવવું છે કે એને માલ વેચવો હોય તો કયાં વેચે? માલનું ઉત્પાદન વેચવાની વ્યવસ્થા ઉભી કરવી પડે, એ અમારી સરકારે કરી છે અને એના માટેની જોગવાઇ આ બજેટની અંદર થઇ છે ત્યારે હું સરકારને અભિનંદન આપું છું. ખેતરની અંદર ટેન્ક બનાવવી, ડ્રીપ ઈરિગેશનથી તજજ્ઞોની માહિતી લઇને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતો કર્યો હોય તો આ ભાજપ સરકારે કર્યો છે. પહેલા વૈજ્ઞાનિકો એમની ઓફિસમાં બેસતા હતા, આ કૃષિ મહોત્સવ લાવ્યા પછી આ તજજ્ઞો ગામડે ગામડે જઇને સત્સંગ કરે ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતો કર્યો આ નાની સુની વાત નથી કયારેક તો સારી વાત હોય એને સ્વીકારીને અહીંયા એનો ઉલ્લેખ કરો. કાયમ વિરોધની વાત કરીને સરકારને હંમેશા •(×××) લેવાનો પ્રયત્ન કરવામાં આવે એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કયારેય પણ અમે સ્વીકારી શકતા નથી. આ સરકારે જયારે ખેડૂતોની સતત ચિંતા કરી છે, ભૂમિ સંરક્ષણની ચિંતા કરી છે, પાણીની પણ ચિંતા કરી છે ત્યારે ગામડાંમાંથી નાનો ખેડૂત હોય, જંગલની જમીન તો મળી પણ આજે માનનીય સુખરામભાઇએ કહ્યું કે કયારી બનાવવાની એની ક્ષમતા નહોતી. અત્યારે અમે એના માટેની જોગવાઇ કરી છે. અમે સાત બારમાં નામ લાવ્યા. આ જંગલની જમીનમાં જી.ઇ.બી.નું કનેકશન લેવું હોય તો એ લઇ શકે છે એ વાસ્તવિકતા છે. અમે એને ખાલી જમીન આપીને પૂરું નથી કરી દીધું એને માલિક પણ બનાવ્યો છે, એ પાક ધિરાણની લોન પણ લઇ શકે છે. આ રીતે અમે ખેડૂતોની ચિંતા કરી છે. પહેલા સાપથી ખેડૂત મરતો, વીજળીના કરન્ટથી ખેડૂત મરતો હતો તો કોઇ વળી અકસ્માતમાં મૃત્યુ પામતો હતો. પણ આ સરકાર માનવતાના ધોરણે એના પરિવારને ચાર લાખ રૂપિયા સહાય ચૂકવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓની વાત સાંભળી. જો ખરેખર ખેડૂતના હિતની વાત કયારેય પણ હોય તો અમે ખેડૂતના દીકરા તરીકે કાળી રાતે તમારી વચ્ચે આવીને ઉભા રહીશું. આ રાજયમાં ૪૮,૮૬,૦૦૦ ખેડૂત ખાતેદારો છે. હમણાં જ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સાંભળ્યું કે ડ્રીપ ઈરીગેશનમાં આપણે સબસિડી આપીએ છીએ. ડ્રીપ ઈરીગેશન જી.જી.આર.સી., ૩૬૫ દિવસમાંથી ગઇ સાલ ફક્ત ૭૦ દિવસ સબસિડીનું ચાલુ રાખ્યું. આ ડ્રીપ ઈરીગેશનમાં ૮૦ ટકા નળીઓનો ભાગ આવે. આ આખી સિસ્ટમમાં ૮૦ ટકા ખર્ચ નળીઓનું છે. આ નળી માટે જી.જી.આર.સી.એ ૬૦ માન્ય કંપનીઓ આપી છે. આ જે ૬૦ માન્ય કંપનીઓ છે એ કંપનીની નળી તમે બજારમાં લેવા જાવ તો ૬ થી ૭ રૂપિયામાં મળે છે. મારે દુઃખ સાથે કહેવું પડે કે અમારા ધરતીપુત્રની પાસેથી સબસિડીમાં ૧૦-૧૦ રૂપિયા વસૂલવામાં આવે છે. ૭૦ ટકા સબસિડીની આપણે વાતો કરીએ છીએ પણ ૪૦ ટકા તો તમે ખેડૂત પાસેથી ભાવફેરના સીધા જ ઉપાડી લો છો. આવી ખોટી રીતે સબસિડીની યોજનાઓમાં ખરેખર ખેડૂતને ન્યાય મળતો નથી. ગુજરાત વિદ્યુત બોર્ડ તત્કાલ યોજનામાં ખેડૂતોને કનેકશન આપે છે. આમાં ફરજીયાત ડ્રીપ ઈરીગેશન લેવું એવી જોગવાઇ રાખી છે. ખેડૂત બિચારો લાઇનમાં ઉભો હોય, તે તત્કાલ યોજનામાં પોતાના ખર્ચે કનેકશન લે છે. કનેકશનનું ક્વોટેશન ભરવા જાય ત્યાં ગુજરાત વિદ્યુત બોર્ડ એવું કહે કે તમારે જી.જી.આર.સી.ની ડ્રીપ લેવી જોઇએ. પેલો બિચારો ડ્રીપ લેવા જાય તો જી.જી.આર.સી.વાળા એવું કહે કે તમે આજથી પાંચ કે દસ વર્ષ પહેલાં ફુવારા સેટ ખરીદ્યો છે એટલે તમને ડ્રીપ ઈરીગેશન ન મળે. આ ખેડૂત બિચારો કનેકશન વગર આજે પણ હડિયાપાટી કરે છે. આ સરકારની નબળાઇ છે. આમાં સુધારો કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં તુવેરની ખરીદીની વાત થાય છે કે તુવેરની ખરીદી ચાલુ કરી છે. અમારા જુનાગઢમાં કાલે ૨,૦૦૦ ખેડૂતો ભેગા થયા. જયારે તલાટી પાસે પાણીપત્રક લેવા જાય, આમાં એવું છે કે ખેડૂત જે ટેકાના ભાવે માલ આપવા જાય ત્યારે તેમાં પાણીપત્રક આપવું પડે, પણ આ પાણીપત્રક ક્યાંય બનતા નથી. ખેડૂત તુવેરનું પાણીપત્રક લેવા જાય તો કહે કે તમે મગફળી વાવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, જે રેવન્યુ તલાટી-મંત્રી છે તેને સૂચના આપો કે ખેડૂત છે એ એક હાર (લાઇન) તુવેરની કરે અને વચ્ચે બે હાર (લાઇન) મગફળીની કરે એટલે તુવેર પણ એમાં આવે માટે ખેડૂતને હેરાન ન કરો. ટેકાના ભાવની અહીંયા બહુ વાત થઇ. અમે આમ ખરીદી કરીએ છીએ અને અમે આમ ખરીદી કરીએ છીએ. •(×××)

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ, એ હું પૂછીશ. તમે ન પૂછતા. આ બધી જગ્યાએ પછી કાલ જેવું કહેવું પડશે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : એને આખા રાજ્યની વ્યાધી છે. માનનીય અધ્યક્ષશ્રી, હર્ષદભાઇ રીબડીયાએ મગફળીની બાબતમાં વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શ્રી હર્ષદભાઇ રીબડીયાએ હમણાં મગફળીના ટેકાના ભાવની વાત કરી, એમણે હાઇકોર્ટમાં પીઆઇએલ દાખલ કરેલ છે એટલે મારી વિનંતી છે કે આ વિષય સબ જ્યુડીશ હોઇ અહીં ચર્ચા કરી શકાય એમ નથી.

અધ્યક્ષશ્રી : મેટર સબ જ્યુડીશ હોવાથી તેની ચર્ચા અહીં કરી શકાય નહીં.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એના સંલગ્ન આવું બધું થાય છે. મેં એવું સાંભળ્યું છે કે, એમ.પી. કે યુ.પી.ની અંદર સરકાર ખેડૂતોને લાભ આપતી હોય તો કઇ રીતે આપે છે એ આપને જણાવું. આપણે ટેકાના ભાવે ખરીદી કરીએ છીએ. ધારો કે મારી મગફળી રૂ.૬૫૦/- કે રૂ.૭૦૦/- ના ભાવે વેચાઇ હોય તો મને ટેકાના ભાવના રૂ.૯૦૦/-ના તફાવતના રૂ.૨૦૦/- આપવામાં આવે. એનું તમે એની પાસેથી જીએસટીવાળુ પાકુ બિલ લઇ લો. આ રીતે રૂ.૨૦૦/-નું પેકેજ આપી દો તો ગોડાઉન સળગે નહીં અને મંડળીના મળતીયાઓને ફોતરી કે માટી શોધવી નહીં પડે. આ બધુ બંધ થઇ જશે. માનનીય મંત્રીશ્રી ટેકાના ભાવની વાત કરે છે પરંતુ હું ગુજરાતના ખેડૂતોને ચેલેન્જ મારીને કહુ છું એકપણ વ્યક્તિ કે એકપણ માર્કેટ યાર્ડમાં જાઓ અને એ એમ કહે કે મને આ એક આઇટમના પોષણક્ષમ ભાવ મળે છે, વાજબી ભાજ મળે છે તો હું રાજનીતિ છોડી દેવા તૈયાર છું. આ હું તમને કહેવા માગું છું. ખેડૂત બિચારો લાચાર થઇ ગયો છે. મહારાષ્ટ્રમાં હજારો ખેડૂતો લાલ ટોપી પહેરીને આવ્યા હતા. હવે એમાં બહુ દૂરની વાત નથી. અતિ અન્યાય સહન કરવો એ પણ પાપ છે.

'' યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત,
અભ્યુત્થાનમ્ ધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ્,''

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન શ્રી કૃષ્ણએ પાર્થને કહ્યું હતું. અર્જુનરૂપિ ખેડૂતો લાલ ટોપી પહેરીને આ વિધાનસભાનો ટૂંક સમયમાં જ ઘેરાવ કરશે એનું હું આપને ધ્યાન દોરું છું. (અંતરાય)

સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૪ પશુપાલન અને ડેરી વિકાસ અને કૃષિને લગતી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. હમણાં જ બધા ખૂબ મોટી વાતો કરતા હતા. કહેતા હતા કે ટેકાના ભાવ મળતા નથી. મારે એમને એટલુ જ પૂછવું છે કે કોંગ્રેસના વખતમાં ગુજરાતના ખેડૂતોની હાલત શું હતી? કોંગ્રેસના વખતમાં પશુપાલનનો ધંધો કરનાર લોકોની હાલત શું હતી? એને બિચારાને કોઇજાતની સહાય મળતી નહોતી. લાચાર અને બિચારો થઇને જીંદગી જીવતો હતો. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મગફળીના ટેકાના ભાવ મળે છે અને કપાસની પણ ટેકાના ભાવથી ખરીદી થાય છે, તુવેરની પણ ટેકાના ભાવથી ખરીદી થાય છે. ખેડૂતોને ટેકાના ભાવની ખબર ક્યારે પડી? ભારતીય જનતા પાર્ટીની સરકારે ટેકના ભાવથી ખરીદી કરવાની શરૂઆત કરી ત્યારે ખેડૂતોને ખબર પડી. કોંગ્રેસના વખતમાં સૌરાષ્ટ્ર ખાલી થઇ ગયું. બધા લોકો સૌરાષ્ટ્રમાંથી સુરત જવા લાગ્યા. એના કારણો શું હતા? સૌરાષ્ટ્રમાં પીવાનું પાણી નહોતુ, ખાવાનું મળતું નહોતું. ટ્રેનથી પાણી પહોંચાડવામાં આવતું હતું. સૌરાષ્ટ્રના લોકો સુરતમાં જઇને ખૂબ સુખી થયા છે,

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તેમને ધંધા રોજગાર મળ્યા છે અને તેઓ જલસા કરે છે. શ્રી હર્ષદભાઇ તમે સુરત બાજુ શું કામ ગયા છો? સૌરાષ્ટ્રમાં ધંધો કરોને? કારણ કે ત્યાં કશું હતું નહીં, કોંગ્રેસના વખતમાં ત્યાં ખાવાનું કશું મળતું નહોતું. ત્યાં લોકોને પીવાનું પાણી મળતું નહોતું. રાજકોટમાં ટ્રેઇનથી પાણી જતું હતું.

સભાપતિશ્રી : આપ બેસો. હર્ષદભાઇ આપ બેસો. (અંતરાય)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : આ લોકો ખોટી બૂમો પાડે છે. જૂઠું બોલો અને જોરથી બોલો (અંતરાય)

સભાપતિશ્રી : આપના પ્રવચનમાં કોઇ વચ્ચે બોલતું ન હતું. આપ શાંતિથી બેસો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે અમારા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારે એમને આટલું જ કહેવું છે કે, તે વખતે માણસોની સારવાર ન હોતી થતી પણ આજે ભારતીય જનતા પાર્ટીના વખતમાં પશુઓની સારવાર થાય છે. સરકારે પશુઓ માટે મોબાઇલ વાન રાખી છે એ ગામે ગામ જાય છે. લોકોની સારવાર થતી ન હતી એવી અત્યારે પશુઓની સારવાર થાય, પશુઓના મોતિયાનું ઓપરેશન થાય, પશુઓના દાંતના દવાખાના ઊભા થાય, ત્યાં ડોક્ટરો ન હતા અરે, પશુઓને ખાવા માટે દાંતનું ઓપરેશન કરીને દાંત બેસાડવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. આજે કોંગ્રેસના મિત્રો વાત કરે છે એને મારે એટલા માટે કહેવું પડે છે કે, મહાત્મા ગાંધીજીએ કોઇ પણ રાષ્ટ્રની મહાનતા, નૈતિકતા, વિકાસ એના પશુઓની સાર-સંભાળ રાખવામાં આવે એના માટે મહાત્મા ગાંધીજીએ કીધું હતું કે, ભારતીય સંસ્કૃતિ અને મહાત્મા ગાંધીજીના વિચારોને રાજ્યના તત્કાલીન માનનીય મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબે આરોગ્ય મેળાઓની શરૂઆત કરાવી. આરોગ્ય પશુ સંવર્ધન માટેની પણ એમણે વ્યવસ્થા કરાવી. પશુપાલકોને વિના મૂલ્યે પશુ આરોગ્ય મેળા થાય અને ઘેર બેઠા સારવાર થાય એવી વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારના વખતમાં કરવામાં આવી. (અંતરાય) આ આશયથી લગભગ ૨૦૦૨-૨૦૦૩ થી રાજ્યની અંદર રાજ્ય વ્યાપી પશુમેળાના અભિયાનની શરૂઆત કરાવીને હજારો પશુઓને સારવારનો લાભ આપીને પશુપાલકોને ફાયદો થાય એવી વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારના વખતમાં કરવામાં આવી છે. પશુ મેળાઓની શરૂઆત પશુ સેવા યજ્ઞ ૨૦૧૪-૨૦૧૫ મુખ્યમંત્રી નિ:શૂલ્ક પશુ સારવાર યોજના અંતર્ગત ૨૦૧૫ થી ૨૦૧૬ની અંદર ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનું આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટની સરકારે કર્યુ છે. મારે એટલું કહેવું છે કે, પશુઓ માટે થઇને આજે જોઇએ તો કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની અંદર ૧૯૬૨ જેવા અનેક નવીન આયામોને અમલમાં મૂકીને પશુ સારવારને સઘન બનાવી એ માટે મારે રાજ્ય સરકારને અભિનંદન આપવા છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જોઇએ તો સારવાર માટે મેળાઓ દ્વારા સઘન ચિકિત્સા કેન્દ્રના પરિણામે રાજ્યમાં પશુઓના ચેપીરોગની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો શરૂઆત જ થઇ છે. અંદાજપત્રની અંદર મુખ્યમંત્રી નિ: શૂલ્ક સારવાર યોજના માટે ૨૫ કરોડની જોગવાઇ કરી, આજે ૪૬૦ પશુ દવાખાના સેવા માટે સુચવેલ ૪૭ કરોડની જોગવાઇ, રાજ્યના તમામ જિલ્લાઓમાં કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની સેવાઓ માટે સુચવાયેલ ૨૫ કરોડની જોગવાઇ તેમજ રાજ્યના પશુ સારવાર કેન્દ્રના આધુનિકરણ માટે સુચવાયેલ ૧૦ કરોડની જોગવાઇ, રાજ્યમાં ઉપલબ્ધ થનાર પશુ ચિકિત્સા સેવા દ્વારા એના ઉત્પાદન અને ઉત્પાદકતા વુદ્ધિ વધે એમ દ્રઢપણે માનું છું. પશુ ચિકિત્સા સેવાથી પશુ ઓલાદ સુધારણા સંરક્ષણની બાબતે રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ મહત્વનું કામ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં પશુપાલન ઓલાદ સુધારણાને માન્યતા આપવા માટે પશુપાલન વિભાગે ઉપાડેલી જહેમતના પરિણામે દેશની અંદર ખૂબ સારું કામ થયું છે. (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીયશ્રી વજેસિંગભાઇ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો અમારા બાપ-દાદા કહેતા હતા કે, 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ક નોકરી' આજે છેલ્લા ૨૨ વર્ષમાં પરિસ્થિતિ કાંઇ જુદી થઇ ગઇ છે 'કનિષ્ક ખેતી, મધ્યમ વેપાર અને ઉત્તમ નોકરી' આ સરકારમાં થઇ ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા દાહોદ જિલ્લામાં કુદરતી ચોમાસાના આધારે જ ખેતી થાય છે. ડુંગરાળ, પથરાળ અને ઢાળ ટેકરાવાળી જમીન આવેલી છે. જુના જમાનામાં અખાત્રીજ આવે એટલે અમારા આદિવાસી તૈયારી કરે. ખાતર, પાણી, બી, બધું મેળવે. આ છેલ્લા ૨૨ વર્ષથી ન બીયારણ મળે, ન ખાતર મળે. પાક થઇ જાય પછી એને ખાતર આપે. અમારા આદિવાસીની કમર તુટી ગઇ છે. આજે તમે સૌ જાણો છો કે વરસાદ ન પડવાના કારણે, આ સરકાર આવી ત્યારથી વરસાદ જ નથી પડતો. સચિવાલયમાં વરસાદ પડે તો એમ.એલ.એ. કવાર્ટરમાં વરસાદ ન પડે એવી રીતે કુદરતી રીતે એક જ ખેતરનો શેઢો હોય અને વરસાદ ન પડે. આ પરિસ્થિતિમાં અમારા આદિવાસીઓ ગુજરાતમાં મજૂરી માટે લાખોની સંખ્યામાં હિજરત કરે છે. કોંગ્રેસ સરકાર હતી ત્યારે સરકારે અમારા આદિવાસીઓની ખૂબ ચિંતા કરી. પંચમહાલ અમારો જુનો જિલ્લો હતો. ૧૧ તાલુકા અમારા પૂર્વ વિરોધ પક્ષના નેતા અને શંકરસિંહ બાપુ હતા ત્યારે અમારો દાહોદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. દાહોદ જિલ્લાના આજે ૮ જેટલા તાલુકાઓ છે અને ડેમો કોંગ્રેસે બનાવ્યા. પાટાડુંગરી ડેમ, હડફ ડેમ, કબૂતરી ડેમ, વાંકલેશ્વર ડેમ. એ

ડેમોમાંથી સિંચાઇ માટે પાણી લઇને અમારા આદિવાસી પગભર થયા. આજે જુઓ તમે ૨૨ વર્ષમાં એક પણ ડેમ બનાવ્યો હોય તો તમે મને બતાવો. હું જાહેરમાં રાજીનામુ આપી દઉં. તમે લોકોએ કર્યું. સુજલામ સુફલામ અને બોરીબંધ (અંતરાય)

સભાપતિશ્રી : જેઠાભાઇ, આપ બેસી જાવ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : જેઠાભાઇ, મને બોલવા દો. સુજલામ સુફલામ બોરીબંધ કર્યા, આજે એક લોટી જેટલું પાણી સંગ્રહ થાય એટલું પાણી મળે છે ખરું? (અંતરાય) જેઠાભાઇ, બેસી જાવ મને ખબર છે. (અંતરાય)

સભાપતિશ્રી : વજેસીંગભાઇ, મેં એમને સૂચના આપી છે તમારે સૂચના આપવાની જરૂર નથી તમે પ્રવચન ચાલુ રાખો. આ બાજુ જોઇને પ્રવચન ચાલુ રાખો. જેઠાભાઇ, આપ બેસી જાવ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : તળાવ અને ઉદવહન સિંચાઇ યોજનાની વાત હોય આ છેલ્લા ૨૨ વર્ષથી ન તો મુખ્ય નહેર રીપેર થઇ હતી, પ્રશાખા, શાખા અને કિનારો જર્જરીત હાલતમાં છે ત્યારે આ સિંચાઇની સુવિધા માટે (અંતરાય)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ કીધું કે એક પણ ડેમ બનાવ્યો હોય તો હું રાજીનામુ આપી દઉં.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : હા, તો બતાવોને કયાં બનાવ્યા છે?

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગું છું પાનમ હાઇલેવલ કેનાલ, કડાણા હાઇલેવલ કેનાલ આ બધી કેનાલો કોના વખતમાં બનાવી? એમને કહો કે રાજીનામુ મુકી દે. (અંતરાય)

સભાપતિશ્રી : આપ બેસો બધા, મંત્રીશ્રી જવાબ આપશે. બેસો બધા.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : હું મારા દાહોદ જિલ્લાની વાત કરું છું અને પંચમહાલ જિલ્લાની વાત કરું છું જેઠાભાઇ, ગુજરાતની વાત નથી કરતો.

સભાપતિશ્રી : અમિતભાઇ, આપના સભ્યોને બેસાડો. (અંતરાય) આપનું પ્રવચન ચાલુ રાખો. આપનો સમય જાય છે. બે મિનિટ જ બાકી છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : બન્યા ત્યારથી નથી તો મુખ્ય કેનાલ રીપેર થતી, નથી તો પ્રશાખા, શાખા. આ નાની સિંચાઇના તળાવોની વાત કરીએ તો ગેટો જર્જરીત હાલતમાં છે. ખેડૂતોને પાણી મળતું નથી. રીપેરીંગ કરતા નથી. આ પણ તાત્કાલીક રીપેર થવું જોઇએ. હમણા જ જેઠાભાઇ કહેતા હતા પશુપાલન મેળો કરીને પશુઓની બહુ સારવાર કરીએ છીએ. મારે એમ કહેવું છે કે દાહોદ જિલ્લામાં એક પણ ડોકટર છે ખરો પશુ દવાખાનામાં? એક જ દવાખાનું દાહોદમાં...

સભાપતિશ્રી : જેઠાભાઇ, મંત્રીશ્રી જવાબ આપશે. આપ બેસો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ બીમાર પડે તો ડોકટર નથી. દવાખાના નથી. અને પશુપાલનની વાત કરીએ તો અમે સારવાર કરીએ છીએ. કોંગ્રેસના શાસનમાં ગામડે, ગામડે પશુ ડોકટર, ગામડે ગામડે દવાખાના હતા. આજે પરિસ્થિતિ ખરાબ થઇ છે. આજે એક લાખની ભેંસ મારો આદિવાસી ભાઇ ખરીદે અને એ ભેંસ બીમાર પડે તો ડોકટર નથી અને ભેંસનું મૃત્યુ થાય છે. ટ્રેકટરના સહાયની જો વાત કરીએ તો ૩૫ હોર્સપાવર ટ્રેકટરની સબસિડી આપવી જોઇએ. તે એક જ કંપનીનું ટ્રેકટર ખરીદ કરે તેને સહાય આપવામાં આવે છે. કોઇપણ કંપનીનું ટ્રેકટર લે. મહિન્દ્રા કે સોનાલિકાનું ટ્રેકટર લે તો પણ સહાય આપવી જોઇએ. એક જ કંપનીના ટ્રેકટર ખરીદ કરે એના ઉપર જ સહાય આપવામાં આવે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મત્સ્યોદ્યોગ વિભાગની ૨૦૧૮-૧૯ ના વર્ષના અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે, એને હું સમર્થન આપું છું અને મત્સ્યોદ્યોગ વિભાગની જોગવાઇ અને કામગીરીથી આ સન્માનનીય ગૃહને વાકેફ કરવા માગુ છું.

આ ભારત દેશની અંદર એક ગુજરાત એવું રાજ્ય છે કે જેની પાસે ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો આવેલ છે. આ દરિયાકિનારાની અંદર હાલ ૩,૭૬,૦૦૦ હેક્ટર ખારાપાટની જમીનો આવેલ છે. લગભગ ૧,૩૦,૦૦૦ હેક્ટર જેટલી જમીનમાં મીઠાના ઉદ્યોગ આવેલ છે. આ પૈકી સમગ્ર ગુજરાતની અંદર ૧,૯૫,૦૦૦ હેક્ટર જમીન આ ભાંભરા પાણીના ઝીંગાના ઉછેર માટે વાયેબલ છે. હાલની તારીખે જોઇએ તો સમગ્ર ગુજરાતની અંદર ૧૬,૬૬૦ હેક્ટર આ ઝીંગા માટે જમીન ફાળવી છે. એટલે કે લગભગ ૧,૯૫,૦૦૦ માંથી લગભગ ૫ ટકા જેટલી જમીન આ ઉદ્યોગ માટે ફળવાઇ છે. જો સરકાર આમાં વધારે ધ્યાન આપે તો આપણે રોજગારીની મોટી તક ઊભી કરી શકીએ. ગત વર્ષે સમગ્ર ગુજરાતની અંદર વરસાદ ઓછો પડ્યો. છતા પણ ગુજરાતની અંદર ૫૭,૦૦૦ ટન જેટલા ઝીંગાનું ઉત્પાદન થયું, જેના કારણે ગુજરાતમાં ૨૨૫૦ કરોડ રૂપિયાનું હુંડિયામણ લોકો કમાયા. હું મારા ઓલપાડની વાત કરું તો ગત વર્ષે ૬૦,૦૦૦ મેટ્રિક ટન ઝીંગાનું ઉત્પાદન થયું છે. તેનાથી ૩૨૫ કરોડ રૂપિયા હુંડિયામણ કમાયા છે. મને કહેતા આનંદ થાય છે કે છેલ્લાં ૮-૯ વર્ષથી ઓલપાડની અંદર ઝીંગાનો વ્યવસાય ચાલે છે. ભૂતકાળમાં ખેડૂતોએ આ ઝીંગાના માલનું ઉત્પાદન કરીને મુંબઇ સુધી વેચવા જવું પડતું હતું. મુંબઇના વેપારીઓ ખેડૂતોના પૈસા ન આપે, બાકી રાખે, પૈસા માટે દોડાવતા હતા. મને કહેતા આનંદ થાય છે કે નરેન્દ્રભાઇ મોદી આ દેશના વડાપ્રધાન બન્યા અને આ ઉદ્યોગને વેગ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી સબસિડી આપી. આ ખેડૂતો માલ પોતાના તાલુકામાં વેચી શકે તે માટે પ્રોસેસ યુનિટની સ્થાપના કરવા માટે સબસિડી આપી. મને કહેતા આનંદ થાય છે કે ઓલપાડ તાલુકામાં આજે ૨ યુનિટો

આવ્યા છે. જેના થકી જે મારી દરિયાકિનારાની બહેનો રોજીરોટી માટે સિટીમાં લોકોને ત્યાં વાંસણ માંજવા જતી હતી તે ૩ થી ૪ હજાર જેટલી બહેનો પ્રોસેસ યુનિટમાં નોકરી કરી રહી છે. દક્ષિણ ગુજરાતમાં ઘણા બધા લોકો વિદેશોમાં નોકરી કરે છે. વિદેશમાં નોકરી કરીને એ લોકો અહીંયા આવે ત્યારે કહે છે કે અમે તો ઓલપાડમાંથી ઝીંગાના બોક્સ આવે છે જેનું ઇમ્પોર્ટ અહીંથી થાય છે. તે બોક્સ ઉપર લખેલું હોય છે કે મેઇડ ઇન ઇન્ડિયા અને વેસ્ટકેટ ફેક્ટરી ઓલપાડ એ પ્રકારનું લેબલ લાગેલું હોય છે. શૈલેષભાઇ, અમે તો આનંદ માણીએ છીએ કે આ ગતિશીલ ગુજરાતની અંદર આ રીતે અમારા ઓલપાડનું નામ વિદેશમાં વખણાય છે તો એનાથી બીજો આનંદ શું હોઇ શકે? શૈલેષભાઇ ઝીંગા એક એવી વસ્તુ છે કે બીજા બધામાં લાલ લોહી નીકળે અને ઝીંગામાંથી બ્લુ કલરનું લોહી નીકળે છે. એટલા માટે વિદેશમાં આની બોલબાલા છે. એ હેલ્થ માટે સારામાં સારા છે.(અંતરાય) એ ખાજો. પાણી આવી જશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય મુકેશભાઇ તમે બહુ વર્ણન ના કરશો અહીં ઘણાને મોં માં પાણી આવી ગયું છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ હેલ્થ માટે પણ સારા છે. આંધ્રપ્રદેશની અંદર આ ઉદ્યોગને કૃષિનો દરજ્જો આપ્યો છે. હું આપના થકી ગૃહમાં વિનંતી કરું છું કે ગુજરાતની અંદર આ ઉદ્યોગને કૃષિનો દરજ્જો આપે. આ ઓલપાડ તાલુકાની અંદર પોર, બતવાડા, કોઠડ, કંબોઇ, કોબા, લવાચા, પીંજરડ, કોડિયારા જેવા દરિયાકિનારાના ગામો છે. આવા ગામોની અંદર પહેલાં તે લોકો દરિયો ખેડીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. સમયાંતરે દરિયો આઠ દસ કિલોમીટર અંદર જવાથી આ ગામના યુવાનો લોકો દારૂના રવાડે ચડી ગયા હતા. છેલ્લા ઘણા સમયથી કાયદેસર કે ગેરકાયદેસર ઝીંગા મેળવીને દારૂની બદીમાંથી બહાર આવ્યા છે. હું આપના થકી સરકારને કહેવા માગુ છું કે ત્યાંના સ્થાનિક લોકો જે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે તો આ ગામમાં કોઇ મોટી કંપનીને તળાવો ન આપી આ ગામના સ્થાનિક લોકોને એક–દોઢ એકરના કાચી માટીના પાળા બનાવીને ઝીંગા ઉછેર કરે છે તેમને આપણે પાંચ–દસ વર્ષના ભાડાપટ્ટે આપીએ તો સારામાં સારી રોજી આપી શકીએ. ત્યાં જે લોકો ગેરકાયદેસર આ કામ કરે છે તેમને કાયદેસર કરી આપે તેના માટે સરકારને વિનંતી કરું છું. ઘણાબધા લોકો કહેતા હતા કે આપણે રોજગારી માટે આંદોલનો કરીએ છીએ, સત્તામાં બેઠા છીએ પણ રોજગાર આપી નથી શકતા છતાં પણ આ ઉદ્યોગ એવો છે કે તેના થકી આપણે આવા લોકોને રોજગાર આપી શકીએ. અત્યારે પાંચ હજાર હેકટરના તળાવો આખા ગુજરાતની અંદર આવેલા છે. તેમાં ભવિષ્યની અંદર ઘણાબધા તળાવો બની શકે તેમ છે. અત્યારે હાલ ચાર હજાર જેટલા તળાવો આવેલા છે, તેમાં ભવિષ્યમાં આપણે આ ઉદ્યોગનો વિકાસ કરીએ તો લગભગ ૬૪ હજાર જેટલા તળાવો બની શકે તેમ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ વધારે આપજો. તળાવો ઉપર અત્યારે હાલમાં ૧ લાખ ૨૮ હજાર લોકો સીધી રોજીરોટી મેળવી રહ્યા છે. જો આપણે આ ગુજરાતમાં ૧ લાખ ૩૦ હજાર હેકટર જમીનના તળાવો ફાળવીએ તો લગભગ ૪૦ લાખ ૯૬ હજાર લોકોને સીધી અને આડકતરી રીતે રોજીરોટી આપી શકીએ. બાબુભાઇ તમારા બાજુના વિસ્તારના ઘણાબધા કુટુંબો અહીં રોજીરોટી માટે આવે છે. તમે આમાં ધ્યાન આપો અને કહો છો કે રોજગારી આપો, રોજગારી આપો તો આ રોજગારી આપવાનો એક સીધો રસ્તો છે. ઘણા કુટુંબોને આનો લાભ મળી શકે તેમ છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ અને નાની સિંચાઇની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું. ઘણાબધા સાથી સભ્યો વખાણ કરતા હતા અને ફરિયાદ પણ કરતા હતા. પરંતુ અમે જે રીતે રહીએ છીએ, ખેડૂત ખેતી કરવા ખૂબ ઇચ્છે છે. સારા પોષણક્ષમ ભાવ મળે તેવું પણ ઇચ્છે છે. ગઇ વખતે અમે પાણી માટેની એક લાગણી વ્યક્ત કરેલી. માનનીય બાબુભાઇ બોખીરીયા સાહેબ બોલતા હતા. ત્યારે હું એક ફરિયાદ લેખીતમાં લઇને ગયો હતો. તેમના સાથી ધારાસભ્ય કાંતીભાઇ ગામીતને સાથે લઇને ગયો હતો. તેઓ તે વખતે મંત્રી હતા અને આજે અહીં નથી. અમે નાની સિંચાઇ માટે ઉકાઇ મેઇન કેનાલમાંથી પમ્પીંગ સ્ટેશન ઉભું કરી સિંચાઇની યોજના થાય, સોનગઢ, ઉચ્છલ અને વ્યારા ડોલવણ તાલુકાની વાત કરીએ ત્યારે કેટલાક ગામડાં એટલે કે ૬૦ થી ૭૦ ગામડાં એવા છે કે જે જ્યાં ખેડૂતો ખેતી કરવા માટે તડપે છે પણ ત્યાં પાણી નથી. અહીં મોટી મોટી વાતો કરે છે, નર્મદાની વાત કરે છે. તેઓ કહે છે કે સૌરાષ્ટ્રના ખેડૂતો સુરતમાં આવે છે. સુરતમાં તાપી નદી પર જે રીતે અમારા કોંગ્રેસના રાજમાં જે કાકરાપાર અને ઉકાઇ ડેમ બન્યા. અમે તો પાણી આપીએ છીએ. જે કાકરાપાર અને ઉકાઇ ડેમ બન્યા અને અમે જે રીતે પાણી આપીએ છીએ એજ રીતે જે ખેડૂતો પાણી માટે તલપાપડ થઇ રહ્યા છે માટે માણસ જીવવો જોઇએ, સારી ખેતી થવી જોઇએ એવી સ્થિતિ માણસ ઇચ્છતો હોય ત્યારે મને એમ લાગે છે કે એમાં પણ ભેદભાવ રાખવામાં આવે છે. જ્યારે તમે સૌરાષ્ટ્રને ૭૦૦–૮૦૦ કિલોમીટરની પાઇપલાઇન નાંખીને ખેડૂતોને પાણી આપવા જઇ રહ્યા છો અને આપો છો એવી રીતે માત્રને માત્ર ૧૫ કિલોમીટરના અંતર પર અમે રહીએ છીએ અને અમારી નજરે જોઇએ છીએ કે અમારી નજીકથી પાણી જાય છે સુરત, નવસારી અને વલસાડમાંથી પાણી જાય છે અને માનનીય સભ્યશ્રી નરેશભાઇ મારા મિત્ર છે તેઓ હમણા અહીંયા બોલતા હતા કે ભાઇ, (અંતરાય) અમે જો પાણી અટકાવી દઇએ તો નરેશભાઇ, તમારી હાલત કેવી થાય? એટલે આ માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ અત્યારે જે યોજના બનાવીને લઇ જઇ રહ્યા છે એવી કોઇ યોજના તમે અમારા તાપી અને સુરત જિલ્લાના કેટલાક ગામડાં એવા છે એમાં તમે આપવા માગો છો કે કેમ? ત્યાંના ખેડૂતોને આવી કોઇ યોજના તમે આપવા માગો છો કે કેમ? જો ખેડૂત માટે તમે સાચા હિતેચ્છુ હોય તો માનનીય મંત્રીશ્રી, (અંતરાય) ના,ના, નહીં આંદોલન કરીએ. અમે તો આંદોલન એટલા માટે કરીશું કે, જે ખેડૂત આજે પાયમાલ થઇ રહ્યો છે અને જે રીતે સુગર ફેક્ટરીની વાત કરી તો કહું છું કે, સુગર ફેક્ટરી બંધ પડેલી હતી એ ફેક્ટરી અમે ચાલુ કરી હતી એટલું જ નહીં, સુગર ફેક્ટરી પણ ચાલુ કરી હતી અને પછી એનું દેવું ૪૨ કરોડ રૂપિયા જેવું હતું એ પણ અમે ચૂકવ્યું હતું.

માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલ અહીંયા બેઠાં છે તેઓ સાક્ષી પણ છે અને એ પાછી તમારી સરકારને હસ્તક ગઇ અને આજે ચાર વર્ષથી એ સુગર ફેક્ટરી બંધ છે અને એને કારણે ખેડૂતોની હાલત બગડી ગઇ છે, આવી આ તમારી ભાજપ સરકાર છે. કોંગ્રેસના રાજમાં બનેલી આ સુગર ફેક્ટરી સારામાં સારી હતી, એમાં હું વાઇસ ચેરમેન ૮ વરસ રહ્યો છું અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે એ દિશામાં હું માર્કેટ યાર્ડના ચેરમેન પદે પણ ૧૫ વરસ સુધી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, અમે પોષણક્ષમ ભાવો આપી શકતા હતા અને ત્યાં કોંગ્રેસના માણસો બેઠાં હતાં, કોંગ્રેસના આગેવાનો બેઠાં હતાં એટલા માટે લોકોને અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા હતા અને ખેડૂતો જે શેરડી પકાવતા હતા એ શેરડી પકાવતા ખેડૂતોને તમે આજે રડતા કરી નાંખ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, અમે જ્યાં બેઠાં છીએ, અમે દબાયેલા અને કચડાયેલા છીએ એ વિસ્તારના લોકોની અને એ વિસ્તારના ખેડૂતોની ચિંતા કરી હોત તો તમને અમે અભિનંદન આપત. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રોઝડા અને ભૂંડની વાત કરતા હતા, પણ એ ભૂંડોનો તમે અનુભવ નથી કર્યો પણ અમે તો અનુભવ કર્યો છે માટે કહું છું માનનીય નરેશભાઇ કે, જો તમારું ૫ એકરનું ખેતર હોય અને એમાં મગફળી કરી હોય એ એક કલાકમાં સાફ કરીને ભૂંડો જતા રહે છે. આજે તમે તારની વાડ કરો છો એ ક્યાં કરો છો? અમારા વિસ્તારમાં ક્યાં થઇ છે? ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, જો તમે ખેડૂતોના હિતેચ્છુ હોય, ખેડૂતોનો પાક બચાવવો હોય તો આ યોજના અમારે ત્યાં પણ લાગુ પાડો, કારણ કે આ ખેડૂતો છે એ માત્રને માત્ર નાના ખેડૂતો છે, મધ્યમ વર્ગના ખેડૂતો છે એમને સાચી દિશામાં એમનો વિકાસ કરવા રાજ્ય સરકાર ઇચ્છતી હોય તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, અમારા જેવા જે સૂકા વિસ્તારોમાં રહે છે અને અમારી નજર સામેથી જે પાણી જાય છે એના માટે કોઇ સારી યોજના બનાવો. માનનીય કૃષિ મંત્રીશ્રી અને માનનીય ગણપતભાઇને મારી ખાસ નમ્ર વિનંતી છે કે, અમે પણ ગુજરાત સરકારમાં પ્રતિનિધિત્વ કરવા જ્યારે આવ્યા છીએ અને ગુજરાતમાં રહીએ છીએ એમ જો તમે સમજતા હોય તો મારી ખાસ આપને વિનંતી છે કે, એવી કોઇ નાની મોટી યોજના બનાવો કે જેથી કરીને અમારા જે ખેડૂતો છે, અમારા વિસ્તારના જે લોકો છે કે જે સૂકા વિસ્તારમાં રહેતા લોકો છે એની ખાસ ચિંતા કરી છે એવું કહેવાશે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જે રીતે ખેડૂત પીસાઇ રહ્યો છે, દબાઇ રહ્યો છે, એ ખેડૂત આજે મુશ્કેલી ભોગવી રહ્યો છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ મંત્રીમંડળના એક સૌમ્યમૂર્તિ અને મંત્રીશ્રી ફળદુ સાહેબ કૃષિ અને વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી ક્રમાંક-૭૪માં હું મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ એ રાજ્ય સરકારનો એક મહત્વનો વિભાગ છે અને તે વિભાગ દ્વારા ૨૦૧૭ના અંતે ૨૮૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવક થયેલ છે. આ વિભાગમાં આર.ટી.ઓ., ચેક પોષ્ટ અને એસ.ટી. નિગમ આવે છે. આ 'એસ.ટી.' ના હુલામણા નામથી ચાલતી અને 'વધુ બસ સારી બસ ' એ રીતે ઓળખાતી ૭૪૬૫ બસ આજે ચાલી રહી છે એમાં બધી જ બસની અંદર જી.પી.એસ. સિસ્ટમ લાગેલ છે. ચાળીસ હજાર કર્મચારીઓ આમાં ટાઢ, તડકો, વરસાદ ગમે તે પરિસ્થિતિની અંદર કામ કરીને લોકોને રોજના ૨૮ લાખ કિલોમીટર સંચાલન કરીને ૧૯.૫ લાખ લોકોને પોતાના ઘરે ઘરે પહોંચાડવાનું કામ કરે છે. એમાં વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ, દિવ્યાંગો, પત્રકારો, એવોર્ડવાળા શિક્ષકો બધાને ૧૦૦ ટકા ફ્રી પાસ, એ ઉપરાંત એવા ઘણા લોકોને ૫૦ ટકા ફ્રી પાસ આપવામાં આવે છે અને એક મહિનાનો પાસ લો અને બે મહિના મુસાફરી કરો એના માટે આ નિગમ કામ કરી રહ્યું છે. અગાઉની સરકારોમાં આ એસ.ટી. ની બસ ચાલતી હતી પરંતુ એમાં ૮૦ ટકા ઓવરએજ બસો ચાલતી હતી એના હિસાબે મેઇન્ટેનન્સ ખર્ચો વધારે આવતો હતો. બ્રેકડાઉન ખૂબજ હતું અને એક એક બસને ૧૩ લાખ કિલોમીટર સુધી ચલાવવામાં આવતી જેથી એન્જીન સહિત આખી બસ ખખડતી હોય અને બાજુના ગામમાંથી આવતી હોય ત્યારે ખબર પડે કે બસ ત્યાંથી ઉપડી છે. હું વડાપ્રધાનનો આભાર માનીશ કે એ વખતના તત્કાલિન મુખ્યમંત્રી કે જેમણે નક્કી કર્યું કે આ છેવાડાના માનવીઓ માટે ઉપયોગી એવું જે આ એસ.ટી. તંત્ર છે એને રાજ્ય સરકારે સહકાર આપવો જોઇએ. ૨૦૦૫ થી ૨૦૧૭ સુધીમાં ૨૬૨૪ કરોડ રૂપિયા રાજ્ય સરકારે આ એસ.ટી. નિગમને આપેલા છે. રાજ્ય સરકારને હું અભિનંદન આપું છું કે ૧૪૩૫૩ બસ એમાંથી લીધી છે. નાણાં મંત્રી અત્યારે બેઠાં છે એ પણ આ વિભાગમાં અગાઉ રહી ચૂકેલા છે. એમના આવ્યા પછી પહેલાં કદાચ દર વરસે એક હજાર બસ આપતા હતા અત્યારે ૧૬૪૦ બસ આપવામાં આવે છે. આ વરસે પણ ૪૧૦ કરોડ રૂપિયા આમાં મંજૂર કરેલા છે. અગાઉ જે ઓવરએજ બસો ચાલતી હતી એ આ રાજ્ય સરકારના સહકારના હિસાબે આ ઓવરએઇજ બસો બંધ થયેલ છે અને બ્રેકડાઉન પહેલાં દસ હજાર કિલોમીટરે ૧.૩૦ હતું જે હવે ૦.૫ થયેલ છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જો સગવડવાળા લોકો પ્લેનમાં બેસવા જાય અને તેમને એરપોર્ટ જેવી સુવિધા મળતી હોય તો મારો આદિવાસી અને ગરીબ માણસ બસમાં બેસવા જાય ત્યારે એને ડેપો ઉપર એરપોર્ટ જેવી સુવિધા મળવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, તેના હિસાબે રાજયમાં પીપીપી ધોરણે છ બસ પોર્ટ બનાવેલાં છે તેમાં બરોડા, અમદાવાદ અને મહેસાણા હોય જેમાં એરપોર્ટ જેવી સુવિધા છે. બરોડાનું બસ પોર્ટ તો બહારથી બરોડાના રાજમહેલ જેવુ દેખાય છે અને અંદરથી એરપોર્ટ જેવી પૂરેપૂરી સુવિધાઓ છે. આ બસ પોર્ટ જોવા માટે ગયા વર્ષે આખા દેશના બધા રાજયોના ટ્રાન્સપોર્ટ મંત્રીઓ આવેલ અને આખો દિવસ તેની શિબિર પણ કરેલી અને બીજા રાજયોમાં આ બસ પોર્ટ કેવી રીતે બનાવી શકાય તેનું આયોજન કરવા માટે વિચારણાં થયેલ. માનનીય અધ્યક્ષશ્રી, એટલેથી નહીં અટકતા રાજ્ય સરકારે બીજા ૯ બસ પોર્ટ કરવાનું આયોજન કરેલ

છે અને ગયા વર્ષે તેના ખાતમુહૂર્ત પણ થયા છે. તેમાં અમરેલીમાં જે ૪૨ કરોડના ખર્ચે, ભરૂચમાં દુષ્યંતભાઇ દેખાતાં નથી તેના વિસ્તારમાં ૧૧૩ કરોડના ખર્ચે, મોડાસામાં ૭૫ કરોડના ખર્ચે, પાટણ ૭૩ કરોડ, પિયુષભાઇને ત્યાં નવસારીમાં ૮૨ કરોડના ખર્ચે આ બસ પોર્ટ બની રહ્યાં છે. રાજકોટમાં ૪૫ અને નડિયાદમાં મારા દંડકશ્રીને ત્યાં પણ ૮૮ કરોડના ખર્ચે આ બસ પોર્ટ બની રહ્યાં છે. ગયા વર્ષે ૫૭૫ નવી બસ રાજય સરકારના સહકારથી લીધી હતી અને ૨૬૨૫ બસનો ઓર્ડર થઇ ગયેલો છે અને તેમાં ૨૦૦ નવી એ. સી. સ્લીપર બસો લેવાનું પણ આયોજન છે. ગયા વર્ષે ૨ હજાર અને આ વર્ષે ૧ હજાર ડ્રાયવર કંડકટરોની ભરતી થઇ છે ગયા વખતે ૨૬૦૦ બસ ડ્રાયવર અને ૧૫૦૦ કંડકટરની ભરતી થઇ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નંબર ૨,૩,૪,૬ અને ૭૪ જે લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશનો ખેડૂત ખાસ કરીને જીવનની અંદર કૃષિ વિભાગ, માણસ કેટલો પણ મોટો હોય તે કરોડપતિ હોય, તે અબજપતિ હોય, એક નાનામાં નાનો ખેડૂત હોય કે એક નાનામાં નાનો ગરીબ માણસ હોય પણ ખાવા માટે તેને અનાજ જોઇએ છીએ. આ દેશના રિલાયન્સના માલિક હોય કે એસ્સારના માલિક હોય પણ ખાવા માટે તો દાળ-રોટી જ જોઇએ, કોઇ હજારની નોટ ખાતુ નથી. કારણ કે માણસને ખાવા માટે જીવન જરૂરિયાત છે તે અનાજ છે ત્યારે સામાન્યમાં સામાન્ય માણસનો જે ઉપયોગ છે તે કૃષિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, ૧૯૯૫ના દાયકામાં જે એક હેકટરનું પીયાવો હતું તેને જોતાં ૨૦૧૬-૧૭ના દાયકાની અંદર તેમની જે પીયાવો છે તે લગભગ ૪૦૦ ગણું વધારે થઇ ગયુ છે ત્યારે મિનિમમ ૨૫૦ થી ૫૦૦, ૧૦૦૦ સુધી હતું તે આજે લગભગ તેનો રોટેશન વાઇઝ એક રોટેશનના શેરડીની વાત કરો તો એક પાણી આવે તો એક હેકટરના ૫૩૫ રૂપિયા છે અને શાકભાજી અને ડાંગર હોય તો તેના એક રોટેશનના ૨૮૬ રૂપિયા છે જયારે ડાંગર અને શાકભાજીની અંદર મિનિમમ ૪-૫ રોટેશન આવતાં હોય છે શેરડી જેવા પાકોની અંદર મિનિમમ છ થી સાત રોટેશન આવતાં હોય છે તો એને એક હેકટરનો જે પીયાવો છે મિનિમમ સાડા ત્રણથી ચાર હજાર રૂપિયા જેટલો પીયાવો છે. એ બાબતને ધ્યાનમાં લેતાં આજે ૯૫ અને ૯૫ થી ૨૦૦૦ના દાયકામાં જે શેરડીનો ભાવ મળતો હતો તેની દ્રષ્ટિએ જે ફર્ટિફાઇઝર યુરિયા છે, ડી.એ.પી છે તેનો ભાવ અને આજનો ભાવ તે દિવસનો ભાવ કદાચ ડી.એ.પી. તે ૨૫૦ થી ૩૦૦ રૂપિયે મળતો હતો યુરિયા ૫૦ થી ૬૦ રૂપિયે મળતા આજે ડી.એ.પી. ૧૨૦૦ થી ૧૨૫૦ રૂપિયા અને અત્યારે તો આધારકાર્ડ લીંક થઇ ગયુ. પહેલાં પૈસા ચૂકવી દો આધારકાર્ડ લીંક થાય પછી તમારી સબસિડી જમા થાય એ પદ્ધતિ આવી ત્યારે ખેડૂતોને પોતાને રોકડા પૈસા કાઢીને ખાતર ખરીદવું પડે છે ત્યારે આવી મોંઘવારીની અંદર તે ૯૫ થી ૨૦૦૦ દાયકામાં જે શેરડીનો ભાવ હતો અને આજનો ભાવ અમારા દક્ષિણ ગુજરાતમાં મુખ્યત્વે અમારા સુગર કીંગ ખાસ કરીને મંત્રીશ્રી ઇશ્વરભાઇ છે ત્યારે દક્ષિણ ગુજરાત મોટાભાગે ભરૂચથી લઇને વલસાડ જિલ્લા સુધી જે શેરડી પકવતા લોકો છે અને ખેડૂતો છે એમની વિશેષ ચિંતા સરકાર કરે છે. ખાસ કરીને ટેકાના ભાવે કપાસ અને મગફળીને ખરીદવામાં આવે અને વર્ષો પહેલાં ડાંગરની ખરીદી પણ ટેકાના ભાવે સહકારી મંડળીઓ કરતી હતી પણ આજે એ ખરીદી કરવામાં આવતી નથી. એટલે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, દક્ષિણ ગુજરાતમાં જે ડાંગરનો પાક થાય છે એ ડાંગરનો પાક પણ ટેકાના ભાવે ખરીદાય. કારણ કે, માર્કેટમાં જ્યારે વેપારી એ વેચવા માટે જાય ત્યારે વેપારી પોતાની ડાંગરનો ભાવ આપે અને વેપારીને પોતાનો ભાવ માર્કેટના ભાવ પ્રમાણે મળતો નથી. કારણ કે, સામાન્ય રીતે ખેડૂત જ્યારે શાકભાજી પકવે ત્યારે એનો ખૂબ ભાવ આવે. મારા વિસ્તારમાં જ શાકભાજીનું સેન્ટર છે ત્યાં વેપારી ટામેટાં વેચવા જાય તો ૨૦ કિલોના કેરેટ ૨૦ રૂપિયામાં કે ૫૦ રૂપિયામાં વેપારી આપી આવે અને એ જ કેરેટ માર્કેટમાં ૧૦૦ રૂપિયામાં મળે છે. આમ, ખેડૂતને પોષણક્ષમ ભાવ મળતો નથી. એનાથી આગળ વધીને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, નાની સિંચાઇ યોજના અને લિફ્ટ ઈરીગેશન, એલ.આઇ. બનાવવામાં આવે છે એ ખાસ કરીને પહાડી વિસ્તારમાં બનાવવામાં આવે છે પણ એના પાણીની સુવિધા નીચલા વિસ્તારમાં પણ આવે છે. એ વિસ્તારના લોકોને પીવાના પાણીની સુવિધા મળે અને જ્યાં પણ શક્ય હોય ત્યાં એલ.આઇ. બનાવવા જોઇએ. વલસાડ જિલ્લાનું એક ઉદાહરણ આપું તો, જે GWREC એ લીફ્ટ ઈરીગેશન બનાવ્યું છે એ એક પણ યોજના ચાલુ થઇ નથી. મેં જાતે એમાં ફરિયાદ કરી છે, જાતે તપાસ કરી છે. અમારા તાલુકામાં આવી આઠ થી દસ યોજના બનાવી છે પરંતુ મારા ગામમાં એન.જી.ઓ. એ એક યોજના બનાવી છે એ એક જ ચાલુ છે. બાકી GWREC એ જે બનાવી છે એ આજે પણ નથી ચાલતી. આવી યોજના બનાવો એમાં સરકારના ૪-૫ કરોડ એક યોજના પાછળ ખર્ચાઇ જાય છે પણ એ યોજના થકી ખેડૂતોને પિયતનો લાભ મળે એ ખૂબ અગત્યની વાત છે. આપણા ખેડૂતને એનો લાભ મળવો જોઇએ. ડેરી વિકાસની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં વસુધારા ડેરી આવેલી છે. સુરતમાં અમૂલ ડેરી આવેલ છે પણ અમારા વિસ્તારમાં જે ડેરીનો વિસ્તાર છે એ વધારેમાં વધારે છે. દરેકને સવારે ઉઠીને દૂધની જરૂર પડે. બંગલામાં અને ફ્લેટમાં રહેનાર માણસ ગાય કે ભેંસ નથી રાખતા. ગામડાંનો માણસ જ ગાય-ભેંસ રાખે છે. એ સવારે પાંચ વાગે ઉઠીને ભેંસને ખવડાવવાનું, એને નવડાવવાનું કામ કરે છે. એની પાછળ જે મહેનત કરે એને ખબર પડે કે વાસ્તવિકતા શું છે. એની જે મહેનત છે એ મહેનત સામે એને જે ભાવ મળવો જોઇએ એ નથી મળતો. આજે ૫૦,૦૦૦ થી લઇ ૧,૦૦,૦૦૦ રૂપિયા સુધી ગાય-ભેંસ મળે છે અને એની સબસિડી ઓછામાં ઓછી ૩૦,૦૦૦ થી લઇને ૩૩,૦૦૦ સુધી મળે છે. એમાં પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, જો એમાં વધારો થાય તો સારું. કારણ કે, ઓછામાં ઓછી ૫૦ ટકા સબસિડી મળે તો એ મહેનત કરી શકે.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુ સાહેબ જે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો આપના માધ્યમથી આ સન્માનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું અને સમર્થન આપું છું. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. ૭૦ ટકાથી વધારે લોકોનો જીવન–નિર્વાહ કૃષિ આધારિત છે. કૃષિ એ આપણા દેશની કરોડરજ્જુ છે. આપણા પ્રદેશના વિકાસ થકી જ આ દેશનો વિકાસ થઇ શકે અને આ દેશના વિકાસ માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારની નીતિ એ કૃષિ, ખેડૂત કલ્યાણલક્ષી છે. આપણી આ ધન્ય ધરાનો ખેડૂત પરિશ્રમ અને પુરુષાર્થ થકી વિપુલ પ્રમાણમાં પાક ઉત્પાદન કરવા માટે શક્તિશાળી અને સક્ષમ છે, પણ ખેડૂતને જોઇએ છે માળખાકીય સુવિધાઓની સગવડ, સિંચાઇ માટે પાણી, વીજળી અને માળખાકીય સુવિધાઓ માટે નાણાંની જોગવાઇઓ. ખેડૂતને જોઇએ છે પોષણયુક્ત ભાવ, ખેડૂતોને ખેતી માટે જોઇએ છે વીમા સુરક્ષા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે જેના કારણે રાજયની અંદર કૃષિ ઉત્પાદનની અંદર વધારો થયો છે અને રાજયના ખેડૂતો સુખી અને સમૃદ્ધ થયા છે.

રાજયના તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે કૃષિ રથના માધ્યમથી સમગ્ર ગુજરાતની અંદર હરિયાળી ક્રાંતિ કરી ખેડૂતોનું જીવન સ્તર સુધારવા માટે સરકારે જે પ્રયત્ન કર્યો એની સફળતા મળી છે. ગુજરાત અને એમાંય ખાસ કરીને ઉત્તર ગુજરાત અને એમાંય ખાસ કરીને બનાસકાંઠા વિસ્તારની અંદર, એ સૂકો વિસ્તાર હતો. આ વિસ્તાર વિકાસથી વંચિત હતો એટલા માટે કે ત્યાં સિંચાઇનું પાણી ન હતું. અમારા વિસ્તારના ખેડૂતો વર્ષોથી રાહ જોઇને બેઠા હતા કે, નર્મદાના નીર આપણા વિસ્તારમાં આવશે અને આપણી સૂકી ધરતી હરિયાળી બનશે પણ એ આશાઓ ઠગારી નીવડી. હમણાં વિપક્ષના માનનીય મિત્રો ઘણી બધી વાત કરતા હતા કે આ સરકારે કશું જ કર્યું નથી. અમે જ કર્યું છે. અમે જ ડેમ બાંધ્યા છે અમે જ ખેડૂતોનું કલ્યાણ કર્યું છે પણ ધરતીપુત્રોને પૂછો ત્યારે સાચી ખબર પડે. કાંકરેજમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો ભાઇ, ઉત્તર ગુજરાતના ધરતીપુત્રોને પૂછો તો ખબર પડે કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે શું કર્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સિંચાઇનું પાણી આપ્યું. ખેડૂતોના ખેતરે ખેતરે પાણી આવવાથી ખેડૂતોને આવક વૃદ્ધિ થવાના કારણે દરેક ખેડૂત મિત્રોને ત્યાં સુખ, સમૃદ્ધિ અને સુખાકારીમાં વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની કૃષિલક્ષી નીતિઓ અને રાજયના ખેડૂતો માટે અમલી વિવિધ સહાય યોજનાઓના કારણે રાજયમાં કૃષિ ક્ષેત્રે ઉત્તરોત્તર નોંધપાત્ર પ્રગતિ થયેલ છે. રાજયનો ખેડૂત ખેતીની અત્યાધુનિક યાંત્રિકતાઓ અપનાવી આર્થિક રીતે સધ્ધર થયેલો છે. રાજય સરકાર ખેડૂતોને કૃષિના તમામ પાસાઓમાં જરૂરી સહાય કરી વિકાસની વણથંભી યાત્રાને વેગવંતી બનાવવામાં કટિબદ્ધ છે. રાજયના ખેડૂતનો અથાગ પરિશ્રમ અને રાજય સરકારની વિવિધ સહાય યોજનાઓ થકી રાજયના કૃષિ વિકાસની આજે સમગ્ર દેશમાં નોંધ લેવાઇ રહી છે. રાજયમાં છેલ્લા બે દાયકામાં ખેતીના પાકોના ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો જોવા મળેલ છે. રાજય સરકાર દ્વારા ખેડૂતોને વિવિધ ઇનપુટમાં સહાય આપવામાં આવે છે સાથે ખેતીના વિવિધ જોખમોમાં પણ સહાયરૂપ થવા પાક વીમા યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિના પરિણામે ભારત સરકાર દ્વારા જાહેર કરેલી નવી પાક યોજના પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો અમલ રાજયમાં કરવામાં આવ્યો છે. ખરીફ ૨૦૧૬–૧૭થી કરેલ સહાય યોજનામાં કૃષિક્ષેત્રે થતા અનેક જોખમો સામે ખેડૂતોને આર્થિક રક્ષણ માટેની જોગવાઇઓ કરવામાં આવી છે. અગાઉની જૂની રાષ્ટ્રીય કૃષિ વીમા સહાય યોજનામાં માત્ર પાક કાપણી અખતરા આધારિત દાવાઓની ચૂકવણી થતી હતી. જયારે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં વિવિધ વિસ્તારમાં વરસાદની અછત અથવા પ્રતિકુળ હવામાનના કારણે વાવણી ન થવી, કાપણી પછીનું નુકસાન, પ્રતિકુળ મધ્યઋતુના કારણે દાવાઓની અન્ન એકમ ચૂકવણી જોખમોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ આપત્તિ જોખમનું વિગતવાર અમલીકરણ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ખરીફ ઋતુ માટે કઠોળ સહિતના ખાદ્ય પાકો અને તેલીબિયાં પાકો ઉગાડતા ખેડૂતોને વિવિધલક્ષીના બે ટકા પ્રિમિયમ અને રવિ, ઉનાળુ ઋતુના કઠોળ સહિતના પાક ઉગાડતો અને તેલીબિયાંનો પાક ઉગાડતા ખેડૂતોને ૧.૫ ટકા પ્રિમિયમ તથા ત્રણે ઋતુના વાર્ષિક વાણિજ્યને વાર્ષિક બાગાયતી પાક માટે.

( વિરામઃ બપોરે ૧૧.૩૦ થી ૧૨.૦૦)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને ખડૂતોના કલ્યાણની માગણીઓ પર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

ગુજરાતમાં ગુજરાતના ખેડૂતો પર ૪૨.૬ ટકા દેવું છે. આ દેવું થવાના કારણોમાં જોઇએ તો સરકારની નિષ્ફળ નીતિઓના કારણે થાય છે. આપણે ત્યાં એવી નીતિઓ બને છે કે તેના કારણે ગુજરાતની અંદર ખેડૂતોની હાલત દિવસે દિવસે દયનીય બનતી જાય છે. એક બાજુ અપણે મગફળીના ટેકાના ભાવ બાંધવાની વાત કરતા હોઇએ અને એરંડા, કપાસ આ બધા જ પ્રોડકશનના ભાવ બાંધવાની વાત હોય, ત્યારે રાજય સરકાર પામ તેલ આયાત કરતી હોય ત્યારે મગફળીની માંગ ઘટવાની છે અને તેના ભાવ પણ ઘટવાના છે એ વાસ્તવિકતા છે, સરકારની નિષ્ફળ નીતિઓના કારણે ખેડૂતોની હાલત વધારેમાં વધારે ખરાબ થતી જઇ રહી છે માટે સરકાર તેની નીતિઓમાં બદલાવ લાવે.

માનનીય અધ્યક્ષશ્રી, મોદી સાહેબ અહીંયાં હતા ત્યારે કહેતા હતા કે મારી પ્રાયોરીટી ટી.ઓ.પી છે, એટલે કે ટામેટો, ઓનીયન અને પોટેટો, આ મારી પ્રાયોરીટી છે. પરંતુ આપણે જોઇ રહ્યા છીએ કે ટામેટા હોય, બટાકા હોય કે પછી ડુંગળી હોય, તેને પૂરતા ભાવ નહીં મળવાના કારણે ખેડૂતોએ એને રોડ ઉપર નાંખવા પડે છે. અને એક પ્રકારની અવ્યવસ્થા ઉભી થઇ છે અને એ પ્રકારે અનાજના જે ભાવો મળવા જોઇએ એ ન મળવાના કારણે, એમના પ્રોડકશનના ભાવ નથી મળતા તેના કારણે એમને આંદોલનો કરવાં પડે છે. એટલા માટે રાજય સરકારને હું વિનંતી કરું છું કે, જેમ ઉત્તર ગુજરાતમાં એરંડા અને કપાસના ભાવ, તેની પણ ટેકાના ભાવથી ખરીદી કરવામાં નથી આવતી તો એના માટે રાજય સરકારને વિનંતી કરું છું કે, આની પણ ટેકાના ભાવથી ખરીદી કરે અને ત્યાંના ખેડૂતોને ન્યાય આપવાનું કામ રાજય સરકાર કરે. કારણ કે ઉત્તર ગુજરાતમાં ટેકાના ભાવથી ખરીદી નથી થતી. આપણે જોયું છે કે, મગફળીની વાત કરીએ તો ડીસા માર્કેટ યાર્ડમાં જે મગફળી આવી તે મગફળીને બદલે વેપારીઓ દ્વારા બહારની મગફળી ખરીદવામાં આવી, ત્યાં ખેડૂતો બહાર ટ્રેક્ટરો લઇને લાઇનમાં ઉભા રહેલા, સાહેબ ખેડૂતો બુમો પાડે કે અમારી મગફળી લો, રાજસ્થાનથી મગફળી અને તેને વેચવાનો ત્યાં પ્રયત્ન કરતા હતા. આ દુર્ભાગ્યપૂર્ણ છે, દુઃખદ છે અને રાજય સરકાર આ બધા ઉપર મોનેટરીંગ રાખે અને ટેકાના ભાવમાં સારું મોનેટરીંગ કરીને ખેડૂતોનો પાક આપણે ખરીદી લઇએ તેના માટે રાજય સરકાર ચિંતા કરે તેવી વિનંતી કરું છું.

બનાસકાંઠામાં પૂર આવ્યું અને તેના કારણે બનાસકાંઠામાં જમીનનું ધોવાણ ખૂબ થયું અને પાકનું ધોવાણ પણ થયું, ૩૦ થી ૪૦ ટકા ખેડૂતોને હજી પણ તેનું વળતર નથી મળ્યું અને હજુ પણ એમના જમીન ધોવાણના પૈસા, રાજય સરકારે તો તેના પૈસા આપી દીધા છે, પરંતુ ખેડૂતોના ઘર સુધી નથી મળતા તે કેવી રીતની મોનીટરીંગની વ્યવસ્થા થાય, ૩૦ ણી ૪૦ ટકા લોકોના અનાજના, પાક ધોવાણના જે પૈસા છે, તે અને તેમના જમીન ધોવાણના જે પૈસા છે તે ખેડૂતોને મળી જાય તો વધુ આનંદ થશે અને ખેડૂતો રાજય સરકારનો આભાર માનશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અત્યારે પાણીના પ્રશ્નો છે, નર્મદાનું પાણી માઇનોર અને સબ માઇનોર કેનાલ વધારે બને અને આ પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાનો આપણે પ્રયત્ન કરીએ અને ૧૮-૩ પહેલાં આપણે આ પાણી બંધ કરી રહ્યા છીએ તો રાજય સરકારને આપના મારફતે વિનંતી કરું છું કે ૧૮/૩ પછી ૧૦ કલાકની વીજળી છે તે ૧૨ કલાક કરવામાં આવે તો હું માનું છું કે ખેડૂતોને સારી રીતે ન્યાય આપી શકીશું.

બીજું કે, તાર ફેન્સીંગમાં જે લીમીટેશન છે તે તાર ફેન્સીંગનું લીમીટેશન ૧૦ હેકટરનું છે અને આના કારણે આમાં ઘણી વિષમતાઓ થાય છે, ઘણા ખેડૂતો તેના ગૃપ બનાવીને નથી કરી શકતા. આથી હું આપના માધ્યમથી રાજય સરકારને વિનંતી કરું છું કે આ લીમીટેશન ઘટાડી આ ખેડૂતોને તાર ફેન્સીંગ માટે જે ૨૦૦ કરોડ આપ્યા છે તે ઓછા છે તેને વધારીને ૧૦૦૦ કે ૨૦૦૦ કરોડ કરશો તો ખેડૂતોને વધારે લાભ મળશે. સાથે ડ્રીપ ઈરીગેશનની વાત કરીએ છીએ તો આ ડ્રીપ ઈરીગેશનમાં સરકારની એજન્સીઓ ખરીદી કરતી હોય છે, તે સામગ્રી હલ્કી ગુણવત્તાની હોય છે અને મોંઘી પણ પડે છે, તો આપના માધ્યમથી રાજય સરકારને વિનંતી કરું છું કે આ જે ડ્રીપ ઈરીગેશનની સામગ્રી છે એ ખેડૂતોની સબસિડી સાથે મંજૂર કરી અને ખેડૂતોને ખરીદવાના પાવર્સ આપવામાં આવે તો એમને યોગ્ય અને ઇચ્છા મુજબની ખરીદી થશે. તો એમની ઇચ્છા મુજબનો સામાન ખરીદી શકશે.

દૂધ મંડળીઓની વાત કરીએ તો અત્યારે નવી દૂધ મંડળીઓને મંજૂરી આપવામાં આવતી નથી. નવી મહિલા દૂધ મંડળીને મંજૂરી આપવામાં આવે તો જે મહિલાઓ પશુપાલન કરી રહી છે એને પ્રોત્સાહન મળશે. પરંતુ અત્યારે જો મહિલાઓ નવી મંડળી બનાવે તો એને મતદાર બનાવવી પડે અને કયાંક એમની જે એકહથ્થુ સત્તા ચાલે છે એનો અંત ન આવી જાય એનો એમને ડર છે તેથી મંજૂરી આપવામાં આવતી નથી. તેથી મારી સરકારશ્રીને વિનંતી છે કે નવી દૂધ મંડળીને મંજૂરી આપવી જોઇએ.

સાથે સાથે ડુપ્લીકેટ દૂધનો ખૂબ મોટો પ્રશ્ન છે. ડુપ્લીકેટ દૂધ આવનારી નસલને ખતમ કરશે. ગુજરાતના અનેક ભાગોમાં ડુપ્લીકેટ દૂધ બની રહ્યું છે. એમાં ખાસ કરીને અમરેલી હોય કે સૌરાષ્ટ્ર હોય કે જુનાગઢ હોય કે પછી વિરમગામ હોય આ બધી જ જગ્યાએ ડુપ્લીકેટ દૂધ ખૂબ મોટા પ્રમાણમાં બની રહ્યું છે, વેચાઇ રહ્યું છે એના લીધે આપણા બાળકોના આરોગ્ય સાથે ચેડા થઇ રહ્યા છે તેથી રાજય સરકારે આની સામે ખૂબ જ કડક હાથે કામ લેવું જોઇએ. મારી પાસે લિસ્ટ છે ગુજરાતના તમામ જિલ્લાઓનો આ પ્રશ્ન છે. ખાસ કરીને વિરમગામ તાલુકાના જખવાડા પાસે ડુપ્લીકેટ દૂધની ફેકટરી ચાલે છે એમાં રેડ પણ પાડવામાં આવી હતી. એ જ રીતે અમરેલી જિલ્લામાં રોજનું ૨૦ હજાર લીટર ડુપ્લીકેટ દૂધ બને છે. એમાં ખાસ કરીને ઇંગોરાળા, ગીધરડી, ભાળીયા, પીપળવા, તાતળીયા , ધાવડીયા, દસલાણીયા, દલખાણીયા, સોઢાપરા, ઢાઢાનેસ, ધાડી, દુધાળા ગીર અને જીરા આ બધા ગામોમાં ડુપ્લીકેટ દૂધ બની રહ્યું છે. હું માનું છું કે આ હાઉસમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓ કડક કાર્યવાહી કરવા માટે આગળ આવશે. હું આ તબક્કે માનનીય નીતિનભાઇ પટેલને વિનંતી કરીશ કે આ ખૂબ મોટો પ્રશ્ન છે. બીજી એક વિનંતી છે કે ઉત્તર ગુજરાતની અંદર એરંડા અને રાયડાનો પાક ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. આ પાકોની સરકારે ટેકાના ભાવે ખરીદી કરવી જોઇએ, અમારા ઉત્તર ગુજરાતના ખેડૂતો આની રાહ જોઇને બેઠા છે. બનાસકાંઠા જિલ્લામાં પૂર આવ્યું.

શ્રી લાખાભાઇ સાગઠીયા(રાજકોટ-ગ્રામ્ય)) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં પ્રથમ વખત ચૂંટાઇને આવ્યો છું અને પહેલી વખત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ અંદાજપત્રની ચર્ચા ઉપર બોલવાની મને તક મળી છે એ બદલ હું મારી જાતને ધન્ય અનુભવું છું.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

રાજકોટના પનોતા પુત્ર અને માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ તથા અમારા પ્રદેશ અધ્યક્ષ માનનીય જીતુભાઇ વાઘાણી સાહેબ તથા પ્રદેશના તમામ હોદ્દેદારોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

સન ૨૦૧૮-૧૯ના વર્ષ માટેનું રૂપિયા ૧,૮૩,૬૬૬ કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે એનો ચિતાર જોઇને હું માનનીય મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. કારણ કે રાજયનું બજેટ અને કેન્દ્રનું બજેટ આ બંને બજેટો ગ્રામ્ય વિકાસને વરેલા છે. દેશની ૭૦ ટકા પ્રજા ગામડાંની અંદર વસી રહી છે એવા સમયે ખેડૂતોની ચિંતા સરકાર કરી રહી છે ત્યારે હું સરકારને અભિનંદન આપું છું.

રાજય સરકારના વિવિધ કૃષિ લક્ષી કાર્યક્રમો, યોજનાઓ અને ખેડૂતોના વિકાસ માટેના વિવિધ પગલાંઓના ફળસ્વરૂપે મગફળી, કપાસ દીવેલાના પાકોના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. જયારે તેલબીયા ઉત્પાદનમાં રાજય દેશમાં તૃતીય સ્થાન ધરાવે છે. ચોમાસામાં વરસાદનું પાણી વહી જતું હતું અને વધારે વરસાદ પડે ત્યારે ખેતરોમાં પાણી ભરાઇ જતું હતું તેથી વરસાદી પાણીનો ઉપયોગ કરી શકાય એ માટે રાજયમાં જળ સંચયની કામગીરી કરવામાં આવી એમાં મોટા કદની ખેત તલવડી અને સીમ તલાવડીનું આયોજન વર્ષ ૧૯૯૭-૯૮માં અમલમાં આવેલ છે. આ યોજના હેઠળ ખેડૂતોના ખેતરમાં મોટા કદની ખેત તલાવડી તથા સરકારી કે પંચાયતની જમીનમાં સીમ તલાવડી બનાવવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ એ છે કે ચોમાસમાં વરસાદ ખેંચાતા ખેડૂતોને પૂરક પિયતની વ્યવસ્થા નહોતી એટલે એમનો પાક નિષ્ફળ જતો હતો. આ પાકોને બચાવવા માટે વહી જતા પાણીનો સંગ્રહ કરીને જેમાં ખેત તલાવડીઓ કે સીમ તલાવડીઓ બનાવવાની યોજના ચાલુ કરી. જેમાં સીમ તલાવડી માટે પાંચ લાખ અને ખેત તલાવડી માટે ૧.૧૨ લાખની સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં યુનિટ કોસ્ટની ૯૦ ટકા સહાય આપવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦,૬૫૩.૫૩ લાખની જોગવાઇ કરી છે. તેમાં ૪૮૫૦ ખેત-તલાવડી અને ૧૦૮૭ સીમ-તલાવડીના લક્ષ્યાંક સામે ૯૩૩૬.૦૫ લાખનો ખર્ચ થયેલો છે અને ૫૦૫૯ ખેત-તલાવડી અને ૧૫૪૪ સીમ-તલાવડી બનાવવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૩૩૦૩.૫૩ લાખની જોગવાઇ કરેલી છે. તેમાં ૧૪૭૫ ખેત-તલાવડી અને ૩૩૦ સીમ-તલાવડીનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. જેની સામે જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં ૨૪૪૬ લાખના ખર્ચે ૧૨૦૩ ખેત-તલાવડી અને ૩૪૧ સીમ-તલાવડી બનાવવામાં આવેલી છે. ખેત-તલાવડી અને સીમ-તલાવડી બનાવવાની આ યોજનાથી જમીનનું ધોવાણ અટકશે અને ખારાશનું પ્રમાણ ઘટશે. જેના કારણે જમીનની ફળદ્રુપતામાં વધારો થશે. જેથી જમીન સંરક્ષણ માટે આ યોજના ખૂબ જ ઉપયોગી નીવડશે. વરસાદ ખેંચાતા નિષ્ફળ જતો ચોમાસુ પાક પૂરક સિંચાઇના કારણે બચાવી શકાશે. ચોમાસુ અને શિયાળુ પાકોના વાવેતર વિસ્તારમાં વધારો થશે અને વધુ આવક આપતા રોકડીયા પાકોનું વાવેતર વધતાં ખેડૂતોની આવકમાં વધારો થશે અને જીવનધોરણ પણ સુધરશે. ગામડાંના મજૂરો માટે રોજગારીની તકો ગ્રામ્ય કક્ષાએ મળતી થવાથી ગામડાંના મજૂરોનું રોજી માટે શહેર તરફનું સ્થળાંતર ઘટશે. ખેત-તલાવડી અને સીમ-તલાવડીની યોજના અસરકારક થતાં રાજયની વિવિધ એજન્સીઓ દ્વારા ચકાસણી કરવામાં આવેલ છે. ભૂમિ અને જળસંરક્ષણ માટે ફાયદાકારક નીવડી છે. જેના કારણે રાજયમાં ૧૦ ટકાથી ૩૦ ટકા કૃષિ ઉત્પાદનમાં પણ વધારો થયેલો છે. ૨૫ ટકાથી ૩૦ ટકા કૃષિ આવકમાં વધારો થયેલો છે. ૩ ટકાથી ૧૫ ટકા ભૂગર્ભજળ ઉંચા આવ્યા છે અને ૨૦ ટકા પિયત વિસ્તારમાં વધારો થયેલો છે. મારે આ તબક્કે કહેવું પડશે કે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી ભારતના વડાપ્રધાન બન્યા પછી 'હર ખેત કો પાની'ના સુત્ર સાથે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અમલમાં આવી છે અને આ યોજના હેઠળ રાજયના ૩,૩૪,૬૪૮ ખેડૂતોને ૫,૩૯,૫૭૦ હેકટર સિંચાઇનું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બ્રિજેશભાઇ મેરજા.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આર. સી. ફળદુ સાહેબ જન્મે કૃષિ, કર્મે કૃષિ અને કૃષિ પ્રધાન તરીકે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે કૃષિકારોની તેમના તરફની અપેક્ષાઓ થોડી વધી જાય તે સ્વાભાવિક છે. 'સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય.' જગતનો તાત, તેના મનની વાત મારે રજૂ કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ધરતી ફાડીને ધાન પેદા કરે છે. એટલે અન્નદાતા કહેવાય છે પણ જયારે ખેડૂત એની મોલાત મુરજાતી હોય, સિંચાઇની સુવિધા ન હોય, નર્મદા સુકાતી હોય ત્યારે ખેડૂતને ઉપર આભ અને નીચે ધરતી. મેઘરાજા દગો દે ત્યારે જઇ જઇને જાય કયાં? એ સરકાર તરફ મીટ માંડે. પોતાનો પાક વીમો મેળવવા માટે પણ કવિ કલાપીએ કહ્યું છે તેમ ' દયાહિન થયો નૃપ, કાં રસહિન થઇ ધરા'. માનનીય કૃષિમંત્રીશ્રી ઋજુ હૃદયના છે એટલે હું મારી વાતને રોકી શકતો નથી. માત્ર મગફળીના ગોડાઉનો સળગ્યા નથી. ખેડૂતોના દિલ સળગ્યા છે અને ખેડૂતોના દિલને ત્યારે જ ટાઢક વળશે જયારે તેના હક્કનો પાક વીમો મળશે. કૃષિની સાથોસાથ શ્વેતક્રાંતિ, પશુપાલન એ ખેડૂતો અને પશુ ધારકો માટે એક પૂરક વ્યવસાય છે. શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો.કુરીયન અને શ્રી ત્રિભોવનદાસ પટેલને મારે આ તકે યાદ કરવા છે. મંથન નામનું મુવી શ્રી શ્યામ બેનેગલે આ અમૂલને ધ્યાનમાં રાખીને બનાવેલ. અહીંયાં સાગરખેડુની વાત થઇ. એમને મોટા મોટા પેકેજ આપવાની વાતો થઇ એ બધા ઝાંઝવાના જળ સાબિત થઇ છે. પણ હું જે વિસ્તારમાંથી આવું છું. હમણાં શ્રીમતી ઝંખનાબેને વાત કરી. ઝિંગાની વાત કરતા હતા. મારો મોરબી પાસેનો માળીયા વિસ્તાર પણ એના માટે સારી એવી ફર્ટિલિટી ધરાવતો વિસ્તાર છે ત્યારે ત્યાંના સાગરખેડુતોને યાંત્રિક બોટ મળે એ જરૂરી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની મારે વાત કરવી છે. વાહન વ્યવહાર એ વિકાસની પૂર્વ શરત લેખાય છે. પરંતુ ગમખ્વાર અકસ્માતો અને તેમાં હોમાતી કિંમતી જીંદગીઓ તે જોતાં વાહન વ્યવહાર સુરક્ષા, સમય પાલનતા અને સમય સૂચકતા સાથે ગતિ મર્યાદા કરાય એ ખૂબ જરૂરી છે. ગૃહના પ્રારંભે આપણે વાહનવ્યવહારને લગતો વટહુકમ લાવ્યા. પછી વાહનવ્યવહાર અને ટ્રાફિક તેમજ માર્ગ સુરક્ષાનું વિધેયક લાવ્યા. એ જ બતાવે છે કે આપણે આ બાબતે કેટલા ગંભીર છીએ. હમણાં તાજેતરમાં ભાવનગર જિલ્લામાં એક ગમખ્વાર અકસ્માત થયો જેમાં ૩૩ મહામૂલી જીંદગી હોમાઇ ગઇ. એના મુળમાં જવું પડે. પ્રગતિના ગ્રોથ એન્જીનની મસ મોટી વાતો કરીએ છીએ પરંતુ આ ગરીબ પરિવારને જેટ યુગમાં પોતાના લાડકવાયા દીકરાની જાન આજે પણ ટ્રકમાં, ખટારામાં લઇ જવી પડે એનાથી વિશેષ કઇ દૂર્દશા હોઇ શકે? થોડા દિવસ પહેલા જેતપુરના ગુંદાળામાં નવ જેટલા નવયુવાનો આવા જ એક કારમા અકસ્માતમાં ભરખાઇ ગયા. હમણાં જ અમદાવાદમાં ચાર દિવસ પહેલા ચાર નવ યુવાનો ઉભેલા ટ્રક કે ડમ્પરની પાછળ ગાડી અથડાવી દીધી અને ત્યાં સ્વાહા થઇ ગયા. આપશ્રી પણ ઋજુ હૃદયના છો. આપે એની પ્રતિતિ કરાવી દીધી. ગૃહમાં એવી ઘટના બની ત્યારે આપે કહેલું કે હું આખી રાત ઉંઘી શક્યો નથી.

અધ્યક્ષશ્રી : પણ એ વાત અત્યારે શું કામ યાદ કરાવો છો!

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, જજબાતનો સવાલ છે. એને હું પણ રોકી શકતો નથી. હું જાણું છું કે અંગત લાગણીને અહીં વ્યક્ત કરવા માટેનું આ પ્લેટફોર્મ નથી. પણ અકસ્માત પરિવારને કેવી રીતે પીંખી નાંખે છે એનો હું પણ ભોગ બન્યો છું. મારો ૨૩ વર્ષનો યુવાન દીકરો ડોક્ટર થઇ ગયેલો. એક કાળમુખા ટ્રકે એની કારને કચડી નાંખી અને અમે નોંધારા બની ગયા. આવું ક્યાં સુધી બનશે ? આ ગૃહે એની ચિંતા સેવવાની જરૂર છે. અનેકના લાડકવાયા હોમાઇ જાય છે. આપણે *(×××) સારીને બેસી રહીએ છીએ.

અધ્યક્ષશ્રી : આ *(×××) કાઢી નાંખીએ છીએ.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, જેના કાળજે ઘા વાગ્યો હોય એ ભૂલાતો નથી. કાયદાની ઐસી તૈસી કરવી. ડ્રાઇવરોની ઘોર બેદરકારી સામે પગલા ન લેવા. આપ જેવા એક શાણા કાયદાવિદે વ્યથિત હૃદયે નોંધ્યું છે કે જેટલા મૃત્યુ ઓટોમેટિક બોમ્બથી નથી થયા એટલા મૃત્યુ ઓટોમોબાઇલ્સ બોમ્બથી થયા છે. 'Automobile is must for best connectivity, but careless automobile is bad for humanity'.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૌભાગ્ય છે કે આ સભાગૃહમાં સૌથી નાની ઉંમરના પ્રતિનિધિ તરીકે પ્રજા મને ચૂંટીને લાવી છે અને તે પણ ભારતીય જનતા પક્ષમાંથી, ત્યારે મને ગૌરવ થાય છે. આજે પહેલીવાર ગૃહમાં બોલવા માટે ઉભો થયો છું. ત્યારે મારું સ્વાભાવિક કર્તવ્ય છે કે ગુજરાત રાજ્યના વિકાસમાં દરેક નાગરિક સહભાગી થાય અને તેના ફળ સમાજના ગરીબ અને નબળા વર્ગને મળે તેના ઉપર ભાર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને તેમની સરકારના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ જ્યારે નાણાનો હવાલો સંભાળેલ છે ત્યારે તા.૨૬–૨–૨૦૧૮ ના રોજ ૨૦૧૮–૧૯નું બજેટ રજૂ કર્યુ અને એ બેજટમાં કૃષિ અંગેની યોજનાઓ વિષે મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય નીતિનભાઇ પટેલ નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૮–૧૯ માં કૃષિમાં ખેડૂત કલ્યાણ યોજનાઓ માટે રૂ.૬૭૫૫ કરોડની બજેટમાં જોગવાઇ કરી તે માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, 'હર ખેત કો પાણી'ના સૂત્ર સાથે ગરવી ગુજરાતના ખેડૂતો કહે છે કે,

'મહેનત હમારે ખૂન મેં હૈ, બસ ટેકનોલોજી કા સાથ હો,
હર ખેત હોંગે હરિયાલે બસ યહીં કિસાનકે દિલ કી બાત હૈ,
કડી તપશ્ચર્યા સે પાઇ હૈ હમને યહ સરકાર,
જબ તક જાન હૈ હમ સબ બી.જે.પી. કે સાથ હૈ'

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતી પાકોનો મહત્વનો ફાળો છે. (અંતરાય) અને રાજ્યમાં પહેલીવાર અંદાજીત ૧૭ લાખ હેકટરમાં બાગાયતી પાકો થાય છે. બાગાયતી પાકોમાં દેશની અંદર ગુજરાત ચોથા સ્થાને છે. દેશમાં બાગાયતી પાકોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. બટાકા ૩૧ ટન એક હેકટરમાં દેશમાં પ્રથમ સ્થાન, આદું ૧૫.૪૭ ટન એક હેકટરમાં દેશમાં પ્રથમ સ્થાન, કેળા ૬૪.૭૦ ટન એક હેકટરમાં દેશમાં પ્રથમ સ્થાન, ડુંગળી ૨૫.૪૯ ટન એક હેકટરમાં દેશમાં પ્રથમ સ્થાન અને હળદર ૧૫.૯૮ ટન એક હેકટરમાં દેશમાં પ્રથમ સ્થાન. માનનીય અધ્યક્ષશ્રી, હું પણ એક ખેડૂત છું અને મને ખબર છે કે ૧૫–૨૦ વર્ષ પહેલા લોકોને ખેતી કરવી હોય અને પાણીની જરૂર પડતી હોય ત્યારે માત્ર અને માત્ર મેઘાના ભરોસે બેસી રહીને એમનો પાક પકવતા હતા. જો વરસાદ ના પડે તો પાક નિષ્ફળ જાય એવી સ્થિતિ હતી અને પાણી માટે તેઓ તરસ્તા હતા ત્યારે લાઇટની વાત કરું તો માનનીય સભ્યશ્રી સી. જે. ચાવડા સાહેબે આજે જ્યારે કીધું કે લાઇટોની અછત છે ત્યારે હું કહેવા માગુ છું કે, ૧૫ વર્ષ પહેલા ખેડૂતોને વીજળીની વાત તો છોડો પણ જમવાના ટાઇમે પણ લાઇટ નહોતી મળતી. માનનીય અધ્યક્ષશ્રી, ખાતરની પરિસ્થિતિ જોઇએ તો ૩–૪ વર્ષ પહેલાની વાત કરીએ તો ખાતર માટે પણ લાઇનો લાગતી હતી, પડાપડી થતી હતી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અને લોકો ખાતર લેવા માટે પણ એક એક રાત પહેલા આવીને પણ ઊભા રહી જતા હતા એવી પરિસ્થિતિ ખાતરની હતી. ખેડૂતોને જ્યારે લોન લેવાની થાય ૧૮% ના વ્યાજે લોન મળે. (અંતરાય) ( પ્રવચન પૂરું)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય કનુભાઇ બારૈયા.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અને સિંચાઇ વિષે મારો અભિપ્રાય રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, પક્ષાપક્ષીથી પર ઊઠીને ટેકાના ભાવે જે ખરીદીના સરકાર કરોડો રૂપિયાના અહીંયા આંકડાઓ આપવામાં આવ્યા છે ત્યારે હું આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરું કે, મારો મત વિસ્તાર જ્યાંથી હું આવું છું તળાજા તાલુકામાં આજે ૧૫૫૦૦ ખેડૂતોએ પોતાના નામ વેઈટિંગની અંદર લખાવીને ટેકાના ભાવથી ખરીદીની રાહ જોઇને બેઠા છે. ખેડૂતોને પ્રથમ એવી કોઇપણ સૂચના આપવામાં નહોતી આવી કે જેમના ઓન લાઇન થશે એમની જ ખરીદી કરવામાં આવશે ત્યારે માર્કેટીંગ યાર્ડ અને કેન્દ્રના સંચાલકો દ્વારા તમામના નામોનું એક લિસ્ટ બનાવીને એમને જાણ કરવામાં આવી હતી કે આપનો વારો આવશે ત્યારે આપને ફોન કરવામાં આવશે. આજે હું ફકત મારા એક વિસ્તાર તળાજાની વાત કરું તો સાડા પંદરસો જેટલા ખેડૂતોની મગફળી પોતાના ઘરે સરકાર ટેકાના ભાવથી ખરીદશે એ રાહ જોઇને મગફળી બગડી રહી છે ત્યારે સરકારશ્રી એમાં પુનઃવિચારણા કરે અને સમગ્ર ગુજરાતની અંદર જે કોઇપણ ખેડૂતો બાકી રહ્યા હોય એમની મગફળીની ખરીદી તાત્કાલીક ધોરણે ચાલુ કરે એવી આપના માધ્યમથી હું સરકારશ્રીને વિનંતી કરું છું. વિશેષ, જમીન સુધારણાની વાત કરીએ છીએ ત્યારે મારા વિસ્તાર તળાજાની અંદર જે જમીનો પાંચ કે છ લાખ રૂપિયે વીઘો વેચાતી હતી એ દરિયાનું પાણી શેત્રુંજી નદીની અંદર ખારુ પાણી આવવાને કારણે આ જમીનનો પચાસ હજાર રૂપિયે પણ કોઇ ઘરાક નથી ત્યારે ત્યાં બે બંધારા યોજનાઓની તાત્કાલીક ધોરણે જરૂરિયાત છે અને વર્ષોથી તળાજાની પ્રજાની આ બંધારા યોજના માટે માગણી રહી છે ત્યારે આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરું કે આ બંધારા યોજના એ તાત્કાલીક ધોરણે બનાવવામાં આવે તો ખેડૂતોની મોંઘી જમીન બગડતી આપણે અટકાવી શકીએ. જે રખડતા પશુઓનો પ્રશ્ન આ ગૃહની અંદર વારંવાર રજૂ થાય છે. ખેડૂતોનો મહામૂલો પરસેવાથી પકવેલો મોલ એ રખડતા પશુઓ દ્વારા જયારે નાશ કરવામાં આવે છે. હમણા અલ્પેશભાઇએ વાત કરી તાર ફેન્સીંગની તો એ ૬૦ વીઘાને બદલે, ૧૦ હેકટરના બદલે ૧૦ વીઘા જમીન હોય તો પણ તાર ફેન્સીંગ આપવી એવી સરકારશ્રીએ પુનઃ વિચાર કરીને નાના નાના ખેડૂતોને સહકાર આપીને તાર ફેન્સીંગથી દરેક ખેડૂતોને સજજ કરવા જોઇએ. તળાજાની અંદર ટીસડી ફાર્મની દોઢસો વીઘા જેટલી જમીન આજે સરકાર પાસે છે ત્યારે હું આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરું કે ત્યાં બીયારણ સંશોધન જેવી એક કૃષિ યુનિવરર્સિટીની સ્થાપના કરવામાં આવે જેથી સમગ્ર સૌરાષ્ટ્રને એનો લાભ મળી શકે. આવતો ઉનાળો એ ખેડૂતો માટે અને સમગ્ર પ્રજા માટે જયારે રાતા પાણીએ રોવાનો વારો આવે એવો વારો આવવાનો છે ત્યારે હું આપના માધ્યમથી સરકાશ્રીને વિનંતી કરું કે નર્મદા કેનાલ ફેઝ-૨નું કામ એ શકય એટલું તાત્કાલીક ધોરણે પૂરું કરીને શેત્રુંજી ડેમની અંદર નર્મદાનું પાણી નાખવામાં આવે જેથી કરીને પીવાનું પાણી અને ખેતીનું પાણી આપી એ ખેડૂતોને આપણે ભયંકર વિકટ પરિસ્થિતિમાંથી બચાવી શકીએ. આ સરકાર દ્વારા રાસાયણિક ખાતર વિશે, દવાઓ વિશે વારંવાર વાતો કરવામાં આવે છે ત્યારે હું આપના માધ્યમથી એ વિનંતી કરું છું કે ખેડૂતોને આધાર કાર્ડ, આધાર નંબર અને ફીંગર પ્રિન્ટ લઇને ખાતર આપવામાં આવે છે. ભૂતકાળની અંદર ખેડૂત ત્રણ વ્હીલના છકડાવાળાને કહેતો કે મારી ખાતરની તું બે થેલી કે પાંચ થેલી લેતો આવજે.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પુર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર મંત્રી માનનીયશ્રી ફળદુ સાહેબ માગણી નં. ૭૪ થી ૫૦૧,૮૩,૦૦,૦૦૦ ની મહેસૂલી ખર્ચ અને રૂ. ૬,૫૯,૪૪,૦૦,૦૦૦/- ની મૂડી ખર્ચની અનુદાન માટેની માગણી લઇને અહીં આવ્યા છે તેને હું અનુમોદન આપું છું. કોંગ્રેસે તેના રાજમાં શું નથી કર્યું તેની કોઇ ટીકા નહીં કરું પરંતુ મારી સરકાર પ્રજાની સેવા માટે સુખ સગવડ અને એની સલામતી માટે શું કામ કરી રહી છે તેની વાત કરવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાત રાજ્યના વિકાસમાં મોટર વાહન ખાતાએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આર.ટી.ઓ. કચેરી એ નાગરિકોના વાહન, રજિસ્ટ્રેશન, લાઇસન્સ, પરમિટ વગેરે પારદર્શી અને ઝડપી સેવા માટે રાજ્યની તમામ આર.ટી.ઓ. કચેરીનમા નવીનીકરણ અને આધુનીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના સરહદી જિલ્લાઓમાં ચેકપોસ્ટ માટે આધુનીકરણ માટે કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમથી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી છેલ્લાં ૩ વર્ષમાં ૪૩ વે-બ્રીજ પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. નવા ૫૬ ઇલેક્ટ્રોનિક વે-બ્રીજની ખરીદી, ઈન્સ્ટોલેશન, ઈરેક્શન અને સિવિલ મિકેનિક માટેની ઇ-ટેન્ડરિંગ પદ્ધતિ હાલમાં ચાલુ છે. જે પૂર્ણ થયેથી સમગ્ર રાજ્યમાં ચેકપોસ્ટોનું આધુનીકરણ થવાથી વાહનોને ઓછામાં ઓછું સ્ટેઇંગ રહેવાના કારણે બળતણ અને સમયનો બચાવ થવાનો છે. નામદાર સુપ્રીમ કોર્ટના આદેશથી અકસ્માતમાં ઘટાડો થાય તેના માટે ગુજરાત રાજ્ય માર્ગ સલામતી વિધેયક ૨૦૧૮ આ જ સન્માનનીય ગૃહમાં તા. ૧૯-૨-૨૦૧૮ ના રોજ પારિત થયું છે. જેનો અમલ ચાલુ થતા માર્ગ અકસ્માતનું પ્રમાણ ઘટાડવા માટે ગૃહે કરેલ ઓથોરિટીની રચનાથી લોકોને જરૂર ફાયદો થશે તેવો મને વિશ્વાસ છે. રાજ્યના એસ.ટી. નિગમ દ્વારા રાજ્યમાં તમામ અંતરિયાળ ગામડાંમાં નેટવર્કથી રોજ ૨૨ લાખ પેસેન્જરોને આપણી એસ.ટી. સેવા પરિવહનની સેવા પૂરી પાડે છે. વધુ બસ, સારી બસ ના સંકલ્પ સાથે રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૫-૦૬ થી ૨૦૧૬-૧૭ સુધીમાં રૂ. ૨૬૨૪ કરોડમાં ૧૪,૩૫૩ નવી બસો ખરીદીને સંચાલનમાં મુકવામાં આવેલ છે. લોકોના જાનમાલની રક્ષા અને નાગરિકોની સુવિધા માટે ડિસેમ્બર-૨૦૧૬ થી નક્કી કરેલ આયુ મર્યાદા પૂર્ણ થયેલ હોય તેવું એક પણ વાહન સંચાલનમાં નહિ રાખવાનો ઐતિહાસિક નિર્ણય આ સરકારે કર્યો છે, તે બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણે સૌ જાણીએ છીએ કે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કોંગ્રેસના જમાનામા બસો કેવી હતી તે આપણે સૌએ જોયું છે. મુસાફરોને ગમે ત્યાં ગાડી બંધ પડી જાય અને મુસાફરોને રસ્તા ઉપર ઉતારી દેવાતા અને ભગવાનના ભરોસે એસ.ટી. તંત્ર ચાલતું હતું. ચાલુ વર્ષમાં ૧૬૦૦ નવા વાહનની ખરીદી ચાલુ છે, જેમાં ૮૦ સિગમેન્ટના ૫૦ સ્લીપર કોચ અને ૫૦ સેમી લકઝરી અને ૨૫ મીની બસોનો સમાવેશ થશે, ત્યારે વર્ષ–૨૦૦૫–૦૬ માં ૮૦ ટકા ઓવર એઈજ હતું, જે ઓવર એઈજ નીલ થતા નાગરિકોને તમામ સગવડો પૂરી પાડવામાં આવશે. એસ.ટી. નિગમ દ્વારા અમદાવાદથી બરોડા, રાજકોટ, બોરીવલી, સુરત માટે હાલમાં ૪૫ વોલ્વો બસ સર્વિસ ચાલે છે. લોકોની માંગને ધ્યાનમાં લઇને આપની આ સરકારે ચાલુ વર્ષે નવી ૨૫ વોલ્વો બસ ખરીદીને સંચાલનમાં મુકવાનો નિર્ણય લીધો છે જે ખરેખર આવકારદાયક છે. એસ.ટી. નિગમને ભાજપના શાસનમાં વર્ષ ૨૦૦૯–૧૦ થી સતત ૨૦૧૬ સુધી ભારત સરકારના રોડ એન્ડ હાઇવે મંત્રાલય તરફથી ૧૫ કરતા વધુ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે જે અભિનંદનને પાત્ર છે. ગુજરાત એસ.ટી. ના અધિકારીઓની કાર્યક્ષમતાના આધારે વર્ષ ૨૦૧૫– ૧૬ માં સમગ્ર દેશમાં સૌથી વધુ એપ્રેન્ટિસ તાલીમાર્થીઓને તાલીમ આપવા બદલ ભારત સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા એસ.ટી. નિગમને રૂપિયા ૧ કરોડ ૨૬ લાખના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તે માટે પણ આ સરકાર અભિનંદનને પાત્ર છે. વર્ષ–૨૦૧૬–૧૭ માં નેશનલ પબ્લિક ટ્રાન્સપોર્ટ એક્સલન્સ એવોર્ડ તથા સેકન્ડ ઇન્ટરનેશનલ કોન્ફરન્સ અને એક્ઝિબિશન પબ્લિક ટ્રાન્સપોર્ટ ઇનોવેશનમાં દેશમાં...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની જે માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં નાની સિંચાઇ વિશે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

મારા મત વિસ્તારની અંદર સિંચાઇ માટે એક નાની પીંછવી સિંચાઇ યોજના છે. ૧૯૧૬–૧૭માં ગાયકવાડ સરકારે આ યોજના સાકાર કરેલી છે. આ યોજના ખૂબ જ મહત્વની છે. તેનો કેચમેન્ટ એરીયા ૧૪૮૫ એકર છે. માટીબંધની લંબાઇ ૯૪૦૦ ફૂટ છે, છલતીની લંબાઇ ૬૮.૬૦ મીટર છે ત્યારે આની સંગ્રહ શક્તિ ૨૧૭.૫૮ એમસીએફટી છે અને તેનો જીવંત જથ્થો ૧૧૯.૫૮ એમસીએફટી છે. પરંતુ કેટલાક સમયથી આ યોજનામાં સરકાર તરફથી કોઇ જાતની કામગીરી ન થઇ એટલે તેની કેનાલો હતી તે બાજુના ખેડૂતોએ ખેડી નાંખી છે. કેનાલો બંધ થઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : જેનો મોબાઇલ વાઇબ્રેટ થતો હોય તે પ્લીઝ બંધ કરી દે.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, કેનાલો બંધ થઇ ગઇ છે, ખેડૂતોએ ખેડી નાંખી છે. જે પાણીનો જથ્થો રહે છે તે એમને એમ પડયો રહે છે અને તે ખેડૂતોના ઉપયોગમાં આવતો નથી. આ પીછવા અને પીછવી બે ગામની વચ્ચેની યોજના છે. તેમાં પીછવા અને પીછવી ગામ તરફથી આમાં ગણોતિયા સેવા સહકારી મંડળી આવેલી છે. તે ગણોતિયા સેવા સહકારી મંડળીનો આની જમીન વાવવાનો અધિકાર છે. તે અધિકારની રૂઇએ આ યોજનામાં જેમ જેમ પાણી સૂકાય તેમ તે અધિકારની રૂઇએ આ મંડળીના જે સભાસદો છે તે તેમાં ખેતી કરે છે. આ યોજનામાં કેટલાય સમયથી મચ્છીનો ઉદ્યોગ આવ્યો છે ત્યારથી આ પાણી ખેડૂતોને વાપરવા આપતા નથી અને તેમાં મચ્છીના બીજ નાંખી તેનો ઇજારો આપી દેવામાં આવે છે. તે ઇજારો પીછવા અને પીછવી ગામની સેવા સહકારી મંડળી છે તેને આપવામાં આવે તો ગરીબ અને નાના માણસો છે તથા ત્રણ હજાર જેટલી વસતિ ધરાવતું આ ગામ છે અને આ જ વિસ્તારમાં આ યોજના આવેલ છે તો તેમને ફાયદો થશે. ત્યાં છેલ્લા દસ વર્ષથી બીજી કોઇ મંડળીઓ કામ કરે છે તો ખરેખર આ ગામની જ મંડળીને તેનો ઇજારો આપવામાં આવે તો ખરેખર સોલ્યુશન થઇ શકે તેમ છે. આની અંદર જયારે કાંપ ભરાઇ ગયો હતો ત્યારે ૧૮–૫–૨૦૧૬ના રોજ તે કાંપ કાઢવા માટેની મંજૂરી આપેલી હતી. ગામના લોકો તરફથી તેમાં ખેતી થતી હોય અને કાંપ કાઢવાની મંજૂરી આપેલી હોય એટલે ગામ લોકો અને જે કાંપ કાઢવાવાળા લોકો હતા તેમની વચ્ચે ઘર્ષણ થયું. આ ઘર્ષણ થવાથી જે કાંપ કાઢવાવાળા લોકો હતા તે તો નીકળી ગયા પણ પોલીસ આવી ગઇ ત્યારે પોલીસ અને ગ્રામજનો વચ્ચે મોટું ધિંગાણું થયું. રહી ગઇ વાત કે તેની અંદર કોઇએ જાન ગુમાવી નહીં. છતાં પણ પોલીસતંત્રના કર્મચારીઓ તરફથી આખા ગામ પર ખૂબ જ દમન કરવામાં આવેલ હતું. આની અંદર વ્યવસ્થિત રીતે આ યોજનાનું સંચાલન થાય તો મચ્છીમારી ગામના લોકો કરી શકે તેમ છે અને પાણી સૂકાઇ જાય તો ખેતી કરી શકે તેમ છે. સાથેસાથે કાંઠાનો વિસ્તાર છે તેમાં ખૂબ મોટા પ્રમાણમાં લાઇમ સ્ટોન પડેલો છે. તે લાઇમ સ્ટોન ખનીજ માફીયાઓ ગેરકાયદેસર કાપે છે. જયારે જયારે ફરિયાદો થાય છે ત્યારે માત્રને માત્ર એક જ નાની રેઇડ થાય છે. તે પાળો મોટાભાગે કપાવવા લાગ્યો છે ત્યારે મારી માનનીય ખાણ ખનીજ મંત્રી અને કૃષિમંત્રીશ્રીને વિનંતી છે કે આ વિસ્તારની જીવાદોરી સમાન ગાયકવાડ સરકારની સારામાં સારી યોજના છે તેનો ખેડૂતો અને ગામના લોકો માટે ઉપયોગ થાય, જાળવવા માટેની કાળજી લેવામાં આવશે તો ખેડૂતોને ફાયદો થશે. આ યોજના ચાલુ હતી ત્યારે ૨૪ જેટલા ગામોને કૃષિ માટે પાણી મળતું હતું. આજે કેનાલો તૂટી ગઇ છે, જેની પાસે કૂવા નથી અને ગરીબ ખેડૂતો છે તેમને પાણી મળતું નથી એટલે પાક પણ લઇ શકતા નથી. આપણે કૃષિની ચિંતા કરતા હોઇએ તો આ સરકારશ્રીને વિનંતી કરું છું કે મારા મત વિસ્તારના લોકોને, ગામના લોકોને ફાયદો થાય તેમ છે તો તેમાં ધ્યાન આપે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહમાં વારંવાર કોંગ્રેસના સભ્યો ખેડૂતોના હામી થવાનો *(×××) કરતા હોય છે.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે જે વાત મૂકીએ, મારે આપને એ યાદ અપાવવું છે કે, ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ થાય, ગુજરાત સમૃદ્ધ બને એ માટે જ્યારે ૧૯૬૧માં નર્મદા ડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું એજ અરસામાં પંજાબમાં ભાખરાનાગલ ડેમનું ખાતમુહૂર્ત થયેલું. કેન્દ્રમાં કોંગ્રેસના આગેવાનોના કારણે આ ગુજરાતની (અંતરાય) આ ગુજરાતના ખેડૂતોની ખેતી વિષયક વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, પંજાબ સમૃદ્ધ થઇ ગયું પણ આ ગુજરાત (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ ગુજરાત વિરૂદ્ધ માનસિકતા ધરાવતા શબ્દો છે એની વાત કરો છો? (અંતરાય) એક જણ બોલો તો ખબર પડે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે શબ્દો બોલ્યા છે કે, ગુજરાત વિરોધી માનસીકતા ધરાવતા કોંગ્રેસના દિલ્હીના આગેવાનો, એવી વાત કરે છે એ કોઇ પણ સંજોગોમાં ચાલે નહીં.

અધ્યક્ષશ્રી : કોઇનું નામ નથી આપ્યું અને આમાં કોઇનું નામ નથી, માનસીકતાની વાત કોઇ કરતું હોય તો કરી શકે અને તમે પણ આવી રીતે બોલી શકો છો. પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ. આપ આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) એ મને અત્યારે ન પૂછો જે તે વખતે બોલજો ત્યારે નિર્ણય આપીશ પાછો.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જે કૃષિ ઉત્પાદનમાં ૨૦૦૨–૦૩માં માઇનસ કૃષિ ઉત્પાદન હતું એ આજે ૨૦૧૨–૧૩ સુધીમાં ૧.૪૨ લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન આ ગુજરાતે આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અલ્પેશભાઇ વાત કરતા હતા કે, હમે તો અપનોને લૂંટ લિયા ગૈરો મેં કહાં દમ થા, મેરી કિસ્તી ડૂબી જહાં પાની બહોત કમ થા. માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લા બે વર્ષોમાં ઇલેકશનના શરૂઆતના વર્ષમાં સોશિયલ મિડિયાના માધ્યમથી ગુજરાતના ખેડૂતો અને યુવાનોને ઉશ્કેરવાનું કાર્ય જેમણે કર્યું છે, વારંવાર સોશિયલ મિડિયામાં એમ આવતું કે મારા હાળા છેતરી ગયા, મારા હાળા છેતરી ગયા, અમે પ્રચારમાં એક ગામમાં ગયા તો એક ખેડૂત આગેવાન કાકા મળ્યા તો મને કહે આ ગલીએ ગલીએ કોંગ્રેસના નાના નાના પોસ્ટર લાગ્યા છે, કોંગ્રેસ આવે છે નવ સર્જન લાવે છે. તો મને કહે આ નવ સર્જન એટલે શું? તો મેં કહ્યું મને ખ્યાલ નથી આવતો. તો પેલા ખેડૂત કાકાએ મને વાત કરી કે, પહેલા કોંગ્રેસ સત્તા ઉપર હતી ત્યારે વિદેશથી ગાંડા બાવળ લાવેલા એ ગાંડા બાવળનો નિકાલ હજુ થઇ શક્યો નથી એ આપણે કાઢવાના છે ત્યાં ફરીથી કોંગ્રેસના આગેવાનો વિદેશ ગયા અને આ રોઝડા અને ભૂંડની વાત કરે છે. સાહેબ, આ હજી પણ દેશમાં અને ગુજરાતમાં એનો નિકાલ થયો નથી જેથી આ વર્ષના બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયા ૯૭.૪૦ લાખ રર્નીંગ મીટર કાંટાળી તારની વાડ માટે આપણે ફાળવવા પડ્યા છે. આ સરકાર જે રીતે કામ કરી રહી છે ત્યારે થોડા છેલ્લા વર્ષોમાં ૮ લાખ વીજળીના કનેકશનો દ્વારા કૃષિ ઉત્પાદન વધે, સમગ્ર દેશમાં બાગાયતી પાકમાં ગુજરાત ૨૦ ટકા હિસ્સો ધરાવે છે અને સમગ્ર દેશમાં ચોથો ક્રમ ધરાવે છે અને એ બાગાયતી પાક માટે તત્કાલિન મુખ્ય મંત્રી અને આજના આ દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી એમણે જે વિચાર પ્રગટ કરેલો કે આ ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ બને તે માટે થઇને અને સેન્ટર ફોર એકસલન્સ માટે ઇઝરાયેલ સાથે કરાર કર્યા અને અમારું સદભાગ્ય છે કે સાબરકાંઠા જિલ્લામાં મજરા મુકામે એ કાર્યરત થયેલ છે. લગભગ ૩૫,૦૦૦ ખેડૂતોએ એનો લાભ લીધો. એનું નિદર્શન ત્યાં કર્યું છે. ધરૂ ઉછેર કાર્યક્રમ દ્વારા શાકભાજીના ધરૂ આપીને અને એનું ખાતર, એની કેવી રીતે જાળવણી કરવી એ આખો કાર્યક્રમ ત્યાં કર્યો અને એમાં મેં કહ્યું તેમ આ કાર્યક્રમમાં ૩૫,૦૦૦ ખેડૂતોએ લાભ લીધો અને છેલ્લાં ત્રણ ચાર વરસમાં પંચાવન લાખ ધરૂઓ– રોપાઓનું ત્યાંથી વિતરણ કરવામાં આવ્યું. મેં અગાઉ કહ્યું તેમ ગુજરાતની વસતિ આ દેશની કુલ વસતિના ૪.૯ ટકા જેટલી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જ્યારે હું પ્રથમ વખત બોલવા ઉભો થયો છું ત્યારે આપશ્રીનો અને અમારા દંડકશ્રીનો હું આભાર માનું છું. હું ખેડા જિલ્લાના મહુધા મત વિસ્તારમાંથી આવું છું. મારા પિતાશ્રી આ ગૃહમાં છ ટર્મ સુધી ચૂંટાઇને આવ્યા હતા અને સાતમી વખત હું ચૂંટાઇને આવ્યો છું. મારા મહુધા વિસ્તારના મતદારોએ આટલી નાની ઉંમરે મને ચુંટીને મોકલ્યો છે એ બદલ હું મારા મત વિસ્તારના લોકોનો ખૂબ ખૂબ આભારી છું. આ ગૃહમાં બેઠેલા સૌ સન્માનનીય આદરણીય ધારાસભ્યશ્રીઓને મારા નમસ્કાર.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત અને દેશનો વિકાસ જેના ઉપર નિર્ભર છે તે ખેતી છે. ભારત કૃષિપ્રધાન દેશ છે. દેશની અને રાજ્યની ખુશાલી સારા વરસાદની આશા ઉપર બની રહે છે. સારો વરસાદ આવે તો સારી ખેતી અને પીવાના પાણીની શાંતિ થઇ જાય. સારી ખેતી એટલે ખેડૂત સમૃદ્ધ. ગુજરાતની પ્રજામાં ખેતી જન્મ સાથે વણાયેલી છે તેમનામાં જન્મજાત ખૂબી છે અને તેના કારણે જ દેશ અને દુનિયામાં ગુજરાતીઓ પ્રખ્યાત છે. ગુજરાત દેશમાં બાગાયતી ખેતી માટે પ્રથમ હરોળમાં હતું. અહીંની કેસર કેરી વિદેશમાં પ્રચલિત હવે તેમાં ઉભાં થયેલા પ્રશ્નો અને ન મળતા ભાવોને કારણે કેસરના આંબા ખેડૂતોએ કાઢી નાંખેલા છે. હવે હું મારા વિસ્તારની વાત કરું તો મારો વિસ્તાર ખેતીપ્રધાન અને પશુ ઉદ્યોગ ઉપર નિર્ભર છે મારા વિસ્તારમાં કેનાલો થઇ છે, કેનાલોનું કામ થયું છે. પણ અત્યારસુધી એ કેનાલોમાં એક પણ પાણીનું ટીપું નથી આવ્યું. કેનાલો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

માટે જમીનો પણ સંપાદન કરેલી છે પણ કેનાલો ખોદાઇ નથી, સબ માઇનોર. અગાઉના વરસમાં એક મંત્રીશ્રી આવ્યા હતા તેમણે જણાવેલું કે આ વીસ પચ્ચીસ ગામ છે ખેડૂતોની જમીનોને જોડતો એક બ્રીજ બનાવવાનું નક્કી કરેલ, મંત્રીશ્રીએ આવીને ઉદઘાટન પણ કરી નાંખેલ પણ આજદિન સુધી એ બ્રીજનું કોઇ કામકાજ થયેલું નથી. અત્યારે ખેડૂતો બેહાલ છે, ખેડૂતોનો પાક ત્યાં ખેતરોમાંથી ગામ સુધી લાવવામાં ખેડૂતોને બહુ જ મુશ્કેલી પડે છે. સરકારે કામ કર્યા છે. ના નથી કહેતો. રસ્તાઓ પણ આપ્યા છે પણ એની ક્વોલિટી અને ક્વોન્ટીટી બરાબર નથી. સરકારની જે યોજનાઓ છે એ ઘણી જ સારી છે.

અધ્યક્ષશ્રી : તમે પહેલીવાર બોલી રહ્યા છો પણ બન્ને પક્ષને દાંડીયા રમાડી રહ્યા છો.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જ્યારે હું પહેલીવાર બોલી રહ્યો છું ત્યારે કોઇ અસંસદિય શબ્દ બોલાઇ જાય તો મને માફ કરજો.

અધ્યક્ષશ્રી : તમે બહુ સરસ બોલી રહ્યા છો તમે તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની યોજનાઓ ઘણી બધી છે, પણ છેવાડાના માનવી સુધી પહોંચતી નથી. ઘણા બધાને એ યોજનાનો લાભ મળે છે પણ કયા માનવીને કયા લાભાર્થીને મળે છે એ સરકાર ચકાસણી કરતી નથી. જે મળતિયાઓ છે એ એના ઘરમાં કે એના સગાંસંબંધીને એના લાભ આપે છે પણ છેવાડાનો જે માનવી રહે છે એને એ લાભ મળતો નથી. હું પણ મહુધા તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે દસ વર્ષ કામ કરી ચૂકેલ છું એટલે હું પણ મારા પિતાશ્રીના હાથ નીચે તૈયાર થઇને અહીંયા આવેલો છું. પણ બોલવામાં થોડીક તકલીફ પડે છે.

અધ્યક્ષશ્રી : ના, ના, સારું બોલી રહ્યા છો તમે ચાલુ રાખો.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પિતાશ્રીએ જયારે ઉર્જામંત્રી સૌરભભાઇ પટેલ હતા ત્યારે છેલ્લા પંદર વર્ષથી એમની પાસે ૨ એચ.પી. મોટર પમ્પની માગણી કરેલી. હજુ સુધી તેની માગણી પ્રમાણે મંજૂરી આપેલી નથી. આજે મારા પિતાશ્રીની જગ્યાએ હું આવ્યો છું તો સાહેબને બે હાથ જોડીને નમ્ર અરજ કરું છું કે, મારા વિસ્તારમાં ૨ એચ.પી. મોટર પમ્પની મંજૂરી આપે અને અમારા ખેડૂતોને ન્યાય મળે.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ વિશે મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું. ૧૯૬૦-૭૦ના દાયકામાં પાણી કૂવામાં દસ ફૂટ નીચે હતા. ધીરે ધીરે આ પાણી મશીન પમ્પ વડે ખેંચાતાં ગયા અને પાણીના તળ દિવસે દિવસે નીચે ઉતરતા ગયા. તે વખતના શાસકોએ પાણી રિચાર્જ કરવા માટે કોઇ પ્રયત્નો કર્યા નહીં. સિદ્ધરાજ જયસિંહ વખતે આપણે સાંભળીએ તો પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ બનાવેલું, ગાયકવાડ સરકારે તળાવો ઉંડા કરાવ્યા અને પાણી રિચાર્જ કરવા માટેના પ્રયત્નો કરેલા. ગામડે જઇએ તો ખેડૂતો કહે છે કે મારે બે કોલમ પાઇપ ઉતારવી પડી, મારે પાંચ કોલમ પાઇપ ઉતારવી પડી. એ વખતના શાસકોએ પાણી રિચાર્જ નહીં કળવાના કારણે પાણીના તળ દિવસેને દિવસે નીચે જતા ગયા. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું તો ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં અને ખેતરનું પાણી ખેતરમાં આ સૂત્ર લાવ્યા. પાણી રિચાર્જ કરવા માટે આ સરકારે વિવિધ પ્રયત્નો કર્યા. તે વખતની સરકારોએ ૪૦ વર્ષમાં ન કર્યા હોય તેટલા ૧,૬૮,૯૨૯ ચેકડેમો, ૩,૦૫,૮૮૨ ખેત તલાવડીઓ, ૧,૨૫,૫૪૧ બોરીબંધ બનાવ્યા તથા ૨૭૨૨૬ તળાવો ઉંડા કરાવ્યા. ૧૦૦૦ જળબંધી વાવ કહીએ છીએ તેને પુનઃસ્થાપન કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કહે છે કે પાણી એ તો ભગવાને આપેલ પ્રસાદ છે. તો આ ટીંપે ટીંપા પાણીનો આપણે ઉપયોગ કરીએ. હું મારા ગાંધીનગરની વાત કરું તો ગાંધીનગરમાં પીવાના પાણી માટે બોર બનાવવામાં આવેલા. લેબોરેટરીમાં તે પાણી ફલોરાઇડવાળું આવે છે એટલે ફેઇલ થયું. જયારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સંત સરોવર બન્યું અને હમણાં જ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યો તો હવે એ બોરનું પાણી પીવાલાયક બન્યું છે. અમારું નદી કિનારાનું ગામ લેકાવાડા છે એ સંત સરોવર ભરાવાથી ૪૦ ફૂટ પાણી ઉપર આવ્યું છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ટપક સિંચાઇ, સ્પ્રિંક્લર પદ્ધતિથી ખેતી કરવા કહે છે. અમે હમણાં ૧૫ દિવસ પહેલાં ચંદ્રાલા ગામ ગયા હતા ત્યાં ખેડૂતો ટપક સિંચાઇથી ખેતી કરે છે. અમે જેના ખેતરમાં બેઠા હતાં એ કહે કે, અમારા ચંદ્રાલામાં ૧૦ વિઘા જમીન હોય તો ખેડૂત મારૂતિ લઇને ફરે છે. આધુનિક ખેતી કરે છે અને એ જ રીતે બનાસકાંઠા જિલ્લો ટપક સિંચાઇ અને આધુનિક ખેતી કરી અને સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબરે છે. અમારા ચાવડા સાહેબે સવારે કહ્યું હતું કે, અમે ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. મારે ચાવડા સાહેબને કહેવું છે કે, તમારા વખતમાં ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં એક પણ યોજના ન હતી તો ખેતરે-ખેતરે પાણી ક્યાંથી પહોંચાડતા હતા. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નર્મદા યોજનાની મુખ્ય કેનાલ અને સબ કેનાલો થઇ એટલે ખેતરે-ખેતરે પાણી પહોંચ્યું છે ત્યારે ગુજરાતનો ખેડૂત ૨૦૦૧માં ૯,૦૦૦ કરોડનું ખેતીનું ઉત્પાદન કરતો હતો જે આજે ૧,૪૦,૦૦૦ ટન ઉપર પહોંચ્યું છે. દરિયાનું પાણી આગળ વધી અને જમીનમાં ખારાશ ના આવે એ માટે આડબંધ બનાવ્યા. ચોમાસામાં પાણી દરિયામાં ના વહી જાય એ માટે ચેકડેમો બનાવ્યા.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના વિશેની ચર્ચામાં ભાગ લેવા ઊભો થયો છું. આપના માધ્યમથી હું આ સરકારને કહેવા માગું છું કે, વર્ષ ૨૦૧૫-૧૬નો કપાસનો પાક વીમો ખેડૂતોને ચૂકવવાનો બાકી છે એ તાત્કાલિક ચૂકવાય એના માટે પ્રયત્ન કરે. કયા કારણથી આ પાક વીમો ચૂકવવામાં નથી આવતો એનો જવાબ આ ગૃહની અંદર કૉંગ્રેસ પાર્ટી એક મહિનાથી માગે છે પરંતુ માનનીય મંત્રીશ્રી તરફથી કે સરકાર તરફથી કોઇ જવાબ નથી મળતો. જે ખેડૂત વિરોધી માનસિકતા છતી કરે છે. આવતા દિવસોની અંદર આ કપાસનો પાક વીમો

તાત્કાલિક ચૂકવાય કારણ કે, પાક વીમાની રકમ જે મગફળીની રકમ ચૂકવાય છે એના કરતાં પણ વધારે છે. અંદાજીત ૬૦૦ કોરડ રૂપિયા પાક વીમા કંપની પાસે બાકી છે એ તાત્કાલિક ચૂકવાય અને એના માટે જરૂર પડે તો કોંગ્રેસ પાર્ટી પણ આપની સાથે રહીને જે કાંઇ લડત કરવી પડશે એમાં સમર્થન આપશે. માનનીય કૃષિમંત્રીશ્રીને મારા વિસ્તારની એક વાત મારે કહેવી છે કે, ધોરાજી અને ઉપલેટાના ખેડૂતોએ મગફળીના પાક વીમાના પૈસા નિયત સમય-મર્યાદામાં રાષ્ટ્રીયકૃત બેંકની અંદર જમા કરાવી દીધા છે. બંને તાલુકાઓના થઇને અંદાજિત ૪૩૨ ખેડૂતો એવા છે કે, વીમા કંપની અને રાષ્ટ્રીયકૃત કેંકોના ગેરવહીવટને કારણે અથવા અણઆવડતના કારણે અથવા તો કોઇ ટેકનિકલ ભૂલના કારણે આ ખેડૂતો પાક વીમાથી વંચિત રહ્યા છે. ખેડૂતોએ આપની સમક્ષ પણ રૂબરૂમાં રજૂઆત કરી છે. પરંતુ હજી સુધી ખેડૂતોના પ્રશ્નોનો નિકાલ આવ્યો નથી. ગૃહની અંદર અને સમગ્ર ગુજરાતની અંદર ‘સૌની યોજના’ની મોટી – મોટી વાતો જ કરવામાં આવી અને આ વાતથી સૌરાષ્ટ્રના ખેડૂતો રાજી પણ થયા હતા. તો કમસેકમ સૌરાષ્ટ્રના ડેમો આ યોજનાથી ન ભરાય તો કંઇ નહીં, પરંતુ જો પીવાનું પાણી સિંચાઇ માટેના ડેમોમાંથી ઉપાડવામાં આવે છે, તો એ ઉપાડવાનું તો બંધ થાય. રાજકોટની અંદર નર્મદાનું પાણી આવે, એના માટે લોકાર્પણ કાર્યક્રમ થાય, એનાં વધામણાંના કાર્યક્રમ થાય, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી રાજકોટની અંદર આવે, રોડ-શો કરે. આવી જ બીજી એક યોજના અમારા જેતપુર તાલુકાની અંદર બલ્ક યોજના ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી. એનું લોકાર્પણ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ત્યાં આવે. બંને કાર્યક્રમોનું લોકાર્પણ થઇ જાય છતાંય માનનીય અધ્યક્ષશ્રી, ભાદર-૧ ડેમમાંથી આજની તારીખમાં પાણી ઉપાડવામાં આવે છે, ખેડૂતોના હક્કનું પાણી, છેલ્લું પાણ ખેડૂતોને આપવામાં ન આવ્યું. ડેમમાં પાણી હોવા છતાં પણ અને યોજનાઓની લોકાર્પણ વિધિ થઇ ગયા છતાં પણ ભાદર ડેમનું પાણી ખેડૂતોના હિતનું પાણી, ખેડૂતોના હક્કનું પાણી સીટીને પીવા માટે આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી પણ છે કે, આ ભાદર ડેમ સિંચાઇ માટે મુક્ત કરવામાં આવે, જેથી તેનાથી આવતા દિવસોની અંદર ખેડૂતોને મોટો ફાયદો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર એક સહકારી ખાંડ ફેક્ટરી હતી. આ ખાંડ ફેક્ટરી ફડચામાં ગઇ, જે સમયે ફડચામાં ગઇ તે વખતે ખેડૂતોની શેરડીના જે દસ ટકા કપાત લેવામાં આવતી હતી એ અને શેરની રકમ આજની તારીખની અંદર ખેડૂતોને ચૂકવવાની બાકી છે. ખાંડ ફેક્ટરીની જમીન અને થોડીઘણી મિલકતો આજની તારીખની અંદર પણ ત્યાં પડી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરૂં થાય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં જે માગણી નંબર-૩માં નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસની છે એના વિશે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારની અંદર આ સરકારે ખેતી લાયક પાણી આપવા માટેનો વિચાર કર્યો છે. કડાણા જળાશય આધારિત દાહોદ જિલ્લાની અંદર કોંગ્રેસની સરકારોને ૬૦-૬૦ વર્ષથી એ કોઇ વિચારો આવ્યા નથી. આજે ભાજપની સરકાર અને કોંગ્રેસની સરકારની બંનેની ઉંમર જોઇએ તો ભાજપ સરકારોની ઉંમર કેટલી અને કોંગ્રેસની સરકારોની ઉંમર કેટલી? એ બંનેની ઉંમરે નકકી કરી નાખ્યું અને ઉંમરમાં ઘણો તફાવત છે કે ૨૨ વર્ષની અંદર કેટલો વિકાસ થયો અને ૬૦ વર્ષની અંદર કેટલો વિકાસ થયો? જે આદિવાસી વિસ્તારની અંદર જે કડાણા જળાશય આધારિત પાણી આપવા માટેની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે દાહોદ જિલ્લાની અંદર સંતરામપુર, કડાણા, ફતેપુરા, સંજેલી આખા દાહોદ જિલ્લાની અંદર ખેતી લાયક પાણી આપવા હાલના તબક્કે જે ૧૦૦૦ કરોડ ૫૬ લાખ જેટલી મોટી મોટી પાઇપો નાખવાની કામગીરી ત્યાં ચાલુ થઇ ગઇ છે અને એ કામગીરી ટૂંક સમયની અંદર પૂર્ણ થશે અને ખેતીલાયક પાણી જે તળાવોની અંદર નાખવામાં આવશે એ તળાવોની અંદર આખા દાહોદ જિલ્લાને આવરી લેવાનો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારને અમારા વિસ્તારની ખૂબ લાગણી છે ત્યારે કોઇએ એવું વિચાર્યું નહોતું કે, ખેતીલાયક પાણી મળે. અમારા વિસ્તારની અંદર લોકોને શું જોઇએ કે, પીવાનું પાણી જોઇએ, ખેતીનું પાણી જોઇએ, આવાસ અને રોજગારી જોઇએ. એ અંગે આ સરકારે ચિંતા કરી અને ત્યાં પાણી આપવા માટેની અત્યારે કામગીરી ચાલુ છે અને ટૂંક સમયની અંદર આ પૂર્ણ થશે ત્યારે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને કહેવા માગું છું કે, એ તળાવમાં પાણી નાખવામાં આવશે અને એ પાણી ભરાશે ત્યારે કુવા અને હેન્ડપંપમાં પાણીના તળ ઉંચા આવશે. આ ભાજપની સરકારે આજે વરસાદી પાણી નદીઓમાં વહી જતું ત્યારે તેને માટે સરકારે વિચાર કર્યો કે, આના માટે તળાવો બાંધવાથી પાણી રોકાશે, જે ગામમાં વરસાદનું પાણી પડશે તે ગામમાં રોકાશે અને એ રીતના તળાવો અને ચેકડેમો અમારે ત્યાં બનાવ્યા છે. હજુ પણ સરકારે આ વિસ્તારોની અંદર તળાવો ઉંડા કરવાનું અને ચેકડેમો બનાવવાનું આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. બીજી વાત કરું તો સાહેબ, ખેડૂતોને જયારે ખૂબ જ નુકસાન થતું હતું ભુંડ, રોઝ અને સુવર ખેતરમાં ઘુસી જઇ અને ખેડૂતોના પાકને નુકસાન કરતા હતા ત્યારે તેનો પણ વિચાર કરી અને આ સરકારમાં માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ અને વિજયભાઇ રૂપાણી સાહેબે ખેડૂતોના પાકને બચાવવા માટે ખેડૂતોના ખેતરને ફરતે તારની વાડ કરવામાં આવે તો ભુંડ અને રોઝ ખેતરમાં ન આવી શકે અને ખેડૂતોનો પાક બચી શકે, તેના માટે આવી લાગણી ખેડૂતો માટે રાખતી આ સરકાર હોય ત્યારે સૌનો સાથ અને સૌનો વિકાસની વાત પણ કરે છે. બધાની સાથે આપણા વિસ્તારની અંદર પણ સૌ સન્માનનીય સભ્યો સાથે મળીને વિકાસમાં ભાગીદાર બનવું જોઇએ. મિત્રો આવો વિકાસ થતો હોય ત્યારે આ વિકાસને અટકાવવા ઘણા બધા લોકો અને તત્વો ફરતા હોય ત્યારે એ તત્વોને ખરેખર આપણા વિસ્તારનો

વિકાસ થતો હોય ત્યારે આંતરમુખ ન થવું જોઇએ બધાનો વિચાર કરવો જોઇએ, ગરીબનો વિચાર કરવો જોઇએ તેના હિત માટે વિચારવું જોઇએ, અને તેના હિતનું કામ કરીશું ત્યારે સૌનો વિકાસ થશે. કોંગ્રેસના લોકો વિકાસની વિરૂદ્ધમાં વાત કરતા હતા. તેમને આ વિકાસ દેખાતો નથી, તે દુઃખદ બાબત છે, ખરેખર રીતે વિકાસ થઇ રહ્યો છે બે આંખે આપણને આ વિકાસ દેખાવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય લલીતભાઇ કગથરા.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ખેતીની માગણી ઉપર બોલવા ઉભો થયો છું ત્યારે આ દેશના માજી વડાપ્રધાનશ્રી લાલબહાદુર શાસ્ત્રીજીએ દેશમાં એલાન કરેલું કે, આ દેશમાં અન્નની મુશ્કેલી હતી એટલે અઠવાડિયામાં એક દિવસ સમગ્ર દેશ ઉપવાસ કરે, અને આ દેશના વડાપ્રધાનની વાત રાખીને આ દેશની પ્રજા એમના એ ઉપવાસમાં જોડાઇ હતી.

હું મારા મિત્રોને કહેવા માગું છું કે, આ દેશ જયારે સ્વતંત્ર થયો ત્યારે પહેરવા કપડાં નહોતાં અને ખાવા અન્ન ન હતું, આ પરિસ્થિતિમાં દેશ જયારે સ્વતંત્ર થયો ત્યારે આપના વડીલો કયાં હતા તે આપને કહેવાની જરૂર નથી. હું આપને એ કહું છું કે મિત્રો આપ વખતો વખત કહ્યા કરો છો કે, ૩૦ વર્ષમાં તમે શું કર્યું, આ ૩૦ વર્ષમાં એક બે કિલોનું બાળક એને પાળી, પોષી અને મોટો કરીને ૨૨ વર્ષનું હ્રુષ્ટપુષ્ટ બનાવ્યું હોય અને જયારે એ તગડું થઇ જાય ત્યારે પછી બીજા એ દત્તક લઇ લે તેવી પરિસ્થિતિ માનનીય અધ્યક્ષશ્રી, આ મિત્રો એ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આજે ખેતીની વાતા થાય છે ત્યારે મારે યાદ કરાવવું છે કે, સૌરાષ્ટ્રમાં મોટી પાણીની સ્કીમો ડેમો બનાવવા વાળા સિંચાઇ મંત્રીશ્રી કેશુભાઇ પટેલને કોઇ યાદ નથી કરતું. ઉગતા સૂર્યને સૌ પૂજે છે. મારે માનનીય મંત્રીશ્રીને એ કહેવું છે કે, સૌરાષ્ટ્રની અંદર જો હરિયાળી ક્રાંતિ લાવ્યા હોય તો તે ત્યારે જે સિંચાઇ મંત્રી કેશુભાઇ પટેલ હતા તેમને આભારી છે. આ કેશુભાઇ શેમાં હતા, ભાજપમાં કે કોંગ્રેસમાં? અત્યારે મારે તમને એ યાદ કરાવવું છે તેમને તો યાદ કરો. હું રીશેષમાં બહાર બેઠો હતો અને ટી.વી.માં ન્યુઝ આવતા હતા કે, ચીટ કંપનીએ હજારો લોકોનો છેતર્યા, વર્ષોથી લોકો છેતરાતા આવે છે, છ–છ વાર છેતરાણા હોય તો લોકોને બિચારાને શું. આનો મતલબ એવો છે કે છેતરનારા ઘણા હોંશિયાર છે.

મારે એ કહેવું છે કે, ખેડૂત તરફ, ખેતી તરફ કે ગામડાં તરફ જે શાસક કર્તા લોકોનું દુર્લક્ષ છે. તેના હિસાબે ગામડાં ઉજ્જડ થઇ રહ્યા છે, લોકો ખેતી છોડીને ભાગી રહ્યા છે. આજે પાક વીમા માટે આંદોલનો કરવા પડે છે, હાથ પગ પકડવા પડે છે કે અમારા ખેડૂતોને કપાસનો પાક વીમો આપો એ આપવામાં આવતો નથી જયારે બીજી બાજુ ફેકટરીવાળાને કપાસની જીનીંગ ફેકટરીમાં આગ લાગે તો બે મહિનામાં વીમો મળી જાય, એને વીજળીનું કનેકશન જોઇતું હોય તો તરત મળી જાય છે. આજે ખેડૂતોને લાઇનમાં ઉભા કરનારી જો કોઇ સરકાર હોય તો એ માત્ર ને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ખેડૂતો માટે એક લાઇન પૂરી ન થાય ત્યાં બીજી લાઇન ચાલુ. આચાર્ય દ્રોણે તો એકલવ્ય પાસે અંગુઠો માગ્યો અને એણે અંગુઠો આપી દીધો જયારે અહીંયા ખેડૂતો પાસે અંગુઠો માગવામાં આવે છે ત્યારે એ કહે છે કે અંગુઠો નહિ આપીએ તમે કહેતા હો તો માથુ ઉતારી લો એવી પરિસ્થિતિ ઉભી થઇ છે. આજે ખેડૂતોને યુરિયા ખાતર લેવા જવું હોય તો લાઇનમાં ઉભા રહેવાનું અને અંગુઠાનું નિશાન આપવાનું. યુરિયાનો વપરાશ ફકત ખેતરમાં થાય એ સિવાય બીજે તો નાખવામાં આવતું નથી, શું યુરિયા બ્લેકમાં વેચાય છે? મારે આ તબક્કે સરકારને વિનંતી છે કે આ અંગુઠામાંથી અને લાઇનમાં પબ્લિકને છોડાવો. પ્રજા હજી નોટબંધીની લાઇનમાંથી બહાર નીકળી નથી ત્યાં બીજી લાઇનો ચાલુ તેથી સરકારને મારી વિનંતી છે કે ખેડૂતો પ્રત્યે ધ્યાન નહિ આપવામાં આવે તો દેશનું અર્થતંત્ર ભાંગીને ભૂક્કો થઇ જશે. છેલ્લે એટલું જ કહીશ માનનીય કૃષિ મંત્રીશ્રીને કે ખેડૂતના દીકરા તરીકે હાથ જોડીને વિનંતી કરું છું, પગ પકડીને વિનંતી કરું છું કે ખેડૂતોને કપાસના પાકનો વીમો તો તાત્કાલિક આપો.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮–૧૯ના અનુદાન માટેની માગણીઓ લઇને અમારા મુરબ્બી કૃષિ મંત્રીશ્રી આર. સી. ફળદુ સાહેબ આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને સંમતિ આપું છું તથા આ બાબતે મારા મંતવ્યો સ્પષ્ટ કરવા માગું છું.

હમણાં મારા મિત્રો કહેતા હતા કે આપણો દેશ ખેતી પ્રધાન છે અમે પણ કહીએ છીએ પરંતુ આઝાદી પછીના વરસોમાં કોંગ્રેસની સરકારે ખેડૂતો પ્રત્યે ધ્યાન ન આપ્યું એના પ્રત્યે દુર્લક્ષતા સેવી એના કારણે ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડી છે.

૧૯૬૦માં નર્મદા યોજનાનો પાયો નાખવામાં આવ્યો પરંતુ પછી કામગીરી કરવામાં ખૂબ જ વિલંબ કરવામાં આવ્યો એના લીધે ગુજરાતને હળાહળ અન્યાય થયો છે. મારે આ તકે યાદ અપાવવી છે કે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે અમારા ઉત્તર ગુજરાતના મારા સાથી મિત્રોને યાદ હશે કે ટયુબવેલ બનાવવા હોય તો ૧૦૦૦ થી ૧૨૦૦ ફૂટ ઉંડે જવું પડતું હતું. એના માટે જો કોઇ જવાબદાર હોય તો માત્રને માત્ર કોંગ્રેસ સરકાર જ છે. એમણે તે વખતે વિચાર કરવાની આવશ્યકતા હતી.આપણા ગુજરાતમાં કુદરતી સંપત્તિ ખૂબ મોટા પ્રમાણમાં હતી પરંતુ આપણે સુવિધા ઉભી ન કરી શકયા એના લીધે ખેડૂતોને ખૂબ અન્યાય થયો છે. ખેડૂતોને વરસો વરસ ટયુબવેલો બનાવવા પડે એ માટે મજબુર થતો હતો એનું મુખ્ય કારણ તળના પાણી ઉંડેને ઉંડે જતાં હતા. બીજી બાજુ વીજળીની ગુણવત્તા ન હોવાને કારણે વારંવાર ટ્રાન્સફોર્મર બળી જતા હતા. ફીડરો બળી જતાં હતા અને ૧૫ થી ૨૦ દિવસ સુધી એ બદલવામાં આવતા નહોતા એના લીધે ખેડૂતોનો પાક બળી જતો હતો અને એની કોઇ પરવા કરવામાં આવતી નહોતી. ખેડૂત જગતનો તાત ગણાતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, હું મારો એક અનુભવ

કહીશ કે ગત રવિવારે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા  લોકદરબાર રાખવામાં આવ્યો હતો. આ લોકદરબારમાં વીજાપુરના ૨૦થી ૨૫ કેસ હતા. સ્થળ ઉપર તેનો નિકાલ થયો. સાંભળવા જેવું છે, તમને પણ આનંદ થશે કે જે કેસો હતા  તેનો સ્થળ ઉપર નિકાલ થયો. મારે એ કહેવું છે કે તેમાં એક પણ ટ્રાન્સ્ફોર્મર બળી જવાની વાત કે વોલ્ટેજ ઓછા હોવાની વાતનો કેસ નહોતો, તેનું મૂળભૂત કારણ હોય તો અમારી ગુજરાત સરકારનું નેતૃત્વ. આદરણીય વિજયભાઇ, ડેપ્યુટી સી.એમ. નીતિનભાઇ અને સૌરભભાઇને અભિનંદન પાઠવીશ કે તેમાં એક પણ કેસ વોલ્ટેજના અભાવનો નહોતો.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫માં ખેડૂતોની આવક માત્ર ૯,૦૦૦ કરોડ હતી. આજે ૧,૪૦,૦૦૦ને આંબી ગઇ છે. આને કહેવાય વિકાસ. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ગામડાંમાં રહેવાવાળા ખેડૂતો અને ખેતમજૂરો માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. એટલું જ નહીં પરંતુ નર્મદાનું પાણી નર્મદા ઓથોરિટીએ વિભાજીત કરેલ હતું. ફાળવેલું હતું. ઉત્તર ગુજરાતના મોટા ભાગના એરિયામાં આનો સમાવેશ નહોતો થયો. પરંતુ અમારું દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ આદરણીય કેશુભાઇ હોય કે આદરણીય નરેન્દ્રભાઇ મોદી હોય, તેમણે આ વહી જતા નર્મદાના પાણીનો સદુપયોગ કરીને ઉત્તર ગુજરાતને પહોંચાડવા માટે પાઇપ લાઇનોની યોજનાઓ ઘડી. એ વખતે અમારા આદરણીય તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ કહેતા હતા કે ખેડૂતોને પહેલાં પાણી જોઇએ કે વીજળી? તો એમણે કહ્યું કે જમીનમાં પાણી હશે તો વીજળીની જરૂર પડશે. તેના માટે નેવાના પાણી મોભે ચડાવીને નર્મદાનું પાણી પાઇપ લાઇન દ્વારા પંપીંગ કરીને  તેમજ સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા નદીઓ જોડીને કેનાલો દ્વારા પાણી આપવામાં આવ્યું. મિત્રો, સમજવાની જરૂરિયાત છે. સાચી વસ્તુ સમજવાની જરૂરિયાત છે. ખેતરે ખેતરે પાણી પહોંચાડ્યું તો ભારતીય જનતા પાર્ટીની સરકારે પહોંચાડ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી :  માનનીય વીરજીભાઇ, હું કેટલાક નામો નોંધી રહ્યો છું. ફરી તમે બોલતા હશો ત્યારે હું સામા પક્ષને કહીશ કે તમે એમને વારંવાર ટોકી શકો. આ શું છે? આના પછી હું નહીં કહું. તમને ગૃહ છોડવા મજબુર થવું પડશે. પ્રતાપભાઇ, તમને પણ કહું છું.

શ્રી રમણભાઇ  ધુ. પટેલ :  માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં જીરૂ, વરિયાળી, તમાકુ, દીવેલા, મગફળી, અનાજની ખેતી કરતા મિત્રોને પ્રોત્સાહિત કર્યા અને કૃષિ મહોત્સવ દ્વારા, ચાલુ ખેતી દ્વારા બાગાયત ખેતી થાય તેના માટે પણ કૃષિ મહોત્સવ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મને જણાવતા આનંદ થાય કે વર્ષ ૨૦૧૬-૧૭માંગુજરાત રાજયમાં રાષ્ટ્રીય કક્ષાએ ફળ-પાકના ઉત્પાદનમાં ૯ ટકા હિસ્સો રહ્યો છે. શાકભાજીમાં ૮ ટકા હિસ્સો રહ્યો છે. કુલના પાકમાં ૮ ટકા હિસ્સો રહ્યો છે અને મસાલાના પાકોમાં ૧૨ ટકા હિસ્સો રહેલો છે. મારે એ પણ યાદ દેવડાવવું છે કે બનાસકાંઠાના ખેડૂતો દાડમ પકવતા થયા તે ભારતીય જનતા પાર્ટીને આભારી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ  ( કૃષિ, ખેડૂત કલ્યાણ, બંદરો, વાહન વ્યવહાર અને સહકાર મંત્રીશ્રી ) :  માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય ગૃહ સમક્ષ મારા વિભાગોની માગણી ક્રમાંક- ૨, ૩, ૪, ૬ અને ૭૪ લઇને આવ્યો છું. મારા વિભાગના સંદર્ભમાં આ ગૃહના લગભગ ૨૯ માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને વાહન વ્યવહારના સંદર્ભમાં ખૂબ સુંદર મજાના સૂચનો પણ કર્યા છે, ક્યાંક મારા કાન આમળવાનું પણ કામ કર્યું છે, ક્યાંક પ્રેમ પણ વરસાવવાનું કામ કર્યું છે. આખરે આપણે બધા ગુજરાતના જન પ્રતિનિધિઓ છીએ. ગુજરાતના ખેડૂતોનું કેમ ભલુ થાય, એના જીવનમાં આર્થિક ઉન્નતિ આવે એના માટે આ સન્માનનીય ગૃહના બધા સભ્યોને ચિંતા હોય. કેટલાક પોલિટિકલ અવલોકનો થયા છે મારે એનો જવાબ આપવો નથી. એ જવાબ એટલા માટે આપવો નથી કે મારો સ્વભાવ હકારાત્મક દ્રષ્ટિકોણવાળો છે. અમારા પક્ષની સરકારને આ ગુજરાતના પ્રજાજનોએ જે કામ સોંપ્યું છે એ ખંતપૂર્વક અને જવાબદારીપૂર્વક કરવું છે. એમનું ભલુ કેવી રીતે થાય એ આપણે બધાએ જોવાનું છે. રાજ્યના ૪૮ લાખ ખેડૂતોનું ભલુ થાય એના માટે અમારી સરકાર કટિબદ્ધ છે અને પ્રજા માટે કામ કરી રહી છે. મારે બે-ચાર વાતો આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકતા પહેલા એક કવિના સુંદર મજાના ગીતની પંક્તિઓ ગૃહ સમક્ષ મૂકું છું.

'' માંડ એક અડધા ઇંચ વરસાદે ધરતી પણ અતૃપ્ત હોય, ત્યાં કાળજુ કઠણ કરી, સાવ કોરાટે વાવેલા મગ ફૂટી બે-પાંચ પાંદડે થઇ, આંખોની ઠંડક બને ત્યાં રોજ સવાર-સાંજ વાંદરાના ટોળાને મગને ઘમરોળતા જોઇ  લાખ જીવ બળે તોય લાકડી ન ઉગામે એ કોણ હશે? ના ના એ કોઇ સામાન્ય માણસ નથી. એ છે ધરતીપુત્ર, એ છે જગતનો તાત.''

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની ધરતી ઉપર જે ખેડૂતો સદીઓથી, ઋષિ-મૂનિઓના યુગથી ધરતીના પેટ ઉપર ઉંડું હળ હાંકી અથાગ પુરુષાર્થ કરી અન્ન પેદા કરીને જગતનું પેટ પૂરનારો એ ખેડૂત છે. એનું ભલુ કરવું સ્વાભાવિક રીતે રાજનીતિમાં પડેલા સૌ કોઇના હૈયામાં આ લાગણી હોય. અમારી પહેલા પણ આ રાજ્યની અંદર કોંગ્રેસના મિત્રો પણ શાસનમાં રહ્યા છે. એને પણ ખેડૂતના જીવનમાં આર્થિક ઉન્નતિ આવે એના માટે એમણે પ્રયાસો જરૂરથી કર્યા છે. પરંતુ અંગ્રેજોની ચૂંગાલમાંથી હિન્દુસ્તાન આઝાદ થયા પછી જે ઝડપથી રાષ્ટ્રને વિકાસના પથ ઉપર લઇ જવું જોઇએ, જે ત્વરાથી કામ થવું જોઇએ, જે ત્વરાથી તમામ ક્ષેત્રોમાં કામ થવું જોઇએ, પણ મારે દુર્ભાગ્ય સાથે કહેવું પડે છે કે હિન્દુસ્તાનની ધરતી ઉપર દેશનો મુળભૂત જે વર્ગ છે એ ખેતી સાથે સંકળાયેલો હોઇ, દુનિયામાં ભારત દેશ છે એ કૃષિ પ્રધાન દેશ તરીકે ઓળખાતો દેશ છે એ દેશના ખેડૂતના જીવનમાં એક વિકાસની નવી દિશા પકડાય એ માટે આઝાદી પછી સરકારોએ જે પ્રકારના આયામો લઇને કામ થવું જોઇએ એ ન થયું એના કારણે હિન્દુસ્તાનના આઝાદીના ૬૮-૭૦ વર્ષ પછી પણ દેશનો ખેડૂત છે એ જીવવા માટે આર્થિક

વ્યવહારના છેડા ભેગા થતા ન હોય અને આપઘાત કરતો હોય એ દુર્ભાગ્યપૂર્ણ છે. અમે તો છેલ્લા ૧૫–૨૦ વર્ષથી શાસનમાં આવ્યા છીએ. દેશની રાજગાદી ઉપર અધિકાંશ શાસનમાં આવ્યા છે એ લોકોએ શું કર્યું? એ લોકોએ કર્યું શું? જે ઝડપથી વિકાસની જરૂરિયાત હતી, ખેડૂતને જોઇએ શું? આપ સૌ બોલતા હતા ત્યારે ચૂપચાપ બેઠો બેઠો હું આપના મંતવ્યોની નોંધ કરતો હતો. હું જવાબદાર સ્થાને બેઠો છું. અમારે કામ કરવું છે. આપને પણ આ ગુજરાતની પ્રજાએ જનપ્રતિનિધિ તરીકે જવાબદારી સોંપી છે. આપે જે બહુ મૂલ્ય સૂચનો કરેલા છે એની મેં નોંધ કરેલી છે અને મારા વિભાગોને આ કામ કરવા માટેની સૂચના આપવાનો છું. કારણ તમે તો કદાચ પ્રતિપક્ષે બેઠા હશો. પરંતુ તમને મોકલવાળા લોકો છેને એ ગુજરાતના પ્રજાજનો છે જેનું હિત અમારા હૈયે છે.

અધ્યક્ષશ્રી : હવે હું માનું છું કે, કોઇ પણ અવાજ નહિ કરે. ડિસ્ટર્બ નહિ કરે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, વિષમ પરિસ્થિતિની વચ્ચે ગુજરાતનો ખેડૂત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે ૨–૩ જણા બહાર જશે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, વાવાઝોડા આવે, દુ: ષ્કાળ આવે, અલ નીનો આવે અને અનેક પ્રકારના સંકટો, અનેક પ્રકારના જોખમોની વચ્ચે ગુજરાતનો ખેડૂત હિંમત હાર્યા વિના પોતાની ફરજ છે, પોતાનું કર્તવ્ય છે એ આ ક્ષેત્રમાં કામ કરતો રહ્યો છે. મારે કહેવું છે કે, ૧૯૯૫–૯૬ માં આ રાજ્યમાં જે ઉત્પાદન થતું હતું એ ૧૪૦૦૦ કરોડ રૂપિયાનું ઉત્પાદન થતું હતું. ૨૦૧૫–૧૬ માં આ આંક છે ૧૩૭૦૦૦ કરોડ રૂપિયા સુધી ઉત્પદન પહોંચ્યું છે. આ કેવી રીતે થતું હશે? માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ શ્રેણીના ગુજરાતની અંદર ખેડૂતો છે. સીમાંત ખાતેદાર ખેડૂતો છે ૧૮,૧૫,૬૩૪, જે સીમાંત ખાતેદાર ખેડૂતોની વ્યાખ્યા છે એક હેકટરથી નીચે જેની જમીન હોય એ પ્રકારના, નાના ખેડૂત ખાતેદારો છે એ ૧૪,૨૯,૦૨૧, અર્ધ મધ્યમ ખેડૂત ખાતેદારો છે ૧૦,૭૯,૫૩૩, મધ્યમ ખેડૂત ખાતેદાર ૫,૧૨,૬૫૧ અને મોટા ખાતેદાર ખેડૂત છે ૪૮,૭૪૧ આમ અંદાજે ૪૮ લાખ ઉપરાંત ગુજરાતની અંદર ખાતેદાર ખેડૂતો આવેલા છે. આ ખાતેદાર ખેડૂતો પોતાના ખેતરોમાં જે પરંપરાગત ખેતી કરતા આવે છે એમાં કાંઇક બદલાવ આવે તે જરૂરી લાગતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને જોઇએ પાણી, વીજળી, ખાતર, દવા અને બિયારણ, એ શુદ્ધ અને સારી ગુણવત્તાવાળી આ ચીજો અગાઉ પણ અગાઉના શાસકો આપતા હશે એ એની દ્રષ્ટિ પ્રમાણે આપતા હશે. પરંતુ ગુજરાતની જનતાએ જ્યારથી ભારતીય જનતા પાર્ટીને શાસનની જવાબદારી સોંપી છે ત્યારથી આ પરંપરાગત ખેતીમાંથી ખેડૂતને બહાર લાવવાની અમે કોશિશ કરીએ છીએ. કૃષિ મહોત્સવના માધ્યમથી આધુનીક વિજ્ઞાન અને ટેકનોલોજી સાથેનું જ્ઞાન છે એ ખેડૂત ધરાવતો થાય એ માટે ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં જે પ્રયોગશાળાની અંદર નવા નવા પાકો માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : જ્યારે માનનીય મંત્રીશ્રીનું ગંભીર નિવેદન ચાલતું હોય ત્યારે આ ગૃહમાં મોબાઇલનો ઉપયોગ સદંતર બંધ છે પછી એ કોઇ પણ જગ્યાએ બેઠા હોય, પ્લીઝ કન્ટીન્યુ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આપણી ચારેય યુનિવર્સિટીના તજજ્ઞો, વૈજ્ઞાનિકો નવા નવા અખતરાઓ દ્વારા આ રાજ્યના ખેડૂતોને નવી નવી શોધો બિયારણના ક્ષેત્રે હોય કે અન્ય ક્ષેત્રે હોય એ સંશોધન કરીને આપી રહ્યાં છે એ 'ન ભૂતો ન ભવિષ્યતે્' એવડું મોટું આપણા કૃષિ વૈજ્ઞાનિકોનું યોગદાન છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈજ્ઞાનિકોને પ્રયોગશાળામાંથી કૃષિ મહોત્સવના આ કાર્યક્રમમાં બહાર કાઢીને ૪૦ થી ૪૪ ડીગ્રી તાપમાનની વચ્ચે ગુજરાતના ગામડાંમાં, ગુજરાતના આંગણે આપણા કૃષિ વૈજ્ઞાનિકોને આ પરંપરાગત ખેતીમાંથી બહાર લાવવાની આપણી આ પહેલ છે, કોશિશ છે. જે પરંપરાગત ખેતી કરતા હતા, ચીલા ચાલુ ઘરેડમાં આપણો ભાઇ અટવાયેલો હતો એને મૂલ્યવર્ધન ખેતી કેવી રીતે થાય? પોતાના ખેતરમાં પેદા કરેલી ચીજ છે એમાં મૂલ્ય એડિશન આપણે કેવી રીતે કરી શકીએ? એના માર્ગદર્શનની જરૂરિયાત હતી. પરંપરાગત પાકોમાંથી એને બહાર લાવી અને નવા પાકો આપવાની આવશ્યકતા હતી. આ કેવી રીતે થઇ શકે? વ્યક્તિ બિમાર થાય તો માણસ એને સલાહ આપે કે ડોકટર પાસે જાવ. ડોકટર એની નાડ તપાસે અને પછી જરૂર લાગે તો એને એમ કહે કે બ્લડ, યુરીનના તમે લેબોરેટરીમાં ટેસ્ટ કરાવો. લેબોરેટરીમાં ટેસ્ટ થયા પછી ખબર પડશે કે આ વ્યક્તિના શરીરમાં આટલા આટલા તત્વોની ઘટ છે અને એને કારણે આ રોગ હાવી થયો છે અને પછી એના આધારે એની સુશ્રુષા શરૂ થશે એમ આ ધરતીની પણ તાસીર છે. આ ધરતીની તાસીર જાણવા માટે અગાઉ કોઇએ કોશીશ કરી નહોતી એ પ્રકારનું દિમાગ હોવું અત્યંત જરૂરી હોય છે. એ લેવલથી વિચારવું જરૂરી હોય છે અને આપણા સદભાગ્ય છે કે ગુજરાતમાં કેશુભાઇ પટેલ જેવા મોટા પેટવાળા કોઠાસુઝવાળા રાજનીતિજ્ઞ ગુજરાતની ધરતીને પ્રાપ્ત થયા છે જેમણે ૧૯૯૫ થી, અહીંયા કેટલાક મિત્રો એમ કહેતા હતા કે કેશુભાઇનું નામ આ લોકો નથી લેતા. અમારા તો એ પિતૃતુલ્ય વડીલ છે. ગુજરાતના જાહેર જીવનમાં એમણે એક આદર્શ રાજનીતિજ્ઞ તરીકેની જે કેડી કંડારી છે એ કેડી ઉપર અમે ચાલનારા કાર્યકર્તાઓ છીએ. નરેન્દ્રભાઇ મોદીએ, આજે મારે એમને યાદ કરવા પડે ગુજરાતમાં કૃષિ મહોત્સવ ૨૦૦૫માં શરૂ કર્યો એ જામનગર જિલ્લાથી શરૂ કર્યો. આ કૃષિ મહોત્સવના માધ્યમથી જમીનની તાસીર છે એ ખેડૂતોને ખબર પડી. સોઇલ હેલ્થ કાર્ડના માધ્યમથી કયા ખેડૂતની જમીનમાં કયા પ્રકારના તત્વો પડેલા છે, એ જમીનની તાસીર શું છે અને એના આધારે નવા કેટલાક પાકો ગુજરાતની અંદર શકય થયા. આપણને કલ્પના નહોતી કે ગુજરાતની ધરતી ઉપર કયારેય કાજુ પાકે. આપણે ગુજરાતમાં કાજુ પણ પકવતા થયા. અંજીર પણ પકવતા થયા. અગાઉ કોઇને ખબર નહોતી કે ગુજરાતમાં અંજીર પાકી શકે. આ સોઇલ હેલ્થ કાર્ડની દેન છે. આ સોઇલ હેલ્થ કાર્ડના કારણે નવા કેટલાક પાકો સંભવિત થયા. આપણા ગુજરાતની અંદર જે આપણા ખેડૂતો મહેનત કરી રહ્યા છે, કોશીશ કરી રહ્યા છે, હું

એમને શતશત વંદન કરું છું. અનેક પડકારોની વચ્ચે પણ સંઘર્ષપૂર્ણ રીતે આપણો ખેડૂત ઝઝૂમતો રહ્યો છે, લડતો રહ્યો છે અને એના કારણે તો આપણા ઉત્પાદનોની અંદર પછી એ તેલીબીયા ઉત્પાદન હોય કે ખાદ્ય ઉત્પાદન હોય કે પછી બાગાયતી ઉત્પાદન હોય એમાં એમણે જે કોશીશ કરી છે, રાષ્ટ્રીય લેવલે આપણો નંબર આવે છે. દીવેલામાં ગુજરાત પ્રથમ નંબરે હોય, મગફળીમાં ગુજરાત પ્રથમ નંબરે હોય, કપાસમાં ગુજરાત પ્રથમ નંબરે હોય એ રીતે બાગાયતી પાકોમાં પણ ગુજરાત પ્રથમ નંબર ઉપર હોય એનું કારણ શું છે? આપણા ખેડૂતને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઉત્તેજન આપવામાં આવે છે. ભાવની વાત તમે કરો છો અગાઉ મારે નથી એમાં પડવું. આ પાક વીમાની પદ્ધતિ છે એ પાક વીમાની પદ્ધતિ આજકાલની તો નથી? અગાઉ અહીંયા ગાંધીનગરના સીમાડે પાક વીમાના પૈસા લેવા આવતા ખેડૂતોએ ગોળીઓ ખાવી પડી છે. વીજળી લેવા આવવા માટે ગુજરાતમાં કિસાન આંદોલન થતા હોય અને વીજ જોડાણો ન મળે, ખેડૂતો આંદોલનો કરે, ગાંધીનગરના સીમાડે પાંચ-પાંચ ખેડૂતોની લાશો પડી જાય. આ પ્રકારના દિવસો પણ ગુજરાતે જોયા છે મારે એમાં નથી પડવું (અંતરાય) રહેવા દો એટલે તમે બોલો છોને એટલે મારે તમને યાદ કરાવવું પડે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી અમરીષભાઇ જી. ડેર : સાહેબ, આપે એવું કીધું કે પહેલાના લોકોમાં જરા ઓલું નહોતું એટલે આ બધું થયું. હું એટલું કહું છું કે ખેડૂત બાબતમાં આપ જો એવું ઇચ્છતા હોવ તો હું એટલું કહું છું.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? સીધા પોઇન્ટ ઓફ ઓર્ડર પર આવો.

અમરીષભાઇ જી. ડેર : સાહેબ, પોઇન્ટ ઓફ ઓર્ડર માટે જ હું આપને કહેવા માગું છું. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે સાહેબ જે રીતે કહે છે એ રીતે જો હોય તો આ રાજયના જે ખેડૂતો છે એ બધાને ભેગા થઇ અને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ કઇ રીતે કહે છે એ તમારે શીખવાડવાની જરૂર નથી. બેસી જાવ. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી આમાં. પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વિરજીભાઇ હાજર છે કે નહિ? છે. વિરજીભાઇ બે-ત્રણ દિવસ પહેલાં જ્યારે પોતાના પ્રવચનમાં વાત કરતા હતા. હું સાંભળતો હતો. આજે એ પણ કેટલાક પ્રવચનમાં એવી વાત આવી કે ૧૯૯૫ પછીથી ગુજરાતની અંદર સિંચાઇ યોજના બની જ નથી. આ લોકોએ એક પણ સિંચાઇ યોજનાનું ભૂમિપૂજન કર્યુ નથી કે યોજના બનાવી નથી. મારે આ રેકોર્ડ સ્ટ્રેઇટ રહે, એટલા માટે કહેવું છે કે ૧૯૯૫ થી આ ગુજરાતની ધરતી ઉપર જેટલી સિંચાઇ યોજના બની છે, એનું લિસ્ટ તો બહુ મોટું છે. પણ હું નહિ બોલું તો એ લોકોને એમ કહેવાનું થશે. અમારા સાથી મિત્રોને કે આ ખોટા આંકડા આપે છે, એટલે હું યોજનાના નામજોગ બોલી જાઉં છું. મને એમ લાગે છે કે આ રેકોર્ડ સ્ટ્રેઇટ રહે એટલા માટે કહેવું પડે છે. ૧૯૯૬ માં લાંક સિંચાઇ યોજના બનાવવામાં આવી.૧૯૯૭ માં વારાંશી સિંચાઇ યોજના બનાવવામાં આવી. ૧૯૯૭ માં ખેડવા સિંચાઇ યોજના બનાવામાં આવી. ૨૦૦૦ માં જવાનપુરા સિંચાઇ યોજના બનાવવામાં આવી. ૧૯૯૭ માં કાલી-૨ બનાવવામાં આવી. ૨૦૦૪ માં બાલારામ સિંચાઇ યોજના બનાવવામાં આવી. ૨૦૦૫ મા ગોરઠિયા મોટા ચેખલા સિંચાઇ યોજના બનાવવામાં આવી. ૨૦૧૧ માં સંતસરોવર યોજના બનાવવામાં આવી. ડેમી-૩ ૧૯૯૮ માં બનાવવામાં આવી. મચ્છુ-૩ ૨૦૦૪ માં સિંચાઇ યોજના બનાવવામાં આવી. ૨૦૦૦ માં બ્રાહ્મણી-૨ યોજના બનાવવામાં આવી. ઉતાવળી ૧૯૯૭ માં બનાવવામાં આવી. ધાતરવડી-૨ ૧૯૯૭ માં બનાવવામાં આવી. વડી ૧૯૯૭ માં બનાવવામાં આવી. જસપરા માંડવા ૨૦૦૧ માં, કાનિયાડ ૧૯૯૫ થી ૧૯૯૬માં, પીંગળી ૨૦૦૧ માં, ડોંડી ૧૯૯૮ માં, કર્ણુકી ૧૯૯૯ માં, સોડવદર ૧૯૯૯ માં બનાવવામાં આવી. ઓઝત-૨ ૧૯૯૫ માં, ઓઝત વીયર ૧૯૯૭ માં, ઓઝત વીયર-વંથલી ૨૦૦૪ (અંતરાય) છો ને...(અંતરાય)

અધ્યક્ષશ્રી: આપે બેસી જવાનું છે. પ્લીઝ,વિરજીભાઇ આપ બેસી જાવ. આ પ્રવચન ચાલે છે. આપ બેસી જાવ. આપ મનમાં ગણ્યા કરો. મનમાં ગણ્યા કરો. બોલવાની જરૂર નથી વિરજીભાઇ. વિરજીભાઇ આપ બેસી જાવ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : વિરજીભાઇ, આ લિસ્ટ હજુ ખૂટયું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, માનનીય વિરજીભાઇ, માનનીય વિરજીભાઇ આપ બેસી જાવ.(અંતરાય) લલીતભાઇ આમ સંતાઇને બોલવાની જરુર નથી. માનનીય વિરજીભાઇ, આપને પાછા સસ્પેન્ડ કરવા પડશે. પ્લીઝ. (અંતરાય) તો આપને સસ્પેન્ડ કરવામાં અમને કોઇ વાંધો નથી.(અંતરાય) શેના માટે તમે વચ્ચે બોલબોલ કરો છો? આજના દિવસ માટે તમને સસ્પેન્ડ કરવામાં આવે છે. આપ ગૃહને છોડીને જઇ શકો છો. આપ ગૃહને છોડીને જઇ શકો છો. બેસો તમે બધા. બેસો બધા. વારંવાર વિનંતી કરવાની ન હોય. માનનીય વિરજીભાઇ, આપને ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, આપે જવું જોઇએ. એમને બહાર લઇ જાવ.(અંતરાય) આપ જતા રહો બહાર. મારે એક શબ્દ તમારો સાંભળવો નથી. આપ જતા રહો ગૃહ છોડીને..આપ ગૃહ છોડીને જતા રહો. એમને લઇ જાવ. ગૃહમાંથી લઇ જાવ.

( આ તબક્કે માનનીય સભ્યશ્રી વિરજીભાઇ સભાગૃહ છોડી ગયા )

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થઇ જાય.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના. મારે કશું સાંભળવું નથી. ચાલો એમણે જવું જોઇએ. આપે સ્વયં ઇચ્છા પ્રગટ કરી છે. આપે જવું જોઇએ. જો સ્વમાન હોય તો. (અંતરાય)

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી અમિત ચાવડા : પ્રથમ મંત્રીશ્રીએ...

અધ્યક્ષશ્રી : પછી, પહેલા એમને ગૃહમાંથી નીકળી જવા દો.

શ્રી અમિત ચાવડા : મંત્રીશ્રીએ એમના નામજોગ ઉલ્લેખ કર્યો, એટલા માટે...

અધ્યક્ષશ્રી : એ નામજોગ ઉલ્લેખ નહોતો. એમના પ્રશ્નના સંદર્ભમાં એ જવાબ આપતા હતા.

શ્રી અમિત ચાવડા : એટલા માટે જ એમણે...

અધ્યક્ષશ્રી : એમણે સાંભળવાનું જ હોય. બીજું કશું હોય જ નહિ. પ્લીઝ, બેસો. મંત્રીશ્રીનું પ્રવચન હોય. આપણે શાંતિથી સાંભળવાનું હોય. મેં એમને વારંવાર ટોક્યા કે તમે બેસી જાવ. પ્લીઝ. એવી રીતે મંત્રીશ્રીને પ્રવચનમાં ડિસ્ટર્બ ન કરી શકાય.(અંતરાય) તમારે જે કરવું હોય તે છૂટ છે. તમે કાયદા બહાર નહિ જઇ શકો. તમે કે હું કોઇ કાયદા બહાર નહિ જઇ શકીએ. ૭ વાર એમને કહ્યું.(અંતરાય) અહીંથી કોઇ બોલ્યું નથી. તમારા મિત્રોએ વારંવાર..પ્રતાપભાઇ, ઝાલાભાઇ ઘણું થયું. માનનીય મંત્રીશ્રી આપ આપનું પ્રવચન ચાલુ રાખો. આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : બહુ જ ખોટું કરી રહ્યા છો. તમને વારંવાર કહું છું. આપ સૌ બેસી જાઓ. આપ સૌ બેસી જાઓ. પહેલાં આપની જગ્યા પર જાઓ. કિરીટભાઇ, અમરીશભાઇ, તેમાં કોઇ દાદાગીરીની વાત નથી. બેસી જાઓ પહેલાં બેસી જાઓ. તમે તમારા સ્થાન પર જાઓ. પ્રતાપભાઇ તમે તમારા સ્થાન પર જાઓ. તમે તમારા સ્થાન પર જાઓ. પ્રવચન ચાલુ રાખો. માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન પૂરું કરો. આમાં કોઇ દાદાગીરી નથી.(અંતરાય)

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મેં હજુ લીસ્ટ પૂરું કર્યુ ન હતું ત્યાં આ લોકોને તકલીફ પડે. ઉર્જા ક્ષેત્રે પણ કલ્પનામાં ન આવે તે પ્રકારે ભારતીય જનતા પાર્ટીની સરકારે કામ કર્યુ છે.

અધ્યક્ષશ્રી : આપ શાંત થઇ જાઓ. પોતાનું સ્થાન લો. હું વિનંતી કરું છું તમામને કે આપ સૌ પોતાનું સ્થાન લો. આપ સૌ પોતાનું સ્થાન લો. (સતત અંતરાય) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી. આ બધા જેટલા વેલમાં આવે છે તે તમામને સસ્પેન્ડ કરવામાં આવે છે. તેમને લઇ જાઓ વેલમાં જેટલા આવ્યા છે તે બધાને આજના આખા દિવસ પૂરતા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આજના આખા દિવસ પૂરતા સસ્પેન્ડ કરવામાં આવે છે. લઇ જાઓ બહાર લઇ જાઓ એમને, બધાને બહાર લઇ જાઓ. (અંતરાય) વેલમાં આવતા તમામ મિત્રોને આજના આખા દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના વેલમાં આવી ગયેલા સર્વે સભ્યશ્રીઓ અમરીશભાઇ ડેર, પ્રતાપભાઇ દુધાત, નૌશાદભાઇ સોલંકી, કાંતિભાઇ સોઢા પરમાર, આનંદ ચૌધરી, ઋત્વિક મકવાણા, ઇમરાન ખેડાવાલા, ભાવેશભાઇ કટારા, કનુભાઇ બારૈયા, ચિરાગભાઇ કાલરીયા, હર્ષદભાઇ રીબડીયા, જે.વી.કાકડીયા, કાંતિભાઇ ખરાડી, મંગળભાઇ ગાવીત, સુનિલભાઇ ગામીત, કાળાભાઇ ડાભી, જસપાલસિંહ ઠાકોર, બાબુભાઇ વાજા, સોમાભાઇ પટેલ, પ્રેમસિંહ વસાવા, લલિત વસોયા, લલિતભાઇ કગથરા, શિવાભાઇ ભુરીયા, વજેસિંહ પણદા, પુનમભાઇ પરમાર, રાજેશભાઇ ગોહિલ,મોહનભાઇ વાળા, લાખાભાઇ ભરવાડ, વગેરેને આજના આખા દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા) (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : કોઇ દાદાગીરી નથી. આમાં કાયદાની વાત છે. કાયદો સમજો જરા. લઇ જાઓ, બીજા લોકો શું જોયા કરો છો. લઇ જાઓ બધાને. જે તમામ મિત્રો વેલમાં આવ્યા છે તે તમામને આજના આખા દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી પ્રવચન ચાલુ કરો.

(ત્યારબાદ આ તબક્કે સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ વોકઆઉટ કરી ગયા)

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, પાણી, વીજળી, ખાતર, દવા, બિયારણમાં આ બધા પાસાંઓમાં અમારી સરકારે જવાબદારીપૂર્વક કામ કર્યુ છે. જેને કારણે રાજ્યમાં પાક સારા ઉત્પન્ન થાય છે. બમ્પર ઉત્પાદન થઇ રહ્યું છે. આટલું મોટું ઉત્પાદન થતું હોય ત્યારે સ્વાભાવિક રીતે બજાર ઉપર તેની અસરો આવતી હોય છે. ગુજરાતના ખેડૂતો મહેનત કરી પાક ઉત્પન્ન કરી રહ્યા છે. તે મરી ન જાય તેની ચિંતા કરીને કેન્દ્રની સરકાર દ્વારા ટેકાના ભાવે જણસીઓ ખરીદવા માટે માર્કેટમાં આવે છે. સામાવાળાઓ જતા રહ્યા છે એટલે મારે નથી કહેવું પરંતુ એટલું જરૂરથી કહીશ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી છે ત્યારથી ગુજરાતમાં પછી તે મગફળી પકવતા ખેડૂતો હોય કે કપાસ પકવતા ખેડૂતો હોય કે અન્ય જણસી પકવતા ખેડૂતો હોય, ખુલ્લા બજારમાં ભાવ જ્યારે નીચા હોય છે એવે વખતે ટેકાના ભાવથી કેન્દ્ર સરકાર અલગ અલગ નોડેલ એજન્સીના માધ્યમથી ખેડૂતોનો માલ છે એ ખરીદવા બજારમાં આવે છે. આપણે જોયું ગુજરાતના રાજનૈતિક ઇતિહાસમાં ક્યારેય મગફળી ન ખરીદાઇ હોય એટલી ભારત સરકાર દ્વારા નાફેડને મોકલીને અહીંયા ગુજરાતમાં ૮ લાખ મે.ટન ઉપરાંત વધારાની મગફળી આ વખતે ખરીદવામાં આવી. ગયા વર્ષે પણ મગફળી ખરીદવામાં આવી હતી, ગયા વર્ષે સી.સી.આઇ. દ્વારા કપાસ પણ ખરીદવામાં આવ્યો હતો અને એ રીતે અડદની ખરીદી પણ કરવામાં આવે છે. જે જણસીઓના ભાવ ટેકાના ભાવથી નીચે ખુલ્લા બજારમાં હોય ત્યારે સ્વાભાવિક રીતે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર અને રાજ્ય સરકાર બંને સંયુક્ત રીતે ખેડૂતોને આર્થિક ઘસારો ન પડે એટલા માટે ચિંતા લઇને માર્કેટમાં આવે છે. ખેડૂત આટલી અથાગ મહેનત કરતો હોય ત્યારે એ અર્થિક રીતે માર્યો ન જાય એ જોવાની જવાબદારી ભારતીય જનતા પાર્ટીની સરકારની છે. કામ કરતો ખેડૂત મહેનત કરતો હોય એના જીવન ઉપર સદૈવ જોખમ જ રહેતું હોય છે, ખેતી આમ તો જોખમી છે. કૂવામાં કામ કરતો હોય અને માથે પથ્થર પડે અને અકસ્માતે ખેડૂત મૃત્યુ પામતો હોય છે, ખેતરમાં સાતી ચલાવતો હોય અને સર્પ દંશ થવાના કારણે પણ ખેડૂતનું મૃત્યુ થતું હોય

છે આમ, અનેક રીતે ખેડૂતનું જીવન જોખમી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી છે ત્યારથી અમે ખેડૂત અકસ્માત વીમા યોજના લાવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત કામ કરતા કરતા અકસ્માતે મૃત્યુ પામે એટલે એ તો એના માર્ગે જતો રહેવાનો પરંતુ એમની વિધવાના આંસુ લૂંછવા વાળું કોઇ નથી હોતું. એનો પરિવાર, એનું કુટુંબ લૌકિક વ્યવહારો માટે ૧૧ દિવસ એના આંગણે બેસે, પરંતુ આખરે તો એ દુખિયારી બહેન છે એ બિચારી ખૂણામાં બેસીને રડતી હોય છે. એનો પતિ એની દીકરી કે દીકરો જે મૂકીને ગયો હોય છે એ દીકરા–દીકરીને ભણાવવા માટે એની પાસે ઘરમાં પૈસા નથી હોતા કે ઘરની આર્થિક સ્થિતિ જ્યારે એ બહેનને સતાવતી હોય છે એ વખતે અગાઉના શાસકોના કપાળમાં આ દ્રષ્ટિ ન હતી, ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂત અકસ્માત વીમા યોજના લાવીને ખેડૂતની આ દુખિયારી બહેન છે એને મદદરૂપ થવા માટેનો એક આ પ્રયાસ કર્યો છે. માનવીય ઉચ્ચ મૂલ્યો કહેવાય, એનું જનત કરવા માટેની આ વાત છે, એક સહાનુભૂતની આ વાત છે, પરંતુ એ લોકોને ધ્યાનમાં ન આવે એવું. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં બાગાયતી ખેતીમાં પણ ખૂબ જ સારા એવા પરિણામો આપણે હાંસલ કરી શક્યા છીએ, પશુ પાલનનો વ્યવસાય છે એ પણ ખેતીની આનુષાંગિક એક ક્ષેત્ર છે. પશુ પાલનના સંદર્ભમાં પણ ગુજરાતે દેશની અંદર દૂધ ઉત્પાદનના ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ હાંસલ કરી છે. દેશમાં ૧૬૯ નોંધાયેલી પશુઓની ઓલાદો છે એમાંથી ગુજરાતમાં ૨૦ ઓલાદો આવેલી છે. આ પશુઓની અંદર ગુજરાતની ભાજપની સરકારે પશુઓમાં બિમારી, રોગચાળા ઓછા આવે એટલા માટે થઇને પશુ આરોગ્ય મેળાઓનો પ્રારંભ કર્યો છે અને ૨૦૦૨માં માનનીય નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કર્યો છે. હિન્દુસ્તાનમાં ક્યાંય પશુ આરોગ્ય મેળાઓ થતા ન હતાં આ ગુજરાતની અંદર પ્રારંભ થયો અને મને કહેતા આનંદ થાય છે કે, આ માર્ગ ઉપર સમગ્ર દેશ ચાલતો થયો છે. પશુઓમાં પણ જીવ છે, પશુ પણ બિમાર પડી શકે છે, આ પશુની સારવાર થવી જોઇએ એ ક્યારેય કોઇને સૂઝતું ન હતું આ ગુજરાતની ધરતીએ સમગ્ર દેશને એક દિશા આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ક્ષેત્રે પણ અમારી સરકારે ખૂબ મહત્વ આપ્યું છે અને પશુ આરોગ્ય મેળાઓમાં પણ ખૂબ જ પ્રમાણમાં લાખોની સંખ્યામાં નાના અને મોટા પછી એ ઘેટા બકરાં હોય, ગાય ભેંસ હોય કે અન્ય પશુ પક્ષી હોય આની સારવાર કરવામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ક્યાંય કોઇ કચાસ રાખી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી મારે ગૃહનું ધ્યાન દોરવું છે કે, પશુ પક્ષીઓ જે છે, આ ખાસ કરીને ઉતરાયણના દિવસોમાં પતંગ ચગાવવા વાળા જે છે એ પતંગ ચગાવતા હોય છે ત્યારે પતંગની દોરમાં અનેક પક્ષીઓ ઘવાતા હોય છે, આ ઘવાયેલા પશુઓને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ મદદ કરી રહી છે. એન.જી.ઓ. છે એ પણ મદદ કરી રહી છે. આ રાજ્યની અંદર સેવાભાવી સંસ્થાઓ ઘણી બધી છે, માયાળુ ધર્મ બજાવનારી સંસ્થાઓ છે. એ સંસ્થાઓ તો કામ કરતી હોય છે પરંતુ સરકાર તરીકે સરકારનું પણ એ કર્તવ્ય છે મારે ગૌરવ સાથે કહેવું છે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને અને માનનીય નીતિનભાઇ પટેલને મારે અભિનંદન આપવા છે કે ગુજરાતની ધરતી ઉપર કરૂણા અભિયાનના માધ્યમથી ગુજરાતમાં પતંગની દોરમાં કપાયેલું કે ઘવાયેલું પક્ષી છે એને સારવાર આપવાની દિશામાં એક નવતર પ્રયાસ આપણે આદર્યો છે અને એની અંદર પણ આપણે ખૂબ ખૂબ એવી કામગીરી કરી છે. આવનારા દિવસોમાં કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ વસાવવાની બાબતમાં પણ આપણે નાણાકીય જોગવાઇઓ લઇને આવ્યા છીએ, આ રાજ્યની અંદર પશુઓના ક્ષેત્રમાં, ડેરીના ક્ષેત્રમાં રાજયએ ખૂબજ પ્રગતિ કરી છે. મારે એ પણ કહેવું છે કે, નરેન્દ્રભાઇ મોદી આજે દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી નિભાવે છે, એક દિવસ એવો હતો કે અહીંયા આ રાજયમાં મુખ્યમંત્રી તરીકે તેઓ આ રાજ્યનું નેતૃત્વ કરતા હતા, રાજ્યની જવાબદારી તેઓ સંભાળતા હતા એવે વખતે સૌરાષ્ટ્ર અને કચ્છના દૂધ ઉત્પાદનના ક્ષેત્રે દૂધ ઉત્પાદક સંઘો બંધ હતા, એ કોના કારણે બંધ હતા એમાં મારે નથી પડવું. પરંતુ નરેન્દ્રભાઇની એ ચિંતા હતી કે સૌરાષ્ટ્ર અને કચ્છ પશુપાલનના ક્ષેત્રે અગ્રિમ હરોળમાં આવતો આ વિસ્તાર છે, આ રિજિયન છે એટલે એ પણ ધ્યાનમાં લેવું જોઇએ. સૌરાષ્ટ્ર અને કચ્છના દૂધ ઉત્પાદક સંઘો પુનઃજીવિત કર્યા છે અને આવનારા દિવસોમાં એને વધુ આગળ વધવા માટે નાણાકીય જોગવાઇ ૨૫ કરોડ રૂપિયાની કરી છે. ગુજરાતમાં બંસીગોર ગૌશાળા, અમદાવાદને આપણે એવોર્ડ આપ્યો છે, ધર્મેન્દ્ર કનુભાઇ કે જેઓ જામનગરના છે એમને પણ એવોર્ડ આપ્યો છે ઇનામ પણ આપવામાં આવ્યું છે. સંજય રાવજીભાઇ છે એમને પણ કૃષિક્ષેત્રે અને ગાયોના જીવનમાં કેવી રીતે મદદરૂપ થવાય, માનવતાના ઉચ્ચ સેવાકીય મૂલ્યોને દ્રષ્ટિમાં રાખીને જે કામ કર્યું છે એને કારણે રાજ્ય સરકારે એમને પણ ખૂબ પ્રોત્સાહિત થાય, એમના કામમાં વધુ રસ દાખવે તે માટે તેમજ તેમની પીઠ થાબડવાના હેતુથી આપણે એવોર્ડ આપેલ છે અને ઇનામ પણ આપેલ છે.

મત્સ્યોદ્યોગ માટે વાત કરું તો ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠા ઉપર જે જીવનારો માનવી છે એ સાગરખેડૂ છે એના જીવનમાં એ જ્યાં છે ત્યાંથી પાંચ કદમ કેવી રીતે આગળ વધે એ માટે થઇને આ રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ સાગરખેડૂ યોજનાના માધ્યમથી સાગરખેડૂના જીવનમાં પણ આઝાદીના આટલા વરસો પછી પહેલી વખત એવો અહેસાસ થયો કે હા ભાઇ, રાજનીતિમાં પણ કોઇક લોકો એવા હોય છે કે જેઓ અમારું હિત જૂએ છે અને અમારી યાદ આવે છે. સાગરખેડૂઓના જીવનમાં પ્રગતિ થાય, એમના આંગણામાં ઇશ્વરે જે સંતાન– સંતતિ આપી છે એમને પણ શિક્ષણ જોઇએ છીએ તેઓ પણ જ્યાં છે ત્યાંથી તેમને આગળ વધવું છે, તો આ સાગરખેડૂઓના જીવનમાં કેવી રીતે મદદરૂપ થઇ શકાય એ માટે યોજનાબદ્ધ રીતે નરેન્દ્રભાઇ મોદીએ જે કામ ઉપાડ્યું છે એ જ માર્ગે આપણા રાજ્યના લાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલ આજે ચાલી રહ્યા છે એમની રાહબરી હેઠળ અમે અમારા મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા કામગીરી કરી રહ્યા છીએ. ૨૦૦૧–૦૨માં આ રાજયમાં મત્સ્યનું જે ઉત્પાદન હતું એ ૬.૫૦ લાખ મે. ટન હતું, ૨૦૧૬–૧૭માં એ ૭ લાખ મે.ટનથી વધુ થવા જઇ રહ્યું છે, ૨૦૦૧–૦૨માં ૬૨૫ કરોડ રૂપિયાની આવક હતી, મને

કહેતા ગૌરવ થાય છે કે, આજે ૩૬૫૩.૩ કરોડનું વિદેશી હુંડિયામણ આપણને પ્રાપ્ત થયું છે. નાની ઓ.બી.એમ. બોટ ધારકોને આપણે ત્યાં મત્સ્યઉદ્યોગના ક્ષેત્રે કામ કરનારા ભાઇઓને મદદરૂપ થવા માટે થઇને આપણે કામ કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બે ચાર મિત્રોને કોઇને પ્રશ્નો પુછવા હોય આપને આ વિભાગના સંદર્ભમાં તો તક આપીએ પછી મતદાન પણ લેવાનું છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, હજી મારે એક વિભાગ બાકી છે, વાહન વ્યવહાર વિભાગ.

અધ્યક્ષશ્રી : આજની પહેલી બેઠકનો સમય પૂરો થવા જઇ રહ્યો છે. એટલે હવે પૂરતો સમય નથી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : પાંચેક મિનિટમાં પૂરું કરું.

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ પણ નથી મંત્રીશ્રી, જલ્દી પૂરું થાય તો સારું.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ મત્સ્યોદ્યોગના સંદર્ભમાં કેટલીક નવી સેવાઓ અમે લઇને આવી રહ્યા છીએ. આર્થિક રીતે મદદરૂપ થવાના છીએ. એ રીતે આ ક્ષત્રમાં ઝીંગા ઉછેરના તળાવોમાં કામગીરી કરીને આર્થિક રીતે મદદરુપ થવા માગીએ છીએ. માછીમાર ભાઇઓને વધુ ઉત્તેજન મળે એ માટે અમારી સરકાર કટિબદ્ધ છે.

વાહન વ્યવહાર વિભાગની વાત કરું તો એ બે ભાગમાં વહેંચાયેલ છે. એક ટ્રાન્સપોર્ટ અને બીજું જી.એસ.આર.ટી સી. દ્વારા કામગીરી થઇ રહી છે એ ગુજરાતના ૧૮ હજાર ગામો અને શહેરોને સ્પર્શ કરતી કામગીરી છે. ગુજરાતની બધી બોર્ડરો ઉપર અમારી ચેકપોસ્ટો આવેલી છે ત્યાં કોઇપણ પ્રકારનો ગુનો બને તો અમે એને છાવરવા માગતા નથી, કડકાઇ પૂર્વક કામગીરી કરી રહ્યા છીએ. ઓવર ડાયમેન્સન થતું હોય એની સામે પણ કડકમાં કડક કાર્યવાહી થાય છે અને જે આવક થાય છે એ રાજયના વિકાસના કામોમાં વપરાય છે. સન ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૩૦૭૮.૪૩ કરોડ રૂપિયાની આવક થઇ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : રાજયની અંદર બસ સેવાની દ્રષ્ટિએ વાત કરું તો આઠ હજાર જેવી બસોના માધ્યમથી ગુજરાતના ૧૮ હજાર ગામોમાં બધા જ શિડ્યુલ જળવાઇ રહે, કમસેકમ ૯૦ ટકા ઉપરાંત શિડ્યુલ જળવાઇ રહે અને ગરીબ માણસોને આવવા જવા માટે બસની સુવિધા મળી રહે એ માટેની અમે કામગીરી કરી રહ્યા છીએ. આવનાર દિવસોમાં નવી બસો લઇને આવી રહ્યા છીએ. એ રીતે બધા જ વિભાગોની સંપૂર્ણ જવાબદારી સાથે કામ કરી રહ્યા હોય તેવે વખતે મારી ચારેય વિભાગની માગણીઓ લઇને સભાગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે મારી આ માગણીઓ મંજૂર કરવામાં આવે તેવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય મંત્રીશ્રી જયારે ડેમો અંગેની વાત કરી રહ્યા હતા. ૧૯૯૫ પછી ડેમો બનાવ્યા એ અંગેની વાત કરી રહ્યા હતા તેવે વખતે વિરોધપક્ષના મિત્રોને શું તકલીફ થઇ એ અંગે સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

વિરોધપક્ષના બે મિત્રોએ ચેલેન્જ કરી કે ૧૯૯૫ પછી કોઇ ડેમો બનાવ્યા નથી. જો બનાવ્યા હોય તો અમે રાજીનામા આપી દઇશું પરંતુ હજુ સુધી આપ્યા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પ્રશ્ન હોય તો પૂછો. આપણી પાસે ટાઇમ નથી.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮,
૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯,૩૨, ૩૩ , ૩૪, ૩૬, ૩૮, ૩૯, ૪૦
મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૬ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૩.૫૮ વાગ્યે પૂરું થતાં
સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
તારાંકિત પ્રશ્નો
**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે**

**બીજી બેઠક**
**સભાગૃહની બીજી બેઠક બપોરના ૩–૦૦ કલાકે મળી.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી બેઠકમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું અને આપે જે આદેશ કર્યો એ સંદર્ભમાં અમારી વિનંતી છે કે, અમારા સભ્યશ્રીઓ બીજી બેઠકની કામગીરી અને પ્રશ્નોત્તરીની ચર્ચામાં ભાગ લે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળ સિવાય હું કંઇ સાંભળીશ નહિ. પ્રશ્નકાળ પછી આ પ્રશ્ન હાથ ધરીશું.

તારાંકિત પ્રશ્નો
નર્મદા જિલ્લામાં માનવ ગરિમા યોજના

* ૪૬૧૭ શ્રી શૈલેશભાઈ મહેતા (ડભોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૦ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી કીટ્સ વિતરણ કરી, | (૩) ૧૦૫ |

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરીમા યોજનામાં ૧૮૧ અરજીઓ હતી અને ૧૫૦ અરજીઓ મંજૂર કરવામાં આવી અને કીટ વિતરણ ૧૦૫ને કરવામાં આવ્યું. મારે આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, આ યોજના હેઠળ તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં તાલુકાવાર કયા વ્યવસાય માટે કેટલા સાધનોનું વિતરણ કરવામાં આવ્યું? બાકી રહેલ કીટ વિતરણ ક્યારે કરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આપને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આપ સ્વમાનભેર ગૃહની બહાર જતા રહેશો.

શ્રી વાસણભાઇ ગો. આહિર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે, માનવ ગરિમા યોજના હેઠળ ૨૦૧૭–૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ નર્મદા જિલ્લાની અંદર ક્યા ક્યા વ્યવસાય માટે કયા–કયા સાધનોનું વિતરણ કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એક મિનિટ ઉભા રહો. હું આ તમામ મિત્રોના નામ વાંચું છું. માનનીય અમરીશભાઇ ડેર, માનનીય પ્રતાપભાઇ દુધાત, માનનીય નૌશાદભાઇ સોલંકી, માનનીય કાંતિભાઇ સોઢા પરમાર, માનનીય આનંદ ચૌધરી, માનનીય ઋત્વિક મકવાણા, માનનીય ઇમરાન ખેડાવાલા, માનનીય ભાવેશભાઇ કટારા, માનનીય કનુભાઇ બારૈયા, માનનીય ચિરાગભાઇ કાલરીયા, માનનીય હર્ષદભાઇ રીબડીયા, માનનીય જે.વી.કાકડીયા, માનનીય કાંતિભાઇ ખરાડી, માનનીય મંગળભાઇ ગાવીત, માનનીય સુનિલભાઇ ગામીત, માનનીય કાળાભાઇ ડાભી, માનનીય જસપાલસિંહ ઠાકોર, માનનીય બાબુભાઇ વાજા, માનનીય સોમાભાઇ પટેલ, માનનીય પ્રેમસિંહ વસાવા, માનનીય લલિત વસોયા, માનનીય લલિતભાઇ કગથરા, માનનીય શિવાભાઇ ભુરીયા, માનનીય વજેસિંહ પણદા, માનનીય પુનમભાઇ પરમાર, માનનીય રાજેશભાઇ ગોહિલ, માનનીય મોહનભાઇ વાળા, માનનીય લાખાભાઇ ભરવાડ આ બધા જ સભ્યોને આજના આખા દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા તો ખાલી સીટ પરથી જ નીકળ્યા હતા.

અધ્યક્ષશ્રી : પછી સાંભળીશું. મેં સ્પષ્ટ સૂચના આપી હતી કે, વેલમાંથી પસાર થશો નહિ. વેલમાં આવશો નહિ. વેલમાં આવનાર તમામને સસ્પેન્ડ કરવામાં આવશે. હું પછી આપની વિનંતી સાંભળીશ. અત્યારે પ્રશ્નકાળ છે. અત્યારે મારી મુશ્કેલી છે. તે વખતે કોઇ કાયદાની મુશ્કેલી સમજતું નથી અને અત્યારે મારી મુશ્કેલી છે. સભાગૃહમાં આ બધું ચલાવી લેવાય નહિ. મેં ૨૩ વખત કહ્યું છે. આપને હું રેકર્ડ બતાવીશ. તમામ સભ્યોને મેં કહ્યું છે કે, પ્લીઝ શાંતિથી સાંભળો. તમે બોલો છો ત્યારે કોઇ disturb કરે તો સારું લાગે છે? એટલે ન્યાય મારે સરખો કરવો પડે.

ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

(સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા)

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુલ અરજીઓ ૧૮૧ મળી, એમાંથી ૧૫૦ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૩૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં કહ્યુંને કે, પ્રશ્નકાળ પૂરો થઇ જાય પછી એ હાથ ઉપર લઇએ, પણ અત્યારે પ્રશ્નકાળ ચાલે છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે, કયા કયા વ્યવસાયમાં આ અરજીઓ મંજૂર કરવામાં આવી અને કયા તાલુકાઓમાં મંજૂર કરવામાં આવી? તો સુથારી કામ માટે નાંદોદમાં ૩, તિલકવાડામાં ૩, ડેડીયાપાડામાં – શૂન્ય છે અને શાકભાજી માટે નાંદોદમાં ૫, તિલકવાડામાં ૫, ડેડીયાપાડામાં ૧, સાંગબારામાં ૨ અરજી એમ કુલ ૧૩ અરજીઓ મંજૂર કરવામાં આવી. સિલાઇ મશીન માટે ગરુડેશ્વરમાં ૧, તિલકવાડામાં ૪, એમ કુલ ૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. સાયકલ કાપડ માટે નાંદોદમાં ૨, તિલકવાડામાં ૧૬, એમ કુલ ૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. કડિયા કામ માટે તિલકવાડાની ૩ અરજીઓ હતી એ ૩ મંજૂર કરવામાં આવી. ચાના સાધનો માટે નાંદોદની ૨ અરજી, તિલકવાડાની ૨ અરજી, ડેડીયાપાડાની ૧ અરજી અને સાગબારામાં ૨ અરજી મંજૂર કરવામાં આવી, એમ કુલ ૭ અરજીઓ મંજૂર કરવામાં આવી. દૂધ દહીંના સાધનો, નાંદોદમાં ૨૧, તિલકવાડામાં ૨૬, ડેડીયાપાડામાં ૧ અને સાગબાર ૧, એમ કુલ મળીને ૪૯ અરજીઓ મંજૂર કરવામાં આવી અને કુલ ૧૦૫ અરજીઓ મંજૂર કરી અને બાકીની ૪૫ કીટ્સ જે હતી એ ગયા અઠવાડિયે તમામ લાભાર્થીઓને વિતરણ કરી દેવામાં આવેલ છે.

### મહીસાગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના

* ૫૦૫૩ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજી આવી, | (૧) ૩૭૯ |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને | (૨) ૩૭૧ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬,૧૫,૦૦૦/– |

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી,...(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારે પણ બહાર જવું છે? રાણા સાહેબ, તમારે બહાર જવું છે? તમારે બહાર જવું હોય તો જઇ શકો છો, તમે બહાર જઇ શકો છો. રાણા સાહેબ, તમે બહાર જઇ શકો છો, તમારે જવું હોય તો, તમારી ઇચ્છા હોય તો તમે જઇ શકો છો અને આપે પણ વચ્ચે બોલવાની જરૂર નથી.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, ત્યારે ગુજરાતની સરકારે વોટબેન્કની રાજનીતિ ફગાવીને માનવતાની રાજનીતિ અપનાવી છે, વિકાસની રાજાનીતિ અપનાવી છે અને વિકાસ સર્વજન હિતાય હોય, વિકાસ સર્વજન સુખાય હોય એ ઉક્તિને ચરિતાર્થ કરતી એક પાલક યોજના અમલમાં મૂકી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહીસાગર જિલ્લામાં પાલક માતા પિતા યોજના શું છે, એની પાત્રતા શું છે અને એમાં કેટલી સહાય મળે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોરે પ્રશ્ન પૂછ્યો છે કે, મહીસાગર જિલ્લામાં પાલક માતા પિતા યોજના શું છે, એની પાત્રતા શું છે અને તેમાં કેટલી સહાય મળે છે? માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ભારતીય સંસ્કૃતિની ફીલોસોફી પૈકીના એક અગત્યના કર્મના સિદ્ધાંતના જનક એવા ભગવાન શ્રી કૃષ્ણનો પ્રારંભિક ઉછેર તથા સંસ્કાર પ્રદાન તેમના પાલક માતા પિતા યશોદા અને નંદ દ્ધારા આપવામાં આવેલ હતા. આ પાલક માતા પિતાના સિદ્ધાંતને ઉજાગર કરતી આ રાજય સરકારની પાલક માતા પિતાની એક અનન્ય યોજના છે. જેની વિગતો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મારા વિભાગ દ્ધારા બાળકોનું સંરક્ષણ અને સંભાળની કામગીરી પણ કરે છે તથા અનાથ બાળકોને સારા કુટુંબમાં ભારત સરકારની મંજૂરીથી દત્તક આપવાની કાર્યવાહી પણ થાય છે. આવા એક કાર્યક્રમમાં તાજેતરમાં અમદાવાદ ખાતે મેં હાજરી આપેલી હતી અને ત્યારે દત્તક માતા પિતા દ્ધારા બાળકનું અધિગ્રહણ પણ મારા હસ્તે કરાવાયું હતું. નિરાધાર અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણમાં રાખી

ઉછેરવાના બદલે વૈકલ્પિક કુટુંબમાં રાખીને પ્રાકૃતિક વાતાવરણમાં ઉછેર કરવાથી તેમનો સહજ અને સમુતુલિત વિકાસ થઇ શકે છે. જે માટે પાલક માતા પિતાની યોજના સમગ્ર રાજયમાં સરકારે ૧૯૭૮ થી શરૂ કરી હતી. ત્યારે સહાયનો દર માસિક રૂ.૭૫/–હતો. આ યોજના સો ટકા રાજય સરકારના ભંડોળથી ચાલતી યોજના છે. આ યોજનાથી માસિક ૩ હજાર રૂપિયા

બાળકનો ઉછેર કરનાર માતા પિતાને મળે છે. આ યોજના હેઠળ બાળકના માતા–પિતા હયાત નથી એવા અને પિતા મૃત્યુ પામ્યા હોય અને માતાએ પુઃન લગ્ન કરેલ ન હોય, તેવા જીરોથી ૧૮ વર્ષ સુધીની ઉંમરના બાળકને મળવા પાત્ર છે. પાલક માતા પિતાએ ઉછેર માટે લીધેલ બાળકને ૩ થી ૬ વર્ષ સુધીના બાળકને આંગણવાડીમાં અને ૬ વર્ષથી મોટી ઉંમરના બાળકોને ફરજીયાત શાળાનું શિક્ષણ પણ આપે છે. દર વર્ષે અભ્યાસ ચાલુ હોવાનું શાળાનું પ્રમાણ પત્ર રજૂ કરવાનું હોય છે.

આ યોજના શરૂઆતમાં અમદાવાદ અને વડોદરા શહેરમાં લાગુ પાડવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૯માં ૨ લાખથી વધુ વસતિ ધરાવતા ૬ મોટા શહેરો જેમકે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર જેવા શહેરોમાં અમલમાં મૂકવામાં આવી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૦૧ માં વિનાશક ભૂકંપના અસરગ્રસ્ત વિસ્તારોના ૧૭ તાલુકાઓ ભૂજ, અંજાર, ભચાઉ, રાપર, ગાંધીધામ, નલીયા, જોડીયા, મોરબી, હળવદ, ધાંગધ્રા, સુરેન્દ્રનગર, દસક્રોઇ, સમી , પાટડી, રાધનપુર, સાંતલપુર વગેરે વિસ્તારોમાં લાગુ પાડવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩ થી સમગ્ર રાજયમાં આ યોજના લાગુ પાડવામાં આવેલ છે. તા. ૩.૫.૨૦૧૭ ના ઠરાવથી આ યોજનામાં જીરોથી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા– પિતા પૈકી પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃ લગ્ન ન કરેલ હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહીસાગર જિલ્લામાં પાલક માતા પિતાની યોજના હેઠળ સહાય કોણ મંજૂર કરે છે અને સહાયના દરમાં છેલ્લે કયારે સુધારો કરવામાં આવ્યો છે અને સહાય કયારે બંધ થાય છે ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી રીસેસમાં મારી સાથે શૈલેષભાઇ ભાભોર વાત કરતા હતા કે મારો પ્રશ્ન પૂછવાનો વારો આવ્યો નથી. પણ મેં એમને નહોતું કહ્યું કે આજે કદાચ તમે આજે પ્રશ્નમાં હશો. એમના જિલ્લાનો પ્રશ્ન હતો. સભ્યશ્રી શૈલેષભાઇ ભાભોરે પ્રશ્ન પૂછયો છે કે મહીસાગર જિલ્લામાં પાલક માતા પિતાની યોજના હેઠળ સહાય કોણ મંજૂર કરે છે, સહાયના દરમાં કયારે સુધારો કરવામાં આવ્યો અને સહાય કયારે બંધ થાય છે.

આ યોજના હેઠળ તા. ૨૭.૨.૨૦૧૮ પહેલાં કલેકટરના અધ્યક્ષપદે મળેલી સમિતિ આ સહાય મંજૂર કરવાનો નિર્ણય લેતી હતી. પરંતુ તેમાં વિલંબ થતો હોવાના કારણે અમે મેં આ વિભાગની જવાબદારી સંભાળી ત્યાર પછી તા. ૨૭.૨.૨૦૧૮ના ઠરાવથી આ યોજના હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિ મંજૂર કરે છે.

સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછયો છે કે પાલક માતા પિતાની યોજનામાં સહાયના દરો શું છે? તો માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી સભાગૃહના સભ્યશ્રી શૈલેષભાઇ ભાભોરને જણાવવા માગું છું. કે સહાયના દરોનો જવાબ આપું તો વર્ષ ૧૯૭૮માં પ્રતિ માસ ૭૫ રૂપિયાની સહાય મળતી હતી. ત્યારપછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને એણે સન ૧૯૯૯માં સુધારો કરીને ૭૫ રૂપિયાથી વધારીને ૩૫૦ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો. ત્યારબાદ સન ૨૦૦૪ના વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ૩૫૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કર્યા. ફરી સન ૨૦૦૯ના વર્ષમાં ચોથીવાર પ્રતિ માસ ૫૦૦ રૂપિયાને બદલે એક હજાર રૂપિયા સહાય આપવાનો નિર્ણય કર્યો. છેલ્લે ૨૦૧૬માં એક હજાર રૂપિયા સહાય મળતી હતી એમાં બે હજાર રૂપિયાનો વધારો કરીને રૂપિયા ત્રણ હજાર કરવામાં આવેલ છે. મને જણાવતા આનંદ થાય છે કે આ યોજના હેઠળ અમારી સરકારે ૨૯–૪–૨૦૧૬થી મેં અગાઉ કહ્યું તેમ આ યોજનાના દર એક હજારથી વધારીને ત્રણ હજાર કરેલ છે. આ સહાય બાળક ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરે અથવા આ બાળક અભ્યાસ પછીથી છોડી દે તો આ સહાય બંધ કરવામાં આવે છે. હાલમાં સહાયની રકમ લાભાર્થીના ખાતામાં સીધી એકાઉન્ટ પે ચેક થી ચૂકવવામાં આવે છે. હાલમાં આ યોજના હેઠળ ડી.બી.ટી. હેઠળ લાભાર્થીના બેંક ખાતામાં સીધી સહાય જમા કરવાની કામગીરી પ્રગતિમાં છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : આ યોજના ગુજરાતના તમામ જિલ્લાઓમાં લાગુ પાડી છે કે ફકત અમુક વિસ્તારને જ લાગુ પડે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : આ યોજના સમગ્ર રાજયમાં લાગુ પડે છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : મહીસાગર જિલ્લામાં પાલક માતા પિતા યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી અરજીઓ નામંજૂર થઇ. નામંજૂર થવાના કારણો શું?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : ત્રણ વખત આ વિભાગની પ્રશ્નોત્તરી આવી છે અને માનનીય સભ્યશ્રી રમેશભાઇ સતત ત્રીજીવાર મને પ્રશ્ન પૂછી રહ્યા છે. દર અઠવાડિયે માનનીય સભ્યશ્રી કોઇને કોઇ એમના વિસ્તારનો પ્રશ્ન પૂછે છે. મહીસાગર જિલ્લામાં પાલક માતા પિતા યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી એમાંથી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને ચોથો પ્રશ્ન એ હતો કે નામંજૂર થવાના કારણો શું છે? હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે તાલુકાવાર મળેલ અરજીઓ કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ એ જણાવું તો લુણાવાડા તાલુકામાં કુલ ૮૩ અરજીઓ મળી એમાંથી મંજૂર થયેલ અરજીઓ ૮૩ છે. નામંજૂર થયેલ ઝીરો છે. સંતરામપુર તાલુકામાં મળેલ અરજીઓ ૬૮ છે જયારે મંજૂર થયેલ અરજીઓ ૬૪ છે અને ચાર અરજીઓ નામંજૂર થયેલ છે. ખાનપુર તાલુકામાં મળેલ અરજીઓ ૬૬ છે જયારે મંજૂર થયેલ અરજીઓ ૬૬ છે અને નામંજૂર થયેલ ઝીરો છે. વીરપુર તાલુકો– મળેલ અરજી ૫૦, મંજૂર અરજી ૫૦ અને નામંજૂર અરજી શૂન્ય. કડાણા તાલુકો– મળેલ અરજી ૭૨ છે. મંજૂર અરજી ૭૨ અને નામંજૂર અરજી શૂન્ય છે. બાલાસિનોર તાલુકો–મળેલ અરજી ૪૦, મંજૂર અરજી ૩૬ અને નામંજૂર અરજી ૪. માનનીય

અધ્યક્ષશ્રી, આમ કુલ ૩૭૯ અરજી મળેલ છે તે પૈકી ૩૭૧ અરજીઓ મંજૂર થઇ છે અને ૮ અરજીઓ નામંજૂર થઇ છે. નામંજૂર અરજીઓ થઇ છે તેમના બાળકોની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવાના કારણે ૮ અરજીઓ નામંજૂર થઇ છે.

આણંદ જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

* ૪૬૬૨ શ્રી ગોવિંદભાઇ પરમાર (ઉમરેઠ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૪૦૭ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૪૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ।.૩૪.૫૦ લાખ |

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કયાં કેટલી અરજીઓ મળી? કેટલી અરજી મંજૂર કરી, કેટલી અરજી નામંજૂર કરી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી? કયા કારણોસર અરજીઓ નામંજૂર કરવામાં આવી?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂ યોજના અંતર્ગત ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ ૭૬ અરજી મળી. તેમાં ૬૩ અરજી મંજૂર કરવામાં આવી. ૧૩ અરજી નામંજૂર કરવામાં આવી. જે ખર્ચ કરવામાં આવ્યો તે ૬,૨૩,૦૦૦ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો. ઉમરેઠમાં મળેલ અરજી ૩૩, મંજૂર અરજી ૨૯ અને ૪ અરજી નામંજૂર કરવામાં આવી. ૨,૯૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. બોરસદમાં ૭૧ અરજીઓ મળી, ૫૩ અરજી મંજૂર કરવામાં આવી. ૧૮ અરજી નામંજૂર કરવામાં આવી. ૫.૩૦ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. આંકલાવમાં ૯ અરજી મળેલ છે. ૯ અરજી મંજૂર કરવામાં આવી. ૯૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. પેટલાદમાં ૩૦ અરજી મળેલ છે. ૨૨ અરજી મંજૂર કરવામાં આવી. ૮ અરજી નામંજૂર કરવામાં આવી. ૨,૨૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. સોજીત્રામાં કુલ ૧૭ અરજી મળેલ. ૧૪ અરજી મંજૂર કરવામાં આવી. ૩ અરજી નામંજૂર કરવામાં આવી અને ૧,૪૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. ખંભાતમાં ૧૬૨ અરજીઓ મળી. ૧૪૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. ૧૪ અરજી નામંજૂર કરવામાં આવી. ૧૪,૮૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. તારાપુરમાં ૯ અરજીઓ મળેલ, ૭ અરજી મંજૂર કરવામાં આવી. ૨ અરજી નામંજૂર કરવામાં આવી. તેમાં ૭૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. આમ કુલ ૪૦૭ અરજીઓ મળી. ૩૪૫ અરજી મંજૂર કરવામાં આવી. ૬૨ અરજી નામંજૂર કરવામાં આવી. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે? તો ૫૪ અરજીઓ આવક મર્યાદા વધુ હોવાના કારણે, ૨ અરજીઓ સમય મર્યાદા બહાર કરેલ હોવાથી, બે અરજીઓ લગ્ન રજિસ્ટ્રેશન થયેલ ન હોવાથી, આમ કુલ ૬૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂ યોજનાની પાત્રતાના માપદંડ કયા કયા છે? અરજી સાથે કયા કયા પુરાવા રજૂ કરવાના હોય છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : કુંવરબાઇનું મામેરૂ યોજનાની સહાય મેળવવાના પાત્રતાના માપદંડમાં કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને યુવકની ઉંમર ૨૧ વર્ષ હોવી જોઇએ. એક કુટુંબમાં બે દીકરી સુધી લગ્ન પ્રસંગે લાભ આપવામાં આવે છે. આ સુધારો તા. ૨૮–૭–૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીની સરકારે નિર્ણય કર્યો કે એક દીકરીના બદલે બે દીકરીઓને આ સહાયનો લાભ આપવામાં આવે છે. અગાઉ શહેરી વિસ્તારમાં ૬૮,૦૦૦ રૂપિયા અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૭,૦૦૦ રૂપિયાની આવક મર્યાદા હતી. તેને ગુજરાત રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇએ તા. ૨૪–૧૦–૨૦૧૭થી સુધારો કરીને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૧,૨૦,૦૦૦ રૂપિયાની આવક મર્યાદા નિયત કરેલ છે અને લગ્નના બે વર્ષમાં આ સહાય મેળવવા માટે અરજી કરવાની હોય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક કુટુંબમાં ત્રણ દીકરી હોય તો આ લાભ આપવાને પાત્ર થાય છે કે કેમ?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બે દીકરીઓનો નિર્ણય થાય છે, આ એમનું સૂચન છે.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના

* ૪૬૪૬ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજી આવી, | (૧) ૧૯૩ |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૧ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૬,૨૯,૦૦૦/- |

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અને ભારતમાં જે મા-બાપ વગરના બાળકો ઘણી જગ્યાએ તેમની છત્ર-છાયા ગુમાવી બેસતા હોય છે અને ઘણી જગ્યાએ ગુનાખોરી તરફ જતા હોય છે. તેમને રોકવાનો સરકારે પ્રયત્ન કર્યો છે અને એમના મા-બાપની ખોટ પૂરવા માટેની આ યોજના સફળ નિવડી છે. ખેડા જિલ્લામાં પાલક માતા-પિતાની યોજનામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ આપતા પહેલા હું આપના માધ્યમથી આ તરફ બેઠેલા બે સભ્યશ્રીઓ એવી ચર્ચા કરતા હતા કે આ બે નંબરનો પ્રશ્ન છે એ જ આ છે. તો આપના માધ્યમથી સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે બે નંબરનો પ્રશ્ન મહિસાગરનો હતો અને આ ખેડા જિલ્લાનો છે.

અધ્યક્ષશ્રી : એટલે જ મંજૂર કરેલો છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી અર્જુનસિંહ સોલંકીને જણાવું છું કે કપડવંજ તાલુકામાં કુલ ૩૦ લાભાર્થીઓની અરજીઓ મળી અને ૫ મંજૂર કરી છે અને ૨ નામંજૂર કરી છે. કઠલાલ તાલુકામાં કુલ ૨૭ લાભાર્થીઓની અરજીઓ મળી અને ૮ મંજૂર કરી છે. ખેડા તાલુકામાં કુલ ૬ લાભાર્થીઓની અરજીઓ મળી અને ૫ મંજૂર કરી છે. મહુધા તાલુકામાં ૨૪ મળી અને ૧૧ મંજૂર થઇ, માતર તાલુકામાં ૧૬ મળી ૬ મંજૂર થઇ છે. મહેમદાવાદ તાલુકામાં ૨૬ મળી અને ૧૧ મંજૂર થઇ છે. નડિયાદ તાલુકામાં ૩૫ મળી તે પૈકી ૧૯ મંજૂર થઇ છે. ઠાસરા તાલુકામાં ૨૦ મળી અને ૫ મંજૂર થઇ છે. વસો તાલુકામાં ૪ મળી કોઇ મંજૂર થઇ નથી. ગલતેશ્વર તાલુકામાં ૫ મળી અને ૧ મંજૂર થઇ છે. કુલ ૧૯૩ અરજીઓ મળી છે અને તેમાંથી ૭૧ અરજીઓ મંજૂર થઇ છે. બાકીની અરજીઓ કરનાર તમામ બાળકો અભ્યાસ કરતા ન હોવાના કારણે આ નામંજૂર થયેલ છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર થઇ અને તેમને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેસરીસિંહ સોલંકીએ પ્રશ્ન પૂછ્યો છે કે ખેડા જિલ્લામાં પાલક માતા-પિતાની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ પડતર હતી, આજની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને મંજૂર થયેલ લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી તેની વિગતો આપવી.

માનનીય અધ્યક્ષશ્રી, મને સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે, આજેની સ્થિતિએ એક પણ અરજી પડતર નથી. તા. ૨૭-૨-૨૦૧૮ પહેલા મેં અગાઉ કહ્યું તેમ કે એ મંજૂર કરવાની સત્તા કલેકટરશ્રી પાસે હતી અને એ સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સોંપી છે એટલે એ ઝડપથી મંજૂર થઇ શકે છે અને ૧૨૦ પડતર અરજીઓ પૈકી ૧૧૭ અરજીઓ મંજૂર કરવામાં આવી, જ્યારે ૩ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે અને ૨ અરજી બાળકે અભ્યાસ છોડી દીધેલ હોવાથી નામંજૂર કરી છે અને એક અરજી અરજદાર સાથે બાળક ના રહેતું હોવાના કારણે નામંજૂર કરી છે અને માનનીય સભ્યશ્રીએ તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી એમ પૂછ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે કપડવંજ તાલુકામાં ચૂકવેલ સહાય ૫,૨૪,૦૦૦/-, કઠલાલ તાલુકામાં ચૂકવેલ સહાય ૪,૩૪,૦૦૦/-, ખેડા તાલુકામાં ચૂકવેલ સહાય ૧,૦૯,૦૦૦/-, મહુદા તાલુકામાં ચૂકવેલ સહાય ૪,૧૫,૦૦૦/-, માતર તાલુકામાં ચૂકવેલ સહાય ૨,૯૦,૦૦૦/- મહેમદાબાદ તાલુકામાં ચૂકવેલ સહાય ૪,૭૦,૦૦૦/-, નડિયાદ તાલુકામાં ચૂકવેલ સહાય ૬,૩૨,૦૦૦/-, ઠાસરા તાલુકામાં ચૂકવેલ સહાય ૩,૬૨,૦૦૦/-, વસો તાલુકામાં ચૂકવેલ સહાય ૭૩,૦૦૦/-, ગલતેશ્વર તાલુકામાં ચૂકવેલ સહાય ૯૦,૦૦૦/- આમ કુલ ૩૩,૯૯,૦૦૦/- રૂપિયાની સહાય ચૂકવેલ છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે આપના મારફત જાણવા માગુ છું કે, કોઇ વ્યક્તિ પાલક માતા તરીકે કોઇ વધારે બાળકો રાખતા હોય તો તેને આ સહાયનો લાભ મળે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ આ યોજનામાં જે જે ધોરણો નક્કી કર્યા છે એ ધોરણ મુજબ દા.ત. બાળકની ઉંમર ૦ થી ૧૮ વર્ષની હોવી જોઇએ. તેમના માતા-પિતા હૈયાત નથી અથવા પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પૂન : લગ્ન ના કરેલ હોય અને એમની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- રૂપિયા અને

શહેરી વિસ્તારમાં ૩૬,૦૦૦/– રૂપિયાથી વધારે નહોય એમને ૩૦૦૦ રૂપિયાની માસિક સહાય ચૂકવવામાં આવે છે અને આમાં એક જ બાળકને પાલક માતા–પિતા દતક લઇ શકે એવું નથી.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, પાલક માતા–પિતા યોજનામાં પાલ્યને લેવાની શરતો શું છે? કયા પ્રકારના બાળકોને લઇ શકાય છે? અને આ યોજના હેઠળ કોઇ પણ એક્સીડન્ટમાં મા અને બાપ બંને મરી જાય અને એના દાદા–દાદી સાથે રહેતા હોય તો આવા બાળકોને લાભ આપી શકાય કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માતા–પિતા સિવાયના બાળકોને જે દતક લેવાય એ દાદા–દાદી એના સીધી લીટીના વારસદારો છે એટલે માતા–પિતા અને સીધી લીટીના વારસદારો પૈકીના અન્ય કોઇક આવા પાલક માતા–પિતા બનાવા ઇચ્છતા હોય તેઓને આ લાભ આપી શકાય.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ખેડા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના શું છે? તેની પાત્રતા શું છે? અને તેમાં કેટલી સહાય મળે છે?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પાલક માતા પિતા યોજના શું છે? તેની પાત્રતા શું છે અને તેમાં કેટલી સહાય મળે છે એ મેં અગાઉ મહીસાગર જિલ્લાના જવાબ આપ્યા એ સમયે (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ સવાલ જુદો છે મહીસાગર જિલ્લાનો નથી.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે આ યોજનાનો અગાઉ સવાલ આવી ગયો (અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ એમણે પોતે સવાલ પૂછ્યો છે એમાં જવાબ જોઇએ છે.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જયારે બીજા સભ્ય પોતે સવાલ પૂછતા હોય અને મંત્રી પાસે જવાબની અપેક્ષા રાખતા હોય ત્યારે અમારે ચોકકસ જવાબ આપવો જોઇએ અને મહેશભાઇ રાવલે જે પ્રશ્ન પૂછયો છે કે ખેડા જિલ્લામાં પાલક માતા પિતા યોજના શું છે? તેની પાત્રતા શું છે અને તેમાં કેટલી સહાય મળે છે. હું આપના માધ્યમથી સભ્યશ્રી મહેશભાઇ રાવલને જણાવવા માગું છું કે મેં અગાઉ કહ્યું તેમ કે ભગવાન શ્રીકૃષ્ણના જે રીતે યશોદા માતા અને નંદજીએ જે પાલક પુત્ર તરીકે મેં આપને વાત કરી એ પ્રમાણે મારા વિભાગ દ્વારા બાળકોનું સંરક્ષણ અને સંભાળની કામગીરી થાય છે તથા અનાથ બાળકોને સારા કુટુંબમાં ભારત સરકારની મંજૂરીથી દત્તક આપવાની કાર્યવાહી હાથ ધરાય છે અને આ ભારતીય જનતા પાર્ટી સિવાયની જે બીજી સરકાર હશે ૧૯૭૮ માં એ સમયે માત્ર ૭૫ રૂપિયા જેવી સહાય આપતા હતા જેને આજે છેલ્લા લાંબા સમયથી, છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજયમાં સત્તા સંભાળી રહી છે ત્યારે આ ૭૫ રૂપિયાથી શરૂ થયેલી સહાયની રકમ અમે ૩૦૦૦ રૂપિયા સુધી પહોંચાડી છે. પાલક માતા પિતાએ ઉછેર માટે લીધેલ બાળકને, ત્રણ વર્ષની ઉંમરના બાળકને આંગણવાડીમાં અભ્યાસ માટે મોકલવામાં આવે છે અને ત્યારપછી એને શાળાનું શિક્ષણ પણ અપાય છે ૧૯૯૯માં બે લાખથી વધુ વસતિ ધરાવતા છ મોટા, મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર જેવા શહેરમાં અમલમાં મૂકવામાં આવેલ હતી પરંતુ ૨૦૦૧માં ભૂકંપ આવ્યા પછી આના વિસ્તારમાં વધારો કરવામાં આવેલો છે અને વર્ષ ૨૦૦૯ થી સમગ્ર રાજયમાં આ લાભ લાગુ પાડવામાં આવેલ છે અને તા. ૩–૫–૨૦૧૭ ના ઠરાવથી આ યોજનામાં ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા પિતા પૈકી પિતા મૃત્યુ પામે અને માતાએ પૂનઃલગ્ન ન કરેલ હોય એવા લાભાર્થીઓને આ લાભ આપવામાં આવે છે.

### ત્રંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે સુવિધાઓ

* ૪૬૨૬ શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ શ્રી ત્રંબકેશ્વર મહાદેવ મંદિર મું.ત્રંબા ખાતે યાત્રાળુઓની સુવિધા માટે રાજ્ય સરકારે કોઇ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) આ કામગીરી માટે રૂપિયા ૪.૫૨/– કરોડની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં છે. |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે હિન્દુ સંસ્કૃતિના દેવાલયો અને યાત્રાધામને વિકસાવવા માટે સરકારશ્રી કાર્યવાહી કરી રહેલ છે તે માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથે જાણવા માગું છું ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે તાંત્રિક મંજૂરીની રકમ આપવામાં આવેલ છે અને તેમાં કયા કામોની જોગવાઇ કરવામાં આવેલ છે. બીજો પ્રશ્ન છે, યાત્રાધામ વિકાસ બોર્ડની સ્થાપના કયારે થઇ અને તે બોર્ડ કાર્યરત કયારે થયું? અને મારા વલસાડ

તાલુકાનો પણ એક પ્રશ્ન છે. આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ સ્થળ ઉપર આવી ચૂક્યા છે. ૫૦૦ પગથિયા ધરાવતો હાઇટનો આ ડુંગર છે. તો એ માટે હજારો નહિ, લાખો ભક્તજનો નવરાત્રિમાં કે અન્ય પ્રસંગે આવે છે. તો આ સ્થળને હીલ સ્ટેશન અને યાત્રાધામ તરીકે વિકસાવવાની મેં માગણી કરેલ છે, તો આ બાબતે આયોજન શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવાનું કે એમણે યાત્રાધામ અંગેનો પ્રશ્ન પૂછ્યો છે. પહેલા તો મુખ્યમંત્રીશ્રીએ આ પવિત્ર કામની જવાબદારી આપી છે, જેથી તેમનો આભાર માનું છું. કદાચ આ પવિત્ર કામના કાર્યના પ્રશ્નનો જવાબ આપવા માટે હું પહેલીવાર ઊભી થઇ છું. ૧૯૯૫ પહેલાં આ બધા યાત્રાધામો ભગવાન ભરોસે હતા. ઘણા બધા લોકો મંદિરોમાં આંટાફેરા મારે, પગથિયા ચડે અને ઉતરે. પગથિયા ઘસી નાખે. એમ ભગવાન રાજી ન થાય. એમ તમારી નિષ્ઠા ન દેખાડી શકો. આના માટે નિષ્ઠાપૂર્વકનું કામ કરવું પડે. આ માટે ૧૯૯૫ ની અંદર અમારી પહેલીવાર સરકાર આવી ત્યારે અમારા સંકલ્પ પત્રમાં જાહેર કર્યુ હતું કે અમારી સરકાર આવશે તો પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ બનાવીશું. મને કહેતા આનંદ થાય છે કે ૧૯૯૫ માં સરકાર આવ્યાને તરત જ ૧૦-૭-૧૯૯૫ ના દિવસે આ પવિત્ર યાત્રાધામ બોર્ડની રચના કરવામાં આવી. આ એનો ઠરાવ છે અને એની શરૂઆતનું વાંચું. નવી સરકારે પોતાના કાર્યપદ્ધતિ માટે સંકલ્પપત્રમાં કરેલ ઘોષણાના મુદાઓમાં યાત્રાધામ વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કરવાની બાબતના અનુસંધાને આ રચના કરવામાં આવે છે. ૧૯૯૫ માં સ્થાપના કરી. ૧૯૯૯ માં રચના કરવામાં આવી. ત્યારે રાજેન્દ્રભાઇ ભટ્ટ પહેલા અધ્યક્ષ હતા. અમારી સરકારે આપેલ વચન પૂરું કરવા માટે પૂરતા પ્રયત્નો કરે છે. આ એક માત્ર બોલતો પુરાવો પુરતો છે. પહેલી સરકારે પહેલા સંકલ્પ પત્રનો મુદો હાથમાં લઇ કામગીરી કરી. ત્રંબકેશ્વર મહાદેવનો મૂળ પ્રશ્ન પૂછ્યો છે એમાં મારે કહેવાનું છે કે આ ત્રંબકેશ્વર મહાદેવ મંદિર રાજકોટ જિલ્લામાં આવેલ છે. એમાં બે તબક્કામાં કામગીરી હાથ ધરવાની છે. પ્રથમ તબક્કાની કામગીરીમાં ૨ કરોડ ૮૦ લાખ ૯૩ હજાર ૪૮૦ રૂપિયા બોર્ડ તરફથી મંજૂર કર્યા છે. પવિત્ર યાત્રાધામ બોર્ડની કચેરીના જાવક નં. પી.ડી. ૬૧૨/૨૦૧૭-૧૮/ ૧૯૫ તા. ૨૪-૧-૧૮ થી આપવામાં આવેલ કામની અંદર ટેન્ડર આપવામાં આવ્યું છે. ૨ કરોડ ૬૦ લાખ ૪ હજાર ૪૫ અને ૨૦ પૈ. ટેન્ડરની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૨૪-૧-૨૦૧૮ થી આ ટેન્ડર મંગાવવામાં આવેલ છે. મંદિરનું શું શું કામ કરવામાં આવશે? તો ત્રંબકેશ્વર મહાદેવ મંદિરની અંદર રિનોવેશન, ઘાટ બાંધવાનું કામ, ટોઇલેટ બાંધવાનું કામ, ચેઇન્જ રૂમ બનાવવાનું કામ, ફૂડ કોર્ટનું કામ, ટ્રી પ્લાન્ટેશન, બાળકોને રમવા માટેનાં સાધનો, વિદ્યુતની કામગીરી, પેવર બ્લોક, વિવિધ જગ્યાએ પાણીના બોર કરી પાણી પૂરું પાડવાનું આયોજન છે. સભ્યશ્રીએ ત્રીજો પ્રશ્ન એમના વિસ્તારની વાત કરી છે. આ પ્રક્રિયા છે. એમાં જિલ્લામાંથી અરજી ઉદ્યોગ અને ખાણ વિભાગમાં આવે. ત્યારે જ્યારે આ અરજી આવશે ત્યારે તાત્કાલિક મંજૂર કરવાની કામગીરી હાથ ધરીશું.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે સૌરાષ્ટ્રમાં સોમનાથ ઘેલા સોમનાથ, દ્વારકા જેવા તીર્થધામોની સુંદર રીતે સજાવટ કરી છે. હું જાણવા માગુ છું કે રાજકોટ જિલ્લામાં છેલ્લાં ૨ વર્ષમાં કેટલી દરખાસ્તો આવી? કઇ કઇ આવી અને એનું કામકાજ ક્યારે શરૂ થશે?

શ્રીમતી વિભાવરી દવે : રાજકોટ જિલ્લાના અમારા ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે. રાજકોટ જિલ્લાની અંદર ૨ વર્ષની અંદર દરખાસ્તો કરવામાં આવી છે. ૨૦૧૬ ની વાત કરું તો ૯ દરખાસ્તો મળી છે. ૨૦૧૭ માં ૨ દરખાસ્તો મળી છે. રાજકોટ શહેર ખાતે આવેલ શ્રી રામનાથ મહાદેવ મંદિરની દરખાસ્ત. બીજી ગોંડલ તાલુકાની બાંદરા ખાતે આવેલ શ્રી ઉગાફોજની જગ્યાનું કામ. ૨૦૧૭ ના રોજ આવી ૭ માગણી કરવામાં આવેલ છે. સરધાર તાલુકા રાજકોટ ખાતે આવેલ શ્રી સિંહ ગોવિંદ માતાજીનું મંદિર. બીજું છે ગોંડલ તાલુકાના વાછરા ગામે આવેલા શ્રી વાઘવીર સાહેબની જયોતની જગ્યા, ત્રીજું છે ગોંડલ તાલુકાના રામોદ ગામે આવેલ બીએપીએસ મંદિર, ચોથું છે કોટડા સાંગાણી તાલુકાના નવી મેંગણી ગામે આવેલ સંતશ્રી ભીમ સાહેબની જગ્યા, પાંચમું કામ જસદણ તાલુકાના ખારચીયા ગામે આવેલ શ્રી શંકર ભગવાન મહાદેવનું મંદિર, છઠ્ઠું કામ છે જેતપુર તાલુકાના થાણાગાલોલ ગામે આવેલ બુદ્ધ વિહારની જગ્યા, સાતમું કામ છે ગોંડલ તાલુકાના મોવીયા ગામે આવેલ સંતશ્રી ખીમદાસ બાપુજીની ચૈતન્ય સમાધિનું મંદિર. આ જે યાત્રાધામોની માહિતી આપી છે તેની અંદર મંજૂર કરવાની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે તો ૨૦૧૬માં યાત્રાધામોમાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે તેની યાદી આપું તો રામ મંદિર મેવાસા તાલુકો જેતપુરમાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે ૧૭૫ લાખ રૂપિયાની, ખોડિયાર માતાનું મંદિર વાળાડુંગરા તાલુકો જેતપુરમાં ૧૨૦ લાખ રૂપિયાનું કામ, ત્રીજું છે વિશ્વેશ્વર મહાદેવનું મંદિર કેરાળી તાલુકો જેતપુરમાં ૨૫૩ લાખ રૂપિયાનું કામ અને તેમાંથી ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. મોમાઇ માતા મંદિર થોરાળા તાલુકો જામકંડોરણા તેમાં સૈદ્ધાંતિક ૫૪.૬૩ લાખ રૂપિયાની આપવામાં આવી છે. કેરાલેશ્વર મહાદેવ જેતપુરમાં સૈદ્ધાંતિક મંજૂરી ૯૯.૨૬ લાખની આપવામાં આવી છે. જેમાં ૨૧ લાખ રૂપિયાની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. છઠ્ઠું કામ છે સિદ્ધેશ્વર મહાદેવ મંદિર હડમતલાની સૈદ્ધાંતિક મંજૂરી ૨૬૫ લાખ રૂપિયાની આપવામાં આવી છે. તેમાં ૧૦૨ લાખના કામ શરૂ કરી દેવામાં આવેલ છે. ધોળેશ્વર મહાદેવ પ્રગટેશ્વર ગામ થોરડી તાલુકો કોટડાસાંગાણીમાં ૨૧૬ લાખની તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે. આઠમું મનમેશ્વર મહાદેવ છે તેમાં ૮૧ લાખ રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે. જામકંડોરણા ખાતે આવેલ ઉતાવળી નદી કાંઠે ગઢની ફરતે રીવર ફ્રન્ટનું કામ ૯૯૫ લાખ રૂપિયાની તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે. આ જે મેં કહ્યા છે તે ૨૦૧૬ના કામ હતા. હવે ૨૦૧૭ના કામોની વાત કરું તો રાજકોટ શહેર ખાતે આવેલ શ્રી રામનાથ મહાદેવ મંદિરની મંજૂરી ૪૯૨ લાખ રૂપિયાની આપવામાં આવેલ છે. રાજકોટ તાલુકાના ત્રંબા ગામે આવેલ ત્રંબકેશ્વર મંદિર કે જે પ્રશ્નની આપણે ચર્ચા કરીએ છીએ. તે પછીનું કામ ગોંડલ શહેર

ખાતે આવેલ ગોંડલી નદીના કિનારે રીવર ફ્રન્ટ વિકસાવવાનું કામ છે. આ રીતે જે પ્રશ્ન પૂછયો છે તેના કેટલા કામ મંજૂર થયા છે અને કેટલાની દરખાસ્ત છે તેની માહિતી મેં આપી છે.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ત્રંબકેશ્વર મહાદેવ મંદિરમાં કરવામાં આવતા કામની ગુણવત્તાની દેખરેખ કરવામાં આવે છે કે કેમ? જો હા, તો તેની વિગતો શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જે ગુણવત્તાની દેખરેખનો પ્રશ્ન પૂછયો છે તે બાબતે જણાવવાનું કે જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા કરવામાં આવતા ટીસીજીએલ એટલે કે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ દ્વારા મંજૂર કરાયેલ પેનલ આર્કિટેક દ્વારા મંજૂર કરાયેલ આર્કિટેક દ્વારા પીએમસી એટલે કે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સી દ્વારા દેખરેખ રાખવામાં આવે છે, કામોની ગુણવત્તા ચકાસવામાં આવે છે અને સાથે સાથે બીલની ચકાસણી પણ કરવામાં આવે છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે જે યાત્રાધામ જે જિલ્લામાં મંજૂર થાય તે જિલ્લાની કોઇ સમિતિ બને છે કે કેમ? તે સમિતિમાં કેટલા સભ્યો હોય છે, તે સમિતિમાં ધારાસભ્યોનો સમાવેશ થયેલો છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ બહુ સરસ પ્રશ્ન કર્યો છે. જિલ્લાની અંદર જે યાત્રાધામો આવ્યા હોય તેનો વિકાસ કરવા માટે જિલ્લાની અંદર સ્થાનિક પ્રવાસ સમિતિ તથા પ્રવાસ સ્થળોએ આંતર માળખાકીય સવલતો ઉભી કરવા માટે જિલ્લા પ્રવાસન સમિતિની રચના કરવામાં આવેલ છે. દરવર્ષે જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા ઠરાવ ક્રમાંક–ટીપીપી–૧૦૨૦૦૫–૧૭૦૮–ક તા. ૧૫–૧૧–૨૦૧૬થી દરેક જિલ્લાની અંદર દસ કરોડ રૂપિયા જેટલી ગ્રાન્ટ યાત્રાધામોના વિકાસ માટે આપવામાં આવે છે. તેમાં કોઇપણ ત્રણ સ્થળ પસંદ કરવામાં આવે છે. એવરેઝ જોઇએ તો એક સ્થળ માટે ૩ કરોડ ૩૩ લાખ રૂપિયા કહી શકાય, એટલે ખૂબ સારી રકમ સરકારશ્રી દ્વારા જિલ્લાની સમિતિ છે એને મંજૂર કરવાની વાત છે. સભ્યશ્રીએ જે વાત કરી કે એમાં માળખું કેવું છે? આ જે જિલ્લા પ્રવાસન સમિતિ છે એ દરખાસ્ત મંજૂર કરે એ દરખાસ્ત મંજૂર કર્યા પછી અહીંયા રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવે છે, ત્યાંથી ખાલી ભલામણ કરવાની હોય છે મંજૂરી અહીંથી રાજય સરકારમાંથી આપવામાં આવે છે. આ જિલ્લા પ્રવાસન સમિતિનું જે માળખું છે એ માળાખામાં એક અધ્યક્ષ અને ૧૩ સભ્યો હોય છે, આ ૧૩ સભ્યોમાં પણ બધા જ પક્ષા–પક્ષીથી દૂર રહી બધા જ લોકોને એટલે કે, ધારાસભ્યશ્રીઓને પણ સ્થાન આપવામાં આવે છે. હું બધા સભ્યોની વાત કરું તો મને જણાવતા આનંદ થશે. એના અધ્યક્ષ છે જિલ્લા કલેકટર, માનનીય સંસદ સભ્ય છે એ એના સભ્ય હોય છે, જિલ્લાના માનનીય ધારાસભ્યશ્રીઓ એના સભ્ય હોય છે, સંબંધિત નગરપાલિકાના પ્રમુખ એના સભ્ય હોય છે, સંબંધિત જિલ્લાના ગુજરાત પ્રવાસન નિગમ બોર્ડના ડાયરેકટર એમાં બિન સરકારી સભ્ય હોય છે, જિલ્લા વિકાસ અધિકારી પણ સભ્ય હોય છે, સંબંધિત મ્યુનિસિપલ કોરપોરેશનના ડેપ્યુટી કમિશનર એના સભ્ય હોય છે, જિલ્લા વન અધિકારી પણ સભ્ય હોય છે, કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ પણ એના સભ્ય હોય છે, કાર્યપાલક ઇજનેર, માર્ગ મકાન, પંચાયત એના સભ્ય હોય છે, નાયબ માહિતી નિયામકશ્રી એના સભ્ય હોય છે, જિલ્લા સંબંધકર્તા જિલ્લા હોટેલ અને રેસ્ટોરન્ટ એસોસિએશન હોય તો એના પ્રમુખ પણ એના સભ્ય હોય છે, જિલ્લાના સંબંધકર્તા જિલ્લા ટ્રાવેલ એજન્ટ એન્ડ ટુર્સ ઓપરેટર હોય તો એના પ્રમુખ પણ આના સભ્ય હોય છે અને ગુજરાત પ્રવાસન નિગમના સંબંધિત જિલ્લા પ્રવાસન અધિકારી અથવા ગુજરાત પ્રવાસનના પ્રતિનિધિ આમાં સભ્ય હોય છે એટલે કે ૧૪ સભ્યોની આ કમિટી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી ભરુચ, જંબૂસર ખાતે કંબોઇ ખાતે કંબેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે એ આ જે વિકાસ બોર્ડ દ્વારા એમાં એને કોઇ ગ્રાન્ટ આપવામાં આવી છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ઘણાં જ યાત્રાધામો આમાં સમાવિષ્ટ છે. ૩૨૮ યાત્રાધામો આ રાજય સરકાર હસ્તક છે પણ એમાં કયા મંજૂરીમાં છે એ અત્યારે મારી પાસે રેકોર્ડ ઉપલબ્ધ નથી.

અધ્યક્ષશ્રી : માહિતી મેળવીને આપી દેજો.

શ્રીમતી વિભાવરી દવે : હા, જી.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે રીતે પવિત્ર યાત્રાધામની પવિત્રતા અને જે રીતે સરકાર એના માટે કટિબદ્ધ છે અને ગ્રાન્ટની ફાળવણીઓ થાય છે, યાત્રાળુઓ વધે છે, ૧૯૯૫ પછીની સરકાર આની ચિંતા કરે છે તો એની પવિત્રતા જળવાય એના માટે જે જવાબદાર લોકો સામાન્ય રીતે યાત્રાધામમાં પુજારી કે એ લોકો હોય છે તો એની કોઇ ભરતી પ્રક્રિયા, એનું મહેકમ, એનો ડ્રેસકોડ જેવી કોઇ વ્યવસ્થા હોય છે કે કેમ? કેમ કે જેથી આઇડેન્ટીફાઇ થઇ શકે કે, આ અધિકારી ત્યાં પુજા કરાવે છે અને એ જાણકાર વ્યકિત છે. આવું કાંઇ છે ખરું?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ તો યાત્રાધામની મંજૂરી એટલે કે, ગ્રાન્ટની મંજૂરી એની બાબતનો પ્રશ્ન છે. એમનો જે પ્રશ્ન છે એ મહેકમની બાબતનો પ્રશ્ન છે તો એની અલગથી મને નોટિસ આપી પ્રશ્ન પૂછવામાં આવશે તો ચોક્કસ એ બાબતે જવાબ આપીશ.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ યાત્રાધામ વિકાસ માટેના શા ધારા ધોરણો છે અને, એની વિગતો શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મેં આગળના પ્રશ્નના જવાબમાં કહ્યું છે છતાં ફરી વખત પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો છે એટલે કહું છું કે, જે કોઇ પણ યાત્રાધામનો જિલ્લાની સમિતિમાં સમાવેશ થયો હોય એને આ વાત લાગુ પડે છે. (અંતરાય)મંદિરમાંથી જઇને આવ્યા છે.(અંતરાય) જે પણ યાત્રાધામમાં જવાનું હોય એ મંદિરમાંથી આપણે આ મંદિરમાં આવ્યા હોઇએ, બીજા મંદિરમાંથી આ મંદિરમાં આવીએ, આ ન્યાયનું મંદિર છે અને આપણા રાજયના કાયદા ઘડવાનું આ મંદિર છે. એવી જ રીતે જે ૧૯૯૫ પછી યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી. મંદિરોમાં જતા લોકોને ખબર ન હતી કે આ મંદિરોની યાત્રાધામ વિકાસ કરીએ તો થાય. એવી જ રીતે આ યાત્રાધામોનો વિકાસ કરવો હોય તો જે તે જિલ્લાની અંદર જિલ્લા પ્રવાસન સમિતિ છે એમાં અરજી કરવાની હોય છે, એ અરજી થયા પછી એની તપાસ કર્યા પછી જો સમિતિ મંજૂર કરે અને મંજૂરીના ધારા ધોરણો મુજબ મંજૂર કર્યા પછી એ અરજી ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસે મંજૂરી માટે આવે છે અને ત્યાં મંજૂર થયા પછી એને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમારા પંચમહાલ જિલ્લાની અંદર કેટલા યાત્રાધામો મંજૂર કરેલા છે અને, એમાં મારા શહેરા તાલુકાનું મરડેશ્વર મહાદેવ, સ્વયંભૂ મરડેશ્વર મહાદેવ છે તો એનો યાત્રાધામ વિકાસ સમિતિમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : મેં અગાઉ કહ્યું એમ મારી પાસે દરેકે દરેક ૩૫૮ જેટલા યાત્રાધામો છે એની માહિતી નથી પણ જો ખરેખર એ ખૂબ સરસ જગ્યા હોય તો ચોક્કસ જિલ્લા પ્રવાસન સમિતિમાં અરજી કરી અને ત્યાંથી જો સમિતિ મંજૂર કરી અને ખાણ અને ઉદ્યોગ વિભાગમાં એની દરખાસ્ત મોકલવામાં આવશે તો સરકાર આવા યાત્રાધામોને ચોકકસ વિકસાવશે. કારણ કે આપણે મંદિરના પગથિયા ઘસતા નથી, આપણે ખરેખર કામ કરીને દેખાડીએ છીએ, એટલે ૧૯૯૫ પછી જે આ યાત્રાધામ વિકાસ બોર્ડ અસ્તિત્વમાં આવ્યું છે એ બધા જ યાત્રાધામોનો વિકાસ કરવા માગે છે. એટલે બધા જ, સબ કા સાથ, સબ કા વિકાસ એટલે કોઇપણ જિલ્લો રહી ન જાય, કોઇપણ યાત્રાધામ રહી ન જાય એની પણ કાળજી લેવામાં આવશે સભ્યશ્રી દ્વારા જાણ કરવામાં આવે ત્યારે ચોક્કસ એમાં અમે આગળ વધીશું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કેવા પ્રકારના યાત્રાધામને વિકસાવવા સહાય મળે છે અને મારો બીજો પ્રશ્ન છે કે તેના ધોરણો શું છે અને જે આ ત્રંબકેશ્વરનો પ્રશ્ન છે એને કયા ક્રાઇટ એરિયામાં આપણે આવરી લીધું છે?

શ્રીમતી વિભાવરી દવે : આ યાત્રાધામ વિકાસ બોર્ડની અંદર 'એ', 'બી', 'સી' એવી કેટેગરીઓ છે. એટલે કે જે સંપૂર્ણ સરકાર હસ્તક હોય એવા મંદિરોના વિકાસ માટે, 'બી' કેટેગરી અને 'સી' કેટેગરીમાં જેમાં કોઇ ટ્રસ્ટ મંદિર ચલાવતું હોય એના માટે ૭૦-૩૦ એવી રીતેની વિવિધ યોજનાઓ છે, જે તે મંદિર કઇ રીતનું અસ્તિત્વ ધરાવે છે એને ધ્યાનમાં રાખીને અને વિકાસ કરવામાં આવે છે.

### મહીસાગર જિલ્લામાં કૌશલ્યવર્ધન કેન્દ્રો

*શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કૌશલ્યવર્ધન કેન્દ્રો કાર્યરત છે, અને

**જવાબ**

(૧)

| છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કાર્યરત કૌશલ્યવર્ધન કેન્દ્રો | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | કૌશલ્યવર્ધન કેન્દ્રનું નામ | રીમાર્કસ |
| ૧ | ખાનપુર | વડાગામ | |
| ૨ | કડાણા | ડીટવાસ | |
| ૩ | બાલાશિનોર | વડદલા | |
| ૪ | લુણાવાડા | કોઠંબા | |
| | વીરપુર | વીરપુર(સીટી) | કેવીકે વીરપુર(સીટી) વર્ષ:૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ. પરંતુ તાલીમાર્થી ઉપલબ્ધ ન થવાના કારણોસર સેચ્યુરેશન હેઠળ આવતા વીરપુર(સીટી) કેંદ્રને તા.૨૨/૩/૨૦૧૭ ના |

| | | | |
|---|---|---|---|
| | | | આદેશથી કેવીકે લાલસર ખાતે તબદીલ કરવામાં આવેલ છે. |
| ૫ | લુણાવાડા | લાલસર | |
| ૬ | સંતરામપુર | બટકવાડા | |
| ૭ | | ખેડાપા | |
| ૮ | | લીમડી | |

(૨) ઉક્ત સ્થિતિએ તાલીમાર્થીઓને ક્યા ક્યા પ્રકારની તાલીમો આપવામાં આવી અને કેટલા તાલીમાર્થીઓને કેટલુ સ્ટાઇપેન્ડ ચુકવ્યુ ?

(૨) તાલીમાર્થીઓને સાથેના પત્રક મુજબના ટ્રેડની તાલીમ આપવામાં આવી. અને સ્ટાઇપેન્ડ ચુકવવાની કોઇ જોગવાઇ નથી.

પત્રક

| ક્રમ | ટ્રેડનું નામ | ક્રમ | ટ્રેડનું નામ | ક્રમ | ટ્રેડનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | 2D પ્રી-પ્રોડક્શન એનીમેટર | ૧૫ | કોમ્પ્યુટર નેટવર્કીંગ | ૨૯ | સ્કીલ્ડ સુઇંગ ઓપરેટર્સ |
| ૨ | 3D એનીમેશન પ્રોડક્શન | ૧૬ | કટીંગ એન્ડ સુઇંગ | ૩૦ | સ્પેસીયલાઇઝડ સુઇંગ મશીન ઓપરેટર |
| ૩ | આસીસ્ટન્ટ બ્યુટી થેરાપીસ્ટ | ૧૭ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૩૧ | ટેલર (બેઝીગ સુઇંગ ઓપરેટર) |
| ૪ | આસીસ્ટન્ટ હેર સ્ટાઇલ્સ | ૧૮ | ડેસ્ક ટોપ પબ્લીસીંગ | ૩૨ | ટેઇલર ચિલ્ડ્રન |
| ૫ | બેઝિક કોમ્પ્યુટર | ૧૯ | ડ્રેસમેકીંગ | ૩૩ | ટેઇલર લેડીઝ |
| ૬ | બેઝિક ઇલેક્ટ્રીકલ જોઇન્ટ્સ એન્ડ ફીટીગ્સ | ૨૦ | ઇલેક્ટ્રીશીયન ડોમેસ્ટીક | ૩૪ | ટેઇલર મેન |
| ૭ | બેઝિક ઇલેક્ટ્રીકલ ટ્રેનીંગ | ૨૧ | ફેન રીપેરીંગ | ૩૫ | ટેઇલર જેન્ટસ |
| ૮ | બેઝિક ટેલરીંગ | ૨૨ | હેર એન્ડ સ્કીન કેર | ૩૬ | ટેઇલર વુમન |
| ૯ | બેઝિક વાયરમેન | ૨૩ | હેર સ્ટાઇલીસ્ટ | ૩૭ | ટેલરીંગ |
| ૧૦ | બેઝિક ઓફ બ્યુટી એન્ડ હેર ડ્રેસીંગ | ૨૪ | હેન્ડ એમ્બ્રોઇડર | ૩૮ | બેઝિક ટેલરીંગ |
| ૧૧ | બ્યુટીશીયન | ૨૫ | હાઉસ વાયરીંગ | ૩૯ | ટેઇલરીંગ કટીંગ |
| ૧૨ | બ્યુટી પાર્લર | ૨૬ | મેકઅપ આર્ટીસ્ટ | ૪૦ | ટેલી |
| ૧૩ | કોમ્પ્યુટર ફંડામેન્ટલ્સ, એમ.એસ.ઓફીસ એન્ડ ઇન્ટરનેટ | ૨૭ | મોટર ડ્રાઇવીંગ | ૪૧ | ટીવી રીપેરીંગ |
| ૧૪ | કોમ્પ્યુટર હાર્ડવેર | ૨૮ | રીપેર ઓફ હોમ એપ્લાયન્સ | ૪૨ | વીવીંગ લુમ |

શ્રી રતનસિંહ મ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કૌશલ્યવર્ધન કેન્દ્રો કાર્યરત છે અને તાલીમાર્થીઓને કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવી છે અને કેટલા તાલીમાર્થીઓને કેટલું સ્ટાઇપન્ડ ચૂકવવામાં આવ્યું?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : કૌશલ્યવર્ધન કેન્દ્રોની અંદર જે તાલીમ આપવામાં આવે છે એમાં કોઇ સ્ટાઇપન્ડ ચૂકવવામાં આવતું હોતું નથી. પરંતુ સામાન્ય ફી લઇને આવા ગ્રામ્ય વિસ્તારના તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવતી હોય છે, એટલે એમાં સ્ટાઇપેન્ડ ચૂકવવાનો કોઇ પ્રશ્ન નથી. માત્ર રૂપિયા ૫૦ જેવી નહિવત રકમ લઇને આપણે એમને ત્યાં તાલીમ આપીએ છીએ એમાં અનુસૂચિત જાતિના લોકો, અનુસૂચિત જનજાતિના લોકો, બી.પી.એલ. ના લાભાર્થીઓમાં આવતા લોકો, મહિલા તાલીમાર્થી, અને દિવ્યાંગ તાલીમાર્થી હોય એમની પાસેથી કોઇપણ પ્રકારની ફી લીધા સિવાય એ લોકોને આપણે તાલીમ આપીએ છીએ.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મહીસાગર જિલ્લામાં કૌશલ્યવર્ધન ક્યાં ક્યાં શરૂ કરવામાં આવ્યા છે? તેમાં કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે અને એ ચલાવવામાં સરકારને આશરે કેટલો ખર્ચ થાય છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લાની અંદર કૌશલ્યવર્ધન જે ચલાવવામાં આવે છે, તેમાં સંતરામપુરામાં બટકવાડામાં કૌશલ્યવર્ધન કેન્દ્ર ચલાવવામાં આવે છે એમાં ૩૬૧ તાલીમાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે, મારી પાસે ૨૦૧૬ અને ૨૦૧૭ની માહિતી છે. સંતરામપુરમાં ૨૦૧૭માં ૫૪૩ તાલીમાર્થીઓએ તાલીમ લીધી અને ૨૦૧૬માં ૩૬૧ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. સંતરામપુર તાલુકાના લીમડીમાં ૨૦૧૬માં ૩૪૫ તાલીમાર્થીઓ અને ૨૦૧૭માં ૩૭૬ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. સંતરામપુર તાલુકાના ખેડાપામાં ૨૦૧૬માં ૩૫૫ તાલીમાર્થીઓને અને ૨૦૧૭માં ૩૭૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
રાષ્ટ્રીય જમીન દફતર સંચાલન કાર્યક્રમ અંતર્ગત રકમ

* ૫૮૩૩ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રીય જમીન દફતર સંચાલન કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ છે ?

જવાબ

(૧) હા જી. રાષ્ટ્રીય જમીન દફતર સંચાલન કાર્યક્રમ (ડીજીટલ ઇન્ડીયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ DILRMP) ભારત સરકાર પુરસ્કૃત યોજના છે. તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રકમ મળેલ છે.

(૨)

| ક્રમ | વર્ષ | રકમ (રૂ. કરોડ) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૧૦.૦૦ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ૧૦.૦૦ |

---------

રાજકોટ જિલ્લામા ગામની જમીનના કબજા

* ૩૬૨૫ શ્રી કુંવરજી બાવળીયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામની કેટલી જમીન શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલા ગામની કેટલી જમીનના કબજા સરકાર દ્વારા ઉક્ત સ્થિતિ સુધીમાં લેવામાં આવ્યા, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ગામની કેટલી જમીનના કબજા લેવાના બાકી છે અને બાકી રહેવાના કારણો શું છે ?

જવાબ

(૧), (૨) અને (૩) સામેલ પત્રક મુજબ

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામની કેટલી જમીન શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા, | | તે અન્વયે સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી કેટલા ગામની કેટલી જમીનના કબજા સરકાર દ્વારા ઉક્ત સ્થિતિ સુધીમાં લેવામાં આવ્યા, અને | | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ગામની કેટલી જમીનના કબજા લેવાના બાકી છે અને બાકી રહેવાના કારણો શું છે ? | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ગામની સંખ્યા | જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | ગામની સંખ્યા | જમીનનું ક્ષેત્રફળ | ગામની સંખ્યા | જમીનનું ક્ષેત્રફળ | બાકી રહેવાના કારણો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ધોરાજી | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨ | ઉપલેટા | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૩ | જામ કંડોરણા | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૪ | જેતપુર | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૫ | ગોંડલ | ૧(હડમતીયા) | ૧–૬૧–૮૮ | શૂન્ય | શૂન્ય | ૧ | ૧–૬૧–૮૮ | અપીલની કાર્યવાહી ચાલુ હોઇ કબજો લેવાનો બાકી છે. |
| ૬ | જસદણ | ૧ (લીલાપુર) | ૧–૬૧–૮૮ | શૂન્ય | શૂન્ય | ૧ | ૧–૬૧–૮૮ | અપીલની કાર્યવાહી ચાલુ હોઇ કબજો |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | લેવાનોબાકીછે. |
| ૭ | વિંછીયા | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૮ | લોધીકા | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૯ | કોટડસાંગાણી | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | પડધરી | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૧૧ | રાજકોટ | ૧ (રફાળા) | ૨–૪૨–૮૨ | શૂન્ય | શૂન્ય | ૧ | ૨–૪૨–૮૨ | અપીલનીકાર્યવાહી ચાલુ હોઇકબજો લેવાનોબાકીછે. |

---------

અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય

* ૫૭૮૬ શ્રી ચંદનજી ઠાકોર (સિદ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૭માં અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની માંગણી કરવામાં આવી હતી, | (૧) રૂ.૨૦૯૪.૯૨ કરોડ |
| (૨) તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેન્દ્ર સરકારે કેટલી રકમ ક્યારે રાજ્ય સરકારને ફાળવી, અને | (૨) આ બાબત કેન્દ્ર સરકાર પાસે વિચારણા હેઠળ છે. |
| (૩) તે પૈકી કેટલી રકમ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ફાળવવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહેસૂલ વહીવટ સંગીન બનાવવા/જમીન દફતર અદ્યતન કરવા રકમ

* ૫૮૬૧ શ્રી અમરીશભાઇ ડેર (રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ વહીવટ સંગીન બનાવવા અને જમીન દફતર અદ્યતન કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ છે ? | (૨) |

| ક્રમ | વર્ષ | રકમ (રૂ. કરોડ) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૧૦.૦૦ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ૧૦.૦૦ |

---------

અમદાવાદ જિલ્લામાં સંસ્થાઓને પુરસ્કૃત પીપીપી સ્કીમ હેઠળ આવરી લેવા બાબત

*૪૬૨૧ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અમદાવાદ જિલ્લામાં કેટલી સંસ્થાઓ રાજ્ય પુરસ્કૃત પીપીપી સ્કીમ હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) ૦૧ (એક) |
| (૨) તે સંસ્થાઓ કઈ કઈ છે ? | (૨) આઈ.ટી.આઈ. કુબેરનગર, અમદાવાદ |

---------

અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના

*૪૬૧૪ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય | (૧) ૩૪૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮૮ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૨૮૮ લાભાર્થીઓને રૂ. ૧૧,૧૬,૦૦૦/- (અંકે રૂપિયા અગીયર લાખ સોળ હજાર પુરા)ની રકમ ચૂકવવામાં આવી. |

---------

સરકાર ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ માટે રાજ્યને મળેલ રકમ

*૫૮૪૫ શ્રી હર્ષદભાઈ રિબડીયા (વિસાવદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,અને | (૧) હા, છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી રકમ મળેલ છે. |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ છે ? | (૨)<br>૧. વર્ષ: ૨૦૧૬-૧૭ માં રૂ. ૯૧.૬૫ લાખ.<br>૨. વર્ષ: ૨૦૧૭-૧૮ માં કોઈ રકમ મળેલ નથી. |

---------

પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

*૪૬૫૪ શ્રીમતી સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦૨૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૦૨૦ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૭૩૧૯ |

---------

મહેસાણા ખાતે સરકારી છાત્રાલયોનું બાંધકામ

* ૫૭૮૯ ડૉ.આશા પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિના છોકરાઓ અને છોકરીઓ માટે મહેસાણા ખાતે સરકારી છાત્રાલયનું બાંધકામ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) ના |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય

* ૫૭૮૩ શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) રાજ્યમાં જુન અને જુલાઈ–૨૦૧૫માં અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય પેટે કેન્દ્ર સરકાર પાસે રૂ.૪૪૭૩.૪૭ કરોડની માંગણીની દરખાસ્ત સપ્ટેમ્બર–૨૦૧૫માં કરવામાં આવી હતી તે હકિકતે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા, સાચી છે. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે કેટલી રકમ ક્યારે રાજ્ય સરકારને ફાળવી ? | (૨) ભારત સરકારની એનડીઆરએફની હાઈ લેવલ કમીટીની તા.૦૯/૧૧/૨૦૧૫ની બેઠકમાં રૂ.૫૬૧.૮૨ કરોડની સહાય એનડીઆરએફ માંથી નીચેની શરતે મંજૂર કરવી તેમ નિર્ણય લીધેલ.<br>રાજ્ય સરકારની એસડીઆરએફની સીલકના ૫૦% અથવા મંજૂર કરવામાં આવેલ સહાય, એસડીઆરએફની સીલકના ૫૦% કરતાં ઓછી હોય, તેવા સંજોગોમાં સહાય મળવા પાત્ર થાય. રાજ્ય સરકારની એસડીઆરએફની સિલક ૦૧/૦૪/૨૦૧૫ ના રોજ ૩૦૮૨.૨૬ કરોડ હતી. તેના ૫૦% પ્રમાણેની રકમ ૧૫૪૧.૧૩ કરોડ થતી હતી, જેનાથી મંજૂર કરવામાં આવેલ રકમ ૫૬૧.૮૨ કરોડ ઓછી થતી હોઈ, કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કોઈ રકમ મળવાપાત્ર થતી ન હોવાનો પ્રત્યુત્તર તા.૦૧/૧૨/૨૦૧૫થી મળેલ હતો. જેથી કેન્દ્ર સરકાર દ્વારા ફંડ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી. |

---------

જુનાગઢ જિલ્લામાં ગૌચર જમીન ઉદ્યોગગૃહોને ફાળવવા બાબત

* ૪૯૬૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૌચરની જમીનની ફાળવણી કરવાની વ્યવસ્થાપન નીતિ તા.૧–૦૪–૨૦૧૫ના ઠરાવથી સરકારે કર્યા બાદ જુનાગઢ જિલ્લામાં સને ૨૦૧૬ અને ૨૦૧૭ના વર્ષમાં કેટલી ગૌચર જમીન કયા ઉદ્યોગગૃહોને ફાળવવામાં આવી, | (૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૧૬ અને ૨૦૧૭ના વર્ષમાં કોઈ ઉદ્યોગગૃહોને ગૌચરની જમીન ફાળવવામાં આવેલ નથી. |
| (૨) રાજ્ય સરકારે પ્રસિધ્ધ કરેલી ગૌચર નિતિની વિરૂધ્ધ ઉદ્યોગગૃહોને ગૌચરની જમીન ફાળવવાના શા કારણો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૩) ક્યા ક્યા ગામોમાં ગૌચરની જમીન ઉદ્યોગગૃહોને ફાળવવામાં આવી છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૪) ઉક્ત ગૌચરની જમીન ગેરકાનુની રીતે ફાળવનાર સામે શા પગલા લેવાયા છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૫) ઉક્ત બાબતે ગૌચરના વિકલ્પમાં ક્યા ક્યા ગામોને કેટલી જમીન ફાળવવામાં આવી ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં એપ્રેન્ટીસ એકમોની ફાળવેલ બેઠકો

* ૩૬૦૩ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં એપ્રેન્ટીસ એક્ટ હેઠળ ક્યા | (૧) સાબરકાંઠા જિલ્લાનાં પત્રક–૧, અને પત્રક–૨ મુજબનાં, જ્યારે, બનાસકાંઠા જિલ્લાના પત્રક–૩ અને |

એકમોમાં છેલ્લા બે વર્ષમાં કેટલી બેઠકો ફાળવેલ છે,

પત્રક–૪ મુજબનાં એકમોને નીચે દર્શાવ્યા મુજબ વર્ષવાર બેઠકો ફાળવાયેલ છે.

| વર્ષ | એકમોની સંખ્યા | ફાળવાયેલ બેઠકો |
|---|---|---|
| સાબરકાંઠા જિલ્લો. | | |
| ૨૦૧૬ | ૨૯ | ૫૯૯ |
| ૨૦૧૭ | ૩૭ | ૬૦૧ |
| બનાસકાંઠા જિલ્લો. | | |
| ૨૦૧૬ | ૩૨ | ૧૯૧ |
| ૨૦૧૭ | ૪૨ | ૨૮૬ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી બેઠકો ભરવામાં આવી, અને

(૨)

| વર્ષ | ભરાયેલ બેઠકો | |
|---|---|---|
| | સાબરકાંઠા | બનાસકાંઠા |
| ૨૦૧૬ | ૫૬૦ | ૨૩૨ |
| ૨૦૧૭ | ૫૦૮ | ૩૮૧ |

(૩) ઉક્ત સ્થિતિએ ફાળવેલ બેઠકો સામે ઓછી બેઠકો ભરવામાં આવી છે કે કેમ,

(૩) હા, જી

| વર્ષ | ઓછી ભરાયેલ બેઠકો | |
|---|---|---|
| | સાબરકાંઠા | બનાસકાંઠા |
| ૨૦૧૬ | ૩૯ | એપ્રેન્ટીશીપ નિયમો, ૧૯૯૨ મુજબ પુરેપુરી બેઠકો ભરાયેલ છે. |
| ૨૦૧૭ | ૯૩ | |

(૪) જો હા, તો તેના કારણો શા છે, ઓછી બેઠકો ભરનાર એકમો સામે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધા ?

(૪) અપ્રેન્ટીસ ઉમેદવારો સરકાર હસ્તકના કે અન્ય પ્રખ્યાત એકમોમાં જવા ઈચ્છુક હોય છે. જેના કારણે નાના એકમોમાં બેઠકો ઓછી ભરાય છે. એપ્રેન્ટીસ એક્ટ, ૧૯૬૧ હેઠળ ઘડાયેલ અપ્રેન્ટીસ નિયમો, ૧૯૯૨ ના નિયમ–૭–બી(૪) હેઠળ અપ્રેન્ટીસની ૨.૫% કરતાં ઓછી બેઠકો ભરનાર સાબરકાંઠા જિલ્લાના એકમોને ઉક્ત નિયમો મુજબ અપ્રેન્ટીસ ભરવાની તાકીદ કરવામાં આવેલ છે, તેમજ એપ્રેન્ટીસ અવેરનેશ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

---------

જુનાગઢ અને મોરબી વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ

* ૫૮૪૨ શ્રી ભીખાભાઈ જોશી (જૂનાગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) કુલ રૂ.૧૮૪૪.૬૧ કરોડ

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | જુનાગઢ | મોરબી |
|---|---|---|
| ૨૦૧૬ | ૧.૧૪ | ૧.૭૪ |
| ૨૦૧૭ | ૨.૬૬ | ૧.૪૦ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ડાંગ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના.

* ૪૬૦૯ કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

જવાબ

(૧) મળેલ અરજીઓ –૩૩૪

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | આહવા | ૭૭ |
| ૨ | વઘઈ | ૧૧૦ |
| ૩ | ડાંગ | ૧૪૭ |
| | કુલ | ૩૩૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજુર કરી, અને

(૨) મંજૂર અરજીઓ–૨૭૦
નામંજૂર અરજીઓ–૬૪

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી | નામંજૂર અરજી |
|---|---|---|---|
| ૧ | આહવા | ૭૨ | ૫ |
| ૨ | વઘઈ | ૬૯ | ૪૧ |
| ૩ | ડાંગ | ૧૨૯ | ૧૮ |
| | કુલ | ૨૭૦ | ૬૪ |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી | ૬૪ |

---------

### ભરૂચ અને મહેસાણા જિલ્લામાં જમીન માપણી રી–સર્વે

* ૫૯૦૧ શ્રી સંજભાઈ સોલંકી (જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ અને મહેસાણા જિલ્લામાં જમીન માપણી રી–સર્વેની કામગીરી જિલ્લાવાર કયા તાલુકામાં ચાલુ છે અને કયા તાલુકામાં પૂર્ણ થઈ છે,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તમામ ૯ તાલુકાઓ પૈકી ભરૂચ, અંકલેશ્વર, જંબુસર, આમોદ, હાંસોટ, નેત્રંગ, વાગરા, વાલીયા કુલ ૮ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. ઝઘડીયા તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પ્રગતિ હેઠળ છે. રી–સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. અને

મહેસાણા જિલ્લામાં તમામ ૧૦ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. રી સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) આ કામ કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે અને કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને

(૨) આ કામ ભરૂચ જિલ્લામાં આઈ.આઈ.સી. ટેક્નોલોજીસ લિ., હૈદરાબાદને સોંપવામાં આવેલ છે જેની પાછળ રૂ. ૮,૮૧,૪૬,૭૪૪/– ના ખર્ચનો અંદાજ છે. અને

મહેસાણા જિલ્લામાં સિકોન પ્રા.લિ., બેંગલોરને સોંપવામાં આવેલ છે જેની પાછળ રૂ. ૭,૯૫,૧૪,૭૩૬/–ના ખર્ચનો અંદાજ છે.

(૩) ઉક્ત બાકી તાલુકાઓમાં આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે?

(૩) ઉક્ત ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પ્રગતિ હેઠળ છે અને મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેતીની જમીનની માપણી કામગીરી પૂર્ણ થયેલ છે અને બન્ને જિલ્લામાં રી સરવેની કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવામાં

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

આવશે.

---------

મહેસાણા જિલ્લામાં અનુસુચિત જાતિના સરકારી છાત્રાલયો

* ૪૬૪૧ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અનુસુચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો આવેલા છે, અને | (૧) ૦૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે? | (૨) ૦૨ |

---------

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોની જમીન–મકાનોની સનદ આપવા બાબત

.* ૪૯૨૬ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં જે ખેડૂતોની જમીન ડેમમાં ડૂબમાં ગઈ હોય તેવા ખેડૂતોને જમીન–મકાનોની સનદ આપવાની બાકી છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આવી કેટલી સનદો આપવાની બાકી છે અન તેના કારણો શું છે, અને | (૨) ૪૪ સનદો આપવાની બાકી છે. અસરગ્રસ્તોના અવસાનના કિસ્સામાં પેઢીનામું, અન્ય કેસોમાં જરૂરી આધાર પુરાવાર તેમજ કબજા હક્કની રકમ નહીં ભરવાના કારણે. |
| (૩) બાકી સનદો ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૩) અસરગ્રસ્તો તરફથી જરૂરી માહિતા/વિગતો રજુ થયેથી તુર્તજ. |

---------

વલસાડ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના

* ૪૬૪૨ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજી આવી, | (૧) ૪૭ |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને | (૨) ૩૦ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૯૦,૦૦૦/– |

---------

વિકલાંગોને વ્યક્તિઓ માટે સરકાર તરફથી રકમ

* ૫૮૩૭ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકલાંગ વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) કોઈ રકમ મળેલ નથી. |

(૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ મામલતદાર કચેરીનું મંજુર મહેકમ

* ૩૯૯૮ શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર (આણંદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ આણંદ પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીનું સંવર્ગવાર મંજુર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | પ્રાંત કચેરી | મામલતદાર કચેરી | |
|---|---|---|---|
| | | આણંદ (શહેર) | આણંદ (ગ્રામ્ય) |
| નાયબ કલેક્ટર | ૧ | ૦ | ૦ |
| મામલતદાર | ૦ | ૧ | ૧ |
| નાયબ મામલતદાર | ૪ | ૬ | ૧૨ |
| કારકુન | ૬ | ૩ | ૧૦ |
| રેવન્યુ તલાટી | ૦ | ૫ | ૨૨ |
| ડ્રાઈવર | ૧ | ૧ | ૦ |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| સંવર્ગ | પ્રાંત કચેરી | | મામલતદાર કચેરી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | આણંદ (શહેર) | | આણંદ (ગ્રામ્ય) | |
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| નાયબ કલેક્ટર | ૧ | ૦ | – | – | – | – |
| મામલતદાર | – | – | ૧ | ૦ | ૧ | ૦ |
| નાયબ મામલતદાર | ૩ | ૧ | ૪ | ૨ | ૫ | ૭ |
| કારકુન | ૫ | ૧ | ૩ | ૦ | ૯ | ૧ |
| રેવન્યુ તલાટી | – | – | ૫ | ૦ | ૨૧ | ૧ |
| ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | ૦ | – | – |
| પટાવાળા | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) પત્રક–અ મુજબ

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) દશ વર્ષિય ભરતી કેલેન્ડર અંતર્ગત વર્ગ–૩ની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે. જ્યારે પટાવાળાની સેવાઓ આઉટ સોરસીંગથી લેવાની રહે છે.

પત્રક–અ

| સંવર્ગ | પ્રાંત કચેરી | | મામલતદાર કચેરી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | આણંદ (શહેર) | | આણંદ (ગ્રામ્ય) | |
| | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે |
| નાયબ મામલતદાર | ૧ | તા.૦૧–૦૮–૨૦૧૭ | ૨ | તા.૦૧–૦૮–૨૦૧૭ | ૬<br>૧ | તા.૦૧–૦૮–૨૦૧૭<br>તા.૨૧–૦૬– |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૨૦૧૪ |
| કારકુન | ૧ | તા.૦૧-૦૭-૨૦૧૭ | - | - | ૧ | તા.૦૪-૧૨-૨૦૧૬ |
| રેવન્યુ તલાટી | - | - | - | - | ૧ | તા.૨૯-૧૧-૨૦૧૭ |
| પટાવાળા | ૧ | આઉટસોર્સિંગ | ૧ | આઉટસોર્સિંગ | ૨ | આઉટસોર્સિંગ |

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ

* ૫૮૮૭ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલા સિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજુરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મંજુરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) કુલઃ રૂ. ૧૮૪૪.૬૧ કરોડ

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | મહીસાગર | પંચમહાલ |
|---|---|---|
| ૨૦૧૬ | ૦.૭૦ | ૧.૨૯ |
| ૨૦૧૭ | ૦.૨૪ | ૧.૦૮ |

---------

આણંદ અને ખેડા જિલ્લામાં જમીન તકેદારી સમિતિને મળેલ અરજીઓ

* ૪૦૩૪ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં જમીન તકેદારી સમિતિ (સીટ)માં કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૫૧ અને ખેડા જિલ્લામાં જમીન તકેદારી સમિતિ (સીટ)માં ૬૮ અરજીઓ મળી.

(૨) તે પૈકી આણંદ જિલ્લામાં ૪૪ અને ખેડા જિલ્લામાં ૬૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

---------

સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના

* ૫૦૫૬ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી?

જવાબ

(૧) ૪૨૪

(૨) ૪૨૧

(૩) કુલ ૪૨૧ લાભાર્થીઓને રૂ. ૪,૯૩,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ તાણું હજાર પુરા)ની રકમ ચૂકવવામાં આવી.

---------

## અતારાંકિત પ્રશ્નો

### રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના

* ૪૬૩૭ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પુર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ અનુસુચિત જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૩૫૦ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩૫,૦૦,૦૦૦/– |

---------

### દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

* ૫૩૬૦ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસુચિત જાતિની કેટલી અરજીઓ મળી? | (૧) ૨૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૨,૪૦,૦૦૦/– |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણી રી–સર્વે

* ૫૭૯૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણી રી–સર્વેની કામગીરી જિલ્લાવાર કયા તાલુકામાં ચાલુ છે અને કયા તાલુકામાં પૂર્ણ થઈ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કુલઃ ૬ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. રી સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. અને<br>સાબરકાંઠા જિલ્લામાં કુલઃ ૮ તાલુકામાં ખેતીની જમીનની માપણી કામગીરી પૂર્ણ થયેલ છે. રી સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે અને કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને | (૨) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આ કામ આઈ.આઈ.સી ટેકનોલોજીસ, લિ., હૈદ્રાબાદ એજન્સીને આપેલ છે, જેના ખર્ચનો અંદાજ રૂ.૮,૮૮,૬૫,૪૧૬/– છે. |
| (૩) ઉક્ત બાકી તાલુકાઓમાં આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે? | (૩) ઉક્ત અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓના તમામ તાલુકાઓમાં માપણી કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકી રી સરવેની કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. |

---------

### કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જમીન માપણી રી–સર્વે

* ૫૭૭૭ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જમીન માપણી રી–સર્વેની કામગીરી જિલ્લાવાર કયા તાલુકામાં ચાલુ છે અને કયા તાલુકામાં પૂર્ણ થઈ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના તમામ ૧૦ તાલુકા પૈકી નખત્રાણા, અબડાસા, મુંદ્રા, અંજાર, માંડવી, લખપત, રાપર, ગાંધીધામ કુલઃ ૮ તાલુકામાં માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. ભુજ અને ભચાઉ કુલઃ ૨ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા તમામ ૧૦ તાલુકાના રી સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. અને<br>બનાસકાંઠા જિલ્લામાં તમામ ૧૪ તાલુકામાં ખેતીની જમીનની માપણી કામગીરી પૂર્ણ થયેલ છે. તમામ ૧૪ તાલુકાના રી સર્વેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે અને કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને | (૨) આ કામ કચ્છ જિલ્લામાં ઇ સેન્ટ્રીક સોલ્યુસન પ્રા.લિ. હૈદ્રાબાદ એજન્સીને સોંપવામાં આવેલ છે, જેના ખર્ચનો અંદાજ રૂ.૫૧,૦૦,૮૭,૧૦૫/– છે તથા બનાસકાંઠા જિલ્લામાં સિકોન પ્રા.લિ. બેંગ્લોરને સોંપવામાં આવેલ છે, જેના ખર્ચનો અંદાજ રૂ. ૧૫,૬૮,૮૧,૦૧૦/– છે. |
| (૩) ઉક્ત બાકી તાલુકાઓમાં આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે? | (૩) ઉક્ત બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાં માપણી કામગીરી પૂર્ણ થયેલ છે અને કચ્છ જિલ્લામાં કુલઃ ૨ તાલુકામાં માપણીની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા બન્ને જિલ્લામાં રી સરવેની કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. |

---------

### ખાત્રજ–વડસર તથા ખાત્રજ–ભોયણમોટી નાળિયાનું દબાણ

* ૪૯૩૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખાત્રજમાં ઉદ્યોગ ગૃહો દ્વારા સરકારી તલાવડીની જગ્યાનું દબાણ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ દબાણ તથા ખાત્રજ–વડસર તથા ખાત્રજ–ભોયણમોટી નાળિયાનું દબાણ દૂર કરવા માટે ઉક્ત સ્થિતિએ સરકારે શું પગલાં લીધાં? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના

* ૪૬૫૦ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી? | (૧) ૪૬૫ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૪૭ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) ઉક્ત સ્થિતિએ કુલ ૪૪૭ લાભાર્થીઓને |

રૂ.૬,૮૪,૦૦૦/-(અંકે રૂપિયા છ લાખ ચોર્યાસી હજાર પુરા)ની શિષ્યવૃતિની રકમ ચુકવવામાં આવી.

---------

સુરત જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની કચેરીઓમાં મહેકમ

* ૪૦૯૪ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળની કેટલી કચેરીઓ આવેલી છે, | (૧) કુલ ૧૦ કચેરીઓ આવેલી છે. |
| (૨) ઉક્ત કચેરીવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે. | (૨) અને (૩)* પત્રક મુજબ |
| (૩) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ અને કેટલી ખાલી છે, અને | |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) જેમ બને તેમ જલદી |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અમદાવાદ જિલ્લામાં દસ્તાવેજોની ઓનલાઇન નોંધણી

* ૪૬૩૬ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઓનલાઇન ઇ-પેમેન્ટથી નોંધણી ફી ભરી કેટલા દસ્તાવેજો નોંધાયેલા છે? | (૧) ૯૦ દસ્તાવેજ |
| (૨) અમદાવાદ જિલ્લામાં ઓનલાઇન ઇ-પેમેન્ટથી કેટલી નોંધણી ફી મળેલ છે? | (૨) રૂ. ૧,૦૪,૯૧,૫૮૭/- |

---------

ગાંધીનગર જિલ્લામાં છાત્રાલયો

* ૫૯૪૯ ડૉ.સી.જે.ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અનુ.જાતિના બાળકો માટે રજીસ્ટર્ડ ટ્રસ્ટો દ્વારા નવિન છાત્રાલયની માંગણી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજી મંજુર કરવામાં આવી, અરજીઓ નામંજુર થવાના શાં કારણો છે? | (૨) |

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાવાર મંજુર કરેલ છાત્રાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૨ |
| ૨ | દહેગામ | ૦૧ |
| | કુલ | ૦૩ |

અરજીઓ ના મંજુર કરવાના કારણોઃ

(૧) સ્વૈચ્છિક સંસ્થા, પબ્લીક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ અથવા

સોસાયટી, એજ્યુકેશન એકટ–૧૮૬૦ હેઠળ નોંધાયેલ ન હોય તો.
(૨) અરજી કરનાર સંસ્થાએ આર્થિક સદ્ધરતા અંગેનું રૂ.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ) સુધીનું બેંક બેલેન્સ (સિલક) સર્ટીફીકેટ રજુ કરેલ ન હોય.
(૩) સંસ્થા પોતાની માલિકીનું મકાન ધરાવતી ન હોય તથા તે અંગેના પુરાવા સાથે જોડેલ ન હોય.

---------

## સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં બોર બનાવવા જમીન

*૫૮૧૮ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર બોર કે કુવા બનાવવા માટે બે ગુંઠા જમીન મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તથા (૨) સુરેન્દ્રનગર જિલ્લો

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | ૨૦૧ | ૧૬૬ | ૩૫ | – |
| ૨૦૧૭ | ૧૩૯ | ૧૦૦ | ૨૪ | ૧૫ |

બોટાદ જિલ્લો

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | ૮૫ | ૧૩ | ૭૨ | – |
| ૨૦૧૭ | ૧૦૩ | ૧૬ | ૪૫ | ૪૨ |

(૩) આ અરજીઓ નામંજૂર કરવાનાં કારણો શા છે અને પડતર અરજીઓનનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૩)

- અરજીઓ નામંજૂર કરવાનાં કારણો નીચે મુજબ છે:
  ૧) જંગલ ખાતાની જમીન હોવાથી
  ૨)જમીન પર દબાણ હોવાથી
  ૩) ગામતળ નજીક હોવાથી
  ૪) અરજદારના ખેતરમાં કુવો હોવાથી
  ૫) અરજદારોને અરજી પરત ખેંચવાથી
  ૬) તળાવ નજીક હોવાથી
  ૭) માપણી કરવાની થતી હોવાના કારણે
  ૮) મદદનીશ ભુસ્તર જળ શાસ્ત્રીનો પાણી દાખલો ન હોવાથી
  ૯) પ્રોસેસ ફી ભરેલ ન હોવાથી
  ૧૦) સ્થાનિક પંચાયતનો વાંધો હોવાથી
  ૧૧)ભુસ્તરશાસ્ત્રીના અભિપ્રાય રજુ ન થવાથી
  ૧૨) અરજદાર તરફથી આધાર પુરાવા રજુ ન થવાને કારણે
  ૧૩) ગૌચરની જમીન હોવાથી
  ૧૪) તળાવની જમીન હોવાથી
  ૧૫) કબજા હકની રકમ નહીં ભરવાથી
- પડતર અરજીઓનો નિકાલ બનતી ત્વરાએ કરવામાં આવશે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### અમરેલી જિલ્લામાં દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના

* ૪૬૧૬ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પંડીત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં અમરેલી જિલ્લામાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૯૯ |
| (૨) તે પૈકી કેટલી લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી, અને | (૨) ૯૪ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩૧.૮૭ લાખ |

---------

### વડોદરા ખાતે સમરસ છાત્રાલય

* ૫૦૬૭ સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા ખાતે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સમરસ છાત્રાલય કેટલા વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૨૦૦૦ |
| (૨) આ સમરસ છાત્રાલય ક્યારે શરૂ કરવામાં આવેલ છે, અને | (૨) સપ્ટેમ્બર-૨૦૧૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ સમરસ છાત્રાલયમાં કઈ જાતિના વિદ્યાર્થીઓના પ્રવેશ આપવામાં આવેલ છે ? | (૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગ. |

---------

### દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ

* ૫૮૯૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિકલાંગોને વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેનારી યોજના અન્વયે દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર, કેટલા વિકલાંગોનો, કેટલી રકમનો વિમો ઉતારવામાં આવ્યો,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિકલાંગોને વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેનારી યોજના અન્વયે દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર નીચે મુજબ વિકલાંગોને આવરી લઈ રૂ.૧.૦૦ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વિમો ઉતારવામાં આવ્યો.

દાહોદઃ

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૦૧૭ |
|---|---|---|---|
| ૧ | દેવગઢબારીયા | ૮૫૭ | ૧૦૭૭ |
| ૨ | ધાનપુર | ૫૬૫ | ૭૩૪ |
| ૩ | દાહોદ | ૧૦૮૮ | ૧૩૬૬ |
| ૪ | ફતેપુરા | ૮૧૪ | ૯૭૩ |
| ૫ | ગરબાડા | ૮૪૫ | ૧૧૧૮ |
| ૬ | ઝાલોદ | ૧૧૩૫ | ૧૪૪૦ |
| ૭ | લીમખેડા | ૫૭૪ | ૬૮૪ |

| | કુલ | ૫૮૭૮ | ૭૩૯૨ |
|---|---|---|---|

છોટાઉદેપુરઃ

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૦૧૭ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૭૪ | ૨૮૫ |
| ૨ | કવાંટ | ૧૩૬ | ૨૧૮ |
| ૩ | પાવી જેતપુર | ૧૩૫ | ૨૨૪ |
| ૪ | નસવાડી | ૧૪૦ | ૨૨૩ |
| ૫ | સંખેડા | ૧૩૦ | ૨૨૩ |
| ૬ | બોડેલી | ૮૦ | ૧૪૦ |
| | કુલ | ૭૯૫ | ૧૩૧૩ |

(૨) તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનું પ્રિમિયમ સરકારે ભરેલ છે, અને

(૨) વિકલાંગ વ્યકિતોના કુટુંબીજનોને વિમા કવચ યોજના અન્વયે સરકારે છેલ્લા બે વર્ષમાં (તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬) ૩,૧૦,૦૦૦ વિકલાંગોને આવરી લઈ રૂ.૧૫,૦૦,૦૦૦ તથા (તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭) ૩,૧૦,૦૦૦ વિકલાંગોને આવરી લઈ રૂ.૧૫,૦૦,૦૦૦ નું પ્રિમીયમ સરકારે વિમા નિયામકશ્રીને ચૂકવેલ છે.

(૩) આ પ્રિમિયમ સરકારે કેટલા વર્ષ સુધી ભરવાનું રહે છે ?

(૩) આ પ્રિમીયમ સરકારે દરેક નાણાંકીય વર્ષમાં વિકલાંગ ઓળખકાર્ડની સંખ્યાના આધારે પ્રિમીયમની રકમ દર વર્ષે ભરવાની રહે છે.

---------

મોરબી અને માળિયા તાલુકામાં યાત્રાધામોનો સહાય

* ૫૫૯૧ શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) મોરબી અને માળિયા (મિયાણા) તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ક્યા ગામે કેટલા યાત્રાધામો આવેલા છે, અને

(૧) મોરબી અને માળિયા (મિયાણા) તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ નીચે મુજબના યાત્રાધામો આવેલા છે.

(૧) મોરબી તાલુકાના રફાળીયા ગામે શ્રી રફાળેશ્વર મહાદેવું મંદિર.
(૨) બેલાગામે શ્રી ખાખરા હનુમાનજીનું મંદિર.
(૩) નાની વાવડી ગામે શ્રી કબીર આશ્રમ.
(૪) મોરબી શહેરમાં શ્રી મણી મંદિર (વાઘ મહેલ) તથા શ્રી રામ મહેલ મંદિર.
(૫) ગાળા ગામમાં શ્રી રામજી મંદિર.
(૬) માળિયા (મિયાણા) તાલુકાના ખાખરેચી ગામે શ્રી જડેશ્વર મહાદેવ મંદિર.
(૭) વવાણીયા ગામે શ્રીમદ્દ રાજચંદ્ર જન્મ ભુવન.

(૨) આ યાત્રાધામો પૈકી ક્યા યાત્રાધામોને ઉકત સ્થિતિએ કેવા પ્રકારની કેટલી સહાય છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી છે ?

(૨) ઉકત યાત્રાધામો પૈકી મોરબી તાલુકાના મોરબી શહેરમાં આવેલ શ્રી રામમહેલ મંદિર માટે રૂપિયા ૯૯ લાખ તથા માળિયા (મિયાણા) તાલુકાના વવાણીયા ખાતે શ્રીમદ્દ રાજચંદ્ર જન્મ ભુવન ટ્રસ્ટને રૂપિયા ૪ (ચાર) કરોડની સહાય મંજૂર કરવામાં આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

---------

### રાજ્યમાં લઘુમતી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૩૨૦૧ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યમાં લઘુમતી વિદ્યાર્થીઓને પ્રિ–મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ માટે કેન્દ્ર સરકાર પાસે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટની દરખાસ્ત કે માંગણી કરેલ છે, | (૧) અને (૨) |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | |

રકમ રૂ.લાખમાં

| વર્ષ | કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માંગણીની રકમ | કેન્દ્ર સરકાર દ્વારા DBT સહિત ફાળવેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૪૬૨૬.૬૧ | ૪૬૦૭.૬૯ |
| ૨૦૧૭–૧૮ (ડીસે.અંતિત) | ૪૧૫૮.૮૬ | ૪૧૨૨.૦૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી ? | (૩) રકમ રૂ.લાખમાં |

| વર્ષ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૪૫૭૫.૧૬ | ૩૨.૫૩ |
| ૨૦૧૭–૧ (ડીસે.અંતિત) | ૪૧૦૦.૮૫ | ૨૧.૧૮ |

---------

### પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

* ૫૦૫૮ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૦૨૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૦૨૦ |
| (૩) તે અન્વયે કેટલી કન્યાઓને સાયકલ વિતરણ કરી? | (૩) ૭૩૧૯ |

---------

### ખેડા જિલ્લામાં શ્રમયોગીઓ/કર્મચારીઓને ચૂકવેલ બોનસ

* ૪૬૧૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૭માં ખેડા જિલ્લામાં શ્રમયોગીઓ/ કર્મચારીઓને ચૂકવાયેલ બોનસની કુલ રકમ કેટલી છે, અને | (૧) કુલ રૂ.૬.૬૨,૭૧,૫૦૧/– |
| (૨) કુલ કેટલા શ્રમયોગીઓ/કર્મચારીઓને બોનસની ચુકવણી કરવામાં આવી ? | (૨) કુલ રૂ.૬૬૦૬ શ્રમયોગીઓ. |

---------

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

બાળકો માટે મુનિ મેતરાજ શિષ્યવૃતિ યોજના

* ૫૮૭૪ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલી વ્યકિતઓનાં બાળકો માટે મુનિ મેતરાજ શિષ્યવૃત્તિ યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) ના. |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

---------

નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના

* ૫૦૫૫ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) મળેલ અરજીઓ–૧૭૬

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | તિલકવાડા | ૯૬ |
| ૨ | ગરૂડેશ્વર | ૧ |
| ૩ | નાંદોદ | ૪૦ |
| ૪ | દેડીયાપાડા | ૧૦ |
| ૫ | સાગબારા | ૨૯ |
| | કુલ | ૧૭૬ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ–૧૫૫
નામંજુર અરજીઓ–૨૧

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | તિલકવાડા | ૯૨ | ૪ |
| ૨ | ગરૂડેશ્વર | ૧ | ૦ |
| ૩ | નાંદોદ | ૨૯ | ૧૧ |
| ૪ | દેડીયાપાડા | ૧૦ | ૦ |
| ૫ | સાગબારા | ૨૩ | ૬ |
| | કુલ | ૧૫૫ | ૨૧ |

(૩) ઉકત અરજીઓ નામંજુર થવાના કારણો શું છે ?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત આવક કરતાં આવક વધુ હોવાથી | ૦૮ |
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૧૧ |
| ઉંમર ઓછી હોવાથી | ૦૨ |
| કુલ | ૨૧ |

---------

અમદાવાદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના

* ૪૬૪૫ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૧૧ |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૨૩ |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? (૩) રૂ.૧,૦૮,૦૦૦/-

---------

નવા સર્વેયરોની જગ્યાઓ

* ૫૯૨૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં નવા સર્વેયરોની કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૨) તે પૈકી અનામતની કેટેગરી પ્રમાણે કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં નવા સર્વેયરોની ભરતી કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૭-૧૮ માં ૫૫૯ નવા સર્વેયરોની જગ્યાઓ ભરવામાં આવી.

(૨) તે પૈકી અનામતની કેટેગરી પ્રમાણે નીચે મુજબ જગ્યાઓ ભરવામાં આવી.

| ક્રમ | કેટેગરી-વર્ગ | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ વર્ગ | ૨૪ | ૦૭ | ૩૧ |
| ૨ | અનુસૂચિત જનજાતિ વર્ગ | ૬૧ | ૧૭ | ૭૮ |
| ૩ | સામાજીક શૈક્ષણિક રીતે પછાતવર્ગ | ૭૩ | ૦૭ | ૮૦ |

---------

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને ટેબલેટ સહાય યોજના

* ૫૦૬૩ શ્રી પૂર્ણેષ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની રાજ્યમાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીને ટેબલેટ સહાય આપવાની યોજના અમલમાં છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી ટેબલેટ સહાય આપવામાં આવે છે?

જવાબ

(૧) હા

(૨) વધુમાં વધુ રૂ. ૯૦૦૦/- અથવા ટેબલેટની કિંમત બે પૈકી જે કિંમત ઓછી હોય તે.

---------

તાપી અને પાટણ જિલ્લામાં જમીન માપણી રી-સર્વે

* ૫૯૦૯ શ્રી સુનિલભાઈ ગામીત (નિઝર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ તાપી અને પાટણ જિલ્લામાં જમીન માપણી રી-સર્વેની કામગીરી જિલ્લાવાર કયા તાલુકામાં ચાલુ છે અને કયા તાલુકામાં પૂર્ણ થઇ છે,

(૨) આ કામ કઇ એજન્સીને સોંપવામાં આવેલ છે અને કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લાના તમામ ૭ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે અને રી સર્વેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા,

પાટણ જિલ્લાના તમામ ૯ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે અને રી સર્વેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) આ કામ તાપી જિલ્લામાં વાપ્કોસ લિ., ન્યુ દિલ્હી એજન્સીને સોંપવામાં આવેલ છે જેની પાછળ ખર્ચનો અંદાજ રૂ. ૩,૭૬,૯૬,૯૭૬/- છે તથા પાટણ જિલ્લામાં ઈ સેન્ટ્રીક સોલ્યુસન પ્રા.લિ. હૈદ્રાબાદ એજન્સીને સોંપવામાં આવેલ છે જેની પાછળ ખર્ચનો અંદાજ રૂ. ૭,૯૧,૨૫,૦૦૦/- છે.

(૩) ઉક્ત બાકી તાલુકાઓમાં કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે?

(૩) ઉક્ત તાપી અને પાટણ જિલ્લાઓના તમામ તાલુકાઓમાં માપણી કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકી રી સર્વેની કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

---------

બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના

* ૪૬૫૧ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી? | (૧) ૯૪૩ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૦૦ |
| (૩) તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) કુલ ૯૦૦ લાભાર્થીઓને રૂ. ૨૯,૩૧,૦૦૦/– (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ એકત્રીસ હજાર પુરા)ની રકમ ચુકવવામાં આવી. |

---------

પાટણ જિલ્લામાં પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના

* ૪૬૧૫ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં પાટણ જિલ્લામાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૪૩૧ |
| (૨) તે પૈકી કેટલી લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૪૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૨.૮૮ લાખ |

---------

પાટણ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના

* ૪૬૧૦ શ્રી પ્રદિપભાઇ પરમાર (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) મળેલ કુલ અરજીઃ–૩૬૮

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાટણ | ૧૨૭ |
| ૨ | સિધ્ધપુર | ૯૦ |
| ૩ | ચાણસ્મા | ૫૮ |
| ૪ | હારીજ | ૬ |
| ૫ | સમી | ૦ |
| ૬ | રાધનપુર | ૦ |
| ૭ | સાંતલપુર | ૧૨ |
| ૮ | સરસ્વતી | ૫૧ |
| ૯ | શંખેશ્વર | ૨૪ |
| કુલ | | ૩૬૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી,

(૨) મંજુર અરજીઓ–૨૭૩

કેટલી નામંજુર કરી, અને

નામંજુર અરજીઓ-૯૦

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૮૬ | ૪૧ |
| ૨ | સિદ્ધપુર | ૮૦ | ૧૦ |
| ૩ | ચાણસ્મા | ૫૫ | ૩ |
| ૪ | હારીજ | ૨ | ૪ |
| ૫ | સમી | ૦ | ૦ |
| ૬ | રાધનપુર | ૦ | ૦ |
| ૭ | સાંતલપુર | ૦ | ૭ |
| ૮ | સરસ્વતી | ૩૦ | ૨૧ |
| ૯ | શંખેશ્વર | ૨૦ | ૪ |
| | | ૨૭૩ | ૯૦ |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૫૨ |
| ઉંમર ઓછી હોવાથી | ૩૩ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૪ |
| અવસાન થવાથી | ૦૧ |
| કુલ | ૯૦ |

---------

ખેડા અને નર્મદા જિલ્લામાં બોર બનાવવા જમીન

* ૫૮૮૪ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર બોર કે કુવા બનાવવા માટે બે ગુંઠા જમીન મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે અને પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

જવાબ

(૧) ખેડા અને નર્મદા જિલ્લામાં એક પણ અરજી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ ખાતે સમરસ છાત્રાલય

* ૫૦૬૪ શ્રી સુરેશભાઇ પટેલ (મણિનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ ખાતે સમરસ છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ સમરસ છાત્રાલય ક્યારે શરૂ કરવામાં આવ્યુ છે?

જવાબ

(૧) ૨૦૦૦

(૨) સપ્ટેમ્બર-૨૦૧૬

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

દાહોદ જિલ્લામાં તાલુકાવાર વારસાઇ હક્કોની અરજીઓ બાબત

* ૫૦૬૧ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ફતેપુરા | ૧૦૯૨ |
| ઝાલોદ | ૧૫૬૬ |
| લીમખેડા | ૪૬૦ |
| દાહોદ | ૧૪૫૧ |
| ગરબાડા | ૮૦૩ |
| દેવગઢ બારીયા | ૭૧૨ |
| ધાનપુર | ૬૨૬ |
| સંજેલી | ૧૧૩૯ |
| સીંગવડ | ૧૪ |
| કુલ | ૭૮૬૩ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| ફતેપુરા | ૧૦૯૨ | ૧૦૬૯ | ૨૩ |
| ઝાલોદ | ૧૫૬૬ | ૧૫૪૨ | ૨૪ |
| લીમખેડા | ૪૬૦ | ૪૨૦ | ૪૦ |
| દાહોદ | ૧૪૫૧ | ૧૪૧૮ | ૩૩ |
| ગરબાડા | ૮૦૩ | ૭૭૫ | ૧૫ |
| દેવગઢ બારીયા | ૭૧૨ | ૬૫૭ | ૫૫ |
| ધાનપુર | ૬૨૫ | ૪૮૫ | ૧૩૭ |
| સંજેલી | ૧૧૩૯ | ૧૦૮૧ | ૫૦ |
| સીંગવડ | ૧૪ | ૯ | ૨ |
| કુલ | ૭૮૬૨ | ૭૪૫૬ | ૩૭૯ |

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શા છે?

(૩) ના મંજુર થવાના કારણોઃ–

૧. પુરતા પુરાવા રજુ ન કરવા.
૨. ૧૩૫–ડીની નોટીસમાં તમામ ભાગીદારોની સહી ન હોવી.
૩. પુરાવા સુસંગત ન હોવા.
૪. મરણનું પ્રમાણપત્ર રજુ ન કરવું.
૫. પેઢીનામું સુસંગત ન હોવું.
૬. પુરતા સાધનિક કાગળો ન હોવા.
૭. વારસદારોમાં સ્ત્રી વારસદારોનો સમાવેશ ન થવાને કારણે.
૮. મરણ પ્રમાણપત્રમાં નામ અને અટકમાં ફેરફાર હોવો.
૯. વિધવા પત્નીનો ઉલ્લેખ ન હોવો.
૧૦.અરજીમાં દર્શાવેલ ખાતા નં. માં ભુલ હોવાના કારણે.

---------

રાજ્યમાં કાર્યરત આદર્શ નિવાસી શાળાઓ

* ૫૩૪૨ શ્રી વિ.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં વિકસતી જાતિની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૧) ૩૩

(૨) તે પૈકી કન્યાઓ માટે કેટલી છે અને કુમાર માટે કેટલી છે?

(૨)

| કન્યાઓ માટે | કુમાર માટે |
|---|---|
| ૦૭ | ૨૬ |

---------

બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ

* ૫૭૮૧ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૧) કુલ રૂ. ૧૮૪૪.૬૧ કરોડ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | બનાસકાંઠા | ડાંગ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧.૯૪ | ૦.૦૬ |
| ૨૦૧૭ | ૨.૭૮ | ૦.૩૨ |

---------

સાબરકાંઠા જિલ્લામાં હક્કપત્રક નોંધો

* ૪૬૩૩ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મહેમૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૧) ૩૫૦૪

(૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

(૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

---------

ખેડા અને આણંદ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો

* ૫૮૮૧ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો છે,

(૧) ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્ર આવેલ નથી.

(૨) તે પૈકી કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો બંધ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કામદાર કલ્યાણ કેન્દ્રવાર કેટલી રકમ ક્યા હેતુ માટે ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વડોદરા જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

* ૫૩૨૨ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી,

(૧) ૧,૧૬,૯૨૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧,૧૫,૮૬૬

(૩) કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી?

(૩) રૂ. ૬,૪૫,૭૧,૮૦૦/–

---------

### રાજકોટ અને પોરબંદર જિલ્લામાં બોર બનાવવા જમીન

* ૫૮૩૦ શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર બોર કે કુવા બનાવવા માટે બે ગુંઠા જમીન મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૧) તથા (૨)

રાજકોટ

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | ૩૩૯ | ૧૬૧ | ૮૬ | ૯૨ |
| ૨૦૧૭ | ૧૭૪ | ૭૨ | ૫૩ | ૪૯ |

પોરબંદર

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૨૦૧૬ | ૨૧ | ૧૧ | ૯ | ૧ |
(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) ૩૧

(૨) ૩૦

(૩) રૂ. ૧૫,૦૦,૦૦૦/–

---------

### દાહોદ જિલ્લામાં વારસાઇ હકકની અરજીઓ

* ૫૪૦૬ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હકક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ફતેપુરા | ૧૦૯૨ |
| ઝાલોદ | ૧૫૬૬ |
| લીમખેડા | ૪૬૦ |
| દાહોદ | ૧૪૫૧ |
| ગરબાડા | ૮૦૩ |
| દેવગઢ બારીયા | ૭૧૨ |
| ધાનપુર | ૬૨૬ |
| સંજેલી | ૧૧૩૯ |
| સીંગવડ | ૧૪ |
| કુલ | ૭૮૬૩ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| ફતેપુરા | ૧૦૯૨ | ૧૦૬૯ | ૨૩ |
| ઝાલોદ | ૧૫૬૬ | ૧૫૪૨ | ૨૪ |
| લીમખેડા | ૪૬૦ | ૪૨૦ | ૪૦ |
| દાહોદ | ૧૪૫૧ | ૧૪૧૮ | ૩૩ |
| ગરબાડા | ૮૦૩ | ૭૭૫ | ૧૫ |
| દેવગઢ બારીયા | ૭૧૨ | ૬૫૭ | ૫૫ |
| ધાનપુર | ૬૨૫ | ૪૮૫ | ૧૩૭ |
| સંજેલી | ૧૧૩૯ | ૧૦૮૧ | ૫૦ |
| સીંગવડ | ૧૪ | ૯ | ૨ |
| કુલ | ૭૮૬૨ | ૭૪૫૬ | ૩૭૯ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩) ના મંજુર થવાના કારણોઃ–

૧. પુરતા પુરાવા રજુ ન કરવા
૨. ૧૩૫–ડી ની નોટીસમાં તમામ ભાગીદારોની સહી ન હોવી
૩. પુરાવા સુંસગત ન હોવા
૪. મરણનું પ્રમાણપત્ર રજુ ન કરવું.
૫. પેઢીનામું સુંસગત ન હોવુ.
૬. પુરતા સાધનિક કાગળો ન હોવા.
૭. વારસદારોમાં સ્ત્રી વારસદારોનો સમાવેશ ન થવાને કારણે.
૮. મરણ પ્રમાણપત્રમાં નામ અને અટકમાં ફેરફાર હોવો
૯. વિધવા પત્નીનો ઉલ્લેખ ન હોવો.
૧૦. અરજીમાં દર્શાવેલ ખાતા નં. માં ભુલ હોવાના કારણે.

---------

મહેસાણા જિલ્લામાં વારસાઇ હકકની અરજીઓ

* ૫૪૦૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વરસાઇ હકક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ |
|---|---|
| મહેસાણા | ૨૬૦૭ |
| કડી | ૧૯૮૫ |
| વિજાપુર | ૧૯૧૩ |
| વિસનગર | ૧૯૦૫ |

| | |
|---|---|
| ઉંઝા | ૧૩૮૨ |
| બેચરાજી | ૭૫૧ |
| સતલાસણા | ૯૮૪ |
| ખેરાલુ | ૭૯૭ |
| વડનગર | ૧૦૨૭ |
| જોટાણા | ૫૯૧ |
| કુલ | ૧૩૯૪૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| મહેસાણા | ૨૬૦૭ | ૨૫૦૧ | ૩૩ |
| કડી | ૧૯૮૫ | ૧૮૯૧ | ૬૪ |
| વિજાપુર | ૧૯૧૩ | ૧૮૧૭ | ૨૧ |
| વિસનગર | ૧૯૦૫ | ૧૭૯૮ | ૨૫ |
| ઉંઝા | ૧૩૮૨ | ૧૩૪૧ | ૧૮ |
| બેચરાજી | ૭૫૧ | ૭૧૯ | ૧૭ |
| સતલાસણા | ૯૮૪ | ૯૨૭ | ૪૩ |
| ખેરાલુ | ૭૯૭ | ૭૬૫ | ૨૩ |
| વડનગર | ૧૦૨૭ | ૯૬૪ | ૨૨ |
| જોટાણા | ૫૯૧ | ૫૬૬ | ૧૮ |
| કુલ | ૧૩૯૪૨ | ૧૩૨૮૯ | ૨૮૪ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે?

(૩)
૧. પેઢીનામું કે મરણના દાખલા રજુ ન થવાથી.
૨. દાખલ થતા વારસો સીધી લીટીના ન હોવાથી.
૩. પેઢીનામામાં તમામ વારસો દર્શાવેલ ન હોવાથી.
૪. મરણના દાખલા મુજબનું નામ ૭/૧૨ ના નામ સાથે સુસંગત ન હોવાથી
૫. આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી.
૬. વારસાઇ હક્કની વિગત સુનિશ્વિત થતી ન હોવાથી
૭. કોર્ટમાંથી વારસો અંગેનુ પ્રોબેટ રજુ થયેલ ન હોવાથી
૮. અરજદારશ્રી તરફથી મરણના દાખલા રજુ થયેલ ન હોવાથી.

---------

## ખેડા અને વલસાડ જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ

* ૫૮૮૩ શ્રી કાંતિભાઇ પરમાર (ઠાસરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેનારી યોજના અન્વયે ખેડા અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર, કેટલા વિકલાંગોનો, કેટલી રકમનો વીમો ઉતારવામાં આવ્યો,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેનારી યોજના અન્વયે ખેડા અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર નીચે મુજબ વિકલાંગોને આવરી લઇ રૂ. ૧.૦૦ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો ઉતારવામાં આવ્યો.

ખેડા

| નં. | તાલુકાનુ નામ | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ |
|---|---|---|---|
| ૧ | કપડવંજ | ૨૩૩૬ | ૨૬૨૬ |
| ૨ | કઠલાલ | ૧૪૩૧ | ૧૬૦૩ |
| ૩ | ખેડા | ૪૯૫ | ૫૭૪ |
| ૪ | મહુધા | ૧૦૪૫ | ૧૧૭૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | માતર | ૧૦૪૬ | ૧૧૮૮ |
| ૬ | મહેમદાવાદ | ૧૬૪૦ | ૧૮૫૮ |
| ૭ | નડીયાદ | ૩૪૮૫ | ૩૯૭૭ |
| ૮ | ઠાસરા | ૧૬૬૧ | ૧૮૯૫ |
| ૯ | વસો | ૭૧૯ | ૭૭૦ |
| ૧૦ | ગળતેશ્વર | ૪૦૦ | ૪૩૬ |
| | કુલ | ૧૪૨૫૮ | ૧૬૦૯૮ |

વલસાડ

| નં. | તાલુકાનુ નામ | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ |
|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૯૭૩ | ૧૦૫૯ |
| ૨ | કપરાડા | ૬૫૬ | ૭૧૨ |
| ૩ | પારડી/વાપી | ૧૦૨૬ | ૧૧૫૧ |
| ૪ | ઉંમરગામ | ૭૪૮ | ૮૨૬ |
| ૫ | વલસાડ | ૧૭૮૨ | ૧૮૯૧ |
| | કુલ | ૫૧૮૫ | ૫૬૪૩ |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનું પ્રિમિયમ સરકારે ભરેલ છે, અને

(૨) વિકલાંગ વ્યક્તિઓના કુટુબીજનોને વીમા કવચ યોજના અન્વયે સરકારે છેલ્લા બે વર્ષમાં (તા ૧-૧-૧૬ થી તા. ૩૧-૧૨-૧૬) ૩,૧૦,૦૦૦ વિકલાંગોને આવરી લઇ રૂ.૧૫,૦૦,૦૦૦ તથા (તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭) ૩,૧૦,૦૦૦ વિકલાંગોને આવરી લઇ રૂ. ૧૫,૦૦,૦૦૦નું પ્રિમીયમ સરકારે વીમા નિયામકશ્રીને ચુકવેલ છે.

(૩) આ પ્રિમિયમ સરકારે કેટલા વર્ષ સુધી ભરવાનું રહે છે?

(૩) આ પ્રિમીયમ સરકારે દરેક નાણાંકીય વર્ષમાં વિકલાંગ ઓળખકાર્ડની સંખ્યાના આધારે પ્રિમીયમની રકમ દર વર્ષે ભરવાની રહે છે.

---------

રાજકોટ ખાતે સરકારી છાત્રાલયોનું બાંધકામ

* ૫૮૩૨ શ્રી લલીતભાઇ વસોયા (ધોરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસુચિત જાતિના વિધાર્થીઓ અને વિધાર્થીનીઓ માટે રાજકોટ ખાતે સરકારી છાત્રાલયોનુ બાંધકામ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ, અને | (૧) ના. |
| (૨) જો હા, તો ક્યારે કેટલી રકમ મળેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગાંધીનગર જિલ્લામાં જમીનમાં એન.એ.ના કેસોની અરજીઓ

* ૫૪૩૧ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીનના એન.એ.ના કેસોની કેટલી અરજીઓ આવી, અને | (૧) ૧૦૮૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? | (૨) ૧૯. |

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના

* ૫૩૬૫ શ્રી ધનજીભાઇ પટેલ (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૭૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૭,૩૦,૦૦૦/–. |

---------

રાજ્યમાં કાર્યરત આદર્શ નિવાસી શાળાઓ

* ૫૩૪૩ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં વિકસતી જાતિની કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) ૩૩ |
| (૨) તે પૈકી કન્યાઓ માટે કેટલી છે અને કુમાર માટે કેટલી છે? | (૨) |

| કન્યાઓ માટે | કુમાર માટે |
|---|---|
| ૦૭ | ૨૬ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ગોચર જમીન ફાળવણી

* ૫૫૮૬ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોચરની જમીનની ફાળવણી અંગેના તા.૦૧/૦૪/૨૦૧૫ ના ઠરાવથી બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૬ અને ૨૦૧૭ ના વર્ષમાં કેટલી ગૌચર જમીન કયા કયા ઉધોગગૃહોને ફાળવવામાં આવી, | (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૬ અને ૨૦૧૭ ના વર્ષમાં કોઇ ઉધોગગૃહોને ગૌચરની જમીન ફાળવવામાં આવેલ નથી. |
| (૨) રાજ્ય સરકારે પ્રસિધ્ધ કરેલી ગૌચર નીતિની વિરુધ્ધ ઉધોગગૃહોને ગૌચરની જમીન ફાળવવાના શા કારણો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ગામોમાં ગૌચરની જમીન ઉધોગગૃહોને ફાળવવામાં આવી છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ગૌચરની જમીન ગેરકાનુની રીતે ફાળવનાર સામે શા પગલા લેવાયા અને, | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ઉક્ત બાબતે ગૌચરના વિકલ્પમાં કેટલા ગામોને કેટલી જમીન ફાળવવામાં આવી? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ

* ૫૮૧૦ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૧) કુલ રૂ. ૧૮૪૪.૬૧ કરોડ

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | અમદાવાદ | છોટાઉદેપુર |
|---|---|---|
| ૨૦૧૬ | ૭.૩૩ | ૦.૨૨ |
| ૨૦૧૭ | ૧૧.૨૮ | ૦.૯૬ |

---------

### પાટણ જિલ્લામાં જમીનના કબ્જેદારોને રીગ્રાન્ટ

* ૫૪૨૭ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

પાટણ જિલ્લામાં ચાકરીયાત પસાયતા ધોરણે જમીન ધરાવતા કબ્જેદારોને છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલા ઇસમોને કેટલી જમીન રીગ્રાન્ટ કરવામાં આવી છે?

જવાબ

છેલ્લા બે વર્ષમાં કુલ ૪ ઇસમોને ૧૨૫૯૫૨ ચો.મી. જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે.

---------

### ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં પડતર જમીનની ફાળવણી

* ૫૪૪૩ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકો સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| | |
|---|---|
| ભાવનગર | ના,જી |
| સુરેન્દ્રનગર | હા,જી |

(૨)

| જિલ્લો | કુલ ફાળવેલ જમીન |
|---|---|
| ભાવનગર | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| સુરેન્દ્રનગર | ૧૪૭૦૦ ચો.મી. |

---------

### દાહોદ અને ડાંગ જીલ્લામાં જમીન માપણી રી–સર્વે

* ૫૮૯૦ શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને ડાંગ જિલ્લામાં જમીન માપણી રી–સર્વેની કામગીરી જિલ્લાવાર કયા તાલુકામાં ચાલુ છે અને કયા તાલુકામાં પૂર્ણ થઇ છે,

(૨) આ કામ કઇ એજન્સીને સોંપવામાં આવેલ છે અને કામગીરી પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તમામ ૮ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. રી સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.અને

ડાંગ જિલ્લામાં તમામ ૩ તાલુકામાં ખેતીની જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. રી સરવેમાં રેકર્ડ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) આ કામ દાહોદ જિલ્લામાં ઇ આઇ ટેકનોલોજીસ, પ્રા.લી. બેંગલોરને સોંપવામાં આવેલ છે જેની પાછળ રૂ. ૪,૬૯,૨૭,૪૧૩/-ના ખર્ચનો અંદાજ છે. અને

ડાંગ જિલ્લામાં આઇ. આઇ. સી. ટેકનોલોજીસ લી., હૈદરાબાદને સોંપવામાં આવેલ છે જેની પાછળ

(૩) ઉક્ત બાકી તાલુકાઓમાં આ કામગીરી ક્યારે શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે?

રૂ. ૧,૧૩,૮૩,૮૨૧/-ના ખર્ચનો અંદાજ છે.

(૩) ઉક્ત દાહોદ અને ડાંગ જિલ્લાઓના તમામ તાલુકાઓમાં માપણી કામગીરી પૂર્ણ થયેલ છે. અને બાકી બન્ને જીલ્લામાં રી સરવેની કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રોની નોંધો

* ૫૪૧૪ શ્રી કેતનભાઈ ઈમાનદાર : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૧૦૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

ભરૂચ જીલ્લામાં સત્યવાદી હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના

* ૫૩૭૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં સત્યવાદી હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૮ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૫૩ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨,૬૫,૦૦૦/- |

---------

પંચમહાલ જિલ્લામાં આશ્રમશાળાઓ

* ૪૨૦૯ શ્રી જેઠાભાઈ આહીર (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની છાત્રાલયો અને આશ્રમશાળાઓ કેટલી અને કયા ટ્રસ્ટો દ્વારા ચાલે છે, | (૧), (૨) અને (૩) : પત્રક-૧ મુજબ |
| (૨) તે પૈકી ઉક્ત છાત્રાલયો/આશ્રમશાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓ માટે મંજૂરી મળેલ હતી અને ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓ વસવાટ કરી રહ્યા છે, | |
| (૩) આવી છાત્રાલય અને આશ્રમશાળાઓમાં છેલ્લા એક વર્ષમાં કેટલીવાર કઈ કઈ જગ્યાએ કયા અધિકારી દ્વારા તપાસ થઈ, અને | |
| (૪) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા પ્રકારની ક્ષતિઓ જણાઈ અને ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી ? | (૪) ક્ષતિઓ :<br>(૧) માન્ય સંખ્યા સામે ઓછી હાજરી<br>(૨) માન્ય સંખ્યા કરતાં દાખલ સંખ્યા ઓછી હોવી<br>(૩) ભૌતિક સુવિધાઓ અપુરતી હોવી. |

અતારાંકિત પ્રશ્નો

કાર્યવાહી :

ક્ષતિ મુજબ જે તે સંસ્થાને કારણદર્શક નોટીસ આપી કાર્યવાહી હાથ ધરેલ છે.

*(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે જમીન ફાળવણી

* ૫૪૪૧ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જીલ્લામાં કેટલી નવી પ્રાથમિક શાળા માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | શૂન્ય |

---------

સાબરકાંઠા જિલ્લામાં જમીનોની તબદીલ

* ૫૪૩૪ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી જમીનો ખેતીમાંથી બિનખેતીમાં તબદીલ કરવામાં આવી,

(૧) ૧૮૧૪૨૦૨.૩૭૩ ચો.મી.

(૨) તે માટે કુલ કેટલી અરજીઓ મળી હતી અને તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી અને કેટલી પડતર છે, અને

(૨)

| | |
|---|---|
| મળેલ અરજીઓ | ૨૮૧ |
| મંજુર અરજીઓ | ૨૨૬ |
| નામંજુર અરજીઓ | ૨૮ |
| પડતર અરજીઓ | ૨૭ |

(૩) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) સંબંધિત કિસ્સામાં કાર્યવાહી ચાલુમાં હોઈ તેમજ અરજીની મુદત પુર્ણ થયેલ ન હોઈ પડતર રહેલ છે. જે સમયમર્યાદામાં નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

---------

દાહોદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૫૪૦૫ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ફતેપુરા | ૧૦૯૨ |
| ઝાલોદ | ૧૫૬૬ |
| લીમખેડા | ૪૬૦ |
| દાહોદ | ૧૪૫૧ |
| ગરબાડા | ૮૦૩ |
| દેવગઢ બારીયા | ૭૧૨ |
| ધાનપુર | ૬૨૬ |
| સંજેલી | ૧૧૩૯ |
| સીંગવડ | ૧૪ |
| કુલ | ૭૮૬૩ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | મંજુર | નામંજુર |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ફતેપુરા | ૧૦૯૨ | ૧૦૬૯ | ૨૩ |
| ઝાલોદ | ૧૫૬૬ | ૧૫૪૨ | ૨૪ |
| લીમખેડા | ૪૬૦ | ૪૨૦ | ૪૦ |
| દાહોદ | ૧૪૫૧ | ૧૪૧૮ | ૩૩ |
| ગરબાડા | ૮૦૩ | ૭૭૫ | ૧૫ |
| દેવગઢ બારીયા | ૭૧૨ | ૬૫૭ | ૫૫ |
| ધાનપુર | ૬૨૫ | ૪૮૫ | ૧૩૭ |
| સંજેલી | ૧૧૩૯ | ૧૦૮૧ | ૫૦ |
| સીંગવડ | ૧૪ | ૯ | ૨ |
| કુલ | ૭૮૬૨ | ૭૪૫૬ | ૩૭૯ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નામંજુર થવાના કારણો :–

૧. પુરતા પુરાવા રજુ ન કરવા.
૨. ૧૩૫–ડી ની નોટીસમાં તમામ ભાગીદારોની સહી ન હોવી.
૩. પુરાવા સુસંગત ન હોવા.
૪. મરણનું પ્રમાણપત્ર રજુ ન કરવું.
૫. પેઢીનામું સુસંગત ન હોવું.
૬. પુરતા સાધનિક કાગળો ન હોવા.
૭. વારસદારોમાં સ્ત્રી વારસદારોનો સમાવેશ ન થવાને કારણે.
૮. મરણ પ્રમાણપત્રમાં નામ અને અટકમાં ફેરફાર હોવો.
૯. વિધવા પત્નીનો ઉલ્લેખ ન હોવો.
૧૦. અરજીમાં દર્શાવેલ ખાતા નં. માં ભુલ હોવાના કારણે.

---------

## અરવલ્લી અને દાહોદ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ

* ૫૭૯૬ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજુરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર બાંધકામ મજુરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) કુલ રૂ.૧૮૪૪.૬૧ કરોડ.

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | અરવલ્લી | દાહોદ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧.૨૪ | ૧.૧૦ |
| ૨૦૧૭ | ૦.૭૬ | ૧.૫૭ |

---------

## ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળ જમીનની કિંમત

* ૫૩૯૭ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) ૩૯૩– કેસો

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? (૨) ૧૩૮૮– કેસો

---------

પાટણ જિલ્લામાં જમીનના કબ્જેદારોને રીગ્રાન્ટ

* ૫૪૨૬ શ્રીમતી માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાટણ જિલ્લામાં ચાકરીયાત પસાયતા ધોરણે જમીન ધરાવતા કબ્જેદારોને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા ઈસમોને કેટલી જમીન રીગ્રાન્ટ કરવામાં આવી છે ? | છેલ્લા બે વર્ષમાં કુલ ૪ ઈસમોને ૧૨૫૫૨ ચો.મી. જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે. |

---------

ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટે બજેટની ફાળવણી

* ૫૮૭૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય ડીઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટે બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવી હતી, | (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૧૫૬૬૬.૮૯ લાખ અને વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ. ૯૫૬૦.૦૦ લાખ |
| (૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને | (૨) વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૧૦૫૮૮.૮૯ લાખ અને વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ. ૧૫૦૪૬.૦૦ લાખનો ખર્ચ કરેલ છે. વર્ષ ૨૦૧૫–૧૬માં વણવપરાયેલ રકમ રૂ. ૫૦૭૮.૦૦ લાખ હતી. |
| (૩) રકમ વણવપરાયેલ રહેવાના કારણો શું ? | (૩) વિશ્વ બેંક દ્વારા ડીઝાઈન ફાઈનલ કરવાની મંજુરી વર્ષ ૨૦૧૬–૧૭માં મળી. આથી, ખર્ચ કરી શકાયેલ નથી. |

---------

રાજકોટ જીલ્લામાં હક્ક પત્રોની નોંધો

* ૫૪૨૦ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નાંધો નિકાલ બાકી છે, અને | (૧) ૫૭૮૭ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

રાજ્યમાં કાર્યરત વિકસતી જાતિના સરકારી છાત્રાલયો

* ૫૩૪૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૬૩ |
| (૨) તે પૈકી કન્યાઓ માટે કેટલા છે અને કુમાર કેટલા છે ? | (૨) કન્યાઓ માટે – ૨૧<br>કુમાર માટે – ૪૨ |

---------

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં પડતર જમીનમાં દબાણ

* ૫૪૪૪ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પડતર જમીનમાં દબાણ થયેલ છે, અને | (૧) હે. ૨૦૭–૯૮.૯૩ ઓ.મી. |
| (૨) ઉક્ત સ્થિતિએ દબાણકારો સામે શું પગલાં લીધા ? | (૨) દબાણકારો સામે જમીન મહેસુલી કાયદાની કલમ–૬૧, ૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. તથા ૨૮ દબાણ દૂર કરવામાં આવેલ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળાને જમીન ફાળવણી

* ૫૪૪૨ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી નવી પ્રાથમિક શાળા માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | શૂન્ય. |

---------

### ગાંધીનગર જિલ્લામાં છાત્રાલયોની સંખ્યા

* ૫૩૭૯ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ચાલે છે, | (૧)<br>સરકારી છાત્રાલય – ૦૨<br>ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય – ૪૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં આવેલ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨)<br>સરકારી છાત્રાલય – ૨૪૫<br>ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય – ૧૭૪૯ |
| (૩) વર્ષ ૨૦૧૭–૧૮ માં ઉક્ત સ્થિતિએ છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩)<br>સરકારી છાત્રાલય – ૨૩૯<br>ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય – ૧૬૯૦ |
| (૪) ઉક્ત સ્થિતિએ છાત્રાલયમાં શું શું સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમત–ગમતના સાધનો, બુકબેંક પુસ્તકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

---------

### જામનગર જિલ્લામાં પાણી પુરવઠા સંપ માટે જમીન ફાળવણી

* ૫૪૩૭ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નવા પાણી પુરવઠાના સંપ માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નવા પાણી પુરવઠાના સંપ માટે કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |

---------

### રાજ્યમાં કાર્યરત વિકસતી જાતિના સરકારી છાત્રાલયો

* ૫૩૪૫ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગુજરાત | (૧) ૬૩. |

| | |
|---|---|
| રાજ્યમાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | |
| (૨) તે પૈકી કન્યાઓ માટે કેટલા છે અને કુમાર માટે કેટલા છે ? | (૨) કન્યાઓ માટે – ૨૧<br>કુમાર માટે – ૪૨. |

---------

રાજ્યમાં ફૂડબીલ સહાય યોજના

* ૫૩૮૩ શ્રી પિયુષભાઈ દેસાઇ (નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહી પોસ્ટમેટ્રીક અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફૂડબીલ સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે, અને | (૧) હા. |
| (૨) જો અમલમાં હોય તો તેમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ક્યા વર્ષમાં ફૂડબીલ સહાયમાં વધારો કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં માસિક રૂ.૧૦૦૦/– માં રૂ.૨૦૦/– નો વધારો કરી રૂ.૧૨૦૦/– કરવામાં આવેલ છે. |

---------

સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો

* ૫૮૨૩ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા કામદાર કલ્યાણ કેન્દ્રો છે, | (૧) જિલ્લા – કેન્દ્ર<br>સુરેન્દ્રનગર – ૨<br>દાહોદ – ૦ |
| (૨) તે પૈકી કેટલા કામદારા કલ્યાણ કેન્દ્રો બંધ છે, અને | (૨) કોઇ કેન્દ્ર બંધ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કામદાર કલ્યાણ કેન્દ્રવાર કેટલી રકમ ક્યાં હેતુ મતે ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ઉક્ત બંને જિલ્લાઓ પૈકીના સુરેન્દ્રનગર ખાતેનાં કાર્યરત બે કેન્દ્રો ખાતે વર્ષવાર નીચે મુજબના હેતુસર ખર્ચ થવા પામેલ છે. |

કેન્દ્ર–ધ્રાંગધ્રા

| હેતુ | ખર્ચનો સમયગાળો (રકમ રૂ.માં) | |
|---|---|---|
| | ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ | ૧–૧–૧૭ થી ૩૧–૧૨–૧૭ |
| વીજળી | ૧૫૭૯.૦૦ | ૩૩૯૮.૦૦ |
| ટેલિફોન | ૧૫૭૨.૦૦ | ૮૩૨.૦૦ |
| પરચૂરણ | ૩૦૪૧.૦૦ | ૭૫૩૦.૦૦ |
| કુલ | ૬૧૯૨.૦૦ | ૧૧૭૬૦.૦૦ |

કેન્દ્ર–સુરેન્દ્રનગર–૧

| હેતુ | ખર્ચનો સમયગાળો (રકમ રૂ.માં) | |
|---|---|---|
| | ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૧૬ | ૧–૧–૧૭ થી ૩૧–૧૨–૧૭ |
| વીજળી | ૧૦૮૦.૦૦ | ૩૪૪૦.૦૦ |
| ટેલિફોન | ૦.૦૦ | ૦.૦૦ |
| પરચૂરણ | ૦.૦૦ | ૧૩૦૬.૦૦ |
| કુલ | ૧૦૮૦.૦૦ | ૪૭૪૬.૦૦ |

---------

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર જિલ્લામાં જમીનમાં એન.એ. ના કેસોની અરજીઓ

* ૫૪૩૨ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીનના એન.એ. ના કેસોની કેટલી અરજીઓ આવી, અને | (૧) ૧૦૮૬. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ પડતર છે ? | (૨) ૧૯. |

---------

### આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રને જમીનની ફાળવણી

* ૫૪૪૦ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી નવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે કુલ ૫૫૨૪.૦૦ ચો.મી. |

---------

### ડાંગ જિલ્લામાં વારસાઇ હકકની અરજીઓ

* ૫૪૦૩ શ્રી નરેશભાઇ પટેલ (ગણદેવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| આહવા | ૨૪૮ |
| વઘઇ | ૨૧૫ |
| સુબીર | ૧૩૬ |
| કુલ | ૫૯૯ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| આહવા | ૨૪૮ | ૨૪૩ | ૨ |
| વઘઇ | ૨૧૫ | ૧૯૪ | ૧૭ |
| સુબીર | ૧૩૬ | ૧૨૬ | ૮ |
| કુલ | ૫૯૯ | ૫૬૩ | ૨૭ |

(૩) નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) નામંજુર થવાના કારણોઃ

- નામમાં વિસંગતતા હોવાથી,
- તમામ હિત સંબંધીઓને ૧૩૫–ડી ની નોટીસ બજવેલ ન હોવાથી,
- મરણ તારીખમાં વિસંગતતા હોવાથી,
- હુકમથી–હિત સબંધીઓએ વાંધો ઉઠાવેલ હોવાથી,
- તમામ વારસોના નામો બતાવેલ ન હોવાથી,
- ખોટું પેઢીનામું રજુ કરેલ હોવાથી.

---------

અમદાવાદ જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની કિંમત

* ૫૪૦૦ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ (ઘાટલોડીયા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૯૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૫૬૬ |

---------

ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૫૪૦૯ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| ઈ–ધારા કેન્દ્ર નામ | કુલ અરજીઓ |
|---|---|
| ભાવનગર સીટી | ૨૧ |
| ભાવનગર ગ્રામ્ય | ૭૧૫ |
| ઘોઘા | ૬૪૩ |
| શિહોર | ૬૧૩ |
| વલ્લભીપુર | ૩૮૮ |
| ઉમરાળા | ૨૯૭ |
| ગારીયાધાર | ૫૭૭ |
| પાલીતાણા | ૬૦૩ |
| મહુવા | ૧૩૦૯ |
| જેસર | ૩૨૯ |
| તળાજા | ૧૧૪૯ |
| કુલ | ૬૬૪૪ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૬૬૪૪ |
| મંજુર નોંધો | ૬૪૨૮ |
| નામંજુર નોંધો | ૧૨૪ |

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) પેઢીઆંબો રજુ થયેલ ન હોઈ, મૃતક ખાતેદારના નામમાં ફેરફાર હોઈ, સોગંદનામુ રજુ થયેલ ન હોઈ, તકરારી થયેલ હોઈ, વારસાઈ સર્ટીફીકેટ રજુ થયેલ ન હોઈ, ગુજરનારના ખાતામાં નામમાં તથા મરણના દાખલા પેઢિનામા માં તફાવત હોઈ, તકરારી વાંધા અન્વયે બે વારસદારોના હક્ક ડુબતા હોઈ, વારસદારોના નામ તથા અટકમાં વિસંગતતા હોઈ, ભુલથી અન્ય ખાતામાં નોંધ પાડેલ હોઈ વગેરે કારણોસર વારસાઈ નોંધ નામંજુર થયેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૫૪૧૦ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત નામંજુર કરવાના કારણો શા છે ?

જવાબ

(૧)

| ઈ-ધારા કેન્દ્ર નામ | કુલ અરજીઓ |
|---|---|
| ભાવનગર સીટી | ૨૧ |
| ભાવનગર ગ્રામ્ય | ૭૧૫ |
| ઘોઘા | ૬૪૩ |
| શિહોર | ૬૧૩ |
| વલ્લભીપુર | ૩૮૮ |
| ઉમરાળા | ૨૯૭ |
| ગારીયાધાર | ૫૭૭ |
| પાલીતાણા | ૬૦૩ |
| મહુવા | ૧૩૦૯ |
| જેસર | ૩૨૯ |
| તળાજા | ૧૧૪૯ |
| કુલ | ૬૬૪૪ |

(૨)

| | |
|---|
| પાડેલ નોંધો - ૬૬૪૪ |
| મંજુર નોંધો - ૬૪૨૮ |
| નામંજુર નોંધો - ૧૨૪ |

(૩) પેઢીઆંબો રજુ થયેલ ન હોઈ, મૃતક ખાતેદારના નામમાં ફેરફાર હોઈ, સોગંદનામુ રજુ થયેલ ન હોઈ, તકરારી થયેલ હોઈ, વારસાઈ સર્ટીફીકેટ રજુ થયેલ ન હોઈ, ગુજરનારના ખાતાના નામમાં તથા મરણના દાખલા પેઢિનામા માં તફાવત હોઈ, તકરારી વાંધા અન્વયે બે વારસદારોના હક્ક ડુબતા હોઈ, વારસદારોના નામ તથા અટકમાં વિસંગતતા હોઈ, ભુલથી અન્ય ખાતામાં નોંધ પાડેલ હોઈ વગેરે કારણોસર વારસાઈ નોંધ નામંજુર થયેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

* ૫૩૬૮ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસુચિત જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩૫,૦૦,૦૦૦/- |

---------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ

* ૫૮૧૩ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી

આવરી લેનારી યોજના અન્વયે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર કેટલા વિકલાંગોનો, કેટલી રકમનો વીમો ઉતારવામાં આવ્યો,

લેનારી યોજના અન્વયે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર નીચે મુજબ વિકલાંગોને આવરી લઇ રૂ.૧.૦૦ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો ઉતારવામાં આવ્યો.

અમદાવાદ

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૨૯૩૫૦ | ૩૨૯૪૧ |
| ૨ | બાવળા | ૭૬૬ | ૮૬૧ |
| ૩ | દસક્રોઇ | ૧૯૧૬ | ૨૧૫૨ |
| ૪ | દેત્રોજ રામપુરા | ૩૯૯ | ૪૭૯ |
| ૫ | ધંધુકા | ૮૦૮ | ૯૨૩ |
| ૬ | ધોળકા | ૧૫૯૫ | ૧૮૦૭ |
| ૭ | માંડલ | ૮૨૪ | ૯૦૪ |
| ૮ | સાણંદ | ૧૧૫૧ | ૧૨૫૬ |
| ૯ | વિરમગામ | ૧૮૪૨ | ૨૦૩૮ |
|  | કુલ | ૩૮૬૫૧ | ૪૩૩૬૧ |

ગાંધીનગર

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૨૫૪ | ૨૭૭૩ |
| ૨ | માણસા | ૧૭૨૦ | ૧૯૪૩ |
| ૩ | કલોલ | ૧૫૩૩ | ૧૮૪૫ |
| ૪ | દહેગામ | ૧૯૮૭ | ૨૨૦૯ |
|  | કુલ | ૭૪૯૪ | ૮૭૭૦ |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનું પ્રિમિયમ સરકારે ભરેલ છે, અને

(૨) વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનોને વીમા કવચ યોજના અન્વયે સરકારે છેલ્લા બે વર્ષમાં (તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬) ૩,૧૦,૦૦૦ વિકલાંગોને આવરી લઇ રૂ.૧૫,૦૦,૦૦૦ તથા (તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭) ૩,૧૦,૦૦૦ વિકલાંગોને આવરી લઇ રૂ.૧૫,૦૦,૦૦૦ નું પ્રિમિયમ સરકારે વીમા નિયામકશ્રીને ચૂકવેલ છે.

(૩) આ પ્રિમિયમ સરકારે કેટલા વર્ષ સુધી ભરવાનું રહે છે ?

(૩) આ પ્રિમિયમ સરકારે દરેક નાણાકીય વર્ષમાં વિકલાંગ ઓળખકાર્ડની સંખ્યાના આધારે પ્રિમિયમની રકમ દર વર્ષે ભરવાની રહે છે.

---------

ગાંધીનગર જિલ્લામાં જમીનમાં એન.એ.ના કેસોની અરજીઓ

* ૫૪૩૦ શ્રી વલ્લભભાઇ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીનના એન.એ.ના કેસોની કેટલી

(૧) ૧૦૮૬

અરજીઓ આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ પડતર છે? (૨) ૧૯.

---------

શ્રી અમિત ચાવડા(દંડકશ્રી કોંગ્રેસ) : માનનીય અધ્યક્ષશ્રી, સવારની પ્રથમ બેઠકમાં જે પરિસ્થિતિ થઇ અને આપે જે નિર્ણય જાહેર કર્યો એ મુજબ અમારા ૨૦ કરતા વધારે સભ્યોનું સસ્પેન્શન કરવામાં આવ્યુ છે અને મારી વિનંતી છે કે, બે ચાર લોકોએ..

અધ્યક્ષશ્રી : ૨૯ લોકો છે.

શ્રી અમિત ચાવડા : ૨૯ લોકોએ કર્યુ પણ તેમાંથી ઘણાં બધા અમારા કાંતિભાઇ, સોઢાભાઇ પરમાર છે તેઓ બહાર તે વખતે જમતા હતા. અમારા શિવાભાઇ, તે અમારા સિનિયર સભ્ય તે પણ પોતાની જગ્યા ઉપર જ ઉભા હતા. એટલે ઘણાં બધા મિત્રો હતા થોડા મિત્રોએ ભૂલ કરી તેના લીધે..

અધ્યક્ષશ્રી : થોડા નહીં એમ કહો કે ઘણાં મિત્રોએ ભૂલ કરી અને થોડા મિત્રો કદાચ પાપડી ભેગી ઇયળ હોય તો હું ચેક કરી લઇશ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યો છે પોતાની વાત રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હશે પણ આપે જે નિર્ણય કર્યો માન્ય છે પણ મારી આપશ્રી મારફત સરકારના ટ્રેઝરી બેન્ચના આપણાં વડિલોને વિનંતી એટલી જ છે કે સસ્પેન્શન રદ કરીને આ બીજી બેઠકની કાર્યવાહીમાં તેમને ભાગ લેવાની તક આપે ઘણાં બધા મિત્રો આજે બોલવાના છે એટલે આ મારી ખાસ વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સવારમાં માનનીય વિરજીભાઇને મારે એ જ કહેવું હતું કે આપણી પદ્ધતિ એવી છે માગણી ઉપરનો જવાબ માનનીય મંત્રીશ્રી જયારે આપતા હોય ત્યારે તેનું પ્રવચન બધાએ શાંતિથી સાંભળવુ જોઇએ. તમારા બધાના પ્રવચનો પણ અમે બધા અહીંયા બેઠા બેઠા સાંભળીએ છીએ. અત્યાર સુધી આપણાં સિનિયર સભ્યો તો બધા જાણે છે કે પ્રવચન પૂરું થઇ જાય પછી માનનીય અધ્યક્ષશ્રી આપણને પ્રશ્ન પૂછવાની છૂટ આપે છે. માનનીય વિરજીભાઇ એ પ્રવચન પૂરું થયા પછી પ્રશ્ન પૂછી શકયા હોત પણ અધવચ્ચે પૂછીને ડિસ્ટર્બન્સ કર્યુ અને પછી કોઇ કારણ વગર અમો જોતા હતાં આપ બધા ઉશ્કેરાઇ ગયા. આવુ ના બને એ જરા આપણે ભવિષ્યમાં ખ્યાલ રાખીએ અને માનનીય અમિતભાઇએ કહ્યું છે તે પ્રમાણે અમે પણ સમર્થન આપીએ છીએ અને હવે પછીની કાર્યવાહીમાં તેઓ ભાગ લે, અમને વાંધો નથી.

અધ્યક્ષશ્રી : ભૂલ કરનાર પક્ષને ઉદારતાથી સામો પક્ષ માફ કરી દે પણ અધ્યક્ષનું શું ? તેનો કયો ગુનો ? કારણ કે આ અધ્યક્ષની ખુરશી ઉપર ન્યાય કરવામાં અમારા ઉપર જે માનસિક ત્રાસ થતો હોય છે તેની કલ્પના સાંજે ઘરે જઇએ ત્યારે ઘરનાને જ ખબર હોય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સર, આઇ કેન અન્ડર સ્ટેન્ડ પણ હવે ભવિષ્યમાં ના બને તે પ્રમાણે અને તેમણે દિલગીરી વ્યકત કરી છે એટલા માટે..

અધ્યક્ષશ્રી : દિલગીરી વ્યકત નથી કરી, ભૂલ થઇ ગઇ એવું કહ્યું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ભૂલ કબૂલ કરવી એ એક પ્રકારની દિલગીરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપનું આ સર્વોચ્ચ સ્થાન છે અને તેના પરથી જે આદેશો થાય તે અમને કબૂલ છે. પણ ભવિષ્યમાં આવુ ના થાય તેના માટેની અમે તકેદારી પણ રાખીશું.

અધ્યક્ષશ્રી : આજની આખી વાત મારે કહેવી છે જેથી ભવિષ્યમાં તમામ સભ્યો માટે એ ધ્યાનરૂપ રહે. મને યાદ છે ત્યાં સુધી મેં ગણી નથી પણ હમણાં જ કાગળો મંગાવ્યા. લગભગ ૨૦ વખત માનનીય વિપક્ષના અનેક મિત્રોને મારે વારંવાર ટોકવા પડયા છે. હું અત્યારે નામ લઇને વાતાવરણને કલુષિત કરવા માગતો નથી પણ બધા જ જાણે છે જેમના નામ લીધા છે. પ્રસંગ પણ જે રીતે ઉપસ્થિત થયો તેમાં માનનીય વિરજીભાઇ ઠુંમરને મેં કહ્યું કે તમે બેસી જાઓ એવું પાંચ વખત કહ્યું, પ્લીઝ બેસી જાઓ તેમ છતાં તેમણે તેમનું વર્તન ચાલુ રાખ્યું. મંત્રીશ્રીનું પ્રવચન ચાલતું હોય અને આપણે જયારે બોલતા હોઇએ ત્યારે કોઇક ડિસ્ટર્બન્સ આપે તો આપણને ગમતું નથી હોતું. મંત્રીશ્રી જયારે જવાબ આપે છે અને મંત્રીશ્રીએ જયારે એવું કહ્યું કે તમારા દરેકના પ્રશ્નો મેં લખ્યાં છે અને સંવેદનાથી આ બધા પ્રશ્નો અધિકારીઓ મારફતે સોલ્વ કરાવવા માટે હું જવાબ આપવા માગું છું અને તેઓ વિગતવાર જવાબ આપતા હતા. પછી વચ્ચે ઉભાં થઇને બોલવું અને પછી જયારે એમ કહીએ કે મારે સસ્પેન્ડ કરવા પડશે ત્યારે સભ્યએ એમ કહેવું કે હા સસ્પેન્ડ કરી લો. તો સ્વેચ્છાએ કોઇ આ ત્યાગ અપનાવી લે તો સામાપક્ષનો કોઇ વાંક ગણાય કે કેમ ? અને તેમાં બાકીના બધા સાથ પુરાવે તો એમાં ચેરનો કયો વાંક છે એટલું મને કોઇ સમજાવે. મને કોઇ એટલું સમજાવે કે એમાં આ chairનો શું વાંક છે? એટલું જ નહિ પરંતુ આ એક કોપી મેં મંગાવી છે જેની અંદર મેં ૧૪ વખત request કરી છે કે, ''શાંત થઇ જાઓ, આપ બધા બેસી જાવ, આપ આપની જગ્યાએ બેસો.'' આપને બધાને જરૂર હશે તો હું આપીશ. મેં એટલે જ માનનીય વિરોક્ષપક્ષના નેતાશ્રીને ઉદ્દેશીને કહ્યું કેમ કે એમાં મારો ઇરાદો એવો હતો કે, આપ પણ એમને શાંત પાડો

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

અને બેસી જાવ. આ ગૃહની અંદર બધા મોરના પીંછા છો. હું પીંછા વગરનો મોર છું અને તમે ન હોવ તો મારી શોભા નથી. એટલે મારી જે ઇચ્છા અને કલ્પના છે કે, સભા સુચારૂ રૂપે ચાલે એટલા માટેનો મારો પ્રયાસ હોય છે પછી છતાંય માત્ર વિરોધ પક્ષ છે એટલે આપણે ઉભા થઇ જવું. એક ને સસ્પેન્ડ કર્યા એટલે બધાએ વેલમાં ધસી આવવું. હું વારંવાર બધાને વિનંતી કરતો હતો કે, વેલમાં ન આવશો. ખેર, જ્યારે બંને પક્ષે મોટું મન રાખી અને આ સંદર્ભમાં વાત કરી છે તો હું તાકીદ કરું છું અને વિરોધ પક્ષના મિત્રોને ઠપકો પણ આપું છું કે, આવી રીતે એક જણની ભૂલના કારણે તમામ સભ્યોએ એ ભૂલને સહકાર ન આપવો જોઇએ. વાતાવરણ સારું રહે, મને પણ ગમે એ માટે હવે પછીના સમય માટે જે મિત્રોને સસ્પેન્ડ કર્યા છે એ તમામનું સસ્પેન્શન રદ કરું છું અને તેઓ સભાગૃહમાં આવી શકે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપનો અને ટ્રેઝરી બેંચ બન્નેનો ખૂબ–ખૂબ આભાર.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

તાજેતરમાં અમરેલી જિલ્લાના રાજૂલા ખાતેની આદર્શ નિવાસી શાળામાં ૧૫ વર્ષીય વિદ્યાર્થી સાથે રેગીંગ કરવા બાબત

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ – ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રશ્રીનું ધ્યાન દોરું છું કે, તાજેતરમાં અમરેલી જિલ્લાના રાજૂલા ખાતેની આદર્શ નિવાસી શાળામાં ૧૫ વર્ષીય વિદ્યાર્થી સાથે રેગીંગ કરવામાં આવેલ અને સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીને લાકડી વડે માર મારતાં તે ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલ છે, ત્યારે અન્ય વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

શ્રી વાસણભાઇ ગો. આહિર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી,

૧. આદર્શ નિવાસી શાળા (વિ.જા.) રાજુલા, જિ.અમરેલીમાં વિજયભાઇ કેશાભાઇ ઢાપા ધોરણ – ૯માં અભ્યાસ કરે છ. આ વિદ્યાર્થીને રૂપિયા ૫૦૦ની ચોરી કરવા અંગેનો શક કરી માર મારવાનો બનાવ તા. ૧૨/૨/૨૦૧૮ના રોજ રાત્રે આશરે ૧૧ : ૦૦ કલાકે બનેલ છે.

૨. તા. ૧૨/૨/૨૦૧૮ થી તા. ૨૨/૨/૨૦૧૮ સુધી આ વિદ્યાર્થી આદર્શ નિવાસી શાળાની હોસ્ટેલમાં રહી નિયમિત શાળામાં અભ્યાસ કરવા આવેલ હતો. આ સમય દરમિયાન આ બનાવની જાણ વિદ્યાર્થીએ શાળાના આચાર્ય, શિક્ષક, વોર્ડન કે ચોકીદારને કરેલ ન હતી.

૩. તા. ૨૨/૨/૨૦૧૮ના રોજ વિદ્યાર્થીના વાલી આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીને મળવા માટે આવેલ હતા અને શાળાના આચાર્યને તેના પુત્રને તાવ આવતો હોવાનું કહી વતનમાં તેમની સાથે લઇ ગયા હતા. આ સમયે પણ આ બનાવ બનેલ હોવાની જાણ વિદ્યાર્થી કે તેના વાલીએ શાળાના આચાર્યને કરેલ ન હતી.

૪. તા. ૨૪/૨/૨૦૧૮ના રોજ વિદ્યાર્થીના વાલી તેમજ તેના કાકા જે વકીલ છે તેઓએ ફોન દ્વારા આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીને તેમના પુત્રને શાળાના ધોરણ– ૧૧ના વિદ્યાર્થીઓએ માર મારેલ હોઇ પોલીસ ફરિયાદ દાખલ કરવા જઇએ છીએ તેમ જણાવ્યું. શાળાના આચાર્યશ્રીએ માર મારેલ વિદ્યાર્થીઓના નામ આપવા વિનંતી કરી પણ તેઓએ નામ આપવાનો ઇન્કાર કરી અમો પોલીસમાં નામ આપીશું તેમ જણાવેલ હતું. ત્યારબાદ આચાર્ય, શિક્ષક, વોર્ડન તા. ૨૪/૨/૨૦૧૮ના રોજ વિદ્યાર્થીના વાલીને મળવા મહુવા હોસ્પિટલમાં ગયેલ ત્યારે શાળાના જે વિદ્યાર્થીઓએ તેમના પુત્રને માર મારેલ હોય તેના નામ આપવા માટે વિનંતી કરેલ, પરંતુ વિદ્યાર્થી કે તેના વાલીએ આ અંગેની વિગતો આપેલ ન હતી અને અમારે પોલીસ ફરિયાદ દાખલ કરવી છે તેમ જણાવેલ હતું.

૫. વિદ્યાર્થીશ્રી વિજયભાઇ કેશાભાઇ ઢાપાએ તા. ૨૪/૨/૨૦૧૮ના રોજ ૧૮ : ૩૦ કલાકે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૬/૨૦૧૮ થી તેઓને તા. ૧૨/૨/૨૦૧૮ના રોજ રાત્રે ૧૧ : ૦૦ વાગ્યાના સમયે શાળાના અન્ય વિદ્યાર્થી જયંતીભાઇ ઝંડુરભાઇના રૂ.૫૦૦/– ચોરી કરવા અંગેની શંકા કરી માર મારેલ છે તેવી આ જ શાળાના ધો.૧૧ના વિદ્યાર્થી (૧) માનસંગભાઇ ગુજરીયા (૨) કુંવરજીભાઇ ગુજરીયા (૩) દિનેશ (કાળિયા) તથા વિપુલ નામના ત્રણ છોકરા અને અન્ય ૬ વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ પોલીસ ફરિયાદમાં એવું પણ જણાવેલ છે કે, તેણે તેના મિત્રો કે શાળાના શિક્ષકોને માર મારવા અંગેના બનાવની કોઇ જાણ કરેલ ન હતી.

૬. રાજુલા પોલીસ સ્ટેશને તા. ૨૪/૨/૨૦૧૮ના રોજ આઇ.પી.સી.ની કલમ – ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ધી જુવેનાઇલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એક્ટ – ૨૦૧૫ની કલમ – ૭૫, જી.પી. એક્ટ કલમ – ૧૩૫ મુજબની ફરિયાદ દાખલ કરેલ છે.

૭. ફરિયદી વિદ્યાર્થી વિજયભાઇ કેશાભાઇ ઢાપાને તા. ૨૪/૨/૨૦૧૮ના રોજ મહુવા હોસ્પિટલમાં સારવાર આપેલી ત્યારબાદ તા. ૨૫/૨/૨૦૧૮ અને તા. ૨૬/૨/૨૦૧૮ના રોજ ભાવનગર હોસ્પિટલમાં સારવાર આપેલ હતી.

૮. ફરિયાદ કરનાર વિદ્યાર્થી અને જે વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે તે બન્ને એક જ જાતિના છે. શાળામાં જુનીયર વિદ્યાર્થી સાથે સીનિયર વિદ્યાર્થી દ્વારા રેગીંગનો બનાવ બનેલ નથી. તેવું પોલીસ તપાસમાં પણ ફલિત થયું છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

૯. જે તે વખતે ફરિયાદમાં દર્શાવેલ નામવાળા વિદ્યાર્થી (૧) માનસંગભાઇ શામજીભાઇ ગુજરીયા (૨) કુંવરભાઇ પુનાભાઇ ગુજરિયા અને (૩) દિનેશ ઉર્ફે (કાળિયા) બચુભાઇ પરમારનો પ્રવેશ હોસ્ટેલમાંથી રદ કરી તા. ૨૮/૨/૨૦૧૮ના રોજ તેઓને તેમના વાલીઓને સોંપેલ છે. શાળામાં રાખેલ ચોકીદારને બેદરકારી સબબ તા. ૨૮/૨/૨૦૧૮થી છુટા કરેલ છે.

૧૦. આ અંગેની પોલીસ તપાસમાં કુલ ૧૭ વિદ્યાર્થીઓ આરોપી બનતાં તે પૈકી બે વિદ્યાર્થી પુખ્ત વયના હોવાથી તેમની ધરપકડ કરવામાં આવેલ છે. બાકીના ૧૫ વિદ્યાર્થીઓ ૧૮ વર્ષ કરતાં નાની વયના હોવાથી તેમની સામે જુવેનાઇલ જસ્ટીસ એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૧૧. હાલ રાજુલા સહિત ગુજરાતની તમામ આદર્શ નિવાસી શાળાઓમાં એસ.એસ.સી.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ગુજરાતમાં એસ.ઇ.બી.સી. આદર્શ નિવાસી શાળાઓનાં પરિણામો અંદાજે ૯૫ ટકા થી ૧૦૦ ટકા સુધી આવે છે. રાજુલાની આ શાળાનું ૨૦૧૬નું એસ.એસ.સી.નું પરિણામ ૯૩ ટકા તથા ૨૦૧૭નું ૮૪ ટકા આવેલ છે. ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તંત્રને પુરતી સંવેદનશીલતા અને તકેદારી રાખવા કડક સુચનાઓ આપવામાં આવી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન આપ્યું છે અને એમણે છેલ્લા ફકરામાં જણાવ્યું છે કે, તંત્રને સંવેદનશીલતા અને તકેદારી રાખવા કડક સૂચના આપવામાં આવી છે. નિવેદન ઉપરથી બહુ સ્પષ્ટપણે લાગે છે કે, રાજ્ય સરકાર આવા પ્રકારના જ્યારે બનાવો બને છે ત્યારે ગંભીર અને ચિંતિત હોય એવું નિવેદન ઉપરથી લાગતું નથી. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને ધ્યાન દોરવા માગું છું કે, બનાવ બન્યો અને બનાવ બન્યા પછી ૧૨ દિવસ સુધી શાળાના આચાર્ય કે ત્યાં જે કોઇ સ્ટાફ છે એને ખબર ન પડી અને નિવેદનમાં એમ જણાવ્યું છે કે, વિદ્યાર્થીએ અમને વાત ન કરી. આવો ગંભીર પ્રકારનો બનાવા જ્યારે મારામારીનો બને અને જે વિદ્યાર્થીને હોસ્પિટલમાં દાખલ કર્યો છે એને શારીરિક જોવામાં આવે તો આપણું હૃદય પણ દ્રવી ઉઠે એવી સ્થિતિ હતી અને એ સ્થિતિમાં તે આપણને ફરિયાદ કરે એવી આપણે અપેક્ષા રાખીએ એ કોઇ સંજોગોમાં વાજબી નથી. ૧૨-૧૨ દિવસ સુધી ખબર ના પડી અને જે જવાબદારી નિભાવી છે એ જવાબદારી નિભાવનારા અધિકારી-કર્મચારીની સામે સરકારે ગંભીર રીતે પગલાં લેવા જોઇએ. જે જવાબદાર હોય એની સામે ગંભીરતાથી પગલાં લેવા જોઇએ અને ભવિષ્યમાં આ પ્રકારના બનાવો ન બને એના માટેની વ્યવસ્થા પણ અસરકારક રીતે ગોઠવવી જોઇએ અને બીજો સવાલ એ છે કે, આઠ નંબરના ફકરાની અંદર જે જણાવ્યું છે એ પણ ઉચિત નથી કે ફરિયાદ કરનાર સામાજિક અને પછાત વર્ગના છે ત્યાં સુધી બરાબર છે, પણ એ (xxx) જ્ઞાતિના છે એમ કહેવું અને મારનાર પણ (xxx) જ્ઞાતિના છે એવું સરકારે નિવેદન ઉપર કહેવું એ મને લાગે છે કે વાજબી નથી, એ ઉચિત નથી. એને સુધારવું જોઇએ અને સુધારા સાથે સરકારે જવાબ સ્વીકારી અને મેં જે સવાલ કર્યા છે એનો જવાબ આપે એવી હું અપેક્ષા રાખું છું અને (xxx) જ્ઞાતિના છે એ કહેવાની આવશ્યકતા નથી, સરકારે આવો ઉલ્લેખ નિવેદનમાં ન કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇનું એવું કહેવું છે કે, બંને એક જ જ્ઞાતિના છે એવું લખ્યું હોત તો ચાલત.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એ કહેવા પાછળનો આશય શું? મરનાર કે મારનાર જે હોય તે, એક્સ,વાય છે, એ વ્યક્તિ છે, વિદ્યાર્થી છે, અને શાળા છે અને શાળામાં આ પ્રકારના બનાવો એ તો કોઇપણ સંજોગોમાં ઉચિત અને વાજબી નથી.

અધ્યક્ષશ્રી : એટલું સુધારીને નિવેદન વાંચવા માટેની એમની વિનંતી છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું સમગ્ર બનાવની વાત કરૂં તો, નિવેદનમાં એફ.આર.આઇ.માં કે વિદ્યાર્થીના જવાબમાં ક્યાંય પણ રેગીંગનો ઉલ્લેખ નથી એટલે આ ૫૦૦ રૂપિયાની ચોરીની શંકા બાબતે આ જે કંઇક એક બનાવ બનેલ છે. રેગીંગને આ કેસ સાથે કોઇપણ લેવા દેવા નથી. તા. ૧૨-૨-૨૦૧૮ના રોજ આદર્શ નિવાસી શાળા, રાજુલા ખાતે બનાવ બન્યો હતો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, માનનીય મંત્રીશ્રી, જવાબ સુધારીને પછી આપે, અને આ સુધારવા માટે જરૂરી છે, આ હકીકત બરાબર રેકોર્ડ ઉપર રહે એટલા માટે સુધારો કરવો જરૂરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સુધારીને વાંચવા માટે અનુમતિ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે એ સુધારીને જવાબ આપે એ જરૂરી છે.

અધ્યક્ષશ્રી : એ સ્વીકારી લીધું. એટલું સુધારીને વાંચવું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ જે ફકરા નંબર-૮ની વાત કરી છે એની અંદર બીજી અને ત્રીજી લાઇનમાં જે ઉલ્લેખ થયો છે એને સુધારીને બંને એક જ કોમના છે અને એક જ સમાજના છે અને જાતિવાદ કે કોમવાદનો કોઇ ઉલ્લેખ ન થાય એના માટે આ લખ્યું હતું, પરંતુ એને અમે સુધારી લઇએ છીએ અને એક જ જ્ઞાતિના છે.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ આદર્શ નિવાસી શાળા એ રાજુલા તાલુકો, જિલ્લો અમરેલી છે અને જે ભોગ બનનાર વિદ્યાર્થી છે કે મહુવા મારા વિધાનસભા વિસ્તારનો છે અને જિલ્લો- ભાવનગર છે. હું જાણું છું ત્યારે આદર્શ નિવાસી શાળાની અંદર ઘટના બની છે. એ ઘટના પછી એના અનુસંધાને સરકારશ્રીએ આમાં કયાં પગલાં ભર્યાં છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નિવેદનમાં જણાવ્યા મુજબ મારા વિભાગ દ્વારા તમામ પગલાં લેવાયાં છે. આ બનાવમાં વિદ્યાર્થી દ્વારા કોઇ ફરિયાદ આચાર્ય કે વોર્ડનને આપવામાં આવેલ નથી, પરંતુ જયારે વિદ્યાર્થીએ ફરિયાદ કરી કે તરત જ આચાર્ય અને વોર્ડને વિદ્યાર્થીની મુલાકાત લીધી. માનનીય અધ્યક્ષશ્રી, તમામ સારવાર સરકારી

હોસ્પિટલમાં કરાવેલ છે. જવાબદાર ચોકીદારને નોકરીમાંથી પણ છૂટા કરેલ છે. જવાબદાર વિદ્યાર્થીઓને શાળામાંથી પણ દૂર કરવામાં આવ્યા છે અને આમ, સરકાર દ્વારા આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઇને તમામ પગલાં લેવામાં આવ્યાં છે. જવાબદાર વિદ્યાર્થીઓ પૈકીના પુખ્ત વયના બે વિદ્યાર્થીની પોલીસે ધરપકડ પણ કરી છે અને જયારે ૧૫ વિદ્યાર્થીઓ ૧૮ વર્ષ કરતાં નાના હોઇ તેની સામે જુવેનાઇલ જસ્ટીસ એક્ટ મુજબની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારો સવાલ એ હતો કે જે બનાવ બન્યો અને ફરિયાદ થઇ અને હોસ્પિટલમાં દાખલ થયા તેનો સમય ૧૨ દિવસનો છે. આદર્શ નિવાસી શાળામાં રાત્રે ૧૧.૦૦ વાગ્યે બનાવ બન્યો અને તેની ૧૨–૧૨ દિવસ સુધી જે સંચાલક જવાબદાર છે તેને ખબર ન પડે તે માની શકાય નહીં, એટલા માટે આની ગંભીરતા ગણીને જે જવાબદાર છે, માત્ર વોર્ડન નહીં પણ જે જવાબદાર છે તેની સામે તપાસ કરી તેની જવાબદારી ફીકસ કરી અને તેની સામે પગલાં લેવા માગો છો કે કેમ? એની જવાબદારી થાય માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : એની જવાબદારી થતી હોય તો પગલાં લેવા માગો છો ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનની અધ્યક્ષશ્રી, આ બનાવ ૧૨ મી તારીખે બન્યો, ૧૦ દિવસ પછી આ વિદ્યાર્થીને તેના માતા– પિતા પણ મળ્યા છે. અને તેના માતા– પિતાને આ વિદ્યાર્થીએ એવું કહ્યું છે કે, મને તાવ આવે છે. એટલે ૧૦ દિવસ બાદ વાલી અને તેના માતા– પિતા ખબર લેવા આવે છે ત્યારે માતા– પિતાને પણ કહેતા નથી અને વિદ્યાર્થીએ ૧૦ દિવસથી કોઇને કહ્યું નથી અને વિદ્યાર્થીએ તેના વાલીને ફોન કરતાં વાલી વિદ્યાર્થીને શાળામાં મળવા આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય પુંજાભાઇનો પ્રશ્ન આટલો જ છે કે, જે જવાબદાર જણાય તેમની સામે પગલાં લેવા માગો છો કે કેમ ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે વિદ્યાર્થીએ કોઇને કહ્યું નથી.

અધ્યક્ષશ્રી : હવે પગલાં લેવા માગો છો કે કેમ ?

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને ફોટોગ્રાફસ રજૂ કર્યા છે.

અધ્યક્ષશ્રી : હવે એ ફોટોગ્રાફસની વાત રહેવા દો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને પણ મોકલ્યા છે, હું આ બધી વાત ગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગું છું. સવાલ એટલો છે કે, જે સ્થિતિ નિર્માણ થઇ તે ગંભીર છે અને આવી ગંભીર સ્થિતિ નિર્માણ થઇ ત્યારે ૧૨–૧૨ દિવસ સુધી એ છોકરો ચાલી પણ નથી શકતો, હોસ્પિટલમાં લઇ ગયા ત્યારે એના ફોટોગ્રાફસ મેં આપને રજૂ કર્યા છે અને આપને જોઇતા હોય તો મોકલી આપીશ, રજૂ કરવા તૈયાર છું, સવાલ એ નથી, સવાલ ગંભીર બન્યો છે તે એ છે કે, ૧૨–૧૨ દિવસ સુધી ખબર નથી પડી તો તેવા જવાબદારો સામે પગલાં ભરવા માગે છે કે નથી માગતા ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : હું એ જ જવાબ આપતો હતો. પરંતુ તે પહેલાં વિદ્યાર્થીએ પોતાના માતા–પિતાને પણ કહ્યું નથી અને પછી પ્રશ્ન પૂછાય છે એટલે મારે એ સ્પષ્ટતા કરવી જરૂરી છે.

અધ્યક્ષશ્રી : કેમ મોડું થયું એમ.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર આવી કોઇ ઘટનાને સાંખી લેવા માગતી નથી. અને દરેક ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ તમામ પગલાં અગ્રતાના ધોરણે લેવા માગે છે. વધુમાં જણાવવાનું કે આ ઘટનામાં જે કોઇ જવાબદાર હોય જે વ્યકિત જવાબદાર હોય તેને આ સરકારે કયારેય છોડવા માગતી નથી, અને આ ઘટનાનું ભવિષ્યમાં પણ પુનરાવર્તન ન થાય તે માટેના શકય હોય તેટલા તમામ પગલાં સરકાર દ્વારા લેવામાં આવશે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ

માગણી ક્રમાંક–૯૮

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને લગતી સેવા અંગેની રમતગમત, યુવા અને સાંસ્કુતિક પ્રવૃતિઓનો વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૦૨,૬૪,૫૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૭૧,૧૬,૦૧,૦૦૦ની માગણી ક્રમાંક–૯૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી નાથાભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૬રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી અલ્પેશ ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માગણી ક્રમાંક–૫

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૪૯,૦૬,૯૪,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬૧,૮૭,૦૨,૦૦૦ની માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પરસોત્તમ ઉ. સાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

માગણી ક્રમાંક–૧૦૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી વતિ નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૧૯,૩૦,૮૦,૦૦૦ની માગણી ક્રમાંક–૧૦૧ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૨, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૮,૩૩,૪૧,૬૭,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬,૨૨,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તેમની જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધીરે ધીરે ગુજરાતમાં ગામડાંમાં ખેડૂતો ખેતી કરી શકતા નથી. તેમનું પોષણ કરી શકતા નથી તેના કારણે મોટા ભાગના ગામડાંના લોકો શહેર તરફ વળ્યા છે. ધીરે ધીરે ગામડાં તૂટવા જઇ રહ્યા છે ત્યારે હું સરકારને આપના તરફથી વિનંતી કરું છું કે ગામડાં ગામડાં રહે અને શહેર એ શહેર રહે એવું આયોજન કરે. ૨૦૧૨ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં એવું એક વચન આપવામાં આવ્યું હતું કે ગુજરાત રાજયમાં અમે ૫૦ લાખ મકાનો બનાવીને તમામ ગરીબ લોકોને અમે મકાન આપીશું. તેનો સરવાળો કરવા જઇએ તો દરરોજના ૧૦થી ૧૫ હજાર મકાન બનાવવામાં આવે તો પણ પાંચ વર્ષમાં આ ટાર્ગેટ પૂરો ન થાય. થોડા ઘણાં મકાનો બનાવવાનો પ્રયત્ન કર્યો અને કયાંક આપ્યા. એફોર્ડેબલ નામના કાયદા નીચે સમગ્ર શહેરમાં ઝૂંપડપટ્ટી ખાલી કરી અને બિલ્ડરોને એ જમીન ખાલી કરી આપી. મકાન બનાવવા માટે જગ્યા ખાલી કરવામાં આવી. ૫૦–૧૦૦–૨૦૦ વર્ષથી રહેતા, ઝૂંપડપટ્ટીની જમીન મફતમાં એ લોકો વાપરતા, પરંતુ આવા લોકોને ૨ થી ૩ લાખ રૂપિયા લઇને પાછલા બારણે જમીન ખાલી કરી અને અમદાવાદના મોટા મોટા બિલ્ડરોને ક્યાંક એ જમીન પધરાવવામાં આવી. સમગ્ર ગુજરાત રાજયની અંદર F.S.I. ના નામે પેલા બિલ્ડરો કે જમીનના નાના મોટા વેપારીઓ જમીનનો વેપાર કરતા. અત્યારે અમદાવાદમાં મને લાગે વળગે છે ત્યાં સુધી અમે કયાંક બેઠાં હોઇએ તો જમીનના વેપારની જગ્યાએ F.S.I.નો વેપાર થાય. કોની પાસે F.S.I. વધારે બચી છે. રોકડા પૈસા અને લાખો રૂપિયાના વેપાર એ F.S.I.ના નામે થાય છે. કોઇની F.S.I. વધારે. કોઇને વધારે મળે અને કોઇને ઓછી મળે. મારે આપના દ્વારા કહેવું છે કે આ શહેરી વિકાસ ખાતુ અમારા નીતિનભાઇ પાસે હતું. કોને F.S.I. ઓછી મળી કે કોને F.S.I. વધારે મળી છે એ કદાચ મંત્રી તરીકે વધારે ખબર હશે. કદાચ આ ખાતુ એમની પાસે રહ્યું હોત તો કંટ્રોલ થોડો વધારે આવત. શહેરી વિકાસ સત્તા મંડળ એ દરેક શહેરમાં કામ કરે છે ત્યારે મારે કહેવું છે, ગુજરાતની અંદર મારૂતિએ ફેક્ટરી નાખી, હોન્ડાએ ફેક્ટરી નાખી. ટાટાએ ફેક્ટરી નાખી. આ તમામ ફેક્ટરીઓમાં ગાડીઓનું પ્રોડક્શન થાય છે. દિનપ્રતિદિન સમગ્ર દેશમાં અહીંથી પ્રોડક્શન થઇને દેશના ખૂણે ખૂણે ગાડીઓ જાય છે. ત્યારે શહેરી વિકાસ સત્તા મંડળ ભ્રષ્ટાચારની મોટી ફેક્ટરી હોય એવું કહેવું હોય તો કહી શકાય. સમગ્ર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાતોરાત કોઇના એફ.પી. બદલાઇ જાય, નાના ખેડૂતો હોય એનો એફ.પી. પાછળ જતો રહે, મોટા મોટા બિલ્ડરો હોય એનો મેઇન રોડ ઉપર આવી જાય. ખેડૂતની જમીન એ મોકાની હોય અને બિલ્ડરની જમીન એ પાછળ હોય, ત્યાં રાતોરાત એફપી બદલાઇ જાય અને મોટા મોટા કૌભાંડો કરવામાં આવતા હોય છે. હું આગળ વધીને વાત કરીશ કે ક્યાંક ખેડૂતની જમીન હોય, ક્યાંક ખેડૂતની જમીનમાં નાનો–મોટો લોચો હોય અને એનો કબજો ખેડૂત પાસે હોય તો અધિકારીઓ સાથે મળીને એ ખેડૂતની જમીન ત્યાંની ત્યાં રહે અને બિલ્ડર સાથે મળી અધિકારીઓ સાથે મળી અને બિલ્ડરો તેનો એફપી બીજે રાતોરાત લઇ જતા હોય છે. મોટામાં મોટો ભ્રષ્ટાચાર થાય છે. કોર્પોરેશનમાં ઘણા વર્ષોથી એક જ જગ્યાએ રહેતા બે કર્મચારીઓ કરોડોના માલિક બની ગયા છે. મારો એફ.પી. તમારે ત્યાં આવી ગયો હોય અને તમારો એફપી મારે ત્યાં આવી ગયો હોય. આવા ઘણા બનાવો અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં બનવા પામ્યા છે. એનો હું એક દાખલો આપીશ. ખોડિયાર ગામ છે. સરવે નં.૬૮ પૈકી ટીપી નં.૬૦ અને એફપી ૪૩(૧)(૨). મારે કહેવું જોઇએ નહીં પણ મારે ખાલી સરકારનું ધ્યાન દોરવું છે કે એ જગ્યામાં શ્રી હરિહર મહારાજનુ; ગૌસેવા નામનો આશ્રમ આવેલો છે. એક બાજુ એ આશ્રમના નામે હનુમાનજીનું મોટુ મંદિર આવેલું છે. વચ્ચે રોડ પડેલો છે. સામેની બાજુમાં આ ટ્રસ્ટના નામે કોઇ બિલ્ડર દ્વારા બહુ મોટી એક હોસ્પિટલ બની ગઇ છે. ક્યાંથી આવ્યા હોસ્પિટલ બનાવવાના નાણા? એ ટ્રસ્ટમાં ક્યાંથી આવ્યા પૈસા? તમામે તમામ શરતોનો ભંગ કરી ત્યાં રાતોરાત આ ટ્રસ્ટના નામે હોસ્પિટલનું મોટું બિલ્ડીંગ બની ગયું છે ત્યારે મારે કહેવું છે કે જ્યારે સરકારે જમીન આપી છે, તમામે તમામ શરતોને આધીન આપી છે, શું ત્યાં ગરીબ સમાજનો દિકરો કે દીકરી, મધ્યમવર્ગનો માણસ એ ટ્રસ્ટ દ્વારા શું મફત દવા કરાવી શકશે કે નહીં? એવો સવાલ ઉભો થાય છે. કરોડોની મિલકત છે. ૨૦ હજારનો તો એફપી છે. જો એની કિંમત આંકવા જઇએ તો હું માનું છું ત્યાં સુધી ૩૦૦–૪૦૦ કરોડ રૂપિયાની ખાલી જમીન જ થાય છે. પ્રાઇવેટ કામ માટે આ થયું છે. ત્યારે વૈશ્નોદેવી ચોકડી ઉપર છે. નામ જોઇતું હોય તો નામ દઇશ. પણ મારે નામ દેવું નથી. (અંતરાય) તમે તપાસી લેજો. શ્રી જગદીશભાઇ, આમાં કોણ છે કહેવું હોય તો કહીશ, એમને પૂછી આવજો. આમાં કોણ લોકો સંડોવાયેલા છે. ૩૦૦–૪૦૦ કરોડ રૂપિયાની મિલકત છે. મારે તમને પૂછવું છે કે તમે હોસ્પિટલ જ્યારે ઉભી કરી છે તો એના નાણા ક્યાંથી આવ્યા? તમે કેવી રીતે લોકોને સેવા આપવાના છો? એ ચેરીટેબલ ટ્રસ્ટના નામે જે મિલકત ચાલે છે એ તમામે તમામ તમને પરવાનગીઓ કઇ રીતે મળી એની ખાતરી કરે. અમદાવાદની અંદર નાના અને સીમાંત ખેડૂતોની જમીન વિકાસના નામે પડાવી લેવાના ઘણા બધા બનાવો બને છે. ચારેબાજુ જમીન ખરીદી લીધી હોય, કોઇ ખેડૂતને વેચવી ન હોય અને વચ્ચે કોઇ ખેડૂતની જમીનનો નાનો ટૂકડો હોય તો ચારેબાજુ દિવાલ કરી, કાં તો ચારે બાજુ તાર ફેન્સીંગ કરી અને ખેડૂતને અંદર નહીં જવા દઇ અમવાદ અને ઔડાના વિસ્તારની અંદર એ ખેડૂતને પરેશાન કરી અને એ ખેડૂત કંટાળીને જે તે માલિકને આપી દેવા માટે મજબૂર કરવાની કામગીરી આ રાજ્યની અંદર અને ઔડાની અંદર થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની વાત કરું છું ત્યારે મારા કલોલની અંદર એક તળાવની બાજુમાં કપલેશ્વર મંદિરનું છે. ચાર કરોડ રૂપિયાના ખર્ચે એનો વિકાસ કરવામાં આવ્યો છે. એને ડેવલપ કરવા માટે ચાર કરોડ રૂપિયાનો ખર્ચો સરકારે કર્યો છે. ચાર કરોડ રૂપિયાનો ખર્ચો કર્યા પછી એ ડેવલપ થવું જોઇએ એની જગ્યાએ ગટરનું પાણી, ગટરો ખુલ્લી મૂકી

સમગ્ર કલોલ તાલુકાનું ગંદુ પાણી એ તળાવમાં ઠલવાય છે. એક બાજુ મંદિર છે. તમે ૪ કરોડ રૂપિયા ખર્ચો કરીને, ડેવલપ કરીએ, એ હરવા –ફરવા માટે કરતા હોય છે અને એમાં ગટરનું પાણી. આ કલોલનો પ્રશ્ન નથી. સમગ્ર રાજ્યની અંદર મોટા મોટા શહેરોની અંદર કરોડો રૂપિયા એ તળાવના ડેવલપમેન્ટના નામે ખર્ચ થાય છે પણ એનો ઉપયોગ જ્યારે જોવા જઇએ છીએ ત્યારે એમાં ગટરના પાણી ખૂલ્લા મૂકીને ખર્ચને વેડફવાની કામગીરી કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહનું ધ્યાન દોરવું છે કે વ્હાઇટ હાઉસના નામે કલોલ તાલુકાની અંદર એક સ્કીમ બનેલી છે. મારે વ્યક્તિગત કોઇની સાથે કશું લેવા–દેવા નથી. ૫૦૦ ફ્લેટો બનેલા છે. ૨૨–૨૨ ગેસની પાઇપ લાઇનો એ ફ્લેટોની નીચેથી નીકળે છે. ૨ વખત સળગવાનો પ્રયત્ન કર્યો. એક વખત એક ગેસની પાઇપ લાઇન લીકેજ થઇ ત્રણ દિવસ સુધી ગેસ મળે નહિ ત્રણ દિવસ સુધી ત્યાં ભડકા થયા. એક બાજુ એક જ દિવાલે ઓ.એન.જી.સી.નું બહુ મોટું જીજીએસ આવેલું છે. કોઇએ નકશા ખોટા બનાવ્યાં, કોઇએ એન.ઓ.સી. ખોટી આપી, કોઇના દીકરા–દીકરી ભણાવવા માટે કોઇ ખેડૂતે જમીન વેચીને ત્યાં આગળ ફ્લેટ લીધો, કોઇ નાનો માણસ નોકરી કરતો હોય તો નોકરીમાંથી એણે લોન લઇને ફ્લેટ લીધો. આજે એટમબોમ્બની નીચે જીવી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ ઉપરની વાત કરું છું. સંકલનમાં મેં પ્રશ્ન કર્યો અને સંકલનમાં મને જવાબ મળ્યો કે ૨૨–૨૨ ગેસની પાઇપ લાઇનો જઇ હોવા છતાં આજ દિન સુધી અમારા કોઇ પણ અધિકારીએ કોણે ખોટા નકશા બનાવ્યા છે, કોણે ખોટું એન.ઓ.સી. આપ્યું છે અને કઇ રીતે ખોટું એન.એ. કર્યુ છે એ આજ દિન સુધી કોઇને તપાસવાની મહેનત શુદ્ધા પણ કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે શહેરની અંદર જતા હોઇએ છીએ ત્યારે પહેલા દિવસે આપણે રોડ ઉપર જતા હોઇએ. અઠવાડિયા પછી એ રસ્તા ઉપર જતા હોઇએ તો એ રોડ બનેલો ખોદી નાખ્યો હોય, અરે, શું કરવા ભાઇ રોડ ખોદ્યો? તો કહે કે, અંદર ગટર લાઇન નાખવાની બાકી હતી. તે પછી રોડ ખોદીને ગટર લાઇન નાખવાનું ચાલુ કરે. અઠવાડિયા પછી પાછો એના ઉપર રોડ બને. ૧૦–૧૫ દિવસ પછી આપણે ત્યાંથી નીકળ્યા હોય તો ફરીવાર પાછું એ રોડ ખોદવાનું ચાલુ થયું હોય. એલ્યા કેમ રોડ ખોદ્યો? પાછી પાણીની પાઇપ લાઇન નાખવાની બાકી હતી.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય રાકેશભાઇ શાહ.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ અનુદાનની માગણી નંબર ૧૦૨ શહેરી વિકાસ અને એમાં મુખ્ય સદર ૨૨૧૫, ૧૬ અને ૧૭ એના માટે જરૂરી પાણી પુરવઠો, સ્વચ્છતા મૂડી ખર્ચ જે વિષય લાવ્યા છે એમાં હું પણ મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. સદભાગ્યે આપના ઉદાર વલણથી જ્યારે સાથી મિત્રો જ્યારે ગૃહમાં પરત આવ્યા છે ત્યારે મને બળદેવજીને સાંભળવાની તક મળી અને બળદેવજીએ જે રીતે ગામડાં ધીમે ધીમે તૂટતા ગયા અને શહેર કેમ વિકસે? (અંતરાય) મને સાંભળી લો બધી જ ખબર પડી જશે. શહેર કેમ વિકસે એ બળદેવજીને પણ ખબર છે અને બધાને ખબર છે. છેલ્લા કેટલાય વર્ષોથી આ ગુજરાતમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિ છે ને એટલે આ શહેરો વિકસ્યા છે. પહેલા અમદાવાદમાં ૫૦ થી ૧૫૦ દહાડા કરફ્યુ રહેતો હતો. એટલે હું બળદેવજી એમને જવાબ આપું છું. શહેર કેમ વિકસે છે એની ચર્ચા કરું છું સાહેબ અને મને ગર્વ છે કે હું અમદાવાદ શહેરમાંથી આવું છું. એટલા માટે શહેર વિકસ્યા છે કે, શાંતિ, સલામતી અને સમૃદ્ધિ છે. એથી વિશેષ હું કહું છું કે, જે રીતે ગુજરાત દેશ અને દુનિયાના નકશા ઉપર જે વિકસિત દેશો હોય છેને એની હરોળમાં ગુજરાત રાજ્ય છે એના મહાનગરો છે અને જે રીતે આ મહાનગરોમાં નાગરિકોને સેવા પૂરી પાડે છે ને એટલે સીધા લોકો આવે છે. કોઇ બોલાવવા નથી ગયું. કામ–ધંધો–રોજગારી, શાંતિ મેં કીધું એ બધાને કારણે લોકો શહેર તરફ આવ્યા છે અને એના કારણે ૪૩% લોકો શહેરમાં રહેવા વાળા વસતિની સંખ્યા થઇ ગઇ છે. એટલે કહેવાનો આશય એ છે કે, શહેર કેમ વસ્યું? ઝૂંપડપટી ખાલી કરી? આ એજ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. (અંતરાય) બળદેવજીભાઇ પાંચ મિનિટ બેસજો. આ અમદાવાદ શહેર હોય કે ગુજરાતના મહાનગરો હોય ભૂતકાળમાં તમે ઘણી મકાનોની વાતો કરી, ઝૂંપડપટીની વાતો કરી. ઝૂંપડપટી પૂન : વસન યોજના આ અમદાવાદ શહેરના બધા જ ધારાસભ્યો મારી સાથે છે કોંગ્રેસના પણ ધારાસભ્યો છે એમના વિસ્તારમાં પણ ઝૂંપડપટી પુનરોત્થાન યોજના અને સુંદર મકાનો બનાવીને આજે ત્યાં રહેવા ગયા છે. ઘરનું ઘર મળે છે. કાગળ ઉપરનું ઘર નહિ, ફોરમ નહિ. તમે જાવ અને જુઓ ત્યારે ખબર પડે છે કે આવનારી પેઢી માટે એક સુંદર ઘરની વ્યવસ્થા કરી છે, ત્યારે એફ.એસ.આઇ. ના વેપારની વાત કરી, ઉદ્યોગોની વાત કરી, ખોટી વાતો છે બધી. એફ.એસ.આઇ. વેપાર નથી. એને મળવાપાત્ર મળેલી એફ.એસ.આઇ. એ બીજે આપે છે. એફ.એસ.આઇ.એવું નથી કે હું ગમે ત્યાંથી લઇ આવ્યો છું. એમને કયાંક મળી હશે એ મળવાપાત્ર છે અને નહીં વાપરી હોય એટલે બીજે વાપરી છે પણ સીધા આક્ષેપો સારા શહેરો ઉપર કરવા એ બળદેવજીભાઇ, મારી વિનંતી છે કે થોડો વધારે અભ્યાસ કરી લેજો. ખૂબ ડીટેઇલમાં ઘણીબધી વસ્તુઓનો અભ્યાસ કર્યો છે સરવે નંબર સાથે એટલે એમાં પણ થોડોક અભ્યાસ કરશો તો મને લાગે છે કે યોગ્ય થશે. હું બીજી કોઇ વાત નથી કરતો પણ શહેરી વિસ્તારની વાત કરું છું એટલે સામાન્ય રીતે નાગરિકોને લાઇટ, પાણી અને ગટર તો હોય છે જ પણ ગુજરાતના બધા જ મહાનગરોની પ્રાથમિક જરૂરિયાતો હોય કે સેવાના કામો હોય એ તો લગભગ પરિપૂર્ણ થઇ ગઇ છે. જે રીતે ગુજરાતના મહાનગરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય સેવાઓ લાઇટ, પાણી, ગટરની પૂરતા પ્રમાણમાં મળી રહી છે ત્યારે જે રીતે વસતિ અને વાહનો વધી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં ટ્રાફિક પણ એક વિકટ સમસ્યા થવાની છે. એને ધ્યાનમાં રાખીને શહેરી વિસ્તારના આપણા આજના વડાપ્રધાન અને જે તે સમયના સન્માનનીય મુખ્યમંત્રીએ એક મેગા મેટ્રો રેલ સેવા અમદાવાદ અને ગાંધીનગર ૨૦૧૦માં એની સ્થાપના કરી છે. આજે અમદાવાદના ઘણાબધા ધારાસભ્યો અહીંયા બેઠા છે. ઘણાબધા બહારગામના ધારાસભ્યો પણ અમદાવાદમાંથી પસાર થતા હશે તો જોતા હશો કે અહીંથી સાબરમતી જશો તો મેટ્રોનું કામ ચાલુ

છે. આ બાજુ વસ્ત્રાલ જશો તો મેટ્રોનું કામ ચાલુ છે. વાસણા જશો, એપરલ પાર્ક જશો, બધે મેટ્રોનું કામ ચાલુ છે. મને ગૃહને કહેતા આનંદ થાય છે અને મને ચોકકસ વિશ્વાસ છે જે રીતે નરેન્દ્રભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકાર કરેલા કામો છે, મેટ્રોનો પહેલો ફેઝ ૬.૫ કિલોમીટરનો એ આવનારા દિવસોમાં ટૂંક સમયમાં ચાલુ થવાનો છે અને અમદાવાદની જનતાને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર મેટ્રોનો પહેલો ફેઝ આપવાનો છે. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા છે એમના વિસ્તારમાંથી નીકળે છે અને અમારા હિંમતસિંહભાઇ મારા મિત્ર સાથી છે એમના ઘર પાસે તો સ્ટેશન પણ છે ૬.૫નો પહેલો કોરીડોર એ આવનારા દિવસોમાં ટુંક સમયમાં ચાલુ થવાનો છે. મારો કહેવાનો આશય વિસ્તાર અને મહાનગરની જનતાને આવી રીતે એક ટ્રાન્સપોર્ટ કે પરિવહનની સેવાઓથી પરિપૂર્ણ કરવા માટે અને સાથે ઇન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ છે. મેટ્રોમાં જયાં ઉતરશો, બાજુમાં બી.આર.ટી.એસ.નું બસસ્ટેન્ડ હશે. ત્યાં બી.આર.ટી.એસ.નું બસસ્ટેન્ડ પણ હશે, પાર્કીંગ પણ હશે અને ત્યાંથી આવનારા દિવસોમાં તમે તમારા ગંતવ્ય સ્થાન ઉપર પહોંચી શકશો. જે ૬.૫ કિલોમીટરનો હિસ્સો છે એમાં ગુજરાત સરકારની પણ ૫૦ ટકાની ભાગીદારી છે અને ભારત સરકારની પણ ભાગીદારી છે. ૧૦૭૭૩ કરોડ રૂપિયાનો આ પ્રોજેકટ એ ગુજરાતમાં અમદાવાદ શહેરમાં થઇ રહ્યો છે ત્યારે સ્વાભાવિક રીતે બળદેવજીભાઇ, ગુજરાતમાં અને અમદાવાદમાં લોકો અમદાવાદ તરફ આકર્ષાય છે. આ પ્રોજેકટ મેં કીધું કે ૨૦૧૮ માં પૂરો થઇ જશે. આવનારા દિવસોમાં ૬૦૬૬ કરોડની જાયકાએ લોન આપી છે . લોનની પણ નાણામંત્રીએ ઘણી વખત વાત કરી છે કે શાહુકારને જ લોકો ધીરતા હોય છે અમને અમારા કામ ઉપર વિશ્વાસ છે એટલે ૬૦૬૬ કરોડની લોન પણ પાસ થઇ છે અને જેનો મુખ્ય ભાગ બાંધકામ માટે ઉપયોગમાં થવાનો છે. પ્રોજેકટનો અમલ હોય, આટલો મોટો પ્રોજેકટ લીધો હોય તો એના માટે જરૂરી જમીનનું સંપાદન પણ કરવાનું હોય છે. મને કહેતા આનંદ થાય છે કે સરકારના વિવિધ ભાગો મહેસૂલ હોય કે અન્ય હોય, મહાનગર હોય ત્યાં જરૂરી સૂચનો લઇ, જરૂરી સાથે બેસી ચર્ચા કરી અને બધી જમીન સંપાદનની કાર્યવાહી નવેમ્બર–૨૦૧૬ સુધીમાં લગભગ પૂર્ણ થઇ છે. નોર્થ સાઉથ કોરીડોરમાં એક પશ્ચિમ રેલ્વેની હયાત લાઇન, સમજજો આ અમદાવાદમાં પહેલું એવું શહેર છે જયાં નીચે રેલવે લાઇન પણ છે ઉપર મેટ્રો પણ બનશે અને એના પછી ફરીવાર રેલ્વે લાઇન પણ બ્રોડગેજ બનવાની છે અમદાવાદ– બોટાદ થઇને સૌરાષ્ટ્ર તરફ જતી. મેટ્રોના બાંધકામ માટે ઓપન ટેન્ડર ભરાય છે. મેટ્રો માટે ખૂબ ચર્ચા થઇ હતી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રી અને રમતગમત મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સહકાર વિભાગ એટલે આઝાદી પહેલા સો વર્ષથી સહકાર ચાલે છે. વિના સહકાર, નહીં ઉદ્ધાર એક આપણી વ્યાખ્યા હતી . એકબીજાને હાથ મિલાવી, એક બીજાને સપોર્ટ કરવાની એ વિના સહકાર નહીં ઉદ્ધાર પણ મારે ચોકકસ કહેવું પડશે કે આ સુત્રને હવે વિના સરકાર નહીં ઉદ્ધાર એવું આજે મને દેખાઇ રહ્યું છે. સહકારની પ્રવત્તિની સો વર્ષ પહેલા જયારે શરૂઆત થઇ. મારે આજે ચોક્કસ કહેવું પડશે ગુજરાત ૧૯૬૧ માં મહારાષ્ટ્રથી જુદુ પડ્યું. સહકારને એટલો બધો સપોર્ટ સરકારે કર્યો કે લોકોથી, લોકો વડે ચાલતો આખો એક વિભાગ અલગ. મારે દુઃખ સાથે કહેવું પડશે કે આજની તારીખે સહકાર લોકોનો નહિ, સરકારનો થઇ ગયો છે. ડો. મનમોહનસિંહને મારે આજે યાદ કરવા પડશે. રાઇટ ટુ ઇન્ફર્મેશન, આર.ટી.આઇ. જ્યારે નક્કી કર્યુ ત્યારે સહકાર વિભાગને બાકાત રાખવામાં આવ્યો હતો. સહકારની તમને કોઇપણ માહિતી નહિ મળે. લોકો સભાસદ સીધો હશે એ માગી શકશે. હું અમૂલ સાથે છેલ્લાં ૧૧ વર્ષથી સંકળાયેલ છું. મારે સહકારી પ્રવૃત્તિમાં દૂધની વાત કરવી છે. ગુજરાતમાં ૩૦ લાખ સભાસદો એવા છે કે અમૂલના નામે પર ડે ૧ લિટર, ૨ લિટર, ૩ લિટર, ૪ લિટર દૂધ આપે છે. ૩૦ લાખ એટલે એના ફેમિલીની સંખ્યા ગણીએ તો ગુજરાતમાં ૧.૨૦ કરોડ લોકો દરરોજ સહકારી પ્રવૃત્તિ સાથે એના મનથી દૂધ આપે છે. કેવું દૂધ ગુજરાતમાં? કયારેય ન ભૂતો, ન ભવિષ્યતે. આપણે બધા એ સાથે મળીને વિચારવું પડશે. એક દીકરો, દીકરીને જ્યારે ભૂખ લાગે ત્યારે પોતાની માને એવું કહે કે દૂધ આપજે. અને મા ને જ્યારે મોકલે ત્યારે કહે કે અમૂલનું દૂધ લઇને આવજે. આ ગુજરાતનું અમૂલ કઇ દિશામાં જઇ રહ્યું છે? ૧૮ સંઘો ગુજરાતમાં ચાલે. ખાસ કરીને સૌરાષ્ટ્રના પોરબંદર હોય, અમરેલી હોય અડલટરેશન વાળું એટલું બધું ખરાબ દૂધ આવે. રોકશે કોણ? આપણે રોકવું પડશે. કોઇ કોંગ્રેસ, ભાજપ નહિ. આપણે માનવજાત સાથે ચેડાં કરી રહ્યા છીએ. રાજસ્થાનથી દૂધ આવે, અમૂલના નામે. અમૂલની કોઇ પેટર્ન નહિ. વેપારી પાસેથી ડાયરેકટ ઉઘરાવી લેવાનું અને અમૂલના નામે દૂધ આપવાનું. આ દેશના વડાપ્રધાન જ્યારે વિદેશમાં જાય ત્યારે અમૂલની વાત કરે છે. ડો.વર્ગીશ કુરિયન, ત્રિભોવન કાકા, સરદાર સાહેબ ૧૯૪૬ માં અમૂલની સ્થાપના કરી. આજે ૨ કરોડ ૧૦ લાખ લિટર પર ડે સહકારી પ્રવૃત્તિથી દૂધ આવે છે. ગઇ સાલ કરતા ૧૯ ટકાના ગ્રોથ સાથે આગળ વધી રહ્યા છીએ. આપણા ઓડિટરો શું કરે છે? કોઇ કો–ઓપરેટિવ સંઘમાં જઇને કયારેય સાચું ઓડિટ કર્યુ ખરું? આપણે કરવું પડશે. આપણે નહિ કરીએ તો કોણ કરશે? હમણા અગાઉ વાત થઇ. અગાઉ વાત થઇ કે બહેન કહેતા હતા કે આપણે કાયદો કરીએ છીએ. તો આપણી પણ વ્યકિતગત જવાબદારી થાય છે. બધા સાથે ચેડાં થાય, પણ માનવજાત સાથે ક્યારે ય ચેડાં ન થાય. હું હોઉં કે તમે, એનો પ્રયત્ન કરવો પડશે. સાહેબ, પોરબંદર, અમરેલી સંઘમાં તો ખાસ કેમ કે ઘણી વખત દૂધ પકડાયું છે. આવા સંઘો બંધ કરી દેવા જોઇએ. શા માટે અમૂલના નામે કરીએ છીએ? અમૂલની બ્રાન્ડ એટલે કેવી? કરોડો નહિ, અબજો નહિ, એની કોઇ કિંમત નહિ. અમૂલ્ય. ડો. વર્ગીસ કુરિયન મૂકીને ગયા છે,તે બ્રાન્ડ નહિ હોય તો શું? એક કરોડ ૨૦ લાખ લોકો બેઘારા બની જશે. ૮૦ ટકા લોકો ખેતમજદૂરો છે. દરરોજ ૧–૧ લિટર દૂધ આપે છે. એના ઉપરથી વિશ્વાસ ઉઠી જશે, ત્યારે દૂધ જશે કયાં? આપણે બધાએ નક્કી કરવાનું છે. મારે અમૂલની થોડી વાત કરવી છે. ઘણી વખત મંત્રીશ્રીને મળ્યો છું. એ પોઝિટિવ છે. એમાં ભ્રષ્ટાચારનું લાગે છે તેના માટે અધિકારીને કહેવું પડશે. બોર્ડમાં અમુક વખતે લેવામાં નથી આવતું, ત્યારે એની સાચી

તપાસ થવી જોઇએ. સાચી તપાસના આધારે ગુણદોષી અધિકારીને એમાંથી કાઢી મૂકવા પડશે. અહીંયા માર્કેટ યાર્ડની વાત કરવી છે. રાજ્ય સરકારે ૨૦૧૫-૧૬ માર્કેટ યાર્ડોને જમીન આપવાની વાત કરી હતી. માનનીય મંત્રીશ્રી કહે છે અમારા વિભાગમાં નથી આવતું. રેવન્યુમાં આવશે, એટલે રેવન્યુને ભલામણ કરે. સરકારે પરિપત્ર કર્યો છે. પ્રાઇવેટ કોલ્ડ સ્ટોરેજ અમારા જિલ્લામાં ખાસ કરીને ૧૦૦ જેટલા છે. માર્કેટયાર્ડોને આપણે કોલ્ડ સ્ટોરેજ માટે સહાય કરીએ છીએ. જમીનો નથી, સરકારે પરિપત્ર કર્યો છે કે જે તાલુકામાં સરકારી જમીનો હશે ત્યાં આપવામાં આવશે. અમે ઘણા સમયથી માગણી કરી છે, અમે પૈસા ભરવા તૈયાર છીએ. ખેડૂતો માટેની વાત કરું તો અમારા વિસ્તારમાં બટાટાની ખેતી થાય છે, માર્કેટયાર્ડમાં પણ આવે છે. ખાસ કરીને મારા બોરસદ માર્કેટયાર્ડની વાત કરવી છે. તેનો હું છેલ્લા અઢાર વર્ષથી ચેરમેન છું. બોરસદ શહેરમાં અમારું માર્કેટયાર્ડ છે. નગરપાલિકાએ અમને નોટિસ આપી કે આ માર્કેટયાર્ડ બંધ કરી દેવું જોઇએ. પોલીસે પણ અમને કહ્યું કે આ માર્કેટયાર્ડ બંધ કરી દેવું જોઇએ. સરકારે અમને પૈસા આપ્યા એટલે અમે બહાર માર્કેટયાર્ડ બનાવ્યું. તેમ છતાં આજદિન સુધી જૂનું માર્કેટયાર્ડ બંધ કરવામાં નથી આવ્યું. સરકારે સ્ટે આપ્યો, શા માટે આપ્યો? એક પોલિટીકલ રીઝન. લોકો માટે નહીં, કોઇ એક આવે અને સરકારને કહે કે આ તો કોંગ્રેસની એ.પી.એમ.સી. છે. સરકારના પૈસા ત્યાં બગડયા છે. દોઢ કરોડ રૂપિયાનું માર્કેટ આપણે બનાવ્યું છે. અગિયાર અગિયાર વેપારીઓને આપણે જાહેર હરાજીથી દુકાન આપી છે. માર્કેટયાર્ડ છેલ્લા અઢી વર્ષથી બંધ છે. માનનીય સહકાર મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ચોકકસ આની તપાસ કરાવે. વહેલામાં વહેલી તકે બોરસદનું જે જૂનું માર્કેટયાર્ડ હતું તે બંધ કરાવે. ઉંઝા માર્કેટયાર્ડ એ એશિયાનું પ્રથમ નંબરનું છે. મારી પાસે માહિતી છે ત્યાં સુધી અને કદાચ હું ખોટો પણ હોઇ શકું બ્રાહ્મણવાડાની જમીન શ્રી સરકારની હતી. એ.પી.એમ.સી.ને આપી દીધી. રાતોરાત તેના ભાવ ઘટાડી દીધા. મંત્રીશ્રી તેની તપાસ કરાવડાવે. ખાસ કરીને ગરીબ સામાન્ય માણસની જમીન જેણે શ્રી સરકાર લાગેલી હોય અને ફરી પાછા તમે ભાવ ઘટાડીને એ.પી.એમ.સી.ને આપી દો તો આમાં કરોડો રૂપિયાનું લોકોને નુકશાન જવાનું છે. સહકારી પ્રવૃત્તિ એટલા માટે છે કે આપણે એકબીજાને સહયોગ કરી શકીએ. ગુજરાત મોડલ સહકારી પ્રવૃત્તિમાં આ દેશમાં સૌથી શ્રેષ્ઠ મોડલ હશે. હું ચોક્કસ કહીશ કે આપણે બધા શરૂઆતથી નહીં જાગીએ તો મને યાદ છે ત્યાં સુધી ૨૦૦૩માં સહકારી બેન્કો તૂટી ગઇ હતી, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર, કરોડો રૂપિયા લોકો ખાઇ ગયા, કેટલાય જેલમાં ગયા શું થયું સાહેબ? રાષ્ટ્રિયકૃત બેંકો છે આજે એવી પરિસ્થિતિમાં છે. સહકારી બેન્કો તૂટી ગઇ હતી સો-સો વર્ષથી ચાલે છે ત્યારે આપણે તેનો ખ્યાલ રાખવો પડશે. માનનીય સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે અને મેં મારા વિચારો રજૂ કર્યા છે તેને ચોકકસ અનુમોદન આપશે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય રાજેન્દ્રસિંહ પરમાર તમે બે મિનિટ વહેલું પૂરું કર્યું. તમને અભિનંદન આપીએ તેનાથી વધારે અભિનંદન આ સભાગૃહને આપીએ કે આપના પ્રવચન વખતે કોઇએ તમને ડીસ્ટર્બ નથી કર્યા. તમે એકપણ શબ્દ અસંસદીય વાપર્યો નથી ધન્યવાદ.

શ્રી હિતુ કનોડીયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૯૮ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ દુનિયામાં સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે. આ સદી છે તે યુવાશક્તિની સદી છે. યુવાશકિતના જ્ઞાન અને કૌશલ્યની સદી છે. આ શકિતને વધારે પ્રેરણા આપવા માટે અને આ યુવાધનમાં પડેલી સુષુપ્ત શક્તિઓને વધારે ઉજાગર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર સતત ચિંતિત રહી છે. એટલા માટે છેલ્લા અઢાર વર્ષોમાં ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની જે સરકાર છે અને ત્યારે અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારથી લઇને અત્યારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ સતત તેની ઉપર ચિંતા કરીને આ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ ઉપર કાર્યશીલ રહ્યા છે. અનેક યોજનાઓ હેઠળ આ યુવાનોની સાંસ્કૃતિક વારસાની પ્રતિભા છે તે વિશ્વ સમક્ષ ઉજાગર કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વિભાગને યુવા સશક્તિકરણના મુખ્ય પ્રવાહની નિર્ણાયક ભૂમિકામાં મૂકી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના જે ચાર મહત્વના આધાર સ્થંભ છે એવા પારદર્શીતા, સંવેદનશીલતા, નિર્ણાયક્તા અને પ્રગતિશીલતા જે છે એવા જાજરમાન ચાર દિશામાન જે પ્રયાસો સરકાર કરી રહી છે તેના માટે સરકાર ખૂબ કટિબદ્ધ છે. વિકાસના આ વિજય માર્ગમાં વિશ્વાસના અજવાળા પાથરવા માટે આ રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગે કમર કસેલી છે. આપણું ગુજરાત વિકાસના ઘણા બધા ક્ષેત્રે અગ્રેસર છે અને એવી રીતે આ વિભાગમાં પણ એ ખૂબ આગળ વધીને રાષ્ટ્રીય કક્ષાએ, રાષ્ટ્રીય લેવલે આ યુવા ખેલાડીઓ આજે આગળ વધે તેના પૂર્ણ પ્રયાસો આ સરકાર કરતી રહી છે અને કાર્યક્રમો યોજનાઓ થકી રમત ગમતમાં છેવાડાના માણસો ભાગ લઇ શકે એવી પૂર્ણ કોશીશ કરી રહી છે. રાજયમાં ખેલલક્ષી વાતાવરણ નિર્માણ કરવું, રમત ગમત ક્ષેત્રે દરેક રમતવીરો માટે અનુરૂપ સુવિધાઓ આપવી, પ્રોત્સાહન આપવું તથા સ્પર્ધાત્મક વાતાવરણ નિર્મિત કરવું, રમતની સભાનતા દ્વારા તંદૂરસ્ત સમાજનું નિર્માણ કરવું, ખેલ ક્ષેત્રે શ્રેષ્ઠતા સાથે રાષ્ટ્રીય ભાવના અને ભાઇચારાની ભાવનાની કેળવણી કરવી, રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય ખેલ ક્ષેત્રે ગુજરાતને આગળ લઇ જવા આ વિભાગ શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં એકલવ્ય સિનિયર-જૂનિયર એવોર્ડ હોય, સરદાર પટેલ સિનિયર-જૂનિયર એવોર્ડ હોય, જયદિપસિંહજી સિનિયર-જૂનિયર એવોર્ડ હોય એ માટે જોગવાઇ કરી છે અને ખેલ ખેલાડીઓને પુરસ્કાર મોમેન્ટોથી સન્માનીત કરવામાં આવેલ છે. જે.એફ.આઇ. દ્વારા યોજાતી અંદાજીત ૧૮૦ જેટલી રમતો તાલુકા, જિલ્લા અને

રાજય કક્ષાએ સ્પર્ધાઓ યોજી રમતનું મહત્વ જીવનમાં સાકાર કરવાનો અભિગમ કેળવવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા તાલુકા કક્ષાએ જીમ સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે અને આ જીમ સેન્ટરોમાં સાધનો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આંતર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને રૂ.૭૫ હજારની સહાય પણ કરવામાં આવે છે. આ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ કલા, સાંસ્કૃતિ, સાહિત્ય જેવી વિવિધ પ્રવૃતિઓ કરી રહ્યું છે. જયાં સાહિત્ય, સંસ્કૃતિ અને ભક્તિની શક્તિ છે અને જયાં સમર્પણનો ખજાનો છે એવી આ ગરવી ગુજરાત છે અને એવો જ મારો વિસ્તાર ઇડર પણ છે, જયાં ઘણાં બધા ભક્તિમય તિર્થસ્થાનો છે અને ઘણાં બધા મોન્યુમેન્ટ્સ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત તહેવારને એક ઉત્સવની જેમ હંમેશાથી મનાવતું આવ્યું છે અને ગુજરાતની પ્રજા ઉત્સવો મનાવે છે કારણ કે, ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે. ભલે વિરોધીઓ કહેતા હોય છે કે આ લોકો તો ઉત્સવો જ મનાવ્યા કરતા હોય છે, પણ પ્રજા માટે કારણ કે એની અંદર, જેમ કે નવરાત્રી મહોત્સવ હોય, ઉત્તરાયણ મહોત્સવ હોય તો એ સમયે પતંગોત્સવ મનાવવામાં આવે છે. સોમનાથ મહોત્સવ, ડાકોર મહોત્સવ, ખોડિયાર મહોત્સવ, સિદ્ધપુર ખાતે માતૃવંદના મહોત્સવ, દ્વારકા મહોત્સવ, અંબાજી મહોત્સવ, ઉના મહોત્સવ, શામળાજી મહોત્સવ, ચોટીલા મહોત્સવ આ બધા પ્રજા માટે ખૂબ સારી રીતે ઉજવી શકાય એવું ભવ્ય આયોજન સરકારનો આ વિભાગ હંમેશા કરતું હોય છે અને એને કારણે આખા ગુજરાતને દેશ-વિદેશના ફલક ઉપર મૂકી દીધું છે અને બધા લોકો એ જોવા માટે આવતા હોય છે અને ટૂરિઝમને એનાથી ખૂબ મોટો ફાયદો થતો હોય છે અને ખૂબ લોકોને એનાથી રોજગાર પણ મળતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ભલે બધા કહેતા હોય કે આ ઉત્સવપ્રિય સરકાર છે અને માત્ર આજ બધું કરતી હોય છે પણ એનાથી હજારો કલાકારોને પણ કામ મળતું હોય છે. આ વિભાગ જેટલું સ્પોર્ટસ અને ઉત્સવોમાં માને છે એટલું જ સંસ્કૃતિ અને લોકકલાને પણ જાળવી રાખે છે. હમણા થોડા દિવસ પહેલા વસંતોત્સવ થયો, ગાંધીનગરના સાંસ્કૃતિક કૂજમાં બહુ જ સરસ રીતે એનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યાં હું મારા પરિવાર સહિત ગયો હતો ત્યાં જે કલાનું એક આખું ગૃપ હતું એના અમૂક માણસો મારી પાસે આવ્યા અને મારી પાસે આવીને હાથ જોડીને કહેવા માંડ્યા કે, ભલું થજો આ સરકારનું કે અમારા જેવા નાના કલાકારોને આટલી મોટી ઉપસ્થિતિ છે અને આટલા બધા લોકો આવ્યા છે અને આટલું ભવ્ય જે મંચ છે એની ઉપર અમને અમારી કલાનું પ્રદર્શન કરવાનો મોકો મળ્યો છે. એ લોકો હતા તૂરી બારોટ જે લોકો ભવાઇ કરતા હોય છે એવા લોકોને પણ આ સંવેદનશીલ સરકાર છે જે એને રોજગારી આપે છે, કામ આપે છે અને એની કલાને પ્રદર્શિત કરવાનો મોકો આપીને આ સંસ્કૃતિ આપણે જે જાળવી રાખવા માગીએ છીએ એ કામ પણ આ વિભાગ કરી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ વાત સાથે એટલા માટે રીલેટ કરી શકું છું કારણ કે, મારા પપ્પા શ્રી નરેશ કનોડિયા હોય કે એમના મોટા ભાઇ શ્રી મહેશ કનોડિયા હોય એ લોકો ખૂબ ગરીબીમાં હતા અને એ લોકો પાસે કશું જ ન હતું માત્ર એક કલા હતી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, વિરામનો સમય થયો છે.

( વિ રા મ સાંજના ૫-૦૦ થી ૫-૩૦)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સહકાર વિભાગને લગતી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું, ગુજરાત રાજ્ય સહકારી ક્ષેત્રે ખૂબજ આગળ પડતું સ્થાન ધરાવે છે, પરંતુ છેલ્લાં કેટલાક વરસોથી સહકાર ક્ષેત્રમાં રમતના ગંદા રાજકારણને લીધે આજે વિશ્વાસનો અભાવ પ્રવર્તે છે. સહકાર ખાતા દ્વારા અપાતી સહાય, વ્યાજ સહાય કે લોન એવી કોઇપણ બાબતમાં લાગવગ વગર ખેડૂતોને કે આમજનતાને મળતી નથી, પરિણામે પોતાની જરૂરિયાત સંતોષવા માટે રાષ્ટ્રીયકૃત બેન્કોમાંથી લોન લેવી પડે છે, આ બેન્કોમાંથી રૂપિયા ૩ લાખની લોન મળે છે, પરંતુ સહકારી ક્ષેત્રમાં ૩ લાખ રૂપિયાની જો લોન મળે તો સરકારે જે કાયદાઓ નક્કી કર્યા છે એનો લાભ ખેડૂતોને સારી રીતે મળી શકે. સહકારી મંડળીઓને જો લોનની મર્યાદા વધારી આપવામાં આવે તો નાના ખેડૂતોને તેનો ઘણો લાભ મળી શકે તેમ છે તેથી આ બાબતે રાજ્ય સરકાર વિચાર કરશે એવી હું અપેક્ષા રાખું છું. સહકારી પંચમાં આવતા કેસોનો ભરાવો થયો છે. પ્રતિવર્ષ તેવા કેસોનો ભરાવો વધતો જાય છે. પરિણામે વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા સામાન્ય પ્રજાને ખૂબ હેરાન થવું પડે છે.

ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલમાં વર્ષ-૨૦૧૭ ના ૩૦૦૦ થી વધુ કેસો પેન્ડિંગ છે. તેથી સહકાર પંચમાં આવતા કેસોનો ઝડપથી નિકાલ થાય તે અંગે વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ અપેક્ષા રાખું છું.

સહકારી મંડળીઓનું ઓડિટ કરવામાં ઘણી બેદરકારી રાખવામાં આવતી હોય છે. પરિણામે ઘણી સહકારી મંડળીઓમાં નાણાકીય ગેરરીતિ અને ઉચાપતના કિસ્સા બને છે. આવા કિસ્સા ન બને તે માટે તંત્ર દ્વારા ચોકસાઇ રાખવામાં આવે તે જરૂરી છે. તેથી જો કોઇ સહકારી મંડળીમાં ગેરરીતિ કે નાણાકીય ઉચાપત થાય અને ઓડિટ દરમિયાન એને માલુમ ન પડે એવા અધિકારીઓને પણ જવાબદાર ઠેરવી અને એની સામે પણ આ સરકારે પગલાં લેવા જોઇએ.

સહકારી મંડળીઓ દ્વારા ધિરાણ આપવામાં ખૂબજ ભેદભાવ રાખવામાં આવે છે. માનીતા મળતિયાઓને સરળતાથી સહાયની લોન મળે છે, જ્યારે સામાન્ય લોકોને લોન મેળવતા આંખે પાણી આવી જાય છે, આવી ભેદભાવવાળી નીતિ નાબૂદ કરવા અંગે સરકારે કડક પગલાં લેવા જોઇએ. ખેડૂતો પોતાના ખેતરમાં પાકેલા અનાજ તથા અન્ય પાકોને રાખી શકે તે માટે ગોડાઉન બનાવવા માગતા હોય તો તેવા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં લોન મળે, એમાં સબસિડી મળે જેથી ખેડૂતોએ પકવેલો માલ પોતાના ગોડાઉનની અંદર અથવા અન્ય ગોડાઉનની અંદર એ માલ મૂકે તો એને પૂરતા પોષણક્ષમ ભાવો મળી શકે.

હાલની પરિસ્થિતિ એવી છે કે સરકાર ટેકાના ભાવ જાહેર કરે છે ખરી, સવારે ઘઉંની વાત કરી, મંત્રીશ્રી ઉભાં થયા, પણ અમારા નેતાએ પુછ્યું તો એનો જવાબ નહિ આપી શક્યા. કદાચ હવે પછી જવાબ આપે તો સારું. અમારે ત્યાં ઘઉંનો બહુ મોટો પાક છે. ૧૭૪૩ રૂપિયા ટેકાનો ભાવ સરકારે બાંધેલ છે, આજે ૧૫૦૦ રૂપિયે પણ કોઇ વેપારી ઘઉં લેતાં નથી, ટેકાના ભાવ બાંધવાના, મિડિયા માર્કેટીંગ કરવાનું, બધી જાહેરાતો કરવાની, અહીંયાથી આ મિત્રો એની વાહવાહ કરે, પણ પછી ખરીદી ન થાય તો એ શરમજનક બાબત છે. તો ટેકાના ભાવે ખરીદ કરવાની શરૂઆત કરવી જોઇએ.

મારે ત્યાં તારાપુર એ.પી.એમ.સી.માં કિસાન કલ્પ યોજના અને આર.કે.વાય. ની જે યોજના છે એમાં ૨૦૧૦-૧૧માં રૂપિયા પાંચ કરોડની ઉચાપત થઇ. આપણે અહીંયા જે તે વખતે મંત્રીશ્રી હતા બાબુભાઇ બોખીરીયા સાહેબ, એમની પાસે રજૂઆત કરવા ગયો કે મારે ત્યાં તારાપુર માર્કેટયાર્ડની અંદર પાંચ કરોડ રૂપિયાની ઉચાપત થઇ છે. તો સહકાર મંત્રી તરીકે મારી વાત એમણે હસી નાંખી, એમને ખબર નહોતી કે હું કઇ પાર્ટીનો ધારાસભ્ય છું, મને એમણે જવાબ આપ્યો, આ સત્ય હકીકતની વાત કરું છું. એમણે કહ્યું કે આ બધા આપણા જ છે ને, શું કરવાનું આમાં? શું પગલાં લેવાના એમાં?, પાંચ કરોડ રૂપિયાની ઉચાપત થઇ એટલે અમે અરજી કરી ડી.આર. ને. એના બિલો બનતા હતા તે પહેલાં, નિયામકશ્રીએ ચેકમાં સહી કરી. તે પહેલાં અમે લેખિત વાંધાઓ રજૂ કર્યા અને તેમ છતાંય નિયામક તરફથી એવો જવાબ મળ્યો કે સદર કામમાં કોઇ વિસંગતતા નથી. ત્યાર પછી સાહેબ અમે વળગ્યા અને વળગ્યા રહ્યાં અહીંયા અમને બાબુભાઇ બોખીરયા સહકાર મંત્રીશ્રીનો જવાબ સાંભળીને ખ્યાલ આવી ગયો કે અહીંયા આપણને ન્યાય નહીં મળે. ફરી ગાંધીનગર અરજી કરી અને ૨૭-૫-૧૪ નિયામકશ્રીએ જિલ્લા રજિસ્ટ્રારને તપાસ કરવાનો હુકમ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી બહુ સમજવા જેવી બાબત છે ૪-૧૨-૧૪નાં રોજ ડી.આર.એ.એ તપાસની અંદર ૬૧ લાખ ૪ હજાર ૬૭ રૂપિયાની ઉચાપત જાહેર કરી. પારદર્શક વહીવટની વાત કરે છે અને અહીંયા મંત્રીઓ પણ ખાતરી આપે છે કે અમે એક પણ ગુનેગારોને છોડવા માગતા નથી. અમારા હોત તો ચાર દિવસમાં જેલમાં ઘાલી દીધા હોત જયારે આજે હું ૨૦૧૦-૧૧ની વાત કરું છું એ તપાસને ૭ મહિના થયા આ ૬૧ લાખની અને આ બહુ સમજવા જેવી બાબત છે ચોથા ધોરણમાં ભણતાં વિદ્યાર્થીને જો આ તપાસ આપવામાં આવે તો ચાર કલાકની અંદર આ પાંચ કરોડનો ભ્રષ્ટાચાર દીવાની જેમ દેખાય આવે એવો ભ્રષ્ટાચાર છે પણ કયાંક અને કયાંક અહીંયાથી ભ્રષ્ટાચાર થયો છે મંત્રી કહેશે કદાચ, •(×××)થયો છે, એમના સગાંઓમાં થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ભ્રષ્ટાચાર કેવી રીતે થયો છે ? એપીએમસીના હોદેદારો,

અધ્યક્ષશ્રી : આ *(×××)થયો છે એવું કહીને સભામાં (અંતરાય) ના, ના એક મિનિટ સાંભળી લો આ અસંસદીય વાત છે. સંદિગ્ધ વાત મૂકીને જવી એ કોઇના પર પણ આરોપ લાગી શકે છે. એટલે આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે કાં તો તમે પુરાવો રજૂ કરો અને કાં તો પછી તમે એ વાતને છોડી દો, આટલી નાની વાતને છોડી દો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે તમામ પુરાવા છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને આપજો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, લેખિતમાં આપીશ હું મંત્રીશ્રીને મળ્યો હતો. ત્યાર પછી સાહેબ પાંચ કરોડના ભ્રષ્ટાચારની અંદર તેની તપાસમાં પેલી ખો જેવી રમત ચાલુ થઇ ૩૦-૯-૧૫ના રોજ જિલ્લા રજીસ્ટ્રાર, આણંદને ફરી પૂર્તતા કરવા મોકલ્યું. આ પછી એનો એ રજીસ્ટ્રાર એડી એપીએમસી એની એ યોજના, આર.કે.વાય યોજના, એ જ કાગળો, એ જ પેપરો અને પછી ડી.આર.નો તપાસનો પૂર્તતાનો તેમાં ૯૩ લાખ ૪૩ હજાર ૯૪૨ની ઉચાપત આવી. આ એ જ કેસ નવ મહિના પછી અને પછી સરકારને વિનંતી કરી કે હવે આટલી તો ઉચાપત આવી છે કરોડ સુધી તો આવી છે પાંચ કરોડની ભલે ના આવી તો ફરિયાદ દાખલ થાય. સાહેબ ફરિયાદ સરકારમાંથી દાખલ ના થઇ અને આ ન થવાના કારણો માનનીય મંત્રીશ્રી આપશે એ બધો કેસ જાણે છે. આ ફરિયાદ દાખલ ના થઇ અને અમને લાગ્યું કે અહીંયા ચોકીદારોની સરકાર.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જાણે છે એમ નહીં મંત્રીશ્રી જાણતા હશે તો આપશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : જાણે છે સાહેબ હું મળ્યો હતો. આ ચોકીદારોની સરકાર મને એમ લાગ્યું કે કંઇક અને કંઇક આ ભ્રષ્ટાચારની અંદર કદાચ ભળેલાં હોય એટલે મને ન્યાય નહીં મળ્યો. આ ફરિયાદ કરવા માટે હાઇકોર્ટની અંદર જાહેર હિતની રીટ ત્રણ વખત સાહેબ ફરિયાદ દાખલ કરવા માટે હાઇકોર્ટમાં રીટ દાખલ કરવી પડી.

અધ્યક્ષશ્રી : અત્યારે પેન્ડીંગ છે ?

શ્રી પુનમભાઇ મા. પરમાર : ના, સાહેબ તેનું જજમેન્ટ આવી ગયુ અને પોલીસ સમક્ષ ગુનો દાખલ કરવા હુકમ પણ કર્યો. પરિસ્થિતિ એવી છે કે આ ઉચાપતનો રેલો અહીંયા ગાંધીનગર સુધી પહોંચેલો છે. અને ગાંધીનગર સુધી પહોંચેલો છે એટલે કેટલાક અધિકારીઓ, કેટલાકના દબાણોના કારણે ખોટી સહીઓ ચેકોમાં કરી અને આ ભ્રષ્ટાચારની અંદર મદદો કરેલી છે. અને એ ફરિયાદની અંદર ના આવે એટલા માટે આ તપાસની અંદર ઠાગાઠૈયા ચાલુ થઇ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી અપેક્ષા રાખવી છે કે, આ ગુનો દાખલ થાય અને બાકી રહેલાં તહોમતદારો ફરિયાદની અંદર ઉમેરાય. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના પૈસા છે. ખેડૂતોના હિત માટે વપરાવાના હતા. ખેડૂતોના ગોડાઉન માટે વપરાવાના હતા. એ પૈસાનો ભ્રષ્ટાચાર થયો છે. એ ભ્રષ્ટાચારની અંદર જે સામેલ અધિકારીઓ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. એ અધિકારીઓ સામે ગુનો દાખલ નહિ થાય તો જેણે ભ્રષ્ટાચાર કર્યો છે એ બચી જશે. જે ભ્રષ્ટાચાર થયો છે એમાં ચેકથી પૈસા લીધા છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા અનુદાન માટેની માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું. સરકાર બનાવવા માટે લોકશાહીની પ્રક્રિયા પ્રમાણે ચૂંટણી થાય અને જ્યારે સહકારી ક્ષેત્ર ઉપર પણ લોકશાહી પદ્ધતિથી સહકારના મૂળ સિદ્ધાંતોને, લોકશાહીના અંકુશને અપનાવવા માટે એની મંડળીના સભાસદો, મંડળીના કમિટી સભ્યો, મંડળી દ્વારા ચાલતી આ સહકારી પ્રવૃત્તિઓની અંદર આજે સરકાર અને સહકાર એ સિક્કાની બે બાજુઓ છે. મને આજે વાત કરતાં આનંદ થાય કે, રાજ્યમાં કુલ ૭૫,૯૬૭ મંડળીઓ છે. ગુજરાતની રાજ્ય સહકારી બેંક એક છે અને ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો છે ત્યારે ૯,૦૦૦ પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓ છે. આ સહકારી માળખું ‘ન ભૂતો, ન ભવિષ્ય’ જેવું છે. અમારા રાજુભાઇ અને પૂનમભાઇએ જે વાત કરી એમાં મારે પક્ષાપક્ષીથી દૂર રહીને એક વાત કરવી છે કે, ૨૦૦૦ની અંદર હું ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટીવ બેંકનો ચેરમેન બન્યો ત્યારે હું મારો જ પુરાવો આપું કે હું ગર્વથી કહું છું કે, તે વખતે હું જિલ્લા કોંગ્રેસનો પ્રમુખ હતો અને નરેન્દ્ર મોદીજી ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાને પક્ષાપક્ષીથી પર રહીને હું કોંગ્રેસનો માણસ છું એવું ક્યારેય નથી કર્યું અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહજીએ મને બરાબર યાદ છે તે વખતે ડિસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ બેંક વીંગ બેંકમાં હતી. મારા બંને મિત્રો જે બોલ્યા એના માટે હું મારા વિચારો ખુલ્લા મૂકું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર ક્યારેય પણ પક્ષાપક્ષીનું રાજકારણ નથી કરતી. સમગ્ર ભારતમાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિ વખણાય છે. એનું જો કોઇ મૂળ કારણ હોય તો બેંકનું અર્થતંત્ર છે. ખેડૂતો દુ : ખી થાય, મંડળીના સભાસદો દુ : ખી થાય, બાકીના થાપણદારો દુ : ખી થાય એવું ક્યારેય પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું નથી. એવું પણ કહેવામાં આવ્યું કે જ્યારે માધુપુરા બેંકનું હતું એ પહેલાં અગાઉ ભારતીય જનતા પાર્ટીનું શાસન ન હતું. કોંગ્રેસ પક્ષનું હતું અને તે વખતે મને યાદ છે કે, કોઇ મોટા ચમરબંધીને પણ આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને સહકાર મંત્રીએ કોઇને છોડ્યા નથી અને આજે જેલમાં છે. પાંચ–પાંચ વર્ષ થયા અને બેંકની થાપણો ડાઉન થઇ અને નાગરિક બેંક બંધ થઇ ગઇ. આજે હું ગર્વ સાથે બોલીશ કે, હું ભારતીય જનતા પાર્ટીનો ધારાસભ્ય અને ડિસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ બેંકનો ચેરમેન છેલ્લા ૧૭ વર્ષથી હું ચૂંટાતો આવ્યો છું. સરકારે મુખ્યમંત્રી નિ:શૂલ્ક પશુ સારવારની યોજના માટે ૨૫ કરોડ રૂપિયા આપીને પશુઓની ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, કામધેનુ યુનિવર્સિટી માટે ૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જિલ્લા એમ્બ્યુલન્સ સેવા માટે ૨૬ કરોડ રૂપિયાની જોગવાઇ પશુઓ માટે કરી છે. પશુઓના આરોગ્ય મેળા, ગરીબ કલ્યાણ મેળા, આની દ્રષ્ટિ કોઇને કોંગ્રેસના શાસનમાં ક્યારેય આવી હતી ખરી? તો એનો જવાબ મળશે, ના. કારણ કે માનનીય નરેન્દ્ર મોદીજીએ ગરીબ કલ્યાણ મેળા કર્યા, પશુઓના મેળા કર્યા, પશુના મોતિયાનું ઓપરેશન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ કોઇ દિવસ જાણેલું? પશુઓના આંખનું ઓપરશન આ ભારતીય જનતા પાર્ટીએ કરેલું છે. (અંતરાય) પાંજળાપોળોના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે, કૃષિ માટે, ગાયો માટે, બીજદાન માટે..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે. માનનીય ભીખાભાઇ જોષી, માનનીય ભીખાભાઇ જોષીમાં કોઇપણ કશું કોઇ બોલતા નહીં, એટલે એ ફરી બીજાના પ્રવચનમાં ક્યારેય નહીં બોલે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી(જુનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ડાહ્યો થઇ ગયો છું.

અધ્યક્ષશ્રી : તો આપનું નામ ભીખાભાઇની જગ્યાએ ડાહ્યાભાઇ રાખવું પડે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, રાખો. માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ અંગેની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દસ વર્ષ પછી જ્યારે હું ફરી વખત આ ગૃહમાં આવ્યો છું ત્યારે મારા દસ વર્ષ પહેલાંના અને એ પિરિયડ ગયા પછીના જો મારા અનુભવની વાત કરૂં તો તે દિવસે પણ ભાજપની સરકાર હતી અને આજે પણ ભાજપની સરકાર છે એમાં જમીન આસમાનનો તફાવત છે એ સો ટકા સાચી વાત છે. આજે નરસૈયાની નગરી જૂનાગઢમાંથી હું ચૂંટાઇને આવું છું. જૂનાગઢને કુદરતે ઘણું બધું આપ્યું છે. ગીરનાર આપ્યો, જંગલ આપ્યું, સિંહ આપ્યો, સિંહોની વસતિ આપી છે પણ રાષ્ટ્રીય સ્તર ઉપર એને આ સરકારે કોઇ દિવસ લઇ જવાના પ્રયત્ન કર્યા નથી કારણ કે સાહેબ, જૂનાગઢ એ પર્યટનનું સ્થળ છે. ત્યાં શિવરાત્રી અને પરિક્રમા, એ બે મોટા મેળા થાય છે અને વિદેશીઓ પણ ત્યાં આવે છે ત્યારે આને આકર્ષવા માટે જેમ સાસણ સફારી પાર્ક કર્યું છે એવું સફારી પાર્ક જૂનાગઢમાં થાય એમ છે અમે મને લાગે છે કે એના કાગળ ચાલે છે પણ ક્યાંક અટક્યા છે તો આ પણ વહેલીતકે થાય અને માં અંબાજી ગીરનાર ઉપર બેઠાં છે, ત્રણ ત્રણ વખત રોપ વેનાં ખાતમુહર્ત થયાં છે આજે મેં સાંભળ્યું છે કે, રોપ વેનું કામ આપી દેવામાં આવ્યું છે તો આ કામ પણ જલદી થાય જો પૂરૂં કરવામાં આવે તો પણ ફાયદો થાય એવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મજાની વાત છે કે, હું ધારાસભ્ય તરીક ચૂંટાયો અને સુરતના મેળામાં જે સાધુ સંતોને મળ્યો એમની લાગણી એવી હતી કે, આને મીની કુંભ મેળા તરીકે જાહેર કરે, અને મેં જૂનાગઢના ધારાસભ્ય તરીકે માનનીય મુખ્ય મંત્રીશ્રી સાહેબને લેટર લખ્યો અને એમણે મેળામાં આવીને જાહેરાત કરી છે એને હું આવકારું છું, પણ સાંભળો, આ વાત તો માનનીય આનંદીબેન પણ કરી ગયાં હતાં, એટલે આ કાગળ ઉપર ન રહે એની કાળજી રાખવાની એક વાત પણ કરૂં છું. આવી જાહેરાત માનનીય આનંદીબેન કરી ગયાં હતાં પણ એનું પરિણામ નહોતું આવ્યું પણ હવે પરિણામ આવે એટલે આપશ્રી

પણ મારા વતી માનનીય મુખ્ય મંત્રીશ્રીને કહો અને મારી મદદમાં રહી જાઓ એવું હું આપને કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી બધી કથળી ગઇ છે. ખુલ્લે આમ દારૂ વેચાય છે, સાહેબ. અને શહેરી વિસ્તારમાં.

અધ્યક્ષશ્રી : જેઠાભાઇ પ્લીઝ. સંપૂર્ણ શાંતિ, પ્લીઝ.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : આજે ખુલ્લે આમ દારૂ વેચાય છે અને દારૂ પકડાયને સાહેબ ત્યારે પ્રશ્નોત્તરીમાં જોવા મળ્યું છે અને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૧૫ કરોડનો બે જિલ્લામાંથી દારૂ પકડાય અને આ સરકાર છાતી ઠોકીને કહે કે અમે પકડયો પણ આનું મૂળ પાયલોટીંગ કોણે કર્યું તમારે •(×××) અને રાજીનામું આપી દેવું જોઇએ.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાંખવમાં આવે છે અને રાજીનામું આપવું જોઇએ એ તમારી વિચારવાની દ્રષ્ટિ ઉપર છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : બે જિલ્લામાં ૧૫ કરોડનો દારૂ પકડાય તો આખા ગુજરાતમાં કેટલો દારૂ હોય સાહેબ. સારા અધિકારીઓ *(×××) આવ્યા હતા સાહેબ, જુનાગઢના વિકાસમાં એમનું પોતાનું યોગદાન હતું. પણ સારા અધિકારીઓને કાયમી ધોરણે બદલાવી નાંખ્યા છે સાહેબ.

અધ્યક્ષશ્રી : આ કલેકટરોના વખાણ કરવાની જગ્યા નથી, આ વિધાનસભા છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : એ માણસ પણ ગુજરી ગયા અને ...

અધ્યક્ષશ્રી : પણ આ રીતે નામ ન બોલાય, એ રીતે વખાણ ન થઇ શકે આ કાયદાની વાત છે. જોષીજી આ કાયદાની વાત છે. એટલે એ વાત પણ કાઢી નાંખું છું.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : કોઇ પણ અધિકારી, જૂનાગઢમાં હોય એ જૂનાગઢમાં જેલમાં બેઠો બેઠો એ માણસ અધિકારીઓની હેરાફેરી કરે છે, તેના હુકમો ચાલે છે સાહેબ, અને તેના કરતાં આગળ વધીને કહું સાહેબ કે, હું ધારાસભાની ચૂંટણી લડયો ત્યારે, જેલમાંથી મારી વિરૂધ્ધમાં પ્રચાર કર્યો હતો અને તેના હિસાબે મશરૂ ભાઇ જેવા ૩૦ વર્ષથી ચૂંટાતા હતા તેનો ભોગ લેવાયો છે સાહેબ. એ માણસનો ભોગ લેવાણો આના હિસાબે. કાયદો અને વ્યવસ્થાની વાત કરું તો જેલમાં બેઠાં બેઠાં આખો તેનો કારોબાર ચલાવે છે. આ કાયદા અને વ્યવસ્થાના ભાગની વાત છે.

અધ્યક્ષશ્રી : આગળ બીજી વાત ચલાવો હવે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : આજે બધાજ કોરપોરેશનમાં સાતમા પગાર પંચનો લાભ વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને આપી દેવામાં આવેલ છે એક જ અમારા જૂનાગઢમાં વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને આ લાભ આપવામાં આવતો નથી.

પાણીનો પ્રશ્ન પણ મારા શહેરમાં ઘણો મોટો છે. અત્યારે ૫૦ ટકા પાણી પણ જૂનાગઢની પ્રજાને મળતું નથી સાહેબ. પાણીના સોર્સીમાં હસનાપુર ડેમ, વીલીંગ્ડન ડેમ અને આણંદપુર ડેમ, જુનાગઢ શહેર આ ત્રણે ડેમોના પાણી પર આધારીત છે. પરંતુ આ ત્રણે ડેમો પાણીના કાંપથી ભરાઇ ગયા છે અને આ કાંપ કાઢી નાંખવામાં આવે તો પાણીની સમસ્યા થોડા ઘણા અંશે હલ થઇ શકે તેમ છે. કોરપોરેશનનો અણઘડ વહીવટ મેં જોયો છે તો પહેલા રસ્તા બનાવે, પાઇપ લાઇન નાંખે એટલે ફરી તોડે, પાછો બનાવે, ગટર બનાવે અને આખું કોઇ આયોજન નથી કે તેમને કોઇ સૂઝબુઝ નથી,

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય હર્ષ સંઘવી. આપ જેટલું બોલ્યા તે બધું નોંધાઇ ગયું.

શ્રી હર્ષ સંઘવીઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ.....

શ્રી ભીખાભાઇ ગ. જોષી : સાહેબ, બે મિનિટ મારે મેડિકલ કોલેજની વાત કરવી છે.

શ્રી હર્ષ સંઘવીઃ માનનીય અધ્યક્ષશ્રી, તેમાં....

અધ્યક્ષશ્રી : હવે નહીં, તમારી દીકરાની ઉંમરના સભ્યશ્રી બોલે છે. હર્ષભાઇ આ વડીલને એક મિનિટ આપીએ.

શ્રી હર્ષ સંઘવીઃ સાહેબ, આપણને એમને સાંભળવામાં વાંધો નથી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : સાહેબ જુનાગઢને મેડિકલ કોલેજ આપવામાં આવી છે અને એક હજારમાંથી ૬૭૩ ઘટ છે એ પૂરી કરવામાં આવે અને એમ.જે સોલંકી અને નાકરાણી સાહેબ આ બન્ને એજન્સીને કર્મચારીઓની ભરતી માટેનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે, આ બન્ને બ્લેક લિસ્ટ હોવા છતાં આ ભરતી માટેનો કોન્ટ્રાકટ કેમ આપ્યો છે? અત્યારે લોકો ત્યાં આંદોલન ઉપર બેઠા છે.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે માગણી નંબર ૯૮ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા તથા તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

હમણાં માનનીય સભ્યશ્રી બળદેવજી વાત કરતા હતાં આજે એમના સ્વભાવમાં ખૂબ બદલાવ પણ જોવા મળ્યો. પરંતુ એમણે કહ્યું કે ભ્રષ્ટાચારની દુકાન. આ દેશમાં ભ્રષ્ટાચારનો બ્રાન્ડ એમ્બેસેડર એનો ટ્રેડ માર્કસ કોંગ્રેસે પ્રાપ્ત કરી લીધો છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં એટલી શકિત નથી કે એ પ્રકારે ટ્રેડ માર્કસ અને બ્રાન્ડ એમ્બેસેન્ડર મેળવી શકે.

એમણે જયારે ગૃહ નિર્માણની વાત કરી, ગરીબ આવાસની વાત કરી. આ દેશે બે પ્રકારની સરકારો જોયેલી છે. એક એવી પણ સરકાર હતી કે જેણે કારગીલના શહીદોની વિધવાના આદર્શ કૌભાંડના નામે ઘરો કબજે કરી લીધેલા, ઘરો ઘર ભેગા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરી લીધા હતા અને એક એવી પણ સરકાર છે કે જેણે ગુજરાતના ગરીબો માટે ચિંતા કરીને એવા ઘરો આપ્યા કે કોઇ ઓળખાણની જરૂર નથી, કોઇ મંત્રીના ભત્રીજા, ભાણીયા હોવાની જરૂર નથી એ પ્રકારની ગુજરાત સરકારે વ્યવસ્થા કરી છે અને જે ઘરો બનાવ્યા છે એ જોવા જેવા છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ આક્ષેપ કર્યા છે. આદર્શ કૌભાંડની વાત કરી છે તેથી તેઓએ એના પૂરાવા ગૃહમાં રજૂ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આમાં કોઇ વ્યકિતગત આક્ષેપો નથી. એટલે એના પૂરાવા આપવાની જરૂર ન હોય, આપ બેસી જાવ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : જયારે જયારે પોતાના ઉપર વિષય લાગતો હોય ત્યારે એનો વિરોધ હોઇ પણ શકે છે. ગુજરાત સરકાર જયારે ભારતીય જનતા પાર્ટીને ગુજરાતનું સુકાન સંભાળવાનો મોકો મળ્યો.જયારે યુવક પ્રવૃતિની વાત કરીએ સ્પોર્ટસની વાત કરીએ તો આ ગુજરાત એક અંધકારમાં હતો. ગુજરાતના યુવાનોની એવી પરિસ્થિતિ હતી કે સ્પોર્ટસના નામે ગુજરાત ઝીરો હતું. અહીંના અમદાવાદના ઘણા સભ્યો છે, કાંકરીયા લેક પાસે સ્ટેડીયમ બનાવવામાં આવેલ છે એના ભૂતકાળમાં જશો તો જર્જરિત મકાન, યુવાનોએ સાંજે ખેલકૂદની પ્રેકટિસ કરવાની હોય ત્યાં કુતરાઓ ફરતા હતા એ પ્રકારની પરિસ્થિતિ અને સુવિધાઓ ગુજરાતમાં હતી. આ સરકારે આવીને ત્યાં જે પ્રકારનું સ્ટેડીયમ બનાવેલ છે જેમાં મારા જેવા અનેક યુવાનો જે દેશ વિદેશમાં બહાર જતાં હોય ત્યાં વિદેશના સ્ટેડીયમ જોઇએ ત્યારે અમારામાં અંદર એક આશા હોય કે આ પ્રકારનું સ્ટેડીયમ અમને મળે. આ ભાજપની સરકાર આવી અને અમને એ પ્રકારનું સ્ટેડીયમ પ્રાપ્ત થયું. ગુજરાતના ખેલાડીઓ જોડે કયા પ્રકારની પરિરસ્થિતિ પ્રાપ્ત થતી હતી એમને કોઇ જાતની સુવિધા મળતી નહોતી, તકલીફોમાં જે પ્રકારે આ યુવાનોએ આ ગુજરાત માટે બહાર કોઇ પણ સુવિધા વગર રમવા જતા હતા ત્યાં તમામ પ્રકારની તકલીફો સહન કરીને ગુજરાતનો ઝંડો ઉંચો રાખવા માટે અનેક સામર્થવાન પ્રયાસો થયેલા.

ડાંગની વાત કરું તો ભૂતકાળમાં ત્યાં જવાના રસ્તા નહોતા એ રસ્તા વગરના ડાંગમાંથી ગોલ્ડન ગર્લ્સ સરિતા ગાયકવાડ જેવી છોકરી કોમનવેલ્થમાં આ દેશનું નેતૃત્વ કરવાની છે. માત્ર દશ મહિલા જવાની છે એમાંથી ડાંગની આદિવાસી દીકરી આ ગુજરાત સ્પોર્ટસ વિભાગને સલામી આપું છું કે જે પ્રકારે આદિવાસી વિસ્તારમાં ખેલકૂદને પ્રમોટ કર્યું અનેક નાના નાના ગામડાંમાથી આપણે ખેલની વાત કરીએ એક એવી પણ સરકાર હતી કે જેમણે કોમનવેલ્થ આપી. એમાં આપ જોઇ શકો છો કે કેટલા ભ્રષ્ટાચારો થયા અનેક કોંગ્રેસી મંત્રીઓ એ કોમનવેલ્થ કૌભાંડમાં સંડોવાયા. ત્યારે ગુજરાતની ભાજપ સરકારે ખેલકૂદ જેવું અવિરત સ્પોર્ટસ માટેની ઇવેન્ટ આપી. આ ખેલ મહાકુંભમાં દસ લાખથી વધારે મહિલાઓને ગુજરાતની બહેનોને ખેલકૂદમાં ખેલવાનો મોકો મળે છે. આપણે અનેક સોસાયટીઓ જોઇ છે જેના છોકરાઓ મોટા થઇ જાય તો એ ખેલકૂદ કાર્યક્રમ રદ કરાવવાનો પ્રયત્ન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ થાય છે. અમે સૌ વિધાનસભાના સભ્યો છીએ. અમારી પાસે ગુજરાતની જવાબદારી છે. ગુજરાતમાં ખેલકૂદને પ્રમોટ કરવાની અમારી જવાબદારી છે. જેમના છોકરાઓ મોટા થઇ ગયા એ આજે ખેલકૂદમાં કાપદરખાસ્ત લાવે છે. આ ખૂબ જ દુઃખદ વસ્તુ છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય હિંમતસિંહ પટેલ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની માગણીઓ ઉપરની ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ એ ખૂબ જ લાગણીશીલ, સંવેદનશીલ મુદ્દો છે. ગુજરાત રાજયની કુલ વસતિમાંથી લગભગ ૪૨.૫૮ ટકા વસતિ શહેરોમાં વસી રહી છે. આઠ મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જુનાગઢ, ગાંધીનગર અને ૧૫૯ નગરપાલિકાઓ. માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો સમતોલ વિકાસ થવો જોઇએ. હું આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગતો હતો પણ મંત્રીશ્રી તો અહીં ઉપસ્થિત નથી.

અધ્યક્ષશ્રી : અહીં સિનિયર મંત્રી બેઠાં છે, નોંધતા હશે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : જી, સારી વાત છે. મુદ્દો લોકોને સ્પર્શ કરતો મુદ્દો છે કે શહેરોનો વિકાસ ખૂબ જ પ્લાનીંગથી, લાંબાગાળાના આયોજનથી થાય, તેનો સમયસર અમલ થાય, સમયસર યોજનાઓ બને. શહેરોમાં લોકોને શું જોઇએ? લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે, સારા રોડ–રસ્તા બને, સારી ગટર વ્યવસ્થા બને, પ્રજાનું આરોગ્ય સારું રહે. સારી ટાઉનપ્લાનીંગ સ્કીમો બને, સમયસર તેનું આયોજન થાય. મારે આજે સભાગૃહમાં કહેવું છે કે સૌથી પહેલાં ટાઉનપ્લાનીંગ સ્કીમો બને, શહેરનો વિકાસ તેને અનુરૂપ હોય છે. કઇ રીતે શહેરને દિશા આપવા માગીએ, કઇ રીતે રોડ–રસ્તા, કઇ રીતે સેવાકીય જગ્યાઓનું તેમાં આયોજન કરવું. પણ પાંચ–પાંચ, દસ–દસ વર્ષ સુધી ટાઉનપ્લાનીંગ સ્કીમો ન બને. ટાઉનપ્લાનીંગ સ્કીમો જે બને એ સ્કીમોમાં ગેરકાયદેસર બાંધકામો થઇ જાય. રોડ–રસ્તા બનાવ્યા હોય ત્યાં બાંધકામો થઇ જાય અને જયારે ટાઉનપ્લાનીંગ સ્કીમ બનીને, અમલ થઇને આવી હોય ત્યારે જોઇએ તો ત્યાંની પરિસ્થિતિ આખી જુદી જ થઇ ગઇ હોય છે. પછી પરિસ્થિતિ એ થાય કે ત્યાં ટાઉનપ્લાનીંગ સ્કીમનો આપણે અમલ જ નથી કરતા. સરકારે થોડા સમય પહેલાં તેમાં સુધારો કર્યો હતો કે ૨૪ મહિનામાં ટાઉનપ્લાનીંગ સ્કીમો મંજૂર કરવી. સારી વાત હતી. લોકોને પણ આનંદ થયો હતો. પણ શું થયું કે થોડા સમયમાં એ કાયદો ફરીથી રદ કરવામાં આવ્યો. મારો અનુરોધ છે કે ફેરવિચારણા કરીને શહેરના વિકાસને સમયસર આગળ વધારવો હોય તો ટાઉનપ્લાનીંગ સ્કીમ સમયસર કરવી જ પડે. તેનાથી શહેરનો વિકાસ આપણે કરી

શકીએ. આજે જે પરિસ્થિતિ શહેરોમાં નિર્માણ થઇ રહી છે, જે પણ મહાનગરપાલિકાઓ છે આઠે મહાનગરપાલિકાઓમાં આ ઇશ્યુ ઉભા થયા છે. કોંગ્રેસ પાર્ટી જયારે કેન્દ્રમાં હતી, આ દેશના સ્વર્ગસ્થ વડાપ્રધાન રાજીવ ગાંધી હતા એ કાયદો લાવ્યા.

સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

મેયર ઇન કાઉન્સિલ બનાવવાની અંદર કેન્દ્ર સરકારમાં કાયદો મંજૂર કર્યો. મેયર ઇન કાઉન્સિલ બનાવવાને કારણે સત્તા મેયરને મળે. સત્તા ચૂંટાયેલી પાંખને મળે. આજે તમામ કોરપોરેશન અને નગરપાલિકાઓમાં આપની સત્તા છે. ગુજરાતમાં પણ તમે કાયદાનો અમલ કર્યો નથી એટલા માટે જ કહું છું. જેના કારણે ચૂંટાયેલી પાંખ સર્વોપરી થતી નથી. જે પણ મ્યુનિસિપલ કમિશ્નરો મૂકવામાં આવે છે અને એમને સત્તા મળે છે. ચુંટાયેલી પાંખને જે દિશામાં લઇ જવી હોય, એમને જે માન સન્માન મળવું જોઇએ, જે અધિકારોની સાથે મેયરોની જે વાતો કે વાતને સાંભળવી જોઇએ એ સાંભળવામાં આવતી નથી. મહાનગરપાલિકામાં મેયર સર્વોપરી હોય, નગરપાલિકાની અંદર પ્રમુખ સર્વોપરી હોય એમની સત્તા લઇ લીધી છે અને તમે ચીફ ઓફિસરને ડાયરેક્ટ કરી દીધા. આપણને આપણી ચૂંટાયેલી પાંખ ઉપર જ વિશ્વાસ ન હોય તો વિકાસ કેવી રીતે થઇ શકે? આજે ગુજરાત વિધાનસભાની અંદર ગુહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી હોય તો ગુજરાતની અંદર જે પણ નિર્ણય લે એ સર્વ માન્ય નિર્ણય હોય એનાથી ગુજરાતનો વિકાસ થાય. એ જ રીતે નીચે પણ સત્તા એવી જ હોવી જોઇએ કે જેના કારણે જે પણ વ્યક્તિ સત્તા ઉપર હોય એ નિર્ણય લઇ શકે અને એનો અમલ લોકો સુધી પહોંચી શકે. આજે આપણે જોયું હશે કે થોડાક દિવસ પહેલા નામદાર હાઇકોર્ટે પણ ટીકા કરવી પડી કે જે રીતે ચોમાસાની અંદર રોડ, રસ્તા ઉબડ ખાબડ અને ભ્રષ્ટાચાર અને જે પરિસ્થિતિ નિર્માણ થઇ કે આજે આપણને પણ શરમ આવે કે આવી હલકી ગુણવત્તાનું કામ થાય. જેના કારણે લોકોને મુશ્કેલીઓ થાય, લોકો હેરાન થાય અને આપણે જે લોકો ગેરરીતિ, ગેર વહીવટ અને ભ્રષ્ટાચાર કરી ગયા એના ઉપર પગલા લઇ શક્યા નહીં. આજે મારે કહેવું છે કે શહેરોની અંદર પીવાનું ગંદુ પોલ્યુશનવાળું પાણી અને આપને હું કહું કે મારા બાપુનગર વિસ્તારમાં જ તપોવન સોસાયટી આવેલ છે. એક વર્ષથી ત્યાં ગંદુ પીવાનું પોલ્યૂશનવાળું પાણી આવે છે. પણ જે લોકોને આપણે માનવસર્જિત આપત્તિમાં મૂકવા માગીએ છીએ એ લોકોને દુષિત પાણી પીવાની ફરજ પડી છે. તેમને પાણી જન્ય રોગો કોલેરા, ટાઇફોઇડ, જોઇન્ડીસનો ભોગ બને છે અને આ પ્રશ્નનો આપણે નિકાલ ન કરી શકીએ. એ જ રીતે ત્યાં લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ આવેલ છે. સમગ્ર ગુજરાતની અંદર લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં બાલ ભવનો હતા, સ્નાનાગરો હતા, બાગ–બગીચાઓ હતા ત્યાં આજે દોજખ જેવી હાલત થઇ છે અને આજે એ સ્ટેડિયમમાં ગટર લાઇનો નાખી જેના કારણે ત્યાં દૂર્ગંધ ફેલાઇ રહી છે અને એની એવી બદતર હાલત કરી છે કે રોગચાળો ફેલાઇ રહ્યો છે અને લોકો ત્યાં જીવી શકતા નથી. આ ગુજરાતનું સૌથી મોટામાં મોટું સ્ટેડિયમ છે. ત્યાં રમત ગમત થતી હતી, આર્મીના પ્રોગ્રામો થતા હતા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રોગ્રામો થતા હતા.

સભાપતિશ્રી : આપનું વક્તવ્ય પૂર્ણ થાય છે. શ્રી અરવિંદ રાણા..

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પુર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી શહેરી આવાસ અને શહેરી વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું ગ્રોથ એન્જિન જેવી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓમાં રહેનારા શહેરી નગરજનોને શ્રેષ્ઠતમ સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડવા પ્રજાના શહેરોના નિર્માણ અને સર્વાંગી સમાવેશક વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં લઇ સરકારે શહેરીકરણના તમામ પાસાઓને આવરી લઇ નાણા મંત્રીશ્રીએ ગત વર્ષના રૂ.૧૧૫૦૦/– કરોડના બજેટમાં વર્ષ ૨૦૧૮–૧૯ના ચાલુ વર્ષના બજેટમાં એક હજાર કરોડનો વધારો કરી રૂ.૧૨૫૦૦/– કરોડની જોગવાઇ કરેલી છે. શહેરી વિસ્તારમાં રહેતા ઘરવિહોણા, ભાડેથી રહેતા શહેરી ગરીબો અને જરૂરિયાતમંદ ગરીબો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા તમામ નાગરિકોને ૨૦૨૨ સુધીમાં તમામ લોકોને ઘરનું ઘર મળે તે માટે ખૂબ મોટી સંખ્યામાં આવાસો બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. મહાનગરપાલિકા અને ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા હજારો અને લાખોની સંખ્યામાં એફોર્ડેબલ મકાનો બાંધીને લોકોને આવાસ પૂરા પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હોમ લોન ઉપર વ્યાજ સહાય તેમજ સબસિડી યોજના દ્વારા લોકો પોતાના માલિકીના પ્લોટમાં પણ બાંધકામ કરી શકે એ રીતે પોતાનું ઘરનું ઘર બનાવી શકે છે એ માટે ૨૫,૦૦૦ જેટલા આવાસો માટેના ડી.પી.આર. રાજ્ય કક્ષાએ મંજૂરી હેઠળ છે જેમાં શહેરી આવાસન યોજના માટે રૂ.૧૨૮૦.૩૯ કરોડ અને પ્રધાનમંત્રી આવાસ યોજના માટે રૂ.૭૮૦ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સુરત શહેરની વાત કરું. હું સુરત શહેરમાંથી ચૂંટાઇને આવું છું. ૧૯૮૭માં સુરત શહેરમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે ૧૯૮૭માં હું કોરપોરેટર તરીકે ત્યાં ચૂંટાયો હતો અને તે વખતના શાસનની વાત અગાઉ મારા વકતવ્યમાં કરી હતી. ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર ૯૯ માંથી ૯૮ સિટ સુરત શહેરના લોકોએ ભારતીય જનતા પાર્ટીને આપી હતી અને ત્યારથી સુરત શહેરનો જે વિકાસ થયો એ વિકાસની હું વાત કરવા માગુ છું. ૧૯૯૫ પહેલા કોંગ્રેસના શાસનમાં સુરત મહાનગરની અંદર ૩૩૩ જેટલા ઝૂંપડપટી પોકેટ્સ હતા. સુરત શહેરના ૧/૩ જેટલા વિસ્તારની અંદર આ ઝૂંપડપટીઓ મૂકીને ભાજપના હાથમાં શાસન ધૂરા આવી હતી. કોંગ્રેસ મતબેંકની રાજનીતિથી ઝૂંપડપટી વધારતી હતી. લોકોને ગંદકીમાં સબડતા રાખીને ગેરકાયદેસર રહેતા પરિવારો માટે લટકતી તલવાર રાખી મતો મેળવીને રાજ કરતી હતી. ભાજપના શાસનમાં કોરપોરેશનની જગ્યામાં તમામ ઝૂંપડાવાસીઓને જરૂરિયાત મુજબ પાકા મકાનો અને ૨૫ ચો.મી.ના પ્લોટ

તમામ પ્રાથમિક સુવિધાઓ સહિત ઝૂંપડાવાસીઓને આપીને સ્વમાનભેર પોતાના ઘરના ઘર સાથે, પરિવાર સાથે ઇજ્જતથી જીવી શકે તેવી રીતે ઘરના માલિક બનાવ્યા છે. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આજે સુરત શહેરમાં સરકારી કે ખાનગી જગ્યા સિવાય કોઇ પણ ઝૂંપડપટીની જગ્યા રહી નથી અને જે બાકીની જગ્યા છે તેમાં પણ રિહેબિલિટેશનની યોજના પી.પી.પી.ના ધોરણે કામગીરી ચાલુ છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૧૭માં ભારતના ૪૩૪ શહેરોમાંથી સુરતે ચોથો નંબર પ્રાપ્ત કરીને ગુજરાતમાં પ્રથમ સ્થાને સ્વચ્છતાના તમામ પેરામીટર ફોલો કરનાર એક માત્ર સુરત શહેર છે તે બદલ આપણે ગર્વ લેવું જોઇએ. સુરત શહેર ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ૪૫ લાખની વસતિ ધરાવતું શહેર છે. જે વર્ષ ૨૦૦૧ની સરખામણીમાં ૩૨.૨૨% નો ગ્રોથ રેટ ધરાવે છે. આ જે ગ્રોથ રેટ છે એ ૨૦૦૬ થી ૨૦૨૦ સુધીના દુનિયાના ફાસ્ટેટ ગ્રોઇંગ સીટીનો જે રેંક નક્કી કરેલો છે એ રેંકની અંદર દુનિયામાં પહેલા નંબરે ચાઇનાનું બહાઇ શહેર, બીજા નંબરમાં ભારતનું ગાઝિયાબાદ, ત્રીજા નંબરે...(અંતરાય)

સભાપતિશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે, શ્રી કાંતિભાઇ સોઢાપરમાર.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એની ઉપર મારા વિચારો હું વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની કુલ વસતિના લગભગ ૪૨.૫૮% લોકો શહેરી વિસ્તારમાં રહે છે. શહેરીકરણની ગતિ, લોકોની સુવિધા, સુખાકારી માટે, પ્રજાનું જીવન ધોરણ ઉંચું લાવવા માટેની જવાબદારી સરકારની રહેલી છે. શહેરની માળખાકીય સુવિધાઓ માટે યુ.પી.એ. સરકારે ૨૦૦૫-૦૬માં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યેઅલ મિશનની યોજના કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી. આ યોજના દ્વારા ગુજરાતની ૧૬૨ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકાની અંદર વિકાસના કામો ખૂબ સરળતાથી થાય એના માટેની યોજના કરી. યોજના સારી, પરંતુ વિકાસની વાતો કરતી આ સરકાર એમાં હું મારા એક આણંદની વાત કરું તો આણંદ એટલે ચરોત્તરનું હ્રદય અને અમૂલ શ્વેત ક્રાંતિમાં સિંહ ફાળો આપનાર આણંદ ત્યારે આણંદ શહેર એ વિકાસથી વંચિત રહ્યું છે એની હું માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત વાત કરું છું. આજે ૨૭ વર્ષથી આણંદ વિસ્તારની સીટ ભારતીય જનતા પાર્ટીના પક્ષે હતી. તેમ છતાં ૨૭ વર્ષના વહાણા વહી ગયા તેમ છતાં નગરપાલિકા આણંદની પણ ભારતીય જનતા પાર્ટીની છે. તેમ છતાં ઘણાબધા વિસ્તારોની અંદર ખૂબ જ હળહળતો અન્યાય થયો છે. હું વાત કરું આણંદ પૂર્વપટ્ટી વિસ્તારની કે જેની અંદર આજે પણ સરકાર વિકાસની વાતો કરે છે ત્યારે ત્યાં આગળ એટલો બધો અન્યાય થઇ રહ્યો છે કે આજે પણ ત્યાં પીવાનું પાણી ગંદુ આવે છે. આજે મને બપોરે ફોન આવ્યો હતો મારા વિસ્તારમાંથી તો રહીમનગર-૧,૨,૩ ની અંદર ખૂબ જ ડહોળું પાણી એક મહિનાથી આવે છે તેમછતાં નગરપાલિકા એની અંદર કોઇ ધ્યાન આપતી નથી. આ પૂર્વ પટ્ટી વિસ્તાર ઇસ્માઇલ નગર , મિલ્લતનગર, ખોડીયાર માતાજી વિસ્તાર, પ્રજાપતિ વિસ્તાર અને આ તમામ વિસ્તાર કે જે વોર્ડ નંબર-૩,૪,૫ અને ૬ વિસ્તાર આવે છે એની અંદર આજે પણ ગટરની યોજના નથી. પાણીની પૂરી સગવડતા નથી. રોડ રસ્તા બિલકુલ નથી. આ માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ વિસ્તારોની અંદર વહેલામાં વહેલી તકે આ લોકોને પોતાની મુળભૂત જરૂરિયાતો મળે એના માટે સરકારશ્રીને કહેવા માગું છું. આણંદનો જે ગામતળનો વિસ્તાર છે એ સોંગળપુરા, મંગળપુરા, રૂપાપુરા, રાજુપુરા વગેરે વિસ્તારોની અંદર પણ રોડ, રસ્તા અને ગટરની વ્યવસ્થા આજે પણ નથી. બાકરોલ ગામ જે આણંદની અંદર છેલ્લા ૧૦ વર્ષથી ભેળવી દેવામાં આવ્યું છે એની અંદર પાંચ વર્ષ ત્યાંના ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે પરંતુ એ બાકરોલ ગામનો વોર્ડ નંબર-૧ અને બે એની અંદર આજે પણ પીવાનું પૂરતું પાણી ઉપલબ્ધ થતું નથી. બાકરોલ વિસ્તારનો જે કોલોની વિસ્તાર છે એની અંદર ગટર, રસ્તો અને પાણીની હાલમાં પણ સુવિધા નથી. માળખાકીય સુવિધાઓ અન્ય સોસાયટી વિસ્તારમાં પણ નથી. વિકાસની વાત કરે છે તો આણંદ જિલ્લો આજે ૨૦ વર્ષથી જુદો પડયો છે ખેડા જિલ્લામાંથી ત્યારે મને કહેતા દુઃખ થાય કે આણંદ જિલ્લાના લોકોના, સામાન્ય લોકોના જીવન સાથે ચેડા કરતી આ સરકાર મારે એટલું જ કહેવું છે કે ત્રણ ત્રણ વખત સિવિલ હોસ્પિટલના ખાતમૂહુર્ત નકકી થયા. ત્રણ ત્રણ વખત એનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. જગ્યાઓ બદલવામાં આવી પરંતુ આજ દિન સુધી સિવિલ હોસ્પિટલ ૨૦ વર્ષ થયા છતાં પૂર્ણ કરવામાં આવતી નથી. નગરપાલિકા આણંદની જે જગ્યા છે, મકાન છે એનો સરકારે કરાર કર્યો અને એમાં સંમતિ મેળવી અને એને સિવિલનો દરજ્જો આપ્યો. ૧૦૦ પથારીની જગ્યા અને ૧૧૨ ના મહેકમ, માનવબળ સામે આજે ફકત ૧૧ નો સ્ટાફ છે અને એમાં આજે ફકત ઓ.પી.ડી. ચાલુ છે. આપના મારફત મારે સરકારને કહેવું છે કે આ જિલ્લાના લોકોને સારી સુવિધા મળે, એમનું આરોગ્ય સારું થાય એના માટે તાત્કાલીક અસરથી તેમાં વધારે સ્ટાફ ભરી અને સિવિલ હોસ્પિટલ જયાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી એમાં લોકોને સેવાઓ મળે એવી મારી માગણી છે. બસ સ્ટેશનની વાત કરીએ તો જુનું બસ સ્ટેશન જે હતું એ તોડી નાખવામાં આવ્યું છે પરંતુ ત્યાંના નગરપાલિકાના શાસકો દ્વારા આ નવું બસસ્ટેન્ડ બનવા દેતા નથી. ૨૨૯,૦૦,૦૦૦/- રૂપિયા મંજૂર કર્યા છે તેમ છતાં એક વર્ષથી સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી પરિસ્થિતિ થઇ છે તો આપના મારફત એ પણ હું સરકારને કહેવા માગું છું કે એ કામ પણ જલદી પૂરું થાય. ભ્રષ્ટાચારની વાત કરીએ તો આણંદ નગરપાલિકાના તત્કાલીન જે અગાઉ નગરપાલિકાના પ્રમુખ, કારોબારીના ચેરમેન, સીઇ.ઓ. અને એન્જીનીયર સામે ભ્રષ્ટાચારના ખુદ એ.સી.બી. એ કેસો દાખલ કર્યા હતા, હજુ સુધી કોઇ નકકર પરિણામ

આવ્યું નથી. કૈલાસભૂમિમાં મૃતદેહ માટે જે લાકડા નાખવામાં આવે છે તેનો પણ મોટો ભ્રષ્ટાચાર થયો છે. ભૂગર્ભ ગટરમાં ભ્રષ્ટાચાર, તળાવ બ્યુટીફીકેશનના નામે પણ ભ્રષ્ટાચાર થયો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણી નં. ૧૦૨ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂ. ૧૨૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એના માટે મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. છેલ્લા એક દશકામાં જે રીતે ગુજરાત વિકાસ કરી રહ્યું છે. એમાં શહેરોના વિકાસ અને મહાનગરોના વિકાસ અત્યંત વેગવાન બની ગયા છે. ગુજરાતનું વિકાસ મોડલ, દેશ અને દુનિયાનું ચર્ચાનું કેન્દ્ર બની ગયું છે જેનું તમામ શ્રેય અમારી સરકારને જાય છે. મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર દેશમાં પ્રથમ તબકકામાં પસંદ કરાયેલા પ્રથમ ૨૦ શહેરોમાં હું જે શહેરમાંથી આવું છું એ સુરત શહેરની પસંદગી થઇ છે. આ પસંદગી માટેના ખૂબ ઉંચા માપદંડ કેન્દ્ર સરકારમાં નક્કી કર્યા હતા. જેમાં સુરતની પ્રથમ પસંદગી થઇ છે. હું શહેરી વિકાસ ઉપર બોલી રહી છું, ત્યારે પહેલાના સમયમાં કેવું હતું શહેર? શહેરના કોઇપણ વિસ્તારમાં જાવ તો સ્લમ વિસ્તાર દેખાતો હતો. જયાં પ્રાથમિક સુવિધા ન હતી. શૌચાલયો ન હતા, લાઇટ ન હતી, ઠેરઠેર ગંદકી હતી, ઠેરઠેર કચરાના ઢગલા દેખાતા હતા. આ સ્થિતિ પહેલાની સરકારમાં હતી. પછી અમારી સરકાર આવી ત્યારપછી આ પરિસ્થિતિ બદલાઇ. શહેરોનો ખૂબ વિકાસ થયો. મારે કહેવું છે કે ભૂતકાળમાં ભૂગર્ભ ગટરની વ્યવસ્થા ન હતી, પ્રદૂષણ થતું હતું, ધૂમાડાઓ જોવા મળતા હતા. ફ્લાય ઓવર બ્રીજની માગણી હોય, પરિવહનની માગણી હોય આ બધા માટે યોજના ભૂતકાળમાં ન હતી. પરિસ્થિતિ એનાથી વિપરિત છે. દુનિયાભરના લોકો ગુજરાત તરફ આકર્ષિત થઇ રહ્યા છે, ત્યારે ગુજરાતના શહેરોમાં વિશાળ રસ્તાઓ, ઓક્સિજન પાર્ક, બગીચાઓ, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ફ્લાય ઓવર બ્રીજ વગેરેની સુવિધા સાથે સાથે ગુજરાતમાં શાંતિ, સલામતી અને સુરક્ષા સાથે ગુજરાત આજે વિકાસના શિખરે પહોંચી ગયું છે. મને કહેતા આનંદ થાય છે કે સુરત સીટીનો સમાવેશ સ્માર્ટ સીટીમાં થયો છે. ત્યારે મારે કહેવાનું છે કે વિકાસ થકી ખૂબ મહેનત કરવામાં આવી છે. ટ્રાફિક નિયંત્રણને નિયમિત કરવા માટે બ્રીજના નિર્માણ કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં બ્રીજની વાત કરીએ તો રીવર બ્રીજની સંખ્યા ૧૧, ખાડી બ્રીજની સંખ્યા ૫૮, ફ્લાય ઓવર બ્રીજની સંખ્યા ૧૭, રેલ્વે બ્રીજની સંખ્યા ૯ અને સબ-વે ૧ છે. ટોટલ બ્રિજ ૧૦૫ થયા અને પ્રગતિ હેઠળ ૧૦ બ્રીજ છે. એટલે જ આજે સુરત સીટીને ડાયમંડ સીટી, ટેક્ષટાઇલ સીટી અને બ્રીજ સીટી તરીકે ઓળખવામાં આવે છે. બી.આર.ટી.એસ. ના રૂટની વાત કરીએ તો ૯ રૂટ ઉપર ચાલી રહ્યું છે અને ૩ રૂટ ઉપર બી.આર.ટી.એસ. પ્રગતિમાં છે. ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ સ્માર્ટ સીટીનો નવો અભિગમ દાખવી ગુજરાતના ૬ શહેરોમાંથી મારા સુરતને સ્માર્ટ સીટીમાં સમાવેશ કર્યો છે, તે બદલ અભિનંદન આપવાના છે. સાથે સાથે રાજ્યને સ્માર્ટ સીટીમાં સમાવેશ થયેલ ગુજરાતના અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને દાહોદનો વિકાસ કરવા માટે તાજેતરમાં રૂપિયા ૧૨,૧૫૮ કરોડના પ્લાનને મંજૂરી આપી છે. જેમાં સુરત સ્માર્ટ સીટી માટે વિસ્તારવાઇઝ ડેવલપિંગ અંતર્ગત ૧૮૦૨ કરોડનાં ૪૦ કામો, સ્માર્ટ સીટી માટે ૭૯૫ કરોડનાં ૧૯ કામો હાથ ધરવામાં આવ્યાં છે. મારે કહેવું છે કે સુરત શહેર વિવિધ આવાસ યોજના હેઠળ ૧,૦૨,૨૪૩ આવાસોના પ્રોજેક્ટો હાથ ધર્યા છે. એમાંથી ૮૨,૦૦૦ આવાસોની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા સુરતના વિવિધ સ્થળે રૂપિયા ૮૫૩ કરોડના ખર્ચે ૧૦,૦૦૦ ઇ.ડબલ્યુ.એસ. આવાસોનું નિર્માણ કરવામાં આવનાર છે. જેટલા હયાત ટેનામેન્ટ છે, તેનું રી-ડેવલપમેન્ટ કરવામાં આવનાર છે. મારે કહેવું છે કે કુલ ખીલે હે ગુલશન, ગુલશન...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. એક મિનિટ બોલો ચાલો.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, ‘‘ખૂબ કરો સારી કોશિશ હમેં મિટાનેકી, શાયદ આપકો માલુમ નહિ હમ બીજ હે ઇસી પાર્ટીકા જીસે આદત હે બાર બાર ઉગ જાનેકી.’’ એટલે જ આજે અમે અત્યારે સત્તા ઉપર છીએ. અને ૨૨ વર્ષથી લોકોએ અમારા ઉપર વિશ્વાસ કર્યો છે અને છઠ્ઠી વાર ભાજપની સરકાર અહીં બની છે, એના માટે હું શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ૫૮૧ કરોડનું બજેટ છે તે મોટું કરો. વધારે બજેટ ફાળવો. આરોગ્યમાં આપણે ૧૦ હજાર કરોડનું બજેટ ફાળવીએ છીએ પણ પાયામાં જરૂરિયાત છે રમત ગમત, યુવાઓને સાચવવાના તેમાં આપણે ઓછું બજેટ ફાળવ્યું છે તો તેમાં વધારો કરો એવી મારી વિનંતી છે. પક્ષાપક્ષીથી દૂર રહીને આ આપણા સમાજનો ચિંતાનો વિષય છે. દરેક ઘરમાં, દરેક સમાજમાં અને દરેક મા-બાપ આજે પોતાના દીકરાની ચિંતા કરે છે કે મારો દીકરો બહાર ગયો છે તો શું કરતો હશે? તે કોઇ વ્યસનમાં તો નહીં સપડાયો હોય. મારા પરમ મિત્ર હર્ષ અને બહેન સંગીતાબેનને કલેકટર સાથેની સંકલનની મિટીંગમાં ડ્રગ્સ માટે લડતા જોયા છે. આજે હર્ષ બોલ્યો નહીં. સુરત પંજાબ જેવી પરિસ્થિતિમાં જતું રહ્યું છે તેના માટે તે ચિંતા કરતો હતો પણ આજે ગૃહમાં વાત નહીં કરી. ઇતિહાસ એવું કહે છે કે નેપોલિયન બોનાપાર્ટ જયારે પણ કોઇ દેશ પર ચઢાઇ કરતો તો ત્યાંના યુવાનોનું પહેલાં સરવે થઇ જતું હતું કે લોકો કેવી રીતે રહે છે, યુવાનો કેવા છે? આપણા દરેક સમાજમાં અને દરેક ઘરમાં છોકરાંઓ જે સ્ટેજ પર આવે છે તેમાં હજાર, બે હજાર કે પાંચ હજારમાંથી એક છોકરો બહાર આવતો હશે. ચાર હજાર છોકરાં બચે છે તેની પરિસ્થિતિનો આજે આપણે વિચાર કરતા નથી. તેની વ્યસનોમાં અને ફેશનોમાં સમાજ પાસે જે અપેક્ષાઓ છે તે મા-બાપ પૂરી કરી શકતા નથી. ભાઇ અલ્પેશભાઇને ખૂબ

અભિનંદન આપીએ કે જન આંદોલન કરીને દારૂના વ્યસનમાંથી સમાજ મુક્ત થાય તે માટે લડે છે. આજે દરેક યુવાન પાસે, દરેક દીકરી પાસે હાથમાં મોબાઇલ હોય છે. હમણાં નેશનલ સેમ્પલ સરવે આવ્યો છે તેમાં ૩૦ ટકા છોકરાંઓ ફેટી થતા જાય છે. રમત ગમતની પ્રવૃત્તિ તેમની છૂટી ગઇ છે. સ્કૂલમાં રમતા નથી. ગામડાંમાં તેમને રમવા માટે રમત ગમતના મેદાનો નથી. મારી પાસે મહિના પહેલાં જામનગર અને ગીર સોમનાથના બાળકો અને શિક્ષકો આવેલા અને જે ત્રણ વર્ષ પહેલાં ગ્રામ્ય રમતોત્સવ રમાયેલો તેની ગ્રાન્ટ ફળવાઇ નથી તેવી ફરિયાદ કરી હતી અને આજે પણ તે રખડે છે. ત્રણ વર્ષ પહેલાંની વાત છે. આપણે એકબાજુ રમત ગમત માટે પ્રોત્સાહન આપીએ છીએ. યુવાનોને પ્રોત્સાહન મળે તે માટે પ્રવૃત્તિ કરીએ છીએ. કયાંક આ ખામીઓ છે તે દૂર કરીને છોકરાંઓને વ્યવસ્થા મળે, રમવા મેદાન મળે તેવું જોવું જોઇએ. તેમણે મને એવું કહ્યું કે અમારી બાર છોકરાંઓની ટીમ હતી તો અમને માત્ર બે જ ગાદલાં સૂવા માટે આપેલા. આવી પરિસ્થિત જયારે થાય છે ત્યારે તે છોકરાંનું દિલ તૂટે છે અને તે બીજા દિવસે રમત ગમતમાં સારુ પ્રદર્શન કરી શકતો નથી અને તેનું કૌશલ્ય બહાર કાઢી શકતો નથી. તો તેના માટે સરકાર ચિંતા કરે તેવી વિનંતી છે. હમણાં નેશનલ ક્રાઇમ રિપોર્ટ બ્યુરોના જે આંકડા છે કે ૨૦૧૫માં ૩૩૬૨૩ આત્મહત્યાઓ આ દેશમાં થઇ છે. તેમાં ૧૦ હજાર યુવા છોકરાં અને છોકરીઓ છે. તેને આપણા તરફથી જે અપેક્ષા હોય, સમાજ તરફથી જે અપેક્ષા હોય તે ખૂટે છે એટલે આપણી જે નૈતિક જવાબદારી તેમના પ્રત્યેની છે તેમાંથી આપણે બાકાત નહીં રહીએ તે જોવું પડશે. આ યુથને કે જેને આપણે દેશનું ભવિષ્ય કહીએ છીએ તેને સારી રીતે સાચવીએ તેવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. આગળના મારા મિત્રો છે તેમને એક વાત કહેવી છે અને ચેરમાં આજે મા બેઠા છે એટલે મને વધારે અનુકૂળ પડશે. જેના મનમાં એવું છે કે કોંગ્રેસે ૬૦ વર્ષમાં શું કર્યુ તે બધાને મારો જવાબ છે કે, કોઇ માતા હોય એને કોઇ પૂછે કે તે દિકરા માટે આટલું આટલું કર્યું તો જે સાચી માતા હશે એ ક્યારેય નહીં કહે કે મેં મારા દિકરા માટે આટલું આટલું કર્યું છે, એ એમ કહેશે કે મારે ઘણું બધું કરવાનું રહી ગયું. પણ જેની નર્સની માનસીકતા હશે એ પ્રચાર કરશે કે મેં એને ઇન્જેકશન લગાવેલું, પેડ પહેરાવેલું, એને નવડાવેલો–ધોવડાવેલો, એ બધું બેનરો મારીને પ્રચાર કરવાની જરૂર નથી. એટલે કે કોંગ્રેસની માનસીકતા માતાની છે એટલે અમે જે કાઇ કામો કરેલ છે એનો પાયો નાંખેલો એમાં સાથે મળીને જે ભવિષ્યમાં બનાવવાનું છે એમાં યુથ હોય, વડિલો હોય એ બધાને સાથે લઇને ચાલીએ એવી મારી અપેક્ષા છે.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૮–૧૯ના અનુદાનમાં શહેરી વિકાસ વિભાગની માગણી લઇને જે માનનીય નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે અને એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨ની અંદર પહેલીવાર વિધાનસભામાં ચૂંટાઇને હું અહીંયા આવ્યો અને ૨૦૧૮માં બીજી વાર અહીંયા ચૂંટાઇને આવ્યો છું. છેલ્લા ૬ વરસમાં આ બાજુમાંથી સિનિયર નેતાઓ જૂનિયર નેતાઓ, સિનિયર ધારાસભ્યો, જૂનિયર ધારાસભ્યો દ્વારા એક જ વાત સાંભળતો આવું છું કે, આ વિકાસ અમે કર્યો છે, આ વિકાસ અમે કર્યો છે, અને કાલે જ એક વાત એવી આવી કે અમારી આ વિકાસની યોજનાનું નામ તમે આ આપ્યું અને આ વિકાસની યોજનાનું નામ તમે આ આપ્યું. તો મેં રાજેન્દ્રસિંહને પૂછ્યું કે આ બધું આ લોકોએ જ કર્યું છે તો ૨૨ વરસથી આપણે આ બાજુ કેમ બેઠાં છીએ? અને સતત છ છ ટર્મથી આપણે આ બાજુ કેમ બેઠાં છીએ? ત્યારે એમણે કહ્યું કે ભાઇ, એમની વિકાસની વ્યાખ્યા અલગ છે અને આપણી વિકાસની વ્યાખ્યા અલગ છે, એમની વિકાસની નીતિ અલગ છે આપણી વિકાસની નીતિ અલગ છે, એમની વિકાસની યોજનાઓનો અમલ કરવાની નીતિ અલગ છે અને અમારી વિકાસની યોજનાઓનો અમલ કરવાની નીતિ અલગ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૪૦–૪૦ વરસ સુધી રાજ કર્યું અને "ગરીબી હટાઓ,ઇન્દિરાજી આઇ હૈ નયી રોશની લાયી હૈ." આ બધા સૂત્રોનો જ ઉપયોગ કર્યો પણ ગરીબોને ગરીબ જ રહેવા દીધા. હમણા અમારા એક વડિલ મિત્ર એમ કહેતા હતા કે, ઝૂંપડપટ્ટી હટાવે છે, ઝૂંપડપટ્ટીઓ નાબૂદ કરે છે. મારે એક જ વાત કરવી છે કે, અમારી વિકાસની વ્યાખ્યા છે એ ગ્રામ પણ સમૃદ્ધ બને, નગર પણ સમૃદ્ધ બને અને મહાનગર પણ સમૃદ્ધ બને અને જ્યારથી અમારી સરકાર ૨૨ વરસથી બેઠી છે ત્યારે અમારી સરકારે ગ્રામ્યનો પણ ઉદ્ધાર કર્યો છે, ગામોમાં પાકા રસ્તા બનાવ્યા છે, પીવાના પાણીની વ્યવસ્થા કરી છે, શૌચાલયોની પણ વ્યવસ્થા કરી છે. નગરોની અંદર પણ ઉદ્યોગો આવ્યા છે અને નગરનો સંપૂર્ણ વિકાસ થયો છે, મહાનગરનો પણ સંપૂર્ણ વિકાસ થયો છે. હમણા અહીંયા પૂર્વ મેયરશ્રી વાત કરતા હતા કે ટી.પી. સ્કીમનો અમલ થતો નથી. મારે એમને કહેવું છે કે ૧૯૮૨થી લઇને અમે લોકો નગરપાલિકામાં હતા અને એ વખતે કોંગ્રેસનું શાસન હતું ત્યારે એક પણ ટી.પી. સ્કીમ મંજૂર નહોતી થઇ અને એ ટી.પી. સ્કીમો મંજૂર નહીં થવાના કારણે આ ઝૂંપડપટ્ટીઓની વસાહતો બની, એને કારણે જ આ એન.એ. એન.ઓ.સી. વગરના મકાનો બન્યા, જયારે એ ઝૂંપડપટ્ટી હટાવવાનું અમારા શિરે આવ્યું છે. અમારા લોકલાડીલા વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી, અમારા મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી અને અમારા નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઇ પટેલ સાહેબે જે બિડું ઝડપ્યું છે કે, શહેરનો સંપૂર્ણ વિકાસ થાય, અવિરત વિકાસ થાય અને વિકાસલક્ષી જે યોજનાઓ બને છે એનો અમલ થાય અને એના થકી રાજયની સમૃદ્ધિ વધે એ માટે માનનીય પ્રદિપસિંહજીના રાજમાં જે કાયદો અને વ્યવસ્થાની શાંતિભરી સ્થિતિ છે એને કારણે શહેરોનો વિકાસ થયો છે અને એને જ કારણે અન્ય રાજયોમાંથી પણ લોકો ગુજરાતમાં રોજગારી શોધવા માટે આવે છે ત્યારે અમારી સરકાર આ બધા જે પરપ્રાન્તિઓ અને ઝૂંપડપટ્ટીમાં વસતા લોકો છે એના ઉદ્ધાર માટે આવાસની યોજના લાવી છે અને એ આવાસની યોજનામાં પી.એમ.જી.વાય., સી.એમ.જી.વાય. અને એફોર્ડેબલ મકાનો આપવા માટેની અમારી યોજનાઓ છે એના દ્વારા ૭ લાખ ગરીબોને મકાનો આપવા માટેની અમારી યોજના છે. ૭.૫૦ લાખ રૂપિયાની કિંમતના જે મકાનો હતા એ કિંમતની

જગ્યાએ અત્યારે ૫.૫૦ લાખ રૂપિયા કરીને ૨ લાખ રૂપિયા સુધીની અમે લોકોને સહાય કરીએ છીએ, ૧.૫૦ લાખ રૂપિયા સુધીની મર્યાદાના જે મકાનો હતા એની જગ્યાએ અમે લોકોએ ૩ લાખની મર્યાદા કરી છે જેથી મધ્યમ વર્ગનો પણ સમાવેશ થઇ શકે એવી યોજના કરી છે એટલે સર્વાંગી વિકાસ એને કહેવાય કે, ગરીબ, મધ્યમ વર્ગ અને અમીર ત્રણેયનું સમતોલન થાય અને સમતોલન થાય તો જ રાજયનો અને દેશનો વિકાસ થાય અને એ વિકાસની નીતિની સાથે જ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે એને હું બિરદાવુ છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં મને પહેલીવાર બોલવાનો મોકો મળ્યો છે ત્યારે હું અમારા દંડકશ્રી અને આપનો આભાર માનું છું, શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહનિર્માણ વિભાગ પરની ચર્ચામાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. મારા મત વિસ્તાર સોમનાથના લોકો દ્વારા મારી ઉપર વિશ્વાસ મૂકી અને મને ધારાસભ્ય તરીકે ગૃહમાં મોકલેલ છે. મારા મત વિસ્તારમાં આવતી વેરાવળ નગરપાલિકામાં આવાસ યોજના હેઠળ ગરીબ લાભાર્થીઓના હિતમાં આવાસ બનાવવામાં આવે છે. તે આવાસ યોજનાનો લાભ ખરેખર ગરીબ વર્ગના લાભાર્થીઓને મળવો જોઇએ તેના બદલે જરૂરિયાત ન હોય તેવી વ્યક્તિઓને આવાસ યોજનાઓનો લાભ મળેલ છે. જેના કારણે ગરીબ વર્ગના લોકોને અન્યાય થયેલ છે અને તેવા લોકોને આવાસ યોજનાથી વંચિત રાખવામાં આવેલ છે. આપના માધ્યમથી આ બાબતે તપાસ કરાવી, ગરીબ વર્ગના જરૂરિયાતમંદના લોકોને આવાસ યોજનાનો લાભ મળે તેવી મારી માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે.

જુનાગઢ જિલ્લામાં ચોરવાડ નગરપાલિકા આવેલી છે. ત્યાં આવાસ યોજના મંજૂર થયેલ છે. એ આવાસ યોજના મંજૂર થયા પછી તેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થયેલ છે અને તેનો વર્ક ઓર્ડર પણ આપવામાં આવેલો છે. આ વર્ક ઓર્ડર આપ્યા પછી શહેરી વિકાસ વિભાગ દ્વારા આ કામ હાઉસીંગ બોર્ડને આપવામાં આવેલ છે, અત્યારની પરિસ્થિતિ એવી છે કે આ કામ નગરપાલિકા પણ નથી કરતી અને હાઉસીંગ બોર્ડ પણ આ કામ નથી કરતું. હાઉસીંગ બોર્ડ દ્વારા અત્યારસુધી જે આવાસ યોજના બનાવવામાં આવેલ છે એમાં અંદાજીત ચાળીસ ટકાથી વધારે આવાસ યોજનાના મકાનો ફાળવી શકેલ નથી. હાઉસીંગ બોર્ડ જે રાજકોટમાં વસેલુ છે અને ચોરવાડ ત્યાંથી ૧૭૫ કિલોમીટર જેટલું દૂર છે એ દૂર હોવાના કારણે તે ત્યાં કામગીરી બરાબર ન કરી શકે. આ આવાસ યોજનાનો લોકોને વધારેમાં વધારે લાભ મળે એના માટે આપના માધ્યમથી મારી નમ્ર વિનંતી છે મંત્રીશ્રીને કે આ આવાસ યોજના બનાવવાનું કામ ચોરવાડ નગરપાલિકાને આપવામાં આવે કારણકે તે ત્યાંની સ્થાનિક સંસ્થા હોવાના કારણે લોકોને આવાસ પૂરા પાડી શકશે. આ આવાસ યોજનામાં લાભાર્થીને પોતાને લોન પણ કરાવવી પડતી હોય છે. લોન ઉપરાંત લાભાર્થીએ પણ અમુક પેમેન્ટ કરવું પડતું હોય છે. એટલે એનાથી વધારે લોકોને લાભ મળી શકશે અને તાત્કાલિક ધોરણે તે કરવામાં આવે. અમે દરિયાઇ પટ્ટીમાં વસેલા છીએ. આમ કરવાથી લોકોને વધારેમાં વધારે લાભ મળી શકે અને આવાસ યોજનાનો વધુમાં વધુ ઉપયોગ થઇ શકે અને ગરીબ લોકો તેમાં રહી શકશે તે માટે કામગીરી કરવા મારી નમ્ર વિનંતી છે.

મારું બીજું એ કહેવાનું છે કે, દરિયાઇ પટ્ટી ઉપર વસેલી જે નગરપાલિકાઓ છે ત્યાં ક્ષારનું પ્રમાણ વધારે હોય છે. લોકોને ક્ષારવાળું પાણી પીવું પડે છે. એ પાણી પીવું પડતું હોવાથી વધુમાં વધુ લોકોને પથરીની અને કીડનીની બિમારી થાય છે. આજે હજારો લોકો અહીંયા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવે છે. અમારી દરિયાઇ પટ્ટીના કેસો અહીં નોંધાયેલા છે. જેમ કે, પોરબંદર, માંગરોળ, ચોરવાડ, સુત્રાપાડા, વેરાવળ, ઉના, રાજુલા, કોડીનાર, આવા બધા દરિયાઇ પટ્ટીવાળા વિસ્તારો છે. એનાથી બિમારીઓ વધે છે. બિમારીઓ ન વધે એના માટે મારી શહેરી વિકાસ વિભાગના મંત્રીશ્રીને આપના માધ્યમથી નમ્ર વિનંતી છે કે ત્યાં ફિલ્ટરનો પ્લાન્ટ આપવામાં આવે કે જેનાથી હાર્ડ વોટરમાંથી સોફ્ટ વોટર કરી શકે. આવું પાણી પીવાથી લોકોની બિમારી દૂર થઇ શકશે.

મારે બીજી વાત એ કરવાની છે કે વેરાવળ નગરપાલિકાની વાત કરું તો ગુજરાત સરકાર દ્વારા ચાલતા ગટર યોજનાના કામ બાબતની ગંભીર બાબત મારા ધ્યાન પર આવેલ છે વેરાવળ તેમજ અન્ય નગરપાલિકા દ્વારા અવારનવાર રસ્તાના કામ બાબતે, રસ્તાઓ ખોદવાના કારણે ઘણીવાર ગટરલાઇન તેમજ પીવાના પાણીની લાઇન તૂટવાના બનાવો બને છે જેના કારણે ગટરનું પાણી અને પીવાનું પાણી મિક્સ થઇ જતું હોય છે આવું થવાના કારણે તે પાણીના ઉપયોગથી લોકો રોગના ભોગ બને છે આથી આ બાબતે અનેકવાર સરકારશ્રીમાં રજૂઆતો કરવા છતાં કોઇ પગલાં લેવામાં આવતા નથી. નગરપાલિકાઓમાં અવારનવાર નવા બનેલા પાકા અને આર.સી.સી. રોડ ગટર લાઇન નાંખવા સારું તોડવામાં આવે છે પણ તે તોડીને ફરી રિપેર કરવામાં આવતા નથી. જેનાથી પ્રજા હેરાન થાય છે. આ ગટરયોજના તદ્દન નિષ્ફળ નિવડેલ છે તેમજ તેનું મેઇન્ટેનન્સ કરવામાં આવતું નથી. ઘણી જગ્યાએ તો ગટરનું કામ પૂર્ણ થઇ ગયેલ છે તેવું સર્ટીફિકેટ પણ આપી દેવામાં આવેલ છે ત્યાં ગટર ફીટ તો થઇ છે પણ ત્યાં એટલી નાની પાઇપ છે કે એમાં તો આખા ગામનું તો શું પાંચ ઘરનું પાણી પણ તેમાંથી ન નીકળી શકે અને ગટરના ઢાંકણાઓને ખુલ્લાં મૂકવામાં આવે છે. ખાસ કરીને બીજી વાત કહું તો ત્યાં ગટરની યોજના તો થઇ ગઇ છે પણ ત્યાં જે મશીનરી મૂકવામાં આવે છે એ મશીનરીમાંથી ગટરનું પાણી શુદ્ધ કરી અને અલગ કરવામાં આવે છે એ મશીનરીની સુવિધા પણ નથી થઇ. ઘણીવાર અમારા તરફથી પુછવામાં આવે છે ત્યારે કહેવામાં આવે છે કે, યોજના માટે હજી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. બીજું મારે એ કહેવું છે કે આ જે દરિયાઇ પટ્ટીના વિસ્તારો છે ત્યાં દરિયાકાંઠો આવેલો છે ખાસ કરીને ત્યાંની નગરપાલિકાઓને સ્પેશ્યલ ગ્રાન્ટ આપવામાં આવે. જેના કારણે તેઓ સી.સી.ટી.વી.ના કેમેરા ફીટ કરી શકે.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સહકાર વિભાગની જે માગણી લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજયની અંદર માનનીય અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીસાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને સહકાર મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલ સાહેબ આજે ગુજરાત રાજયની અંદર સહકારની પ્રવૃત્તિ જે રીતે ફૂલી ફાલી છે એવી કયારેય ફૂલી ફાલી નથી. ગુજરાતની અંદર આજે જોઇએ તો ગુજરાતના ૨૪ દૂધ સંઘ કાર્યરત છે એની અંદર ૧૬ હજાર જેટલી સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ પણ રજીસ્ટર થયેલી છે. સહકારી મંડળીઓ સાથે ૩૬ લાખ જેટલા પશુપાલકો પણ તેની સાથે જોડાયેલાં છે જેમાં હાલ ૨૫ લાખ જેટલા દૂધ સભાસદો સક્રિય રહી દૂધ ઉત્પાદન કરી સહકારી મંડળીમાં દૂધ ભરે છે. ૨૫ લાખથી વધારે સભાસદો નોટબંધીની અંદર ૯ લાખ જેટલા લોકોએ ડાયરેકટ ખાતાઓની અંદર સભાસદના ખાતા ખોલાવીને બેન્કની અંદર ઓન લાઇન પેમેન્ટ લેવા માટેની વ્યવસ્થા કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંઘો સાથે ફેડરેશન અને બેન્કોના સક્રિય સહકારની ખાસ ઝૂંબેશ ૨૪ લાખ દૂધ ઉત્પાદક સભાસદોના બેન્ક ખાતા ખોલવામાં અને હાલના દૂધની બિલ ચૂકવણીની અંદર પણ ડાયરેકટ ખાતામાં જમા થઇ સભાસદોને તેમની રકમ જરૂરિયાત મુજબ ઉપાડી શકાય તેવી વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની સરકારના વખતમાં થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ ઉત્પાદક સંઘો દૂધ ઉત્પાદક સભાસદોના દૂધના નાણાં નિયત સમયમાં ચૂકવવામાં આવે અને દૂધના સરળતાથી નાણાં મળી રહે તે માટે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, જિલ્લા સહકારી બેન્કો અને જિલ્લા સહકારી સંઘો સાથે સંકલન કરીને જાણે નાણાબંધી આવી ત્યારે ગુજરાત રાજયની અંદર સૌથી વધારે સહકાર આપીને પૈસા ખેડૂતોના ખાતામાં મળી રહે, ખેડૂતોને વ્યવસ્થિત મળી રહે અને કોઇ પણ જાતની તકલીફ ના પડે તેનું ધ્યાન રાખીને ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વિજયભાઇ રૂપાણીની સરકારે ખેડૂતોના માટે પણ એ વખતે ખૂબજ રસ લઇ અને એની અંદર કોઇ મુશ્કેલી ના પડે તેની કાળજી રાખવાનું કામ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલુ છે. વ્યકિતગત ખેડૂતો, સહકારી સંસ્થા, બજાર સમિતિ, ગોડાઉન, બાંધકામ માટેની યોજનામાં લગભગ ૧૧ કરોડ રૂપિયા જેટલી જોગવાઇ કરવામાં આવેલી છે. ખાંડ સહકારી મંડળીઓ ખરીદ વેરો, સોફટ લોન માટે વ્યાજ સહાય, રાહત લિકવીડીટી સપોટ લોન આ આપવા કુલ ૧૪ કરોડ ૫૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આ દેશના વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ માનનીય અમિત શાહ સાહેબના સહકારી ક્ષેત્રે ગુજરાતની અંદર ખૂબ જ પ્રગતિ થઇ છે ત્યારે વિના વ્યાજે પાક ધિરાણ ગુજરાત રાજયની અંદર ૪ ટકા અને કેન્દ્રની ૩ ટકા મળી ૭ ટકા વ્યાજ રાહત રકમ આપવા માટેની ૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. પ્રધાનમંત્રી ફસલ યોજના, ખેડૂત અકસ્માત વીમો વગેરેને પહોંચી વળવા માટે ૧૧ હજાર ૧ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવેલી છે.

ખેડૂતોના ઉત્પાદનની સીઝનની આવક વધી જતાં અર્થશાસ્ત્રના નિયમ મુજબ ભાવો ઘટી જાય ત્યારે સરકારે મગફળી, તુવેર આ બધાને ટેકાના ભાવોથી ખરીદવા માટેની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મંડળીઓને પણ e-cess, installation માટે સહાય માટે પ્રથમ તબક્કે ૬૦૦૦ જેટલી પ્રાથમિક ખેતી વિષયક મંડળીઓને ધિરાણ આપવાનું લક્ષ્યાંક ભારતીય જનતા પાર્ટીની સરકારે નક્કી કર્યું છે. કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત બજાર સમાજકીય આધુનિક પાયાની સુવિધા ઊભી કરવા માટે ૨૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વ્યક્તિગત ખેડૂત સહકારી સંસ્થા, બજાર સમિતિ, ગોડાઉન બાંધકામ માટેની સહાય માટે ૧૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૫૮૦.૯૭ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે માગણીઓ ઉપરની ચર્ચામાં સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, શ્રી હિતુભાઇ કનોડિયા, શ્રી પૂનમભાઇ પરમાર, શ્રી અરૂણસિંહ રણા, શ્રી હર્ષભાઇ સંઘવી, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી જેઠાભાઇ ભરવાડે તેઓના મંતવ્યો રજૂ કર્યા છે. માનનીય સભ્યશ્રીઓ દ્વારા કેટલાંક મૌલિક સૂચનો, રજૂઆતો પણ કરેલ છે તેની નોંધ લીધી છે અને જેઓએ આ ચર્ચામાં ભાગ લીધો તેઓનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ હેઠળની જુદી-જુદી કચેરીઓ જેવી કે, કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગ્રંથાલય નિયામકની કચેરી, પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, અભિલેખાગાર નિયામકની કચેરી, ભાષા નિયામકની કચેરી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગુજરાત લલિતકલા અકાદમી વગેરે દ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની વિવિધ કામગીરી કરવામાં આવે છે. જે રીતે અગાઉના વર્ષોમાં કહેતાં હતાં કે, ગુજરાતી એટલે દાળભાત ખાનારી પ્રજા, ગુજરાતી એટલે વેપારી પ્રજા. એ ક્યારેય પણ રમત ગમતમાં આગળ આવે નહિ પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે, એમાં પણ આપણે જોયું કે જે મેણું હતું એ તોડવા માટે આપણા દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ ૨૦૧૦થી ખેલ મહાકુંભની શરૂઆત કરી અને એને લઇને આજે આપણું ગુજરાતનું યુવાધન પણ આ રમત ગમત ક્ષેત્રે ખૂબ આગળ વધ્યું છે. રાજ્યના દીકરા-દીકરીઓ પણ આ રમત ગમતમાં આગળ વધ્યા અને છેવાડાનો માનવી પણ રમત ગમતમાં ભાગ લે એ આ સરકારની નેમ છે. ભૂતકાળમાં માત્ર શહેરમાં પૈસાદારના દીકરા-દીકરીઓ જ રમત ગમતમાં ભાગ લેતાં હતાં. આજે સમગ્ર છેવાડાનો નાગરિક પણ ભાગ લઇ

રહ્યો છે. આ વિભાગની વાત કરું ત્યારે ૧૯૯૦માં શિક્ષણ વિભાગની સાથે સંલગ્ન વિભાગ હતો અને ૧૯૯૦માં તા. ૧૭/૧૨/૧૯૯૦ના દિવસે વિભાજન કરીને આ વિભાગનું નામ યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ રાખવામાં આવ્યું. સાત વર્ષ પછી એટલે કે ૧૯૯૭માં બીજા વિષયો ઉમેરાવાને કારણે આ વિભાગને ફરીથી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ એવું નામ આપવામાં આવ્યું. બજેટ ખૂબ નાનું છે. હું ૨૦૦૭-૦૮ની વાત કરું તો આ વિભાગનું બજેટ ૫૦.૫૦ કરોડ હતું અને આજે ૨૦૧૮-૧૯માં ૫૮૦.૯૭ કરોડનું બજેટ બતાવે છે કે, રાજ્યના છોકારાઓ પણ રમત ગમત ક્ષેત્રે વિશેષ સિદ્ધિ હાંસલ કરે એવી આ સરકારની પણ નેમ છે. રાજ્યના યુવાનોમાં રમત ગમત ક્ષેત્રે જાગૃતિ આવે, ગુજરાતના પ્રતિભાશાળી છોકરાઓ રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરે એવી વિવિધ યોજનાઓ પણ આ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકી છે. એવી વિવિધ યોજનાઓ પણ આ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકેલી છે. રાજય સરકાર દ્વારા ખેલકૂદ ક્ષેત્રે આરંભ કરેલ અનેક યોજનાઓ સફળ અમલવારીના પરિણામે આજે રાજયના યુવાનો રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે અને આ પરંપરાને વધુને વધુ વેગ આપવા માટે રાજ્ય સરકારે સ્પોર્ટસ યુનિવર્સિટી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના માધ્યમથી પણ અમલમાં મૂકેલી છે. આગામી નાણાકીય વર્ષની વાત કરું તો ત્યારે એમાં ખેલ મહાકુંભ, સ્વામિ વિવેકાનંદ ખેલ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર, શક્તિ દૂધ યોજના, દિવ્યાંગ ખેલાડીઓ માટેની યોજનાઓ, શિક્ષણ સાથે રમતના સમન્વય માટેની યોજનાઓ જેવી કે, જિલ્લા સ્પોર્ટસ સ્કૂલ યોજના, ઈન સ્કૂલ યોજના, સ્પોર્ટસ સ્કૂલ કોન્ટેકટ પ્રોગ્રામ, કોચિંગ કેમ્પ, ખેલ પ્રતિભા પુરસ્કાર, મહિલા ખેલાડી પુરસ્કાર, આવી અનેકવિધ યોજનાઓ બનાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભની વાત કરૂં તો ૨૦૧૦ પહેલાં ક્યારેય પણ કોઇ દીકરા-દીકરીઓને હું માનું છું તેમ આ ખેલકૂદની અંદર પોતે પોતાનું પરફોર્મન્સ આપી શકતા ન હતા, પરંતુ આપણા રાજયના તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને દેશના આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ છેવાડાના ગરીબ, શોષિતની ચિંતા કરીને એ છેવાડાના દીકરા- દીકરીઓ પણ રમત ક્ષેત્રે બહુ સારું પરફોર્મન્સ કરી શકે અને સિદ્ધિ હાંસલ કરે એના માટે આ કામગીરી કરી છે. ત્યારે સામા પક્ષના માનનીય મિત્રો જયારે પણ કોઇ આવી વાત હોય ત્યારે, ખેલ મહાકુંભ હોય, શાળા પ્રવેશોત્સવ હોય, પતંગોત્સવ હોય, ગરીબ કલ્યાણ મેળા હોય ત્યારે બસ વિરોધ જ કરવો, પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે, આ ખેલ મહાકુંભ થકી ડાંગ જિલ્લાની દીકરીએ એથ્લેટિક રમતમાં ડાંગ એથ્લેટિક તરીકે પસંદગી મેળવનાર કુમારી સવિતા ગાયકવાડ પણ ખેલ મહાકુંભ થકી આ દીકરી આગળ આવી છે. મિત્રો, ખેલ મહાકુંભની શરૂઆત ૨૦૧૦માં કરવામાં આવી ત્યારે જે તે વર્ષે ૧૩ લાખ લોકોએ રમતમાં ભાગ લીધો હતો, પણ મને કહેતાં આનંદ થાય છે કે, આજે ૨૦૧૭માં ૪૦ લાખ જેટલા રમતવીરોનું રજીસ્ટ્રેશન થયું હતું અને એમાં ૩૧ લાખ જેટલા લોકોએ આ રમતની અંદર ભાગ લીધો એમાં ૩૧ જેટલી રમતો હતી અને ૮૪૧ જેટલી સ્પર્ધાઓ હતી. આની સાથે સાથે જિલ્લા અને રાજયકક્ષાએ વિજેતા થનાર ખેલાડીઓને ૪૦ કરોડ રૂપિયાની રકમના પુરસ્કારો પણ આપવામાં આવે છે અને એના માટે ૭૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે ૨૦૧૭ અંતર્ગત અત્યાર સુધીમાં જે ખેલાડીઓ વિજેતા થયા એમાં શ્રેષ્ઠ શાળાઓને ૨૬ કરોડથી વધુ રકમના પુરસ્કાર ડીઝીટલ ઇન્ડીયાના સંકલ્પ મુજબ સીધેસીધા એમના ખાતાની અંદર જમા થાય એ પ્રમાણેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભથી પણ એક ડગલુ આગળ વધીને દિવ્યાંગ ભાઇઓ અને બહેનો છે એમને પણ આ રમવાની તક મળે, કૌશલ્ય બતાવવાની તક મળે તો એના માટે અંધ, અપંગ, બહેરા-મૂંગા તેમજ મંદ બુદ્ધિ ધરાવતા દિવ્યાંગ બાળકોને પણ આ ખેલ શકિતને પારખીને નિખાર આપવા અલગ અલગ ચાર કેટેગરીમાં આ રમતોની ફાળવણી કરી, દિવ્યાંગ ખેલાડી માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજન કરીને તેમને પણ આ પ્લેટ ફોર્મ ઉપર ઉભા કરવામાં આવેલ છે. ૪૫ હજાર જેટલા દિવ્યાંગ ખેલાડીઓએ આ સ્પેશિયલ મહાકુંભમાં રજીસ્ટ્રેશન કરાવેલ હતું એ પૈકી ૩૬ હજાર કરતાં વધુ દિવ્યાંગ ખેલાડીઓએ ૨૦ સ્પર્ધામાં ભાગ લીધેલો છે. રાજય સરકાર દ્વારા ખેલ મહાકુંભના અભિયાનથી ઉભરી આવેલ પ્રતિભાઓના કૌશલ્યવર્ધન માટે દર વર્ષે એટલે કે એને પહેલી મે થી એકત્રીસ મેના સમય દરમિયાન જે વિશિષ્ટ સ્પર્ધકોએ ભાગ લઇને ઉભરી આવ્યા છે એમને આ સમર કેમ્પની અંદર ટ્રેનિંગ આપવામાં આવે છે એવા અત્યાર સુધીમાં ૨૩ હજાર કરતાં પણ વધારે ખેલાડીઓને ઘનિષ્ઠ તાલીમ શિબિરનો લાભ પણ આપવામાં આવેલ છે. શિક્ષણ સાથે રમતોનો સમન્વય, જે બાળકોને શાળા જીવન દરમિયાન શિક્ષણની સાથે ખેલકૂદ અંગેની યોગ્ય તાલીમ મળી રહે એ માટેનું પણ રાજ્ય સરકારે આયોજન કરેલું . સાથે સાથે જિલ્લા કક્ષાની જે સ્પોર્ટસ સ્કૂલ-શાળાઓ છે, એની અંદર પણ આ સુવિધાઓથી પદ્ધતિસરની તાલીમ મળી રહે એ માટેનાં હાલમાં ૨૮ જિલ્લાની અંદર ૩૬ જેટલી જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ કાર્યરત છે. એ અંતર્ગત હાલમાં ૨૦૯૪ જેટલા વિદ્યાર્થીઓ પ્રશિક્ષણ મેળવી રહ્યા છે. આગામી વર્ષમાં પણ બીજા ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનો ઉમેરો કરીને આવનારા વર્ષમાં ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપવાનું કામ થઇ રહ્યું છે અને એમાં ૩૦ કરોડ રૂપિયાની પણ જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે ઇ-સ્કૂલ યોજનાની વાત કરીએ તો પહેલા ધોરણથી શાળાએ ભણતા બાળકોની શારીરીક ક્ષમતા અને રમતગમત પ્રવૃતિમાં સક્રિય કરી તબકકાવાર સ્કીલ ડેવલમેન્ટ અને મલ્ટી સ્પોર્ટસ એક્સ્પ્લોઝર આપવામાં આવે છે. એ જ રીતે આ રાજયના ૩૩ જિલ્લાઓમાં ૨૨૪ જેટલી શાળાઓમાં ૪૦૯ ટ્રેનરો દ્વારા ૧,૧૪,૫૨૦ ખેલાડીઓને આની તાલીમ આપવામાં આવેલ છે. એ જ રીતે સ્કૂલ સ્પોર્ટસ કોન્ટ્રેકટ પ્રોગ્રામ દ્વારા પણ આ ખેલ ક્ષેત્રે સારું પરિણામ આપતી શાળાઓમાં વ્યાયામ શિક્ષકની કેપીસીટી, બિલ્ડીંગ, સાધન સહાય અને ટ્રેઇનિંગ આપીને ખેલકૂદ ક્ષેત્રે પણ સારું પરિણામ મળે એટલા માટે વ્યાયામ શિક્ષકોને પણ તાલીમ આપવામાં આવે છે.

સભાપતિશ્રી : આપે પાંચ મિનિટમાં પૂરું કરવાનું છે. જે અગત્યનું હોય તે કહો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : જી. ઘણું બધું છે. શકિતદૂત યોજનાની વાત કરીએ તો આ યોજના દ્વારા રાજયનું નામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દીપાવવા સક્ષમ જે ખેલાડીઓ છે તેને પારખીને આવા જે આશાસ્પદ અને પ્રતિભાશાળી ખેલાડીઓની જરૂરીયાત પ્રમાણે રમત સંલગ્ન સુવિધાઓ પૂરી પાડી ઓલિમ્પીક કક્ષાએ પણ ચેમ્પીયન તૈયાર કરવાના ઘ્યેય સાથે આ શક્તિદૂત યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ખેલાડીઓની પ્રતિભાના નિખાર માટે જરૂરીયાત મુજબ વૈજ્ઞાનિક ઢબે નિષ્ણાત અને આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ દ્વારા તાલીમ તેમની રમતની નિપૂંણતા માટે વિદેશમાં તાલીમ કે સ્પર્ધામાં ભાગ લેવા માટેનો ખર્ચ, પૌષ્ટિક આહાર, કોચની સવલત આધુનિક સાધનો, સ્પોર્ટસની કીટસ, મેડીકલેમ અને મનોવૈજ્ઞાનિક કાર્ય શિબિર અને સ્પોર્ટસ જેવી બાબતો માટે પણ તેમના માટે અઢી લાખથી ૨૫ લાખ રૂપિયાની વાર્ષિક સહાય ખેલાડી દીઠ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૭૭૦ જેટલા ખેલાડીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. ૨૦૧૭-૧૮ માટે ૩૧ ખેલાડીઓને શકિતદૂત ખેલાડીઓ તરીકે પસંદગી કરીને જે પૈકી ૩૦ ખેલાડીઓને ઓલિમ્પીક ૨૦૨૦ અને ૨૦૨૪ ના ટારગેટેડ ખેલાડી તરીકે એમને તૈયાર કરવામાં આવી રહ્યા છે.

મેં હમણાં જ વાત કરી તેવી રીતના આ યોજના દ્વારા રાજયા નાનકડા ગામથી લઇને મોટા શહેરોના પ્રતિભાશાળી ખેલાડીઓ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે રાજયનું નામ રોશન કરીને રહ્યા છે, તેમાં મેં હમણાં જે વાત કરી કે ડાંગ જિલ્લાની એથલેટિક રમતમાં ડાંગ એક્સપ્રેસ તરીકે પસંદગી મેળવનાર કુમારી સરિતા ગાયકવાડ, સ્વીમીંગ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય નામના મેળવનાર અમદાવાદની કુમારી માના પટેલ, ટેબલ ટેનીસમાં વિશ્વ કક્ષાએ જૂનિયર કેટેગરીમાં પ્રથમ સ્થાન પામનાર સુરતના શ્રી માનવભાઇ ઠક્કર, વર્લ્ડ બીલીર્યડસ ચેમ્પીયન શીપમાં બ્રોન્ઝ મેડલ જીતનાર અમદાવાદના શ્રી રૂપેશભાઇ શાહ એવા કેટલાય પ્રતિભા સંપન્ન ખેલાડીઓ શકિતદૂત યોજનાના કારણે પરિણામો મળી રહ્યા છે.

છેલ્લા બે વર્ષની સિદ્ધિની વાત કરું તો રાજય સરકાર દ્વારા અમલી કરેલ વિવિધ યોજનાઓમાં સફળતાના આંકડા રજૂ કરું તો ગત બે વર્ષમાં રાજયના ખેલાડીઓને રાષ્ટ્રીય કક્ષાની સ્કીલ સ્પર્ધામાં વ્યકિતગત અને ટીમ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ ૩૦૦ મળેલ છે, સીલવર મેડલ ૩૦૮, બ્રોન્ઝ મેડલ, ૪૮૬ એમ કુલ મળીને ૧૦૯૪ જેટલા મેડલો મેળવેલ છે, જયારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સરકારી ૮૨ સ્પર્ધાઓમાં ૧૨૫ ખેલાડીઓ ૧૦૨ ગોલ્ડ મેડલ, ૧૦૦ સીલવર મેડલ અને ૪૪ જેટલા બ્રોન્ઝ મેડલ મળી કુલ ૨૦૭ મેડલો મેળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ પ્રતિભા પુરસ્કારની વાત કરીએ તો રાષ્ટ્ર કક્ષાની અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ગુજરાતના ખેલાડીઓને સરકાર દ્વારા દશ હજારથી પાંચ કરોડ સુધી રકમ આ ખેલ પ્રતિભા પુરસ્કારમાં આપવામાં આવે છે. તે જે રીતે માળખાકીય સુવિધાની વાત કરીએ તો આનંદભાઇએ વાત કરી કે અમારા દીકરા દીકરીઓને ગામડાંની અંદર માળખાકીય સુવિધાઓ અને રમતગમતના મેદાન ન હોવાના કારણે લાભ મળતો નથી. મને કહેતાં દુઃખ થાય છે કે અગાઉના શાસનોમાં રાજા મહારાજાઓના સમય ગાળાથી ઉપલબ્ધ થયેલા પોરબંદર, જામનગર, દેવગઢબારીયા અને લીંબડી માત્ર આ ચાર જ રમતગમતના મેદાનો હતાં. અગાઉની સરકારોમાં તેમાં કોઇ વિશેષ કામગીરી થઇ ન હતી. પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજય સરકારે ૨૦૦૬ થી સરદાર પટેલ રમત યોજના અમલી કરી અને ખેલકૂલ કૌશલ્યના વિકાસની સાથે માળખાકીય સુવિધાઓમાં વિકાસ કરવાની કટિબદ્ધતા દર્શાવી છે ત્યારે આ રમતગમતના મેદાનોની વાત કરું તો અમદાવાદ, કચ્છ, વડોદરા, હિંમતનગર, ભાવનગર, નડીયાદ, આણંદ, ગોધરા, રાજપીપળા, પાટણ, જૂનાગઢ, લીંબડી, દેવગઢબારીયા, સાપુતારા, અમરેલી અને પોરબંદર જેવા ૧૫ જેટલા જિલ્લા કક્ષાના સ્પોર્ટસ સંકૂલનું નિર્માણ કરવામાં આવેલ છે. બીજા ચાર જેટલા વડનગર, દસક્રોઇ, ધોળકા, સમી જેવા તાલુકાના સ્થળોએ પણ આ રમતગમત સંકૂલો બનાવવામાં આવનાર છે. એ જ રીતે કલા મહાકુંભમાં આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની પ્રેરણાથી દેશમાં પ્રથમ વખત ગુજરાત રાજયના કલાકારોને વિવિધ કલા પ્રવૃતિને પ્રોત્સાહિત કરવા માટે ૨૦૧૭-૧૮ના ખેલ મહાકુંભમાં ગાયન, વાદન, નૃત્ય અને અભિનય એમ કુલ ચાર યોગમાં કુલ ૨૨ જેટલી કૃતિઓનો સમાવેશ કરીને તાલુકા, જિલ્લા, રીજીયન અને રાજયકક્ષાએ પ્રતિભાશાળી કલાકારોને તક પૂરી પાડવામાં આવી છે. આ ખેલ મહાકુંભમાં કુલ બે લાખ બે હજાર કલાકારોએ ભાગ લીધો. એમાં કુલ રૂપિયા દસ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. બે કરોડ ૮૩ લાખ ૮૬ હજારના ઇનામો આપવામાં આવ્યા.

સંસ્કૃતિ કુંજની વાત કરું તો એમાં વસંતોત્સવ યોજાઇ રહ્યો છે જે દર વર્ષે દસ દસ દિવસનો હોય છે પરંતુ લોક લાગણીને ઘ્યાને લઇને આ વખતે ૧૫ દિવસ સુધી ચાલ્યો. ત્રણ દિવસ પહેલા જ એની પૂર્ણાહુતિ થઇ એમાં કુલ ત્રણ લાખ લોકોએ લાભ લીધો હતો. ૨૫૦ જેટલા હસ્તકલાના સ્ટોલ, ૫૦ ખાણીપીણીના સ્ટોલ હતા અને ૪૦૦ થી વધારે કલાકારોએ ભાગ લીધો હતો. અન્ય રાજયના કાલાકારોએ આવીને ભાગ લીધો ત્યારે એક ભારત શ્રેષ્ઠ ભારત સર્જાયું.

રાષ્ટ્રીય તહેવારની વાત કરું તો ભૂતકાળની અંદર જે માત્ર રાજધાની લેવલે ગાંધીનગર ખાતે જ રાષ્ટ્રીય પર્વ ઉજવાતા હતા. પહેલી મે, ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી, આજે એ દરેક જિલ્લાના અલગ અલગ સ્થળોએ ઉજવવામાં આવે છે. એના લીધે અન્ય જિલ્લાના લોકોને પણ લાભ મળી રહ્યો છે. ધાર્મિક ઉત્સવો, ગીરનાર આરોહણ અવરોહણ, એની સાથે સાથે અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા, વિશ્વ યોગદિન, યુવા ઉત્સવ, રમતગમત પ્રવૃતિ, આવી અનેક પ્રવૃતિઓ

અમારા યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા થઇ રહી છે ત્યારે હું આ માગણીઓ લઇને આવ્યો છું ત્યારે તમામ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે તેવી આશા રાખું છું. સહકાર વિભાગ વિશે મારે થોડું કહેવું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો સમય પૂરો થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારી પાંચ મિનિટ આપો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં તથા ભારત દેશના કયા રાજયમાં સૌથી સારી સહકારી પ્રવૃત્તિ ચાલે છે તો એ ગુજરાતમાં ચાલે છે. ૧૯૯૫ના બજેટની વાત કરું તો સહકાર વિભાગની અંદર ૩૧.૪૭ કરોડનું બજેટ હતું પરંતુ મને કહેતા આનંદ થાય છે કે આજે ૮૧૦ કરોડનું એટલે કે ૨૫૭૩ ટકાના વધારા સાથેનું બજેટ આ સહકાર વિભાગનું આવ્યું છે ત્યારે અનેકવિધ સહકારી સંસ્થાઓ દૂધ મંડળીઓ, ખાંડ મંડળીઓ મળીને જોઇએ તો ૧ કરોડ ૬૫ લાખ જેટલા સભાસદો એટલે કે ચાર ગુજરાતીએ એક વ્યકિત આ સહકાર વિભાગ સાથે સંકળાયેલો છે. આમાં ૧૭ લાખ જેટલી બહેનો સભાસદો છે, દસ લાખ જેટલા અનુસૂચિત જાતિના લોકો સભાસદ છે, ૧૪ લાખ જેટલા અનુસૂચિત જનજાતિના સભાસદો છે. આમ ૧ કરોડને ૬૫ લાખ સભાસદો છે.

સામેના મિત્રોએ એમ કહ્યું કે આજે ખેડૂતોને ધિરાણ મળવું જોઇએ એ મળતું નથી ત્યારે હું એટલું જ કહીશ કે ભૂતકાળમાં ધિરાણ મળતું હતું એના કરતાં અનેકગણું વધારે મળે છે. રાજય સહકારી બેંક, ૧૮ જેટલી જિલ્લા સહકારી બેંકો દ્વારા ૨૦૧૬-૧૭ના સહકારી ધિરાણ માળખામાં ૧૨,૧૦૨ કરોડનું પાક ધિરાણ આપેલ છે. ૨૨૧૭.૩૩ કરોડનું મધ્યમકૃત ધિરાણ આપેલ છે અને લાબાગાળાનું ૧૪૨.૫૬ કરોડનું ધિરાણ આપેલ છે. ચાલુ વર્ષે ૨૦૧૭-૧૮ના ૩૧-૧૨-૧૭ સુધીમાં ૧૦,૮૬૬.૨૪ કરોડનું પાક ધિરાણ અને ૧૦૩૦.૬૧ કરોડનું મધ્યમકૃત ધિરાણ તથા લાંબાગાળાની મૂડીનું ૧૨૭.૧૧ કરોડનું ધિરાણ આ રાજયના સહકારી માળખા દ્વારા આપવામાં આવેલ છે. એ જ રીતે ભૂતકાળની અંદર ૧૭ થી ૨૦ ટકા વ્યાજ ખેડૂતે આપવું પડતું હતું ત્યારે મને કહેતા આનંદ થાય છે કે અમારી સરકારે ખેડૂતોને ૩ લાખ સુધીનું એક ખેડૂત ખાતેદારને ધિરાણ મળે અને સમયસર ભરે તો ઝીરો ટકા વ્યાજે આ ખેડૂતોને આપવામાં આવી રહ્યું છે. ઝીરો ટકા વ્યાજે આજે ખેડૂતોને ધિરાણ આપવામાં આવી રહ્યું છે. એ જ રીતે ૨૦૧૮-૧૯ની વાત કરું તો તેના માટે ૫૦૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. કેન્દ્ર સરકારની પણ વાત કરું તો ૬૩,૦૦૦ જેટલી પ્રાથમિક ખેતી વિષયક મંડળીઓ છે તેને પણ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે કોમ્પ્યુટરાઇઝ કરીને કોર બેંકીંગ સિસ્ટમથી આ ત્રણ વર્ષના સમયગાળામાં તેને સાંકળવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તેમાં કેન્દ્ર સરકારશ્રીનો ૬૦ ટકાનો ફાળો, રાજય સરકારનો ૩૫ ટકા અને અન્ય મંડળીના ૫ ટકા ફાળાથી આ સિસ્ટમ પણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બજાર સમિતિઓની વાત કરું, આ રાજયની ૨૨૪ જેટલી બજાર સમિતિઓ આવેલી છે તે પૈકી ૪૬ જેટલી બજાર સમિતિઓ આદિવાસી વિસ્તારોમાં આવેલી છે ત્યારે આદિવાસી વિસ્તારમાંથી માર્કેટીંગ યાર્ડ સુધી માલ લાવવા માટે ૫૦૦ રૂપિયા સબસિડી આપવામાં આવશે જેથી આદિવાસી સભાસદો પોતાનો માલ લઇ શકે. આમ તો ઘણું બધું કહેવાનું છે પણ સમયના અભાવે હું મારી વાત પૂરી કરું છું. સહકાર વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ ઉપર સભ્યશ્રીઓએ કાપદરખાસ્ત રજૂ કરેલી છે એ પરત ખેંચવા અને સહકાર વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની જે માગણીઓ લઇને હું આવ્યો છું તે મંજૂર કરવા સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં રાજયના વિકાસને લગતી અમારી સરકારની જે કામગીરી છે એ અમે વિભાગવાર રજૂ કરીએ છીએ અને અમારા સર્વે માનનીય મંત્રીશ્રીઓ દ્વારા પોતાના વિભાગની જે પ્રજાલક્ષી કામગીરી કરવામાં આવે છે તેનું ખૂબ વિગતવાર વર્ણન કરીને ગુજરાતની પ્રજાને અમારી ભારતીય જનતા પક્ષની સરકાર જે સર્વાંગી વિકાસ માટે મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે અને સફળ થઇ રહી છે એ વિગત અમે અહીંયા રજૂ કરીએ છીએ. તેના ભાગ રૂપે રાજયની લગભગ ૫૦ ટકા કરતા વધુ વસતિ હવે શહેરોમાં વસે છે એ શહેરોની ૫૦ ટકા વસતિને પણ વધુને વધુ મદદરૂપ થવાનું, તમામ પ્રકારની સુવિધાઓ, સગવડો પ્રાપ્ત કરાવવાનું, પીવાના પાણીથી માંડીને બાગ-બગીચા, આંગણવાડીઓ, હોસ્પિટલો, સ્વચ્છતા માટેની કામગીરી એ બધું અમારી સરકારનો શહેરી વિકાસ વિભાગ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓના માધ્યમથી કરે છે તેની વાત અમે અહીં આજે મૂકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંનો વિકાસ કરવાનું કામ અને પ્રગતિ કરવાનું કામ પંચાયત વિભાગ કરે અને શહેરી વિકાસ વિભાગ શહેરનું કામ કરે, ત્યારે અહીં કેટલાક માનનીય સભ્યશ્રીઓ દ્વારા એ પ્રકારની વાત કરવામાં આવી કે ગામડાં ભાંગતા જાય છે અને શહેરોમાં વસતિ વધતી જાય છે. સ્વાભાવિક રીતે દરેક વ્યક્તિ વિકાસ, સગવડ, સુવિધા અને રોજગારી ઇચ્છતા હોય છે. આપણાં ગુજરાતમાં બે રીતે શહેરીકરણ વધ્યું છે. એક તો ગામડાંમાં સાધન-સંપન્ન લોકોના પોતાના પરિવારના બીજાં સભ્યોને ધંધા-વેપાર માટે, સારા શિક્ષણ માટે શહેરોમાં વસવાટ કરતા હોય છે. બીજું, બહારના રાજયના લોકો પણ ગુજરાત જે વિકાસથી ધમધમતું વાયબ્રન્ટ રાજ્ય છે, આખા દેશમાં બધાને ખબર છે. બીજાં રાજયોમાં રોજગારી મળે કે ન મળે પણ ગુજરાતમાં જઇશું તો રોજગારી મળશે જ. એવી જે આખા દેશની પ્રજાની લાગણી છે તેના કારણે દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં બિન ગુજરાતીઓ પણ ગુજરાતમાં આવીને વસે છે. આપણે તો ભારત દેશના બધા નાગરિકોને આવકારીએ છીએ. બધાની વ્યવસ્થા, સગવડ આપણે કરીએ છીએ. આપણું સુરત હોય, અમદાવાદ હોય, વડોદરા હોય. આ શહેરો જૂઓ તો

રોજગારી માટે દરરોજ સેંકડો પરિવારો આ શહેરોમાં આવે છે. તો સ્વાભાવિક છે કે બહારથી આવ્યા હોય એટલે એ નાનો મોટો સામાન લઇને આવ્યા હોય, ગરીબ વ્યકિત હોય એટલે જ્યાં વસવા જેવું દેખાય ત્યાં એ વસવાટ કરી દે. એને ધંધો, વ્યવસાય તો તરત જ પ્રાપ્ત થઇ જાય. એનો જીવન નિર્વાહ તો તરત જ ચાલુ થઇ જાય. એને રહેવા માટે જગ્યા આપવાની હોય, એના બાળકોને શિક્ષણ આપવાનું હોય, એને રેશન કાર્ડ દ્વારા અનાજ આપવાનું હોય. એને બધા જ પ્રકારની સરકારી ચીજ વસ્તુઓ પ્રાપ્ત થાય એ જોવાની સરકારની ફરજ છે. એના માટે શાળાની વ્યવસ્થા કરવાની થાય, હોસ્પિટલોમાં એને આરોગ્યની સ્વાસ્થ્ય સુવિધા આપવાની થાય. આ બધુ જોઇને ગરીબ માણસો આપણે ત્યાં આવે છે. બીજા રાજ્યના ઘણા લોકો આપણે ત્યાં આવ્યા છે ત્યારે આપણને આ બધી સુવિધાઓ આપવાની ચિંતા થાય. ઘણા લોકો કહેતા હતા કે ઘણુ કામ કરવાનું બાકી છે. બીજુ પણ ઘણુ ઘણુ કહેતા હતા એના વિશે અત્યારે કહેવું નથી. મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન ઉપર જાઓ અને એક દિવસ થોડો ટાઇમ આપીને તમે જુઓ તો તમને ખબર પડશે કે બીજા રાજ્યમાંથી કેટલા બધા લોકો ગુજરાતમાં આવે છે. આપણે બધા જાણીએ છીએ કે આ બધા લોકો રોજગારી માટે આવે છે. એનાથી એ સાબિત થાય છે કે ગુજરાતમાં રોજગારી પ્રાપ્ત થઇ જાય છે. જેને કામ કરવું છે એમને ગુજરાતમાં કામ મળે છે. નવરા બેસી રહેવું હોય, પાનના ગલ્લે ગપ્પા મારવા હોય, મોબાઇલમાં સોશિયલ મિડિયામાં ગમે તેવા મેસેજ ફોરવર્ડ કરવા હોય, ફોન ઉપર ગમે તેને ગમે તેવી વાત કરવી હોય, એવા નબળા લોકોને કામ મળતું નથી. જેમને મહેનત કરવી છે, પરસેવો પાડવો છે એના માટે હું આજે ગેરંટીથી કહું કે ગુજરાતમાં આજે કોઇ બેકાર નથી. (અંતરાય) ખેડૂતોનું પણ કહીશ. આજે એ વિષય નથી. તમને રસ હોય તો ખેડૂતોનું પણ કહીશ. આપણે આપણી છાતી ઉપર, હૃદય ઉપર હાથ મૂકીને કહો. અમારા આદિવાસી વિસ્તારના સભ્યશ્રીઓ કહેતા હતા કે અમારા ખેતરમાં કામ કરનાર કોઇ મળતા નથી. આજે સૌરાષ્ટ્રમાં પણ ખેતરમાં કામ કરનાર કોઇ મળતા નથી. સવારમાં વાત થઇ કે સૌરાષ્ટ્રના ઘણા બધા લોકો સુરતમાં ગયા છે. આજે ખરેખર ખેતરમાં કામ કરનાર કોઇ મળતા નથી. બધાને ઓછી મહેનત કરવી છે. બધાને વ્હાઇટ કોલર કહેવાય એવી નોકરી જોઇએ છે. ફેક્ટરીમાં કામ જોઇએ છે. આજે પશુ પાલનમાં એટલી બધી તકો છે કે આપણે તેનો ઉપયોગ કરતા નથી. અમારા મિત્ર બેઠા છે. આ બાજુના અને પેલી બાજુના સૌરાષ્ટ્રના સભ્યશ્રીઓને ખબર છે. મધ્ય ગુજરાત અને આદિવાસી વિસ્તારના ભાઇ-બહેનો સૌરાષ્ટ્રમાં રોજીરોટી માટે આવે છે. તેઓ જો ખેતરમાં કામ ન કરે તો તમારી અડધી જમીન ખેડ્યા વગરની પડી રહે. આપણે બધાએ કામ કરવું નથી. સવારે ખેતરમાં જાઓ તો ત્યાં ખૂબ કામ છે. આપણે કરવું નથી અને બીજા મારફત કરાવવું છે. સવારે હું નહોતો. શ્રી હર્ષદભાઇ એમ કહેતા હતા કે રાત્રે બે વાગ્યે પાવર આવે ત્યારે આવો તો ખબર પડે. મારે હર્ષદભાઇને પૂછવું છે કે તમે કેટલી ખેતી કરો છો? કેટલો સમય ખેતરમાં જાઓ છો? ક્યારે પોણત કરો છો? અને ક્યારે રાજનીતિ કરો છો એનો મિનિટ્સ ટુ મિનિટ્સ તમારો પ્રોગ્રામ મેં મંગાવ્યો છે. ટૂંકમાં શહેરી વસતિ વધતી જાય છે. આના ઘણા કારણો છે. આ બધુ ગુજરાતની પ્રજા માટે કરીએ છીએ. શહેરી વિકાસ માટેનું રૂ.૧૨૫૦૦/- કરોડનું બજેટ છે. આઠ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓની ૫૦ ટકા વસતિ માટે આ બજેટ છે. આ બજેટથી શહેરોમાં કોઇ કામ બાકી રહ્યું નથી. તમને જેટલું ધ્યાનમાં આવે એ મને કહેજો. શહેરોમાં રસ્તાઓ અને પીવાના પાણીની સૌથી વધુ જરૂર છે અને એની સંપૂર્ણ જોગવાઇ અમારી સરકારે કરી છે. સાહેબ ફ્લોરાઇડવાળો પ્રશ્ન, સાહેબ, નગરપાલિકાનો હું ખૂબ જાણકાર છું. અહીંયા બેઠેલા ઘણાં મિત્રો, મને ખબર છે કે નિરંજનભાઇ નગરપાલિકાના પ્રમુખ રહી ચૂક્યા છે, ભાઇ ડેર એ પણ રહી ચૂક્યા છે અને કિશોરભાઇ અને અમરિષભાઇ બધા રહી ચૂક્યા છે. સાહેબ, હૃદય ઉપર હાથ રાખીને પૂછજો અરવિંદભાઇ રહે છે. હું ૧૯૭૭માં પહેલીવાર નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયો. હું ૧૮ વર્ષ નગરપાલિકામાં સભ્ય, પ્રમુખ, ચેરમેન બધા હોદ્દા ઉપર રહ્યો છું. સાહેબ, એ વખતે કોંગ્રેસની સરકાર હતી. ગ્રાન્ટ કેટલી મળતી હતી? મ્યુનિસિપાલિટીના સરકારી જે સફાઇ કામદારો હોય, ઇલેક્ટ્રિશીયન હોય, પ્લમ્બર હોય, સેનેટરી ઇન્પેક્ટર હોય એના પગાર પણ ઘણી નગરપાલિકા ૬-૬ મહિને નહોતી આપી શકતી એ કોંગ્રેસની હિસ્ટ્રી હતી. સાહેબ, ઉઘરાણા કેવા થાય? એ ય મને ખબર છે. ઓક્ટ્રોયની એ વખતે પ્રથા હતી. ગામમાં બહારથી માલ આવે એટલે ઓક્ટ્રોય ભરવાની. સાહેબ, ઘણા સભ્યો તો મ્યુનિસિપાલિટીએ ઓછું રહે અને ઓક્ટ્રોય નાકે જ વધારે રહે. (અંતરાય) સીધે સીધું એ બધું પછી કહું છું. જેમ અત્યારે બધું તમારે ત્યાં માર્કેટ યાર્ડોમાં ચાલે જ છે તો માર્કેટ યાર્ડમાં જમા ઓછા થાય અને બહાર બારોબાર બહુ જતા રહે. કેટલાય માર્કેટ યાર્ડોમાં કરોડોની આવક છે તો ય બેહાલ થઇ ગયા છે. આ બધું અમારા ઇશ્વરભાઇ બધું કઢાવવાના છે. ધીમે ધીમે બધું નીકળી રહ્યું છે ત્યાં આપણે એમાં ભાજપ કોંગ્રેસ નથી કરતા. પ્રજાને શુદ્ધ વહીવટ આપવો એ અમારું કામ છે. પ્રજાને મદદરૂપ થવું એ અમારું કામ છે અને શહેરમાં પીવાનું પાણી નહોતું. ટ્યુબવેલ. એક ટ્યુબવેલમાં જો મોટર બળી જાય. અમારે ત્યાં ૫૫ હોર્સ પાવરની મોટર ચાલતી હતી અને એ બળી જાય તો પાણી પુરવઠા પાસે ધક્કા ખાઇને થાકી જતો હતો તો ય એક ટ્યુબવેલની મોટર સરકાર આપતી ન હતી અને એક પેલું જો સ્ટાર્ટર બળી જાય તો સ્ટાર્ટરના ય પૈસા ન હોતા આપતા એવી કંગાળ મ્યુનિસિપાલિટીઓની સ્થિતિ હતી. હું ધારાસભ્ય થયો ૧૯૯૦માં એ નગરપાલિકાઓ અમારી ભાજપની સરકાર આવ્યા પછી આજે જો ખરેખર સાચો પ્રામાણિક વહીવટ હોય તો પૈસા ક્યાં વાપરવા એ નગરપાલિકાને મીઠી મૂંઝવણ છે. ધારાસભ્ય ગ્રાન્ટ, સંસદ સભ્ય ગ્રાન્ટ, શહેરી વિકાસ વિભાગની ગ્રાન્ટ, એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ તમે માગો એટલી રકમ છે પણ પ્રામાણિક વહીવટ જોઇએ. અને આજે પ્રામાણિક વહીવટ જે નગરપાલિકાઓ કરે છે, ભૂગર્ભ ગટરની તો કોઇ કલ્પના નહોતું કરતું. ખૂલ્લી નીકો હતી. પાવડાથી સફાઇ કામદાર રોજ સફાઇ કરીને કચરો બહાર નાખે પછી પેલી ટ્રોલીમાં નાખીને લઇ જાય એ બધું જોયેલું છે. સરકારે નક્કી કર્યુ છે કે ભૂગર્ભ ગટર વગર રાજ્યનું એક પણ શહેર બાકી ના રહે કે જ્યાં ભૂગર્ભ ગટરની અમે

વ્યવસ્થા ના આપીએ અને સાહેબ, અમે આ બધું ખાલી ભાષણથી નથી કહેતા. જે કોંગ્રેસ સરકાર એક સ્ટાર્ટર નહોતી આપી શકતી, એક ટ્યુબવેલની મોટર નહોતી આપી શકતી એ નગરપાલિકાઓમાં અમે જે વ્યવસ્થાઓ આપી છે એ મારે કહેવું છે કે જે રકમો ફાળવી છે ભૂગર્ભ ગટર ફાળવી. પીવાનું પાણી, જૂથ યોજના, નર્મદા અને પાણી પુરવઠા બોર્ડ અને શહેરી વિકાસ વિભાગ ત્રણ એમાં ભેગા થાય છે. નર્મદા યોજનામાંથી બલ્ક પાણીની ફાળવણી કરવામાં આવે. પાણી પુરવઠા બોર્ડ જૂથ યોજનાથી નગરપાલિકા સુધી પહોંચાડે. કેટલીક નગરપાલિકાઓમાં પાણીની વિતરણ વ્યવસ્થા નહિ હોવાના કારણે, સારો વહીવટ નહિ હોવાના કારણે એ નાગરિકોને સમયસર પાણી આપી શકતા નથી. એ પાણી સરકાર તો આપે છે પણ નગરપાલિકાએ જઇને અટકી જાય છે. ડિસ્ટ્રીબ્યુશન વ્યવસ્થા એના માટે પણ અમે દરેક નગરપાલિકાઓ માટે ઉંચી ઓવરહેડ ટાંકીઓ, પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ અને એની પાઇપ લાઇનનું નેટવર્ક આખા શહેરની અંદર નાખવા માટે અમે કરોડો રૂપિયાની ગુજરાત સરકાર અને ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં ગુજરાતની આપણે સ્વર્ણિમ જયંતિ ઉજવતા હતા. ૫૦ વર્ષ થયા હતા ગુજરાતને. માનનીય નરેન્દ્રભાઇ મોદી આપણા અત્યારના વડાપ્રધાનશ્રી એ વખતે મુખ્યમંત્રીશ્રી હતા. મને બરાબર યાદ છે કેબિનેટમાં ચર્ચા વિચારણા કરી હતી. મોદીસાહેબે બધા મંત્રીશ્રીઓને પૂછયું કે આપણે ગુજરાતની ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ કેવી રીતે ઉજવવી છે? બધાએ પોતપોતાના અભિપ્રાય આપ્યા. પછી બધા અભિપ્રાય પછી સાહેબે એક જ નિર્ણય જાહેર કર્યો કે ભાષણોથી નહીં, ભોજન સમારંભોથી નહીં, સભાથી નહીં, રોશનીથી નહીં પણ પ્રજાકીય કામો દ્વારા ગુજરાત સરકારના બજેટમાંથી રકમ ફાળવી અને આપણે ગુજરાતની સ્વર્ણિમ જયંતિની ઉજવણી કરવી છે અને ૨૦૧૦ થી મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ યોજના આપણે ગુજરાતમાં શરૂ કરી. મને આનંદ છે સાહેબ, એ વખતે હું પણ શહેરી વિકાસ મંત્રી તરીકેની જવાબદારી ૨૦૦૭ થી ૨૦૧૨ સંભાળતો હતો. અમે બધા શહેરે શહેરે ગયા. નગરપાલિકાઓમાં બધાને મળ્યા. તમારી શું જરૂરિયાત છે, તમારી શું વ્યવસ્થા કરવાની બાકી છે એ બધું અમે એમની પાસે જાણ્યું અને ૧૫૦૦૦ કરોડ રૂપિયા આ લોકોને તો કદી આંકડા જ આવા સુજતા નહોતા. બહુ બહુ તો સો, સવાસો કરોડ રૂપિયાનું ગજુ હતું. ૧૫૦૦૦ કરોડ રૂપિયાની મુખ્યમંત્રી ગુજરાત સ્વર્ણિમ જયંતિ યોજના અમે બજેટમાં મૂકી અને એના જે કમ્પોનન્ટ આપ્યા. પહેલું કામ પીવાનું પાણી, ભુગર્ભ ગટર યોજના, રસ્તા, બાળકો માટે આંગણવાડી, બાગબગીચા આ પ્રમાણે નાગરિકોને જરૂરી કામ એના ઘટકો નકકી કર્યા અને ઘટકો જે જે નગરપાલિકાઓએ માગણી કરી એ પ્રમાણે અમે ગ્રાન્ટો આપી અને એનો લાભ મળ્યો છે. ઓકટ્રોય નાબૂદી, ઘણા માનનીય નવા ધારાસભ્યશ્રીઓને તો સાહેબ ખબર પણ નથી કે ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં ભરપુર ઓકટ્રોય ઉઘરાવવામાં આવતી હતી. અમારી ભારતીય જનતા પક્ષની સરકાર આવી, અમે નિર્ણય કર્યો કે વેપારીઓને, ટ્રાન્સપોર્ટરોને, પ્રજાને આ હાડમારીથી, આ જે ભ્રષ્ટાચાર થતો હતો એનાથી મુકત કરવા છે અને એ પણ ખાલી હુકમથી નહીં, નગરપાલિકા જેટલી ઓકટ્રોય જતી કરે જે ઉઘરાવતી હતી એનો સરવે કર્યો એ રકમ રાજય સરકાર નગરપાલિકાઓને ફાળવી આપે. અમે શરૂઆત કરી ઓકટ્રોય નાબૂદીની પહેલા નગરપાલિકાઓથી. અમે ૨૦૦૧માં આખા ગુજરાતની નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદ કરી એની સામે સરકાર વળતર આપે છે. આજે પણ આપીએ છીએ અને ૨૦૦૭ થી મહાનગરપાલિકાઓમાં ઓકટ્રોય નાબૂદ કરી એનું સરકાર વળતર આપે છે. અને ગાંધીનગર મહાનગરપાલિકા બની તો ૨૦૧૦ થી એને પણ વળતર આપીએ છીએ. સાહેબ કેટલી રકમ આપીએ છીએ? અત્યારે ૨૭૬૩,૮૮,૦૦,૦૦૦/– રૂપિયા આ ભા.જ.પ.ની સરકાર દર વખતે રાજયની નગરપાલિકાઓને મજબૂત બનાવવા માટે સહાય કરીએ છીએ. સ્વચ્છતા અભિયાન માનનીય વડાપ્રધાનશ્રીએ મૂકયું છે. મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું કે મારો દેશ સ્વચ્છ રહે. ગાંધીજી પોતે સફાઇના આગ્રહી હતા અને વડાપ્રધાનશ્રીએ મહાત્માજીના આદર્શને, સિદ્ધાંતને આગળ વધારવા આખા દેશની અંદર આ અભિયાન અમલમાં મૂકયું છે. ભારત સરકાર ગ્રાન્ટો આપે છે, રાજય સરકાર પણ એમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટો આપે છે અને એ ગાન્ટ દ્વારા ટ્રેકટરો, સફાઇના સાધનો, બીજી જે જરૂરિયાત હોય, સફાઇ કામદારોની ગ્રાન્ટ બધું ઉમેરી ઉમેરીને શહેરોમાં સ્વચ્છતા વધે એ માટે આપણે સતત ગ્રાન્ટ ફાળવીએ છીએ. ભૂગર્ભ ગટરનું પાણી છુટું ન જાય એના માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એ પણ અમે બનાવીએ છીએ અને આ વર્ષે ૧૨૬૪ કરોડ રૂપિયાની અમે ફાળવણી કરી છે અને એવી રીતે ભારત સરકારે પણ અમારી સરકાર કેન્દ્રમાં આવ્યા પછી. અમૃત યોજના ચાલુ કરી અને ગુજરાતના શહેરોને અત્યારે લાભ મળ્યો છે. એમાં પીવાના પાણીની વ્યવસ્થાને ભારત સરકારે પ્રાયોરિટી આપી છે. ભારત સરકારની ગ્રાન્ટ, રાજય સરકારની ગ્રાન્ટ અને સ્થાનિકની થોડી ટોકન ગ્રાન્ટ એ પ્રમાણે કાર્યક્રમ કરીએ છીએ. ગુજરાતના ૧૨ શહેરો દેશના ૫૦ શહેરોની અંદર ભારત સરકારે પસંદ કર્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ સાહેબ, મારે થોડાક મિત્રોને પ્રશ્નો પણ પૂછવા દેવા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આવાસનું કહી દઉં. ગરીબોના ઘર બહુ અગત્યના છે. ઘર જૂની વાત હતી. કોઇકે પુઠાનું ઘર બનાવ્યું હતું. કોઇકે લાકડાનું ઘર બનાવ્યું હતું. કોઇકે પ્લાયવુડનું ઘર બનાવ્યું હતું. અમે શહેરી આવાસમાં જે કામગીરી કરી છે. એ હું થોડો ઉલ્લેખ કરવા માગુ છું. ગરીબોને ઘર જોઇએ, મધ્યમ વર્ગને ઘર જોઇએ એ ઘર આપવાનું કામ સરકારે પોતાની ફરજના ભાગરૂપે આમ તો ગામડાંમાં ઇન્દિરા આવાસ હોય, આંબેડકર આવાસ હોય, દીન દયાલ આવાસ હોય, સરદાર આવાસ હોય, પણ શહેરોમાં કોઇ યોજના નહોતી અને હતી તો એ ઓછી હતી. કડક જોગવાઇ વાળી હતી. એનો લાભ નાગરિકો નહોતા લઇ શકતા. અમારી સરકાર આવ્યા પછી પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરો માટે અને ગામડાં માટે એ બંને માટે કરી છે અને

પ્રધાનમંત્રી આવાસમાં ભારત સરકાર પણ લાખ, દોઢ લાખની મકાન દીઠ સહાય આપે છે. ગુજરાત સરકાર પણ સહાય આપે છે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી આર. સી. પટેલ ( ઉપ દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રીઃ સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ મતદાન સુધી લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧,૨૨,૩૩૬ આવાસો મંજૂર થઇ ચૂક્યા છે. મોટા ભાગની કામગીરી પૂર્ણ થઇ છે. મારી દરેક શહેરોમાં વિનંતી છે કે જયાં જયાં આવાસ યોજના બની છે. તમે જઇને જુઓ. નગરપાલિકાએ બનાવી હોય, મહાનગરપાલિકાએ બનાવી હોય કે હાઉસિંગ બોર્ડે બનાવી હોય, એ ફ્લેટ સુંદર બનાવ્યા છે. મને આનંદ છે કે ગઇકાલે કોઇ અમારા સભ્યએ કહ્યું કે સદસ્ય નિવાસના ધારાસભ્યના મકાનો પણ આ મકાનો જેવા તમે બનાવી આપો. એવા સુંદર મકાનો ગરીબ અને મધ્યમવર્ગ માટે અમે સરકાર તરફથી લાખોની સંખ્યામાં બનાવ્યા છે. કોઇ શહેર એવું બાકી નથી કે જયાં કામ ન કર્યુ હોય. સરકારની અમારી ટીપીમાં મળેલી કરોડો રૂપિયાની, અબજો રૂપિયાની ગુજરાતમાં કિંમત થાય તેવી જમીન ગરીબ અને મધ્યમ વર્ગના મકાનો બનાવવા માટે સરકારે એકપણ રૂપિયો લીધા સિવાય ગરીબોના મકાનો બનાવવા અબજો રૂપિયાની કિંમતી જમીન વિનામૂલ્યે આ આવાસ યોજનાઓ માટે આપી દીધી છે. પ્રજા માટે ફકત મકાન દેખાય, પણ મકાન બનાવવા કિંમતી જમીન શહેરોમાં લાખ-લાખ, દોઢ-દોઢ લાખ રૂપિયાના મીટરે જમીન સરકારે અને કોર્પોરેશને, નગરપાલિકાએ આપી છે. એ ભાજપ સરકારની ગરીબ, મધ્યમ વર્ગ માટેનું કમિટમેન્ટ છે. આ કમિટમેન્ટનું બજેટમાં બધી જ રીતે પ્રતિબિંબ દેખાય છે. ત્યારે મારી વિનંતી છે કે શહેરોના વિકાસ માટે, નાગરિકોની, મધ્યમ વર્ગની સુવિધા માટે, બાળકોની, ટ્રાફિકની સુવિધા માટે બધી જ કામગીરી માટે આપ આપની કાપ દરખાસ્તો પાછી ખેંચો અને બજેટ સર્વાનુમતિ મંજૂર કરો તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : શ્રી નીતિનભાઇ, ધારાસભ્યશ્રીઓની માગણી છે કે એમના મકાનો સારા કરાવી આપજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપે જ્યારે આટલી લાગણીથી કહ્યું છે. ધારાસભ્યશ્રીઓએ પણ આ અઠવાડિયામાં રૂબરૂમાં કહ્યું છે કે અહીંના સદસ્ય નિવાસમાં જે જરૂરી હશે, વિધાનસભા પતે આપણે બધા સાથે મુલાકાત કરી જે જરૂરી છે તે કામ આપણે ચોક્કસ કરાવીશું.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કરોડો રૂપિયાની ગ્રાન્ટ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર આપે છે. શહેરોની અંદર વિસ્તાર વધતો જાય છે, સોસાયટીઓ બનતી જાય છે અને ત્યાં સફાઇ અભિયાન કરવું છે તો સફાઇ માટેના કર્મચારીઓ જોઇએ. ટ્રેકટરો, જે.સી.બી., ફાયર ફાઇટર આપીએ છીએ તેના માટેના માણસોની જરૂર પડે છે. પેટલાદ નગરપાલિકામાં સાધનો આપ્યા પણ ભરતી કરવાની પરવાનગી વર્ષોથી નથી આપી અને તે સાધનો પડયા રહે છે. જે માણસો લઇએ છીએ તેના પગારની ગ્રાન્ટ પણ નગરપાલિકાને મળતી નથી. સાધનો આપ્યા છે, સફાઇની લોકોની ઇચ્છા વધતી જાય છે, સફાઇ માટે માણસોની ભરતી કરવી પડે છે તો આટલા બધા પૈસા વાપરો છો તો પ્રમાણિકતાથી કામ કરવા માટે મેન પાવર જોઇશે જ તો તેના માટે સરકાર ભરતી કરવાના નિયમો જલદી બનાવીને ભરતી કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાના કર્મચારીઓનું નકકી થયેલું મહેકમ હોય છે. તે મહેકમ પ્રમાણે ખાલી જગ્યાઓ ભરવા માટે નગરપાલિકાઓ સ્વતંત્ર છે. પગારની જે વાત છે તે વસતિના ધોરણે અને એરીયાના ધોરણે જે ફોર્મ્યુલા છે તે પ્રમાણે નગરપાલિકાઓને સરકાર તરફથી મહેકમ માટે ગ્રાન્ટ આપવામાં આવે છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આદરણીય શહેરી વિકાસ મંત્રીશ્રીનો આભાર માનું છું અને એક પ્રશ્ન પૂછીને સૂચન કરવા માગુ છું. સૌ પ્રથમ તો આભાર એટલા માટે માનું છું કે અમારા રાજુલા શહેરમાં તમે જે ભૂગર્ભ ગટર આપી તેના હિસાબે આખા ગુજરાતના શહેરી વિસ્તારોમાં સૌથી વધુ મતો કોંગ્રેસને મળ્યા હોય તો તે રાજુલા શહેરમાં મળ્યા છે એટલે જ કદાચ હું ધારાસભ્ય બન્યો છું. સાથે સાથે નગરપાલિકાની ચૂંટણીઓ વખતે ૨૮ માંથી ૨૭ સીટો કોંગ્રેસ પાર્ટીના ફાળે આવી હોય..

અધ્યક્ષશ્રી : આ તમારા પ્રશ્નો નથી. પ્રશ્ન પર આવી જાઓ. સમય પૂરો થઇ ગયો છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ માટે વાત કરી રહ્યા છો અને એસટીપીની વાત કરી, નગરપાલિકાની જે અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ છે તેના કોન્ટ્રાકટરના સ્કોપમાં સ્પષ્ટપણે છે કે એકવાર કામ પૂરું થયા પછી ત્રણ વર્ષ સુધી મેન્ટેનન્સ કરવાનું એટલે કે ચલાવવાની જવાબદારી એમની છે. છ મહિના પહેલાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજનું કામ પૂરું થઇ ગયા પછી એસટીપીની મંજૂરી ન આવી હોય અને નગરપાલિકાના સત્તાધીશો આ સંભાળી લે તો આ વસ્તુ વ્યાજબી નથી. તો આ બાબતમાં આપ કંઇ કરવા ઇચ્છો છો કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું આપની વાતનો અભ્યાસ કરી લઇશ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી નીતિનભાઇ સાહેબને એક જ સવાલ કરું છું કે જયાંથી હું આવું છું તે રાધનપુર નગરપાલિકામાં ખુલ્લી ગટર લાઇનો છે. રાજય સરકારે ગટર લાઇન માટે નાણાં મંજૂર કર્યા છે તેમાં જે કંપનીને કામ આપવામાં આવ્યું તે પાંચ જગ્યાએ બ્લેકલીસ્ટ કંપનીને આ ગટર લાઇનનું કામ આપવામાં આવ્યું છે.

હજું પણ ત્યાં ગટર લાઇન નથી બની. બીજું ત્યાં પીવાનું પાણી અને ગટરનું પાણી મીકસ થાય છે. એટલે પીવાનું ચોખ્ખું પાણી વેચાતું લેવું પડે છે. આપને વિનંતી કરું છું કે ત્યાં નવી ગટર લાઇન બને અને પાણીની લાઇન પણ નવી નાખવામાં આવે તો રાધનપુરનો વિકાસ થશે.

અધ્યક્ષશ્રી : આપનું સૂચન છે ને?

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ જે બાજું વાળવું હોય ત્યાં વાળી દઇએ. માનનીય અલ્પેશભાઇએ ગંભીરતાથી પૂછ્યું એટલે ગંભીરતાથી જવાબ આપું. નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરના કામ કરવા તે અઘરું કામ છે. એટલા માટે કે નાનું સાંકડું ગામ હોય. તે ગામમાં ૧૫ ફૂટ ઉંડી પાઇપ લાઇન નાંખવાની, ભૂગર્ભ ગટરની ઉંડી ગટર બનાવવાની આ બધી કામગીરી ચાલુ ટ્રાફીકે અને ચાલુ વહેવારે કામ કરવાના પ્રશ્નો થાય છે. ઘણી જગ્યાએ નગરપાલિકા સહકાર નથી આપતી, ઘણી જગ્યાએ નાગરિકો સહકાર નથી આપતા. ઘણી જગ્યાએ કોન્ટ્રાકટર આવા મળે છે કે જે અધૂરું કામ છોડી નુકસાન કરીને જતા રહે છે. એટલે હવે સારા કોન્ટ્રાકટરો પસંદ થાય અને સારી રીતે કામ પૂરું થાય તથા બધા જ સહયોગ આપી, સંકલન કરી કામ કરાવે તે માટે અમે આખા રાજયની તમામ નગરપાલિકામાં આ પ્રયત્ન કરીએ છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તેમાં મારે જાણવું છે કે, રાજયની નગરપાલિકાઓમાં ફીલ્ટર પ્લાન્ટો ઘણા લાંબા સમયથી જે તે નગરપાલિકાઓએ પૂર્ણ કરી નાખ્યા છે. દાખલા તરીકે મારા ઉના ખાતે પંદર વર્ષ પહેલાં ફીલ્ટર પ્લાન્ટનો ખર્ચ કરી નાખ્યો છે. આજની તારીખ સુધીમાં પીવાનું સ્વચ્છ પાણી ફીલ્ટર પ્લાન્ટમાંથી પૂરું પાડવામાં આવતું નથી. તેમ રાજયની અન્ય નગરપાલિકાઓમાં આ પ્રકારના પ્રશ્નો છે. તો નગરપાલિકાઓમાં જ્યાં ફિલ્ટર પ્લાન્ટો માટે ખર્ચ કરવામાં આવ્યો છે એ ખર્ચનું વળતર મળતું નથી તો આગામી દિવસોમાં આ નગરપાલિકામાં રહેનારા લોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે એના માટે રાજય સરકાર કાંઇ ગંભીરતાથી નગરપાલિકાઓ મારફત કરાવવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પણ અમારી પાસે આવ્યો છે વિગત નથી અત્યારે મારી પાસે પણ જેટલું શક્ય હોય એટલું બધું પીવાનું પાણી નાગરિકોને સ્વચ્છ મળે એ માટે આપણે પ્રયત્ન કરીશું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગામડાંના ધારાસભ્યોને રોડ ૧૦–૧૦ કરોડના માનનીય મંત્રીશ્રી તરફથી મળે છે, એમનો આભાર પણ માનુ છું કે, શહેરોમાં જરૂરિયાત કરતા પણ વધુ પૈસા ફાળવવામાં આવે છે અને શહેરોનો એના કારણે વિકાસ થાય છે પણ આ પૈસા હોય એ કોરપોરેશનના કોરપોરેટર અને અધિકારીઓ જે કમિશનરશ્રીને એ હોય એમના અંડરમાં હોય છે તો અમારો ધારાસભ્યોનો જે રોલ હોય એ કંઇક નાનો મોટો નક્કી કરી અને અમારી પ્રાયોરીટી હોય એ પણ ભવિષ્યમાં નક્કી થાય એવું આવતા લાંબા ગાળામાં પણ કોઇ આયોજન માનનીય મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : આ શહેરનું છે, પણ સૂચન છે એ મને પણ ગમે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગની જ્યારે વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે, અમારે જસદણ શહેરમાં ગયા બે વર્ષ પહેલા જે શૌચાલયો થયા એમાં પહેલા એક પૂર્વ કલેકટર હતા એમણે સો ટકા શૌચાલયોનું કામ પૂર્ણ એવું સર્ટિફિકેટ સરકારમાં આપ્યું. બીજા કલકેકટર બદલાયા અમે ફરિયાદ કરી તપાસ કરતા તો જે શહેરી વિસ્તારમાં રહેતા ન હતા, જેના નામ ન હતા એવા લોકોના નામે લગભગ ૧.૨૫ કરોડ ખોટા શૌચાલયના નામે આ પૈસા જુદી જુદી એજન્સીઓએ ઉપાડી લીધા અને એની સરકાર સુધી ફરિયાદો થઇ, રજૂઆતો થઇ પરંતુ આજની તારીખ સુધીમાં એ ઓન પેપર રેકર્ડ ઉપર સાબિત થયું છે કે અહીંયા આ શૌચાલયો બન્યા વિના જબરજસ્ત કૌભાંડ થયું છે તો એ સરકારમાં ફરિયાદ પડતર છે એમાં જવાબદારો છે એની સામે તપાસ કરીને કોઇ પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર પ્રકરણ જે રજૂ થયું છે એની તપાસ કરાવીશું.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર અને રાજય સરકારશ્રી તરફથી જે વ્યાજ છે એ ખેડૂતોને ૭ ટકા આપવામાં આવે છે પણ એ વ્યાજ છે એ વ્યાજની રકમ ફકત બેન્કો હવાલા મારફત દાખલ કરી દે છે અને ત્યાર પછી આ મંડળી ઉપર આનું વ્યાજ ચાલે છે, સરકાર વ્યાજની રકમ જમા નથી કરતી અને એને હિસાબે મંડળીને એ વ્યાજ ભોગવવું પડે છે અને મંડળીને તો એક જ ટકો મળે છે તો આ થોડું થોડું વ્યાજ લાંબો ટાઇમ થાય અને એને હિસાબે મંડળીને નુકસાન થાય છે તો વહેલું ભરી દેવું જોઇએ અથવા બેન્કોને કહેવું જોઇએ કે મંડળીઓ પાસેથી ન લેવું. તો આ બાબતમાં માનનીય મંત્રીશ્રી કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ ફરીથી કહો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર જે ત્રણ ટકા વ્યાજ દે છે અને ગુજરાત સરકાર ચાર ટકા દે છે ખેડૂતનું વ્યાજ એ વ્યાજ છે એ ટાઇમસર ભરાતું નથી પણ બેન્કો તો હવાલો પાડી દે છે અને એને હિસાબે આ વ્યાજ મંડળીને ભોગવવું પડે છે તો આ વ્યાજ જે છે એ વહેલું ભરી દેવા માગો છો કે કેમ? અથવા બેન્કોને એમ કહો કે મંડળીઓ પાસેથી વ્યાજ ન લેવું. આના કારણે અમારે ત્યાં બધી મંડળીઓ લોસમાં જાય એમ છે.

## તા. ૧૩મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઇનો જે પ્રશ્ન છે જોઇ લઇશ અને જે કાંઇ થઇ શકે તે કરીશું. એમનું સૂચન છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભાર માનુ છું. મારો બહુ મહત્વનો પ્રશ્ન છે. તારાપુર એ.પી.એમ.સી.માં પ કરોડના કથિત ભ્રષ્ટાચારમાં એક નિર્દોષ અધિકારી ઇન્દ્રવદનભાઇ એમ. પુરોહિત હતા જેમણે આ કેસમાં આત્મહત્યા કરેલી અને એ સ્યુસાઇડ નોટ મારી પાસે છે એમાં બે લીટી છે આપ પરવાનગી આપો તો જરા કહું કે જેથી એમના કુટુંબીઓને ન્યાય મળે.

અધ્યક્ષશ્રી : આ વ્યક્તિગત આક્ષેપ નથી ને?

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ના વ્યક્તિગત નથી. આ જે પ કરોડની ઉચાપત થઇ એમાં જે અધિકારી હતા એ બ્રાહ્મણ હતા પુરોહિત હતા પહેલા અમારે ત્યાં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : કયા વિભાગનો પ્રશ્ન છે?

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સહકારનો. એમાં પાંચ કરોડ રૂપિયાની ઉચાપત થઇ એમાં શ્રી પુરોહિત અમારે ત્યાં આણંદમાં ડી.આર. હતા, પછી આપના વતનમાં ત્યાં જોઇન્ટ રજીસ્ટ્રાર હતા, એમનો બહુ મહત્વનો પ્રશ્ન છે કે એમણે એમની સ્યુસાઇડ નોટમાં બહુ સ્પષ્ટ લખ્યું છે કે,

અધ્યક્ષશ્રી : એ સ્યુસાઇડ નોટ ના વાંચશો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : નથી વાંચતો સર,

અધ્યક્ષશ્રી : એ બધું સબ જ્યુડીશ કહેવાય.

શ્રી પુનમભાઇ મા. પરમાર : એવું નથી.

અધ્યક્ષશ્રી : એફ.આઇ.આર. થયેલી છે?

શ્રી પુનમભાઇ મા. પરમાર : બધું થયેલું છે. એફ.આઇ.આર. થયેલી છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એની તપાસ પોલીસ કરી રહી છે?

શ્રી પુનમભાઇ મા. પરમાર : કોઇ તપાસ નથી થતી એના માટેની વાત કરું છું સર. એમાં એવું છે કે, આ ઇન્દ્રવદન બ્રાહ્મણે..

અધ્યક્ષશ્રી : સારું, સીધો પ્રશ્ન પુછી લો. બહુ ટાઇમ ગયો આમાં.

શ્રી પુનમભાઇ મા. પરમાર : હા સર. એકજ મિનિટમાં, વધારે સમય નહિ લઉં.

અધ્યક્ષશ્રી : એ વાંચશો નહિ, સીધો જ પ્રશ્ન પુછી લો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આ ઇન્દ્રવદન પુરોહિત.

અધ્યક્ષશ્રી : ખાલી પ્રશ્ન પુછી લોને.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય મંત્રીશ્રીને મારો સીધો સવાલ છે કે, તારાપુર એ.પી.એમ.સી.ના પાંચ કરોડ રૂપિયાના કથિત ભ્રષ્ટાચારની અંદર નિર્દોષ ઇન્દ્રવદન એમ. પુરોહિત.

અધ્યક્ષશ્રી : પાછું નામ બોલ્યા?

શ્રી પુનમભાઇ મા. પરમાર : એમણે જે સ્યુસાઇડ કર્યું છે એ સ્યુસાઇડ નોટની અંદર એમણે લખ્યું છે કે, કેટલાક રાજકારણીઓએ મને પોલીસ અને એસ. પી. ને સાથે રાખીને ફસાવી દીધો છે અને મારી પત્ની અને મારા બાળકોથી મને વંચિત રાખ્યો છે. આ જેની ઉપર આક્ષેપ થયો.

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન શું છે?

શ્રી પુનમભાઇ મા. પરમાર : મારો એ પ્રશ્ન છે કે જેની ઉપર એમણે સ્યુસાઇડ નોટમાં આક્ષેપ કર્યો છે એ અધિકારીને આની તપાસ સોંપી છે અને એ તપાસ જૈસે થે જેવી સ્થિતિમાં પડી રહી છે. એ અમને એમ પડી રહેલ છે તો જવાબદારોની સામે તપાસ કરીને પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય સભ્ય શ્રી પુનમભાઇ બે દિવસ પહેલાં જ મારી પાસે આ વિગત લઇને આવ્યા હતા અને એમણે રજૂઆત કરી હતી એમની જે લાગણી છે એની તટસ્થ તપાસ કરાવીને એમાં જે કોઇપણ હોય એમાંથી કોઇને છોડવાના નથી, રાજ્ય સરકાર કોઇને પણ છાવરવા માગતી નથી અને તપાસ કરીને જે કંઇ કરવાનું થશે તેમાં આગળ કાર્યવાહી કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ શ્રી નીતિનભાઇને પુછવું છે કે જે રીતે અમદાવાદ શહેરનો વિકાસ થઇ રહ્યો છે અને વસતિ વધી ગઇ છે. (અંતરાય) વિકાસ તો તમે મારે ત્યાં આવોને તો ખબર પડે કે શૈલેષભાઇ બહુ સાચા માણસ છે. આજે પણ મારે ત્યાં રોડ નથી, પીવાનું પાણી ટેન્કરથી પહોંચાડવામાં આવે છે મારા જે પ્રશ્નો છે એ હું શોર્ટઆઉટ કરાવી દઇશ. પણ મારો જે પ્રશ્ન છે એ બહુ ગંભીર છે. મારા વિધાનસભા મત વિસ્તારમાં સમગ્ર અમદાવાદ શહેરનો કચરો ઠાલવવામાં આવે છે. જેને આપણે ડમ્પીંગ સાઇટ કહીએ છીએ. હાઇકોર્ટની ગાઇડલાઇન મુજબ અમુક હાઇટ કરતાં વધારે ડમ્પીંગ તમે ના કરી શકો. આજે પરિસ્થિતિ એવી છે મારા વિસ્તારમાં કે, ડમ્પીંગ સાઇટ પર અમુક મીટર કરતાં પણ એની હાઇટ વધી ગઇ છે અને શહેર છે એ ડમ્પીંગ સાઇટની પેલી બાજુ પણ વસવા માંડ્યું છે એટલે શહેરની અંદર ડમ્પીંગ સાઇટ

આવી ગઇ છે, તેમાં મંત્રીશ્રીને મારી એટલી જ વિનંતી છે કે આ વિસ્તારમાં જે ડમ્પીંગ  સાઇટ આવેલી છે એને બંધ કરાવીને બીજી કોઇ જગ્યાએ ડમ્પીંગ સાઇટ ઉભી કરવામાં આવે જેથી કરીને કોઇ પ્રશ્નો ના થાય કારણ કે સૌથી વધારે ટી.બી.ના દર્દીઓ અમદાવાદ શહેરના એ મારા વિધાનસભા વિસ્તારમાં નોંધાયેલા છે તો આ ડમ્પીંગ સાઇટ જે જગ્યાએ છે તે બંધ કરીને બીજી જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમ તો આ કોરપોરેશનને લગતો પ્રશ્ન છે. એની સત્તામાં આવતો પ્રશ્ન છે. પણ આ કચરાનો સોલીડ વેસ્ટ, એનો યોગ્ય નિકાલ થાય એ પ્રશ્ને હંમેશા આખા રાજ્યને લાગુ પડે છે એટલે કે હવે સોલીડ વેસ્ટમાંથી વીજળી ઉત્પન્ન કરવાની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને શરૂ કરી દીધી છે. એમ.ઓ.યુ. કરીને કંપનીની નિમણૂક પણ કરી દીધેલ છે. મારી જાણકારી પ્રમાણે આપી દીધેલ છે અને જેમ કોલસો બાળીને વીજળી પેદા કરીએ છીએ એમ આ કચરો બાળી અને વીજળી પેદા કરવાની, કોઇપણ જાતનું પ્રદૂષણ ના થાય, કોઇપણ જાતની વાસ ના આવે અને કોઇપણ જાતનો ધૂમાડો પ્રદૂષિત વાતાવરણ થાય એવો ના નીકળે એવો પ્લાન્ટ છે, હું અગાઉ જ્યારે શહેરી વિકાસ મંત્રી હતો ત્યારે દિલ્હીમાં આ પ્રકારનો પ્લાન્ટ કોરપોરેશન ચલાવે છે ત્યાં હું પોતે જઇ આવેલો છું, કમિશનર અને તેમના હોદ્દેદારો, મેયરશ્રી, ચેરમેન અને બીજા બધા સાથે હતા એ કંપની સાથે જ આપણે એગ્રીમેન્ટ કરીને કામ શરૂ કર્યું છે એટલે એવા પ્લાન્ટ વધારી અને આ કચરાનો કાયમી નિકાલ થાય એ આપણી સરકાર કરી રહી છે અને એમાંથી જે વીજળી ઉત્પન્ન થાય છે એ મોંઘી પડે છે, જનરલ વીજળી કરતાં થર્મલની અને બીજી વીજળી કરતાં તો મોંઘી પડતી વીજળીને પણ વધારાની સબસિડી આપી અને પોષણક્ષમ બનાવવી એનું પણ સરકારે કામ કરેલ છે.

અધ્યક્ષશ્રી : તમે ચારથી પાંચ મિત્રો પૂછવા માગો છો પણ (અંતરાય) પ્લીઝ, બધા બેસી જાવ. સૌથી પહેલાં બેસી જાવ, હાથ ભલેને પહેલાં ઉંચો કર્યો, હું કયાં ના પાડુ છું, તમો પહેલાં મારી વાત સાંભળી લો આ મતદાન સુધી લંબાવવાની વિપક્ષ તરફથી ના હતી પણ છતાંય સાહેબે સંમતિ આપી. તારાંકિત પ્રશ્નો પૂછતાં હોઇએ તેનાથી વધારે સમય તમને આપ્યો એટલે હવે ના હોઇ શકે. હવે હું પહેલાં માગણીઓ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો મત માટે મૂકીશ.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦,૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક–૯૮, ૫, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૭–૪૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર
બુધવાર,  તારીખ.૧૪મી માર્ચ, ૨૦૧૮ના રોજ બપોરના ૧૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષય પટેલ | ભરૂચ અને નવસારી જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૯૯ |
| | પંચમહાલ અને વલસાડ જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદ | ૭૪ |
| | વડોદરા અને જુનાગઢ જિલ્લામાં બોર બનાવવા જમીન | ૪૭૦ |
| | વડોદરા અને પંચમહાલ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૨૬૯ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં જમીન માપણી રી–સર્વે | ૪૧૩ |
| | વડોદરા જિલ્લામાં ઘરથાળનાં પ્લોટ | ૧૭ |
| | વડોદરા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવવામાં આવેલ રકમ | ૨૨૬ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન માપણી રી–સર્વે | ૪૪૪ |
| | મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૭૧ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૪૩ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદ | ૧૦૧ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૨૩૧ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૩૮૮ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૭૬ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને ડાંગ જિલ્લામાં બોર બનાવવા જમીન | ૪૧૮ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૪૭૪ |
| | નવસારી જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૩૬ |
| | નવસારી શહેર અને જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં ચકાસણી | ૮૯ |
| | વાંસદામાં માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મહેકમ | ૧૭૮ |
| અનિલ જોષિયારા | *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૧ |
| | અરવલ્લી જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ | ૪૫૨ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા | ૨૭૮ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા | ૪૯૫ |
| | અરવલ્લી જિલ્લામાં ઘાસચારા મીની બિયારણ કીટ | ૯૨ |
| | અરવલ્લી જિલ્લામાં ફળઝાડના વાવેતરના લાભાર્થીઓ | ૩૮ |
| | નવા સર્વેયરોની જગ્યાઓ | ૩૯૭ |
| | અરવલ્લી જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં જિલ્લા કક્ષાની મીટીંગો | ૧૮૮ |
| | અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓ | ૨૩૯ |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર ખાતે ઓવરલોડ વાહન | ૩૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૨૮૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પી.ઓ.એસ. મશીન આપવા બાબત | ૮૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૪૧૧ |
| | દાહોદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૫૦૩ |
| | પાવાગઢના વિરાસત વનમાં વૃક્ષોનું વાવેતર | ૨૪૨ |
| | બોડેલી ખાતે સિવિલ જજ અને જે.એમ.એફસી. કોર્ટની સ્થાપના | ૧૯૨ |
| | વડોદરા જીલ્લામાં ગણવેશ સહાય યોજના | ૪૬૮ |
| અમરિષભાઈ ડેર | અમરેલી અને બોટાદ જિલ્લામાં બસોના ભાડા પેટે ચુકવેલ રકમ | ૫૬ |
| | મહેસૂલ વહીવટ સંગીન બનાવવા/જમીન દફતર અદ્યતન કરવા રકમ | ૩૮૧ |
| | બાળકોના પોષણક્ષમ પ્રીમીક્ષ પેકેટનો કોન્ટ્રાક્ટ આપવા બાબત | ૧૯૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૧૭ |
| | વન્ય પ્રાણી જીવનના નિવાસના સંકલિત વિકાસ માટે મળેલ રકમ | ૨૪૧ |
| | રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ | ૧૧૧ |
| અમિત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં શ્રમિકોને અકસ્માત સહાય | ૪૧૨ |

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ગાંધીનગર જિલ્લામાં જમીનમાં એન.એ.ના કેસોની અરજીઓ | ૫૧૨ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં એટ્રોસીટીના કિસ્સા | ૪૬૯ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં મસાલાપાકોના ઉત્પાદન સહાયમાં મળેલ અરજીઓ | ૨૬ |
| | ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટે બજેટની ફાળવણી | ૫૦૫ |
| | આણંદ જિલ્લામાં કુટીર ઉદ્યોગમાં લોન સહાય | ૮૦ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં છાત્રાલયોની સંખ્યા | ૪૮૬ |
| | આણંદ જિલ્લામાં ડૉ.સવિતાબેન આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૪૩૭ |
| | ખેડા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | ૩૭૪ |
| | નડીયાદ આર.ટી.ઓ. કચેરીમાં ઈસ્યુ કરેલ નવા ડ્રાઈવીંગ લાયસન્સ | ૩૪ |
| | ગલતેશ્વર ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૧૯૬ |
| અરૂણસિંહ અ. રણા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૨૪ |
| | ભરૂચ જિલ્લામાં ઝીંગા ઉછેર ફાર્મ | ૫૧ |
| | ગુજરાત હાઈકોર્ટ કેમ્પસમાં સરકારી વકીલની કચેરીનું બાંધકામ | ૧૮૦ |
| | નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૩૯૬ |
| | ભરૂચ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન | ૧૦૭ |
| અરવિંદ પટેલ | માનગઢ ખાતેના ગોવિંદગુરૂ સ્મૃતિવનમાં વૃક્ષોનું વાવેતર | ૧૮૩ |
| | વલસાડ જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ | ૪૮ |
| અરવિંદ રૈયાણી | ગીર–ગઢડા ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૨૩૨ |
| | ગીરસોમનાથ જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો | ૧૨૧ |
| | જામકંડોરણા બજાર સમિતિએ મંજૂર કરેલ રકમ | ૧૪ |
| | મોરબી ખાતે નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટના બાંધકામ | ૧૭૯ |
| | મોરબી જિલ્લામાં છાત્રાલયોની સંખ્યા | ૪૯૧ |
| | મોરબી જિલ્લામાં બીપીએલ અને એપીએલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૭૧ |
| | રાજકોટ જિલ્લામાં ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પૂરી પાડવા બાબત | ૨૭૨ |
| | રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના | ૩૮૯ |
| | રાજકોટ જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | ૪૪૫ |
| અરવિંદ રાણા | ડોલવણ ખાતે સિવિલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના | ૧૬૯ |
| | વ્યારા આરટીઓ કચેરીમાં વાહન સામે કેસ | ૫૯ |
| | સુરત જિલ્લામાં તાલુકા દીઠ ગ્રામ પંચાયતોના જર્જરીત પંચાયત ઘર | ૨૨૮ |
| | સુરત જિલ્લામાં સાતફેરા સમુહ લગ્ન યોજના | ૪૩૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૨૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૫૮ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૧ |
| | અમદાવાદ જિલ્લાની ગ્રામપંચાયતોને સ્મશાન સગડી પુરી પાડવા બાબત | ૨૫૦ |
| | અમદાવાદ જિલ્લામાં દસ્તાવેજોની ઓનલાઇન નોંધણી | ૩૯૧ |
| | અમદાવાદ જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | ૪૪૮ |
| | અરવલ્લી જિલ્લામાં પશુઓનું રસીકરણ | ૧૧૯ |
| | વસ્ત્રાલ આરટીઓ કચેરીમાં આવરલોડ વાહનો સામે કેસ | ૬૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૪૯૩ |
| અરવિંદભાઈ પટેલ | ડાંગ જિલ્લામાં બાગાયત ખાતામાં સહાય | ૧૦૪ |
| | તાપી જિલ્લામાં હક્ક પત્રોની નોંધો | ૪૯૧ |
| | ધોલેરા ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૨૦૪ |

| પુસ્તક-૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | માંડવી અને માંગરોળ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાઓનું વાવેતર | ૨૩૫ |
| | વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મેડીકલ પ્રવેશ માટે તાલીમનું આયોજન | ૨૭૫ |
| | વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૪૪૨ |
| | વલસાડ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના | ૩૮૬ |
| અલ્પેશ ખો. ઠાકોર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૫૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૧૫ |
| | કૃષિ નીતિ અને કૃષિ આયોગ બનાવવા બાબતે | ૫૫ |
| | ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય યોજના અંતર્ગત રાજ્યને મળેલ રકમ | ૧૨૯ |
| | પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયમાં પુસ્તકો વસાવવા માટેની જોગવાઈ | ૨૧૩ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૨૯૧ |
| | રાજ્યમાં કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત | ૧૧૦ |
| | વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ | ૪૨૬ |
| | મનરેગા યોજના હેઠળ થયેલ કામગીરીની તપાસનો અહેવાલ | ૨૫૮ |
| અશ્વિન કોટવાલ | ગુગળ પ્રોજેક્ટ માટે મળેલ રકમ | ૨૬૯ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૪૬૮ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૧૦૬ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદ | ૪૯ |
| | રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રકમ | ૨૨૭ |
| | અરવલ્લી અને છોટા ઉદેપુર જિલ્લામાં બોર બનાવવા જમીન | ૪૧૧ |
| | અરવલ્લી અને દાહોદ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૫૦૪ |
| | મનરેગા યોજના હેઠળ થયેલ કામગીરીની તપાસનો અહેવાલ | ૧૬૬ |
| આનંદભાઇ ચૌધરી | સુરત અને ગીરસોમનાથ જિલ્લામાં બોર બનાવવા જમીન | ૪૪૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૨૯ |
| | માંડવી ખાતે ગૌ-સંવર્ધન કેન્દ્રમાં ગાયો રાખવા બાબત | ૪૫ |
| | સુરત અને તાપી જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૯૩ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૨૧૩ |
| | સુરત જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની કચેરીઓમાં મહેકમ | ૩૯૧ |
| | સુરત શહેર અને જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં ચકાસણી | ૧૦૩ |
| આશા પટેલ | કિશોરી શક્તિ યોજના હેઠળ કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૨૭૩ |
| | તરૂણ વયની છોકરીઓના સશક્તિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૨૩૩ |
| | નવા આંગણવાડી કેન્દ્રોને મંજૂરી આપવા બાબત | ૧૮૦ |
| | મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | 439 |
| | મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં બસોના ભાડા પેટે ચૂકવેલ રકમ | ૬૨ |
| | મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૮૯ |
| | મહેસાણા ખાતે સરકારી છાત્રાલયોનું બાંધકામ | ૩૮૨ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૬૦ |
| | ઈકોસિસ્ટમ અને કુદરતી સંશાધનોના સંરક્ષણ માટે કેન્દ્ર તરફથી મળેલ રકમ. | ૨૮૧ |
| | ખેડા અને અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૪૦ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૧૮૯ |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૧૦૧ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં બસોના ભાડા પેટે ચૂકવેલ રકમ | ૪૪ |

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં જમીન માપણી રી–સર્વે | ૪૩૦ |
| | ઝગડીયામાં લોકનાયક ઈન્દુચાચાનું નિવાસસ્થાન જર્જરીત હાલત | ૧૨૬ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ફેરફાર નોંધોની ચકાસણી બાબત | ૪૩૧ |
| | અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો માટે ઇસ્યુ કરેલ લાયસન્સ | ૫૪ |
| | અમદાવાદ જિલ્લામાં આવેલ તાલુકાવાર ગૌચરની જમીન બાબત | ૪૮૧ |
| | અમદાવાદ શહેરમાં કેરોસીન માટે નક્કી કરેલ ડીલરો | ૧૨૮ |
| | અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા. | ૧૦૯ |
| | વકફ બોર્ડને ફાળવેલ રકમ | ૧૭૩ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૩૨ |
| ઋત્વિકભાઇ મકવાણા | સુરેન્દ્રનગર અને જુનાગઢ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૨૪૧ |
| | પશુ મહામારી નાબૂદી કાર્યક્રમમાં રાજ્યને મળેલ રકમ | ૭૮ |
| | બીજ ચકાસણી પ્રયોગશાળાને સંગીન બનાવવા માટે રાજ્યને મળેલ રકમ | ૧૨૨ |
| | વયવંદના યોજના હેઠળ રકમ | ૪૮૦ |
| | સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૫૦૭ |
| | સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૧૯૦ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદો | ૨૪ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૩૦ |
| ઋષિકેશ ગ. પટેલ | *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૯ |
| | પાટણ જિલ્લામાં સરકારી છાત્રાલયો | ૪૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં પડતર જમીનમાં દબાણ | ૫૦૬ |
| | મહેસાણા આર.ટી.ઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ | ૮૮ |
| | મહેસાણા જિલ્લામાં બેરોજગારોની નોંધણી | ૪૧૮ |
| | રાજ્યમાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજનાની કામગીરી | ૩૫ |
| | સરસ્વતી ખાતે સિવિલ જજ અને જે.એમ.એફસી. કોર્ટની સ્થાપના | ૨૮૮ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી પુરી પાડવા બાબત | ૨૫૨ |
| કેતન ઇનામદાર | વડોદરા જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજુર મહેકમ | ૨૩૯ |
| | વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના | ૪૦૯ |
| | વડોદરા જિલ્લામાં એ.પી.એલ. માટે વ્યક્તિગત શૌચાલય | ૮૩ |
| | *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૪૫ |
| | વડોદરા જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજુર મહેકમ | ૧૮૯ |
| | વડોદરા જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ | ૩૧ |
| | વડોદરા જીલ્લામાં ગણવેશ સહાય યોજના | ૪૬૫ |
| | છોટાઉદેપુર જિલ્લામાં હક્ક પત્રોની નોંધો | ૫૦૨ |
| કનુભાઇ ક. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૫૭ |
| | અમદાવાદ જિલ્લામાં પી.ઓ.એસ. મશીન આપવા બાબત | ૭૪ |
| | અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડ | ૨૯૧ |
| | અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૪૬૯ |
| | અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિ વર્ગની આદર્શ નિવાસી શાળાઓ | ૪૧૨ |
| | ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળ જમીનની કિંમત | ૫૦૪ |
| | દેત્રોજ ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૨૫૭ |
| | માંડલ ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૨૧૨ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરીયાદ | ૭૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૫૮ |

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૧૮૬ |
| | ભાવનગર અને મોરબી જિલ્લામાં બસોના ભાડા પેટે ચુકવેલ રકમ | ૧૫ |
| | ભાવનગર અને સુરત જિલ્લામાં જમીન માપણી રી–સર્વે | ૪૨૨ |
| કનુભાઇ મો. દેસાઇ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૧૪ |
| | કપરાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર | ૨૭૬ |
| | ડાંગ જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ | ૪૮૯ |
| | વલસાડ જિલ્લામાં ધો.૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કન્યાઓને અપાતી સાઇકલ | ૨૩૬ |
| | ડાંગ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના. | ૩૮૫ |
| | ભીલાડ ખાતે વાહનો સામે કેસ | ૧૧૧ |
| | વલસાડ જિલ્લામાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને મેડીકલમાં પ્રવેશ માટે તાલીમ | ૧૮૪ |
| | વલસાડ જિલ્લામાં ઉંદર નિયંત્રણ યોજનાનો લાભ | ૫૫ |
| | વલસાડ જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૪૪૦ |
| કુબેરભાઈ ડીંડોર | કડાણા ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૧૮૨ |
| | ખેડા જિલ્લામાં સત્યવાદી હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૪૮૫ |
| | પંચમહાલ જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | ૪૩૬ |
| | મહીસાગર જિલ્લામાં પશુઓનું રસીકરણ | ૫૫ |
| | મહીસાગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | ૩૭૧ |
| | રાજ્યમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીને જમીન ફાળવણી | ૧૧૦ |
| કરશનભાઇ સોલંકી | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સમરસ થયેલ ગ્રામ પંચાયતો | ૨૮૫ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફાજલ જમીન ફાળવણી | ૪૪૧ |
| | ભિલોડા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૨૪૫ |
| | મહેસાણા જિલ્લામાં અનુસુચિત જાતિના સરકારી છાત્રાલયો | ૩૮૬ |
| | મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી | ૧૯૮ |
| | મહેસાણા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૪૫ |
| | મહેસાણા જિલ્લામાં બાગાયત ખાતામાં સહાય | ૧૦૩ |
| કુંવરજીભાઇ બાવળીયા | રાજકોટ જિલ્લામા ગામની જમીનના કબજા | ૩૮૦ |
| | રાજકોટ જિલ્લામાં કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત | ૩૨ |
| | રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ | ૨૬૧ |
| | રાજકોટ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ અરજીઓ | ૮૫ |
| | રાજ્યમાં આંગણવાડી કાર્યકર અને હેલ્પરોને વેતન | ૨૧૭ |
| | જસદણ અને વિછીંયા તાલુકામાં થયેલ નુકશાનનો સર્વે | ૪૩૭ |
| | રાજકોટ જિલ્લામાં સંકટ મોચન યોજનાની અરજીઓ | ૪૮૬ |
| કેશુભાઇ નાકરાણી | રાણપુર બજાર સમિતિ પાયાની સગવડો ઊભી કરવાની યોજનામાં મંજુર રકમ | ૭૧ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી | ૧૮૩ |
| | જુનાગઢ ખાતે નવી લેબર કોર્ટ બિલ્ડીંગના બાંધકામ બાબત | ૨૩૫ |
| | ભાવનગર જિલ્લામાં તાલુકા પંચાયતોના નવીન મકાન માટે મંજુરી | ૨૭૫ |
| | ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળાને જમીન ફાળવણી | ૫૦૬ |
| | ભાવનગર જિલ્લામાં વારસાઈ હકોની અરજીઓ | ૪૨૧ |
| | ભાવનગર જિલ્લામાં સંગ્રહ ક્ષમતામાં વધારો | ૧૪ |
| | ભાવનગર જીલ્લામાં સત્યવાદી હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૪૭૭ |
| | ભાવનગર જીલ્લામાં સત્યવાદી હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૪૭૭ |

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| કેસરીસિંહ સોલંકી | આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રને જમીનની ફાળવણી | ૪૯૪ |
| | આણંદ જિલ્લામાં છાત્રાલયોની સંખ્યા | ૪૫૦ |
| | ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય | ૫૯ |
| | ખેડા જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૧૧૪ |
| | ખેડા જિલ્લામાં શ્રમયોગીઓ/કર્મચારીઓને ચૂકવેલ બોનસ | ૩૯૫ |
| | ગલતેશ્વર ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૨૦૧ |
| કાન્તીભાઈ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિ માટે માનવ ગરિમા યોજના | ૧૭૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં આઈ–કિસાન પોર્ટલ હેઠળ અરજીઓ | ૧૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ન્યાયિક અધિકારીઓના આવાસના બાંધકામને મંજુરી આપવા | ૨૨૯ |
| | સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં એપ્રેન્ટીસ એકમોની ફાળવેલ બેઠકો | ૩૮૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ડિટેઇન વાહનો | ૭૫ |
| કાંતિભાઇ પરમાર | ખેડા અને વલસાડ જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ | ૪૯૮ |
| | નડિયાદમાં લોકનાયક ઈન્દુચાચાનું નિવાસસ્થાન જર્જરીત | ૮૩ |
| | પંચમહાલ અને ડાંગ જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૯૫ |
| | આંગણવાડી બાંધકામ/મરામત માટે કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૨૬૪ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૪૦૧ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ | ૪૫૬ |
| | બોટાદ અને ભાવનગર જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૨૮ |
| | રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત રકમ | ૨૨૧ |
| કાંતિભાઈ બલર | વ્યારા આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ વાહન | ૧૧૮ |
| | સુરત જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના | ૪૭૮ |
| | સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજના | ૨૧૨ |
| | સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના | ૪૨૪ |
| | ડોલવણ ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૨૫૭ |
| | રાજ્ય સરકાર દ્વારા ચર્મકારો માટે તાલીમ યોજના | ૬૫ |
| | સુરત જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ | ૨૯૧ |
| કાંતિભાઇ સોઢાપરમાર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૨૮ |
| | આણંદ અને સુરત જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદ | ૧૧૮ |
| | આણંદ તાલુકામાં પંચાયતનું મંજુર મહેકમ | ૨૩૨ |
| | આણંદ અને રાજકોટ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૬૪ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ | ૪૪૩ |
| | આણંદ મામલતદાર કચેરીનું મંજુર મહેકમ | ૩૮૭ |
| | આણંદમાં તલાટી કમ મંત્રીનું મહેકમ | ૧૭૭ |
| કાળાભાઈ ડાભી | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૬૫ |
| | ખેડા અને વલસાડ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૯૬ |
| | ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદ | ૧૨૦ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં બોર બનાવવા જમીન | ૩૯૯ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ | ૪૫૪ |
| | ખેડા અને સુરત જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૨૨૧ |
| | ખેડા જિલ્લામાં વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ અરજીઓ | ૧૨ |
| | નડિયાદમાં લોકનાયક ઈન્દુચાચાનું જર્જરીત નિવાસસ્થાન | ૭૦ |
| કિર્તિસિંહ વાઘેલા | થરાદ ખાતેથી ઑવર ડાયમેન્શનવાળા વાહન | ૧૦૮ |
| | પાટણ જિલ્લાની આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા | ૨૩૭ |

| પુસ્તક-૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | પાટણ જિલ્લામાં જમીનના કબ્જેદારોને રીગ્રાન્ટ | ૫૦૧ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફાજલ જમીન ફાળવણી | ૪૬૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ | ૫૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં બાગાયત ખાતામાં સહાય | ૧૨૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓ | ૪૦૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિભાગ દ્વારા ચેકડેમ અને વન તલાવડી બનાવવા બાબત | ૨૭૭ |
| | લાખાણી ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૧૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૫૪ |
| કિરીટકુમાર પટેલ | અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય | ૩૮૨ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૪૨૧ |
| | અમદાવાદ શહેરમાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ | ૫૦ |
| | ગુજરાત હાઇકોર્ટ કેમ્પસમાં ઓડીટોરિયમ એન્ડ અધર રિલેવન્ટ બિલ્ડીંગના બાંધકામને મંજુરી | ૨૪૬ |
| | ગાંધીનગર જિલ્લામાં છાત્રાલયોની સંખ્યા | ૫૦૬ |
| | દેત્રોજ ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૧૯૮ |
| | માંડલ ખાતે સિવિલ જજ અને જે.એમ.એફસી. કોર્ટની સ્થાપના | ૨૮૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૪૭૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૩૦ |
| કીરીટકુમાર પટેલ | નિરંતર શિક્ષણ યોજના અન્વયે મળેલ રકમ | ૨૯૫ |
| | પાટણ અને નવસારી જિલ્લામાં બસોના ભાડા પેટે ચૂકવેલ રકમ | ૮૪ |
| | પાટણ અને નવસારી જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૪૦ |
| | રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત રકમ | ૨૨૦ |
| | રાષ્ટ્રીય કૃષિ વિસ્તરણ અને ટક્નોલોજી અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ | ૩૨ |
| | સંકલિત બાળવિકાસ યોજના હેઠળ કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૨૬૩ |
| ગજેન્દ્રસિંહ પરમાર | સાબરકાંઠા જિલ્લાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા | ૧૮૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને મેડીકલ પ્રવેશ માટે તાલીમનું આયોજન | ૨૭૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી મહિલાઓને દૂધાળા પશુઓ આપવાની યોજના | ૨૩૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં જમીનોની તબદીલ | ૪૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૫૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં બિયારણના નમુના | ૧૨૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના | ૩૮૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં હક્કપત્રોની નોંધો | ૪૪૪ |
| | હિંમતનગર આર.ટી.ઓ કચેરીમાં વાહનોની ઓલ ઈન્ડિયા પરમીટ આપવા બાબત | ૧૧૦ |
| ગેનીબેન ઠાકોર | ન્યાયતંત્રના વહીવટના અને રહેણાંકના મકાનો માટે કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૨૫૧ |
| | બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં બસોના ભાડા પેટે ચુકવેલ રકમ | ૭૧ |
| | બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૦૧ |
| | મહિલાઓ સાથે છેડતી/બળાત્કારના કેસો માટે સ્પેશ્યલ કોર્ટ | ૨૦૪ |
| | રાષ્ટ્રીય પશુધન સ્વાસ્થ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ રાજયને મળેલ રકમ | ૧૪ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ | ૫૧૦ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં કુટીર ઉદ્યોગ અન્વયે લોન સહાય | ૪ |
| | અમદાવાદ શહેરમાં રમત મંડળો/વ્યાયામ શાળાઓને આર્થિક સહાય | ૧૧૯ |
| | અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનોમાં ચેકીંગ | ૬૬ |

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | ટુરીઝમ સપોર્ટ ડેવલપમેન્ટ હેઠળ કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૧૯૩ |
| | લઘુમતીઓના કલ્યાણ માટે ગ્રાન્ટ | ૪૮૪ |
| | લઘુમતીઓના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૪૩૫ |
| ગીતાબા જાડેજા | જામકંડોરણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ | ૨૯૩ |
| | જામનગર જિલ્લામાં છાત્રાલયોની સંખ્યા | ૪૭૩ |
| | મોરબી ખાતે નવી ડિસ્ટ્રીકટ કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૨૬૦ |
| | મોરબી જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ | ૧૩૦ |
| | રાજકોટ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૬૧ |
| | રાજકોટ જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના બાબત | ૨૧૬ |
| | રાજકોટ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | ૧૧૬ |
| | રાજકોટ જિલ્લામાં સંકટ મોચન યોજના | ૪૧૬ |
| | રાજકોટ જીલ્લામાં હક્ક પત્રોની નોંધો | ૫૦૫ |
| ગોવિંદભાઇ પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૪૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૧૬ |
| | રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૫૧૦ |
| | જામકંડોરણા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી | ૧૮૭ |
| | જામનગર જીલ્લામાં સત્યવાદી હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૪૮૪ |
| | ટંકારા ખાતે બે કોર્ટ માટે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ બાબત | ૨૩૭ |
| | રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બીપીએલ અને એપીએલ કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય | ૧૧૫ |
| | રાજકોટ જિલ્લામાં ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પાડવા બાબત | ૨૭૭ |
| | રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૪૩૫ |
| | રાજકોટ જિલ્લામાં અનાજ સંગ્રહ માટે ગોડાઉન બનાવવા બાબત | ૬૦ |
| ગોવિંદભાઇ પરમાર | આણંદ જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૩૭૩ |
| | આણંદ આરટીઓ કચેરીમાં ઇસ્યુ કરેલ નવા ડ્રાઇવીંગ લાઇસન્સ | ૨૫ |
| | આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રને જમીનની ફાળવણી | ૪૩૭ |
| ચંદનજી ઠાકોર | અતિવૃષ્ટિથી થયેલ નુકશાની સામે સહાય | ૩૮૧ |
| | છોટાઉદેપુર અને પાટણ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૬૯ |
| | પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૪૩૮ |
| | પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં વિજ્ઞાનપ્રવાહની કોલેજો | ૨૬૨ |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૧૮ |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં બોર બનાવવા જમીન | ૪૮૮ |
| | રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ | ૧૨ |
| ચંદ્રિકાબેન બારીયા | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં બોર બનાવવા જમીન | ૪૦૬ |
| | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વનબંધુઓને સનદો | ૨૩૪ |
| | દાહોદ જિલ્લામાં શાળાઓમાં ઓરડાની ઘટ | ૨૭૪ |
| | દાહોદ જિલ્લાની શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા | ૧૮૧ |
| ચિરાગભાઇ કાલરિયા | જામનગર અને રાજકોટ જિલ્લામાં વિકલાંગોને સુરક્ષા વિમા કવચ | ૪૬૨ |
| | જામનગર અને સુરત જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૦૮ |
| | જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૦૫ |
| | પશુપાલન પ્રભાગનું મંજૂર થયેલ મહેકમ | ૫૭ |
| જે. વી. કાકડીયા | અમરેલી અને પોરબંદર જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૯૩ |

| પુસ્તક–૫૩ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | અમરેલી અને ભરૂચ જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૨૭૦ |
| | અમરેલી અને મહેસાણા જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૨૮ |
| | અમરેલી અને રાજકોટ જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૬૮ |
| | અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં બસોના ભાડા પેટે ચુકવેલ રકમ | ૩૮ |
| | અમરેલી અને અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૭૦ |
| | અમરેલી અને બોટાદ જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૪૧૦ |
| જગદીશ પંચાલ | ધોલેરા ખાતે સિવિલ જજ અને જેએમએફસી કોર્ટની સ્થાપના | ૧૯૭ |
| | ભિલોડા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૨૪૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૧૭ |
| | વસ્રાલ આરટીઓ કચેરીમાં ઓલ ઈન્ડિયા પરમીટ આપવા બાબત | ૧૮ |
| | અમદાવાદ જિલ્લામાં સંસ્થાઓને પુરસ્કૃત પીપીપી સ્કીમ હેઠળ આવરી લેવા બાબત | ૩૮૧ |
| જેઠાભાઇ ઘે. આહિર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૫૩૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૩૪૮ |
| | પંચમહાલ જિલ્લામાં કૌશલ્યવર્ધન કેન્દ્રો | ૪૬૬ |
| | પંચમહાલ જિલ્લામાં આશ્રમશાળાઓ | ૫૦૨ |
| | પંચમહાલ જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૪૧૦ |
| | પંચમહાલ જિલ્લામાં મંજુર કરેલ રાજીવગાંધી ભવન | ૧૦૨ |
| | પંચમહાલ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો | ૧૨૬ |
| | પંચમહાલમાં સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત ફાળવવામાં આવેલ રકમ | ૧૯૭ |
| | પંચમહાલમાં સામાજિક વનીકરણ | ૨૪૫ |
| | પંચમહાલ જિલ્લામાં સ્વસહાયરૂપ જૂથોની રચના | ૪૪ |
| જવાહરભાઈ ચાવડા | જુનાગઢ જિલ્લામાં ગૌચર જમીન ઉદ્યોગગૃહોને ફાળવવા બાબત | ૩૮૩ |
| | જુનાગઢ જિલ્લામાં ગૌચર સુધારણાના કામ | ૪૮ |
| જશપાલસિંહ ઠાકોર | વડોદરા અને નર્મદા જિલ્લામાં આર્ટસ અને કોમર્સ પ્રવાહની કોલેજો | ૨૩૯ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં કામદાર કલ્યાણ કેન્દ્રો | ૪૨૨ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો | ૨૮૧ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં વેલ્ફેર ફંડમાં સેસની જમા રકમ | ૪૭૭ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કોલેજો | ૧૮૯ |
| | વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૧૧ |
| | વડોદરા અને પોરબંદર જિલ્લામાં તોલમાપની ગેરરીતિની ફરિયાદ | ૬૮ |
| | *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૧ |
| જિગ્નેશકુમાર મેવાણી | મૃત્યુ પામેલા સફાઈ કામદારોને મૃત્યુના વળતર ચુકવવા બાબત | ૧૭૮ |
| | પાલનપુર તાલુકામાં ગામતળ મંજૂર કરવાની દરખાસ્ત | ૪૬૩ |
| | બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટનું નબળું કામ | ૧૧૨ |
